# અષ્ટપાહુડ અમૃત

## ભાગ ૧






ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૭

વીર સંવત
૨૫૪૭

ઈ. સન
૨૦૨૧

**પ્રકાશન**
તા. ૨૧-૯-૨૦૨૧, ભાદરવા વદ-૧
ઉત્તમ ક્ષમાવણી પર્વ

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપ આરાધનામાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દૃષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિતીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્વ-અંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની

લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ, મુમુક્ષુતા, સિદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઇત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૩-૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં દર્શનપાહુડની ૩૬ ગાથા સુધી ચાલેલા ૩૧ પ્રવચનોને  સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. (અષ્ટપાહુડ પ્રવચન, ભાગ-૧ થી ૭). પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૦૯.૦૬.૧૯૭૦ | ગાથા-૧, ૨ | ૦૧ |
| ૦૨ | ૧૬.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૧૪ |
| ૦૩ | ૧૭.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૨૭ |
| ૦૪ | ૧૮.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૪૦ |
| ૦૫ | ૨૦.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૫૩ |
| ૦૬ | અવાજ ખરાબ છે. | | |
| ૦૭ | અવાજ ખરાબ છે. | | |
| ૦૮ | ૨૩.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૬૬ |
| ૦૯ | ૨૪.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૭૭ |
| ૧૦ | ૨૫.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૯૧ |
| ૧૧ | ૨૭.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૧૦૩ |
| ૧૨ | ૨૮.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૧૧૮ |
| ૧૩ | ૨૯.૦૯.૧૯૭૩ | ગાથા-૨ | ૧૩૧ |
| ૧૪ | ૩૦.૦૯.૧૯૭૩ | ગાથા-૨, ૩ | ૧૪૨ |
| ૧૫ | ૦૧.૧૦.૧૯૭૩ | ગાથા-૩, ૪ | ૧૫૩ |
| ૧૬ | ૦૨.૧૦.૧૯૭૩ | ગાથા-૫ થી ૭ | ૧૬૫ |
| ૧૭ | ૦૩.૧૦.૧૯૭૩ | ગાથા-૮ | ૧૭૬ |
| ૧૮ | ૦૫.૧૦.૧૯૭૩ | ગાથા-૯ થી ૧૧ | ૧૯૦ |
| ૧૯ | ૦૬.૧૦.૧૯૭૩ | ગાથા-૧૧ | ૨૦૨ |
| ૨૦ | ૦૭.૧૦.૧૯૭૩ | ગાથા-૧૨, ૧૩ | ૨૧૫ |
| ૨૧ | ૦૮.૧૦.૧૯૭૩ | ગાથા-૧૪ | ૨૨૯ |
| ૨૨ | ૦૯.૧૦.૧૯૭૩ | ગાથા-૧૫, ૧૬ | ૨૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | ૧૦.૧૦.૧૯૭૩ | ગાથા-૧૬, ૧૭ | ૨૫૪ |
| ૨૪ | ૧૧.૧૦.૧૯૭૩ | ગાથા-૧૮, ૧૯ | ઉપલબ્ધ નથી. |
| ૧૫ | ૨૩.૦૬.૧૯૭૦ | ગાથા-૧૮ થી ૨૦ | ૨૬૬ |
| ૨૫ | ૧૩.૧૦.૧૯૭૩ | ગાથા-૧૯ થી ૨૧ | ૨૮૦ |
| ૨૬ | ૧૪.૧૦.૧૯૭૩ | ગાથા-૨૧, ૨૨ | ૨૯૩ |
| ૨૭ | ૧૫.૧૦.૧૯૭૩ | ગાથા-૨૨ થી ૨૪ | ૩૦૬ |
| ૨૮ | ૧૬.૧૦.૧૯૭૩ | ગાથા-૨૫ થી ૨૮ | ૩૧૯ |
| ૨૯ | ૧૭.૧૦.૧૯૭૩ | ગાથા-૨૮ થી ૩૧ | ૩૩૩ |
| ૩૦ | ૧૮.૧૦.૧૯૭૩ | ગાથા-૩૨ થી ૩૫ | ૩૪૬ |
| ૩૧ | ૧૯.૧૦.૧૯૭૩ | ગાથા-૩૫, ૩૬ | ૩૫૮ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી અષ્ટપાહુડ ઉપરના સળંગ પ્રવચનો)

## દર્શનપાહુડ

જયેષ્ઠ સુદ ૫, મંગળવાર તા. ૦૯-૦૬-૧૯૭૦
ગાથા-૧, ૨, પ્રવચન - ૧

ભગવાનના માર્ગમાં વ્યયછેદ ન થાય એવા અનેક ગ્રંથો આચાર્યોએ કર્યા. **'ઉનમેં દિગમ્બર સમ્પ્રદાય મૂલસંઘ નન્દિ આમ્નાય સરસ્વતીગચ્છમેં શ્રી કુન્દકુન્દ મુનિ હુએ ઔર ઉન્હોંને પાહુડગ્રન્થોં કી રચના કી. ઉન્હેં સંસ્કૃત ભાષા મેં પ્રાભૃત કહતે હૈં ઔર વે પ્રાકૃત ગાથાબદ્ધ હૈં.'** ગાથા પ્રાકૃત છે. **'કાલ દોષસે જીવોંકી બુદ્ધિ મન્દ હોતી હૈ...'** કાળદોષને કારણે જેની બુદ્ધિ થોડી છે, **'જિસસે વે અર્થ નહીં સમજ સકતે;...'** એથી એનો અર્થ સમજમાં આવતો નથી. **'ઈસલિયે દેશભાષામય વચનિકા હોગી તો સબ પઢેંગે...'** ચાલતી ભાષામાં હોય તો બધા વાંચે. **'ઔર અર્થ સમજેંગે તથા શ્રદ્ધાન દૃઢ હોગા'** સાચું સમજે તો દૃઢ શ્રદ્ધા થાય હો. **'ઐસા પ્રયોજન વિચાર કર વચનિકા લિખ રહે હૈં,...'** એ પ્રયોજન વિચારીને વચનિકા લખાય છે. **'અન્ય કોઈ ખ્યાતિ-પ્રસિદ્ધિ, બડાઈ યા લાભકા પ્રયોજન નહીં હૈ.'** એમ વચનિકાકાર કહે છે.

**'ઈસલિયે હે ભવ્ય જીવો! ઈસે પઢકર,...'** અર્થ સમજી **'અર્થ સમજકર, ચિત્તમેં ધારણ કરકે યથાર્થ મતકે બાહ્યલિંગ...'** બે વાત ઉપર વજન છે. વીતરાગમાર્ગમાં મુનિનું બાહ્ય લિંગ નગ્ન હોય છે **'એવં તત્ત્વાર્થકા શ્રદ્ધાન દૃઢ કરના.** અને તત્ત્વાર્થની શ્રદ્ધા દૃઢ કરવી. **ઈસમેં કુછ બુદ્ધિ કી મંદતાસે...'** બુદ્ધિની મંદતાથી **'પ્રમાદકે વશ અન્યથા અર્થ લિખ દૂં...'** અન્યથા કોઈ (બીજો અર્થ) લખાઈ જાય **'તો અધિક બુદ્ધિમાન મૂલગ્રન્થકો દેખકર, શુદ્ધ કરકે પઢેં ઔર મુઝે અલ્પબુદ્ધિ

**જાનકર ક્ષમા કરેં.**' લ્યો. આ હિન્દી ભાષા બહુ સહેલી છે.

હવે દોહા.

बंदूं श्री अरिहंतकूं मन वचन तन इकतान।
मिथ्याभाव निवारिकैं करैं सु दर्शन ज्ञान।।

શ્રી અરિહંત ભગવાનને મન, વચન અને તનની એકતાથી વંદન કરું છું. મિથ્યાભાવ નિવારીને (એટલે) અજ્ઞાન આદિ મિથ્યાત્વનો નાશ કરીને '**करैं सु दर्शन ज्ञान**' સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કરે એ માટે આ વચનિકા હું લખું છું.

'**અબ ગ્રન્થકર્તા શ્રી કુંદાકુંદાચાર્ય ગ્રંથકે આદિ મેં ગ્રન્થકી ઉત્પત્તિ...**' ગ્રંથની ઉત્પત્તિ કેમ થઈ? '**ઉસકે જ્ઞાનકા કારણ જો પરમ્પરા ગુરુકા પ્રવાહ ઉસે મંગલકે હેતુ નમસ્કાર કરતે હૈં :-**' લ્યો. હવે કુંદકુંદાચાર્ય પોતે નમસ્કાર કરે છે.

काऊण णमुक्कारं जिणवरवसहस्स बड्ढमाणस्स।
दंसणमग्गं वोच्छामि जहाकम्मं समासेण।।१।।

આ પહેલી ગાથા છે.

'**ઈસકા દેશભાષામય અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં જિનવર વૃષભ ઐસે જો આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ તથા અંતિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાન, ઉન્હેં નમસ્કાર કરકે...**' પહેલા અને છેલ્લા બન્ને આવી ગયા. '**ઋષભદેવ ભગવાન અને વર્ધમાન**'. તીર્થંકર '**દર્શન અર્થાત્ મતકા જો માર્ગ હૈ ઉસે યથાનુક્રમ સંક્ષેપમેં કહૂઁગા.**' મત એટલે દર્શન. દર્શન એને કહેવાય કે મુનિનું બાહ્ય નગ્નપણું અને અંતરમાં વીતરાગી દશા એને અહીંયાં મત અને દર્શન કહેવામાં આવ્યું છે. '**યથાનુક્રમ સંક્ષેપમેં કહૂઁગા.**'

'**ભાવાર્થ :- યહાં જિનવર ઋષભ વિશેષણ હૈ;...**' એનો એવો અર્થ છે '**જિન શબ્દ હૈ ઉસકા અર્થ ઐસા હૈ કિ – જો કર્મશત્રુકો જીતે સો જિન.**' કર્મશત્રુને જીતે તે જિન. '**વહાં સમ્યગ્દૃષ્ટિ અવ્રતીસે લેકર કર્મ કી ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનેવાલે સભી જિન હૈ...**' લ્યો. સમ્યગ્દૃષ્ટિથી માંડીને ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનારા બધા ચોથા ગુણસ્થાનવાળાને પણ જિન કહેવામાં આવે છે. લ્યો. સમ્યગ્દૃષ્ટિની કોઈ ગણતરી નથી. ચારિત્ર હોય તો ..? કહે છે ને? અહીં તો કહે સમ્યગ્દૃષ્ટિને જિન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચારિત્ર અંશે...

ઉત્તર :- એ જુદી વાત છે. પણ મિથ્યાત્વની અપેક્ષાએ સમ્યગ્દર્શન સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. વંદન કરવાને લાયક છે. આવે છે કે નહિ? જજૈ.. આવતું નથી છ ઢાળામાં? '**લેશ ન સંયમ પણ સુરનાથ જજે હૈ.**' આવે છે? જજે હૈ, ઈન્દ્રો જેને પૂજે છે. અહીં તો ચારિત્રની ... વીતરાગી નિર્ગ્રંથ દશા એ તો અલૌકિક

વાત છે. સમજાય છે કાંઈ? એને હિસાબે સમ્યગ્દષ્ટિ તો હલકા છે. પણ અહીં તો સમ્યગ્દર્શનની ભૂમિકા, અનંતકાળથી નહિ પ્રગટેલું એવું સ્વરૂપનું ભાન, અનુભવ એ અલૌકિક ચીજ છે. માર્ગ જ્યાંથી શરૂ થાય ત્યાંથી જિન કહેવામાં આવ્યા છે.

'**સમ્યગ્દષ્ટિ અવ્રતીસે લેકર કર્મ કી ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનેવાલે સભી જિન હૈ ઉનમેં વર અર્થાત્ શ્રેષ્ઠ. ઈસ પ્રકાર...**' જિનવર નામ ગણધર. જિનમાં પણ વર નામ પ્રધાન '**ગણધર આદિ મુનિયોંકો જિનવર કહા જાતા હૈ;...**' લ્યો. ગણધરને જિનવર કહ્યા. '**ઉનમેં વૃષભ અર્થાત્ પ્રધાન ઐસે ભગવાન તીર્થંકર પરમદેવ હૈં.**' ત્રણ બોલ લીધા. દ્રવ્યસંગ્રહમાં શરૂઆતમાં આવે છે ને? દ્રવ્યસંગ્રહમાં આવે છે. '**ઉનમેં પ્રથમ તો શ્રી શ્રીઋષભદેવ હુએ ઔર ઈસ પંચમકાલકે પ્રારંભ તથા ચતુર્થકાલકે અંતમેં અન્તિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામી હુએ હૈં. વે સમસ્ત તીર્થંકર જિનવર વૃષભ હુએ હૈં...**' લ્યો. બીજો અર્થ કહ્યો. જિનવર એ તો સર્વ તીર્થંકરને જિનવર વૃષભ કહેવામાં આવે છે. '**ઉન્હેં નમસ્કાર હુઆ. વહાં વર્દ્ધમાન ઐસા વિશેષણ સભીકે લિયે જાનના;...**' વૃષભદેવ એટલે વૃષતિ ગચ્છતિ ઈતિ આત્મા એ બધા વર્ધમાન ભગવાન બધા વૃષભદેવ કહેવાય.

'**ક્યોંકિ સભી અંતરંગ એવં બાહ્ય લક્ષ્મીસે વર્દ્ધમાન હૈ.**' સર્વ તીર્થંકરો અંતર લક્ષ્મી કેવળજ્ઞાનાદિ, બાહ્ય લક્ષ્મી સમવસરણ આદિ (એનાથી) વર્ધમાન છે. '**અથવા જિનવર વૃષભ શબ્દસે તો આદિ તીર્થંકર શ્રી ઋષભદેવકો ઔર વર્ધમાન શબ્દસે અન્તિમ તીર્થંકરકો જાનના. ઈસ પ્રકાર આદિ ઔર અંતકે તીર્થંકરોકો નમસ્કાર કરને સે મધ્યકે તીર્થંકરોકો ભી સામર્થ્યસે નમસ્કાર જાનના.**' મધ્યમાં બધા બાવીસ તીર્થંકરને પણ નમસ્કાર થઈ ગયા. '**તીર્થંકર સર્વજ્ઞ વીતરાગકો તો પરમગુરુ કહતે હૈં ઔર ઉનકી પરિપાટીમેં ચલે આ રહે ગૌતમાદિ મુનિયોંકો જિનવર વિશેષણ દિયા ઉન્હેં અપર ગુરુ કહતે હૈં;...**' પર અને અપર ગુરુ આવે છે ક્યાંય? એય..! પર-અપર ગુરુ આવે છે કે નહિ ક્યાંય? સમયસારની પાંચમી ગાથા. યાદ ન રહે ને પણ.

'**ઈસપ્રકાર પરાપર ગુરુઓંકા પ્રવાહ જાનના.**' પર સર્વજ્ઞથી માંડીને અપર જે ગૌતમ ગણધર આદિ મુનિ (અને) પોતાના ગુરુ થઈ ગયા. '**ગુરુઓંકા પ્રવાહ...**' અનાદિ માર્ગ ચાલ્યો આવે છે, કહે છે. '**વે શાસ્ત્રકી ઉત્પત્તિ...**' એનાથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે. '**તથા જ્ઞાનકે કારણ હૈં.**' ઉન્હેં '**ગ્રન્થકે આદિમેં નમસ્કાર કિયા.**' લ્યો. શાસ્ત્રની ઉત્પત્તિના કારણ છે અને જ્ઞાનનું કારણ છે. શાસ્ત્રની ઉત્પત્તિ પણ મુનિઓથી થઈ છે અને જ્ઞાનનું પણ કારણ છે. આ કારણે તેને નમસ્કાર કરવામાં આવે છે.

'**અબ, ધર્મકા મૂલ દર્શન હૈ, ઈસલિયે જો દર્શનસે રહિત હો ઉસકી વંદના નહીં કરના ચાહિયે...**' હવે અહીંથી માર્ગ શરૂ થાય છે. એટલે પહેલા નમસ્કાર, વંદન કર્યા.

दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।
तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिव्वो।।२।।

અર્થ :- **'જિનવર જો સર્વજ્ઞદેવ હૈ ઉન્હોંને શિષ્ય જો ગણધર આદિક કો ધર્મકા ઉપદેશ દિયા હૈ;...'** એણે-ભગવાનોએ અને ગણધરોએ ધર્મનો ઉપદેશ કર્યો. **'કૈસા ઉપદેશ દિયા હૈ? કિ દર્શન જિસકા મૂલ હૈ.'** એવો ધર્મ ઉપદેશ્યો. લ્યો. જેમાં સમ્યગ્દર્શન મૂળ છે એવો ધર્મ ભગવાને કહ્યો છે. આ દર્શનપાહુડ છે ને? **'કિ દર્શન જિસકા મૂલ હૈ.'** એવો ધર્મ ઉપદેશ્યો. **'મૂલ કહાં હોતા હૈ કિ જૈસે મન્દિર કે નીંવ...'** પાયો. મકાન, મકાનનો પાયો. **'ઔર વૃક્ષકે જડ...'** વૃક્ષનું મૂળ. **'ઉસીપ્રકાર ધર્મકા મૂલ દર્શન હૈ.'** મંદિરનો પાયો અને વૃક્ષનું જેમ મૂળ (હોય), એમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના ધર્મ ત્રણ કાળમાં હોતો નથી.

મુમુક્ષુ :- ચારિત્ર હોય એને દર્શન હોય...

ઉત્તર :- ચારિત્ર હોય એને દર્શન હોય જ. પણ ચારિત્ર જોઈએ ને. ચારિત્ર એટલે શું? વ્રતાદિની ક્રિયા એ ચારિત્ર છે? એય..! દેવચંદજી! બાહ્ય પંચ મહાવ્રત આદિના વિકલ્પ છે એ કાંઈ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. એ તો ચારિત્રનો દોષ છે. બધું સવારમાં આવ્યું હતું. રાગ વ્યવહાર છે, બંધનું કારણ છે, એ આત્મામાં એ .. નથી. ... નથી. આત્માનો એ પર્યાય જ નથી. આહાહા..! અરે..! ... સાંભળ્યું છે? દર્શન વસ્તુ આખી જૈનનું મૂળ, ધર્મનુ મૂળ દર્શન છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

**'ઈસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ...'** તેથી આચાર્ય મહારાજ ઉપદેશ કરે છે. **'હે સકર્ણ...'** પંડિત સત્પુરુષો! કાન છે અને સાંભળ્યું છે એમ કહે છે. તત્ત્વની વાત જેણે સાંભળી છે, શ્રદ્ધી છે એવા **'હે સકર્ણ અર્થાત્ સત્પુરુષોં! સર્વજ્ઞકે કહે હુએ ઉસ દર્શનમૂલરૂપ ધર્મકો અપને કાનોંસે સુનકર જો દર્શનસે રહિત હૈ...'** **'સર્વજ્ઞકે કહે...'** સર્વજ્ઞ પરમાત્મા, એણે જે સમ્યગ્દર્શન ધર્મ કહ્યો. રાગ ને વિકલ્પ ને મનથી પાર એવું ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ. સમજાણું કાંઈ? એ ચૈતન્ય ભગવાન ધ્રુવ સ્વરૂપની અંતર પ્રતીત અને અનુભવમાં શ્રદ્ધા (કરવી) એવો સર્વજ્ઞે ઉપદેશ કર્યો.

**'દર્શનમૂલરૂપ ધર્મકો અપને કાનોંસે સુનકર...'** સાંભળી કરી **'જો દર્શનસે રહિત હૈં...'** જે સમ્યગ્દર્શન રહિત છે. જેની શ્રદ્ધામાં (એમ છે કે) રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, સર્વજ્ઞ સિવાય કહેલા તત્ત્વો પણ સાચા છે, બીજાના તીર્થક્ષેત્રે પણ ધર્મ થાય છે, બીજા ધર્મમાં પણ કાંઈક ધર્મ છે, એવી માન્યતાવાળા જીવો છે એ સમ્યગ્દર્શન રહિત છે. સમજાણું? બદ્રિનાથના દેરાસરમાંથી લખાણ આવ્યું છે. આમાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને બિચારાને ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બીજે પાપ કર્યા હોય તો આ તીર્થોમાં નાશ થાય છે, એમ લખ્યું છે. ક્યાં તીર્થ હતું? તીર્થ તો આત્મા છે. આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ, એની અંતર જતાં, સ્નાન કરતા તીર્થ થાય છે. એ તીર્થ

છે. આ બહારના તીર્થ, વીતરાગના બહારના તીર્થ એ વ્યવહાર છે. તો અન્યના તીર્થમાં તો છે જ ક્યાં? સમજાણું કાંઈ? સમ્મેદશિખર, શેત્રુંજય તીર્થો છે, એ પાપનો નાશ કરનારા તીર્થ નથી. એ તો શુભભાવ હોય છે એથી જરી અશુભાદિ ન હોય, એટલી વાત છે. એ તીર્થ.. તીર્થ તો આત્મા છે. પૂર્ણાનંદનો નાથ તરણ ઉપાયના સ્વભાવથી ભરેલો છે. સમજાણું કાંઈ? તીર્થ તો એ છે. સ્નાન કરવા લાયક એ છે.

અનંત આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એવો જે આત્મા તે સર્વજ્ઞે કહ્યો એ આત્મા. પાછા બીજા આત્મા કહે છે એ આત્મા નહિ. એથી કહ્યું ને? '**सर्वज्ञके कहे हुए उस दर्शनमूलरूप धर्मको अपने कानोंसे सुनकर...**' સર્વજ્ઞ ભગવાને કહ્યું એ. સર્વજ્ઞ ભગવાને કહેલો માર્ગ તો દિગંબર દર્શનમાં જ છે. બીજે છે નહિ. વાત તો આવશે. આવી ચોખ્ખી વાત આવશે આમાં તો. આમાં તો ઝાટકીને બધું કાઢી નાખ્યું છે. એમ છે. દિગંબર દર્શન અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ માર્ગનું સ્વરૂપ પરંપરા દિગંબર ધર્મમાં છે. એ સિવાય બીજે ક્યાંય છે નહિ. એ માટે આ 'દર્શનપાહુડ' બનાવ્યું છે. જુઓ! દર્શન સર્વજ્ઞનું મૂળ છે. કથનમાં દર્શનપ્રધાન વાત આવી છે. સમ્યગ્દર્શન તો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ્યાં નથી ત્યાં સમ્યગ્દર્શન ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એવું છે, ભાઈ! બીજાને ખરાબ લાગે, ખોટું લાગે, પણ માર્ગ તો આ છે. ઘણા એવા હોય છે ને અંદરથી કાઢે, કે ભાઈ! આ તો અમારું ખંડન કરે છે, એમ આવ્યું હતું. 'શ્રીમદ્દે' ખંડન નથી કર્યું. ત્યાં ખંડન કરે છે. માટે અમારે સાંભળવું નથી. અરે..! ભગવાન! બાપુ! માર્ગ તો આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય જ ને. પણ એવી કઈ ચીજ છે કે બધાને ઠીક પડે? એ તો આપણે હમણા કહ્યું. વચનિકા 'મોક્ષમાર્ગ પ્રકાશક'. એવી કઈ ચીજ છે કે બધાને ઠીક પડે? માર્ગ તો જે વીતરાગે કહ્યો હોય તે આવે. સમજાય છે? પક્ષકાર જે હોય એને ઠીક ન લાગે. સત્‌ની શ્રદ્ધા ન કરે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય કઈ રીતે? અને વિરુદ્ધ શ્રદ્ધા ટળે શી રીતે? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે.

'**दर्शनसे रहित हैं वे वंदन योग्य नहीं हैं;...**' અહીં સિદ્ધાંત છે, લ્યો! જેને સર્વજ્ઞ પરમાત્માએ દિગંબર ધર્મમાં જે મુનિપણું કહ્યું, દર્શન.. છે ને? ભાવલિંગ અંતર ત્રણ કષાયનો અભાવ, બાહ્યમાં નગ્ન દશા અને વ્યવહારે પંચ મહાવ્રતાદિના વિકલ્પો એ જૈનદર્શન છે અથવા દર્શન ... છે. અંદરમાં એવાની શ્રદ્ધા રાગરહિત એવાની શ્રદ્ધા અંદરમાં એનું નામ સમ્યગ્દર્શન છે. સ્વભાવ સન્મુખની શ્રદ્ધા. એમ. એવી શ્રદ્ધાની રહિત છે, પછી ચાહે તો મોટા મહાત્મા, આચાર્ય, ઉપાધ્યાય આદિ નામ ધરાવે. '**वंदन योग्य नहीं हैं;...**' આમ છે. પહેલેથી આ ઉપાડ્યું છે. કહો, શાંતિભાઈ! આ બધો સત્યનો આગ્રહ નહિ હોય? સત્ય તો આ છે, ભાઈ! સત્ય કાંઈ બે હોય? 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, એણે કહેલો પરંપરાનો માર્ગ એવું સમ્યગ્દર્શન નામ કાને સાંભળ્યું હોય કે આવું સમ્યગ્દર્શન છે, એવા જીવોએ સમ્યગ્દર્શન રહિત પ્રાણી છે એને વંદવા લાયક છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**ण वंदिव्वो**' ચોખ્ખું છે કે નહિ? આહાહા..! '**दर्शनहीनको वंदना मत करो...**' લ્યો.

જેને સમ્યગ્દર્શનનું ભાન પણ નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રની ઊંધી શ્રદ્ધા છે અને ભલે વ્રતાદિ બહારમાં ક્રિયા દેખાય, પણ એ તો દર્શનરહિત છે. તે વંદવા લાયક નથી. કહો, સમજાણું કાંઈ? અને એનો આદર કરે ... મિથ્યા શ્રદ્ધાવાળો છે અને એનો આદર કરે તો મિથ્યાશ્રદ્ધાનું પાપ લાગે. કરે, કરાવે અને અનુમોદે ત્રણે પાપના ફળ છે.

'**જિસકે દર્શન નહીં હૈ ઉસકે ધર્મ ભી નહીં હૈ;...**' જેને સમ્યગ્દર્શન નથી. વસ્તુ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ ચૈતન્ય ધ્રુવ, એની અંતર શ્રદ્ધા નથી, પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે, સંયોગબુદ્ધિ છે, એવા જીવો સમ્યગ્દર્શન રહિત છે. તેમાં ધર્મ નથી. '**જિસકે દર્શન નહીં હે ઉસકે ધર્મ ભી નહીં હૈ,..**' મૂળ વિના મૂલં નાસ્તિ કૂતો શાખા. જેનું મૂળ નથી એને શાખા કે ફળ હોય નહિ. સમજાણું? '**જિસકે દર્શન નહીં હૈ ઉસકે ધર્મ ભી નહીં હૈ,...**' ચાહે તો બાર વ્રત અને માસ-માસ ખમણના પારણા, નગ્ન મુનિ (થાય). 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો.' તોપણ એ મિથ્યાદષ્ટિ છે, કહે છે. આહાહા..! ભારે કામ આકરું. '**મૂલ રહિત વૃક્ષકે સ્કંધ, શાખા, પુષ્પ, ફલાદિક કહાંસે હોંગે?**' લ્યો. જેનું મૂળ જ નથી સમ્યગ્દર્શન જ નથી. સમજાણું કાંઈ? પરથી ધર્મ થશે, વ્યવહારથી, પુણ્યથી ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે, નિમિત્તથી લાભ થશે, એવી માન્યતા છે એ તો દર્શન રહિત મિથ્યાદષ્ટિ છે. ચાહે તો માંધાતા મોટો ત્યાગી હોય તો પણ એ વંદવા લાયક છે નહિ, એમ કહે છે. આહાહા..! ભારે!

મુમુક્ષુ :- કડક સ્વભાવ...

ઉત્તર :- કડક છે, એવી વસ્તુ છે. કડક કહો કે સરળ કહો, માર્ગ આ છે. કહો. હવે મુનિ માનીને આહાર-પાણી લેવાનું (કરે) એમાં રહ્યું ક્યાં? શ્રદ્ધાનું ભાન નથી, સમ્યગ્દર્શનની ખબર નથી.

મુમુક્ષુ :- વેશ દેખીને..

ઉત્તર :- વેશમાં છે શું? ધૂળ? વેશ દેખીને...

મુમુક્ષુ :- એવું માને.

ઉત્તર :- માને છે. શું માને? તેના લક્ષણ છે એ દેખાતું નથી કે આ કર્તાબુદ્ધિ છે, આને હું કરું તો આમ થાય, આને કરું તો આમ થાય. સદોષ આહાર લ્યે છે, વગેરે ભાવ છે અને માને છે કે મુનિ છે તો મિથ્યાત્વનો ભાવ છે. આવું છે ભાઈ આ 'દર્શનપાહુડ'માં તો.

મુમુક્ષુ :- પહેલેથી ખોટા...

ઉત્તર :- પહેલેથી જ ખોટા છે એ ખોટા ઠરાવ્યા છે. જાહેર કરીને ખોટા ઠરાવ્યા છે. એમ છે, ભાઈ!

'**જિસકે દર્શન નહીં હૈ, ઉસકે ધર્મ ભી નહીં હૈ, ક્યોંકિ મૂલ રહિત વૃક્ષકે સ્કંધ,...**' મૂળ જ ન મળે ત્યાં પછી સ્કંધ ફાલ્યો છે, શાખા-ડાળ નીકળી છે, પુષ્પ થયા છે, ફળ થયા છે, એ ક્યાંથી હોય? આહાહા..! આ વ્રત લીધા અને તપ કરે માટે એને સમ્યગ્દર્શન હોય? કે ના. એ વ્રત-તપ છે જ નહિ. સમ્યક્ મૂળ ન મળે ત્યાં વ્રત-તપ કેવા? આહાહા..! '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ-જિસકે ધર્મ નહીં હૈ ઉસસે**

**ધર્મકી પ્રાપ્તિ નહીં...**' ભાષા જુઓ! પહેલું એમ કહ્યું કે '**જિસકે દર્શન હીં હૈ, ઉસકે ધર્મ ભી નહીં હૈ,...**' જેને દર્શન-સમકિત નથી એને ધર્મ પણ નથી. ... માટે એ ઉપદેશ છે કે જેને ધર્મ નથી તેનાથી ધર્મની પ્રાપ્તિ નથી. .. એની પાસે સાંભળીને લાભ મળે એવું નથી. એમ કહે છે. સાંભળવા જાશું, સાંભળશું તો મળશે, એની ના પાડે છે, જુઓ! જેની શ્રદ્ધામાં ખોટ જ છે.

મુમુક્ષુ :- એ તો ભગવાનના શાસ્ત્ર...

ઉત્તર :- ભગવાનના શાસ્ત્ર ક્યાં છે? એને ભાન ક્યાં છે? સમજાણું કાંઈ? આ તો ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા, એના મુનિમ થઈને વાત કરે અને કરે ખોટી. દીવાળું કાઢવાની વાત કરે. એનાથી ધર્મની પ્રાપ્તિ નથી. વંદન યોગ્ય નથી. કેમ કે તેનાથી ધર્મની પ્રાપ્તિ નથી, માટે આદર કરવા લાયક છે નહિ. આહાહા..! ભારે કામ!

'**ફિર ધર્મ કે નિમિત્ત ઉસકી વંદના કિસલિયે કરેં?...**' જુઓ! એવા આત્માઓને ધર્મને કારણે આદર કેમ કરીએ? '**ઐસા જાનના.**' એમ અહીંયા 'કુંદકુંદાચાર્ય' કહે છે. એમ અહીંયાં જાણવું. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં અર્થ કર્યો છે એ કર્યો છે ને? એ ક્યાં ઘરનું કર્યું છે? '**दंसणमूलो धम्मो**' આ શબ્દ તો મૂળ પાઠમાં છે. સમ્યગ્દર્શન મૂળ ધર્મ છે. '**उवइट्ठो जिणवरेहिं सिस्साणं।**' જિનવરોએ શિષ્યોને ઉપદેશ કર્યો. '**तं सोऊण सकण्णे**' એ વાત સાંભળીને હે સકર્ણા! હે કાનવાળા સાંભળેલા! એમ કહે છે. '**दंसणहीणो ण वंदिव्वो।**' પાઠ છે કે નહિ? એય..! આહાહા..! દુનિયાને તો એવું લાગે. બધા લાખોપતિ-કરોડોપતિ માનતા હોય અને આ બધા માણસો ૫૦-૫૦ હજાર ભેગા થતા હોય. હવે એ કહે કે આ વંદવાયોગ્ય નથી. ફટ ફટ કરીને... થાય. એને ધર્મની શ્રદ્ધા નથી માટે વંદતા નથી. આવા મહા મનુષ્ય આયુ ... પણ કોણ મુનિ હતો? સમ્યગ્દર્શનના હજી ઠેકાણા નથી. સમજાણું કાંઈ? આહાહા..! દેહની ક્રિયા જડ, એનો કર્તા થાય. દયા, દાન, વ્રતના પરિણામથી મને ધર્મ થાય, એ કરતા કરતા વ્યવહાર કરતા અમારી નિશ્ચયની શુદ્ધિ થાય, આવું માનનારા સમકિતથી રહિત મિથ્યાદષ્ટિ છે. એનાથી ધર્મ પમાય નહિ તો એનો આદર કરીને શું કરશે? એમ કહે છે. આ તો જવાબદારી આવી, સેઠી! અત્યાર સુધી બધા ગોટા વાળ્યા છે. અહીં જવાબદારી છે.

મુમુક્ષુ :- ... આહારશુદ્ધ, મનશુદ્ધ, વચનશુદ્ધ.

ઉત્તર :- ભાઈ! ત્યાં મુખ્ય અગ્રેસર માણસ હોય તો આહાર-પાણી દેવા પડે. .... કર્યું હોય એને માટે અને (બોલે એમ કે) આહારશુદ્ધ, વચનશુદ્ધ.

મુમુક્ષુ :- આહારશુદ્ધ, મનશુદ્ધ, વચનશુદ્ધ.

ઉત્તર :- કાયશુદ્ધ, વચનશુદ્ધ, આહારશુદ્ધ એ જૂઠું બોલે છે. અને એ જૂઠાને અનુમોદે અને જૂઠા

અનુમોદન લે. એવી વાત છે, શેઠી જુઓ! આહાહા..! માર્ગ તો એવો છે, બાપુ!

'**અબ, યહાં ધર્મકા તથા દર્શનકા સ્વરૂપ જાનના ચાહિયે.**' હવે પોતે થોડું લખે છે. ધર્મનું અને દર્શનનું. સમ્યગ્દર્શન નહિ, અહીંયાં દર્શન સામાન્યની વાત છે. જૈનદર્શન. એનું સ્વરૂપ જાણવું જોઈએ. '**વહ સ્વરૂપ તો સંક્ષેપમેં ગ્રન્થકાર હી આગે કહેંગે,...**' ગ્રંથકાર પોતે એનું સ્વરૂપ કહેશે. '**તથાપિ કુછ અન્ય ગ્રન્થોં કે અનુસાર યહાં ભી દે રહે હૈં :-**' બીજા ગ્રંથને અનુસારે થોડું અહીં કહીએ છીએ. '**ધર્મ શબ્દકા અર્થ યહ હૈ કિ જો આત્મા કો સંસારસે ઉબારકર સુખસ્થાનમેં સ્થાપિત કરે સો ધર્મ હૈ.**' લ્યો. ધર્મ એને કહીએ, કે સંસાર નામ દુઃખની દશા, એનાથી ઉદ્ધાર કરી, ઉદયભાવ, સંસાર દુઃખદશા છે એનાથી ઉદ્ધાર કરી, અભાવ કરી અને સુખસ્થાનમાં સ્થાપે છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં સ્થાપે એને ધર્મ કહીએ. લ્યો, આ ધર્મની વ્યાખ્યા.

''**ધર્મ' ઐસા શબ્દકા અર્થ યહ હૈ કિ -...**' એનો અર્થ એવો છે કે, '**જો આત્માકો સંસારસે ઉબારકર...**' પહેલું સિદ્ધ કરે છે કે આત્માને સંસાર છે. આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ, મિથ્યાત્વ એ દુઃખરૂપ દશા છે, એ સંસાર છે. આત્માની વર્તમાન દશામાં અનાદિ અજ્ઞાનીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ છે એ એની સંસારદશા છે. એવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાંથી ઉદ્ધાર કરી અને સ્વરૂપમાં સ્થાપે. અંતર અનંત જ્ઞાનાદિ સ્વભાવ ભગવાન આત્માનો, એમાં સ્થાપે એને ધર્મ કહીએ. ધ્રુવને લક્ષે એકનો વ્યય કરીને એકનો ઉત્પાદ કરે એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા છે આ તો. એ ધર્મની વ્યાખ્યા (થઈ).

'**ઔર દર્શન અર્થાત્ દેખના.**' દર્શનની વ્યાખ્યા કરે છે. બે વાત કરતા હતા ને? '**યહાં ધર્મકા તથા દર્શનકા સ્વરૂપ જાનના ચાહિયે.**' ધર્મની વ્યાખ્યા આ કરી. સંસાર એટલે? આત્માની પર્યાયમાં મિથ્યાત્વ વિપરીત અભિપ્રાય અને રાગ-દ્વેષ (થાય) એ સંસાર. એને ટાળી અને વસ્તુ આનંદસ્વરૂપ ભગવાન એમાં સ્થાપે, એવી દશાને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? '**ઔર દર્શન અર્થાત્ દેખના.**' હવે દર્શનની વ્યાખ્યા. '**દર્શન અર્થાત્ દેખના.**' દેખવાનું નામ દર્શન. '**ઈસપ્રકાર ધર્મકી મૂર્તિ દિખાઈ દે વહ દર્શન હૈ...**' વીતરાગ પ્રતિમા સ્વરૂપ મુનિ, ભાવલિંગી. બાહ્યમાં નગ્ન દશા, અંતરમાં વીતરાગ મુદ્રા. જેને વિકલ્પની વૃત્તિ ઊઠે એનો એ કર્તા નથી. એવો વીતરાગભાવ એવું જે અભ્યંતર દર્શન. અને બાહ્ય એવું જે દર્શન.

'**ઈસપ્રકાર ધર્મ કી મૂર્તિ દિખાઈ દે વહ દર્શન હૈ તથા પ્રસિદ્ધિમેં જિસમેં ધર્મકા ગ્રહણ હો ઐસે મત કો 'દર્શન' કહા હૈ.**' બહારમાં જૈનદર્શન, જૈનધર્મ એમ પ્રસિદ્ધતામાં ધર્મનું ગ્રહણ હોય એવા મતને દર્શન કહે છે. '**લોકમેં ધર્મ કી તથા દર્શનકી માન્યતા સામાન્યરૂપસે તો સબકે હૈ,...**' સાધારણ ધર્મ-ધર્મ તો સૌ કરે છે ને? અને દર્શન-અમારો મત સાચો.. અમારો મત સાચો.. અમારો મત સાચો... એમ તો બધા કરે છે. કોઈ એમ કહે કે અમારું દર્શન ખોટું? '**લોકમેં ધર્મકી તથા દર્શનકી**

**માન્યતા સામાન્યરૂપસે તો સબકે હૈ, પરન્તુ સર્વજ્ઞકે બિના...** ' અહીંથી વાત છે. '**યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા;...**' પહેલી સર્વજ્ઞની સિદ્ધિ છે. જેણે ત્રણકાળ, ત્રણલોક જ્ઞાનમાં જાણ્યા નથી એવા—સર્વજ્ઞ સિવાયના આત્મા અને ધર્મની વાતું કરે, એ બધી વાતું એની કલ્પિત અને ખોટી હોય. જે મતમાં સર્વજ્ઞ કોણ છે એનો એણે નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ?

'**સર્વજ્ઞકે બિના યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા; પરન્તુ છદ્મસ્થ પ્રાણી અપની બુદ્ધિસે અનેક સ્વરૂપોંકી કલ્પના કરકે...**' જુઓ! '**અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનકી પ્રવૃત્તિ કરતે હૈં.**' જાણ્યું નથી કહે આમ હોય, આમ હોય. એ તો અન્યથા પ્રવૃત્તિ કરે અને કરાવે છે. માટે એ ધર્મ છે નહિ. જુઓ! પહેલા સર્વજ્ઞ પરમાત્મા કોણ છે એમ સિદ્ધ કરીને એણે જોયેલું કહ્યું તે માર્ગ સાચો છે. સમજાણું કાંઈ?

'**સર્વજ્ઞકે બિના યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા;...** ' સર્વજ્ઞ વિના યથાર્થ સ્વરૂપ જાણવામાં આવી શકે નહિ. '**પરન્તુ છદ્મસ્થ પ્રાણી અપની બુદ્ધિસે અનેક સ્વરૂપોંકી કલ્પના કરકે અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનકી પ્રવૃત્તિ કરતે હૈં. ઔર જિનમત સર્વજ્ઞકી પરમ્પરા સે પ્રવર્તમાન હૈ...**' વીતરાગમાર્ગ તો સર્વજ્ઞથી પરંપરાથી પ્રવર્તે છે. સમજાણું કાંઈ? '**સર્વજ્ઞકી પરમ્પરા સે પ્રવર્તમાન હૈ...**' પરમેશ્વરે કહ્યું એ ગણધરે ઝીલ્યું, જાણ્યું, અનુભવ્યું, એમ પરંપરા ગુરુએ જે અનાદિનો માર્ગ છે તે દિગંબર સંપ્રદાયમાં ચાલ્યો આવે છે. બીજે એ માર્ગ છે નહિ. '**ઈસલિયે ઈસમેં યથાર્થ સ્વરૂપકા પ્રરૂપણ હૈ.**' સર્વજ્ઞની પરંપરાએ જે માર્ગ આવ્યો, એમાં દેવનું, ગુરુનું, શાસ્ત્રનું, તત્ત્વનું, ધર્મનું, મોક્ષમાર્ગનું વાસ્તવિક સ્વરૂપનું કથન એમાં છે, બીજે છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**વહાં ધર્મકો નિશ્ચય ઔર વ્યવહાર ઐસે દો પ્રકારસે સાધા હૈ.**' ધર્મના બે પ્રકાર : નિશ્ચય અને વ્યવહાર. '**ઉસકી પ્રરૂપણા ચાર પ્રકારસે હૈ**' સર્વજ્ઞના માર્ગમાં ચાર પ્રકારના ધર્મના નામના કથન છે. ચાર પ્રકારથી કથન છે. '**પ્રથમ વસ્તુસ્વભાવ,...**' ચાર પ્રકારમાં પહેલો વસ્તુસ્વભાવ ધર્મ. ભગવાન આત્મા... જે વસ્તુ તેનો સ્વભાવ તે ધર્મ. આત્માનો સ્વભાવ.. વસ્તુ છે એનો સ્વભાવ, જ્ઞાન, દર્શન અને આનંદ. એ જ્ઞાન-દર્શન અને આનંદનું પ્રગટ થવું તે ધર્મ છે. સમજાણું કાંઈ?

'**પ્રથમ વસ્તુસ્વભાવ,...**' ધર્મ. એક. એ સ્વભાવ તો ભગવાને જોયો, જાણ્યો એવો કહ્યો .... અજ્ઞાનીમાં કોઈ દિ' હોઈ શકે નહિ. '**ઉત્તમ ક્ષમાદિક દસ પ્રકાર,...**' બીજો ધર્મ. ધર્મની વ્યાખ્યા બીજી. સમ્યગ્દર્શન સહિત સહનશીલતા, ક્ષમા આદિની વીતરાગતા એ દસ પ્રકારનો ધર્મ, એ બીજા ધર્મની વ્યાખ્યા છે. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ...**' ત્રીજી વ્યાખ્યા. ધર્મની ત્રીજી વ્યાખ્યા. જુઓ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ પણ ધર્મ. આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ ચૈતન્યપ્રભુ, એની અંતર્મુખ થઈને દર્શન-પ્રતીતિ થવી, અને અંતર્મુખનું જ્ઞાન થવું અને એમાં રમણતા—એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને ધર્મ કહેવામાં આવે છે. ત્રણેને ધર્મ કહેવામાં આવે છે. ત્રણને ધર્મ કહે છે. આમ તો ચરિતં ખલુ ધમ્મો.

અને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. અહીં તો ત્રણે ધર્મ છે. સમ્યગ્દર્શન સ્વભાવ ધર્મ છે ને? સમ્યક્જ્ઞાન એનો ધર્મ છે અને સમ્યક્ચારિત્ર વીતરાગી પર્યાય પણ ધર્મ છે. ત્રણે ધર્મ છે. વસ્તુનો સ્વભાવ છે એવી દશા પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર ચૌથે જીવોં કી રક્ષારૂપ ઐસે ચાર પ્રકાર હૈં.'** લ્યો. જીવની રક્ષા એટલે એમાં જીવ પોતે આવ્યો ને?

મુમુક્ષુ :- જી હા, પોતાની રક્ષા..

ઉત્તર :- પોતે. બીજી કોની રક્ષા છે? એય..! પોતાના જીવની રાગથી રક્ષા કરવી એ ધર્મ (અર્થાત્) રાગ ઉત્પન્ન થવા દેવો નહિ.

મુમુક્ષુ :- બીજા જીવની રક્ષા...

ઉત્તર :- બીજા જીવનો વિકલ્પ એ વ્યવહાર. નિશ્ચય આ. જીવમાં પોતે છે કે નહિ જીવ? તેની રક્ષા એટલે શું? જેનું સ્વરૂપ જ્ઞાન-આનંદ આદિ છે, એની રક્ષા. રાગની રક્ષા નહિ, વ્યવહારની રક્ષા નહિ. દયા, દાન, વ્રત આદિ વિકલ્પ એ તો હિંસા છે. આહાહા..!

મુમુક્ષુ :- જીવને રાગસ્વરૂપ માને. વો રક્ષા નહીં હોતી?

ઉત્તર :- રાગસ્વરૂપ. આત્માને રાગસ્વરૂપ માને તો મિથ્યાત્વ થાય.

મુમુક્ષુ :- રક્ષા

ઉત્તર :- રક્ષા પાપની થાય છે.

પોતાનો આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તેવી એની ઉત્પત્તિ થવી અને બીજાનો આત્મા પણ જ્ઞાનમય છે એવી જ્ઞાનમય ઉત્પત્તિ થવી એનું નામ જીવની રક્ષા અને ધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક ધર્મનો પ્રકાર એ કે વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ. એને ને એને દસ પ્રકાર સમ્યગ્દર્શન સહિત ક્ષમા એ પણ એક ધર્મ, ત્રીજો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી પર્યાય સ્વભાવમાં ધ્રુવના આશ્રયે પ્રગટ થતી. ધ્રુવ ચૈતન્યબિંબ ભગવાન, નિત્ય સિદ્ધરૂપ વસ્તુ ત્રિકાળ શાશ્વત. એને આશ્રયે થતું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ. અને એને આશ્રયે થતી રાગરહિત અહિંસા સ્વભાવની ઉત્પત્તિ, એનું નામ ધર્મ. કહો, સમજાણું કાંઈ?

**'એસે ચાર પ્રકાર હૈ. વહાં નિશ્ચયસે સિદ્ધ કિયા જાય તબ તો સબમેં એક હી પ્રકાર હૈ,...'** જુઓ! ચારેમાં એક જ પ્રકાર છે. શુદ્ધતા. આહાહા..! નિશ્ચયથી ચાર વસ્તુને સિદ્ધ કરીને **'સબ મેં એક હી પ્રકાર હૈ, ઈસલિયે વસ્તુસ્વભાવકા તાત્પર્ય તો જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાનપરિણામમયી ચેતના હૈ,..'** જુઓ! જીવ નામનો પદાર્થ એવો ભગવાન આત્મા, એનો પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન એવા પરિણામ, શ્રદ્ધા-જ્ઞાનના એવા પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, એ

પહેલો વસ્તુનો સ્વભાવ તે ધર્મ. રાગ અને પુણ્ય આદિ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી. કહો, સમજાણું કાંઈ?

'**નિશ્ચય સે સિદ્ધ કિયા જાય તો સબમેં એક હી પ્રકાર હૈ, ઈસલિયે વસ્તુસ્વભાવકા તાત્પર્ય તો જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...**' ભગવાન આત્મા દર્શન-જ્ઞાનનો પિંડ છે. એમાં એકાગ્રતા (થવી) એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ચેતના એ પરિણામ તે ધર્મ. જ્ઞાનચેતના તે ધર્મ છે. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ પરમાર્થ એમ કીધું ને? જુઓ! '**દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...**' એ વસ્તુનો સ્વભાવ છે. જાણવું, દેખવું એવો જે આત્માનો સ્વભાવ, એને પરિણામમાં પ્રગટ કરવો, જાણવા-દેખવાના પરિણામ, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ, એ ચેતનાના પરિણામ તે ધર્મ. રાગાદિ તે ચેતનાનું પરિણામ (નહીં) એ ચેતનાની ક્રિયા આવી, સવારમાં આવ્યું હતું. ચેતનાની ક્રિયા રાગની કે દયા, દાન, પરની દયા, દાનની ક્રિયા એ તો જીવની ક્રિયા જ નથી.

મુમુક્ષુ :- વ્યાપકનું વ્યાપ્ય નહિ?

ઉત્તર :- નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ શ્રુતપંચમીએ અષ્ટપાહુડ શરૂ થાય છે. બધી ચોખવટ થાય છે. કોઈની લાજ રખાય કે કોઈની શરમે કંઈ બીજું થાય એ આ વસ્તુ નથી. કે દુનિયાના ડરથી ઝાઝા માણસો માને, અને થોડા માને અથવા ન માને, એટલી સત્‌ની સંખ્યા ન હોય માટે સત્ બીજું થઈ જાય, એમ છે નહિ. આહાહા..! લોકોને બહારની પ્રવૃત્તિના પરિણામ ઉપર આખા ધર્મનું માપ છે. અહીં તો કહે છે કે વસ્તુનો સ્વભાવ પરમાર્થરૂપ ચેતના એવું જ્ઞાનમાં ચેતાવું શ્રદ્ધા-જ્ઞાનના પરિણામથી, એવો ચેતના પરિણામ તે ધર્મ છે. એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- જ્ઞાનચેતનાથી...

ઉત્તર :- હા. જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એમાં ચેતાવું એટલે એકાગ્ર થવું એ જ્ઞાનની ચેતના. એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એમાં આવી ગયા. અહીં તો હજી પહેલી વ્યાખ્યા કરે છે. વસ્તુ સ્વભાવ એ ધર્મની વ્યાખ્યા. પછી બીજી કરશે. એમાં પણ ચેતનાના પરિણામ જ છે એમ સિદ્ધ કરશે. ચારેય નામ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ સ્વભાવ તેને તો જીવ ભગવાન આત્મા, એ વસ્તુનો પરમાર્થ દર્શન-જ્ઞાન, દેખવા-જાણવાનો જેનો સ્વભાવ, એમાં એકાગ્ર થતાં જે ચેતના દર્શન-જ્ઞાન પરિણતિ થાય એ વસ્તુનો સ્વભાવ અને તેને ધર્મ કહેવામાં આવે છે. શરીરની ક્રિયા નહિ, દયા-દાનના વિકલ્પ એ ધર્મ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સહકારી...

ઉત્તર :- સહકારીનો અર્થ હોય તે હોય. સહકારી કારણ અહીં ક્યાં છે? એના ઘરમાં રહ્યું. એકબીજામાં તો અભાવ છે. સહકારી કારણનો તો અભાવ છે.

મુમુક્ષુ :- .. હોય તો?

ઉત્તર :- હોય તો બધી આખી દુનિયા હોય. લોકાલોક છે, ત્યાં આવી જાય છે? લોકાલોક છે.

કેવળજ્ઞાનમાં જણાય તે લોકાલોક જ્ઞાનમાં આવી ગયા? રાગાદિ બધું છે, હો, એ કાંઈ આત્માનો ધર્મ (નથી). ચેતના અંદર પરિણમવું ચૈતન્ય શુદ્ધથી એ ધર્મ છે. ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- આવો જૈન...

ઉત્તર :- આવો જૈનનો.. વસ્તુનો સ્વભાવ આવો છે, એમ કહે છે. જૈનનું નામ જ ક્યાં લીધું? વસ્તુ જીવ છે, એનો પરમાર્થ સ્વભાવ જ જાણવું, દેખવું એવા ચેતનારૂપે પરિણમવું તે ધર્મ છે. સમજાણું? એ પરમાર્થ છે. ભગવાને કહ્યું, જાણ્યું અને કહ્યું છે. વસ્તુ જ એવી છે એ. જાણન, દેખન આનંદ પ્રભુ! એની અંતર દૃષ્ટિ કરીને જાણન, દેખન અને આનંદના, ચેતનાના પરિણામ પ્રગટે, એને અહીંયાં વસ્તુનો સ્વભાવ-ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** **'વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** જુઓ! **'શુદ્ધ-સ્વભાવરૂપ પરિણમિત હો વહી જીવકા ધર્મ હૈ.'** લ્યો! રાગ અને વિકલ્પથી રહિત શુદ્ધ ચેતના થાય, એ જીવનો સ્વભાવ અને ધર્મ છે. અસ્તિ-નાસ્તિ કહ્યું. લ્યો! **'દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ, ઔર વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ વિકલ્પ છે એ તો વિકાર છે. આહાહા..! **'સર્વ વિકારોંસે રહિત શુદ્ધસ્વભાવરૂપ પરિણમિત...'** ભગવાન પવિત્ર શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે. એનું પરિણમન શુદ્ધ થવું, એ ધર્મ છે. બીજી શૈલી આવે છે ને અહીં તો. 'સમયસાર'ની શૈલી ને... વાત તો એ છે પણ બીજી ઢબે વાત છે. આહાહા..! એય..!...!

મુમુક્ષુ :- કડક છે.

ઉત્તર :- કડક. કડક નહિ, જેમ છે તેમ છે. કડક તો અતિરેક કહેવાય. આવો સ્વભાવ... આહાહા..!

મુમુક્ષુ :- માર્ગ જે...

ઉત્તર :- એટલે લાગે છે. લોકોને ... એવી રીતે માન્યું છે ને, કે આ જાણે ભગવાનની ભક્તિ કરીએ અને જાત્રા કરીએ, પૂજા કરીએ, આ સામાયિક પોષા-પડિક્કમણા કરીએ એટલે ધર્મ. એ એના માનેલા છે. એ તો વિકલ્પ છે, ભાઈ! એ તો શુભરાગ છે. એ રાગથી, વિકારથી રહિત શુદ્ધચેતનાનું પરિણમવું તે ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગધર્મની આ વ્યાખ્યા. ભાઈ! પહેલા તો લોકોને ગોઠશે નહિ એવું. એણે બીજું ગોઠવેલું છે ને. પછી વારંવાર જ્યારે (પરિચય) થાય ત્યારે એમ લાગે કે, ભાઈ! માર્ગ તો આ છે. એય..! ભાઈ! જુઓ! આવું છે આ. બૈરાની વાતું... હળવે-હળવે બેસશે. ન ગોઠે તો અહીંથી ચાલ્યા જશે. ગોઠશે તો વળી ... ત્યાં વળી થોડું થોડું ગોઠી ગયું. આ માર્ગ તો કાંઈક બીજો લાગે છે. આહાહા..!

આ દેહને ભૂલી જાવ, કહે છે. આ તો માટી-જડ છે. વિકલ્પ ઉઠે એને ભૂલી જાવ. કારણ કે એ તો વિકાર છે. ભૂલ વિનાનો સ્વભાવ જે ત્રિકાળ આનંદ અને જ્ઞાનમૂર્તિ સ્વભાવ છે, એનું તે રૂપે પરિણમન થવું, વિકારરહિત, શુદ્ધતા સહિત. શુદ્ધતા સહિત અને વિકાર રહિત, એમ કહ્યું.

મુમુક્ષુ :- મહારાજ! ભૂલી જાવ...

ઉત્તર :- ભગવાનને અંદર યાદ કરો. અંદર પરમાત્મા આનંદસ્વરૂપ છે એને સ્મરો. આને ભૂલી જાવ, એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો વાતે વાતે... ક્રિયા ન ...

ઉત્તર :- આ ક્રિયા ન આવી? ભગવાન આનંદમૂર્તિ તેને યાદ કરો. જેનું વિસ્મરણ ચાલે છે તેનું સ્મરણ કરો અને જેનું સ્મરણ ચાલે છે તેનું વિસ્મરણ કરો. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મંગળિકમાં ઘણી ઠેકાણે કહ્યું છે. સવારે મંગળિક આવે છે ને.

અનાદિ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદ છે તેનું તેને વિસ્મરણ છે અને રાગ, દ્વેષ અને મિથ્યાત્વ અભિપ્રાય તેનું એને યાદગીરી અને સ્મરણ છે. એ ભગવાન આત્માનું વિસ્મરણ છે એને સ્મરણમાં લાવવું. સ્મરણ ક્યારે થાય? એને અવગ્રહ કરી, અવાય કરી નિર્ણય કરી અને ધારણા કરી હોય તો સ્મરણ થાય. જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદ પ્રભુ! ચૈતન્યના સ્વભાવથી એકલો ભરલો, એનો અવગ્રહ કરી, નિર્ણય કરીને અંદર ધાર્યુ હોય કે આવું સ્વરૂપ છે, એનું સ્મરણ કરવું અને અનાદિનું વિકારનું સ્મરણ છે તેને વિસ્મરણ કરવું. કહો, સમજાય છે કાંઈ?

જુઓ! '**જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...**' એ શુદ્ધ કીધું. એ શુદ્ધનું પરિણમન (છે). રાગ છે એ તો વિકાર છે. એ શુદ્ધનું પરિણમન નથી. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, પરની દયાનો ભાવ એ બધો વિકાર છે. એ વિકાર રહિત શુદ્ધ ચૈતન્યનું પરિણમન, વિકાર રહિત (પરિણમન થાય) એને શુદ્ધચેતના, ધર્મ, વસ્તુનો સ્વભાવ કહે છે. આહાહા..! બહુ ... લોકોમાં એટલું બધું બહારનું આમ હો..હો.. હો..હા.. હો..હા.. (થઈ ગઈ છે કે) આ વાત બેસવી કઠણ પડે. આ તો એકાંત છે. પણ કોઈ સાધન-ફાધન ખરું? એમ કહે છે. વિકાર સાધન અને નિર્વિકાર સાધ્ય? એમ હોઈ શકે નહિ. અહીં તો વિકારરહિત જ કહેવું છે ત્યાં વળી વિકાર સાધન ક્યાંથી આવ્યું? એમ કહે છે.

વસ્તુ ચૈતન્યનો સ્વભાવ ભગવાન, ત્રિકાળ—સર્વ કાળે શાશ્વત શુદ્ધ. આપણે ત્રણ બોલ આવ્યા હતા ને? અંતઃ, ચિર, વિશદ્, લસત.. ચાર બોલ હતા. અંતઃ. અહીં વળવું છે ને! એમ કહે છે. અહીં આમ વળવું છે ને? આમ વળવું છે તો એ વળેલો અસંખ્યપ્રદેશી અંદર એકરૂપ છે. અને પછી.. સમજાણું? ચિર સર્વકાળે એમ જ છે એ. શાશ્વત. સર્વ કાળે જ્ઞાન આનંદમય વસ્તુ એમ ને એમ છે. પછી વિશદ્-સર્વ કાળ શુદ્ધ છે. ભાવ. એ ભાવ આવ્યો. સર્વ કાળ શુદ્ધ છે. લસત. સર્વકાળે પૃથક્ છે. ભારે અર્થ કાઢ્યો છે.

મુમુક્ષુ :- સર્વભાવ અને સર્વ...

ઉત્તર :-.. ચારેમાં સર્વ છે. સમજાણું કાંઈ? એ એનો સ્વભાવ જ એવો છે, કહે છે. ત્રણે કાળ અંતઃ અસંખ્યપ્રદેશનું એકરૂપ, એમાં એવી ને એવી સ્થિતિ રહે એવી વસ્તુ શાશ્વત છે. કાળ (આવી ગયો) ત્રિકાળ. અને એનો શુદ્ધત્વ ભાવ એ એનો ભાવ છે. અને તેનું પ્રત્યક્ષ થવું, એ પ્રત્યક્ષ ત્રિકાળ પ્રત્યક્ષ થાય

એવો એનો પ્રત્યક્ષ ગુણ છે, એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવનું એ રીતે ચૈતન્યનું શુદ્ધરૂપે પરિણમન થવું, દ્રવ્યના આશ્રયે શુદ્ધનું પરિણમન થવું, પરના આશ્રય(રહિત), વિકાર રહિત પરિણમન થવું, એને ચેતનારૂપ ધર્મ કહેવામાં આવે છે. આમાં કોઈ શંકાને સ્થાન જ નથી કે કેમ હશે, આમ કેમ હશે? (એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :- સાધન ન હોય.

ઉત્તર :- સાધન-ફાધન. એ પોતે સાધન છે. એ તો સવારે વાત ચાલે છે. આહાહા..! કર્તાથી સાધન-કરણ ભિન્ન હોઈ શકે નહિ. એ તો સવારમાં આવે છે. હજી આવશે એમાં. આહાહા..! કરનારો ભગવાન આત્મા, એના સ્વભાવનું સાધન પણ પોતે જ છે. એને પરની તો અપેક્ષા છે જ ક્યાં? સ્વતંત્રપણે કરે તેનું સાધન, સ્વતંત્રપણે સાધે તે સાધન. પરની અપેક્ષા રહે એમાં સ્વતંત્ર ક્યાં રહ્યું? આહાહા..!

મુમુક્ષુ :- સાધે કોણ?

ઉત્તર :- એ અનેકાંત છે. સ્વ સાધનથી થાય અને પર સાધનથી ન થાય. કહ્યું હોય ક્યાંક તો એ વ્યવહારથી કથન છે. માટે પરથી ન થાય એમ અનેકાંત છે. લ્યો. હજી એક વાત લીધી. બીજી લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, રવિવાર તા. ૧૬-૦૯-૧૯૭૩**
**ગાથા-૨, પ્રવચન - ૨**

... શાસ્ત્ર છે. ભગવાન કુંદકુંદાચાર્યના કરેલાં. દર્શનપાહુડ ચાલે છે. બીજી ગાથા.

**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।**
**तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिव्वो।।२।।**

'અર્થ :- જિનવર જો સર્વજ્ઞદેવ હૈં, ઉન્હોંને શિષ્ય જો ગણધર આદિક કો ધર્મ કા ઉપદેશ દિયા હૈ;...' ધર્મનો ઉપદેશ કર્યો. 'કૈસા ઉપદેશ દિયા હૈ? કિ દર્શન જિસકા મૂલ હૈ.' ... ત્યાં આવે છે છેલ્લે કે આવા દર્શનની શ્રદ્ધા તે સમકિત છે. એમ ક્યાંક આવે છે અંદર. ટીકામાં આવે છે છેલ્લે. ... પાછળ ક્યાંક છે. છેલ્લા શબ્દો છે. અહીંયા દર્શન કોને કહે છે? મુખ્યપણે તો અભ્યંતર દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા, બાહ્યમાં નગ્ન દશા અને પંચ મહાવ્રતના વિકલ્પ એવી જે મુદ્રા, એવું દર્શન એને જૈનદર્શન કહે છે. સમજાય છે કાંઈ?

પછી ચોથામાં સમ્યગ્દર્શન લે છે, પણ મૂળ આ (ચારિત્ર) છે. આ દંસણ એટલે દર્શન એટલે જે દેખવામાં આવે મૂર્તિ. આત્મા અભ્યંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને બાહ્યમાં નગ્ન મુનિ, વ્યવહાર પંચ મહાવ્રતના વિકલ્પ, એવી વસ્તુને જૈનદર્શન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આચાર્યનું હૃદય આ છે. પછી એમાં (ચોથા ગુણસ્થાનનું) દર્શન—સમકિત આવી જાશે. પણ મૂળ આ દર્શન કહેવાય. એ દર્શન જેને હોય .. એને મૂર્તિ કહેવામાં આવે છે. લખશે અંદર ઘણું. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ વંદનને યોગ્ય છે એમ અહીંયાં સિદ્ધ કર્યું છે. એ સિવાય વીતરાગ માર્ગને મૂકીને બીજા ભેખો થયા, શ્વેતાંબર આદિ એ ભેખ વંદનિક નથી. આહાહા..! સુજાનમલજી!

મુમુક્ષુ :- મુનિ વંદનીય છે.

ઉત્તર :- આવા મુનિ હોય. મુનિ કેવા? એને જૈનદર્શન કહે છે. દર્શનપાહુડમાં '**दंसणमग्गं**' છે ને? દર્શન .. માર્ગ એ. .. એનો મત—એ જૈનદર્શનનો મત. એ અભ્યંતર અને બાહ્ય જેને મુનિપણું યથાર્થ પ્રગટ્યું છે, એ દર્શનની મૂર્તિ દેખે એને જૈનદર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ખુલાસો ભાઈ કરશે પંડિતજી પોતે જયચંદ્ર પંડિત. પણ મૂળ આ છે. જુઓ, છે ને? કે ધર્મનું મૂળ દર્શન.

'**ઈસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ હે સકર્ણ...**' સકર્ણ એટલે કાનવાળા સમૂહ, સાંભળ્યું છે '**અર્થાત્ સત્પુરુષો! સર્વજ્ઞ કે કહે હુએ ઉસ દર્શનમૂલરૂપ ધર્મ કો અપને કાનોં સે સુનકર...**' દર્શન મૂળરૂપ ધર્મ. ચારિત્રનો જે ધર્મ જૈન માર્ગનો એ દર્શનમૂલ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને બાહ્ય ભેખ નગ્ન દિગંબર. આ વાત છે. '**ઉસ દર્શનમૂલરૂપ ધર્મ કો અપને કાનોં સે સુનકર જો દર્શન સે રહિત હૈં,...**' જૈનદર્શન એ આવા જૈનદર્શન. '**વે વંદન યોગ્ય નહીં હૈં;...**' કુંદકુંદાચાર્ય વખતે સંપ્રદાય નીકળી ગયો હતો એટલે આ સ્પષ્ટ કરવું પડ્યું. આહાહા..!

વીતરાગનો જૈન માર્ગ એટલે ચારિત્રનો માર્ગ. એ ચારિત્ર એટલે જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત છે એવી ચારિત્રની મૂર્તિ અને બાહ્યમાં દિગંબર મૂર્તિ. એકલી બાહ્ય યથાજાત (દશા) એ નહિ. એ આગળ કહેશે, એ ૧૪મી ગાથામાં કહેશે. અભ્યંતર પણ જેને અંતર અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, આત્માનું જ્ઞાન જેને થયું છે, એ ઉપરાંત જેને સ્વરૂપમાં લીનતા અને રમણતા ચારિત્રની થઈ છે—એ ત્રણની એકતામાં જે રમે છે અને બાહ્યમાં આ દશા છે. જેવી તીર્થંકરે દીક્ષા લીધી એ જિન... જેવી જિન તીર્થંકરે દીક્ષા લીધી એ વખતે જે દશ્ય હતું એ મુનિનું દશ્ય હોવું જોઈએ. શેઠ! સમજાય છે કાંઈ?

જિન દર્શનમાં એક આવો પણ અર્થ છે. અંદર આવશે અર્થમાં અંદર. તીર્થંકર ભગવાન

જ્યારે દીક્ષિત થયા નગ્નરૂપ અને અંતરમાં આનંદ સહિતની દશા એને જૈનદર્શન ભગવાને કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. પછી આગળ સમકિતી પણ લેશે. પણ આવી વાત હોય, આને શ્રદ્ધે એને સમકિત હોય. એમ. આવું જે મુનિપણું ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ જૈનદર્શન. એને જે શ્રદ્ધે.. એ મૂળ સૂત્ર છે, આગળ ક્યાંક છે. આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થાય, પણ વ્યવહારમાં આવી લાઈન એની હોય. મુનિપણું આવું હોય, એ સંવર-નિર્જરાની દશા ઉત્કૃષ્ટ આદિ હોય, એ વખતે વિકલ્પ પણ પંચ મહાવ્રતાદિનો હોય, બીજું હોય નહિ. સંયોગમાં વસ્ત્ર અને પાત્ર પણ હોઈ શકે નહિ. આહાહા..! આવો માર્ગ વીતરાગે કહ્યો છે. સમજાણું કાંઈ?

એ કહે છે, '**સર્વજ્ઞ કે કહે હુએ ઉસ દર્શનમૂલરૂપ ધર્મ કો અપને કાનોં સે સુનકર જો દર્શન સે રહિત હૈં, વે વંદન યોગ્ય નહીં હૈ;...**' આહાહા..! '**ઈસલિયે દર્શનહીન કી વંદના મત કરો.**' વીતરાગ માર્ગ જે આવું ચારિત્ર સહિતનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને ભેખ આ, એથી રહિતને વંદન ન કરો, એ માર્ગ જૈનનો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? દિગંબરમાં પણ એકલા બાહ્ય નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણ એ કાંઈ વસ્તુ નથી. એ તો નિમિત્તમાં એવું હોય છે. પણ અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન, સામાન્ય દ્રવ્ય ધ્રુવ એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન પ્રથમ થયું છે. '**भूदत्थमस्सिदो खलु**' ૧૧મી ગાથા. ભૂતાર્થ ભગવાન ત્રિકાળ સ્વરૂપ ધામ, ધ્રુવ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું છે, એની સાથે સમ્યગ્જ્ઞાન છે, એની સાથે વીતરાગ પરિણતિરૂપ ચારિત્ર છે. એની સાથે વ્યવહારમાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ નગ્ન દશા છે. આને જૈનદર્શન અને આને જૈનધર્મનું મૂળ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ફાવાભાઈ! આ તો ભાઈ માર્ગ આ છે જરી. વળી અષ્ટપાહુડ લેવાનું મન થયું. પહેલે સાંભળ્યું કે આઠ વર્ષ પહેલાં (વાંચ્યું) છે. પછી થયું ફરીને (લઈએ). ઠીક હવે, કીધું, આ બહાર પડ્યા છે ને આ.

મુમુક્ષુ :- નવી છપાવી.

ઉત્તર :- આ નવી છપાવી. આ અક્ષર સારા છે આમાં. જૂનું છે ને. આ જૂનું છે. અને આ નવું છે. આહાહા..!

આવું જૈનદર્શન જ્યાં નથી અને બીજી રીતે કલ્પીને મુનિપણું આદિ માન્યું છે, ભેખ પણ બીજો જ્યાં માન્યો છે એ જૈનદર્શન નહિ. શેઠ! આહાહા..!

'**દર્શનહીનકી વંદના મત કરો.**' આવું જે દર્શન એ છોડીને, પોતાની કલ્પનાએ પંથ કાઢ્યો છે એને વંદન ન કરો એમ કહે છે. શેઠ! સ્વરૂપચંદભાઈ! આ જૈન માર્ગ તો જુદી વાત છે. '**જિસકે દર્શન નહીં હૈ, ઉસકે ધર્મ ભી નહીં હૈ,...**' જેને આવા દર્શનની

શ્રદ્ધા નથી, આવો વીતરાગ માર્ગ-મોક્ષનો માર્ગ તે આવો હોય, એવું જૈનદર્શન જેને નથી એને ધર્મ નથી. જયંતિભાઈ! આ ફેરી આ બીજી જાતનું સાંભળો.

મુમુક્ષુ :- નવી પદ્ધતિથી.

ઉત્તર :- પદ્ધતિ તો (ઈ જ છે). કથનનો પ્રકાર (ફેર). આહાહા..!

'**ક્યોંકિ મૂલરહિત વૃક્ષ કે સ્કંધ,...**' જેનું મૂળ જ નથી. મૂલં નાસ્તિ કૂતો શાખા. જેનું મૂળ નથી એને '**વૃક્ષ કે સ્કંધ,...**' સ્કંધ મોટું હોયને. '**શાખા,..**' ડાળી, '**પુષ્પ ફલાદિક કહાં સે હોંગે?**' ક્યાંથી હોય એને? '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ જિસકે ધર્મ નહીં હૈ, ઉસસે ધર્મ કી પ્રાપ્તિ નહીં હો સકતી,...**' '**ઉસસે ધર્મ કી પ્રાપ્તિ નહીં હો સકતી,...**' સમજાય છે કાંઈ? આહાહા..! '**જિસકે ધર્મ નહીં હૈ, ઉસસે ધર્મકી પ્રાપ્તિ નહીં હો સકતી, ફિર ધર્મ કે નિમિત્ત ઉસકી વંદના કિસલિયે કરેં?**' નવું છેને ભાઈ! નવું નહિ? ક્યાંથી આવ્યું? શેઠ પાસેથી મળ્યું? ઠીક. કેટલા રાખ્યા છે તમે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખલાસ થઈ ગયા? તમે મગાવ્યા છે ને કાનપુરથી? આવવાના છે. આવવાના છે પણ હવે... આહાહા..!

'**અબ, યહાં ધર્મ કા તથા દર્શન કા સ્વરૂપ જાનના ચાહિયે.**' ધર્મ અને દર્શન કોને કહે છે? એનું સ્વરૂપ જાણવું જોઈએ. '**વહ સ્વરૂપ તો સંક્ષેપ મેં ગ્રંથકાર હી આગે કહેંગે, તથાપિ કુછ અન્ય ગ્રંથો કે અનુસાર યહાં ભી દે રહે હૈં –**' જયચંદ્ર પંડિત કહે છે. '**ધર્મ શબ્દ કા અર્થ યહ હૈ કિ જો આત્મા કો સંસાર સે ઉબારકર સુખસ્થાન મેં સ્થાપિત કરે સો ધર્મ...**' ધારતી ઈતિ ધર્મ. એ રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે. જે ચાર ગતિમાં રખડતા ધારી રાખે, દુર્ગતિમાં પડતાં ધારી રાખે એનું નામ ધર્મ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં પડતા ટકાવી લ્યે અદ્ધરથી એ દશાને ધર્મ કહે છે. એને ધર્મ કહેવાય છે અંદર. લ્યો! આહાહા..! લ્યો!

હવે આગળ સ્વરૂપ કહે છે. '**જો આત્મા કો સંસાર સે ઉબારકર સુખસ્થાન મેં સ્થાપિત કરે સો ધર્મ હૈ ઔર દર્શન અર્થાત્ દેખના.**' દેખવું (એમ) અહીં અર્થ કર્યો. દર્શન—દેખવું છે. સમકિત પણ લેશે પછી. '**ઈસપ્રકાર ધર્મકી મૂર્તિ દિખાઈ દે, વહ દર્શન હૈ...**' આહાહા..! વીતરાગભાવ અંદર અને બાહ્ય વીતરાગ મૂર્તિ. જેવી જિન ભગવાને દીક્ષા લીધી અને (જે) દશા (હોય) એ દશા દેખાય. આહાહા..! '**ધર્મકી મૂર્તિ દિખાઈ દે, વહ દર્શન હૈ...**' અહીંયાં અર્થ એ કર્યો છે ભાઈ! સમકિત તો છે ગૌણમાં અંદર. ઈ પછી લેશે. મૂળ આ છે. મુખ્ય આ બતાવવું છે. સમજાય છે કાંઈ? '**दंसणमग्गं**' એમ કહ્યું છે.

જૈનદર્શનની રીત અને પદ્ધતિ અને માર્ગ શું છે એ કહીશું. આહાહા..!

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે જૈનદર્શન કહ્યું એ શું? કે મુનિપણું તે જિનદર્શન. આહાહા..! ભાવલિંગ જેને અંતર પ્રગટ્યું છે અને દ્રવ્યલિંગમાં પણ જેને નગ્ન દશા અને વીતરાગ મુદ્રા દેખાય છે. એ '**દિખાઈ દે, વહ દર્શન હૈ...**' પંડિતજી! આ બીજી જાતનો વિષય છે. દર્શન પાહુડં એટલે સમકિત છે. એ સમકિત છે ખરું ગૌણમાં, પણ મુખ્યમાં તો આ છે. આહાહા..! કુંદકુંદાચાર્ય, જગતને સત્યની પ્રસિદ્ધિ માટે સત્ય જૈનદર્શન શું છે એ આમાં કહે છે. આહાહા..!

'**તથા પ્રસિદ્ધિ મેં જિસમેં ધર્મ કા ગ્રહણ હો ઐસે મત કો દર્શન કહા હૈ.**' જુઓ! '**પ્રસિદ્ધિ મેં જિસમેં ધર્મ કા ગ્રહણ હો...**' '**જિસમેં ધર્મ કા ગ્રહણ હો, ઐસે મત કો દર્શન કહા હૈ.**' વીતરાગ માર્ગ જે મુનિપણું અને જે એની વ્યવહાર આદિ ક્રિયા એ વ્યવહાર-નિશ્ચય બેય છે. એનાથી ધર્મ પમાય છે, એનાથી ધર્મ પ્રાપ્ત થાય. ઓહોહો..! અહીં મુખ્યપણાની વાત છે ને. '**ધર્મકી મૂર્તિ દિખાઈ દે, વહ દર્શન હૈ.**' દર્શનની વ્યાખ્યા આ કરી. દર્શનની વ્યાખ્યા અહીંયાં સમકિત એમ ન કર્યું. સમજાય છે કાંઈ? અને કાલે કહ્યું હતું. કીધું ને? સૂતા પહેલા બપોરે જરી મગજમાં આવી ગયું. કીધું, આમાં નિઃશંક આદિ નથી. ભાઈ કાલે કહ્યું હતું. માટે આ સમકિતની મુખ્યતાનું કથન નથી આમાં. આમાં આખો દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિતનો વીતરાગ માર્ગ જે મુનિનો છે એનું વર્ણન છે. એ જૈનદર્શનથી ભ્રષ્ટ થયા એનામાંથી ઉગારવાની આ વાત લીધી છે. આહાહા..! સમજાય છે કાંઈ? શ્વેતાંબર આદિ બધા પંથો જેટલા નિકળ્યા એ બધા જૈનદર્શન નથી. એ જૈનનું દર્શન વ્યવહાર પણ નથી અને નિશ્ચય પણ નથી. એય..! જયંતિભાઈ! કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન કરવો, વેર નહિ. તત્ત્વૈષુ મૈત્રી. પણ વસ્તુસ્થિતિ આ છે. એય..! ધીરૂભાઈ! આ એમને તો હજી કાને નવું પડે છે. આ માર્ગ છે એમ કહે છે. આહાહા..!

જૈનદર્શન એટલે? '**ધર્મકી મૂર્તિ દિખાઈ દે, વહ દર્શન હૈ તથા પ્રસિદ્ધિ મેં જિસમેં ધર્મ કા ગ્રહણ હો...**' જેમાં ધર્મનું ગ્રહણ હોય ચારિત્રનું સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત '**ઐસે મત કો દર્શન કહા હૈ.**' આહાહા..! ભગવાનજીભાઈ! આ માર્ગ કુંદકુંદાચાર્યે તો બહુ સ્પષ્ટ કરી દીધો. જુઓ! અનાદિનો માર્ગ છે. અનાદિનો તો આ માર્ગ છે ભાઈ! એમાંથી આ નવા નીકળ્યા શ્વેતાંબર ને સ્થાનકવાસી ને આ તેરાપંથી તુલસી. હવે તમે તો અહીં ઘણી વાર આવી ગયાને, તમને ક્યાં નવું લાગે? ભાઈ! ભાઈ તો અહીંયાં આવી ગયા. વધારે સ્પષ્ટ થાય. આહાહા..!

કુંદકુંદાચાર્ય તો સ્પષ્ટ કરીને કહે છે. '**दंसणं मूलो धम्मो**' ત્યાં '**दंसणं मूल**'નો આ

અર્થ કર્યો કે ધર્મનું મૂળ જૈનદર્શન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ સહિત ... જે છે એ ધર્મ દર્શનનું મૂળ છે. એ દેખાઈ દ્યે છે. દેખવું કીધું છે ને દર્શનનો અર્થ અત્યારે? દેખાઈ રહ્યું છે. આહાહા..! એ પોતે જૈનદર્શન છે. સમજાણું કાંઈ? અને એવા જૈનદર્શનની શ્રદ્ધા કરે એને સમકિત થાય. આનાથી વિરુદ્ધ કોઈ શ્રદ્ધા કરે તો મિથ્યાદર્શન થાય.

મુમુક્ષુ :- બેમાંથી એક્કેયનું શ્રદ્ધાન ન હોય તો?

ઉત્તર :- એક્કેયનું શ્રદ્ધાન... મિથ્યાત્વ એ તો અનાદિનું છે. આહાહા..! એ તો મૂઢ અજ્ઞાન છે. અહીંયાં તો જૈનદર્શન ભગવાને કેમ કહ્યું? આહાહા..! જયચંદ્ર પંડિતે પણ કામ કર્યું છે ને! પંડિત છે, ગૃહસ્થાશ્રમમાં છે, પણ કેવો અર્થ કર્યો છે જુઓને!

મુમુક્ષુ :- શ્રદ્ધા-જ્ઞાન તો બરાબર હોવા જોઈએ ને.

ઉત્તર :- હા, શ્રદ્ધા જ્ઞાન તો બરાબર હોવું જોઈએ. ગૃહસ્થાશ્રમમાં સમકિતીને એ શ્રદ્ધા-જ્ઞાન તો બરાબર હોવું જોઈએ. ચારિત્ર ભલે ન હોય. સમજાણું કાંઈ? એ પણ માર્ગમાં છે. કહ્યું છે ને ત્યાં રત્નકરંડ શ્રાવકાચારમાં. દિઠ્ઠો મોકખ મગ્ગો. ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગ હોય છે વિપરીત દૃષ્ટિ વિનાનો. પણ અણગાર નામ ધરાવીને પણ જે કુમાર્ગે ચાલે છે, મોહી અણગાર મિથ્યાદૃષ્ટિ છે. શું આવ્યું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. આહાહા..! એ રાગને ધર્મ માને, બાહ્ય ક્રિયાકાંડને ધર્મ માને, એ મુનિ છે તો પણ મોહી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે ભાઈ! વ્યક્તિ પ્રત્યેની વાત નથી. વસ્તુ તો એના પોતાના પરિણામને જવાબદાર છે. વસ્તુની સ્થિતિ આ છે. એમાં કોઈને ઓલું લગાડવાની વાત નથી. માર્ગ આ છે ભાઈ! અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો ત્રિલોકનાથ અનંત તીર્થંકરોનો માર્ગ તો જૈનદર્શન છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! કુંદકુંદાચાર્યે તો કામ કર્યું છે ને અત્યારે! આહાહા..! પંચમ આરામાં તીર્થંકર જેવું કામ કર્યું છે. અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે પંચમ આરામાં. આહાહા..! એ ટીકા એ વસ્તુ! ઓહોહો..!

કેવળજ્ઞાનના કેડાયતો, કેવળજ્ઞાનને કેડે-પંથે ચાલનારા. આહાહા..! એ વીતરાગનો માર્ગ ઊભો રાખે છે. કહ્યું હતું ને ભાઈ ચરણાનુયોગમાં નહિ? આ (ઊભા) અમે પ્રણેતા. આહાહા..! પ્રવચનસાર ચરણાનુયોગ. એ મોક્ષમાર્ગના પ્રણેતા અમે આ ઊભા, એમ લખ્યું છે. ચરણાનુયોગમાં છે. પ્રવચનસાર. ..માર્ગ ..મોક્ષમાર્ગમાં છીએ, જૈનદર્શનમાં છીએ અને તેની પ્રરૂપણા કરનારા અમે આ ઊભા છીએ. આહાહા..! ચરણાનુયોગમાં છે શરૂઆતની ગાથામાં. સમજાણું કાંઈ? છે? જોવું છે? પ્રવચનસાર છે ને. એવો જે જૈનદર્શનનો શ્રમણનો માર્ગ અંગીકાર કરવાનો

જે યથાનુભૂત માર્ગ. યથાનુભૂત—જેવો અમે અનુભવ્યો તેવો માર્ગ. '**તેના પ્રણેતા અમે આ ઊભા.**' (૨૦૧ ગાથા) સંસ્કૃતમાં છે. '**तत्प्रतिपत्तिवर्त्मनः प्रणेतारो वयमिमे तिष्ठाम इति।**' આહાહા..! આ ભગવાને કહેલો માર્ગ, એ માર્ગમાં અમે ઊભા છીએ. અને એ માર્ગના પ્રણેતા અમે આ ખડા છીએ. વીતરાગે જે માર્ગ કહ્યો... આહાહા..! ધીરૂભાઈ! ટીકામાં પ્રવચનસાર છે ને. સંસ્કૃત ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. કારણ કે પાઠમાં એમ છે ને ત્યાં કીધું એટલે.

**एवं पणमिय सिद्धे जिणवरवसहे पुणो पुणो समणे।**
**पडिवज्जदु सामण्णं जदि इच्छदि दुक्खपरिमोक्खं।।२०१।।**

અંગીકાર કરો એટલે અમે અંગીકાર કર્યું છે, એમ અંગીકાર કરવાનું અમે કહીએ છીએ. આહાહા..! કુંદકુંદાચાર્ય કેવળજ્ઞાનના વિરહ ભૂલાવ્યા એણે. આહાહા..! લોકોને રુચે-ન રુચે એ જુદી વસ્તુ, પણ સત્ય તો આ છે. કાંતિભાઈ! કહ્યું છે ને જુઓ ને. આ અમે ઊભા. આહાહા..! સંસ્કૃત ટીકા હોં અમૃતચંદ્રાચાર્યની. ૨૦૧ ચરણાનુયોગની પહેલી ગાથા. '**तत्प्रतिपत्तिवर्त्मनः प्रणेतारो वयमिमे तिष्ठाम इति।**' અમે આ ઊભા. આહાહા..! ધીરૂભાઈ!

માર્ગ વીતરાગનો છે એમાં અમે ઊભા છીએ અને એના કહેનારા પણ અમે આ ઊભા કે જુઓ! આ માર્ગ છે. ધીરૂભાઈ ઠીક પ્રમોદમાં આવે છે. એ તો આ માર્ગ છે, બાપા! એણે પહેલી ઓળખાણ અને શ્રદ્ધા કરવી પડશે. આહાહા..! જુઓને! એક અમૃતચંદ્રાચાર્યની ટીકા. ભગવાન ત્રિલોકનાથ અનંત જિનો તીર્થંકરોએ કહ્યો, જૈનદર્શનનો માર્ગ તેના અનુભવનારા અમે આ છીએ. આહાહા..! અને એના કહેનારા પણ અમે છીએ. અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- એમ જ ચાલ્યું આવે છે.

ઉત્તર :- આહાહા..!

કહે છે કે અહો..! '**ધર્મ કી મૂર્તિ દિખાઈ દે વહ દર્શન હૈ...**' સમ્યગ્દર્શન એ દર્શન (એમ) અહીંયાં અત્યારે ન લીધું. એ ગૌણપણે લીધું વાત કરશે આગળ. એ કહેશે હોં પોતે અંદર ઉતારશે. '**ધર્મ કી મૂર્તિ દિખાઈ દે...**' ચારિત્રની મૂર્તિ દેખાઈ દે. ધર્મ એટલે ચારિત્ર. આહાહા..! જેની વીતરાગદશા અને વીતરાગ મુદ્રા. આહાહા..! જેને વીતરાગ દર્શન સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન વીતરાગદર્શન જ હોય. રાગ સમ્યગ્દર્શન? રાગ તો ચારિત્રનો દોષ છે. આહાહા..!

આત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો આશ્રય લઈને જે દર્શન—સમકિત થાય એ સમકિત વીતરાગી પર્યાય છે. અને તેનું સ્વસંવેદનજ્ઞાન થાય, આત્માનું જ્ઞાન હોં! શાસ્ત્ર આદિ(નું) જ્ઞાન પરજ્ઞાન છે, એ વસ્તુ નથી. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનનું જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન. એ જિનનું યથાર્થ જ્ઞાન. આહાહા..! અને તેમાં રમણતા. એમાં રમણતા આનંદની મોજ કરતા લીનતા (થાય) એ ચારિત્ર, આ જૈનદર્શન અથવા આ જૈનનો મત

અથવા આ જૈનનો માર્ગ. આહાહા..! એ અષ્ટપાહુડમાં આવ્યું. ભાઈએ કીધું... આ.. રામજીભાઈએ કીધું. ... ... પણ આ તો પરિવર્તન થાયને વારંવાર. પરિવર્તન. આહાહા..! કહો, ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મનું... ધર્મ નામ ચારિત્ર, એનું મૂળ જૈનદર્શન. અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની દશા એ જૈનદર્શન. એ દેખાય એવી મૂર્તિ તે જૈનદર્શન. આહાહા..! અરે..! વીતરાગના માર્ગ એણે જાણ્યા નહિ. ત્રિલોકનાથ સર્વજ્ઞના હુકમમાં આવો માર્ગ મળવો (દુર્લભ છે). પોતાની કલ્પનાએ માનીને રહ્યો. એમ ભવ ગુમાવ્યા એણે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મની મૂર્તિ દેખાઈ ગઈ. મોટા અક્ષરે લખ્યું છે હોં આમાં. જૂનામાં નહિ હોય મોટા અક્ષરે. આમાં લખ્યું છે ભાઈએ આપણે. ...

**'તથા પ્રસિદ્ધિ મેં જિસમેં ધર્મ કા ગ્રહણ હો...'** આહાહા..! **'જિસમેં ધર્મ કા ગ્રહણ હો ઐસે મત કો દર્શન કહા હૈ.' 'મત કો દર્શન કહા હૈ.'** આહાહા..! સર્વજ્ઞ પરમાત્માએ દિગંબર ધર્મ જે કહ્યો... આહાહા..! એ જૈનદર્શન છે. દિગંબર ધર્મ સિવાય કોઈ જૈનદર્શન છે નહિ એમ કહે છે. આહાહા..! શ્રીપાલજી! ઠીક લાગે, ન ઠીક લાગે જગતને શું કહીએ? અરેરે..! સત્ય વાત કહેતા દુનિયાને દુભાય, પણ શું થાય? બીજી વાત .. નથી. આહાહા..! જૈનદર્શનની મૂર્તિ સાક્ષાત્ જેણે અંદર દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કર્યા છે. આનંદની લહેરમાં મજા કરતા હોય છે. આહાહા..! અને જેને પંચ મહાવ્રતના વિકલ્પ અને દિગંબર મૂર્તિ શરીરની... એવા જૈનદર્શનની શ્રદ્ધા, એવા જૈનદર્શનની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન કહે છે. બીજી રીતે જૈનદર્શનને માને એ સમ્યગ્દર્શન નથી. આહાહા..!

**'લોક મેં ધર્મકી તથા દર્શન કી માન્યતા સામાન્યરૂપ સે તો સબકે હૈં, પરન્તુ...'** આમ બધા કહે છે ને કે ભાઈ, અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ, એમ બધા કહે છે. **'પરંતુ સર્વજ્ઞ કે બિના યથાર્થ સ્વરૂપ કા જાનના નહીં હો સકતા;...'** પહેલી આ વાત સિદ્ધ કરી. કેમકે સર્વજ્ઞ એનો સ્વભાવ, જીવનો સ્વભાવ સર્વજ્ઞ છે. ભગવાન આત્માનો સ્વભાવ—સ્વ-ભાવ—પોતાનો ભાવ એ સર્વજ્ઞસ્વભાવ છે. જ્ઞ-સ્વભાવ કહો કે સર્વજ્ઞસ્વભાવ કહો. એવો સર્વજ્ઞસ્વભાવ જેણે પર્યાયમાં પ્રગટ કર્યો એ સર્વજ્ઞ છે. જેના મતમાં આત્મા સર્વજ્ઞસ્વભાવી માન્યો નથી એને પર્યાયમાં સર્વજ્ઞપણું કોઈ દિ' હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એ સર્વજ્ઞે જ એ જાણ્યું અને જોયું છે. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞ, જ્ઞ-સ્વભાવ, પૂર્ણ સ્વભાવ. એ સર્વજ્ઞ તો એનામાં શક્તિ છે—ગુણ છે. ભગવાન આત્મામાં સર્વજ્ઞ નામનો એક અનાદિઅનંત ગુણ છે. ઓહોહો..! એ જીવસ્વભાવમાં—આત્મસ્વભાવમાં સર્વજ્ઞ નામનો એક એનો અનાદિ ગુણ છે. આહાહા..! અભવિને પણ એ

હોય છે, (પણ એ) પ્રગટ ન કરી શકે. સમજાય છે કાંઈ? કેમકે આત્મા જે છે એ તો જ્ઞ-સ્વરૂપ જ્ઞાનનો પિંડ અને એ જ્ઞાન પણ પૂર્ણ, એવી એની શક્તિ સર્વજ્ઞ સ્વરૂપી છે. આવું જેના ધર્મમાં નથી એના ધર્મમાં સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**સર્વજ્ઞ કે બિના...**' અને એ સર્વજ્ઞ દશા વિના. કેમકે ત્રણ કાળ અને ત્રણ લોકનું સત્ છે એ. ત્રણ કાળ અને ત્રણ લોક એ સત્ છે. એ સત્‌નો જાણનાર સર્વજ્ઞ ન હોય તો આ સત્ ત્રિકાળ છે એમ જોયું કોણે? કહ્યું કોણે? આહાહા..! આ સર્વજ્ઞના પણ વાંધા સંપ્રદાયમાં. દિગંબરમાં પણ વાંધા ઓલા રતનચંદજી મુખત્યાર...

મુમુક્ષુ :- તારણસ્વામી.

ઉત્તર :- તારણસ્વામી, હા એ. રતનચંદજી ને નેમિચંદજી.

આહાહા..! અહીં તો કહે છે કે જેને એક સેકન્ડ અસંખ્યમા ભાગમાં, નાનામાં નાના કાળમાં, જેની શક્તિનો વિકાસ ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં પ્રત્યક્ષ જાણે એવું સ્વરૂપ છે. આમ ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય પ્રગટ છે એમ એ જ્ઞાની જાણે છે. આહાહા..! ભૂત અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી, પણ જે થઈ ગઈ અને થશે (એ વર્તમાનવત્) જ્ઞાનમાં જણાય. આહાહા..! સમજાણું કાંઈ? જેમ માટીમાંથી ઘડો થશે ત્યારે છે એમ જાણે છે, એમ દ્રવ્યની (ભૂત-ભવિષ્યની) પર્યાય પ્રગટ દેખાય. એ રીતે અહીં જાણે છે. શક્તિરૂપે છે માટે જાણે છે એમ નહિ. આહાહા..! સમજાણું? એવો સર્વજ્ઞસ્વભાવ આહાહા..!

જેને.. આહાહા..! અરે..! એની પ્રતીતિ બેઠી એને તો સર્વજ્ઞસ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન થાય. સમજાય છે કાંઈ? એ પ્રતીતમાં આવવું એ તે કાંઈ સાધારણ વાત નથી. અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞસ્વભાવી આત્મા પ્રતીતમાં આવવો એ પર્યાયને આશ્રયે ન આવે, એ ત્રિકાળી ગુણને આશ્રયે આવે. આહાહા..! એવો ભગવાન આત્મા જેવી દ્રવ્યમાં સર્વજ્ઞગુણ હતો, ગુણમાં સર્વજ્ઞશક્તિ હતી એવી પ્રગટ પર્યાય સર્વજ્ઞ (થઈ), તે ત્રણેમાં સર્વજ્ઞપણું આમ થઈ ગયું. આહાહા..! એને આત્મા પૂર્ણ કહીએ. સમજાણું કાંઈ? લ્યો, વળી સર્વજ્ઞ આવ્યું ખરું ને?

સર્વજ્ઞે જૈનદર્શન આવું જોયું છે. સર્વજ્ઞે આવું જૈનદર્શન કહ્યું છે. અજ્ઞાનીઓ કલ્પે પોતાની દૃષ્ટિએ, એ બધો અજ્ઞાન ને ભ્રમણા ને મિથ્યાભાવ છે. આહાહા..! અરેરે..! એ વાત ક્યાંથી કાને પડે એને ભાગ્ય વિના. અને એને પુરુષાર્થ વિના એ વાત બેસે કેમ? લ્યો પંડિતજી! સમકિત એને કાળે થાશે પુરુષાર્થ વિના. આ પુરુષાર્થ. અરર..! આ સાંભળનારા પણ કેવા હા પાડે બધા. દિગંબર દર્શન એટલે તો ઓહોહો..! પરમાત્માનું કહેલું પ્રત્યક્ષ સ્વરૂપ તે દિગંબર દર્શન. આહાહા..! એના અનુયાયીઓને એની ખબરું ન મળે. આહાહા..! બાપુ! આમાં એ વિના શરણ ક્યાં છે? આહાહા..!

અહીં તો ટીકાકાર કહે છે, **'સર્વજ્ઞ કે બિના યથાર્થ સ્વરૂપ કા જાનના નહીં હો સકતા;...'** ત્રણ કાળ ત્રણ લોક જેણે જાણ્યા નથી એને યથાર્થ સ્વરૂપ ખ્યાલમાં શી રીતે આવે? કલ્પનાથી વાતું બધી કરે. સમજાણું કાંઈ? આમ આત્મા હોય અને આમ હોય એ તો બધી કલ્પના. જેને સર્વજ્ઞશક્તિનું પ્રગટપણું થઈ ગયું છે. આહાહા..! એક સમયમાં જેને ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલની પેઠે (પોતાની) પર્યાય જાણતા જણાઈ જાય છે. આહાહા..! આવો ભગવાને આત્મા કહ્યો. એ ભગવાને આત્માનું જૈનદર્શનપણું આ (કહ્યું). સમ્યક્ અનુભવ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—ત્રણની એકતામાં રમતો હોય, બાહ્યમાં જેની દશા દિગંબર મૂર્તિ (હોય), આહાહા..! એનો કોથળો પણ એવો હોય. માલ તો આવો હોય (પણ કોથળો પણ એવો હોય). આ સુતળીના થેલા. સુતળીના થેલા હોય એમાં કેસર રહે? કેસર તો ડબ્બામાં અને બરણીમાં રહે. એનું બારદાન પણ બીજી જાતનું હોય. એમ જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો માલ પ્રગટ્યો, ત્યાં એનું બારદાન, અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ અને નગ્ન દશા એ એનું બારદાન હોય છે. આહાહા..! આ ભગવાને કહેલું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? ઓહો..!

**'સર્વજ્ઞ કે બિના યથાર્થ સ્વરૂપ કા જાનના નહીં હો સકતા; પરંતુ છદ્મસ્થ પ્રાણી અપની બુદ્ધિ સે અનેક સ્વરૂપોંકી કલ્પના કરકે...'** અજ્ઞાની કલ્પનાથી અનેક માર્ગ કરે. આહાહા..! **'અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે...'** ઊંધુ સ્વરૂપ જગતની પાસે સ્થાપે. આહાહા..! જાણ્યું નથી એણે (કે) ત્રિકાળી વસ્તુ શું છે. એક એક આત્માની આવી સર્વજ્ઞશક્તિ. એવા અનંતા આત્માઓ ભગવાન (છે). આહાહા..! 'સર્વ જીવ છે સિદ્ધ સમ'. આવે છે? સર્વ જીવ છે સિદ્ધ સમ. શેમાં? આત્મસિદ્ધિમાં. શ્રીમદ્‌ની આત્મસિદ્ધિમાં. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય'. આત્મસિદ્ધિ વાંચ્યું છે કે નહિ ભાઈ? નોટ છે તમારે ઘરે? નહિતર અહીંથી લઈ જજો. ભાઈ પાસે હશે આત્મસિદ્ધિ. અથવા આપણે અહીંયાં યોગસારમાં આવે છે. 'સર્વ જીવ છે જ્ઞાનસમ—જ્ઞાનમય.' આહાહા..! 'ધારે સમતા ભાવ...' યોગસારમાં (આવે છે). પ્રભુ બધા જ્ઞાનમય અનંત છે. એ આત્મા એટલે જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા. રાગ અને પુણ્ય એ સ્વરૂપ આત્માનું નથી. આહાહા..! એથી એમ થયું કે ચૈતન્યસ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ. એવા ભગવાન આત્મામાંથી જેણે સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી છે અને એણે જે જોયું, કહ્યું, એ યથાર્થ માર્ગ છે. એ સિવાય અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી તર્કથી ઊભો કરીને માર્ગ કહ્યો એ બધો મિથ્યામાર્ગ છે. આહાહા..! કહો, શેઠ! આહાહા..!

**'ઉનકી પ્રવૃત્તિ કરતે હૈં...'** પોતાની કલ્પનાએ માર્ગ ચલાવીને પ્રવૃત્તિ કરે છે. **'ઔર**

**જિનમત સર્વજ્ઞ કી પરંપરા સે પ્રવર્તમાન હૈ,...**' અજ્ઞાની પોતાની કલ્પનાએ પ્રવર્તન કરે છે અને જિનમત... '**दंसणं मुलो धम्मो**'(નો) અર્થ કરે છે. મત કર્યો હતો ને ભાઈ પહેલો. દર્શન એટલે જિન મત એમ અર્થ કર્યો હતો પોતે. એટલે અહીં લાવ્યા પાછું. '**જિનમત સર્વજ્ઞ કી પરંપરા સે પ્રવર્તમાન હૈ,...**' સર્વજ્ઞની પરંપરાથી પ્રવર્તમાન છે. ધારાવાહી ધોખ (માર્ગ પ્રવર્તે છે). આહાહા..! મહાવિદેહમાં સર્વજ્ઞ પરમાત્મા તો ધોખ માર્ગ કહે છે. સાક્ષાત્ પ્રભુ મહાવિદેહે બિરાજે છે. અનંત તીર્થંકરોએ એ જ માર્ગ કહ્યો છે. એ આ જૈનદર્શન એ દિગંબર દર્શન. આહાહા..! એનાથી ઓછું, અધિક અને વિપરીત કંઈ પણ જો કહે અને માને એ જૈનદર્શન નહિ, મિથ્યાદર્શન છે. રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. સંમતભદ્રાચાર્ય કહે છે. 'ઓછું નહિ, અધિક નહિ, વિપરીત નહિ જેવું સર્વજ્ઞે કહ્યું તેવું જ માને છે.' આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ અજ્ઞાનીઓ પોતાની કલ્પનાએ પ્રવૃત્તિ કરે છે ત્યારે '**જિનમત સર્વજ્ઞકી પરંપરા સે પ્રવર્તમાન હૈ,...**' એમ કહે છે. '**ઈસલિયે ઈસમેં યથાર્થ સ્વરૂપ કા પ્રરૂપણ હૈ.**' આહાહા..! દિગંબર માર્ગમાં આ યથાર્થ સ્વરૂપનું પ્રરૂપણ છે. નંદલાલજી! આવું છે. આહાહા..!

મુમુક્ષુ :- સર્વજ્ઞને સિદ્ધ કર્યા.

ઉત્તર :- સિદ્ધ કર્યા. અજ્ઞાનીઓએ કલ્પનાથી માર્ગ બધા ચલાવ્યા છે. આહાહા..! શ્વેતાંબરે પણ કલ્પનાથી બધું ઊભું કર્યું છે. શાસ્ત્રો કલ્પનાથી બનાવ્યા છે બધા હોં! .. એ કાંઈ ભગવાનના કહેલા નથી, સમકિતીના પણ કહેલા નથી. આહાહા..! ગજબ વાત છે! માર્ગ આવો છે ભાઈ! બીજાને દુઃખ લાગે, ન લાગે, સ્વતંત્ર જીવ છે. આહાહા..! માર્ગ તો જે હોય એવો પ્રસિદ્ધ થાય ને. બીજી રીતે કેમ પ્રસિદ્ધ થાય? સોભાગમલજી! આહાહા..! અહીં તો બધાય છે. સ્થાનકવાસી છે, દેરાવાસી છે, દિગંબર છે-બધાય છે. આ રામજીભાઈ સ્થાનકવાસી હતા. સ્વરૂપચંદભાઈ દેરાવાસી, આ દિગંબર, આ પણ દિગંબર, આ સ્થાનકવાસી. અહીં બધા ભેગા થયા છે. આહાહા..! અરે..! આ વાત પક્ષપાતની નથી, પ્રભુ! આ વાત તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી, અનુભવમાં આવી એવી આ વાત છે. આહાહા..! એને કાળજે જ્ઞાનમાં બેસી જાય કે અહોહો..! માર્ગ તો આ જ છે. સમજાય છે કાંઈ? એવો માર્ગ સર્વજ્ઞની પરંપરાનો યથાર્થ સ્વરૂપનું પ્રરૂપણ.

'**વહાં ધર્મ કો નિશ્ચય ઔર વ્યવહાર - ઐસે દો પ્રકાર સાધા હૈ.**' હવે નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારે એનું કથન કર્યું. '**ઉસકી પ્રરૂપણા ચાર પ્રકાર સે હૈ...**' ધર્મના ચાર પ્રકાર. '**એક પ્રથમ તો વસ્તુસ્વભાવ,...**' વસ્તુસ્વભાવ એ ધર્મ. વસ્તુ સહાવો ધમ્મો.

પદ્મનંદી પંચવિંશતિમાં આ બધો અધિકાર આવે છે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં પણ આ બધો ... આવે છે. પંડિતજીએ, જયચંદ્ર પંડિતે ચારિત્રથી મેળવીને અહીંયા લખ્યું છે. એના ઘરનું કાંઈ નથી આ. છે એમ એનું અહીં.. અનુસાર. આહાહા..!

એક તો પ્રથમ '**વસ્તુસ્વભાવ,...**' આત્માનો વસ્તુનો સ્વભાવ તે ધર્મ. એટલે? કે આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ રહેલા છે એ ધર્મ. અને એનો આશ્રય લઈને પ્રગટ થાય પર્યાય એ ધર્મ. દ્રવ્ય અને ગુણ તો ધર્મ સ્વભાવથી ભરેલા પદાર્થ છે. એ વસ્તુના સ્વભાવનો આશ્રય કરીને નિમિત્ત અને રાગ ને પર્યાયનો આશ્રય છોડી દઈને, આ ત્રિકાળ આનંદસ્વરૂપ વસ્તુ છે, વસ્તુનો સ્વભાવ જે છે એમાં અનંત ગુણો છે, જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે એવા સ્વ જેના ભાવ છે, સ્વ જેનો ગુણ છે, સ્વ જેનું સત્ત્વ છે, સત્ એવો આત્મા એનું આ સત્ત્વ છે. આહાહા..! એવા સત્ત્વના આશ્રયે જે દૃષ્ટિ કરે એને સમ્યગ્દર્શન થાય છે એનું નામ ધર્મ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે એક... થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? બહુ આમાં સમજવું પડે હોં ધીરૂભાઈ. ઉપર ટપકે નથી આ કાંઈ ઓલામાં .. આવી જાય. આ બધા માગે છે કે આ આગમો ક્યારે થાશે? આ પરમાગમ(મંદિર). મેં કીધું ભાઈ ... .. મકાનનો .. કર્યો ને. મકાન બધું... આહાહા..! હવે બધું ... ગયું લાગે છે. પરમાગમ નહિ? ... ... આહાહા..! આ ભગવાનની વાણી પધરાવી છે. ભગવાને કહેલા આગમો, સંતોએ કહેલા શાસ્ત્રો એ એમાં મૂર્તિરૂપે પધરાવ્યા છે. ૪૪૮ પાટિયા છે. એ કામ બાકી છે. રાત-દિ' લખ્યા જ કરે છે. .. આપણી ગુજરાતી ભાષા શું? છાંટવું. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ વસ્તુના સ્વભાવને ધર્મ કહ્યો. '**દૂસરે ઉત્તમ ક્ષમાદિક દસ પ્રકાર,...**' ધર્મ. સમ્યગ્દર્શન સહિત અંદરમાં શાંતિ, ક્ષમા આદિ ચારિત્રના ભેદ છે એ. ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ આદિ વંચાઈ ગયું આપણે. એ બધા ચારિત્રના ભેદ છે. દસે પ્રકાર ચારિત્રના પ્રકાર છે. સમજાય છે કાંઈ? એ ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકાર. અને '**તીસરે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ,...**' ત્રીજો આ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ. આત્માના સ્વરૂપના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ થાય, ચારિત્ર એટલે શાંતિ, એ ધર્મ. એક વસ્તુસ્વભાવ ધર્મ, ક્ષમા આદિ દસ લક્ષણ ધર્મ, ત્રીજો આ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. આહાહા..! '**ચૌથે જીવોંકી રક્ષારૂપ ઐસે ચાર પ્રકાર હૈં.**' બધા જીવોની રક્ષા એટલે કોઈને ન મારવો. એમાં પોતે પણ જીવ આવી ગયો.

મુમુક્ષુ :- પોતાને ન મારવો એટલે બીજાને ન મારવાનો ભાવ...

ઉત્તર :- એને ન મારવો એટલે હિંસા આત્માની ન કરવી, અહિંસા પ્રગટ કરવી એટલે કે રાગની ઉત્પત્તિ ન કરવી, એવી જે આત્માની અહિંસા દશા તેને ધર્મ કહે છે. આહાહા..!

આ દયા ધર્મ હોં. પરની દયાનો ભાવ તો રાગ છે. અને તે પણ પરની દયા કરી ક્યાં શકે છે? એ તો પોતાનો રાગ કરે. પણ પરની દયા પાળી શકે? પરની પર્યાય રાખી શકે કોઈ? ત્રણ કાળમાં નહિ. ફક્ત પોતાના પરિણામ થાય બીજાને ન મારવાના. પણ એ પરિણામ પરલક્ષી રાગ છે, એ ધર્મ નથી. આહાહા..!

ધર્મ તો ભગવાને આત્મામાં.. કહ્યું ને પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં? પ્રાદુર્ભાવ, રાગનો પ્રાર્દુભાવ ન થવો (તે અહિંસા છે). પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમૃતચંદ્રાચાર્ય. આહાહા..! દિગંબર સંતોએ તો કામ કર્યું છે, ગજબ કર્યું છે! આહાહા..! ભગવાનને અનુસરીને કેડાયત હતા બધા મુનિઓ. કેવળીના કેડાયત હતા. આહાહા..! એને માર્ગે ચાલતા ચાલતા કેવળજ્ઞાન લેવાના. સમજાય છે કાંઈ? આવો માર્ગ વીતરાગ જૈનદર્શન દિગંબર સિવાય બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? દિગંબરદર્શન એ પંથ નથી, પક્ષ નથી, વાડો નથી, એ વસ્તુનો સ્વભાવ છે. આ બધું નિવૃત્તિ લઈને થોડું કરવું પડશે આ. ભાઈને કહીએ છીએ.

મુમુક્ષુ :- ધુતારાઓનું શું કરવું?

ઉત્તર :- .. એની મેળે આવે છે એની પાસે. આહાહા..! ધુતારાની ટોળી. આહાહા..!

મુમુક્ષુ :- ધુતારાનું કાંઈ કરી શકતો નથી.

ઉત્તર :- કોણ કરે? કોના કરે? બાપુ! આ શરીરના રજકણની પર્યાય પણ ફેરવવાને સમર્થ નથી. પરદ્રવ્યને માટે પ્રભુ પાંગળો છે. પરદ્રવ્યની ક્રિયા કરવા માટે ભગવાન આત્મા પાંગળો છે. પોતાની ક્રિયા કરવા માટે પુરુષાર્થનો પિંડ છે પોતે. આહાહા..! એકલો પુરુષાર્થ. અને તે પણ પુરુષાર્થ તો પર્યાયમાં અનંતમા ભાગે છે. કારણ કે પોતે જ પુરુષાર્થનો પિંડ છે. વીર્યનો પિંડલો છે એ. અનંત ચતુષ્ટય છે ને શક્તિમાં? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. તો અનંત વીર્યનો તો પિંડ છે એ. એમાંથી આ મોક્ષનો પુરુષાર્થ તો અનંતમા ભાગે નીકળે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ ધર્મમાં તો પુરુષાર્થથી જ ધર્મ થાય છે. લક્ષ્મી આદિ મળવી એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે. ... લાખ પુરુષાર્થ કરે ને મરી જાય નહિ. આહાહા..!

કહે છે, **'ઐસે ચાર પ્રકાર હૈં. વહાં નિશ્ચય સે સિદ્ધ કિયા જાય, તબ તો સબ મેં એક હી પ્રકાર હૈ.'** ચારેય એક જ પ્રકાર છે. વસ્તુનો સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો એ દસ પ્રકારનો ધર્મ, એ સમ્યગ્દર્શન ચારિત્ર ધર્મ, જીવને રાગની ઉત્પત્તિ ન થઈ અને અહિંસાની ઉત્પત્તિ થઈ એ પણ એ જ છે. એ ચારેય એક જ પ્રકાર છે. આહાહા..! આ પંડિતો કેટલો મેળ કરે છે જુઓને. આહાહા..! આ ગૃહસ્થાશ્રમમાં છે હોં આ. ત્યાગી નહોતા આ કાંઈ. વસ્તુસ્થિતિ છે એ તો યથાર્થપણે ગ્રંથોમાંથી ... આહાહા..! એને નિવૃત્તિ ઘણી

છે ને. નિવૃત્તિમાં આ બધું થયું છે કે પ્રવૃત્તિ કરતા કરતા આ બધું થયું છે? આહાહા..! 'ઈસલિયે **વસ્તુસ્વભાવ કા તાત્પર્ય તો જીવ નામક વસ્તુ કી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ...**' લ્યો! જોયું! વસ્તુની વ્યાખ્યા કરે છે. '**વસ્તુ સ્વભાવ કા તાત્પર્ય તો જીવ નામક વસ્તુ...**' એનું '**પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ...**' એ વસ્તુસ્વભાવ. '**ઔર વહ ચેતના સર્વ વિકારોં સે રહિત શુદ્ધ-સ્વભાવરૂપ પરિણમિત હો, વહી જીવ કા ધર્મ હૈ...**' ધર્મ કીધો એને. વસ્તુ સહાવો ધર્મ. '**તથા ઉત્તમ ક્ષમાદિક દશ પ્રકાર કહને કા તાત્પર્ય યહ હૈ કિ આત્મા ક્રોધાદિ કષાયરૂપ ન હોકર અપને સ્વભાવ મેં સ્થિર હો વહી ધર્મ હૈ,...**' આહાહા..! '**યહ ભી શુદ્ધ ચેતનારૂપ હી હૈ.**' દસલક્ષણ ધર્મ એ શુદ્ધ ચેતનારૂપનું પરિણમન. વસ્તુનો સ્વભાવ એ પણ શુદ્ધ ચેતના દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન. બીજા બે બોલ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૫, સોમવાર તા. ૧૭-૦૯-૧૯૭૩**
**ગાથા-૨, પ્રવચન - ૩**

આ દર્શનપાહુડ. અષ્ટપાહુડમાં દર્શનપાહુડ. બીજી ગાથાનો અર્થ ચાલે છે ને. '**વહાં ધર્મ કો નિશ્ચય ઔર વ્યવહાર - ઐસે દો પ્રકાર સે સાધા હૈ.**' ધર્મ. વ્યવહાર નિમિત્તરૂપ છે, નિશ્ચય યથાર્થરૂપ છે. '**ઉસકી પ્રરૂપણા ચાર પ્રકાર સે હૈ...**' કાલે આવી ગયું છે. વસ્તુનો સ્વભાવ, ઉત્તમ ક્ષમાદિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ અને જીવની રક્ષા '**ઐસે ચાર પ્રકાર હૈં. વહાં નિશ્ચય સે સિદ્ધ કિયા જાય, તબ તો સબ મેં એક હી પ્રકાર હૈ,...**' ચારેય એક જ પ્રકારે સિદ્ધ થાય છે. '**ઈસલિયે વસ્તુસ્વભાવ કા તાત્પર્ય...**' હવે પહેલા બોલની વ્યાખ્યા કરે છે. '**વસ્તુસ્વભાવ કા તાત્પર્ય તો જીવ નામક વસ્તુ કી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ...**' લ્યો! શું કહ્યું? જીવ નામનો પદાર્થ એના પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ. એ જ્ઞાન પરિણામ એ ચેતના. આત્માની જાણન-દેખનની ચેતના એનું શુદ્ધ પરિણમન થવું એ ધર્મ છે. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે એનું શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નિશ્ચય હોં! એ નિશ્ચય જ્ઞાન, દર્શનનું, શુદ્ધ ચૈતન્યનું પરિણમન થવું એ વસ્તુનો સ્વભાવ ધર્મ કહેવામાં આવે છે. .. સમજ્યા?

મુમુક્ષુ :- વસ્તુ સ્વભાવ.

ઉત્તર :- પણ વસ્તુસ્વભાવનો અર્થ શું? જાણન-દેખન એવો જે ભાવ, જાણવા-દેખવાનું પરિણમન થવું, શુદ્ધ પરિણમન થવું એ ચેતના છે. એ ચેતના એ ધર્મ છે.

'**વહ ચેતના સર્વ વિકારોં સે રહિત...**' જુઓ! જાણન-દેખન ચેતનાનો ભાવ એ સર્વ શુભાદિ વિકારથી રહિત '**શુદ્ધ-સ્વભાવરૂપ પરિણમિત હો, વહ જીવ કા ધર્મ હૈ...**' આ વસ્તુનો સ્વભાવ. '**શુદ્ધ-સ્વભાવરૂપ પરિણમિત...** ' આનંદ અને જ્ઞાન અને શાંતિ આદિ સ્વભાવના આશ્રયથી પરિણમન થાય એ ચેતનાના પરિણામને ધર્મ કહેવામાં આવે છે. આ ધર્મની વ્યાખ્યા.

'**તથા ઉત્તમ ક્ષમાદિક દસ પ્રકાર કહને કા તાત્પર્ય યહ હૈ કિ આત્મા ક્રોધાદિ કષાયરૂપ ન હોકર...**' ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ તે રૂપ નહિ થઈને '**અપને સ્વભાવ મેં સ્થિર હો...**' ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ એમાં સ્થિર રહે '**વહી ધર્મ હૈ,...**' સમજાય છે કાંઈ? આહાહા..! ક્રોધ, માન, માયા, લોભનો અર્થ પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ એનાથી રહિત '**અપને સ્વભાવમેં સ્થિર હો...**' ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદઘન એમાં સ્થિર રહેવું એ ધર્મ છે. લ્યો, આ ધર્મ. આહાહા..! '**યહ ભી શુદ્ધ ચેતનારૂપ હી હુઆ.**' ઓલાની સાથે મેળ કર્યો ઉપરની સાથે. જેમ એ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું પરિણમન કીધું. જ્ઞાન-દર્શનની પર્યાયનું પરિણમન એ ચારિત્ર કહ્યું, એને ધર્મ કહ્યો. એમ ક્રોધાદિ રહિત આત્માના સ્વભાવમાં સ્થિરતા એ પણ શુદ્ધચેતના પરિણામ જ છે. સમજાય છે કાંઈ? વ્યાખ્યા તો બરાબર કરી છે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં આવે છે. '**વહ ભી શુદ્ધ ચેતનારૂપ હી હુઆ.**'

હવે ત્રીજું. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર કહને કા તાત્પર્ય યહ હૈ કિ તીનોં એક જ્ઞાનચેતના કે હી પરિણામ હૈં,...**' શું કહે છે એ? સમ્યગ્દર્શન, એ જ્ઞાનસ્વભાવનું જ પરિણમન છે. સમ્યગ્જ્ઞાન, એ પણ જ્ઞાનસ્વભાવનું જ પરિણમન છે અને સમ્યક્ ચારિત્ર, એ પણ જ્ઞાનસ્વભાવનું જ પરિણમન છે. છે? '**જ્ઞાનચેતના કે હી પરિણામ હૈં,...**' કોણ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે જે ઉત્પન્ન થાય છે એ ત્રણે જ્ઞાનચેતના છે. એમાં વ્યવહાર રાગનું ચેતવું એ છે નહિ. આહાહા..! જ્ઞાનચેતનાના જ પરિણામ છે. સમ્યગ્દર્શન નિશ્ચય એ પણ જ્ઞાયકસ્વભાવ આત્મા એના સન્મુખની જે પ્રતીતિ એ જ્ઞાનના જ પરિણામ છે એટલે આત્માના જ પરિણામ છે. એ કોઈ રાગના પરિણામ નથી. એમ સમ્યગ્જ્ઞાન પર્યાય હોં! એ પણ આત્મા જે વસ્તુ છે, એનું જે જ્ઞાન, એનું જે આત્મજ્ઞાન એ પણ આત્માના જ પરિણામ છે એટલે કે એ જ્ઞાનના જ પરિણામ છે એટલે કે એ જ્ઞાનની જ ચેતના છે. સમજાય છે કાંઈ?

એમ ચારિત્ર. ચારિત્ર એ સ્વરૂપની અંદર સ્થિરતા એ પણ જ્ઞાનની જ સ્થિતિ છે, આત્માના સ્વભાવની જ સ્થિતિ છે અને એ જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા. '**વહી જ્ઞાનસ્વભાવરૂપ ધર્મ હૈ...**' આત્માનો જ્ઞાયકભાવ ત્રિકાળ એમાં લીનતા થવી એ જ્ઞાનસ્વભાવરૂપ

પરિણામ છે. એ કોઈ રાગભાવરૂપ પરિણામ નથી. ધીરૂભાઈ ગયા? ગયા. કહેતા હતા. સમજાય છે કાંઈ? '**યહ ભી શુદ્ધ ચેતનારૂપ હી ધર્મ હૈ.**' આહાહા..!

હવે જીવોની રક્ષા. ચોથો બોલ. જીવોની રક્ષાનો અર્થ? '**જીવ ક્રોધાદિ કષાયોં કે વશ હોકર...**' રાગને, દ્વેષને વશ થઈને હિંસા તો થાય છે, પોતાના સ્વરૂપની જે હિંસા થાય છે. કહો, સમજાય છે કાંઈ? '**કષાયોં કે વશ હોકર...**' રાગને વશ થઈને, દ્વેષને વશ થઈને પોતાની પર્યાય શાંતિ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધ પર્યાયના વિનાશરૂપ (જેટલી) એમાં રાગની ઉત્પત્તિ (થાય છે) તેટલી હિંસા થાય છે. આહાહા..! માર્ગ તે માર્ગ છે ને. ભગવાનની ભક્તિમાં રાગ થાય, કહે છે, એટલી આત્માની હિંસા થાય છે એમ કહે છે. એ.. પંડિતજી! હોય ભલે, પણ છે એ સ્વરૂપની શાંતિની હિંસા થાય છે. અકષાયભાવ એવો જે મોક્ષનો માર્ગ એમાં એટલો રાગ એ હિંસા છે, એ જીવની દયા નથી ત્યાં. આહાહા..! પોતાના જીવની દયા નથી, તેમ એમાં પર જીવની દયા નથી, રાગ થયો એમાં. આહાહા..! સમજાણું કાંઈ?

ક્રોધ, માન, માયા, લોભ. દ્વેષના બે ભાગ—ક્રોધ અને માન, રાગના બે ભાગ—માયા અને લોભ. એટલે જેટલે અંશે રાગ અને દ્વેષમાં વશ થાય, એટલે અંશે... '**અપની યા પરકી પર્યાય કે વિનાશરૂપ મરણ તથા દુઃખ સંક્લેશ પરિણામ ન કરે...**' જુઓ! રાગના પરિણામ એ દુઃખ પરિણામ છે. આહાહા..! એ તો ૭૨ ગાથામાં બહુ વિસ્તારથી આવી ગયું હતું. ત્યાં (સંવત) ૨૦૧૩ની સાલમાં. શું કહેવાય? ઈસરી. ૭૨ ગાથા. રાગનો ભાગ તે દુઃખરૂપ છે, આસ્રવ છે. શુભ અને અશુભ રાગ બેય આસ્રવ છે, એ દુઃખરૂપ છે. એનાથી રહિત આત્માના સ્વભાવમાં લીનતા થવી તે સુખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ત્યાં ચાલ્યું હતું. બધા હતા ત્યાં. શેઠ પણ હતા. પણ ત્યાં ક્યાં શેઠને અંદર જાણવાની દરકાર હતી? શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બતાવ્યું હતું ત્યાં, આ વ્યાખ્યા જ પહેલા કહી. તમે એમ પણ બોલ્યા હતા કે આ વાત તો સાચી લાગે છે. પણ નિમિત્ત .. નિમિત્તનો અર્થ શું થયો? એ ચર્ચા ચાલી હતી.

ભગવાનના શ્રદ્ધા, જ્ઞાન અને એની પૂજા, ભક્તિનો ભાવ એ રાગ છે, એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થતી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં નિમિત્ત કહેવાય, પણ એ નિમિત્તથી અહીં થાય એમ નથી. સમજાય છે કાંઈ? અહીંયાં તો પોતાની અને પરની પર્યાયના વિનાશરૂપ મરણ એ હિંસા અને દુઃખ સંક્લેશ પરિણામ એ હિંસા. તે ન કરે એ રક્ષા. આહાહા..! પહેલી તો પોતાની પર્યાયની રક્ષા કરવાની છે ને. રાગ ન કરવો એ જીવની પહેલી પોતાની પર્યાયની રક્ષા છે. આહાહા..! પુરુષાર્થસિદ્ધિમાં આવ્યું છે ને. રાગનો પ્રાદુર્ભાવ તે હિંસા. પુરુષાર્થસિદ્ધિ (ઉપાય), અમૃતચંદ્રાચાર્ય. જેટલા અંશે રાગ, એટલા અંશે બંધ, એટલા અંશે હિંસા. જેટલા અંશે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ (થાય) એ અહિંસા

અને અબંધ. આહાહા..! માણસને વ્યવહાર એવો વળગે ગળે. વ્યવહાર હોય છે, નિમિત્ત હોય છે, પણ એ ચીજ કોઈ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને મદદ કરે એટલે કે એનાથી અહીં નિશ્ચય થાય એવું નથી. સમજાય છે કાંઈ?

પોતાની પર્યાયનો... અને પરની પર્યાયનું મૃત્યુ થવાનું હોય તો થાય ત્યારે એ તો નિમિત્ત કહેવાય. પણ પહેલો પોતે રાગ કર્યો મારવાનો કે બચાવવાનો... આહાહા..! જીવને બચાવવાનો રાગભાવ થયો ત્યાં હિંસા થઈ. ગજબ વાત છે! આહાહા..! શાંતિના પ્રાણ ત્યાં હણાય છે. આહાહા..!

**'ઐસા અપના સ્વભાવ હી ધર્મ હૈ.'** ચારેય બોલ. **'ઐસા અપના સ્વભાવ હી ધર્મ હૈ.'** ચાહે તો.. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ શુદ્ધ રૂપે પરિણમે એ ધર્મ. દર્શન, જ્ઞાન અને ચારિત્રના વિકારરહિત શુદ્ધ પરિણામ તે ધર્મ અને દસ પ્રકારનો સમાધિ ભાવ એ શુદ્ધચેતનાના પરિણામ પણ ધર્મ અને પોતામાં રાગની ઉત્પત્તિ ન થાય, અહિંસા આત્મામાં પ્રગટ થાય એ ધર્મ. એ ચારેયમાં શુદ્ધચેતનાના જ પરિણામ છે. ભિન્ન ભિન્ન રીતે વાત કરી છે. આહાહા..! કઠણ ભારે લાગે લોકોને. નિમિત્તથી થાય છે, વ્યવહારથી થાય છે, વ્યવહારમાં કંઈક નિશ્ચયનો અંશ છે-એમ એ વખતે વાત ચાલતી હતી. સમજાય છે કાંઈ? વ્યવહારમાં નિશ્ચયનો અંશ છે જ નહિ. નિશ્ચયમાં નિશ્ચય છે, વ્યવહારમાં વ્યવહાર છે. બેય ભિન્ન ચીજ છે. ભિન્ન ચીજ છે લ્યો. આહાહા..! **'ઈસ પ્રકાર શુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ...'** આ નિશ્ચયનયનું દ્રવ્યાર્થિકનયનું કથન.

મુમુક્ષુ :- દ્રવ્યની પર્યાયને દ્રવ્યાર્થિક કેમ કહ્યું?

ઉત્તર :- દ્રવ્યની પર્યાય અભેદ છે ને એ અપેક્ષાએ. દ્રવ્યની પર્યાય અભેદ છે એ અપેક્ષાએ. એ પર્યાય અભેદ થઈ ને? એ અપેક્ષાએ દ્રવ્યાર્થિકનય કહ્યું. વ્યવહાર છે એ પર્યાયાર્થિકનય છે, એમ. પર્યાય જે શુદ્ધ થઈને દ્રવ્ય સાથે અભેદ થઈ એ અપેક્ષાએ દ્રવ્યાર્થિકનય, શુદ્ધની પર્યાયને દ્રવ્યાર્થિકનયનો વિષય કહીને કહ્યું છે.

મુમુક્ષુ :- પર્યાયને દ્રવ્યાર્થિકનયનો વિષય (કહ્યો)?

ઉત્તર :- હા, અભેદ થઈ માટે. આહા..! તેથી કહે છે ને, પર્યાયાર્થિક એટલે ભેદરૂપે વ્યવહાર. વ્યવહાર પર્યાય આશ્રિત એ ભેદરૂપ છે અને નિશ્ચય દ્રવ્યને આશ્રયે છે તે અભેદરૂપ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયકભાવ ચૈતન્યબિંબ એને આશ્રયે થયેલા નિર્મળ પરિણામ એ નિશ્ચયનયનો, દ્રવ્યાર્થિકનયનો વિષય ગણીને કહ્યું છે. કે જેમાં દ્રવ્યનો આશ્રય થઈને દ્રવ્યમાં પર્યાય અભેદ, અભેદ અથવા સન્મુખ થાય છે. સમજાણું કાંઈ?

**'ઈસ પ્રકાર શુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ નિશ્ચયનય સે સાધા હુઆ ધર્મ એક હી પ્રકાર હૈ.'** ધર્મ તો એક જ પ્રકારે છે. ચાર પ્રકારે વર્ણન કર્યું. એ ધર્મની પર્યાય દ્રવ્યની અપેક્ષાએ તો વ્યવહાર થઈ જાય છે. પણ અહીંયાં તો વ્યવહારથી ભિન્ન બતાવીને નિશ્ચય પરિણામને નિશ્ચય કહેવો છે. ઓલો વ્યવહાર

બતાવવો છે ને જરી. રાગાદિ ભેદરૂપ ભાવ છે એની અપેક્ષાએ આને (-શુદ્ધ પરિણામને) નિશ્ચય કહીને શુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યું છે. આહાહા..! એ અપેક્ષા છે. જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે! પંડિત જયચંદ્ર પંડિત છે. સમજાણું કાંઈ? શાંતિથી આગ્રહ છોડીને સમજે તો સમજાય એવું છે. પૂર્વનો આગ્રહ રાખીને સમજશે તો નહિ થાય ત્યાં. વ્યવહારથી આમ થાય, નિમિત્તથી આમ, ઢીંકણેથી આમ થાય. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે. નિમિત્ત નિમિત્તના ઘરમાં-સ્થાનમાં છે. નિશ્ચય નિશ્ચયના સ્થાનમાં છે. બેય ભિન્ન છે અને બેય વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? નિશ્ચયનયનો વિષય અને વ્યવહારનયનો વિષય બેય વિરોધ છે. આહાહા..! આવું (વાંચન) કરવા નવરા કોણ થાય? ધંધા આડે નવરા ન હોય, એમાં બે કલાક આવે એમાં કાંઈક સ્થૂળ વાતું કરે, ઠીક પડે. આ ચાલ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થઈ રહ્યું જાવ. મંદિરે દર્શન કરી આવે. પછી રમો ગંજીપો. ગંજીપો કહે છે ને? તાશ.

મુમુક્ષુ :- આપણે પાના કહીએ, એ તાશ કહે.

ઉત્તર :- તાશ—પાના. ... ઈંદોર. અમે નીકળ્યા હતા સામે.. બધા ભેગા થાય. .. અરે..! ભગવાન! આવો મનુષ્યદેહ મળ્યો એમાં સાઠ-સાઠ વરસની ઉંમર થઈ ગઈ. એમાં આવું કામ... આહાહા..! અરે..! જિંદગીના છેડા આવ્યા દેહ છૂટવાના એમાં પણ આને માટે—આત્મા માટે વખત નહિ. સમજાણું કાંઈ? આવા ટાઈમ ક્યારે મળે? એમાં આવા રમતું અને રમતુમાં કાળ ગાળવા પાપમાં અને દાંત ને ટીખળ કાઢે. ટીપે ને પાનામાં ટીપે. બાદશાહ આવ્યો મારે, એક્કો આવ્યો. આહાહા..! હારે એ મોળો પડી જાય.

મુમુક્ષુ :- એમાં કાંઈ લેવા-દેવા હોય નહિ.

ઉત્તર :- કાંઈ લેવા-દેવા નહિ. આહાહા..! અરેરે..! અહીં તો લેવા-દેવાની વાતું છે. આત્મામાં શાંતિ સાધવી અને અશાંતિને છોડવી-આ ધંધો આત્માનો છે. હોય અશાંતિ, વ્યવહાર હોય ખરો, પણ નિશ્ચયમાં તો એને છોડવા લાયક છે, દુઃખરૂપ છે. એને નિમિત્ત દેખીને સાધન પણ કહે, પણ એ સાધન યથાર્થમાં નથી. આહાહા..! બહુ વાતું (આકરી).

'**ઈસપ્રકાર વ્યવહારનય...**' આ વ્યવહારનયે અધિકાર છે. '**પર્યાયાશ્રિત હૈ ઈસલિયે ભેદરૂપ હૈ...**' દેખો! એક અંશ છે ને. પર્યાય એ પણ ભેદ છે. ત્રિકાળી દ્રવ્યનો એક અંશ પર્યાય એ પણ ભેદ છે. ભેદની દૃષ્ટિએ એ બધો વ્યવહાર છે. આહાહા..! '**વ્યવહારનય સે વિચાર કરે તો જીવ કે પર્યાયરૂપ પરિણામ અનેક પ્રકાર હૈં...**' ઓલામાં એક જ પ્રકાર હતો નિશ્ચયમાં. ચારેય ભેદ કહ્યા હતાં, પણ શુદ્ધ ચેતનાસ્વરૂપનું પરિણમન એક જ રૂપ ધર્મ છે. વિકારનું પરિણમન એ ધર્મ નહિ. એ એક જ રૂપ પ્રકાર હતો. વ્યવહારમાં અનેક પ્રકારે ... આહાહા..! વ્યવહાર '**પર્યાયરૂપ પરિણામ અનેક પ્રકાર હૈં ઈસલિયે ધર્મકા ભી અનેક પ્રકાર સે વર્ણન કિયા હૈ.**' શુભનું અનેક પ્રકારનું વર્ણન આવે. શુભને પણ ધર્મ પણ કહેવાય. (પણ) વ્યવહાર ધર્મ છે, વાસ્તવિક ધર્મ નહિ. આહાહા..! એ નિશ્ચય

ધર્મ જ્યાં હોય ત્યાં આવો વ્યવહાર પુણ્યના પરિણામ વ્યવહાર ધર્મ હોય એટલું જ્ઞાન કરાવવા માટે કથન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ધર્મ કા ભી અનેક પ્રકાર સે વર્ણન કિયા હૈ. વહાં...** ' હવે સિદ્ધાંત કહે છે. '(૧) **પ્રયોજનવશ એકદેશ કા સર્વદેશ સે કથન કિયા જાયે સો વ્યવહાર હૈ,...**' એક અંશને પૂર્ણ કહેવું એ વ્યવહાર. જેમ કે નિશ્ચય આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાનનો અંશે અનુભવ થયો એ અનુભવને અનુભવ પૂર્ણ કહેવો... પૂર્ણ અનુભવ તો ચૌદમે અને છેલ્લે હોય છે... સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પૂર્ણ ભાવ તો ચૌદમે અને છેલ્લે (હોય છે), છતાં છઠ્ઠે પણ મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહાર છે. એક અંશને પૂર્ણ કહેવો એ વ્યવહાર છે. આહાહા..! એ પાછળ પણ આવે છે. છઠ્ઠી ગાથામાં આવશે. સૂત્રની છઠ્ઠી ગાથામાં. આઠ બોલ આવે છે ધર્મના. સૂત્ર(પાહુડ)ની છઠ્ઠી ગાથામાં. ... આ આપણે વંચાઈ ગયું છે, આ તો ફરીને લીધું (કે) તાજું થાય.

મુમુક્ષુ :- વંચાઈ ગયું છે ..

ઉત્તર :- .. આહાહા..!

'**એકદેશ કા સર્વદેશ સે કથન કિયા જાયે સો વ્યવહાર હૈ,...**' ત્યાં છે ને એમાં. કેટલામું પાનું? ૪૫? '**ઈસમેં ભી જબતક અનુભવકી સાક્ષાત્ પૂર્ણતા નહીં હો તબતક એકદેશરૂપ હોતા હૈ, ઉસકો કથંચિત્ સર્વદેશરૂપ કહકર કહના વ્યવહાર હૈ...**' ૪૫ પાને છે. આ નવામાં હોં. જૂનામાં નહિ. જૂનામાં નથી, કહ્યું ને. સાંભળતા નથી. નવામાં છે. એનું બરાબર ધ્યાન નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીચેથી ઉપરનું. નીચેના પેરેગ્રાફથી ઉપલો. '**નિશ્ચય મોક્ષમાર્ગ હૈ, ઈસમેં ભી જબતક અનુભવકી સાક્ષાત્ પૂર્ણતા નહીં હો તબતક એકદેશરૂપ હોતા હૈ, ઉસકો કથંચિત્ સર્વદેશરૂપ કહકર કહના વ્યવહાર હૈ...**' એ આવ્યું હતું. આમાં જોકે આપણે આવ્યું હતું સૂત્ર પાહુડમાં. આહાહા..! વ્યવહારને પણ સમકિત કહેવું, વ્યવહારને જ્ઞાન કહેવું, એમ કહે છે ભાઈ! ખરેખર તો એક અંશ છે એક પર્યાયનો ભાગ. એક નયનો અંશ છે ને એ? એને સમકિત કહેવું એ બધો વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર સમકિત એટલે સમકિત છે નહિ વ્યવહાર. સમકિત તો નિશ્ચય એક જ પ્રકારનું સમકિત છે. પણ એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને એ ભાવ હોય છે અને આનો (—નિશ્ચયનો) આરોપ એને આપે છે. એ સમકિતની પર્યાય નથી, છે તો રાગની. આહાહા..! વિપરીત છે. ચારિત્રગુણની પણ વિપરીત છે. એને સમકિત કહેવું એ અસદ્ભુત વ્યવહાર છે, આહાહા..! ભારે માર્ગ વીતરાગનો. આહાહા..!

અહીં તો '**दंसणं मुलो धम्मो**' જે છે ને, એનું આ બધું વ્યાખ્યાન ચાલે છે. સમજાણું? '**दंसणं**

**मुलो धम्मो**' જૈન દર્શન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મૂર્તિ. એટલે મુનિ નિર્ગ્રંથ લિંગ અને નિર્ગ્રંથ ભાવ એ જૈનદર્શન, એ જૈનદર્શનની મૂર્તિ. આહાહા..! એ '**दंसणं मुलो धम्मो**' આ. નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમનવાળો મુનિ એ નિશ્ચય જે વસ્તુ છે એ ધર્મનું એ મૂળ છે. અને પછી કહે અત્યારે કે સમ્યગ્દર્શન એ ચારિત્રનું મૂળ છે. લ્યો, એનું .. સમજાણું કાંઈ? પુસ્તક તો છે ને તમારા ઘરે? ... આહાહા..! આ તો જેને ગરજ હોય કે મારું હિત કેમ થાય? મારું કાર્ય કેમ થાય? મને મારું કાર્ય કેમ થાય? એની જેને ગરજ હોય એની આ વાત છે. દુનિયામાં દેખાવ, દુનિયામાં પ્રસિદ્ધિ, દુનિયામાં અમે મોટા.. આહા..! એમાં કાળ બધા જાય છે રખડવાના. આહાહા..!

ઓલામાં નથી આવતું? મોક્ષમાર્ગ(પ્રકાશક)માં આવે છે, સમકિત. સમકિત સન્મુખ મિથ્યાદૃષ્ટિ. આવે છે ને. સમકિત સન્મુખ મિથ્યાદૃષ્ટિ. ત્યાં, આ તો કાર્ય મારું છે એમ આવે છે. આવે છે? શરૂઆતમાં.. શરૂઆતમાં આવે છે. મારા હિતની વાત છે. છે એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. .. છે ને. જુઓ, એ જ શબ્દ આવ્યો. કારણ કે આમાં તો મારું જ પ્રયોજન ગણાય છે. શું કહે?

મુમુક્ષુ :- બાહ્યમાં વ્યવહારમાં પણ મારું પ્રયોજન?

ઉત્તર :- એમાં ધૂળમાં પ્રયોજન નથી, એ દુઃખ છે.

'કોઈ મંદ કષાય આદિકનું કારણ પામીને જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષયોપશમ થયો..' ઉઘાડ. 'તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ છે અને મોહ મંદ થયો તેથી તત્ત્વવિચારમાં ઉદ્યમી થયો.' જોયું! આહાહા..! તત્ત્વના વિચારમાં પ્રયત્નવાન થયો છે. બે વાત કરી. એક તો રાગ મંદ છે અને જ્ઞાનનો ક્ષયોપશમ છે તે જાતના વિચાર કરવાનો. આહાહા..! અને 'મોહ મંદ થયો તેથી તત્ત્વવિચારમાં ઉદ્યમી થયો છે. બાહ્ય નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનું થતાં તે વડે સત્ય ઉપદેશનો લાભ થયો. ત્યાં પોતાના પ્રયોજનભૂત મોક્ષમાર્ગના દેવ-ગુરુ-ધર્મ આદિકના, જીવાદિ તત્ત્વોના, સ્વ-પરના વા પોતાને અહિતકારી-હિતકારી ભાવોના ઈત્યાદિ ઉપદેશથી સાવધાન થઈ એવો વિચાર કર્યો કે અહો..! મને તો આ વાતની ખબર જ નથી.' આમ ને આમ બીડીમાં ગુમાવ્યું એમ કહે છે. જેને જે હોય એ. આ તો મોટા શેઠની વાત.. આહાહા..!

મુમુક્ષુ :- એમણે એમાં ગુમાવ્યું, અમે વકીલાતમાં ગુમાવ્યું.

ઉત્તર :- આ તો મોઢા આગળ શેઠ હોય એને કહેવાય ને. આહાહા..! અરે..! મને તો આ વાતની ખબર જ નથી. હું ભ્રમથી ભૂલી પર્યાયમાં તન્મય થયો. દેહ સારો દેખાય ને, લૂગડા-બુગડા પહેરે ને સાફસુથરા. મરી ગયો આમ ને આમ. આહાહા..!

'હું ભ્રમથી ભૂલી પ્રાપ્ત પર્યાયમાં તન્મય થયો છું. આ પર્યાયની તો થોડા જ કાળની સ્થિતિ છે.'

થોડા કાળની છે. આહાહા..! 'અહીં મને સર્વ નિમિત્તો મળ્યા છે માટે મારે આ વાતનો બરાબર નિર્ણય કરવો જોઈએ. કેમ? કે આમાં તો મારું જ પ્રયોજન ભાસે છે.' સ્વરૂપચંદભાઈ! આહાહા..! 'એમ વિચારી જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કરવાનો ઉદ્યમ કર્યો.' આહાહા..! બહુ સારું લખ્યું છે. મારું કામ છે આમાં તો બાપુ! તારે શું કામ છે પણ બીજું? બીજાનું કામ કરી શકે છે ક્યાં? બીજા કામના અધિકારી. બીજાનું કામ એટલે એની પર્યાય. એ પર્યાય વિનાનો છે કે તું પર્યાય એની કર? આહાહા..! એવી વાત છે, ભાઈ! અને રાગનું કામ એ તો તેં અનંત કાળથી કર્યું છે. એ તો એને લઈને ભ્રમમાં ભૂલી ગયો અનંત વાર. કહો, શેઠ! આ છોકરા અને બાયડી માટે મરી ગયો આમ ને આમ. આખો દિ' .. કરીને. આહાહા..! આ ધુતારાની ટોળી છે એનું શું કરવું? કહે. ભાઈએ કહ્યું ને. તમારા ભાઈએ, નાના ભાઈએ. ધુતારાની ટોળી છે એનું શું કરવું? એ તો એને લઈને રહ્યા, હવે તારે લઈને શું છે? ધૂળ? હતા ક્યાં તારા? એ તો રખડતા રખડતાં ત્યાં આવ્યા. રજકણો રખડતાં ત્યાં પરિણમ્યા. તારે અને એને સંબંધ શું છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'વ્યવહારનય સે વિચાર કરેં તો જીવ કે પર્યાયરૂપ પરિણામ અનેક પ્રકાર હૈં ઈસલિયે ધર્મ કા ભી અનેક પ્રકાર સે વર્ણન કિયા હૈ.'** એમાં પણ આવ્યું. ચરણાનુયોગમાં નહિ? ચરણાનુયોગમાં. આઠમાં અધ્યાયમાં મોક્ષમાર્ગ(પ્રકાશક)માં આવ્યું છે કે વીતરાગ ધર્મ તો છે એ છે, એક જ છે. પણ બાહ્ય એના અનેક પ્રકારના નિમિત્તો... આમાં આવે છે. ચાર અનુયોગમાં ... એકમાં ચરણાનુયોગમાં. સમજાણું કાંઈ? છે? ... 'ચરણાનુયોગમાં જેમ જીવોને પોતાના બુદ્ધિગોચર ધર્મનું આચરણ થાય એવો ઉપદેશ આપ્યો છે.' આ વ્યવહાર. 'હવે ધર્મ તો નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ છે તે જ છે.' બહુ જ... 'પરંતુ તેના સાધનાદિક ઉપચારથી ધર્મ કહેવામાં આવે છે.' આ વ્યવહાર. આહાહા..! 'ત્યાં વ્યવહારનયની પ્રધાનતાથી અનેક પ્રકારરૂપ ઉપચાર ધર્મના ભેદાદિની આમાં નિરૂપણ કરવામાં આવે છે.' એ આ વાત. આહાહા..! ભારે પણ ક્યાંનું ક્યાં આવી જાય છે. બહુ વાત...

**'ઈસલિયે ધર્મ કા ભી અનેક પ્રકાર સે વર્ણન કિયા હૈ. વહાં (૧) પ્રયોજનવશ એકદેશ કા સર્વદેશ સે કથન કિયા જાયે સો વ્યવહાર હૈ,...'** એ નિમિત્તનું જે કથન થાય એ બધો એકદેશ છે—અંશ. એ વ્યવહારનો અંશ છે ને? એને આખું કહેવું કે એ સમકિત છે, એ જ્ઞાન છે, એ ચારિત્ર છે, એ અનુભવ પૂર્ણ છે, એ બધો વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા વેપારીને, વકીલોને તો બુદ્ધિ હોય, પણ વેપારીઓને આવું બધું વિચારવામાં...

મુમુક્ષુ :- વેપારીને બુદ્ધિ ન હોય...?

ઉત્તર :- એની એ વાત કરે. યાદ આવ્યું હતું. એની એ વાતું...

મુમુક્ષુ :- બુદ્ધિ તો સૌ લઈને આવ્યા છે.

ઉત્તર :- એ તો કીધું, ક્ષયોપશમ તો છે ભાઈ. હવે અહીં તત્ત્વના વિચારનો ઉદ્યમ કરવો. એટલે

વેપારી કહે કે આપણને કાંઈ બહુ .. નથી પડતી. એની એ વાતું કરવી વેપારમાં. નિશાળનો માસ્તર નહિ? પંગુ. કેવા? પંતુ. ભાઈ કહેતા ને? એનું એ શિખવવું એના એ આંકડા. કાંઈ તર્ક નવા અંદરથી આવે એ નહિ. કાલે યાદ આવ્યું હતું. એની એ વાતું અને .. બીજું કાંઈ નહિ. આહાહા..!

અહીં તો વીતરાગનો માર્ગ તર્કથી એને બેસવો જોઈએ. એમ ને એમ બેસે સાંભળીને એમ નહિ. ન્યાયથી એને બેસવું જોઈએ. સમજાય છે કાંઈ? એના ભાવમાં એને આવવું જોઈએ કે ઓહો..! વસ્તુ(ની) તો આવી સ્થિતિ છે. ત્યાં કહ્યું છે ને. ... જ્યાં લગી ભગવાન કહે છે એ વાત પોતાને ન બેસે ત્યાં સુધી એનો વિચાર કરીને નિર્ણય કરે. એમ પણ કહ્યું છે. બહુ ખોલ્યું છે ત્યાં. આ તો ... સાતમું અધ્યયન તો ત્યાં લખી લીધેલું, (સંવત) ૧૯૮૪માં, ૮૪ની સાલ. કારણ કે પુસ્તક રાખતા નહિ. મગજમાં એમ નહોતું કે આ ... ઘણા લોકો બિચારા આપતા હતા. આ સાચું લખ્યું .. બાપુ! બહુ યથાર્થ તત્ત્વ છે આ. જીવણલાલે લખી દીધેલું. બહુ વાત પણ ઓહોહો..! નિશ્ચય અને વ્યવહારની સંધિ સમજ્યા વિના... નિશ્ચયાભાસી અને વ્યવહારભાસીનું કથન છે, બહુ સરસ.

અહીં કહે છે, **'અન્ય વસ્તુ મેં અન્ય કા આરોપણ અન્ય કે નિમિત્ત સે ઔર પ્રયોજનવશ કિયા જાયે વહ ભી વ્યવહાર હૈ,...'** ઘડામાં જેમ આ ઘીનો ઘડો છે. **'વહાં વસ્તુસ્વભાવ કહને કા તાત્પર્ય તો...'** આવી ગયું એ. **'પ્રયોજનવશ કિયા જાયે વહ ભી વ્યવહાર હૈ, વહાં વસ્તુસ્વભાવ કહને કા તાત્પર્ય તો નિર્વિકાર ચેતના કે શુદ્ધપરિણામ કે સાધનરૂપ,... '** આ વસ્તુ સ્વભાવનો વ્યવહાર કહે છે પાછો. ઓલા વસ્તુ સ્વભાવના ચેતના પરિણામ જે કીધું હતું ને? એમાં ભાઈ! એનો સાધકનો વ્યવહાર કહે છે. આહાહા..! ચૈતન્ય પરિણામ, ભગવાન આત્માને આશ્રયે જે શુદ્ધ ચૈતન્ય પરિણામ (થયા) એ તો નિશ્ચય યથાર્થ, પણ તેમાં નિમિત્તરૂપ અનેક પ્રકારના સમિતિ, ગુપ્તિ, વ્યવહાર આદિના ભાવ હોય સાધકરૂપ, સાધક નામ વ્યવહાર સાધનરૂપ હોં! નિશ્ચય સાધક નહિ. આહાહા..! પાછું કોઈ એમ કોઈ કહે કે જુઓ, (વ્યવહાર) એ સાધક છે અને આ નિશ્ચય સાધ્ય છે. ઈ પંચાસ્તિકાયમાં આવે છે વ્યવહાર સાધનસાધ્ય. એ તો વ્યવહાર સાધનનો અર્થ—નિશ્ચયના પોતાના સ્વરૂપનું સાધન કરે છે, ત્યાં આગળ એ જાતની વિકલ્પની દશા આવી જ હોય તો એ પાત્ર થશે એવું જણાવવા એને સાધક કહ્યું છે. ... વ્યવહારનયથી સાધક કહ્યું છે. ખોટી નયથી સાધક કહ્યું છે. આહાહા..! એવું છે ભાઈ, વસ્તુ તો આ છે. આહાહા..!

**'(૩) મંદકષાયરૂપ શુભ પરિણામ હૈ... '** લ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વભાવના આશ્રયે થયેલા પરિણામને કાળે રાગની મંદતા રૂપી મંદ કષાયરૂપ પરિણામ હોય છે. આહાહા..! ભારે પંડિતજીએ પણ કેટલો ખુલાસો કર્યો છે જુઓ! ગૃહસ્થાશ્રમમાં (રહીને). બહુ... એમાં **'दंसणं मुलो धम्मो'**નો અર્થ કહ્યો...

મુમુક્ષુ :- ઘણું મગજ છે.

ઉત્તર :- બહુ મગજ. વસ્તુસ્થિતિ વર્ણવી છે. આહાહા..! જૈનદર્શન. જૈનદર્શન એટલે જૈનમાર્ગ એટલે મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગની .. અભ્યંતર અને બાહ્ય. આહાહા..! એવું ... દિગંબર દર્શન સિવાય એવી વાત ક્યાંય નિશ્ચય અને વ્યવહાર એકેય સાચી હોતી નથી. આહાહા..! પણ હવે શું થાય? એને એમ થઈ જાય કે આ.. છે. .. નથી બાપુ! આ તો વસ્તુનો સ્વભાવ છે, આવું સ્વરૂપ જ છે. ચૈતન્યને અવલંબીને દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા, એને અભ્યંતર ત્યાગ થઈ ગયો બધો અને બાહ્ય ત્યાગ નગ્નપણું આદિ... આહાહા..! એ ખરેખર દર્શન છે ઈ. અને ધર્મનું મૂળ એ છે. આહાહા..! સમકિત તો ધર્મનું મૂળ છે ... ભૂમિકામાં. આ ધર્મનું મૂળ આવી ચીજ છે. વીતરાગનો મોક્ષમાર્ગ એને સાધનારા ત્રણ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) એ જૈનદર્શન છે. આહાહા..! જૈનદર્શન ક્યાંક હોવું જોઈએ ને?

કાલે કહ્યું હતું નહિ રાત્રે થોડું? પંદરમી ગાથાનું. જૈનશાસન અને જૈનદર્શન બે ચીજ ... પંદરમી ગાથામાં એમ કહ્યું

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

જિનશાસનનું સમ્યગ્દર્શન-જ્ઞાન. શું કહ્યું? રાત્રે કહ્યું હતું. નહોતા? તમે રાતે નહોતા? રાત્રે નથી આવતા. રાત્રે એમ કહ્યું હતું કે એક કોર પરમાત્મા સમયસાર(માં) એમ કહે છે કે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, સામાન્ય, એકરૂપ ... જાણે, જોવે, અનુભવે એ જૈનશાસનને અનુભવે છે. ત્યાં ચારિત્ર ભેગું નથી. અંશે સ્થિરતા છે એ જુદી વાત છે. ત્યાં જ્ઞાનની, દર્શનની, સ્થિરતાના અંશો એટલી વાત છે, બસ. આ જૈનદર્શનમાં ચારિત્રની મુખ્યતાથી એમ વાત કહી. આહાહા..! ઝીણી વાત છે, શેઠ!

સમયસાર પંદરમી ગાથામાં એમ કહ્યું છે કે જે કોઈ ભગવાન આત્માને, રાગ અને સંયોગી નિમિત્ત ચીજથી બદ્ધ નથી, એ તો અબદ્ધ અમૂર્ત સ્વરૂપ છે, સામાન્ય છે, ધ્રુવ છે, દુઃખના વિકલ્પથી રહિત આનંદનું ધામ છે. એવો જેણે દૃષ્ટિમાં, જ્ઞાનમાં જાણ્યો આત્માને, એનો શુદ્ધ ઉપયોગ તે જૈનશાસન છે. આહાહા..! જૈનશાસનનું જ્ઞાન અને શ્રદ્ધાન આ છે. સમજાણું કાંઈ? અહીં જૈનદર્શન કહ્યું એમાં ચારિત્ર લેવું છે. આ તો માર્ગ ... સમજાણું કાંઈ? આહાહા..! સંતોની પદ્ધતિ અને રીત તો કોઈ અલૌકિક! જેમ જેમ વિચાર કરે તેમ તેમ એની ગડ ઊંડી ઊંડી બેસી જાય. સમજાણું કાંઈ? જૈનદર્શન... દર્શન એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતાની પરિણતિ અને એની અંદર છઠ્ઠે ગુણસ્થાને હોય છે. વિકલ્પ અને પંચ મહાવ્રત .. નિમિત્ત છે આ તો. એને અહીંયાં નિમિત્તમાં નગ્નપણું જ નિમિત્ત છે. આને જૈનદર્શન કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય વ્યવહારની સંધિ.

ઉત્તર :- હા, બેય સાથે આવા જ હોય છે એમ. નિશ્ચય આવો હોય અને વ્યવહાર પણ સાથે આવો જ હોય, બીજો હોય નહિ. હીરાભાઈ! નવરંગભાઈ ગયા ને. બહુ સરસ વાત આવી. જૈનદર્શનની

આવી ને. નવરંગભાઈ સવારે ગયા. આવ્યા હતા. આહાહા..! અમૃતના વેણલા છે ભાઈ! અમૃતના વાયુ વાયા છે. આહાહા..!

કહે છે કે જૈનશાસનમાં તો સમ્યગ્દર્શન અને જ્ઞાન જ આવે. શાસન છે ને? ... છે ને એનું, જ્ઞાન છે ને. .. જ્ઞાન લીધું છે ને? ચૌદમામાં દર્શન લીધું, પંદરમામાં જ્ઞાન લીધું. ચારિત્ર તો સોળમાં લીધું છે. આહાહા..! અહીં જૈનદર્શન કહીને ગજબ કર્યું છે! દર્શન માર્ગ. જૈનદર્શનનો મત, જૈનદર્શનનો માર્ગ, જૈનદર્શનની રીત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણની એકતા સહિત એનો જે વિકલ્પ આદિનો વ્યવહાર, ..નો વ્યવહાર આ જ વસ્તુ હોય. એનો નિશ્ચય-વ્યવહાર આ સિવાય બીજો હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમયસાર ને આ બધી વાતો કુંદકુંદાચાર્યની ગૂઢ અને ગંભીર બહુ. એ જ પોકાર કરે છે કે ભગવાનના સમીપે જઈને આ બધું આવ્યું છે. સમજાય છે? ચારે કોર જોવા જાય તો મેળ એવો આવો, એવો જ આવે... એમ થાય કે આહાહા..! આ તે કાંઈ રીત! એનો આત્મા અંદર કબુલ કરીને પોકાર કરે. આહાહા..! એને બીજાને ક્યાં પૂછવું છે? આહાહા..! તું જ અનુભવ કર, તને સુખ થશે, બીજાને ન પૂછ. આવે છે ને ભાઈ? સમયસાર. આહાહા..! તારો માર્ગ પ્રભુ! તારી પાસે છે ને. એટલા .. રાગના .. પંચ મહાવ્રતાદિના એ બધા ... હોય છે.

એ શુભ પરિણામ થતાં બાહ્યક્રિયા '**ઉન સભી કો વ્યવહારધર્મ કહા જાતા હૈ.**' વ્યવહારધર્મનો અર્થ, એ ધર્મ તો છે નહિ, પણ એને આરોપથી વ્યવહારધર્મ કહેવામાં આવે છે. આવું છે. આહાહા..! ખરેખર એ પુણ્યભાવ છે. નિશ્ચયની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રની ભૂમિકામાં જેટલો રાગની મંદતાનો ભાવ આવે. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારુ શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહાર આચરણ રાગની મંદતા એને વ્યવહાર ધર્મ કહીએ. એ પરમાર્થ ધર્મ નહિ. એને નિમિત્ત દેખીને વ્યવહારનો આરોપ આપ્યો. ધર્મ તો એક જ પ્રકારે છે. પણ ધર્મનું કથન-નિરૂપણ બે પ્રકારે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ તો એક જ પ્રકારે છે, પણ એનું નિરૂપણ બે પ્રકારે છે. જે જોડે રાગ હોય એને વ્યવહાર સમકિત કહેવું, શાસ્ત્રના જ્ઞાનને જ્ઞાન કહેવું, એ બધો વ્યવહાર છે. રાગની મંદતાને ચારિત્ર કહેવું એ વ્યવહાર છે. એવું નિરૂપણ કરવામાં આવે છે. વસ્તુ તો એક જ છે. સ્વને આશ્રયે ધર્મ થાય તે એક જ પ્રકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- પછી આ વ્યવહાર જાણવાનું કામ શું?

ઉત્તર :- વસ્તુ છે ને. આવે છે ને? કામ શું, વસ્તુ આવે છે ને વચમાં? જ્યાં સુધી પૂર્ણ સર્વજ્ઞ ન હોય ત્યારે આવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. તેથી એને જાણવો જોઈએ. સમજાણું કાંઈ? જાણવો એ પ્રયોજનવાન છે, આદરવો એ પ્રયોજનવાન નથી. આહાહા..! આવો .. માર્ગ વીતરાગનો. બહુ ગડબડ કરી નાખી. ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું. કાલે એક મોટું લખાણ આવ્યું હતું ભીંડથી, મુમુક્ષુઓનું. બહુ તોફાન કર્યા હતા. બધા વિરોધીઓને બોલાવ્યા હતા .... અરે..! ભગવાન! રતનલાલજી

ને બધાને બોલાવી ચર્ચે છે પુસ્તક આ. અરે..! ભગવાન! શું કરે છે બાપુ? આહાહા..!

મુમુક્ષુ :- જિતના વિરોધ હોગા ઉતના હી પ્રચાર બઢેગા.

ઉત્તર :- ... વિરોધ કરવા જેવું નથી. તત્ત્વેષુ મૈત્રી ... બધા પ્રાણી પ્રત્યે આત્મ.. આત્મસ્વભાવ એ આત્મધર્મી-સાધર્મી છે. આત્માની અપેક્ષાએ દરેક આત્મા સાધર્મી છે. પર્યાયમાં ફેર છે એમ અહીંયાં જણાવે છે. આહાહા..!

મુમુક્ષુ :- સંધિ કરી લેવી જોઈએ.

ઉત્તર :- .. સંધિ હોય? આ એમ કહે કે પાંચ હજાર રૂપિયા લેણા છે, વાણિયો કહે કણબીને. કણબી સમજ્યા? કૃષિકાર. પાંચ હજાર લાવ. એ જાણે વાણિયો કે આની પાસે પાંચ હજાર છે નહિ. માંડ ત્રણ હજાર આપે તો. ... ઓલો કહે કે પણ એક હજાર ઉપર એક પાઈ બીજી નથી. મારી પાસે છે જ નહિ હજાર ઉપર. આ કહે કે પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી. એય.. માંડે લ્યો. આ સંધિ કરવા માટે વાણિયા. ઓલો પંદરસો પર આવે તો આ આવે સાડા ચાર હજારે. ઓલો આવે બે હજારે તો આ આવે ત્રણ હજારે. એમ કરતા... કરતા... બે હજારે પૂરું પડે. એવી સંધિ થાય. એવી અહીંયાં સંધિ છે? શેઠ! વાણિયા તો એવું કરે ને. ન પહોંચે તો શું કરે? લ્યો! દસ હજાર માગતા હોય, આની પાસે ન હોય.

મુમુક્ષુ :- પૈસા ન હોય તો કરે શું?

ઉત્તર :- શું કરે હવે? .. કેટલાક પાસે માગતા હોય એમ જાણે કે આ તો માણસ જરી નાગો છે. બાપુ! તારે ઠીક હોય તો આપજે. ફરિયાદ કરવાની નથી. કુંવરજીભાઈ. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર હોં. ઠીક પડે તો આપજે. અમે ફરિયાદ કરવાના નથી કોર્ટમાં. આહાહા..! ન આપ તો અમારે કાંઈ નહિ. આહાહા..!

અહીં કહે છે, મંદ કષાયરૂપ પરિણામ એને '**ઉસી પ્રકાર રત્નત્રય કા તાત્પર્ય સ્વરૂપ કે ભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' એ પહેલું શું કહ્યું? વસ્તુ તો ધર્મની વ્યાખ્યા કરી ભાઈ! વસ્તુ સ્વભાવનો ધર્મ એની સાથે આ વસ્તુસ્વભાવ તે વ્યવહાર. એની સાથે વ્યવહાર કહ્યો. વસ્તુ સ્વભાવનો ધર્મ જે છે એની સાથે વસ્તુનો સ્વભાવનો ધર્મ વ્યવહારપણું. વસ્તુ સ્વભાવનો નિશ્ચયધર્મની સાથે વસ્તુના સ્વભાવનું વ્યવહાર સંબધ બતાવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઉસી પ્રકાર રત્નત્રય કા તાત્પર્ય સ્વરૂપ કે ભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા ઉનકે કારણ બાહ્ય ક્રિયાદિક હૈં, ઉન સભી કો વ્યવહાર ધર્મ કહા જાતા હૈ.**' સમજાય છે કાંઈ? રત્નત્રયનું જે સ્વરૂપ ભગવાન આત્માનું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને આશ્રયે જે નિર્વિકલ્પ દશા (થાય) એ તો સાચો ધર્મ. હવે એના ... ભેદ(રૂપ) દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ બતાવવો. સમ્યગ્દર્શનનો ભેદ, જ્ઞાનનો ભેદ, ચારિત્રનો વ્યવહાર બધો. અને '**ઉનકે કારણ બાહ્ય**

**ક્રિયાદિક હૈં, ઉન સભી કો વ્યવહાર ધર્મ કહા જાતા હૈ.**' આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મનો અનેક પ્રકાર એનો ભેદ આવી ગયો એમાં ઓલો .. વસ્તુના સ્વરૂપમાં આવી ગયું.

અહીંયાં રત્નત્રયરૂપ જે ધર્મ, આત્માના શુદ્ધ ચૈતન્યને આશ્રયે થયેલી દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ તો નિશ્ચયધર્મ. હવે વ્યવહાર એની સાથે શું? એની સાથનો વ્યવહાર શું? સમજાણું? કે એના ભેદ. વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર. '**તથા ઉનકે કારણ બાહ્ય ક્રિયાદિક હૈં, ઉન સભી કો વ્યવહાર ધર્મ કહા જાતા હૈ.**' સમજ મેં આયા? આહાહા..! ઓલામાં સમાઈ ગયું એ. એક, બે ને ત્રણ કર્યું છે હોં! જોયું?

'**ઉસીપ્રકાર (૪) જીવોં કી દયા...**' હવે. જીવની દયા એ ધર્મ કહ્યો હતો ને નિશ્ચય. એનો હવે વ્યવહાર કહે છે. જીવની દયા. દયાનો અર્થ શું હતો? રાગની ઉત્પત્તિ નહિ. આત્માના સ્વભાવના આશ્રયે વીતરાગ પરિણતિની ઉત્પત્તિ એ દયા અને એ અહિંસા. આહાહા..!

મુમુક્ષુ :- એનું નામ જ દયા છે.

ઉત્તર :- એનું નામ જ દયા છે ને. ઓલી દયા ક્યાં હતી? પરની દયાનો ભાવ તો રાગ છે, એ તો હિંસા છે. અને પરની દયા પાળી કોણ શકે? ત્રણ કાળમાં કોઈ કરી શકે? એને જીવાડવાના પરિણામ એના છે એને આ કરી શકે? એને મારી શકે એના પરિણામ? પરની પર્યાયને મારે કોણ? અને પરની પર્યાયને રાખે કોણ? આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ! અલૌકિક માર્ગ છે.

મુમુક્ષુ :- માર્ગ તો અલૌકિક જ હોય.

ઉત્તર :- અલૌકિક જ છે. આહાહા..!

મુમુક્ષુ :- લોકોત્તર ન હોય તો ...

ઉત્તર :- હા, એમાં નિશ્ચય અને એની સાથે આવો વ્યવહાર. આવો નિશ્ચય એની સાથે આવો વ્યવહાર. આહાહા..! દસ પ્રકારના ... આદિ ધર્મ એ નિશ્ચય પરિણામ એની સાથે રાગની મંદતાનો ભાવ હોય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, મંગળવાર તા. ૧૮-૦૯-૧૯૭૩**
**ગાથા-૨, પ્રવચન - ૪**

અષ્ટપાહુડ. બીજી ગાથાનો ભાવાર્થ ચાલે છે. બીજો પેરેગ્રાફ છે અહીં ગુજરાતીમાં. પાનું પાંચ. ધર્મની વ્યાખ્યા કરી. નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય ધર્મ તો... એમાં હશે. '**એકસ્વરૂપ અનેકસ્વરૂપ કહને મેં સ્યાદ્વાદ સે વિરોધ નહીં આતા,...**' ત્યાંથી આવે છે. નિશ્ચય ધર્મ તો દ્રવ્યાર્થિકનયની અપેક્ષાથી પોતાનો સ્વભાવ જે શુદ્ધ દ્રવ્યસ્વભાવ એને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ નિશ્ચય ધર્મ. એ એક જ પ્રકારે હોય—નિર્વિકલ્પ. અને એની સાથે વ્યવહારનો ભાવ, વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર(રૂપ) જે રાગની મંદતા એને પણ વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. એ વ્યવહાર ધર્મ અનેક પ્રકારે હોય છે અને નિશ્ચય ધર્મ એક પ્રકારે હોય છે. એનો આ સરવાળો છે.

'**વહાં એકસ્વરૂપ અનેકસ્વરૂપ કહને મેં...**' એટલે શું કહ્યું? કે વસ્તુ જે પરમાનંદ મૂર્તિ પ્રભુ એનો આશ્રય લઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ અભેદ એકરૂપ હોય છે. ભલે એની શુદ્ધિ વધે, શુદ્ધિ વધે પણ છતાં એકરૂપ છે, અભેદ છે. સમજાણું કાંઈ? અને તે સ્થાનમાં વ્યવહાર સમકિત, જ્ઞાન, ચારિત્ર કષાયની મંદતાના પરિણામ અનેક પ્રકારના થાય એને પણ વ્યવહાર ધર્મનો, નિશ્ચય ધર્મની સાથમાં એને વ્યવહાર ધર્મનો આરોપ આવે છે. એ છે. તો કહે છે કે '**વહાં એકસ્વરૂપ અનેકસ્વરૂપ કહને મેં સ્યાદ્વાદ સે વિરોધ નહીં આતા,...**' નિશ્ચયધર્મ એકરૂપ અને વ્યવહારધર્મ અનેકરૂપ. અપેક્ષાથી કહેવામાં વિરોધ આવતો નથી. રાગની અનેક પ્રકારતા હોય છે. શુભરાગ અસંખ્ય પ્રકારનો છે. શુભરાગ તો અનેક પ્રકારે હોય અને વસ્તુ સ્વભાવને આશ્રયે થાય તે એક પ્રકારે ધર્મ હોય. બેમાં વિરોધ આવતો નથી.

'**કથંચિત્ વિવિક્ષા સે...**' કોઈ અપેક્ષાથી કથન કરવું કે વ્યવહારની અપેક્ષાએ અનેક છે, નિશ્ચયની અપેક્ષાએ એક છે. એ '**સર્વ પ્રમાણ સિદ્ધ હૈ.**' પ્રમાણ સિદ્ધ છે. '**ઐસે ધર્મ કા મૂલ દર્શન કહા હૈ,...**' એ ધર્મનું મૂલ દર્શન કહ્યું. '**ઈસલિયે ઐસે ધર્મ કા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ સહિત આચરણ કરના હી દર્શન હૈ,...**' અહીં તો એ દર્શન લેવું છે ને. સમજાય છે કાંઈ? આવો જે નિશ્ચય ધર્મ અને વ્યવહાર ધર્મ, એ ધર્મની શ્રદ્ધા, એની પ્રતીતિ અને રુચિ સહિત આચરણ. અંતર સ્વભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય અને વિકલ્પનો વ્યવહાર એ બધો વ્યવહાર. નગ્નપણું ... એ પણ વ્યવહાર છે. એ ધર્મની શ્રદ્ધા, એવા ધર્મની રુચિ, એવા ધર્મનું આચરણ કરવું એ દર્શન છે. સમ્યગ્દર્શન એક આવી ચીજ છે. ધર્મની મૂર્તિ નિર્ગ્રંથ મુનિ એને જ અહીં દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? જૈનદર્શન એટલે સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું હોય અને વ્યવહારના વિકલ્પની

મર્યાદા જે હોય તે ગુણસ્થાન એવા હોય અને મુનિની દશા તો નગ્ન દિગંબર હોય છે. એ જૈનદર્શનની મૂર્તિ છે, એ દર્શનસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**જૈસે વૃક્ષ કે મૂલ બિના સ્કંધાદિક નહીં હોતે. ઈસપ્રકાર દર્શન કો ધર્મ કા મૂલ કહના યુક્ત હૈ.**' સારા ધર્મનું મૂળ એ છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે એ પછી ગૌણની વાત છે. આ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અંતર પરિણમન અને વિકલ્પરૂપ બાહ્ય અને નગ્ન બાહ્ય, એ ધર્મનું મૂળ એ ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અનાદિનો જૈનધર્મ જ એ જાતનો છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને દર્શન કહ્યું. '**ઈસપ્રકાર દર્શન કો ધર્મ કા મૂલ કહના યુક્ત હૈ. ઐસે દર્શન કા સિદ્ધાંતો મેં જૈસા વર્ણન હૈ, તદ્નુસાર કુછ લિખતે હૈં.**' હવે એ દર્શનને અંદર સમ્યગ્દર્શન જે હોય છે એનું વર્ણન છે. સમજાય છે? દર્શન તો એ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ અને વ્યવહાર વિકલ્પ અને નગ્નપણું. પણ એમાં સમ્યગ્દર્શન જે મુખ્ય છે એનું વર્ણન અહીંયાં કરશું કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જૈનદર્શનનો અર્થ જ એ છે, વીતરાગી પરિણમન દર્શન-જ્ઞાન-ચારિત્રનું. અને રાગની ભૂમિકામાં પંચ મહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ આદિ, પાંચ સમિતિ, ગુપ્તિ, વ્યવહાર હોં અને નગ્ન દશા એ જૈનદર્શન છે. એ જૈનદર્શનની મૂર્તિ છે. આ ફાંટા અનેક પડ્યા હતા એ સમયનું આ કથન છે. શ્વેતાંબર પંથ નીકળ્યો હતો ને તે વખતે. તો કહે છે કે જૈનદર્શન તો આ છે. જેનો વેશ વસ્ત્ર પણ નહિ અને જેની શ્રદ્ધા પણ સ્વદ્રવ્યને આશ્રયે થયેલી. જ્ઞાન, દર્શન અને ચારિત્રની રમણતા એ જૈનદર્શન એટલે દર્શનનું સ્વરૂપ જ આ છે. સમજાણું કાંઈ? અને આવી વસ્તુ હોય એની શ્રદ્ધા, એની શ્રદ્ધા સહિત સ્વને આશ્રયે શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? અને આવા દર્શનથી જે ભ્રષ્ટ છે એ બધા(માં) ભ્રષ્ટ, શ્રદ્ધામાં ભ્રષ્ટ, જ્ઞાનમાં ભ્રષ્ટ, ચારિત્રમાં ભ્રષ્ટ છે. આહાહા..! પક્ષથી લાગે, પક્ષ નહિ વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ?

હવે અહીંયાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા. '**વહાં અંતરંગ સમ્યગ્દર્શન તો જીવ કા ભાવ હૈ,...**' જીવની પર્યાય છે. વ્યવહાર સમ્યગ્દર્શન તો રાગની પર્યાય છે. એ જીવભાવની પર્યાય નહિ, એ વિભાવની પર્યાય છે. વ્યવહાર હોય ખરો, એ તો માથે કહ્યું. પણ એ જીવની પર્યાય વાસ્તવિક તત્ત્વ નહિ. આહાહા..! '**અંતરંગ સમ્યગ્દર્શન...**' અંતરંગ સમ્યગ્દર્શન છે ને. એ તો બાહ્ય સમ્યગ્દર્શન છે. વ્યવહાર એ તો રાગ છે, વિકલ્પ છે, જીવની પર્યાય ભાવ છે. જીવ આનંદસ્વરૂપ નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ જીવ છે. જીવ એટલે આત્મા એટલે વીતરાગમૂર્તિ ધ્રુવ. વીતરાગ મૂર્ત સ્વરૂપ ધ્રુવ એની પર્યાય. એને આશ્રયથી પ્રગટેલો નિર્વિકલ્પ વીતરાગી ભાવ એ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગમાં વીતરાગી પર્યાય એ ધર્મ છે.

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શન તો ..

ઉત્તર :- વ્યવહાર તો આરોપિત ધર્મ રહ્યો, યથાર્થ નહિ.

મુમુક્ષુ :- વાસ્તવ મેં અધર્મ...

ઉત્તર :- અધર્મ છે. આરોપથી કથન. અહીંયાં ધર્મ છે, ધર્મ છે તો ત્યાં વ્યવહારનો આરોપ આપ્યો છે. વાસ્તવિક એ નથી. મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે ને. નિશ્ચયાભાસ અને વ્યવહારભાસ. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ છે ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ રાગ એને નિમિત્ત દેખીને, એને વ્યવહાર સમકિત કહ્યું. વાસ્તવિક એ વ્યવહાર સમકિત છે નહિ. અને એ તો બંધનું કારણ છે. પણ અહીંનો આરોપ દઈને, આ નિશ્ચય છે તો એ વ્યવહાર છે એમ આરોપ કર્યો. આહાહા..! ઝીણી વાતું બહુ. સમજાય છે કાંઈ?

એમ આત્માનું જ્ઞાન છે ચૈતન્ય આત્મજ્ઞાન.. આત્મજ્ઞાન. આત્માને સ્પર્શીને જે જ્ઞાન તે જ્ઞાન નિશ્ચય છે અને સાથમાં શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પવાળું એ વ્યવહાર છે. આનો આરોપ આપ્યો ત્યાં. ખરેખર એ જ્ઞાન છે જ નહિ. એ તો રાગવાળું જ્ઞાન છે. આહાહા..!

એમ આત્માને આશ્રયે દર્શન, જ્ઞાન સહિત સ્વરૂપની નિર્વિકારી પરિણતિ સ્વસંવેદનનું ઉગ્રપણું થવું એ ચારિત્ર છે, એ યથાર્થ ચારિત્ર છે. પણ એ ચારિત્રની સાથે રાગ પંચ મહાવ્રતાદિ પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ આદિનો રાગ નિમિત્ત દેખીને એને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. એ વાસ્તવિક ચારિત્ર નથી. વ્યવહાર નયનું કથન નિમિત્ત ઉપર (આરોપ આપીને) અન્યથા કથન કરે છે. આહાહા..! આમાં મોટા વાંધા આવ્યા છે ને વ્યવહાર-નિશ્ચયના. આ વ્યવહાર કહ્યો, જુઓ આ વ્યવહાર કહ્યો. પણ વ્યવહાર એટલે શું? કોને હોય? નિશ્ચય હોય એને વ્યવહાર હોય. જેને નિશ્ચય નથી એને વ્યવહાર કેવો? એ તો વ્યવહારભાસ અનાદિનો છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ '**અંતરંગ સમ્યગ્દર્શન તો...**' જીવની પર્યાય છે. એમ. ભાવ એટલે પર્યાય. '**વહ નિશ્ચય દ્વારા ઉપાધિરહિત શુદ્ધ જીવ કા સાક્ષાત્ અનુભવ હોના ઐસા એક પ્રકાર હૈ.**' નિશ્ચય દ્વારા—અંતર આશ્રય દ્વારા ઉપાધિરહિત—વિકલ્પરહિત શુદ્ધ જીવનો સાક્ષાત્ અનુભવ—વેદન સીધું. આહાહા..! અનુભૂતિ. કેમકે એનો સ્વભાવ જ સાક્ષાત્ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ દૃષ્ટા છે. એવું જ એનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉપાધિરહિત શુદ્ધ જીવ કા સાક્ષાત્ અનુભવ...**' એટલે કે જ્ઞાનની પર્યાય અંદરમાં પ્રત્યક્ષ પ્રગટ થાય. આહાહા..! મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તો સાક્ષાત્ થાય છે. એને પરની અપેક્ષા નથી. એ પ્રત્યક્ષ મતિ શ્રુતજ્ઞાન એવો જે અનુભવ એ એક પ્રકારે છે. એનો પ્રકાર અનેક ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? આ બીજી ગાથાનો અર્થ બહુ ભર્યો છે, ઘણા પાના છે. એક સૂત્રની છઠ્ઠી ગાથાનો. અહીં .. વિસ્તાર કરવો હોય, સમજાવવું હોય તો સમજાવે ને.

'**ઐસા અનુભવ અનાદિકાલ સે મિથ્યાદર્શન નામક કર્મ કે ઉદય સે અન્યથા હો રહા હૈ.**'

કર્મનો ઉદય તો નિમિત્ત છે, પણ મિથ્યાત્વભાવને કારણે એ સમ્યગ્દર્શન વિપરીત થયું છે. કર્મથી કહ્યું તો કર્મ નિમિત્ત છે. નિમિત્તનો ઉદયનો સ્પર્શ જીવની પર્યાયને છે જ નહિ. જીવની પર્યાય કર્મના ઉદયને સ્પર્શતી નથી અને કર્મનો ઉદય(રૂપ) જડની પર્યાય મિથ્યાત્વને સ્પર્શતી નથી. આહાહા..! એ મિથ્યાત્વ પરિણામ એ કર્મના નિમિત્તે થયું માટે એમ કહ્યું. '**મિથ્યાદર્શન નામ કર્મ કે ઉદય સે અન્યથા હો રહા હૈ.**' અનુભવ. આત્માનો અનુભવ આનંદનો જોઈએ એને ઠેકાણે રાગનો અનુભવ રહ્યો છે. એમ કહે છે. જે આત્માની શાંતિનો અનુભવ એ વાસ્તવિક સમ્યગ્દર્શનની અનુભૂતિ છે. એ સમ્યગ્દર્શનની સાથે અનુભૂતિ આ હોય છે. એથી આગળ કહેશે. અનુભૂતિ એ બાહ્ય લક્ષણ છે. પ્રતીત એનું યથાર્થ લક્ષણ છે. પણ એનાથી ઓળખાય છે માટે એને વ્યવહાર કહ્યું છે. અને એ વ્યવહાર શરણ છે. બીજો કોઈ ઉપાય નથી. જ્ઞાનથી જાણ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ ઝીણો છે.

'**ઐસા અનુભવ અનાદિકાલ સે મિથ્યાદર્શન નામક કર્મ કે ઉદય સે અન્યથા હો રહા હૈ.**' એટલે? અહીંયાં આત્માની શાંતિ અને આનંદનું જ્ઞાન પ્રત્યક્ષ હોવું જોઈએ એને બદલે—એના સ્થાનમાં મિથ્યા અભિપ્રાયનું પરિણમન છે એટલે દુઃખનું વેદન છે, દુઃખનો અનુભવ છે. એ મિથ્યાદર્શન, રાગ-દ્વેષ અનંતાનુબંધીના (ભાવ થાય) એ બધું દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**સાદિ મિથ્યાદષ્ટિ કે ઉસ મિથ્યાત્વ કી તીન પ્રકૃતિયાં સત્તા મેં હોતી હૈં...**' અનાદિ મિથ્યાદષ્ટિને તો એક જ હોય-દર્શનમોહ-મિથ્યાત્વ. પણ '**સાદિ મિથ્યાદષ્ટિ કે ઉસ મિથ્યાત્વકી તીન પ્રકૃતિયાં સત્તા મેં હોતી હૈ - મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ ઔર સમ્યક્ પ્રકૃતિ...**' ત્રણ. સમકિત.. '**ઉનકી સહકારિણી અનંતાનુબંધી...**' એની સાથે રહેનારી, સહકારિણી-સાથે. '**અનંતાનુબંધી, ક્રોધ, માન, માયા, લોભ કે ભેદ સે ચાર કષાય નામક પ્રકૃતિયાં હૈં.**' પ્રકૃતિ છે અને અહીં ભાવ છે. '**ઈસપ્રકાર સાત પ્રકૃતિયાં હી સમ્યગ્દર્શન કા ઘાત કરનેવાલી હૈં;...**' લ્યો! એ સાતેય ભાવ સમ્યગ્દર્શનનો ઘાત કરવાવાળી છે. મૂળ તો ભાવ છે હોં ઈ. ઘાતિકર્મ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. ઘાતિકર્મ—દ્રવ્યઘાતિ અને ભાવઘાતિ. દ્રવ્યઘાતિ પર (પર્યાય), ભાવઘાતિ પોતાની પર્યાય. સમજાય છે કાંઈ?

ભઈ કાંઈક અભ્યાસ જોઈએ આ તો. અનંતકાળમાં એને ઊંધા લાકડા ગરી ગયા છે. એને (કાઢવા) અભ્યાસ જોઈએ. સમજાય છે કાંઈ? આત્માના લક્ષે ... સ્વાધ્યાય ... જોઈએ. આહાહા..! મારું હિત કરવું છે એમ જેને (લાગે કે) અરે..! આ હિતના કાળના કાળ છે આ બધા. એમ એને થાય કે મારે હિત કરવું છે. અરે..! અનંત કાળથી અહિત તો કરતો આવ્યો છે. કર્મને લઈને નહિ, પોતાની ઊંધાઈને લઈને. આહાહા..!

અનાદિથી એ પ્રકૃતિનું કાર્ય થઈ રહ્યું છે, કહે છે. '**ઈસ પ્રકાર સાત પ્રકૃતિયાં સમ્યગ્દર્શન કા ઘાત કરનેવાલી હૈં;...**' આહાહા..! '**ઈસલિયે ઈન સાતોં કે ઉપશમ હોને સે પહલે તો ઈસ**

**જીવ કો ઉપશમ સમકિત હોતા હૈ.**' ઉપશમ સમકિત પહેલું થાય. ત્યારે તો પાંચને ઉપશમ કરે છે, પણ અહીં સાદિથી લીધું છે.

'**ઈન પ્રકૃતિયોં કા ઉપશમ હોને કા બાહ્ય કારણ...**' સામાન્યથી બાહ્ય નિમિત્ત કારણ '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ હૈં,...**' છે તો એ પ્રકૃતિનો ઉપશમ કરવાનો પોતાનો પુરુષાર્થ. સમજાય છે કાંઈ? પણ બાહ્ય કારણ નિમિત્ત તરીકે કોણ હોય છે એ અહીં સમજાવે છે. '**ઉનમેં દ્રવ્ય મેં તો સાક્ષાત્ તીર્થંકર કે દેખનાદિ (દર્શનાદિ) પ્રધાન હૈં,...**' ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળી પરમાત્માને દેખવું, સાંભળવું એ સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પણ નિમિત્ત તરીકે ક્યારે કહેવામાં આવે? કે સ્વભાવનો આશ્રયે પ્રગટ કરે ત્યારે તેને નિમિત્ત તરીકે કહેવામાં આવે. સમજાણું કાંઈ? જેણે આત્માના અવલંબે પરની અપેક્ષા અને આશ્રય વિના, પોતાના આત્માના સ્વભાવના આશ્રયે જેણે નૈમિત્તિક દશા-સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એને આવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બાહ્ય નિમિત્તના આરોપે નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તીર્થંકર કે દેખનાદિ...**' તીર્થંકરને દેખવું, સાંભળવું એ મુખ્ય વસ્તુ છે દ્રવ્યમાં. દ્રવ્ય એટલે બાહ્ય ચીજ. '**ક્ષેત્ર મેં સમવસરણાદિ...**' ભગવાનનું સમવસરણ ધર્મસભા આદિ પ્રધાન છે. '**કાલ મેં અર્ધપુદ્‌ગલપરાવર્તન સંસાર ભ્રમણ શેષ રહે વહ...**' અર્ધપુદ્‌ગલ સંસાર રહે એ નિમિત્ત છે. ત્યારે રતનચંદજી એમ કહે છે કે સમ્યગ્દર્શન કરે ત્યારે તેને અર્ધપુદ્‌ગલ થઈ જાય છે. અહીં કહે છે કે અર્ધપુદ્‌ગલ રહે એ બાહ્ય નિમિત્ત છે સમકિતમાં. મોટો ફેર છે. વિરુદ્ધ છે, બહુ વિરુદ્ધ છે. રતનચંદજીની સર્વજ્ઞની શ્રદ્ધામાં બહુ ફેર, ઘણો ફેર, બધો મોટો ફેર. મૂળ શાસ્ત્રના અર્થથી ફેર છે. ભાઈએ જવાબ આપ્યા છે. દરબારીલાલ કોઠીયાએ ઠીક જવાબ આપ્યા છે. પછી બીજો આવ્યો છે એનો આપશે હવે.

સર્વજ્ઞ એટલે શું? ઓહોહો..! એક સમયની પર્યાયમાં કોઈની અપેક્ષા રાખ્યા વિના પ્રગટ આમ બધું જાણે. પ્રગટ પર્યાય છે ભવિષ્યની અને ભૂતની (એમ જાણે). વર્તમાનની તો છે, પણ પ્રગટ પરિણમન છે એમ એ જાણે છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ ભગવાનના સમવસરણ આદિ બાહ્ય પ્રધાન નિમિત્ત કહેવામાં આવે છે. ઓહોહો..! ગૌતમ જુઓને સમવસરણમાં ગયા. માનસ્તંભને (જોયું), આહાહા..! એકદમ પલટ થઈ ગયું. વાણી નીકળી. આહાહા..! એ તો નિમિત્ત (છે), ઉપાદાન તો પોતાનું. નિમિત્તથી થયું નથી. થયું છે ઉપાદાનથી. ત્યારે એને આ નિમિત્ત છે એમ કહેવામાં આવે. એ અર્ધપુદ્‌ગલ પરાવર્તન સંસાર (બાકી) હોય એ સમ્યગ્દર્શનને પામવાનો એ કાળ નિમિત્ત છે.

'**તથા ભાવ મેં અધઃપ્રવૃત્ત કરણ આદિક હૈં.**' લ્યો! અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એ ભાવ છે, એ નિમિત્ત છે. ભાઈ! અહીં નિમિત્તમાં નાખ્યું, બાહ્યમાં નાખ્યું આ. શુદ્ધ આત્માના સન્મુખના પરિણામ એ કારણ છે. આ છે એ બાહ્ય નિમિત્ત છે. ઓલો ભાઈ આપે છે ને બહુ? કાંતિલાલ. ધવલનો દાખલો આપીને કહે છે, જુઓ આ કરણથી થાય છે, જુઓ આ શુભભાવ છે. ત્રણ

કરણ શુભભાવ છે એનાથી સમકિતદર્શન થાય છે. એમ બહુ કહે છે. ખબર છે ને અમને. આહાહા..! એ તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ? વસ્તુની સ્થિતિ છે એમ ન જાણે અને આડુંઅવળું કરે, એ નહિ બેસે. એમ કે આ અધઃકરણ આદિ શુભભાવ છે, ત્યાં ક્યાં શુદ્ધભાવ છે? પણ એનાથી થાતું જ નથી. એ તો કહ્યું છે એ નિમિત્તથી વ્યવહારે કહ્યું છે. આહાહા..! અને એના પરિણામ તો શાસ્ત્રમાં લખ્યું છે ને જયચંદ્ર પંડિતે, શુદ્ધાત્મ અભિમુખ પરિણામ. શુદ્ધ અભિમુખ એના પરિણામ એ કારણ છે. આહાહા..! શું થાય માણસને બેસે જે પ્રકારે એમાં? પરિણતિ જે રીતે બેઠી હોય એ એને ખસે જ નહિ.

મુમુક્ષુ :- એની પરિણતિને અનુસાર જ અર્થ કરે.

ઉત્તર :- એને અનુસરીને જ અર્થ કરે પછી બધા.

મુમુક્ષુ : ...

ઉત્તર :- હા .. શું થાય? એમ તો આ વ્યવહારમાં જુઓને આ શું કહ્યું? બાહ્ય નિમિત્ત ત્યાં છે. શું કહ્યું? જુઓ! છે? કારણ સામાન્ય એના બાહ્ય કારણ. એમ લીધું છે ને? બાહ્ય કારણ સામાન્ય. સંક્ષેપમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. દ્રવ્ય તો તીર્થંકર આદિનું દેખવું-સાંભળવું, ક્ષેત્રમાં સમવસરણ આદિ કે કોઈ તીર્થક્ષેત્ર મોટા અને કાળમાં અર્ધપુદ્ગલ પરાવર્તન નિમિત્ત. એ અર્ધપુદ્ગલ પરાવર્તન કરાવી દે છે સમકિત? અને સમવસરણનું દેખવું એ સમકિત કરાવી દે છે? તીર્થંકરનું સાંભળવું અને જે દેખવું એ કરાવી દે છે?

મુમુક્ષુ :- અધઃકરણ આદિ નથી કરાવતા?

ઉત્તર :- ના, એ તો પોતાના પરિણામ આ બાજુ થયા તો અર્ધપુદ્ગલ (પરાવર્તન) થઈ ગયું છે ત્યાં. અર્ધપુદ્ગલ (સંસાર) જ હોય એને. સમજાણું કાંઈ? આ તો વાતું એવી છે ભાઈ! એનું જેટલું પ્રમાણ હોય એટલી રીતે સમજવું જોઈએ. ઓછું, અધિક, વિપરીત નાખશે તો ઊંધી શ્રદ્ધા થાશે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીનો માર્ગ છે. આ કાંઈ પામરનો માર્ગ નથી આ. આહાહા..!

સર્વજ્ઞ... સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં પ્રત્યક્ષ ત્રણ કાળ ત્રણ લોક પર્યાયમાં જણાઈ ગયા છે. એને જાણવાની પર્યાય એવડી થઈ એને જાણ્યા. આહાહા..! એવા ભગવાનના માર્ગમાં ઓછું, અધિક, વિપરીત એના માર્ગથી ન થઈ શકે, ચાલે નહિ અંદર. આ તો બાહ્ય કારણ કહ્યા. અહીં શું કહ્યું? **'ભાવ મેં અધઃપ્રવૃત્ત કરણ...'** બાહ્ય કારણ સામાન્ય ટૂંકામાં આ કહ્યું. આહાહા..! ભાઈ! આ તો બાહ્ય કારણ કહ્યું અધઃપ્રવૃત્ત. આહાહા..! ખુલાસા પંડિતે પણ (કર્યા છે). પહેલાના તો પંડિતો બહુ... દૃષ્ટિ જ્ઞાનમાં બરાબર .... ઓહોહો..!

કહે છે કે સમ્યગ્દર્શનના પરિણામ... જે જૈનદર્શન છે એમાં સમ્યગ્દર્શન હોય. દર્શન ત્રણેને કહ્યું. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને બાહ્ય.. પણ એમાં જે સમ્યગ્દર્શન છે એ કેવું હોય? એની વાત છે. સમજાણું કાંઈ? એ તો નિરૂપાધિ આત્માની અનુભૂતિના પરિણામ એનાથી જણાય માટે એને નિર્વિકલ્પ

સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ એકરૂપ છે, એ એક જ રૂપ છે અને બાહ્ય એના કારણો, બાહ્ય કારણો નિમિત્તરૂપે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય છે. દ્રવ્યમાં ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરનું દેખવું અને સાંભળવું, એ નિમિત્ત બાહ્ય કારણ, ક્ષેત્રમાં સમવસરણ આદિ અને તીર્થના સ્થાનો એ પણ બાહ્ય નિમિત્ત કહેવામાં આવે અને અર્ધપુદ્‌ગલ પરાવર્તન જે સંસાર રહે એ પણ બાહ્ય નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? ખરેખર તો એના સ્વકાળના પરિણામે પોતામાં સમકિતદર્શન થાય છે. એનો સ્વકાળ છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વકાળે પોતાનું સમ્યગ્દર્શન થાય એમાં અર્ધપુદ્‌ગલ પરાવર્તન (સંસાર) નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહાહા..! અને એ નિમિત્તને હેય કીધું છે દ્રવ્યસંગ્રહમાં. હેય છે. કાળ છે ખરું. કાળની ... એ ચર્ચા બહુ ચાલી છે અમારે ૮૪. ૮૪ની સાલ રાણપર ચોમાસુ જાવું હતું ને. અહીં દામનગર. ચર્ચા અમારે બહુ ચાલતી. ત્યાં દામોદર શેઠ ગૃહસ્થ હતા ને તો .. દૃષ્ટિ બહુ વિપરીત, ઘણી વિપરીત. પહેલું તો હા પાડતાં. સમયસાર, કીધું, જુઓ આ સમયસાર અશરીરી (થવાની) ચીજ છે. આવી ચીજ ક્યાંય નથી અને આ વિના સંસારનો નાશ થાય નહિ. સાચી વાત છે. કોણ માને? પછી જ્યારે એમ થયું કે આ તો સમયસારનો આશ્રય લઈને આ તો .. થઈ ગયા. ભારે! આહાહા..! એ સમયસારનો દોષ કાઢવા માંડ્યા. ફલાણામાં અહીં ભૂલ છે, જીવમાં આમ છે, અજીવમાં આમ છે. અરે..! ભાઈ!

સમયસાર તો ભગવાનની વાણી સાક્ષાત્. આહાહા..! દિવ્યધ્વનિ સીધી ભગવાન પાસે સાંભળી, આવ્યા એવું અહીં કહ્યું છે. એ ભગવાનનો સંદેશ છે. સમયસાર એ ત્રિલોકનાથ સીમંધર ભગવાનનો સંદેશ છે. આહાહા..! એ સમયસારમાં જે આ વર્ણન છે એ અલૌકિક વર્ણન છે. આહાહા..! એ દ્રવ્યસંગ્રહમાં એ આવ્યું ભાઈ! કાળનો અધિકાર આવ્યો ત્યાં. એ જ વાંચતો હતો હું ત્યાં ત્યારે. ૮૪ની વાત છે. જીવરાજજી બારણા પાસે બેઠેલા આમ અપાસરામાં. હું ઓલા બારણે વાંચતો હતો. ... હતું મોટું. એમાં .. હતા. આમ હોય ને તેમ હોય ને ફલાણું હોય, કાળ પાકે ત્યારે થાય, પુરુષાર્થ કામ ન કરે, ફલાણું ને ઢીકણું. તાકડે ન્યાં મારે ઈ વાંચવામાં આવ્યું, એ જ વખતે. કાળ નિમિત્તમાત્ર હેય છે. દ્રવ્યસંગ્રહમાં છે.

મુમુક્ષુ :- મૂળ કારણ તો પોતાની આરાધના છે.

ઉત્તર :- પોતાના સ્વરૂપ તરફનું આરાધન એ જ સમ્યગ્દર્શન છે. સમકિતદર્શનમાં એ કારણ છે. દૃષ્ટિ ગુલાંટ ખાય છે, આમ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે સમકિત થાય છે. બાહ્યકારણ તો નિમિત્ત છે. આહાહા..! વસ્તુસ્થિતિ હોય એમ હોય ને. સમજાણું કાંઈ? ૮૪ની વાત છે. ૧૬ ને ૨૯ = ૪૩ વર્ષ થયા. નહિ, કીધું, માર્ગ તો આ છે. આહાહા..! કાળ હેય છે. અને બીજી રીતે મેં કહ્યું, કે આ કાળે,

સ્વકાળે થયું એ જ્ઞાન સાચું કોને થાય? કે જેને દ્રવ્યનું જ્ઞાન થાય એને સ્વકાળે થયું એનું જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ? આ કાળ પર્યાય, કીધું ને ટોડરમલે કે પોતાના કાળે થાય છે. કાળે થાય છે કાળલબ્ધિએ, પર્યાયનો કાળ છે એમ થાય છે, એ પર્યાયનું જ્ઞાન ક્યારે થાય? એ દ્રવ્યનું જ્ઞાન કરે તો એ પર્યાયનું જ્ઞાન થાય. એકલું પર્યાયનું જ્ઞાન સાચું ન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! માર્ગ તે માર્ગ છે ને. જેને કોઈ નિમિત્તની અપેક્ષા નથી એમ કહેવું છે. અહીં તો વ્યવહાર સમજાવવો છે એટલે નિમિત્ત કોણ ઈ બતાવવું છે.

મુમુક્ષુ :- જ્ઞાન કરાવવું છે.

ઉત્તર :- જ્ઞાન કરાવવું છે. અપેક્ષા છે જ નહિ. આત્માને સમ્યગ્દર્શન પામવામાં જ્ઞાન-ચારિત્ર પામવામાં કોઈ નિમિત્તની અપેક્ષા છે જ નહિ. આહાહા..! વિકારી પર્યાયમાં જ્યાં નિમિત્ત પરની અપેક્ષા નથી એમ ૬૨ ગાથા (કહે છે), પંચાસ્તિકાય. વિકાર મિથ્યાત્વ થવામાં. અરે..! રાગ-દ્વેષ થવામાં પરની અપેક્ષા વિના, જીવ પર્યાયમાં એક સમયમાં ષટ્કારકરૂપે વિકાર પોતે કરે છે. દ્રવ્ય-ગુણનો આશ્રય નહિ, નિમિત્તનું લક્ષ નહિ. આહાહા..! વિકારમાં આ છે તો નિર્વિકારી દશામાં શું હોય? આહાહા..! સમજાય છે કાંઈ? આ તો એક બાહ્ય નિમિત્ત આવા હોય એવું જ્ઞાન કરાવે છે. એ નિમિત્તથી થયું નથી, બાહ્ય કારણથી થયું નથી. એ વખતે લક્ષ અહીં હતું ત્યાંથી છૂટ્યું (અને) ગયો અહીં ત્યારે થયું છે. આહાહા..! આવો માર્ગ. અહીં તો ઓલા કાંતિલાલ કહે છે ને વારંવાર એટલે અટક્યું જરી. જુઓ! આમાં શુભભાવથી સમકિત થાય એમ કહ્યું છે. શુભભાવથી રસ ઘટે, સ્થિતિ ઘટે, ફલાણું થાય, ઢીંકણું થાય. કહે છે ને. કાલે આવી ચર્ચા થઈ, પંડિતજી સાથે ચર્ચા થઈ. માટે આ થાય ને આ થાય.

અહીં તો પરમાત્માનું કહેલું પંડિતજી પોતે લખે છે. આહાહા..! કે એ બધા નિમિત્ત તો બાહ્ય કારણ છે. અધઃકરણ અને અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણ એ બાહ્ય કારણ છે. આહાહા..! ગોમ્મટસારમાં એમ આવે કે આ કરણથી પ્રાપ્ત થાય. એ બાહ્ય કારણની વ્યાખ્યા છે. આહાહા..! આવો માર્ગ! અંતરંગ કારણ તો નિરૂપાધિ પરિણતિ નિરૂપાધિ દ્રવ્યને આશ્રયે થાય છે. એમાં કોઈ અપેક્ષા નિશ્ચયમાં છે નહિ. કોઈ નિમિત્તની અપેક્ષા નથી. આ તો નિમિત્તનું જ્ઞાન કરાવે કે એ વખતે એનું લક્ષ ત્યાંથી છૂટ્યું અને અહીં ગયું, એ આ ચાર કારણો એને બતાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! શેઠ! આ બધું સમજવું પડશે હોં! અદ્ધર ને અદ્ધર રાખ્યું છે અત્યાર સુધી. અત્યાર સુધી અદ્ધર રાખ્યું છે. આવો નિર્ણય થયો નહોતો ને. આહાહા..!

આવો કાળ ક્યારે આવે? બાપુ! આહાહા..! આ સમજવાનો પ્રસંગ ને આ વસ્તુ! અરે..! ઉગરવાના આરાને કાળે આ વાત નહિ સમજે તો પછી જાશે નિગોદમાં. આહાહા..! કોઈની સિફારિશ, બહારની સિફારિશ કામ નહિ આવે. સિફારિશ કહે છે ને? સિફારિશ નહિ? સિફારિશ. કાળ પાકી ગયો,

સબ અવસર આ ગયા હૈ. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં અટક્યું. ભાવમાં અધઃપ્રવૃત્ત કરણ બાહ્ય કારણ સામાન્યપણાના બોલમાં લીધું. આહાહા..! બહુ સરસ લીધું છે, બહુ સરસ વાત છે. જયચંદ્ર પંડિત પણ... જયપુરના છે ને? ઓહોહો..! ન્યાયની .. છે ને એ. આવા ગૃહસ્થાશ્રમમાં પંડિતો આવું (લખે) અને આ ત્યાગીને ભાન ન મળે કાંઈ. અરેરે..! ભાઈ! એના હિતને માટેની વાત છે હોં. તારું હિત કેમ થાય એની તને દરકાર નહિ અને અને તું શેનો સાધુ થયો? આહાહા..!

મારું દર્શન સ્વતંત્ર, મારો ભગવાન પરમાત્મા હું છું. એને આશ્રયે મારું દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વતંત્ર પરની અપેક્ષા વિના થાય છે. આહાહા..! એવી જેને શ્રદ્ધા નથી એને કોઈ રીતે સમ્યગ્દર્શન થાય નહિ. આ જૈનદર્શન લીધું છે ને? અને આગળ કહેશે, આવું ન માને, આવું જૈનદર્શન છે એને ન માને એને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? આહાહા..! બીજી ગાથાના કેટલા પાના ભર્યા છે જુઓને.

મુમુક્ષુ :- શરૂઆત કરી છે.

ઉત્તર :- શરૂઆત કરી છે. '**दंसणं मुलो धम्मो**' ત્યાંથી ઉપાડ્યું છે ને. આહાહા..! જુઓને, આ ચ.... ગયા? મલુકચંદભાઈ ગયા? ઠીક. જયંતિભાઈ. આજ ત્યાં રાખશે. અગિયાર વાગ્યાથી અત્યારે સાડા દસથી તે રાતના અગિયાર સુધી. અગિયાર કલાક સુધી લોહી કાઢે આમાંથી બધું. એક બાજુ અને બીજી બાજું સુધરેલું એનું એ લોહી પાછું અહીં નાખી દે. બાર કલાક. આઠ દિ'માં બે વાર. મંગળ અને શુક્ર. બાર બાર કલાક. લાખ, દોઢ લાખ ખર્ચ્યા. લાખથી પાંચ લાખ થાય તો હું આપીશ જા. પરદેશમાં મોકલ્યો છે. બહુ ખર્ચ થયો. દોઢ લાખનો ખર્ચ થઈ ગયો. બાર મહિને ૬૦ હજારનો ખર્ચ. આ કીડની બધી નબળી થઈ ગઈ. અને કુટુંબમાંથી કીડની મળે તો સાજો રહે, નહિતર થઈ રહ્યું હવે આમ ને આમ. કુટુંબમાં કોની સારી હોય. કેટલાકને કુટુંબને એક એક છે કિડની. આહાહા..! આ સંસાર. યુવાન અવસ્થા છે હજી ૪૪ વર્ષની. કાલે આવ્યા હતા ને. કાલે સાંજે ગયા જયંતિભાઈ. મલુકચંદનો દીકરો ત્રીજા નંબરનો. પહેલો ઓલો નિહાલ, સ્વીત્ઝર્લેન્ડ, બીજો પૂનમ, ત્રીજો આ અને ચોથો નામ નથી ખબર.

મુમુક્ષુ :- તકલીફ એને છે?

ઉત્તર :- હા, એને છે. અહીં બેઠો હતો. કાલે બેઠો હતો સાથે. એને પોતાને. આજે અત્યારે દસ વાગે બેસશે. બાર કલાક સુધી લોહી કાઢશે. બધું લોહી બહાર કાઢી, ઓલું સુધારીને પાછુ અંદર નાખશે. આહાહા..! આ સંસાર, આ શું? આ દેહની.. સ્વરૂપચંદભાઈ! આ સોનાનો પિંડલો લાગે એને. ધૂળેય નથી. આહાહા..! સડેલા છે સડેલા. એ બધું અંદર સડેલું છે. કિડની. આહાહા..!

અહીં તો ભગવાન આત્માને સ્વ સમકિતદર્શન પ્રાપ્તિમાં સ્વનો આશ્રય એ જ અપેક્ષિત છે. પરની અપેક્ષા નિશ્ચયમાં છે નહિ, પણ વ્યવહારે કોણ નિમિત્ત હોય એનું અહીં જ્ઞાન કરાવે છે. એ અધઃકરણ અને અપૂર્વકરણ એ પણ, કહે છે, બાહ્ય નિમિત્ત છે. રાગ મંદ શુભભાવ છે.

મુમુક્ષુ :- અને મિથ્યાદર્શનની ભૂમિકામાં એ છે.

ઉત્તર :- છે ને મિથ્યાદર્શનની ભૂમિકામાં છે ને ત્રણ આ. સમકિત ક્યાં થયું છે? સમકિત પછી થાય છે. આહાહા..! એનું જોર આપે છે બહુ, ધવલમાંથી.

મુમુક્ષુ :- ગુણશ્રેણી નિર્જરા તો થાય છે ને.

ઉત્તર :- ગુણશ્રેણી ધૂળેય નથી થતી. એ તો સ્વને આશ્રયે થાય છે. સ્વનો આશ્રય લીધો છે ને એટલે અહીંથી થાય છે. ઓલાથી થાય એ તો રાગ છે, ... છે, એ તો બાહ્ય નિમિત્ત છે. આહાહા..! આ તો વીતરાગનો માર્ગ બાપા! આ તે કાંઈ... ઇન્દ્રો એકાવતારી અને ગણધરો એ ભવે મોક્ષગામી એ વાતને સાંભળીને અનુભવે છે. આહાહા..! એ કોઈ પામરનો માર્ગ નથી. અબજો રૂપિયાનો વેપાર કરનારો હોય એની દુકાને ઘાંચીને બેસાડે ૩૦ રૂપિયાના પગારવાળો. શું કરતો હશે એ? આહાહા..! એની પેઢીએ તો બહુ હુશિયાર માણસ અને લાખો રૂપિયાના પગાર હોય એના તો. અબજોપતિના માણસના મુનિમ થવું અને દુકાને બેસવું થડે, એ મોટો હુશિયાર હોય. ભગવાનના માર્ગને સમજવા માટે ઘણી પાત્રતા જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ અપેક્ષા મગજમાં ન રાખતા નિશ્ચયથી તે સ્વની અપેક્ષાએ થાય છે.

એ તો છઠ્ઠી ગાથામાં કહ્યું ને. છઠ્ઠા બોલમાં ૨૦ અલિંગગ્રહણ. ૨૦ બોલ છે ને અલિંગગ્રહણના? એનો છઠ્ઠો બોલ છે. પહેલો બોલ એ છે કે ઇન્દ્રિયથી જણાય એવો નથી. ઇન્દ્રિયથી જાણતો નથી– બીજો બોલ. ઇન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય નથી, ત્રીજો બોલ. ચોથો બીજા બધા અનુમાન... બીજા અનુમાન દ્વારા જાણી શકે એવો એ આત્મા નથી. પોતે અનુમાન કરે એ આત્મા નહિ. અનુમાન કરે એ આત્મા જ નહિ. એકલું અનુમાન કરી શકે એ આત્મા નહિ. આત્મા તો પ્રત્યક્ષ થાય છે. અને છઠ્ઠો બોલ એ લીધો છે કે પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ દૃષ્ટા છે. આહાહા..! ૧૭૨ ગાથા પ્રવચનસાર. ૨૦ બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ. આહાહા..! ભગવાન તો પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ (છે). આવ્યું કહ્યું હતું ને અહીં પ્રત્યક્ષ અનુભવ? એ પરોક્ષ રહે એ પણ ચીજ નહિ. આહાહા..! વસ્તુ... વસ્તુ... વસ્તુ... પોતાના જ્ઞાનથી પ્રત્યક્ષ થાય, એ પોતાના સ્વભાવથી જણાય એવી એ ચીજ છે, એ વસ્તુનું સ્વરૂપ આવું છે. એને આ બાહ્ય નિમિત્તો કહેવા એટલું જ્ઞાન કરાવે છે. બાહ્ય નિમિત્તથી થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવ મેં અધઃપ્રવૃત્ત કરણ આદિક હૈં.'** એટલે અપૂર્વકરણ આદિ ... **'(સમ્યક્ત્વ કે બાહ્ય કારણ) વિશેષરૂપ સે તો અનેક હૈં.'** પહેલા સામાન્ય કહ્યા એ. બાહ્ય કારણ સામાન્ય કહ્યા ટૂંકામાં. આ વિશેષ. **'ઉનમેં સે કુછ કે તો અરિહંત બિમ્બ કા દેખના,...'** છે ને, ભગવાનની પ્રતિમાને દેખે છે એમાંથી આ વિચાર આવી જાય, અંદરમાં ઢળી જાય. એ નિમિત્તથી વાત. ઓહો..! આ તો બિંબ પડ્યું છે અક્રિય. કાંઈ હલતું નથી, ચલતું નથી, બોલતું નથી, કહેતું નથી કાંઈ. આમ ઠરી ગયેલ છે. અક્રિય રાગ વિનાની ચીજ—એવું અંદર થતાં તે અંદરમાં વળી જાય છે. એને બાહ્ય નિમિત્ત કહેવામાં

આવે છે. એનાથી થતું નથી. પણ ત્યાંથી લક્ષ છૂટીને અંદરમાં ગયું છે ત્યારે નિમિત્ત કોણ હતું એનું લક્ષ કરાવવા એને નિમિત્ત કીધું છે. આહાહા..! આમ ભગવાન બિરાજતા હોય.

ઓલામાં તો એવું લીધું હતું. ભાવદીપિકામાં લીધું છે? પંચસંગ્રહમાં, નહિ? ઓલા હજાર... પંચસંગ્રહમાં લીધું છે. દીપચંદજીએ. દસ હજાર તીર્થંકર એની મહિમા કરતા એક પ્રતિમાની મહિમા મોટી છે. કેમકે... એ તો મેં પછી કાઢ્યું એમાંથી, જ્યારે વાંચ્યું ત્યારે, કે તીર્થંકર તો અમુક વખતે હોય. ભગવાન તો સદાય બિરાજે છે. આહાહા..! તીર્થંકર... એ લીધું છે ને એટલું? કેવળી કરતા, નહિ? તીર્થંકરના કરતા આનું... છે? લાવો ને. હોય એ વખતે કામ આવે. રામજીભાઈ કાયદો બતાવતા હશે કે નહિ ત્યાં?

મુમુક્ષુ :- એ વિના માને નહિ.

ઉત્તર :- માને નહિ. આહાહા..! વસ્તુ આ છે. દિગંબર ગૃહસ્થોએ પણ વસ્તુનું વર્ણન કર્યું છે. પરંપરા સત્ય (વાત) મળી, સત્ય પ્રવાહનો ધોધ મળ્યો. આહાહા..! દિગંબર ધર્મ એટલે સત્ય જૈનદર્શનનો ધોધ. એમાં થયો ગ્રંથ, એમાં અંદર ચોંટી ગયું. થઈ રહ્યું. જાવ. સીધું પાનું જ ત્યાં આવ્યું. જુઓને! કુદરત શું કરે છે ને! સામે આવ્યું જુઓ. 'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવલી કી, તાકે સમ તીર્થંકરદેવજીકી માનિયે.' હજી અહીંયાં વિચાર કરું પણ પાનું કેટલામું? તો એ પાનું સામે પડ્યું છે. પુણ્યનો યોગ પણ એવો સાથે છે. કુદરત સામે આવે છે.

કહે છે, 'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવલી કી,...' સામાન્ય કેવળી હોય દસ હજાર. 'તાકે સમ તીર્થંકરદેવજીકી માનિયે.' દસ હજાર (કેવળી) એના કરતાં એની-તીર્થંકરદેવની મહિમા વધારે છે. 'તીર્થંકરદેવ મિલૈ દસક હજાર ઐસી, મહિમા મહત એક પ્રતિમા કી જાનિયે.' 'જિન પ્રતિમા જિન સારખી.' એમ વર્ણવ્યું છે ને બનારસીદાસે? 'જિન પ્રતિમા જિન સારખી વંદે.. બનારસીદાસ' અહીં એ વાંચતા વખતે વિચાર આ થયા હોય કે આવું કેમ? કે તીર્થંકર ભગવાન તો અમુક વખતે હોય અને અમુક વખતે ન હોય. બીજે હોય. અને પ્રતિમા ભગવાનની મંદિરમાં પધરાવી છે (એ તો) સદા હાજરાહજૂર.

મુમુક્ષુ :- પોતાના ગામમાં ન જ હોય.

ઉત્તર :- એ જ કીધું ને કે ત્યાં બધે ફરતા હોય છે. આ મંદિરની પ્રતિમા તો હાજરાહજૂર. તીર્થંકરદેવ કરતા જેની મહિમા... એય..! સ્વરૂપચંદજી! અહીં તો આવી વાતું છે. આહાહા..! દીપચંદજી હોં! અનુભવપ્રકાશ, ચિદ્‌વિલાસ. બહુ જબ્બર માણસ. એણે આ વર્ણન કર્યું છે. આહાહા..! પાનું ૧૯ છે. ઉપદેશસિદ્ધાંત રત્ન. લ્યો. ઉપદેશસિદ્ધાંત રત્ન.

મુમુક્ષુ :- ૧૯ પાને? ૨૦માં એક ઓછો.

ઉત્તર :- પુસ્તક છે તમારે ત્યાં? અધ્યાત્મ પંચસંગ્રહ. ખબર નહિ હોય. પૈસા કેટલા છે એ ખબર

છે એને. આ અધ્યાત્મ પંચસંગ્રહ પુસ્તક છે. શેઠને થોડું... મોટા થઈને આવું બધું ધ્યાન રાખવું જોઈએ. એ નોટું બધી ધૂળમાં કાંઈ ન મળે. 'સો તો પુણ્ય હોય તબ વિધિ સૌં વિવેક લિયે, પ્રતિમા કે ઢિગ જાય સેવા જબ ઠાનિયે.' આહાહા..! એ તો મહાપુણ્યશાળીને આવી જાતનો વિવેક મળે, કહે છે. 'નામ કે પ્રતાપ સેતી તુરત તિરે હૈ ભવ્ય, નામ મહિમા વિનતૈં અધિક બખાનિયે.' ... નામની મહિમા બહુ છે. આહાહા..! સ્થાપનાનું કર્યું છે, નામનું નહીં. અધ્યાત્મ પંચસંગ્રહ છે ભાઈનું. જ્ઞાનદર્પણમાં ૩૧મું કે બીજું કાંઈક હશે. જ્ઞાનદર્પણ. ૩૧મું કાંઈક છે. સ્વરૂપાનંદ. જ્ઞાનદર્પણ પાનું-૩૧. છે લખ્યું છે ખરું મોઢા આગળ. ૩૧. હા ૩૧. હા એ. ના, આ બીજી વાત છે. (૫૬-૮૮, ૮૯)

'જૈસો બીજ હોય તાકૌ તૈસો ફલ લાગૈ જહાં,
યહ જગ માહિં જિન-આગમ કહાવે.
ક્રિયા શુભ કીજૈ પૈ ન મમતા ધરીજૈ કહૂં,...'

શુભભાવ આવે, વિનય આવે, વિવેક હો. 'હૂજૈ ન વિવાદી યામૈં પૂજ્ય ભાવના હી હૈ.' બહુ વિવાદ ન કરવો કે ... ભગવાનનું પૂજ્યપણું શુભભાવનું હોય છે. 'હૂજૈ ન વિવાદી યામૈં પૂજ્ય ભાવના હી હૈ.' આહાહા..!

'કીજૈ પુન્યકાજ સૌ સમાજ સારો પરહીકો,
ચેતનાકી ચાહિ નાહિં સધૈ યાકૈ નાહી હૈં.'

ચેતનાનું ફળ તો પોતાને આશ્રયે સધે છે. આવો ભાવ ભગવાનનો વિનય, બહુમાન આવે છે ને? એટલે બહુ વ્યવહારનું... સમજવું. આહાહા..! દીપચંદજી છે.

'**(સમ્યક્ત્વ કે બાહ્ય કારણ) વિશેષરૂપ સે તો અનેક હૈં. ઉનમેં સે કુછ કે તો અરિહંત બિંબ કા દેખના,...**' ત્રિલોકનાથ તીર્થંકરની પ્રતિમાને બિંબ કહ્યું છે. જેવા ભગવાન હોય એવી પ્રતિમા હોય. એમ. એને કાંઈ બીજું ન હોય. અલંકાર ને વસ્ત્ર ને ફલાણું ને ઢીંકણું ન હોય માટે બિંબ કહ્યું. જેવું સામે હોય એવું અરિસામાં દેખાય. જેવા ભગવાન વીતરાગ હતા એવું પ્રતિબિંબ—મૂર્તિ એવી હોવી જોઈએ. એને માટે શણગાર ને ફલાણા ને ઢીકણા એ બધી વીતરાગની મૂર્તિ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એથી કહ્યું. '**અરિહંત બિંબ કા દેખના, કુછ કે જિનેન્દ્ર કે કલ્યાણક આદિ કી મહિમા દેખના,...** ' જિનેન્દ્રદેવના કલ્યાણક થાય. જન્મકલ્યાણક, ગર્ભ કલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક એ દેખીને પણ થાય. છઠ્ઠે પાને, છઠ્ઠે પાને. છઠ્ઠે પાને. કલ્યાણક આદિની મહિમા. દીક્ષાકલ્યાણક થાય એ દેખતાં નિમિત્ત બને વિશેષમાં. પોતાના સ્વભાવનો આશ્રય કરીને થયું ત્યારે એ વખતે ત્યાં લક્ષ હતું, ત્યાંથી છૂટીને અહીં ગયો, એટલી વાત છે. પણ એનાથી થયું નથી.

ત્રણે કાળ ત્રણ લોકમાં '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ૧૧મી ગાથા.

ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન ત્રણ કાળ ત્રણ લોકમાં થાય છે. '**भूदत्थमस्सिदो खलु**' ત્રિકાળ ભૂતાર્થ સામાન્ય દ્રવ્યસ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' આ બધા નિમિત્તના કથન જ્ઞાનના કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કુછ કે જાતિસ્મરણ,...**' કોઈને જાતિસ્મરણ થઈને સમ્યગ્દર્શન થઈ જાય. ઓહોહો..! આવા ભવ અને આ! ફડાક અંદરમાં ચાલ્યો જાય છે. '**કુછ કે વેદના કા અનુભવ,...**' નારકીના (દુઃખ). નારકીને વેદના બહુ હોય ત્યારે વિચાર આવ્યો હોય અને અંદર ઉતરી ગયો હોય તો એ વેદના નિમિત્ત કહેવાય. બાકી તો વેદના અનંત વાર (અનુભવ) કરી છે. પણ જ્યારે એ વેદનાનો વિચાર આવતા અંદરમાં ઉતર્યો ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. વિશેષ નિમિત્તો કહેવામાં આવે છે. ઓલા સામાન્ય ચાર કીધા. સમજાણું કાંઈ? '**કુછ કે ધર્મ શ્રવણ...**' કોઈને ધર્મનું શ્રવણ થઈને સમકિત થાય. સાંભળીને. આમ જ્યાં સાંભળે ત્યાં અંદર એમ થઈ જાય ઓહોહો..! આવો માર્ગ વીતરાગનો! ઓહો..! અલૌકિક નિર્વિકલ્પ કલ્પવૃક્ષ મારું પડ્યું છે ને અંદર. ચિંતામણિ રત્નનો હીરલો હું છે ને. એમ ભગવાને સંભળાવ્યું ને ઉતરી ગયો અંદર. સમજાણું કાંઈ? કોઈને ધર્મ શ્રવણ... આ વિશેષ કારણોની વ્યાખ્યા ચાલે છે. '**કુછ કે દેવોં કી ઋદ્ધિ કા દેખના...**' દેવોની ઋદ્ધિ મોટી આમ દેખે ઓહોહો..! આ તે શું છે આ! આવા તે પુણ્યના ફળ, એ પુણ્ય કોણે બાંધ્યા અને ક્યા પ્રકારના? એમ વિચાર કરતા અંદરમાં ઉતરી જાય. અને બાહ્યનું વિશેષ નિમિત્ત કારણ કહેવાય. વ્યવહારે વાત છે. આહાહા..!

'**ઈત્યાદિ બાહ્ય કારણોં દ્વારા મિથ્યાત્વકર્મ કા ઉપશમ હોને સે ઉપશમસમ્યક્ત્વ હોતા હૈ.**' લ્યો. '**તથા ઈન સાત પ્રકૃતિયોં મેં છહ કા તો ઉપશમ યા ક્ષય હો ઔર એક સમ્યક્ત્વ પ્રકૃતિ કા ઉદય હો, તબ ક્ષયોપશમ...**' પહેલી ઉપશમની વ્યાખ્યા કરી. સાતનો ઉપશમ થઈ જાય એ ઉપશમ. છનો ઉપશમ અને એકનો ઉદય. ઉપશમ વા ક્ષય અને એકનો ઉદય એને ક્ષયોપશમ કહે છે. '**ઈસ પ્રકૃતિ કે ઉદય સે કિંચિત્ અતિચાર – મલ લગતા હૈ...**' (ઉસ) સમયમેં બંધ હોતા નહીં. '**સાત પ્રકૃતિયોં કા સત્તા મેં સે નાશ હો, તબ ક્ષાયિક સમ્યક્ત્વ હોતા હૈ.**' લ્યો! આ સમ્યગ્દર્શન જિનદર્શનનું મૂળ એ મૂર્તિ, એનું મૂળ સમ્યગ્દર્શન. આહાહા..! સમજાય છે કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, ગુરુવાર તા. ૨૦-૦૯-૧૯૭૩**
**ગાથા-૨, પ્રવચન - ૫**

(અષ્ટ પાહુડ) ચલતા હૈ. ઉસમેં દર્શનપાહુડ હૈ. કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડ મેં પહલે દર્શનપાહુડ કહતે હૈં. દર્શનપાહુડ કી બાત ઐસી હૈ પહલી-મુખ્ય કિ જો આત્મા મેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર- — તીનોં અંતર મેં પ્રગટ હુઆ હો. આત્મા ચિદાનંદ... યહાં દર્શન મેં સમ્યગ્દર્શનકી વ્યાખ્યા અબ કરતે હૈં. દર્શન તો તીનોં મિલકર દર્શન હૈ. આત્મા મેં, અંતર શુદ્ધ ચૈતન્ય આત્મા, ઉસકે અનુભવ મેં પ્રતીત હોના વહ નિશ્ચયસમ્યગ્દર્શન હૈ ઔર નિશ્ચયજ્ઞાન વહ આત્માકે અવલંબન સે હુઆ હો ઉસકા નામ સચ્ચા જ્ઞાન કહતે હૈં ઔર ઉસમેં લીનતા, ચારિત્રકી આનંદકી લીનતા વહ નિશ્ચયચારિત્ર. ઉસકા વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધકા રાગ વહ સમકિત કા વ્યવહાર ઔર જ્ઞાનકા વ્યવહાર... ભગવાન કહતે હૈં, શાસ્ત્રકા જ્ઞાન વહ સમ્યગ્જ્ઞાનકા વ્યવહાર, વહ વ્યવહાર. ઔર પંચ મહાવ્રતકા, અઠાઈસ મૂલગુણકા વિકલ્પ વહ વ્યવહાર(ચારિત્ર). યહ નિશ્ચય ઔર વ્યવહાર દો હો ઔર જિસકી નગ્ન મુદ્રા હો ઉસકો યહાં દર્શન કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- ધર્મકી મૂર્તિ.

ઉત્તર :- યહ ધર્મકી મૂર્તિ હૈ. આહાહા..!

અપના સ્વરૂપ ભગવાન આત્મા, આનંદકા નાથ પ્રભુ, ઉસકી અંતર અભ્યંતર દૃષ્ટિ મેં, રાગ બિના, મનકે સંબંધ બિના અપને આત્મા કે આનંદકી પ્રતીતિ અનુભવમેં હો વહ સમ્યગ્દર્શન હૈ. ઔર ઉસકા જ્ઞાન ઔર ચારિત્ર તીનોં મિલકર મોક્ષમાર્ગ હૈ. ઔર મોક્ષમાર્ગમેં વ્યવહાર જો હૈ વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન વહ વ્યવહાર મોક્ષમાર્ગ હૈ. ઔર બાહ્ય મેં જિસકી નગ્ન મુદ્રા હો-યહ તીનોં મિલકર દર્શન કહનેમેં આતા હૈ. પંડિતજી! દર્શનકી મૂર્તિ હૈ યહ. વીતરાગ સ્વરૂપી પરમાત્મા અપના આનંદમૂર્તિ પ્રભુ ઉસકી વીતરાગી પ્રતીતિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર વહ નિશ્ચય ઔર સાથ મેં રાગરૂપ ભાવ વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન વહ રાગભાવ હૈ ઔર સાથ મેં નગ્ન મુદ્રા. યહ તીનોં મિલકર જૈનદર્શન અથવા દર્શનસ્વરૂપ વહ દર્શનકી મૂર્તિ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- મુનિ તો નગ્ન હી હોતે હૈં.

ઉત્તર :- પરંતુ યહ ભાવ હો તો. અકેલી નગ્ન(દશા) ક્યા કરે? અકેલા નગ્ન તો અનંત બાર હુઆ હૈ.

અંતર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ નિરંજન આનંદકંદ પ્રભુ આત્મા હૈ, ઉસ આનંદકા વેદન હોકર સમ્યગ્દર્શન હો ઉસકા નામ દર્શનકા પહલા ભાગ સમ્યગ્દર્શન કહતે હૈં. યહ વ્યાખ્યા ચલતી હૈ. દર્શનમેં

પહલા સમ્યગ્દર્શન કૈસા? સમજમેં આયા? આહાહા..! વસ્તુ વીતરાગ પર્યાય-વીતરાગ ભાવ ઉસકે સાથ ઉસકે યોગ્ય રાગભાવ, ઉસકે સાથ શરીરકી નગ્ન મુદ્રા—યહ તીનોં મિલકર યહાં દર્શન કહને મેં આતા હૈ.

મુમુક્ષુ :- જૈનદર્શન યહ હૈ?

ઉત્તર :- હાં.

ઔર ઐસે દર્શનકી શ્રદ્ધાસહિત, ઐસે દર્શનકી.. મૂલ દર્શન વહ હૈ, તો મૂલ દર્શનકી શ્રદ્ધા સહિત જિસકો આત્મા કે આશ્રય સે સમ્યગ્દર્શન હુઆ, ઉસકો યહાં દર્શનકા પહલા ભાગ સમ્યગ્દર્શન કહતે હૈં. ઐસા કહતે હૈં. આહાહા..! શેઠ! સમજમેં આયા? જ્ઞાનકા ભાવ સૂત્ર મેં લેંગે ભાઈ! યહાં દર્શન હૈ ન, તો તીન ભાગમેં સે દર્શનકી વ્યાખ્યા યહ સબ કરતે હૈં—સમ્યગ્દર્શન ઉસકે સાથકા જ્ઞાન વહ સૂત્ર(પાહુડ)મેં કહેંગે. ઉસકે સાથકા ચારિત્ર વહ ચારિત્ર(પાહુડ) મેં કહેંગે. સમજમેં આયા કુછ? આરે..! આ તો ભાઈ જેને અંદર જન્મ-મરણ ચૌર્યાસીના અવતાર કરીને દુઃખી છે એ. જન્મ-મરણ કરી કરીને દુઃખી છે. અનંતા એણે જન્મ (કર્યા). અનાદિનો આત્મા છે એ નિત્ય આત્મા કાંઈ ક્ષણિક છે? નિત્ય વસ્તુ અવિનાશી અનાદિનું આત્મતત્ત્વ છે. એ અનંતકાળ રહે છે. એવો આત્મા ચોર્યાસીના અવતારમાં અરે..! આવી ચીજ હોવા છતાં જન્મ-મરણમાં રખડે એ દુઃખી છે. એ દુઃખને મુક્ત થવાનો ઉપાય શું છે? સમજાણું કાંઈ? બીચમેં ગુજરાતી આ જાયેગી.

ઉસકા ઉપાય આત્માકા સમ્યગ્દર્શન કરના વહ પહલા ઉપાય હૈ. અથવા વહ દર્શનકા રૂપ જો વીતરાગી પર્યાય ઔર રાગ ઔર નિમિત્ત નગ્ન, ઉસકી પહલી શ્રદ્ધા (હોના) વહ દર્શનકા મૂલ હૈ. સમજમેં આયા? ઐસા દર્શન મૂલ વહ હૈ. ઔર ઉસ મૂલમેં ફિર સમ્યગ્દર્શન હૈ. આહાહા..! સમજમેં આયા? ઐસા વીતરાગી પર્યાયસહિત, રાગસહિત, નગ્નસહિત ઐસી દશા અનાદિકી વીતરાગમાર્ગમેં ઐસી ચલી આયી હૈ. તો વહ દર્શન કા મૂલ કહને મેં આતા હૈ. આહાહા..! ઔર ઉસમેં અબ સમ્યગ્દર્શન ક્યા વહ બાત ચલતી હૈ. સમજમેં આયા?

યહાં આયા હૈ, દેખો! સૂક્ષ્મ અધિકાર હૈ ભાઈ યહ તો. અનંતકાલ સે ઉસને વાસ્તવિક સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિન્હોંને એક સમય-સેકંડ કે અસંખ્ય ભાગ મેં તીન કાલ તીન લોક દેખે, ઐસા આત્માકા સ્વભાવ જિસને પ્રગટ કિયા, ઐસે પરમાત્મા જિનકે મુખસે નિકલા માર્ગ જૈનદર્શન, વસ્તુદર્શન, સ્વભાવદર્શન હૈ. આહાહા..! વહ દર્શન સારે ધર્મકા મૂલ હૈ. સમજમેં આયા? ઔર ઉસ દર્શનમેં ભી પહલા સમ્યગ્દર્શન અભ્યંતર હૈ ઉસકી બાત યહાં ચલતી હૈ. પંડિતજી! આહાહા..!

તીન પ્રકારકી વ્યાખ્યા આ ગઈ. '**ઈસપ્રકાર ઉપશમાદિ હોને પર જીવ કે પરિણામભેદ સે તીન પ્રકાર હોતે હૈં;...**' સમ્યગ્દર્શનકા પરિણામ તીન પ્રકારકા હૈ. એક ઉપશમ સમ્યગ્દર્શન, એક ક્ષાયિક ઔર ક્ષયોપશમ ઐસે તીન પ્રકાર હૈં. સમજમેં આયા? આત્માકા... શુદ્ધ ભગવાન આત્મા

પરિપૂર્ણ શાંતરસ કા પિંડ, અતીન્દ્રિય આનંદકા કંદ આત્મા હૈ. આહાહા..! ઉસ આત્માકે અંદર ઉપશમભાવરૂપ સમ્યક્‌કા પરિણામ હોના વહ પ્રથમ સમકિત કહનેમેં આતા હૈ. ઔર ઉસમેં છહ પ્રકૃતિકા ઉપશમ ઔર એકકા ઉદય રહે ઐસા આત્માકા પરિણામ, ઉસકો ક્ષયોપશમસમકિત કહતે હૈં. ઔર સાતોં કા નાશ હોકર નિર્મલ સમ્યગ્દર્શન (હો) ઉસકો ક્ષાયિકસમકિત કહતે હૈં. આહાહા..! તીનોં જીવકે પરિણામ હૈં. સમજમેં આયા? પરિણામ નામ ઉસકી અવસ્થા હૈ—ઉસકી દશા હૈ. ત્રિકાલ જો ભગવાન આત્મા નિત્યાનંદ ઉસકા તીન પ્રકારકા પરિણામ હૈ. આહાહા..! આમાં સમજવું ભારે કઠણ. જગતમાં બાહ્યની ચીજમાં એટલા બધા બિચારા દોરાઈ ગયા કે આખી ચીજ પડી રહી. અનંતકાળ અનંત અનંતકાળ.

તો કહતે હૈં, વહ પરિણામ અતિ સૂક્ષ્મ હૈ. ભગવાન આત્મા નિર્વિકલ્પ તત્ત્વ પ્રભુ શાંતરસ ઔર આનંદરસકા પિંડ આત્મા, ઉસકી શ્રદ્ધાકા પરિણામ સૂક્ષ્મ હૈ. સમજમેં આયા? સારા આત્મા અતિ સૂક્ષ્મ હૈ તો ઉસકી શ્રદ્ધા કા પરિણામ તો સૂક્ષ્મ હૈ. આહાહા..! સમજમેં આયા? અનંતકાલમેં કભી ઉસને સમ્યગ્દર્શનકી પર્યાય પ્રગટ કી નહીં. ઉસકે બિના ઉસને વ્રત ને નિયમ ને તપ અનંતબાર કિયા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.'

મુમુક્ષુ :- એમાં મિથ્યાત્વ મંદ થયું હશે કે નહિ થયું હોય?

ઉત્તર :- મંદ તો થયું હતું અનંતવાર.

મુમુક્ષુ :— તો કેમ ધર્મ ન થયો?

ઉત્તર :— મંદ એ ધર્મ છે? મિથ્યાત્વ મંદ, અનંતાનુબંધીનો રસ મંદ એ તો કર્મધારામાં મંદ તીવ્ર હૈ, આત્મામેં કહાં વહ બાત હૈ? આહાહા..! શું કહ્યું સમજાય છે કાંઈ? ક્યા કહા? મિથ્યાભ્રાંતિ ઔર ઉસકા નિમિત્ત કર્મ દર્શનમોહ, ઉસમેં મંદ રસ તો અનંતબાર કિયા થા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો...' તબ. છહ ઢાલામેં આતા હૈ ન? છહ ઢાલામેં આતા હૈ.

મુમુક્ષુ :- મંદ કરતા કરતા એનો અભાવ થાય ને?

ઉત્તર :- ધૂલમેં ભી નહીં હોતા મંદકષાય કરતે કરતે. ઉસસે રહિત હોકર, રુચિ છોડકર સ્વઆશ્રય ચિદાનંદ પ્રભુ, આત્માકા આનંદનાથ, ઉસકી અંદર સ્વ અપેક્ષાસે પ્રતીતિ હોના, પરકી અપેક્ષા બિલકુલ નહીં.

મુમુક્ષુ :- એના થોડાક દોકડા તો આપો?

ઉત્તર :- આ થોડા દોડકા આપીએ છીએ ને. સોએ સો દોકડા એના. આના સોએ સો દોકડા આના. દોકડા કહે છે? પ્રતિશત. થોડા ટકા આપો રાગની મંદતાને. એક અંશ ભી નહીં. આનંદમૂર્તિ પ્રભુ...

મુમુક્ષુ :- રાગની મંદતા નહિ, મિથ્યાત્વની મંદતામાં આપો.

ઉત્તર :- મિથ્યાત્વકી મંદતા મેં કુછ લાભ નહીં. એય..! ચેતનજી! અભવિકો ભી મંદતા અનંતબાર હોતી હૈ. ક્યા હૈ ઉસમેં? કભી મુક્તિ નહીં પાને(વાલા) જીવ હૈ, જૈસે કોરડુ મગ ઔર મઠ હોતા હૈ કિ નહીં? પાની સે ચડતા નહીં, બફાય નહીં એ. ભરડે ભુકા હોતા હૈ. પાપડ હો, સીજે નહીં, ઐસા અનંત અભવિજીવ હૈ ઉસકા ભી મિથ્યાત્વ મંદ ઔર અનંતાનુબંધી મંદ અનંતબાર હો ગયા.

મુમુક્ષુ :- કેવોક મંદ થયો છે? નવમી ગ્રૈવેયકે જાય એવો થયો હશે?

ઉત્તર :- નવમી ગ્રૈવેયકે શું? કેટલો મંદ! ગૃહીત મિથ્યાત્વ છૂટ ગયા. આહાહા..! અગૃહીતમેં ભી મિથ્યાત્વ કા રસ મંદ હૈ. એય..! ઉસસે ક્યા? વહ કોઈ ચીજ હૈ? આહાહા..!

મુમુક્ષુ :- આ બધું સમજવું શું કરવા?

ઉત્તર :- ઉસકો સત્ય સમજના હો તો યહ હૈ. અનંતકાલ સે ચાર ગતિ મેં ભટકતે ભટકતે...

મુમુક્ષુ :- આપ તો બધી પર્યાયની વાત કરો છો?

ઉત્તર :- પર્યાયકી બાત કહાં હૈ? એ... ચેતનજી! મોક્ષમાર્ગ યહ પર્યાય હૈ. મોક્ષમાર્ગ કોઈ દ્રવ્ય, ગુણ નહીં. સિદ્ધ ભી પર્યાય હૈ. પર્યાય મેં કાર્ય હોતા હૈ, દ્રવ્યમેં કાર્ય નહીં હોતા. દ્રવ્ય તો ધ્રુવ હૈ. આહાહા..!

યહાં તો કહતે હૈં કિ વહ તીન પ્રકાર કે જો પરિણામ હૈં વહ સૂક્ષ્મ હૈ. યહ કહતે હૈં. સમ્યગ્દર્શનકે પરિણામ સૂક્ષ્મ હૈ.

મુમુક્ષુ :- સ્વયં કો પતા નહીં ચલતા?

ઉત્તર :- ચલતા હૈ. નહીં ચલતા (ઐસા હૈ)?

મુમુક્ષુ :- .. ઐસી બાત નહીં કહી.

ઉત્તર :- યહાં અભી વહ નહીં કહતે હૈં. સ્વયંકો ભી (પતા) ચલતા હૈ ઔર દૂસરેકો ભી ચલતા હૈ. પરંતુ ઉસકે લક્ષણ સે ચલતા હૈ. અતિ સૂક્ષ્મ બોલ હૈ. આહાહા..!

એ તો આગળ કહ્યું છે ને. અંદર લખ્યું છે આમાં. ખુલાસો કરી નાખ્યો છે. એ કોઈએ લખ્યું છે. અહીં કહ્યું હતું વ્યાખ્યાનમાં એ. વ્યવહારકા શરણકા અર્થ, જ્ઞાનસે-અનુભૂતિસે સમ્યગ્દર્શનકા નિર્ણય કરના વહ વ્યવહાર હૈ. સમજમેં આયા? ઈસમેં લિખા હૈ. આયેગા. કિસીને ડાલા હૈ. વ્યાખ્યાન મેં આયા હૈ. વ્યવહારકા શરણ અર્થાત્ ક્યા? આત્માકી અનુભૂતિ હોના વહ જ્ઞાનપર્યાય હૈ ઔર ઉસસે દર્શનપર્યાયકા નિર્ણય કરના કિ યહ દર્શન હૈ, વહી વ્યવહાર હૈ. એક ગુણકી પર્યાયસે દૂસરે ગુણકી પર્યાયકા નિર્ણય કરના વહ વ્યવહાર હૈ. આહાહા..!

યહ તો જિસકો ચાર ગતિકા દુઃખ લગા હો. ચાર ગતિ પરિભ્રમણ કરતે કરતે અનંત ભવ હુઆ. કીડા, કાગડા, કૌઆ ઓહોહો..! નરક યોનિ, પશુ. આહાહા..! દેખો ન, આજ એક શરીર વહાં દેખા થા. ગંધ આતી હૈ. ઉસકા શરીર હોગા તબ બહુત આનંદ મેં હોગા. ઈતની ગંધ મારે સડકકે ઉપર. નીચે

કોઈ મુરદા પડા થા, પશુકા હોગા. યહ તો રજકણ મિટ્ટી હૈ. ગંધ હો તો ભી ધૂલ હૈ ઔર સુગંધ હો તો ભી ધૂલ હૈ. યહ તો મિટ્ટી હૈ. આત્મા તો અંદર અરૂપી આનંદકંદ પ્રભુ હૈ. માલૂમ નહીં (કિ) ક્યા ચીજ હૈ. આહાહા..! સ્વયંકી ચીજ ક્યા હૈ? ઔર અપનેમેં ક્યા નહીં હૈ? ઔર અપની ચીજ કિસમેં નહીં હૈ? ખબર નહીં. ઐસા ભેદજ્ઞાનકે બિના સમ્યગ્દર્શન હોતા નહીં. સમ્યગ્દર્શન પરિણામ સૂક્ષ્મ હૈ, વહ બાત અભી કરના હૈ. સમજમેં આયા?

**'વે પરિણામ અતિ સૂક્ષ્મ હૈં, કેવલજ્ઞાનગમ્ય હૈં,...'** સીધા દેખનેમેં કેવલજ્ઞાની દેખતે હૈં. ઐસા કહતે હૈં. આત્મગમ્ય હૈ—અનુભૂતિસે ગમ્ય હૈ. આયેગા. સ્પષ્ટતા કરેંગે. **'ઈસલિયે ઈન પ્રકૃતિયોંકે દ્રવ્ય પુદ્‌ગલપરમાણુઓં કે સ્કંધ હૈં, વે અતિસૂક્ષ્મ હૈં...'** પુનઃ ઉસકા કર્મ જો જડ હૈ વહ ભી અતિસૂક્ષ્મ પરમાણુ સૂક્ષ્મ હૈ. **'ઔર ઉનમેં ફલ દેનેકી શક્તિરૂપ અનુભાગ હૈ, વહ અતિસૂક્ષ્મ હૈ,...'** જડ કર્મમેં અનુભાગ—ફલ દેનેકી શક્તિ વહ હૈ રૂપી, પરંતુ અતિસૂક્ષ્મ હૈ. **'ઔર ઉનમેં ફલ દેનેકી શક્તિરૂપ અનુભાગ હૈ, વહ અતિસૂક્ષ્મ હૈ, વહ છદ્મસ્થ કે જ્ઞાનગમ્ય નહીં હૈ.'** અલ્પ જ્ઞાનીકો સીધા જ્ઞાન સે જાનને મેં આયે ઐસી ચીજ નહીં. **'વે ભી કેવલજ્ઞાનગમ્ય હૈં.'** કૌન? પ્રકૃતિ, હાં! પહલે આત્માકા શુદ્ધ સમ્યગ્દર્શનકા પરિણામ વહ અતિસૂક્ષ્મ ઔર પ્રકૃતિ જો નિમિત્તરૂપ હૈ વહ ભી અતિ સૂક્ષ્મ. દોનોં કેવલજ્ઞાનગમ્ય સીધા હૈ.

**'તથા ઉનકા ઉપશમાદિક હોને સે જીવ કે પરિણામ ભી સમ્યક્‌ત્વરૂપ હોતે હૈં, વે ભી અતિસૂક્ષ્મ હૈં, વે ભી કેવલજ્ઞાનગમ્ય હૈં. તથાપિ જીવ કે કુછ પરિણામ છદ્મસ્થકે જ્ઞાન મેં આને યોગ્ય હોતે હૈં, વે ઉસે પહિચાનને કે બાહ્ય ચિહ્ન હૈં,...'** બાહ્ય ચિહ્ન હૈં. સમ્યગ્દર્શન આત્માકી પ્રતીતિ. આત્મા અખંડાનંદ પ્રભુ, ઉસકી પ્રતીતિકે પરિણામ સીધે જાનને મેં નહીં આતે હૈં. પરંતુ બાહ્ય ચિહ્નસે અનુભૂતિ સે જાનનેમેં આતે હૈં. આહાહા..! **'જીવ કે કુછ પરિણામ છદ્મસ્થ કે જ્ઞાનમેં આને યોગ્ય હોતે હૈં, વે ઉસે પહિચાનને કે બાહ્ય ચિહ્ન હૈં, ઉનકી પરીક્ષા કરકે નિશ્ચય કરનેકા વ્યવહાર હૈ...'** આહાહા..! બાહ્ય ચિહ્ન અનુભૂતિકે સાથમેં હી સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્યગ્દર્શન સાથમેં અનુભૂતિ. આત્માકા જ્ઞાન ઔર વેદન સાથમેં હોતા હૈ. આહાહા..! યહ આત્માકે આનંદકે સ્વાદકે લક્ષણ સે યા અનુભૂતિકે લક્ષણસે સમ્યગ્દર્શનકા ચિહ્ન જાનનેમેં આતા હૈ. વહ વ્યવહાર હૈ.

મુમુક્ષુ :- પહલે સમ્યગ્દર્શન યા વ્યવહાર?

ઉત્તર :- સમ્યગ્દર્શન વ્યવહાર નહીં. સમ્યગ્દર્શન તો નિશ્ચય હૈ. સમ્યગ્દર્શનકે પરિણામ કો અનુભૂતિ ઔર આસ્વાદ આનંદકા સ્વાદસે જાનના વહ વ્યવહાર હૈ. એક પર્યાયસે દૂસરી પર્યાય કા જાનના વહ વ્યવહાર હૈ. સમ્યગ્દર્શન વ્યવહાર નહીં, વહ તો નિશ્ચય હૈ. આહાહા..! દેખો ન, કિતના અચ્છા લિખા હૈ! આહાહા..! ગૃહસ્થે હૈ પરંતુ ચારોં ઓરસે મેલ કરકે બહુત સ્પષ્ટ હૈ. આહાહા..! ન્યાય સે એકદમ વસ્તુસ્થિતિ હૈ યહ.

**'પહિચાનને કે બાહ્ય-ચિહ્ન હૈં, ઉનકી પરીક્ષા કરકે નિશ્ચય કરનેકા વ્યવહાર હૈ – ઐસા ન હો તો છદ્મસ્થ વ્યવહારી જીવકે સમ્યક્ત્વ કા નિશ્ચય નહીં હોગા ઔર તબ આસ્તિક્ય કા અભાવ સિદ્ધ હોગા,...'** આહાહા..! **'વ્યવહાર કા લોપ હોગા – યહ મહાન દોષ આયેગા.'** અંતર અનુભવકી દૃષ્ટિ મેં સમ્યગ્દર્શનકા ભાન હોતા હૈ. સમજમેં આયા? ઐસા ન હો તો વ્યવહારકા લોપ હો જાયે. ફિર યહ સમકિતી હૈ ઔર ખુદ સમકિતી હૈ ઐસા નિર્ણય ન હુઆ તો વ્યવહારી કેવલ અજ્ઞાની હુઆ. બાહરમેં ઉસકો ચારિત્ર ન હો ઔર સમ્યગ્દર્શન, જ્ઞાન હો, ઉસકે ચિહ્ન સે જો જાનનેમેં ન આયે તો વ્યવહાર કૈસે કરના કિ યહ ધર્મી હૈ, યહ ગુરુ હૈ, શાસ્ત્ર હૈ? આહાહા..! સમજમેં આયા? બહુત સૂક્ષ્મ બાતેં હૈં.

મુમુક્ષુ :– સૂક્ષ્મ...

ઉત્તર :– વિષય ભી અનેક આતે હૈં.

**'આસ્તિક્ય કા અભાવ સિદ્ધ હોગા, વ્યવહાર કા લોપ હોગા – યહ મહાન દોષ આયેગા. ઈસલિયે બાહ્ય ચિહ્નોં કો આગમ, અનુમાન તથા સ્વાનુભવ...'** દેખો તીનોં. આહાહા..! એક તો શાસ્ત્ર-આગમ સે જાનના. એક બાત. વહ પરોક્ષ હુઆ. અનુમાન સે જાનના વહ ભી પરોક્ષ હુઆ. સ્વાનુભવ સે જાનના કિ અપને વેદન સે જાનના, સ્વવેદન, સ્વસંવેદન, જ્ઞાન જ્ઞાન સે વેદને મેં આતા હૈ ઉસસે જાનને મેં આતા હૈ.

મુમુક્ષુ :– મુખ્ય ચિહ્ન યહી હૈ?

ઉત્તર :– બાહ્ય ચિહ્ન. પરંતુ યહ બાહ્ય ચિહ્ન.

મુમુક્ષુ :– સ્વાનુભવ ભી બાહ્ય ચિહ્ન? વ્યવહાર હૈ.

ઉત્તર :– વહ જ્ઞાનકી પર્યાય હૈ ન. જ્ઞાનકી પર્યાય હૈ ઔર યહ દર્શનકી પર્યાય હૈ.

મુમુક્ષુ :– સ્વગુણકી પર્યાય નહીં હૈ, શ્રદ્ધાગુણકી નહીં હૈ.

ઉત્તર :– નહીં હૈ. કિતની બાત લી હૈ દેખો. આહાહા..! સમજમેં આયા?

**'બાહ્ય ચિહ્નોં કો આગમ,...'** સિદ્ધાંત શાસ્ત્ર સે, **અનુમાન** સે. જહાં જહાં જ્ઞાન વહાં વહાં મૈં ઐસી પ્રતીતિ અનુમાનમેં આતી હૈ. ઔર **સ્વાનુભવ** મેં-પ્રત્યક્ષ વેદનમેં જ્ઞાન મેં શાંતિકા વેદન ઔર સમ્યગ્જ્ઞાનકા વેદન (હોના) ઉસસે વહ અનુમાન સે બાહ્ય ચિહ્ન સે જાનને મેં આતા હૈ. સમજમેં આયા કુછ? પરીક્ષા કરકે નિશ્ચય કરના ચાહિયે ઐસા. ઐસે હી નહીં. આહાહા..!

મુમુક્ષુ :– મોટા માણસની અમારે નાના માણસે પરીક્ષા કરવી?

ઉત્તર :– સ્વયં બડા હૈ ઔર સ્વયં અપની પરીક્ષા કરે. ... ક્યા અપના. અપને સ્વરૂપકી અપની પરીક્ષા અપને કરે. પીછે દૂસરી ચીજ તો હૈ. શાસ્ત્રમેં ચલા હૈ ધવલમેં. યહ જીવ ભવિ હૈ કિ અભવિ? મતિજ્ઞાનમેં વિચાર કરને સે ઉસકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા નિશ્ચય હૈ ઐસા ખ્યાલ આ ગયા. ઉસસે

નક્કી કરતે હૈં કિ યહ તો ભવિ હૈ. ઐસા ધવલમેં પાઠ હૈ. યહ પ્રાણી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત હૈ. નિશ્ચય હોં! આહાહા..! ઐસા મતિજ્ઞાન મેં અવગ્રહ, ઈહા, અવાય ધારણા કા બોલ ચલા હૈ. સર્વાર્થસિદ્ધિ આદિમેં કેવલ યહ દક્ષિણી હૈ કિ નહીં, ઐસા ચલા હૈ. ફિર નિર્ણય કિયા અવગ્રહ, ઈહાસે. યહ સ્થૂલકી બાત હૈ. ધવલમેં સૂક્ષ્મ બાત લી હૈ. સમજમેં આયા? કિ યહ વ્યક્તિ કૌન હૈ? કાઠિયાવાડી હૈ (કિ) દક્ષિણી ઈતના પહલે. બાદમેં નિર્ણય કરના કિ યહ કાઠિયાવાડી લગતા હૈ. પીછે ધારણા કરના અવાય.. કરકે. યહાં તો આત્મામેં લિયા હૈ ધવલમેં. યહ પ્રાણી ભવ્ય હૈ કિ અભવ્ય? મોક્ષ જાને લાયક હૈ કિ મોક્ષ જાને લાયક નહીં? ઐસા જહાં મતિજ્ઞાન કામ કરતા હૈ તો ઉસકા વિચાર કરતે હૈં કિ ઓહો..! નિશ્ચયસમ્યગ્દર્શન દશા બરાબર જાનતે હૈં. ઔર નિશ્ચયજ્ઞાન ઔર સ્વરૂપકી રમણતા સમ્યગ્દષ્ટિ કો મતિજ્ઞાન મેં પરકા ભી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા ભાન હોતા હૈ. આહાહા..! સમજમેં આયા કુછ? સમજાણું કાંઈ, યહ કાઠિયાવાડી ભાષા હૈ. સમજમેં આયા કુછ? ગુજરાતી આ જાયે ન થોડી થોડી. આહાહા..! સમજમેં આતા હૈ કિ નહીં?

ભગવાન આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ઐસે આત્માકી અંતર પ્રતીતિ સ્વકે આશ્રય સે હોતી હૈ ઉસકા નામ સમ્યગ્દર્શન નિશ્ચય કહનેમેં આતા હૈ. વહ કૈસે પરખને મેં આતા હૈ? વહ બાત ચલતી હૈ. આહાહા..! કિ આગમ સે, અનુમાન સે ઔર સ્વસંવેદન સે. '**વે ચિહ્ન કૌનસે હૈં સો લિખતે હૈં...**' દેખો! '**મુખ્ય ચિહ્ન તો ઉપાધિરહિત શુદ્ધજ્ઞાન ચેતનાસ્વરૂપ આત્માકી અનુભૂતિ હૈ.**' મુખ્ય ચિહ્ન હોં! હૈ વહ ભી બાહ્ય ચિહ્ન. આહાહા..! ભગવાન આત્મા રાગકા વિકલ્પ જો રાગ હૈ રાગ વિકલ્પ. દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત સબ શુભરાગ હૈ. ઔર ગુણ-ગુણીકા ભેદ ભી કરતે હૈં તો વહ ભી વિકલ્પ રાગ હૈ. તો ઉસ રાગકી ઉપાધિસે રહિત. હૈ? '**મુખ્ય ચિહ્ન તો ઉપાધિરહિત શુદ્ધજ્ઞાન ચેતનાસ્વરૂપ આત્માકી અનુભૂતિ હૈ.**' કેવલ પવિત્ર ભગવાન આત્મા વહ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય ઉસમેં વિકલ્પકા અભાવ હોકર ઉપાધિરહિત અપના અનુભવકા પરિણામ—અનુભૂતિ વહ ઉસકા મુખ્ય ચિહ્ન હૈ. સમ્યગ્દર્શનકો જાનનેમેં અનુભૂતિ ઉપાધિરહિત પરિણામ વહ બાહ્ય ચિહ્ન સમ્યગ્દર્શન કો જાનનેમેં હૈ. અરેરે..! બહુત સૂક્ષ્મ બાત હૈ. સમજમેં આયા?

'**યદ્યપિ યહ અનુભૂતિ જ્ઞાનકા વિશેષ હૈ,...**' આહાહા..! અનુભવ વહ તો જ્ઞાનકી દશા હૈ. '**તથાપિ વહ સમ્યક્ હોનેપર હોતી હૈ,...**' આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉસકી પ્રતીતિકે સાથ મેં અનુભૂતિ હોતી હૈ. હૈ? '**સમ્યક્ હોનેપર હોતી હૈ,...**' અનાદિ અજ્ઞાનમેં તો રાગ ઔર દ્વેષકા હી વેદન—અનુભૂતિ હૈ. સંકલ્પ-વિકલ્પ... સંકલ્પ-વિકલ્પકા વેદન વહ તો દુઃખ હૈ. આહાહા..! બરાબર હોગા યહ? ભગવાનજીભાઈ! યે સબ પૈસેવાલેં કહલાતે હૈં ન ધૂલવાલે. ધૂલકે સ્વામી. કરોડપતિ, અબજોપતિ. એય..! સેઠ! આપ દુઃખી હો ઐસા કહતે હૈ યહાં. પર તરફ કા લક્ષ્ય હૈ કિ યહ પૈસા મેરે, સ્ત્રી મેરી, આબરૂ મેરી વહ મિથ્યાત્વકા લક્ષણ મહા દુઃખરૂપ ઉપાધિ હૈ. આહાહા..! ઉસ ઉપાધિસે

રહિત નિરૂપાધિ જ્ઞાન કા અનુભવ હોના વહ સમકિતકા બાહ્ય લક્ષણ હૈ. મુખ્ય ચિહ્નમેં યહ હૈ. આહાહા..! વીતરાગમાર્ગ સર્વજ્ઞકા માર્ગ અલૌકિક માર્ગ હૈ ભાઈ! ચૌરાસીકે અવતાર મેં ભટક ભટકકર અનંતકાલ ગંવાયા હૈ. પરંતુ સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ વહ સમકિત, વહ સમકિત નહીં. વહ તો યહ નિશ્ચય હો તબ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. ઓહોહો..! ભગવાન આત્મા મહિમાવંત પ્રભુ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ઉસકી અંતરમેં અનુભૂતિકે સાથ મેં પ્રતીત હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા?

કહતે હૈં કિ યહ બાહ્ય ચિહ્ન કહતે હૈં. ક્યોંકિ સમ્યક્ત્વ હોને પર હોતી હૈ ઈસલિયે બાહ્ય ચિહ્ન હૈ ઐસા. કૌન? અનુભૂતિ. જ્ઞાનકા અનુભવ વહ સમ્યક્ હોનેપર હોતી હૈ. ઉસ કારણ સે અનુભૂતિકો બાહ્ય ચિહ્ન કહને મેં આતા હૈ. '**જ્ઞાન તો અપના અપને કો સ્વસંવેદનરૂપ હૈ;...**' જ્ઞાન હૈ વહ અપને આપકો વેદતા હૈ. સ્વસંવેદન. જ્ઞાનસ્વભાવ જો ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન, પ્રજ્ઞા—જ્ઞાનસ્વરૂપ વહ જ્ઞાન જ્ઞાન સે વેદનમેં આવે. રાગ નહીં, મન નહીં, પર નહીં. આહાહા..! સેઠ! ઐસા તો કભી કભી સુનને કો મિલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજનેકી દરકાર કહાં કી હૈ અભી તક. આહાહા..!

કહતે હૈં, '**જ્ઞાન તો અપના અપને કો સ્વસંવેદનરૂપ...**' સ્વસંવેદન. જાણન જ્ઞાનસ્વભાવ જો હૈ, યહ જાનના, જાનના, વહ જ્ઞાન સ્વ-અપને સે પ્રત્યક્ષ અંદર જ્ઞાનકા વેદન હો, રાગ ઔર નિમિત્ત કે સંબંધ બિના, ઉસકા નામ અનુભૂતિ કા સ્વસંવેદન લક્ષણ હૈ. વહ સમકિતકા બાહ્ય લક્ષણ હૈ. આહાહા..! મૂલ ચીજ સમ્યગ્દર્શન બિના સબ બાત ચલતી હૈ અભી. સમ્યગ્દર્શન ક્યા હૈ? વહ તો બસ ભગવાનકી શ્રદ્ધા કરો, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, નવ તત્ત્વકી શ્રદ્ધા વહ સમકિત. વહ સમકિત નહીં હૈ. વહ તો મિથ્યાત્વ હૈ ભેદકી શ્રદ્ધા. સમજમેં આયા?

વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ અસ્તિત્વ-મૌજૂદ ચીજ હૈ. પરમાનંદ ઔર શાંતકા રસરૂપ મૌજૂદ ચીજ હૈ આત્મા. જૈસે શક્કરમેં મીઠાસ પડી હૈ ઔર સફેદપના જૈસે હૈ, ઐસે ભગવાન આત્મા મેં અતીન્દ્રિય આનંદ ઔર શુદ્ધતા પડી હૈ. આહાહા..! ઐસા ભગવાન યહ આત્મા અપને આત્મા કે અંતરમેં બહિર્મુખકી દૃષ્ટિ છોડકર અંતર્મુખ દૃષ્ટિ કરકે જો જ્ઞાનકા વેદન આયા ઉસકા નામ અનુભૂતિ હૈ ઔર યહ અનુભૂતિ સમ્યગ્દર્શનકા મુખ્ય બાહ્ય ચિહ્ન. આહાહા..! આણંદભાઈ! ઐસા સૂક્ષ્મ તો કભીકભાર મિલતા હૈ. આહાહા..!

'**ઉસકા રાગાદિ વિકારરહિત શુદ્ધજ્ઞાનમાત્રકા અપનેકો આસ્વાદ હોતા હૈ કિ...** ' દેખો! અબ આસ્વાદ આયા. જ્ઞાનકા વેદન કહકર ફિર આસ્વાદ કહા. ઉસકા પુણ્ય-પાપકા વિકલ્પ જો ઉઠતે હૈં, વૃત્તિ ઉઠતી હૈ દયા, દાન, ભક્તિ, ભગવાનકા સ્મરણ વહ સબ રાગ હૈ. સબ વિકલ્પ વૃત્તિયાં હૈ, દુઃખ

હૈ. આહાહા..! બહિર્ ઉપર લક્ષ્ય જાને સે જો વૃત્તિ ઉઠતી હૈ વહ સબ દુઃખ હૈ. સમજમેં આયા? યહ વિકાર હૈ વહ કર્મકે... દેખો! **'અપનેકો આસ્વાદ હોતા હૈ કિ--' 'રાગાદિ વિકારહતિ શુદ્ધજ્ઞાનમાત્રકા...'** કેવલ જ્ઞાનમાત્ર જ્ઞાનભાવ સ્વભાવમાત્ર. જિસમેં રાગકા લેશ અંશ નહીં. આહાહા..! સૂક્ષ્મ તો હૈ ભાઈ. **'दंसणं मुलो धम्मो'** યહ સિદ્ધ કરતે હૈં ન? દર્શન મૂલ ધર્મ તો યહ મૂર્તિ હૈ. ઉસકા મૂલ પહલા સમ્યગ્દર્શન. આહાહા..! સમજમેં આતા હૈ? આહાહા..!

મુમુક્ષુ :- સમજ મેં આવે પણ સૂક્ષ્મ બહુત હૈ.

ઉત્તર :- સૂક્ષ્મ હૈ પરંતુ ક્યા કરે? દૂસરી ચીજ ક્યા હૈ? જો રીત હૈ ઉસ રીતસે હૈ ન. આહાહા..! ઉસને કભી પરિચય કિયા નહીં, ઉસકા વિચાર કિયા નહીં કિ મૈં અંદર કૌન હૂં? આત્મા જો વસ્તુ કહનેમેં આતી હૈ આત્મા... આત્મા... આત્મા... આત્મા... પરંતુ વહ આત્મા હૈ કૌન? ઔર કૈસા હૈ? કૌન હૈ? કહાં હૈ?

મુમુક્ષુ :- ઉઘાડવાલી ભૂમિકા મેં નક્કી કરના ચાહિયે ન?

ઉત્તર :- પહલે શુરૂઆતમેં નિર્ણય કરના ચાહિયે. આહાહા..!

મુમુક્ષુ :- એક જ્ઞાનગુણ જો કહા એક જ્ઞાનગુણ..

ઉત્તર :- ક્યોં? ગુણકી પર્યાયમેં, એકસાથ મેં સબ ગુણકી પર્યાય હૈ ન? પરંતુ જ્ઞાન જાનતા હૈ ઈસલિયે જ્ઞાન શ્રદ્ધાન લિયા હૈ. જ્ઞાનપર્યાય કે સાથ અનંત ગુણકી પર્યાય સાથમેં હી હૈ. સાથમેં હી હૈ. પરંતુ જ્ઞાનકા વેદન હૈ વહ પ્રત્યક્ષ હૈ. દૂસરી ચીજ શ્રદ્ધા, ચારિત્ર, આનંદ વહ અપના અસ્તિત્વ રખતે હૈં, પરંતુ વહ અપનેકો નહીં જાનતે, પરકો ભી નહીં જાનતે. જ્ઞાન જાનતા હૈ. આહાહા..! ક્યોંકિ આત્મામેં તો અનંત ગુણ હૈં. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા, વિભૂતા (આદિ) અનંત. જ્ઞાનકે સિવા પ્રત્યેક ગુણ અપની મૌજૂદગી રખતે હૈં. પરંતુ યહ મૌજૂદગી હૈ કિ નહીં ઉસકા ઉસકો જ્ઞાન નહીં હૈ. ઉસકા જ્ઞાન જ્ઞાનમેં હૈ. જ્ઞાનકી પર્યાય મેં સારા દ્રવ્ય, સારે ગુણ, સારે અનંત ગુણ ઔર સ્વયં—સબ જ્ઞાનગુણકી પર્યાય મેં જાનનેમેં આતા હૈ. અસાધારણ એક ગુણ હો તો જ્ઞાનકી પર્યાય એક હી હૈ. આહાહા..! સમજમેં આયા? યહાં અધિકાર આયા હૈ તો લેના પડે ન? સૂક્ષ્મ પડે ફિર ભી. યહાં તો અપને ૩૯વાં સાલ ચલતા હૈ બાહ્ય પરિવર્તનકા. યહાં તો સુનનેવાલે તો બહુત હૈં.

ઉત્તર :- પકડ રખે તો વહ વસ્તુ જૂઠી હૈ. બાહ્ય વર્તમાન ચલતા હૈ. ઉનમેં ઐસા ચલતા હૈ જરા બિમાર હો તો ખડે રખે સાધુ નગ્ન. માર્ગ નહીં. આહાહા..! ધર્માત્મા સંત મુનિ તો સિંહ જૈસા હોતા હૈ. જંગલ કા સિંહ જિસકો કિસીકા ડર નહીં. ઐસે આનંદકા અનુભવ ઔર ઉસકે સાથ ચારિત્ર શાંતિ કા અનુભવ. આહાહા..! મુનિ કિસકો કહે? જૈન પરમેશ્વર જિસકો મુનિ કહતે હૈં વહ મુનિ તો ઐસે હોતે હૈં. સમજમેં આયા? એકબાર ખડે રહકર આહાર કરે.

અભી ઐસા બનતા હૈ ન? બહુ તૃષા લગી હો તો ખડે ન રહ સકે તો દો લોગ પકડકર .. ઐસે રખે. માર્ગ નહીં. યહ તો દૃષ્ટિકી હી ખબર નહીં, વહાં યહ બાત ક્યા કરે? અરેરે..! દુઃખ લગે, પરંતુ વસ્તુ તો યહ હૈ ભાઈ! માર્ગ તો યહ હૈ. ઔર ઇસ માર્ગ કે સિવા કહીં શરણ નહીં. ઐસે જૈનદર્શનકા તત્ત્વ વહ સમ્યગ્દર્શનજ્ઞાન સહિતકી નગ્નમુદ્રા. આહાહા..! હૈ?

'**ઈસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' યહ કુંદકુંદાચાર્ય કહતે હૈં. ઐસે મૂર્તિવંતકો દર્શન કહને મેં આતા હૈ. યહ લક્ષમેં રખકર ઉન્હોંને સબ અર્થ કિયે હૈં. પહલે કે પંડિત બહુત દીર્ઘ વિચારી, આગે-પીછે કા મેલ કરકે કહીં વિરોધ ન આયે. કુંદકુંદાચાર્ય યહાં દર્શન કહે ઔર દૂસરે કેવલ સમ્યગ્દર્શનકી પરિભાષા કરે, કુછ મેલ નહીં હોતા. સમજમેં આયા? પીછે ઐસે દર્શનસહિત મેં સમ્યગ્દર્શન પહલા. પરંતુ ઐસી ચીજ હો, ઐસા માર્ગ હૈ, ઐસી શ્રદ્ધા રખકર જો સ્વભાવ કે આશ્રયસે દર્શન કરે વહ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન મેં મૂલ વહ સમકિત હૈ. સમજમેં આયા કુછ? આહાહા..! ભાવાર્થ મેં લિખા હૈ ન વહાં? ૧૪વીં ગાથા મેં.

'**યહાં દર્શન અર્થાત્ મત હૈ;...**' દેખો ભાષા! યહ તો '**दंसणमग्गं**' થા ન પહલા? મત વહાં ઐસા કહા હૈ જૈનમત. '**વહાં બાહ્ય વેષ શુદ્ધ દિખાઈ દે વહ દર્શન; વહી ઉસકે અંતરંગભાવ કો બતલાતા હૈ. વહાં બાહ્ય પરિગ્રહ ધન-ધાન્યાદિ ઔર અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ-કષાયાદિક, વે જહાં નહીં હોં, યથાજાત દિગંબર મૂર્તિ હો...**' યથાજાત જૈસે માતાને જન્મા ઐસી જિસકી દશા બાહર મેં ઔર અભ્યંતર મેં આનંદ ઔર શાંતિ. આહાહા..! ૧૪ મેં ઐસે ભાવ હૈ. શાંતિભાઈ! ૧૪ કા ભાવાર્થ. પઢા ભી નહીં હોગા કભી યહ. ઘડીમેં સે કહાં નિવૃત્તિ હો? પુસ્તક ભી નહીં હોગા ઉસકે પાસ. કહાં સે હોગા? યહાં આયે હી અભી હૈ. યહ અષ્ટપાહુડ હૈ. યહ ભી માલૂમ નહીં હોગા. સમયસાર હોગા.

મુમુક્ષુ :- અષ્ટપાહુડ હૈ ઉસકે પિતાજી કે સમય કા.

ઉત્તર :- પુરાના પરંતુ યહ છોટા સા હૈ વહ ન? સમજે હોંગે સમયસાર. યહ સમયસાર નહીં હૈ. અષ્ટપાહુડ હૈ. યહ ભી ખબર નહીં.

મુમુક્ષુ :- પિતાજી કે સમય મેં અષ્ટપાહુડ...

ઉત્તર :- ઐસા હૈ. મુલચંદભાઈ પઢતે થે. ... ૧૪વીં ગાથા હૈ ઉસકા ભાવાર્થ હૈ. તીસરી લાઈન હૈ ભાવાર્થકી.

'**યથાજાત દિગંબર મૂર્તિ હો તથા ઈન્દ્રિય-મનકો વશ મેં કરના, ત્રસ-સ્થાવર જીવોં કી દયા કરના, ઐસે સંયમ કા મન-વચન-કાય દ્વારા શુદ્ધ પાલન હો ઔર જ્ઞાન મેં વિકાર કરના, કરાના, અનુમોદન કરના - ઐસે તીન કારણોં સે વિકાર ન હો...**' ઉસમેં ઐસા બતાયા હૈ કિ યહ સમ્યગ્જ્ઞાન દર્શન સે ભ્રષ્ટ હોકર બાત કરે જ્ઞાની, પરંતુ વહ જ્ઞાન જૂઠા હૈ. જિસકે જ્ઞાન મેં કરણ, કરાવન શુદ્ધ હો. આહાહા..! '**ઔર નિર્દોષ પાણિપાત્ર મેં ખડે રહકર આહાર લેના...**' નિર્દોષ પાણિપાત્ર. પાણિ અર્થાત્ હાથ. મુનિદશા વીતરાગમાર્ગ મેં અનાદિ કેવલીને કહા હુઆ માર્ગ. એય..! જયંતિભાઈ! યહ રવિવાર કો આયા સમય પર. આહાહા..! ઓહો..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કહતે હૈં, ઐસી દશાવંત કો જૈનદર્શન કહા. જૈનદર્શનકી મૂર્તિ, ધર્મકી

મૂર્તિ, ધર્મકા સ્વરૂપ ઓહોહો..! બાહ્ય અભ્યંતર વીતરાગતા ભાસે. સમજમેં આયા? **'ઈસપ્રકાર દર્શનકી મૂર્તિ હૈ, વહ જિનદેવ કા મત હૈ,...'** વીતરાગકા મત યહ હૈ. આહાહા..! ફર્ક કઠિન હૈ. વસ્ત્ર રખકર મુનિપના માને વહ જૈનમત નહીં ઐસા કહતે હૈં. એય..! જયંતિભાઈ! આહાહા..! દૂસરે શાસ્ત્ર મેં વસ્ત્ર-પાત્ર સહિત મુનિપના માના હો વહ શાસ્ત્ર નહીં. આહાહા..! મુનિ કા જ્ઞાન કૈસા હોતા હૈ? કરના, કરાના, અનુમોદન કે દોષ રહિત જ્ઞાન હોતા હૈ. આહાહા..! બાહ્ય મેં બહુત પઢા હો ઔર ઐસે જૈનદર્શન સે ભ્રષ્ટ હો ઔર શાસ્ત્રકી બહુત બાતેં કરેં વહ જ્ઞાન નહીં. ઉસ જ્ઞાનકી અનુમોદના જ્ઞાની નહીં કરતે. સમજમેં આયા? કઠિન બાત હૈ ભગવાન! આજ તો યહ આયા હૈ. અનાદિ કા યહ માર્ગ હૈ.

**'જિનદેવ કા મત હૈ, વહી વંદન-પૂજનયોગ્ય હૈ, અન્ય પાખંડ વેષ વંદના-પૂજા યોગ્ય નહીં હૈ.'** વસ્ત્ર-પાત્ર સહિત કો મુનિ માનકર વંદન કરના જૈનદર્શન મેં નિષેધ હૈ. શશીભાઈ! ઉસમેં જો બાત હો વહ આતી હૈ ન. આહાહા..! કઠિન લગે. સંપ્રદાય મેં ક્યા કરે? અનાદિ કા વીતરાગમાર્ગ તો પરમાત્માને ઐસા ફરમાયા હૈ. ઉસકી યહાં કુંદકુંદાચાર્ય પ્રસિદ્ધિ કરતે હૈં. ભગવાનજીભાઈ! આહાહા..! વહ યહાં કહતે હૈં. ચલતા વિષય. **'નગ્ન દિગંબર મુદ્રા ઉસકી મૂર્તિ હૈ, ઉસે જિનદર્શન કહતે હૈં.'** આહાહા..! સનાતન બાત તો યહ હૈ પ્રભુ! પરિવર્તન હો ગયા હૈ. ... ભગવાન પીછે ૬૦૦ સાલ પીછે બારહ સાલ દુષ્કાલ હુઆ. દેખો ન એક સાલ મેં દુષ્કાલ હુઆ હો તો દૂસરે વર્ષ તો ચિલ્લાને લગે. પહલે .. અબ .. તો ચિલ્લાને લગે. હાય.. હાય.. દૂસરે હોગા? તબ વહા બારિશ હો ગઈ. ઉસ સમય બારહ સાલ દુષ્કાલ સારા અકાલ. આહાહા..! એક સાથ બારહ વર્ષ. ઉસમેં સે દિગંબર યહ પંથ નિકલે શ્વેતાંબર. સહ ન સકે, સત્ય મેં રહ ન સકે ફિર અપને શાસ્ત્ર બનાયે. ભગવાન! માર્ગ યહ હૈ. સમજમેં આયા? સત્ય કા પોકાર તો યહ હૈ.

**'ઈસપ્રકાર ધર્મ કા મૂલ સમ્યગ્દર્શન જાનકર...'** દેખા! ઐસા જો દર્શન હૈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, બાહ્ય મેં નગ્નપના. યહ જિનદર્શન ઉસકી શ્રદ્ધા વહ સમ્યગ્દર્શન હૈ. આહાહા..! ઉસકી શ્રદ્ધા અર્થાત્ કેવલ બાહ્ય ઐસા નહીં. અંતર મેં આત્મા આશ્રિત ઐસી શ્રદ્ધાપૂર્વક અંતર આત્મા આશ્રિત સમ્યક્ પ્રગટ હો યહ સમ્યગ્દર્શન તીનોં મેં મૂલ હૈ. તીનોં અર્થાત્ દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર મેં. બહુત ઈસમેં તો જાનના ચાહિયે. આહાહા..! ઊલટી શ્રદ્ધા ઘૂસ ગયી હૈ ન. લકડે સમજતે હોં? ઊલટી શ્રદ્ધા. એય..! હિંમતભાઈ! યહ સબ કુછ સમજના પડેગા હોં. બાડે મેં કુછ ધર્મ નહીં ઐસા કહતે હૈં.

યહાં તો કહતે હૈં કિ જૈનદર્શનકે ઐસે મુનિ હોતે હૈં. વહ મુનિ કે લિયે વંદન, પૂજન કરને યોગ્ય હૈં. ઉસકે સિવાય દૂસરે કો મુનિ માનકર વંદન, પૂજનકા નિષેધ હૈ. આહાહા..! **'ઈસ પ્રકાર ધર્મ કા મૂલ સમ્યગ્દર્શન જાનકર જો સમ્યગ્દર્શનરહિત હૈં, ઉનકે વંદન-પૂજન કા નિષેધ કિયા હૈ - ઐસા યહ ઉપદેશ ભવ્યજીવોં કો અંગીકાર કરનેયોગ્ય હૈ.'** આહાહા..! આગ્રહ છોડકર જિસકો જન્મ-મરણ કા અભાવ કરના હો, ઐસે લાયક પ્રાણી કો તો યહ અંગીકાર કરના ચાહિયે. આહાહા..! યહ

દૂસરી ગાથા પૂરી હુઈ. બહુત દિનસે ચલતી હૈ. પહલી ગાથા ચલી થી. શુરૂઆત તીજ સે હુઈ. ભાદોં સુદ ૩ સે. ભાદો વદ ૩ સે શુરૂ હુઆ હૈ. ૧૫વા યહ ૧૬વા દિન હૈ. ...

**'અબ કહતે હૈં કિ અંતરંગ સમ્યગ્દર્શન બિના બાહ્યચારિત્ર સે નિર્વાણ નહીં હોતા - '**

**दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं।**
**सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।।३।।**

આહાહા..! અબ ઉસકા ગુજરાતી નહીં મિલેગા. યહાં ગુજરાતી હૈ? એય..! પંડિતજી કો કહા કિ નીચે ગુજરાતી નહીં હૈ ઇસમેં. બનાતે હૈં અભી પૂરા નહીં હુઆ હૈ. અર્થ-અર્થ.

'**અર્થ :- જો પુરુષ દર્શન સે ભ્રષ્ટ હૈં...**' ઐસી જૈનદર્શનકી શ્રદ્ધા, ઉસસે જો ભ્રષ્ટ હૈ. વહી '**ભ્રષ્ટ હૈં,...**' વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને ઐસા જિનદર્શન કહા, ઐસે દર્શન સે ભ્રષ્ટ હૈ વહ ભ્રષ્ટ હૈ. '**જો દર્શન સે ભ્રષ્ટ હૈં ઉનકો નિર્વાણ નહીં હોતા;...**' મુક્તિ નહીં હોતી. આહાહા..! સમજમેં આયા? અંતરમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષકા માર્ગ હો, બાહ્ય મેં અઠ્ઠાઈસ મૂલગુણ હો ઔર નગ્નમુદ્રા ઐસા જૈનદર્શનકા વસ્તુકા સ્વભાવ નિશ્ચય ઔર વ્યવહાર ઉસસે જો ભ્રષ્ટ હૈ, ઉસકો મુક્તિ નહીં હોતી. આહાહા..! ઉસકો મોક્ષ નહીં હોતા.

'**ક્યોંકિ યહ પ્રસિદ્ધ હૈ કિ જો ચારિત્ર સે ભ્રષ્ટ હૈં,...**' કદાચિત્ અંતરમેં રમણતા ચારિત્રકી ન હો ઔર પુરુષાર્થકી કમી સે ચારિત્ર અંદરમેં સે ભ્રષ્ટ હો. સમજમેં આયા? '**વે તો સિદ્ધિકો પ્રાપ્ત હોતે હૈં,...**' ક્યોંકિ દૃષ્ટિમેં ખ્યાલ હૈ કિ મેરેમેં ચારિત્ર હૈ નહીં. '**પરંતુ જો દર્શન સે ભ્રષ્ટ હૈં, વે સિદ્ધિ કો પ્રાપ્ત નહીં હોતા.**' આહાહા..! '**ચારિત્ર સે ભ્રષ્ટ હૈં, વે તો સિદ્ધિકો પ્રાપ્ત હોતે હૈં,...**' ભ્રષ્ટ હોનેકા અર્થ? કિ ઉસકો ખ્યાલ હૈ કિ મેરે મેં જો રમણતા ચારિત્રકી હોની ચાહિયે વહ હૈ નહીં. ઉસસે મૈં હિલ જાતા હૂં. સમજમેં આયા? શ્રદ્ધા, જ્ઞાનમેં બરાબર યથાર્થ બાત હૈ. ઐસી ચારિત્રદશા હો તભી મુક્તિ હોગી. ઐસા શ્રદ્ધા-જ્ઞાન યથાર્થ હૈ ઔર ચારિત્ર સે ભ્રષ્ટ હો તો મુક્તિ હોગી.

'**પરંતુ જો દર્શન ભ્રષ્ટ હૈં,...**' આહાહા..! દો લિયા ન? ચારિત્ર ભ્રષ્ટ તો સીઝે... ઐસે શ્રદ્ધા-જ્ઞાન મેં ખ્યાલ હૈ કિ મેરેમેં યહ દોષ હૈ, ચારિત્રકા દોષ હૈ. આહાહા..! સમજમેં આયા? રામચંદ્રજી જૈસે મહાપુરુષ સમ્યગ્દૃષ્ટિ થે, સમ્યગ્જ્ઞાની થે. પરંતુ સીતાજી કે પ્રેમ સે... કહાં હૈ સીતા? કહાં હૈ? રાગ થા. વહ ચારિત્રસે ભ્રષ્ટ હૈ પરંતુ દર્શન સે ભ્રષ્ટ નહીં. સમજમેં આયા? ઔર સીતાજી જબ સ્વર્ગમેં ગયે. અભી તો દેવ હૈં વહાં. પરંતુ સ્ત્રીકા વેષ લેકર, સીતાકા વેષ લેકર રામચંદ્રજી ધ્યાનમેં થે, ડગમગાને આયે. યહાં રાવણ સે નહીં ડગે ઔર સ્વયં રામ કો ડગમગાને આયે. ઐસા કોઈ રાગ કા ભાવ. આહાહા..! રામચંદ્રજી ઐસે ધ્યાનમેં થે. કેવલજ્ઞાન લેનેકી તૈયારી થી. પુરુષોત્તમ પુરુષ. અંતરમેં સમ્યગ્દર્શન-જ્ઞાન તો થા, ચારિત્ર થા. અંદરમેં ધ્યાન મેં ચઢે. સીતાજી વેષ લેકર આયે. હૈં તો દેવપુરુષ. વહ સ્ત્રીકા વેષ લેકર આયે. દેખો ન એક ચારિત્રકા... આહાહા..! પરંતુ વહ દર્શન ભ્રષ્ટ નહીં. વહ સીજેગા. ભવિષ્યકાલમેં

તીર્થંકર હોંગે. સમજમેં આયા? આહાહા..! ગણધર. રાવણ તીર્થંકર ઔર સીતાજી ગણધર. દેખો! પરિણામકી વિચિત્રતા!

રાવણ ભવિષ્ય મેં તીર્થંકર હોગા, સીતાજી ગણધર હોંગે. આહાહા..! મોક્ષ જાયેગા. ઉસ ચારિત્ર કે પરિણામમેં ફર્ક હો ઉસસે કુછ વાસ્તવ મેં ભ્રષ્ટ હૈ નહીં. સમ્યગ્દર્શન સે ભ્રષ્ટ હૈ તો સબ ભ્રષ્ટ હૈ. આહાહા..! તો ઉસકો જ્ઞાન ભી ભ્રષ્ટ ઔર ચારિત્ર ભ્રષ્ટ હૈ. સમ્યગ્દર્શન સે ભ્રષ્ટ હૈ વહ .. હૈ. સમજમેં આયા? આહાહા..! દર્શન ભ્રષ્ટ હૈ વહ સિદ્ધિકો પ્રાપ્ત નહીં હોતા. મૂલ તો ઐસા જૈનદર્શન હૈ ઉસસે જો ભ્રષ્ટ હો ગયા ઉસકી મુક્તિ નહીં હોગી. સમજમેં આયા? મોક્ષકા માર્ગ ઉસકો હૈ નહીં.

'**જો જિનમતકી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં,...**' વહાં લિયા. વહ લિયા થા ન પહલે '**દંસણમગ્ગં**'. થા ન પહલી ગાથા મેં? પહલી ગાથા કા તીસરા પદ. દર્શનમાર્ગ. વહ દર્શનમાર્ગ કા અર્થ ઉસને વહાં કિયા થા જૈનમત. વહ યહાં કહા. '**જિનમતકી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં,...**' યહ ભાષા. આહાહા..! ઉસે ભ્રષ્ટ કહતે હૈં. વહી ભ્રષ્ટ હૈ. વીતરાગ પરમાત્માને ઐસા દર્શન-જ્ઞાન-ચારિત્ર ઔર ઐસી બાહ્ય નગ્ન મુદ્રા, અઠ્ઠાઈસ મૂલ ગુણ (કહે) ઐસા જિનમત હૈ, વહ જિનમત સે જો ભ્રષ્ટ હુઆ. આહાહા..! સમજમેં આયા? ઉન્હેં ભ્રષ્ટ કહતે હૈં.

'**ઔર જો શ્રદ્ધા સે ભ્રષ્ટ નહીં હૈં,...**' ચારિત્ર ન પાલ સકે, ચારિત્રસે નિકલ ભી જાયે. ઐસા ભી શાસ્ત્ર પાઠ હૈ. ચારિત્ર લિયા હો, નગ્નમુનિ હુઆ હો, પીછે ભ્રષ્ટ હો જાયે. ગૃહસ્થાશ્રમ મેં આ જાયે. જાને કી મુજસે યહ હો સકા નહીં. મેરા પુરુષાર્થ કમ હો ગયા. તો દર્શન સે ભ્રષ્ટ નહીં, ચારિત્ર સે ભ્રષ્ટ હૈ તો મુક્તિ હોગી. આહાહા..! એય..! જયંતિભાઈ! યહ દર્શનકા માહાત્મ્ય. આહાહા..! શ્રેણિક રાજા સમ્યગ્દૃષ્ટિ થેં. ચારિત્ર નહીં થા, વ્રત-તપ નહીં થા. તીર્થંકરગોત્ર બાંધા હૈ. પહલી નરકમેં હૈ. વહાં સે પહલે તીર્થંકર હોંગે. આગામી ચોબીસીમેં તીર્થંકર પરમાત્મા મહાવીર જૈસે હોંગે. યહ સમ્યગ્દર્શનકા પ્રતાપ હૈ. વિશેષ કહેંગે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, સોમવાર તા. ૦૧-૧૦-૧૯૭૩**
**ગાથા-૩, ૪, પ્રવચન - ૧૫**

એની ત્રીજી ગાથા. એનો ભાવાર્થ ચાલે છે ભાવાર્થ. '**જો જિનમતકી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં, ઉન્હેં ભ્રષ્ટ કહતે હૈં.**' જિનમત એટલે? આ આત્મા વીતરાગસ્વરૂપ છે એનું વીતરાગી સમ્યગ્દર્શન, એનું સ્વસંવેદન વીતરાગી જ્ઞાન અને એનું વીતરાગી ચારિત્ર રમણતા. એને અહીંયાં જિનમત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એની ભૂમિકાના પ્રમાણમાં એને પંચ મહાવ્રતના વિકલ્પ રાગાદિ હોય છે અને

નગ્નપણું, દિગંબરપણું હોય છે. તેને અહીંયાં જિનમત કહેવામાં આવે છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે એમ કહે છે.

'**જો જિનમતકી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં,...**' એવો જે જૈનમાર્ગનો અભિપ્રાય એનાથી જે ભ્રષ્ટ છે એને ભ્રષ્ટ કહે છે. '**ઔર જો શ્રદ્ધા સે ભ્રષ્ટ નહીં હૈં,...**' શ્રદ્ધામાં યથાર્થ આત્મદર્શન અને જૈનદર્શનની શ્રદ્ધા યથાર્થ હોય, જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. એ કોઈ વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. એ આત્મા નિર્દોષ નિર્વિકારી વીતરાગી સ્વરૂપ એ જ વસ્તુનું સ્વરૂપ છે. અને એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ ત્રણેય વીતરાગી પર્યાય એ પણ એની પર્યાયનું એ જ વસ્તુનું સ્વરૂપ છે. અને એની ભૂમિકા પ્રમાણમાં એને પંચ મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના રાગ, વિકલ્પ હોય એ વીતરાગ માર્ગની અંદરમાં કચાશ છે, એ પણ એનું એક સ્વરૂપ છે વ્યવહાર. અને નગ્નપણું શરીરનું એ પણ એનું એક સ્વરૂપ છે. કાંઈ વીતરાગતા અહીં થઈ એટલે શરીરમાં પણ બીજું કાંઈ હોય, એમ નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે જે શ્રદ્ધાથી ભ્રષ્ટ નથી. એવી વસ્તુ છે, એની શ્રદ્ધાથી ભ્રષ્ટ નથી. '**કિન્તુ કદાચિત્ કર્મ કે ઉદય સે ચારિત્રભ્રષ્ટ હુએ હૈં,...** ' સ્વરૂપમાં ચારિત્ર ન હોય, સ્થિરતા ન હો, છઠ્ઠા ગુણસ્થાનની જે ભૂમિકા મુનિની એમાં ચારિત્ર જે હોય એ ચારિત્ર ન હોય. સમજાય છે કાંઈ? એ ચારિત્રથી ભ્રષ્ટનો અર્થ ચારિત્ર ન હોય, એમ. અથવા ચારિત્ર હોય પહેલું અને પછી ભ્રષ્ટ થઈ ગયો હોય, ચારિત્રથી. પણ દર્શનથી ભ્રષ્ટ ન હોય, તો એ ખરેખર ભ્રષ્ટ નથી. સમજાય છે કાંઈ? '**કિન્તુ કદાચિત્ કર્મ કે ઉદય સે ચારિત્ર ભ્રષ્ટ હુએ હૈં,...**' ઉદયથી ભ્રષ્ટ એમ કહ્યું છે ને એટલે, એના બે પ્રકાર. ચારિત્ર હતું અને એમાંથી ખસી ગયા. અને (પહેલેથી) ચારિત્ર નહોતું.

મુમુક્ષુ :- કર્મના ઉદયથી ચારિત્ર નહોતું.

ઉત્તર :- ઉદયથી એ સ્થિરતા નબળાઈને લઈને નહોતું. ઉદયથી, નિમિત્તથી વાત છે. પોતાની નબળાઈને લઈને સ્વરૂપની શ્રદ્ધા, જૈનદર્શનનો માર્ગ છે એની શ્રદ્ધા હોવા છતાં સ્વરૂપમાં રાગનો ત્યાગ આસક્તિનો ન હોય. સમજાય છે કાંઈ? આસક્તિ હોય અંદર, રાગની, દ્વેષની આદિ, છતાં એ દર્શનથી ભ્રષ્ટ નથી. અને ચારિત્રથી ભ્રષ્ટ હોય તો એની મુક્તિ થશે. કેમકે એના ખ્યાલમાં છે કે આ દોષ છે. જ્ઞાનીને કોઈપણ દોષના ખ્યાલ વિના દોષ થઈ જાય એવું નથી. ... છે .. સમજાય છે કાંઈ?

'**ઉન્હેં ભ્રષ્ટ નહીં કહતે હૈં,...**' એમ ભાષા છે ને? આહાહા..! મૂળ સ્થાપન તો એ કરવું છે કે જે માર્ગ સનાતન જિનમતનો માર્ગ છે અનાદિનો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે વસ્તુ છે એ જોઈ, જાણી અને દૃષ્ટિ કરીને વીતરાગ થયા એવી વસ્તુની સ્થિતિ બતાવી. એ જ વસ્તુનું સ્વરૂપ અને મોક્ષનો માર્ગ. ત્રિકાળ વસ્તુને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ એ જિનમત. અને એની ભૂમિકામાં પંચ મહાવ્રતાદિ એ વ્યવહાર જૈનનો મત. વ્યવહાર કીધો છે કે નહિ શાસ્ત્રમાં? 'જિનવર કહે એવા વ્રતાદિ...' આવે છે ને? અભવિ પાળે છે છતાં. જિનમતમાં કહેલા વ્રતાદિ, વ્યવહારે વિકલ્પાદિ.

એવું એને હોય. મુનિને. તો એને જૈનમત કહે છે, એને જૈનદર્શન કહે છે, એને ધર્મની મૂર્તિ કહે છે. આ તો ગુજરાતી ચાલે છે વાત હોં. ગયા ને ઓલા હિન્દી? અને છે એ બીજા જાશે હમણા. ઘણાં સમજે નહિ બિચારા અહીંના ગુજરાતી. સમજાય છે કાંઈ?

ત્યાં એમ કહે '**દર્શન સે ભ્રષ્ટ હૈં, ઉન્હેં નિર્વાણકી પ્રાપ્તિ નહીં હોતી;...**' જૈનદર્શન જો વીતરાગી સ્વભાવ અને વીતરાગી મોક્ષમાર્ગ અને એના પ્રમાણમાં એને રાગનો ભાવ અને એના પ્રમાણમાં .. વીતરાગ, એનાથી જે ભ્રષ્ટ છે એક અને સમકિતથી ભ્રષ્ટ છે. બેય. સમજાય છે કાંઈ? '**દર્શન સે ભ્રષ્ટ હૈં, ઉન્હેં નિર્વાણકી પ્રાપ્તિ નહીં હોતી;....**' ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન કરે અને ચાહે તો એ વ્રતાદિ પાળે, પરંતુ એ તો સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે. સમ્યગ્દર્શન શું ચીજ છે? અને સમ્યગ્દર્શનનો વિષય શું છે? અને સમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોવા જોઈએ? એવી શ્રદ્ધા જેને નથી એ તો ભ્રષ્ટ છે. આહાહા..! ભારે માર્ગ! સમજાય છે? એને મોક્ષની પ્રાપ્તિ નથી. કારણ કે મૂળમાં જ વાંધા આવ્યા.

દાખલો આપી એને ક્યારેક. ઝાડનો દાખલો આપીએ. ઝાડ છે ને ઝાડ. ઝાડને શું કહે છે. ઝાડનું મૂળ જેનું કપાયું તો એના પાંદડા છે એ તો થોડો કાળ રહેશે. પણ પાંદડા ખરી ગયા અને મૂળ સાજું છે તો ફરી પાછું ઝાડ પાંગરી જાશે. ફરી ઝાડ ફાલશે. આહાહા..! એમ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એ તો બધાથી ભ્રષ્ટ થઈ ગયો. મૂળથી ભ્રષ્ટ, પાંદડાથી ભ્રષ્ટ, બધાથી ભ્રષ્ટ થયો. આહાહા..! આચાર્યે જગતને કરૂણા કરીને વીતરાગ માર્ગ આ કહ્યો છે ભાઈ! આહાહા..!

'**જો ચારિત્ર સે ભ્રષ્ટ હોતે હૈં ઔર શ્રદ્ધાન દૃઢ રહતે હૈં ઉનકે તો શીઘ્ર હી પુનઃ ચારિત્રકા ગ્રહણ હોતા હૈ...**' વાસ્તવિક પ્રતીતિ, એ વાસ્તવિક પ્રતીતિ એટલે સમ્યગ્દર્શનની હોં! આ વ્યવહાર શ્રદ્ધા એમ નહિ. આત્મા શુદ્ધ ચૈતન્ય એકલો આનંદ અને જ્ઞાનનો પિંડ પ્રભુ એની અંતર્મુખ થઈને શ્રદ્ધા, દર્શન થયું છે એ ભ્રષ્ટ નથી. સમજાય છે? **પણ દર્શન શ્રદ્ધાથી ભ્રષ્ટ** છે. વાસ્તવિક સ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ અને જૈનદર્શનનો આ માર્ગ છે એનાથી ભ્રષ્ટ. સમજાણું કાંઈ? '**ઉસી કે ફિર ચારિત્ર કા ગ્રહણ કઠિન હોતા હૈ,...**' કારણ કે હજી મૂળના ઠેકાણા નથી એમાં ચારિત્ર ક્યાંથી આવે? આહાહા..!

'**ઈસલિયે નિર્વાણકી પ્રાપ્તિ દુર્લભ હોતી હૈ.**' જેને જૈનદર્શનમાં અને સમ્યગ્દર્શનમાં ભ્રષ્ટ છે એને તો નિર્વાણ હોતું નથી. નિર્વાણ થાય જ નહીં એને. ચાર ગતિમાં રખડવાનું છે એને. આહાહા..! ચોર્યાસીના અવતાર. ભવભ્રમણ સમુદ્ર-દરિયો મોટો છે. દાખલો આપે છે જુઓ. '**જૈસે - વૃક્ષ કી શાખા આદિ કટ જાયેં...**' ઝાડ ને વૃક્ષ? હિન્દીમાં વૃક્ષ લીધું છે. વૃક્ષ કહે છે ને? અહીં વૃક્ષ લીધું છે. વૃક્ષ હોય એની શાખા હોય. '**આદિ કટ જાયેં...**' શાખા, પાંદડા, ડાળ કાપી નાખે. '**ઔર જડ બની રહે તો શાખા આદિ શીઘ્ર હી પુનઃ ઉગ આયેંગે...**' બધી શાખાઓ, પાંદડા આવશે એને. ઝાડ ફાલી જશે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઔર ફલ લગેંગે,...**' એને ફળ લાગશે.

'**કિન્તુ જડ ઉખડ જાને પર...**' મૂળ જેનું નાશ થયું. આહાહા..! '**શાખા આદિ કૈસે હોંગે?**' એને શાખા આદિ હશે નહિ. રહેશે જ નહિ. '**ઉસી પ્રકાર ધર્મ કા મૂલ દર્શન જાનના.**' ધર્મનું મૂળ. પહેલું તો એ કહ્યું હતું કે ધર્મનું મૂળ તો જૈનદર્શન છે. એની શ્રદ્ધા અને ધર્મનું મૂળ, એની શ્રદ્ધા જે સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. આહાહા..!

'**અબ, જો સમ્યગ્દર્શન સે ભ્રષ્ટ હૈં ઔર શાસ્ત્રોં કો અનેક પ્રકાર સે જાનતે હૈં...**' જોયું! જૈનદર્શનથી ભ્રષ્ટ અને સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ. એ શાસ્ત્રોની બહુ જાણપણાની વાતું તો કરે. એમ કહે છે મૂળ તો હોં. નીકળ્યા તે શાસ્ત્રની વાતું કરે ને એ. મોટા પંડિત હોય. '**તથાપિ સંસાર મેં ભટકતે હૈં...**' જેને જૈનદર્શન એટલે વસ્તુ સ્વભાવ, એની જેને અંદર શ્રદ્ધા, જ્ઞાનની ખબર નથી અને સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. પોતાની મેળાએ કલ્પી લે સમ્યગ્દર્શન, એ કોઈ ચીજ નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય અનંતગુણનો પિંડ અસંખ્ય પ્રદેશી, એવા ભાનસહિત જેની અંતરમાં અનુભવની પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એને એટલા અંશે નિર્વિકલ્પ સમાધિ કહે છે.

મુમુક્ષુ :– એટલે અંશે.

ઉત્તર :– એટલે અંશે. હજી પૂર્ણ ચારિત્ર આદિ સ્થિરતા નથી. સમાધિ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ થાય એ સમાધિ છે. બોધિ, સમાધિ નથી આવતું? બોધિનો લાભ, સમાધિનો લાભ. સમાધિનો અર્થ? ત્રણેની એકતાની પૂર્ણતા એ સમાધિ. બોહિ લાભ આવે છે ને? 'બોહિ લાભં...' બોધિ એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણની એકતા એ બોધિ લાભ એ સમાધિ લાભ. સમજાય છે કાંઈ? આત્મા ભગવાન અસંખ્ય પ્રદેશી એ સર્વજ્ઞ સિવાય ક્યાંય બીજે હોય નહિ. અસંખ્ય પ્રદેશી છે પહોળો. અને એમાં એક એક પ્રદેશમાં આ જે વ્યાપક અનંતગુણ. અને એ અનંતગુણનું એકરૂપ તે વસ્તુ. એ વસ્તુની અંતર્મુખમાં દૃષ્ટિ થઈને જે અનુભવ થાય તેને અહીંયાં ધર્મનું મૂળ સમ્યગ્દર્શન અને જૈનદર્શન જે છે એની શ્રદ્ધાનું મૂળ આ છે. સમજાણું કાંઈ?

ભગવાન પછી આ છસ્સો વર્ષે ફાંટા પડી ગયાને બે? મૂળ વાત તો એની છે. સૂત્રનું પણ એમ છે. સૂત્રનું એક અક્ષર ફેરવીને .. કર્યો એ બધા અજ્ઞાની છે. સૂત્રપાહુડમાં એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત બાપુ! આહાહા..! મોટા ફાટા પડ્યા, શ્વેતાંબર અને દિગંબર. શ્વેતાંબરમાં ફાટા પાછા સ્થાનકવાસી. સ્થાનકવાસીમાં ફાટો પાછો તેરાપંથી. તુલસી. માર્ગ આકરો પ્રભુ હોં. કોઈને દુઃખ થાય એવું વાતનું જુદી વાત છે. એના અહિતમાં પડ્યા છે એને હિતની વાત કહે છે હોં. ભાઈ! આ માર્ગ જૈનદર્શન નહિ.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો પદાર્થનો સ્વભાવ જોયો, કહ્યો, એનાથી આ માર્ગ બધા વિરૂદ્ધ છે. દિગંબર દર્શન સિવાય બીજા બધા જ માર્ગો વિરોધમાં છે. દુઃખ લાગે, ખોટું ન લગાડતા. કઈ એવી

ચીજ છે કે જે બધાને ઠીક લાગે? મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું નથી? અરે..! એવી કઈ ચીજ છે કે બધાને ઠીક લાગે? દારૂનો નિષેધ કરે છે, દારૂના વેપારીઓને ખરાબ લાગે. મારો વેપાર નહિ ચાલે, આ બધો દારૂનો. એમ કહે. આવે છે ને? મોક્ષમાર્ગમાં. આહાહા..! એમ માર્ગ તો જે છે ભગવાન! એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. દિગંબર દર્શન એટલે કે વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ? અનંત વીતરાગતા તો આત્મામાં પડી છે. અકષાયસ્વભાવ કહો, વીતરાગતા કહો, ચારિત્રગુણ કહો. એવો જે ભગવાન 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન વચનકા મર્મ.' ત્યાં બીજો શબ્દ છે અંદર તો. સમજાય છે કાંઈ?

'જિન સો હી હૈ આત્મા...' અહીં તો જિનમત કહેવો છે ને એટલે જરી આ. 'જિન સો હી હૈ આત્મા...' આત્મા જૈનસ્વરૂપે જ છે. અર્થાત્ પૂર્ણ વીતરાગ. વીતરાગી જ્ઞાન, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી શાંતિ, વીતરાગી પ્રભુતા એ બધા ગુણો વીતરાગથી ભરેલા છે. આહાહા..! વીતરાગ નામ રાગ વિનાના એ ગુણો બધા પૂરા ભરેલા છે. એવું જ આત્માનું સ્વરૂપ છે. એ 'જિન સો હી હૈ આત્મા...' એનાથી કોઈપણ વિપરીત ઓછું, અધિક અને વિપરીત કહે એ કર્મ છે, અજ્ઞાન છે, સંસાર છે. આહાહા..! ભગવાનજીભાઈ! બહુ આવો પણ માર્ગ. આખો વિરોધ થાય છે. પણ પ્રભુ! વિરોધને... વસ્તુ તો છે એ છે. માર્ગ તો છે એ છે. અનંત સર્વજ્ઞોએ પોકાર કરીને કહ્યું છે. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન કરવો, વેર નહિ, દ્વેષ નહિ. આત્માઓ છે. ભૂલ્યા છે પણ એ આત્મા છે. એ ભૂલ ભાંગશે. એ આત્મા ભૂલ ભાંગશે. એટલે કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ, વેર, વિરોધ ન કરવો. પણ વસ્તુની સ્થિતિ છે એ તો જાણવી જોઈએ ને? આહાહા..! ઉશ્કેરાઈ જઈને, ઉત્તેજિત થઈને કોઈનો અનાદર કરવો, દ્વેષ કરવો એ માર્ગ ન હોય. સમજાય છે કાંઈ? પણ જે વસ્તુનું સ્વરૂપ છે એવું તો એને જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને વાણીમાં તો એ આવે. સમજાય છે કાંઈ? કહે છે કે '**ઉસી પ્રકાર ધર્મકા મૂલ દર્શનન જાનના.**' આહાહા..!

હવે અહીં. '**અબ, જો સમ્યગ્દર્શન સે ભ્રષ્ટ હૈં ઔર શાસ્ત્રોં કો અનેક પ્રકાર સે જાનતે હૈં તથાપિ સંસાર મેં ભટકતે હૈં...**' મૂળ જૈનદર્શનની શ્રદ્ધા ભ્રષ્ટ થઈ અને સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થઈ અને પછી શાસ્ત્રો ગમે તેટલા વાંચે, ભણે, કહે. એમાં શું? એ તો મિથ્યાજ્ઞાન છે. લાખો માણસને સમજાવવાની શક્તિ હોય, લાખો એમ કહે કે ઓહો..! બહુ સરસ.. બહુ સરસ... પણ એથી કરીને કાંઈ સત્ય વસ્તુ થઈ જાય? કહે છે કે '**સમ્યગ્દર્શન સે ભ્રષ્ટ હૈં ઔર શાસ્ત્રોં કો અનેક પ્રકાર સે જાનતે હૈં તથાપિ સંસાર મેં ભટકતે હૈં - ઐસે જ્ઞાન સે ભી દર્શન કો અધિક કહતે હૈં –**' આ જ્ઞાનથી દર્શન અધિક એટલે? ભાઈ! જ્ઞાનથી અધિક એટલે? શાસ્ત્રનું જ્ઞાન દર્શનરહિત એનાથી દર્શન(અધિક) ભ્રષ્ટ. એમ નથી કીધું કે સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્દર્શન અધિક. એ બીજી વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ છે. એનું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન નથી, એથી એકલા શાસ્ત્રજ્ઞાન કરતા દર્શન શ્રેષ્ઠ છે, એમ બતાવવું છે. સમજાણું કાંઈ? ભાઈમાં આવે છે સોગાનીમાં એ. એમ કે દર્શન પ્રધાન કે જ્ઞાનપ્રધાન કહ્યું? પ્રધાન દર્શન. પણ જ્ઞાનને પણ પ્રધાનતા ત્યાં અપાય છે. પણ જ્ઞાન તો અગ્યાર અંગનું અનંતવાર થયું. એમ લખ્યું છે. પણ એ જ્ઞાન ઓલું નહિ, સમ્યગ્જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? એની અહીં ચર્ચા લાવે છે ને? જુઓ એમ કે અહીં તો જ્ઞાનની હીણતા બતાવી છે. એ તો આ શાસ્ત્રજ્ઞાનની, સમ્યગ્દર્શન વિના એ જ્ઞાનની હીણતા છે. દર્શનસહિતનું જે જ્ઞાન છે એની હીનતા નથી. કારણ કે એક તો જ્ઞાનમાં પહેલો આત્મા જણાય ત્યારે તેને પ્રતીત થાય છે. સમજાણું કાંઈ? એ એમાં છે ક્યાંક.

મુમુક્ષુ :- ૧૪૩.

ઉત્તર :- ૧૪૩. સાચી વાત. ૧૪૩. કાલે ન આવ્યું હાથ. એ તો આવવું હોય ત્યારે આવે ને.

'**પ્રશ્ન :- ત્રિકાલી મેં પ્રસરને મેં જ્ઞાન કારણ હૈ યા દૃષ્ટિ કારણ હૈ?**' '**ઉત્તર :- મુખ્ય તૌર સે તો (જ્ઞાની કો) દૃષ્ટિ હી કારણ હૈ, ફિર જ્ઞાન કો ભી કહતે હૈં; દોનોં સાથ મેં હી હૈં.**' એ સમ્યગ્જ્ઞાન થયું. '**દૃષ્ટિ પ્રસર જાતી હૈ તો જ્ઞાન ભી હો જાતા હૈ.**' દૃષ્ટિ જ્યારે આત્મામાં .. જ્ઞાન સમ્યક્ થયું છે. સાથે જ છે. '**પ્રશ્ન :- દૃષ્ટિ તો જાનતી નહીં! જ્ઞાન હી જાનતા હૈ?**' '**ઉત્તર :- ઈસ અપેક્ષા સે (સ્વલક્ષી) જ્ઞાન કો ભી કારણ કહતે હૈં.**' એ બીજી વાત થઈ પાછી. '**પરંતુ, યથાર્થ મેં તો ઐસે ગ્યારહ અંગવાલે કો (પરલક્ષી) જ્ઞાન હો જાતા હૈ,...**' એ વળી બીજું લીધું.

'**પરંતુ, યથાર્થ મેં તો ઐસે ગ્યારહ અંગવાલે કો (પરલક્ષી) જ્ઞાન હો જાતા હૈ, દૃષ્ટિ નહીં હોતી.**' એ અહીં જે કહેવાય છે એ અપેક્ષાએ. મુખ્ય તો જ્ઞાન છે. સ્વવસ્તુ જ્ઞાનમાં જણાયા વિના પ્રતીત કોની? સમજાય છે? ૧૭-૧૮ એ લીધું છે ને? એ આ ન લેવું અહીં. અહીં તો આ જે કહે છે આ ગાથામાં કે દર્શન વિનાનું શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન જ નથી ખરેખર. સમજાણું કાંઈ? એય..! ચેતનજી! લ્યો આમાં આ છે હોં અંદર પાછું. પહેલું જ્ઞાનનું કીધું એ સમ્યક્નું. વળી પાછું કીધું કે જ્ઞાન તો શાસ્ત્રનું અનંતવાર કર્યું. એ બીજું. સમજાણું કાંઈ? આમાં સાધારણ બુદ્ધિવાળા બિચારાને કાંઈ ખબર પડે નહિ. અને દરકાર ન મળે. સહેજે સહેજે થોડુંક સમજાઈ જાય તો સમજવું નહિતર થઈ રહ્યું. જાવ એળે અવતાર. એય..! આહાહા..!

અરેરે..! આવા અવતારમાં જો એણે આ સમ્યક્-સાચા જ્ઞાનનો દોરો પરોવ્યો નહિ, એ ચોર્યાસીમાં ક્યાં રઝળશે, અનંત અવતાર. આહાહા..! છે ને દાખલો? આમાં પણ છે અને ત્યાં પણ છે. જ્યાં .. ... એ .. સમ્યગ્જ્ઞાન હોં, એકલું શાસ્ત્રજ્ઞાન એમ નહિ.

મુમુક્ષુ :- એકલું જ્ઞાન એ જ્ઞાન જ ક્યાં છે.

ઉત્તર :- જ્ઞાન નથી. એ તો અહીં કહેવાય છે. 'જા સોઈ...' સોઈ સોઈ. '.. સૂત્ર સહિત હો' ન ખોવાય. અને જો સૂત્ર હોય તો ખ્યાલ આવે એ.. ચકલીના માળામાં આપણો દોરો છે ત્યાં હોય. એમ

સમ્યગ્જ્ઞાનનો દોરો... આહાહા..! સમ્યગ્જ્ઞાન યથાર્થ આત્માનું અને પરનું. એ જ્ઞાન હવે નહિ ખોવાય. ચાર ગતિમાં નહિ જાય. પણ એ જ્ઞાન ન હોય અને એકલી બહારની જ વાતનું જાણપણું અને બહારમાં રોકાયેલો. આહાહા..! એ તો ચાર ગતિમાં બાપુ! ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ! આહાહા..!

આત્મજ્ઞાન વિના એ ચોર્યાસીના અવતાર... આહાહા..! મોટો ભવસમુદ્ર-દરિયો. અનંતા અનંતા નિગોદાદિ ભવ. ઓહોહો..! હમણાં તો આ નિગોદ દેખીએ છીએ ને? ઓહોહો..! જામી ગયેલા. અહીં જામી ગઈ બહાર. આ બહાર .. કાલે આવ્યો પણ પાછી લીલ-ફુગ જામી ગઈ છે. અંદર લીલું છે ને અંદર? આહાહા..! ઢગલા. એક કણીમાં અનંતા. પ્રભુ! ત્યાં હતો તું હોં. આહાહા..! એની ખબર ન મળે. અને ત્યાં આગળ અનંતવાર ત્યાં ને ત્યાં જન્મ્યો અને મર્યો. કેમકે અનંતા જીવો નીકળીને અસંખ્ય પ્રત્યેકમાં કેમ જઈ શકે? શું કહ્યું એ? એ અનંત નિગોદ છે ઢગલા બધા. એ મરે ને જન્મે. ત્યાં ને ત્યાં મરે, જન્મે નિગોદમાં ને નિગોદમાં. કેમકે એના એક અનંતમો ભાગ બહાર નીકળે તો બહાર ચીજ તો અસંખ્ય જીવ છે બીજા. પ્રત્યેક વનસ્પતિ આદિ અસંખ્ય જીવ છે. તો એ અનંતમો ભાગ નિકળે તો પણ બહાર જઈ ન શકે. આહાહા..! એ આસ્થા તો કર તું પ્રભુ! જોતો ખરો આ. એવું જ્ઞાન એટલું છતાં એટલા બધા જ્ઞેયોને એના લક્ષ વિના જાણી શકે. એવી અનંતી નિગોદની જીવની સત્તાનો સ્વીકાર કરનાર જ્ઞાનની પર્યાય છે. સમજાય છે કાંઈ?

કારણ કે જ્ઞાનની પર્યાયનો .. એનો સ્વભાવ છે. એવા અનંતી અનંતી જીવની સત્તા અને એનાથી અનંતગુણની સત્તા રજકણની. એ સત્તાનો સ્વીકાર કરી શકે એવી જ એની પર્યાયનો ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવી તો જ્ઞાનની એક અવસ્થાની આટલી તાકાત છે. આહાહા..! પરની દયા પાળવી કે ન પાળવી એ વસ્તુમાં નથી. પણ પરની મહાસત્તા એટલી છે એનો સ્વીકાર થવો એ તો તારી જ્ઞાનની પર્યાયનો ધર્મ છે. આહાહા..! તારી સત્તાનો એટલો સ્વભાવ છે. એવી અનંતી સત્તાને સ્વીકારે નિઃશંકપણે, એ પણ યથાર્થ પરની સત્તાનો સ્વીકાર ક્યારે કહેવાય? આહાહા..! એવી જે અનંતી અનંતીપર્યાયનો એક ગુણ એવા અનંતા ગુણોનું એકરૂપ, એવી મહાસત્તા પ્રભુની. એની અંતરમાં દૃષ્ટિ થતાં જે જ્ઞાન થાય તે વાસ્તવિક જ્ઞાન, પરની સત્તાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ વસ્તુ જ છે બાપુ! વસ્તુની સ્થિતિ જ આવી છે. એમાં સ્થિતિ આવી સત્તા જ આટલી છે. આટલી અને આવી જ છે. આહાહા..! અરે..! એને અંતરમાં ગયા વિના પોતાની મહાસત્તાની પ્રતીતિ, જ્ઞાન નહિ આવે તો એને આ સત્તાનું પણ નિઃસંદેહ વ્યવહારુ જ્ઞાન નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જે પુરુષ...

सम्मत्तरयणभट्ठा जाणंता बहुविहाइं सत्थाइं।
आराहणाविरहिया भमंति तत्थेव तत्थेव।।४।।

'तत्थेव' 'तत्थेव' ત્યાં ત્યાં. આહાહા..!

'**अर्थ :- जो पुरुष सम्यक्त्वरूपी रत्न से भ्रष्ट है...**' જેને સમ્યગ્દર્શન જ નથી અથવા હોય ને ભ્રષ્ટ થયો છે. આહાહા..! જે આત્મા. પુરુષ એટલે આત્મા '**सम्यक्त्वरूपी रत्न से...**' સમકિતરૂપી રત્ન. આહાહા..! આ તમારા હીરા ને માણેક ને, ભગવાનજીભાઈ! કરોડ ને અબજ રૂપિયા તો ધૂળ છે. આ સમકિતરૂપી રત્ન. અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ નિર્વિકલ્પ આનંદનો રસીલો એવો પ્રભુ એની અંતરમાં શ્રદ્ધા એ સમકિતરત્ન છે. જે રત્નના મૂલે મોક્ષ મળશે. આહાહા..! સમજાય છે કાંઈ? મોક્ષ એટલે પરમ આનંદદશા. મોક્ષનો કોઈ બીજો અર્થ નથી. પૂર્ણ આનંદની દશાની પ્રાપ્તિ તેનું નામ મુક્તિ. આહાહા..! મોક્ષ છે ને? એટલે ખરેખર તો દુઃખની નાસ્તિ એમ એવો ધ્વનિ છે એમાં, મોક્ષમાં. દુઃખથી મુક્ત. જેટલો રાગ-દ્વેષ, કલ્પનાનું મહા દુઃખ એ દુઃખથી મુક્ત અને આનંદની પૂર્ણ પ્રાપ્તિ, એનું નામ મુક્તિ. આહાહા..! એ મુક્તિમાં સમ્યક્રત્ન કારણ છે. એ સમ્યક્રત્નના મૂલે મુક્તિ મળે છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનથી જે ભ્રષ્ટ છે.

'**तथा अनेक प्रकार के शास्त्रों को जानते हैं,...**' એ ઉદ્દેશીને વાત કરી છે હોં જરી. જૈન સંપ્રદાયમાંથી નીકળ્યા અને શાસ્ત્રની વાતું તો બહુ કરે માળા. મોટા પંડિત. શ્વેતાંબર સાધુ નીકળ્યા જ્યારે એમાંથી. ત્યારે .. બુદ્ધિવાળા તો ઘણા, ક્ષયોપશમ તો ઘણો હોય, શાસ્ત્રની વાતું કરે. ઓહોહો..! જગતની કરૂણા, સંતોની કરૂણાથી આ બધું આવ્યું છે હોં. કે '**जो पुरुष सम्यक्त्वरूप रत्न से भ्रष्ट है तथा अनेक प्रकार के शास्त्रों को जानते हैं,...**' અનેક પ્રકારના શાસ્ત્રો. એમ ભાષા છે ને? '**बहुविहाइं सत्थाइं**।' ઘણાં પ્રકારનો, ન્યાય, વ્યાકરણ, અનેક પ્રકારના વિભક્તિ, યુક્તિ, પ્રયુક્તિ એ બધા જાણતો હોય. ઘણાં પ્રકારના શાસ્ત્રનો ઉઘાડ હોય.

'**तथापि वह आराधना से रहित होते हुए...**' ભગવાન સ્વરૂપ ચિદાનંદનું આરાધન નથી ત્યાં. એટલે આત્મા પવિત્રનો પિંડ એની સેવના નથી ત્યાં. આહાહા..! આટલું જ્ઞાન કરવા છતાં અને લોકોને સમજાવે અને વાતું કરે. આહાહા..! છતાં સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એ આત્માના સેવવાથી તો ભ્રષ્ટ છે. બહારથી એમ કહે કે અમે ઘણાંને જૈનધર્મના રાખીએ છીએ, વાડામાં રાખીએ છીએ, ખસવા દેતા નથી. આહાહા..! બાપુ! જૈનધર્મ જ કોણ છે એની તો તને નથી ખબર અને વાડામાં રાખવો એ જૈનધર્મ છે? અને એવા ક્ષયોપશમવાળા લોકોને આમ રાખીએ, લાખો ને કરોડોના રાજાને ઊભા રાખીએ ધર્મમાં. એમાં શું? એય..! ચેતનજી! ઓલા સાધુ નહોતા રાજાને રાખતા ને? શાલિભદ્રને. કુમારપાળને બધા. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્ષયોપશમ એ શું વસ્તુ છે? આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણઘન આનંદ એવો જે એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનો માર્ગ

એ માર્ગથી ભ્રષ્ટ થયા અને શાસ્ત્રના જાણકાર રહી ગયા, એ આત્માનું આરાધન નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનાદિ બધા ગુણો જ અતીન્દ્રિય છે. બધા ગુણો અતીન્દ્રિય છે. એ અતીન્દ્રિય ગુણોનું આરાધન જ્યાં નથી ત્યાં બધા ચાર ગતિમાં ભવભ્રમણમાં ભટકશે, કહે છે. આહાહા..! કહે છે જુઓ.

'**આરાધના સે રહિત હોતે હુએ સંસાર મેં હી ભ્રમણ કરતે હૈં.**' છે ને? '**भमंति तत्थेव तत्थेव**' '**तत्थेव**' નામ જ્યાં જ્યાં રખડે છે અનાદિકાળથી. નિગોદ ને એકેન્દ્રિય અને બે ઇન્દ્રિય. એમાં જાશે બાપા! આહાહા..! અનાદિના ભવ આવા અનંત કર્યા છે. '**तत्थेव**' ત્યાં ને ત્યાં જાશે પાછા. આહાહા..! સમજાય છે કાંઈ? જે પુરુષ આરાધનાથી રહિત. પાઠ છે ને '**आराहणा**'. આરાધનાનો અર્થ જ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનની શાંતિ છે એ જ આરાધના. કોઈ દેવને આરાધવા છે કે કોઈ શાસ્ત્રને, એમ કાંઈ નથી. ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ પરમાત્મસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એ જ એનું આરાધન છે. એ આરાધનરહિત જીવ છે અને શાસ્ત્રની મોટી વાતું કરે અગ્યાર અંગની, અરે..! નવ પૂર્વની. આહાહા..! આત્માનું જ્ઞાન ન હોય એને, પણ નવ નવપૂર્વનું જાણપણું વિકાસ થઈ જાય છે. આહાહા..! પણ એ બધા પર્યાયબુદ્ધિમાં રહ્યા, પર્યાયમાં રહ્યા એનો વિકાસ છે. દ્રવ્યનું આરાધન નથી. આહાહા..! કુંદકુંદાચાર્ય એક એક ગાથા અને એક એક શબ્દે .. ઉભો કરે છે. સમજાય છે કાંઈ?

'**સંસાર મેં હી ભ્રમણ કરતે હૈં. દો બાર કહકર બહુત પરિભ્રમણ બતલાયા હૈ.**' બહુ જ પરિભ્રમણ કરે છે એમ કહે છે. ભાઈ! તારો પત્તો નહિ ખાય. ઈયળ નહિ થાય, માણસ નહિ થાય એવા અવતારમાં જઈશ તું. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ ભુલવાની...

ઉત્તર :- ... પોતાની ચીજ જે અખંડાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ આત્મા સત્ શાશ્વત, જ્ઞાન અને આનંદનો સાગર છે. એની જેને સેવના નથી, એણે આ અગ્યાર અંગનું જ્ઞાન કર્યું એ બધું અજ્ઞાનની સેવના છે કહે છે. તો એ અજ્ઞાનની સેવનાથી તો જ્યાં છે ત્યાં જાશે. અનંતકાળમાં... આહાહા..! શું આ ડર બતાવ્યો હશે? આ તો એનું ફળ છે એ બતાવ્યું છે. ભાઈ! તું ક્યાં છો? તને તારી ખબર ન મળે. તારી તને આરાધના ન મળે. અને બીજા શાસ્ત્રના જાણપણાથી તું જગતને રાજી કર. આવે છે શ્રીમદ્‌માં? જગતને રૂડું દેખાડવા અનંતવાર.. આવે છે. બતાવવા એ જગતને. આ બાજુ ચાકળો છે. એનાથી તું રાજી થયો અને તારાથી એ રાજી થયા. આહાહા..! છે ને એ?

એ પત્ર છે. 'અનંતવાર પ્રયત્ન કર્યો....' પત્ર છે ૪૦. 'તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ ને પરિભ્રમણના હેતુ હજુ પ્રત્યક્ષ રહ્યા છે.' ૨૦-૨૨ની અંદરનું છે. ૨૦ ને ૨૧. 'એકવાર જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે તો અનંતભવનું સાટું વળી જશે.' આહાહા..! 'એમ હું લઘુત્વભાવે સમજ્યો છું. તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે.' આહાહા..! 'આ મહાબંધનથી રહિત થવામાં જે જે

સાધન પદાર્થ શ્રેષ્ઠ લાગે એ જ ગ્રહવા, એ જ માન્યતા છે. તો પછી તે માટે જગતની અનુકૂળતા-પ્રતિકૂળતા શું જોવી?' મોટો આખો પત્ર છે. જગતને રૂડું દેખાડવા. જગત રાજી થાય કે આ કાંઈક છે ધર્મી હોં. એમાં દાળિયા શું થયા તારા? અને જગત રાજી થાય અને એનાથી તું રાજી થા. આહાહા..! ભગવાનને રીઝવ્યો નહિ તેં. ચિદાનંદ પ્રભુ આત્મા, એને રીઝવ્યો નહિ ત્યાં હજી તું તારું રાજીપણું ક્યાં માને છે? આહાહા..! સમજાણું કાંઈ? જુઓને આચાર્ય કહે છે, '**आराहणाविरहिया**' '**विरहिया**' વિરાહિયા નહિ '**विरहिया**' રહિત. '**भमंति तत्थेव तत्थेव**' આહાહા..!

'**ભાવાર્થ :- જો જિનમતકી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં...**' જિનમતની.. જુઓ આવ્યું. જિનમતની શ્રદ્ધા એ કહેવું છે. દર્શન હતું ને પહેલું? '**दंसणमग्गं**' ત્યાં જિનમત (અર્થ) કર્યો છે. ત્યાંથી એ શબ્દ ચાલ્યો આવે છે. જિનમત એટલે વીતરાગ પરમાત્માએ મોક્ષમાર્ગ કહ્યો નિશ્ચય અને વ્યવહાર અને નિમિત્ત. એવા મતની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે અને શબ્દભાન જાણતા હોય, ન્યાય જાણતા હોય. '**છંદ, અલંકાર આદિ અનેક પ્રકાર કે શાસ્ત્રોં કો જાનતે હૈં...**' એમાં શું થયું? આહાહા..! જગતને રિઝવવા, રાજી કરવા અનેક વ્યાકરણ ભણ્યો, શબ્દ શાસ્ત્ર ભણ્યો. આહાહા..!

'**શબ્દ, ન્યાય...**' ભાઈ તો કહે છે ને એક ઠેકાણે સોગાની. ન્યાય આદિમાં તો બહુ આકરું પડે છે. અમારે અનુભવ ક્ષયોપશમ બહુ .. જરૂર નથી એમ કહે છે. એક ઠેકાણે કહે છે. કયે ઠેકાણે છે? એય..! આ બધા .. બેઠા છે ને. ક્યાંક છે. એમ કે અમારે ક્ષયોપશમ જ્ઞાનની.. કેમકે ન્યાયાદિ કરવામાં તો બહુ .. પડે. અનુભવ આનંદનો અનુભવ થયો, આનંદ સુખને કહેવો એ તો અમારે માર્ગમાં છે કહે છે. સાર સાર મૂક્યો છે. લોકોને જરી એવું લાગે. સમજાણું કાંઈ? એ ક્યાંક છે આ બાજુ પાને. આ તમારે અભ્યાસ નથી? ચેતનજીને. ક્યાં ગયા જવાહરલાલજી? જવાહરલાલ! તમારે છે ને વાંચન. શેઠ પણ .. છે એ. ખબર નથી.

'**જિનમત કી શ્રદ્ધા સે ભ્રષ્ટ હૈં,...**' અને મોટો પંડિત થઈ ગયો હોય શબ્દમાં. આહાહા..! શબ્દ ને વ્યાકરણ ને. એય..! પંડિતજી! આ સંસ્કૃતના પંડિત છે. સંસ્કૃતના પ્રોફેસર છે હોં. નરમ માણસ છે. ધૂળમાંય છે નહિ, એમાં શું છે? બહારની પંડિતાઈમાં આત્મા ક્યાં આવ્યો છે? આહાહા..! '**શબ્દ,...**' શાસ્ત્ર '**ન્યાય,...**'ના ભણેલા. '**છન્દ,...**' છંદ છંદ. સમજ્યાને? યશતિલક છે ને બધા બનાવે. '**અલંકાર,...**' અલંકાર. આનો આ અલંકાર અને આનો આ અલંકાર.

મુમુક્ષુ :- સાહિત્ય

ઉત્તર :- સાહિત્ય થયો. સાહિત્ય ને? એ બધા '**અલંકાર આદિ અનેક પ્રકાર કે શાસ્ત્ર કો જાનતે હૈં તથાપિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ આરાધના ઉનકે નહીં...**' આરાધના શબ્દ પડ્યો છે ને? એ ચાર બોલ લીધા. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. ઈચ્છા નિરોધ તપ હોં. આ અપવાસ-બપવાસ એ તપ નહિ. અમૃતના સાગરને અંદરમાં ઉછાળીને જેને ઈચ્છાની ઉત્પત્તિ થતી

નથી એવી દશાને તપ કહે છે. બાકી અમૃતના સાગરને ઉછાળ્યા વિના એકલા અપવાસ આદિ કરે એ તો લાંઘણમાં જાય છે. આહાહા..! રાગ મંદ કરે એટલે પુણ્ય બાંધે. પણ દૃષ્ટિ જ્યાં ફરી નથી ત્યાં એને શું લાભ થાય? આહાહા..!

અહીં તો કહે છે કે એ શાસ્ત્રોને જાણે બધા મહા પંડિતાઈ. ઓહોહો..! વ્યાકરણ ને આ ને તે. પાણીના પૂરની પેઠે શબ્દ શાસ્ત્ર. એક શબ્દ પડ્યો ત્યાં એની વિભક્તિ, આ ને આ ને ધાતુ આ, એનો ધાતુ આ. સમજાય છે કાંઈ? એ બધા '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ આરાધના ઉનકે નહીં હોતી; ઈસલિયે કુમરણ સે ચતુર્ગતિરૂપ સંસાર મેં હી ભ્રમણ કરતે હૈં...**' આહાહા..! એ મરતા રાગની એકતામાં કચડાઈને મરી જશે. એ બહારના જ્ઞાનના અભિમાનમાં કુમરણ (થશે)–કચરાઈ જશે. આહાહા..! જીવતી જ્યોત પ્રભુ ચૈત્યનને નહિ સંભારી શકે એ. સમજાણું કાંઈ?

ઓહોહો..! એક જણાનું જોયું હતું ૭૬માં. સંઘવી હતા ધાંગધ્રાના. ધાંગધ્રા, ધાંગ્રધા. મીઠાલાલ સંઘવી હતા. અપાસરા નવું છે ને ..બજારમાં. ચેતન સંઘવી નહિ? એની શેરી, એની ખડકી. એ ખડકીમાં પહેલું ઘર એનું. અમે ત્યાં હતા ૭૬માં. એને પીડા કોઈ ઉપડી. ખાટલે તો ન નાખી શકાય. કારણ કે ખાટલેથી પડે. પણ નીચે તળાઈમાં નાખ્યા. પણ રહી ન શકે. આમ નીચે જાય, આમ જાય, નીચે ઉતરે. ૭૬ની વાત છે. પીડા... પીડા... ... પ્રાણીની જેમ આમ ફરે. તળાઈ પડી રહે નીચે. નીચે જાય, આમ જાય... આમ જાય... એટલી પીડા... કેમકે જ્યાં રાગ અને દેહની એકતા અંદરમાં પડી છે, આહાહા..! ભિન્નતાના ભાન કર્યા નથી ત્યાં એકતામાં કચરાઈ ગયો છે એ. સમજાણું કાંઈ?

કહે છે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્ તપ એની આરાધના જેને નથી અને આટલા શાસ્ત્રના વ્યાકરણ ને શબ્દ ને ધાતુ ને વિભક્તિ ને કર્તા ને કર્મ ને ષટ્કારકો એ બધું ભણીને વાતું કરતો હોય. આહાહા..! પણ ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ, એક એક ગુણે પૂર્ણ એવા અનંતગુણનું એકરૂપ, એની જેને સેવના નથી. બાદશાહ મોટો પ્રભુ. ત્રણ કાળ ત્રણ લોકને તો એક પર્યાયમાં સમાડી દઈને જાણનાર એવડો મોટો પ્રભુ છે. આહાહા..! એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકની અનંતા કેવળીઓને કોળિયો કરી નાખે. એવી તો જેની એક પર્યાય. આહાહા..! એવી અનંતી પર્યાય અને અનંત ગુણનો ધણી પ્રભુ. એની જેને આરાધના, સેવના, સન્મુખતા નથી, એ તો કુમરણે મરશે. આહાહા..!

'**ઈસલિયે કુમરણ સે ચતુર્ગતિરૂપ સંસાર મેં હી ભ્રમણ કરતે હૈં...**' '**સંસારમેં હી ભ્રમણ કરતે હૈં...**' આહાહા..! સમજાય છે કાંઈ? '**મોક્ષ પ્રાપ્ત નહીં કર પાતે;...**' મોક્ષ નહિ થાય એને. આહાહા..! દુઃખથી મુક્ત થવું એ નહિ થાય. દુઃખની દશામાં રખડ્યા કરશે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ ચાર ગતિમાં દુઃખમાં, દુઃખમાં દુઃખને દરિયે... આહાહા..! એને સુખનો સાગર મોક્ષદશાએ નહિ પ્રગટ થાય. સમજાણું કાંઈ? અરે..! શેના અભિમાન કરવા? શરીર અમારે સારા છે, પૈસા અમારે

ઠીક છે. આહાહા..! કંઠજાળ અમારી બહુ છે, વક્તા અમે છીએ, લાખોને રિઝવીએ. બાપુ! એ રિઝાય, પણ તું ન રિઝા ત્યાં સુધી દુઃખથી મુક્ત નહિ થાય. આહાહા..!

અહીં તો કહે છે, જૈનમતથી ભ્રષ્ટ થયા છે. એ શાસ્ત્રના ભણતરમાં બહુ ડાહ્યા વિચિક્ષણ, હુશિયાર હોય પણ એને આરાધના નથી. એ તો કુમરણે મરશે. આહાહા..! એ આકુળતાના તરફડિયા કરીને મરશે. ભગવાન આત્મા શાંતિનો સાગર, એના તરફ તો એની નજરું નથી. દુનિયાના ભણતરમાં નજરું જેની પડી રહી. આહાહા..! ઓહોહો..! ગજબ વાત કરી છે ને! આમ જા તો મુક્તિ અને આમ જા તો સંસાર છે. ચાહે એટલા શાસ્ત્રના જાણપણા કર્યા હોય. ચાહે તો વ્યવહાર શ્રદ્ધા પણ કરી હોય. આહાહા..! એ કહે છે ને, ભવે ભવે-ભવ ભવમાં કથનમાત્ર વ્યવહારરત્નત્રય એવું પણ અનંતવાર કર્યું. નિયમસાર આવે છે ને. આહાહા..! દિગંબર સંતોની કથની. એનું વાચ્ય બતાવે છે. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા પોતે એવું પરમસ્વરૂપ એની જ્યાં અંતર દૃષ્ટિ નથી, એનું જ્ઞાન નથી, એની સેવના નથી અને આ બધા ભણતરો, વ્રત, નિયમની ક્રિયા ઘણી હોય, મરીને કુમરણ મરશે. આહાહા..! જેની દશામાં આત્મા શાંત આનંદ (સ્વરૂપ) સમીપમાં નથી. અને જેની દશામાં રાગ અને અજ્ઞાન સમીપમાં છે. ભાઈ! ત્યાં ન્યાં જશે. આહાહા..! અરે..! ટાણા આવ્યા આવા. એ ટાણે ન પરોવ્યું. વીજળીને ઝબકારે મોતી પરોવી લે તો પરોવી લે. વીજળીનો ઝબકારો આવ્યો એમાં મોતી પરોવ્યું તો પરોવ્યું. ચાલ્યો જઈશ. આહાહા..! અને આવો મનુષ્યનો અવતાર વીજળીના ઝબકારા જેવો આવ્યો છે. સમજાણું કાંઈ?

એમાં આ '**મોક્ષ પ્રાપ્ત નહીં કર પાતે; ઈસલિયે સમ્યક્ત્વરહિત જ્ઞાન કો આરાધના નામ નહીં દેતે.**' જુઓ, પાઠમાં છે. સ્વસ્વરૂપની શ્રદ્ધા અને જૈનદર્શનની શ્રદ્ધા નથી જ્યાં. એવા જ્ઞાનની આરાધના, '**જ્ઞાન કો આરાધના નામ નહીં દેતે.**' એમ કહે છે. એણે જ્ઞાન તો કર્યું એટલું? પણ એ જ્ઞાન જ નથી. શાસ્ત્રના જ્ઞાન એકલા કરીને દુનિયાને બતાવ્યા, સમજાવ્યા, લોક રાજી થયા, લોકો કહે ભારે આવડે છે ઓહોહો..! ધૂણે. એમાં શું થયું? પ્રભુ! તું ન જાગ્યો ત્યાં સુધી એને આ બધામાં થોથા છે. આહાહા..! સમજાણું કાંઈ? જાગતી જ્યોતને જગાડ્યો નહિ ત્યાં બધા અંધારા છે. સમજાણું કાંઈ? આહાહા..! પાતાળ કૂવા એમાં પાણી કાઢવાની વાતું કરે છે. પાતાળમાંથી પાણી લાવ. જ્ઞાન અંતરમાંથી લાવ એમ કહે છે. બહારના ભણ્યા એ તને ક્યાંય તારશે નહિ. આહાહા..! '**સમ્યક્ત્વરહિત જ્ઞાન કો આરાધના નામ નહીં દેતે.**' આહાહા..! એ બે ગાથા થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૬, મંગળવાર તા. ૦૨-૧૦-૧૯૭૩**
**ગાથા-૫, ૬, ૭ પ્રવચન - ૧૬**

આ અષ્ટપાહુડ. પાંચમી ગાથા. 'અબ કહતે હૈં જો તપ ભી કરતે હૈં ઔર સમ્યક્ત્વરહિત હોતે હૈં ઉન્હેં સ્વરૂપ કા લાભ નહીં હોતા.'

**सम्मत्तविरहिया णं सुट्ठू वि उग्गं तवं चरंता णं।**
**ण लहंति बोहिलाहं अवि वाससहस्सकोडीहिं।।५।।**

પહેલામાં એમ કહ્યું હતું બીજીમાં '**दंसणमुलो धम्मो**' દર્શનથી ભ્રષ્ટ છે એ બધી રીતે ભ્રષ્ટ છે. પછી કહ્યું કે સમકિતથી ભ્રષ્ટ છે અને શાસ્ત્ર બહુ જાણતો હોય તોપણ એ ભ્રષ્ટ છે. હવે અહીંયાં કહે છે કે '**જો પુરુષ સમ્યક્ત્વ સે રહિત હૈં,...**' આત્માની પરિપૂર્ણ શક્તિનું સ્વરૂપ, શરીર વ્યાપી અસંખ્ય પ્રદેશી એવા આત્માનું અભેદ સ્વરૂપ... પર્યાયમાં ભેદ છે, અશુદ્ધતા છે. અને એનું (આત્માનું) લક્ષ કરીને જ્ઞાન કરીને જે અભેદ ઉપર દૃષ્ટિ જાય છે આ તેને સમ્યગ્દર્શન થાય છે. એવું સમ્યગ્દર્શન જેને નથી...

'**વે સુષ્ઠુ અર્થાત્ ભલીભાંતિ ઉગ્ર તપ કા આચરણ કરતે હૈં,...**' અપવાસ મહિના મહિના કરે, છ-છ મહિનાના અપવાસ. તપ છે ને શબ્દ? ઉગ્ર તપ. એમાં વિનય, વૈયાવચ્ચ, ભગવાન આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે... ઉગ્ર કરે. '**આચરણ કરતે હૈં, તથાપિ વે બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જો અપના સ્વરૂપ હૈ ઉસકા લાભ પ્રાપ્ત નહીં કરતે;...**' બોધિ શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્મસ્વરૂપ એનો એને લાભ હોતો નથી. સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે જે આત્મા કહ્યો, એવો આત્મા જેણે અંતર દૃષ્ટિએ જાણ્યો, અનુભવ્યો, એ અનુભવ વિના જેટલી કંઈ તપની ક્રિયા, ધ્યાનની ક્રિયા, યોગની ક્રિયા, વ્રતની ક્રિયા, પૂજાની ક્રિયા, જાત્રાની ક્રિયા એવી ક્રિયા કરતા એને આત્માનું સ્વરૂપ એવું બોધિ-આત્માનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવું જે સ્વરૂપ એને પ્રાપ્ત નહિ થાય. સમજાણું કાંઈ?

'**યદિ હજાર કોટિ વર્ષ તક તપ કરતે રહેં,...**' મુનિપણું પાળે, દિગંબર મુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ બરાબર પાળે અને તપસ્યામાં પણ ઉગ્ર વીર્ય ફોરવે. એવી હજાર કરોડ વર્ષ સુધી કરે '**તબ ભી સ્વરૂપકી પ્રાપ્તિ નહીં હોતી.**' સ્વરૂપ તો જે છે તેની અંતરમાં દૃષ્ટિ અનુભવ વિના આવી ક્રિયાકાંડથી પણ એ આત્મા પ્રાપ્ત થતો નથી. શાસ્ત્ર જ્ઞાન હોય તોપણ ખોટું છે કહે છે. સમ્યગ્દર્શન વિના, એમ કહ્યું ને પહેલું? '**बहुविहाइं सत्थाइं**' ઘણાં શાસ્ત્રો ભણ્યો હોય, પણ આત્મા વસ્તુ શું છે એની દૃષ્ટિ અને અનુભવ નથી તો એ બધા શાસ્ત્રો તેને નિરર્થક છે. અને અહીં તપ લીધું. પહેલાં દર્શન લીધું હતું, જ્ઞાન લીધું હતું, ચારિત્ર અને અહીંયાં તપ.

કહે છે '**હજાર કોટિ વર્ષ તક તપ કરતે રહેં,...**' હજાર, કરોડ. એટલું તપ કરે તોપણ '**સ્વરૂપકી પ્રાપ્તિ નહીં હોતી.**' સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. વસ્તુ અખંડ અભેદ ચિદાનંદસ્વરૂપ... પર્યાય એને હોવા છતાં વર્તમાન દશા મલિન હોવા છતાં, દુઃખની દશા હોવા છતાં, વિકારમાં જ્યાં દૃષ્ટિ આપે ત્યાં દુઃખ અને પર્યાયનું ત્યાં ભાન નથી. અભેદમાં ભેદ નથી એમ કહેવું છે. એવી અંતર અનુભવ દૃષ્ટિ થયા વિના જે કાંઈ શાસ્ત્ર અને તપ કરે એ બધો નિરર્થક છે. સાર્થક છે ચાર ગતિ રખડવામાં. સ્વરૂપની પ્રાપ્તિ માટે નિરર્થક છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે, ખરેખર છે. પર્યાય છે ખરેખર. પર્યાયએ ભેદ છે. પણ એ ભેદની દૃષ્ટિ છોડીને અભેદ દૃષ્ટિ કરવી, અભેદમાં પણ ભેદ તો છે અંદર, ગુણાદિ અનંત. પણ અભેદ દેખતા ભેદ દેખાતો નથી. એવી વાત છે. સમજાણું? એક સમયમાં આત્મા પૂર્ણ અભેદ, એની દૃષ્ટિ પણ... અભેદમાં ગુણો અનંતગુણ છે, પણ અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી ભેદ દેખાય નહિ અને ભેદ દેખાય તો અભેદ દૃષ્ટિ રહે નહિ. આવી વાત છે. એમ એની પર્યાય હોવા છતાં છે અસ્તિ. છતાં દૃષ્ટિ અભેદ ઉપર જતાં તે પર્યાય એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આવી વાત છે. પર્યાય છે ખરી, પણ અંદરમાં નથી. અંદરમાં નથી એટલે પર્યાય નથી એમ માની લે તો એ મિથ્યાદૃષ્ટિ છે. એને સમ્યગ્દર્શન છે નહિ. સમજાણું કાંઈ? અને પર્યાય ઉપર અને ભેદ ઉપર દૃષ્ટિ રહે એકલી, એ મિથ્યાદૃષ્ટિ છે. વાત તો એ છે.

આમ તો અનંતવાર 'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો.' દિગંબર જૈનનો સાધુ. જૈનના શાસ્ત્રો ભણ્યો, જૈને કહેલા વ્રતો, તપાદિ કર્યા વ્યવહારે, પણ એ આત્મદર્શન વસ્તુ જે છે એને સ્પર્શ્યો નહિ, દૃષ્ટિમાં લીધી નહિ એ ચીજને. આહાહા..! એ વિના બધો અવતાર એળે ગયો. કહે છે '**યહાં ગાથા મેં દો સ્થાનોં પર 'ण' શબ્દ હૈ,...**' છે ને? '**सम्मत्तविरहिया णं**' અને '**चरंता णं**' ત્યાં 'ण' શબ્દ છે. '**વહ પ્રાકૃત મેં અવ્યય હૈ, ઉસકા અર્થ વાક્ય કા અલંકાર હૈ.**' વાક્યમાં અલંકાર. વાક્યને સુધારવા માટે શબ્દ છે. કોઈ એનો અર્થ નથી એમ.

'**ભાવાર્થ :- સમ્યક્ત્વ કે બિના હજાર કોટિ વર્ષ તપ કરને પર ભી મોક્ષમાર્ગકી પ્રાપ્તિ...**' ઓલામાં સ્વરૂપ કહ્યું. અહીંયાં મોક્ષમાર્ગ. એ તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે એનું સ્વરૂપ છે. મોક્ષમાર્ગનું સ્વરૂપ એ આત્મા અખંડ પ્રભુ, એની અભેદ દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર રમણતા હોં. ત્રણેની એકતા કહેવી છે ને? એ મુનિને જ હોય. નગ્નમુનિ, દિગંબર હોય એને હોય. એ સિવાય કોઈને ત્રણ એકતા ન હોય. દર્શન, જ્ઞાન હોય, પણ ચારિત્ર તો મુનિપણા સિવાય હોઈ શકે નહિ. અને એ ત્રણની પ્રાપ્તિ આત્માના ભાન વિના હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

મોક્ષમાર્ગની પ્રાપ્તિ. અંદરમાં એમ લખ્યું. મૂળ પાઠ બોધિ છે. '**बोहिलाहं ण लहंति**' અર્થમાં કહ્યું કે સ્વરૂપની પ્રાપ્તિ નહિ કરે. ભાવાર્થમાં કહ્યું કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ નહિ થાય. '**बोहिलाहं**' આરોગો

બોહિલાભં એમ આવે છે લોગ્ગસમાં. બોધિ લાભ એટલે આત્મા જેવો સ્વરૂપે પરમાત્મા અનંતગુણનો પિંડ, અનંત જેના ગુણ છે, શક્તિ-સ્વભાવ. રજો, તમો ગુણ એ નહિ હોં. એ તો વિકાર છે. રજો ગુણ, તમો ગુણ, સાત્ત્વિક ગુણ એ બધો તો વિકાર છે. એ નહિ. આ તો અંદરમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત અનંત સંખ્યાએ શક્તિઓ એટલે ગુણ છે. એવો અનંતગુણનું જે એકરૂપ એની પર્યાય અને અનંતગુણો હોવા છતાં અંતર દૃષ્ટિ અભેદ ઉપર ન જાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. સમ્યગ્દર્શન વિના લાખ વર્ષ, કરોડ વર્ષ અપવાસ કરે, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે, ધ્યાન કરે. અંદર શૂન્યરૂપે થઈ જાય. કાંઈ ભાસે નહિ એટલે વિકલ્પથી શૂન્ય દેખાય એને. હોય નહિ. સમજાણું કાંઈ?

અને એમાં કદાચિત્ શાતાનો ઉદય એવો તીવ્ર હોય અંદર, તો આનંદ જેવું દેખાય, એ આનંદ ન હોય. બહુ ઝીણી વાત છે. શાતાના વેદના રસનો રસ એવો મીઠો હોય. શુક્લલેશ્યા હોય છે ને. એને એ અનુભવ માને અજ્ઞાની. એ અનુભવ નહિ. અનુભવમાં તો આત્મા, અનંત ગુણો, એની પર્યાય, એનો બધો વિવેક આવ્યો હોય. સમજાય છે કાંઈ? પરવસ્તુ.. જ્યારે એમ કહેવું કે અત્યંત દુઃખથી વિમુક્ત થા. એ ધ્વનિમાં કેટલું સિદ્ધ થઈ ગયું? કે એની પર્યાયમાં અનંત દુઃખ છે. પર્યાય પર્યાયમાં હોં. તો એનાથી રહિત થા. તો એનો અર્થ કે એ પર્યાય પલટી શકે છે. અને દ્રવ્ય અને ગુણ કાયમ રહે છે. અને એ દુઃખ સ્વને લક્ષે ન થાય. સંયોગના જનિતે ઉત્પન્ન થયેલું દુઃખ છે. તો સંયોગી ચીજ બીજી ચીજ છે જગતમાં અસ્તિ, એ પણ સિદ્ધ થઈ ગયું. સંયોગી ચીજ છે, દુઃખ છે, પલટતી દશા છે, નહિ પલટેલો દ્રવ્ય અને ગુણ સ્વભાવ છે. આટલું એને અંદરમાં નિર્ણયમાં ન આવે ત્યાં સુધી બધું ફોગટ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે દુઃખથી મુક્ત થા એમ કહેતા જ એની દશામાં દુઃખ છે. ત્રિકાળમાં દુઃખ નથી. અને એની દશામાં દુઃખ છે તો આત્માના આનંદના આશ્રયે દુઃખ નાશ થઈ શકે છે. તો એ દુઃખ છે એ ક્ષણિક અવસ્થા છે. એ કાંઈ ત્રિકાળી ચીજ નથી, પણ છે ખરી. આહાહા..! સમજાણું કાંઈ?

આવી રીતે અંદરમાં પર્યાયને જાણવા છતાં અનંત ગુણો વસ્તુસ્વભાવમાં અસ્તિપણે હોવા છતાં અને દુઃખનું નિમિત્તપણું સંયોગી કર્મ આદિ હોવા છતાં એ બધાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે જ્ઞાને, પણ દૃષ્ટિ બધાને ઓળંગીને વસ્તુસ્વરૂપ તરફ જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. જયંતિભાઈ! આવો માર્ગ છે. આહાહા..! ચોર્યાસીના અવતારમાં એણે એવા બફમમાં એવા અવતાર ગાળ્યા ઘણાં. ધર્મ પામ્યો છું, સમજ્યો છું એવું પણ એને થઈ ગયું અનંતવાર. સમજેલો નહિ. સમજાણું કાંઈ?

એ કહે છે કે આવી તપસ્યાઓ એટલે કે અંદર અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, ઊભા ઊભા ખડા રહે બબ્બે મહિના, અપવાસ કરે છ છ મહિનાના, પરિત્યાગ કાંઈક .. વિનય, વૈયાવચ્ચ, વિનય કરે દેવ-ગુરુ-શાસ્ત્રનો. એથી શું? એ તો વિકલ્પ છે. એવી ઉગ્ર તપસ્યાના પ્રકારો સેવતા છતાં અંતર વસ્તુ જે અભેદ અખંડાનંદ પ્રભુ, એનો સ્પર્શ અને દૃષ્ટિ ન કરે તો એ બધું

નિરર્થક છે. આહાહા..! એમાં એ આવે ને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય. સજ્ઝાય શાસ્ત્રની કરે. ધ્યાન કરે. એમ આવે ને? ધ્યાન પોતાની કલ્પનાથી શૂન્ય જેવું દેખાય અંદર. કાંઈ દેખાય નહિ પણ શૂન્ય છે. વાસ્તવિક એ ધ્યાન નથી. સમજાણું કાંઈ? એ બહારમાં આવે છે હોં એ સજ્ઝાય. એવી ક્રિયાઓ અનંતવાર કરે છતાં... આહાહા..! સ્વરૂપની પ્રાપ્તિ એ દ્વારા નથી.

એ કરોડ વર્ષ સુધી કરે. લ્યો જોયું! '**યહાં હજાર કોટિ કહનેકા તાત્પર્ય ઉતને હી વર્ષ નહીં સમજના, કિંતુ કાલ કા બહુતપના બતલાયા હૈ.**' ઘણો કાળ બતાવ્યો છે. મનુષ્યનું આયુષ્ય થોડું છે ને એ અપેક્ષાએ. અત્યારે. '**તપ મનુષ્ય પર્યાયમેં હી હોતા હૈ,...**' મુનિપણું, અપવાસ, ત્યાગ, તપ એટલે અહીંયાં મુનિપણું લેવું. બહુ જ તપસ્યાઓ કરે, બહુ જ ચારિત્ર ક્રિયાકાંડમાં. જંગલમાં રહે, નગ્ન રહે. એવું કરવા છતાં... અન્યના બાવા તો જંગલમાં રહીને કંદમૂળ ખાય. એક રૂપિયા ભાર ખાય તો પંદર દિ' સુધી ખાવું ન પડે. પણ એ બધો મિથ્યાત્વભાવ છે. મિથ્યાદષ્ટિ છે. એવા અનંતવાર નગ્નપણા, સાધુપણા (લીધા). જૈનનો સાધુ તો એ કંદમૂળ ખાય નહિ. એકેન્દ્રિયનો આહારાદિ હોય. એ નિર્દોષ એને માટે બનાવેલો ન લે. એટલું મુનિપણું ઉગ્ર તપસ્યા કરે. તપસ્યા એટલે મુનિપણું. પણ આત્માના અંતર દર્શન વિના એ બધું નિરર્થક વૃથા છે.

અહીં કહે છે કે એકલા પર્યાય વિના કેમ? કે '**તપ મનુષ્ય પર્યાયમેં હી હોતા હૈ, ઔર મનુષ્યકાલ ભી થોડા હૈ, ઈસલિયે તપ કે તાત્પર્ય સે વહ વર્ષ ભી બહુત હૈં.**' '**તપ કે તાત્પર્ય સે વહ વર્ષ ભી બહુત કમ કહે હૈં.**' એમ કહે. હજાર, કરોડ તો ઘણાં કહ્યા મનુષ્યની અપેક્ષાએ. મનુષ્યમાં તપસ્યા હોય છે ને દીક્ષા, મુનિપણું. એની અપેક્ષાએ ઘણાં વર્ષ કીધા હજાર, કરોડ વર્ષ એમ. આમ તો કરોડપૂર્વ અનંતવાર થયો. આઠ વર્ષે સંસાર ગૃહસ્થપણું છોડ્યું, વનવાસ રહ્યો, જંગલમાં રહ્યો, નગ્ન રહ્યો. આઠ વર્ષની ઉંમર એટલે કરોડપૂર્વ... એક કરોડમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવું એક પૂર્વ, એવા કરોડપૂર્વ. એને તત્ત્વની ખબર વિના વસ્તુ .. એવું અનંતકાળ, અનંતવાર એવું થયું છે. પણ અંતર આત્માનું ભજન, ભક્તિ થઈ નથી. જે વાસ્તવિક આત્મા અખંડ પરમાનંદ પ્રભુ એનું ભજન નામ અંદર લીનતા અને એકાગ્રતા આત્મામાં થઈ નથી એથી બધું નિરર્થક છે. લ્યો!

'**ઐસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વ કે બિના ચારિત્ર, તપ કો નિષ્ફલ કહા હૈ. અબ સમ્યક્ત્વ સહિત સભી પ્રવૃત્તિ સફલ હૈ...**' આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્મા કહ્યો, એવો આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન હોય તો એને પછી જે કાંઈ વ્રતાદિના શુભભાવ હો, અને એનું પુણ્યબંધ છે એ વ્યવહારે પણ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ ઓલો નિશ્ચય અંદરનો હોય તો. તો એનું સફળ છે. '**ઐસા કહતે હૈં –**'

**सम्मत्तणाणदंसणबलवीरियवड्ढमाण जे सव्वे।**
**कलिकलुसपावरहिया वरणाणी होंति अइरेण।।६।।**

આહાહા..! '**અર્થ :- જો પુરુષ...**' આત્મા. સમ્યક્ત્વ-આત્માના પૂર્ણતાની અંદર પ્રતીતિ, એનું જ્ઞાન, એનું દેખવું, બળ નામ પુરુષાર્થ કરવો. '**વીર્ય સે વર્ધમાન હૈં...**' પુરુષાર્થથી અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિને વધારવી '**તથા કલિકલુષપાપ...**' આહાહા..! આ કળિકાળમાં સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થઈને પંથ નીકળ્યા એ કળિકાળની વાસના છે કહે છે. સમજાણું કાંઈ? '**કલિકલુષપાપ અર્થાત્ ઈસ પંચમકાલ કે મલિન પાપ સે રહિત હૈં,...**' એનો અર્થ કે આવા પંચમ કાળમાં વીતરાગ માર્ગ સ્વરૂપ જે હતું એનાથી ભ્રષ્ટ થઈને અનેક પંથો નીકળ્યા. એની વાસનારહિત હોય, એ વાસના કળિકાળના શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલાની વાસનાથી રહિત હોય, એ પાપરહિત છે. આહાહા..! ભારે!

'**કલિકલુષપાપ અર્થાત્ ઈસ પંચમકાલ કે મલિન પાપ...**' આહાહા..! કોઈ એક જ આત્મા માન્યો હોય સર્વવ્યાપક, એ પણ મહાપાપ. એની વાસના ગરી ગઈ. મહામલિન મિથ્યાત્વનું પાપ. સર્વવ્યાપક એક જ આત્મા... કોઈ નાનો એટલો જ આત્મા માન્યો, કોઈએ ઈશ્વરકર્તા માન્યો જીવને. કર્તા વિના વસ્તુ ક્યાંથી હોય? એ બધા પંચમકાળના કલુષ પાપ છે. આહાહા..! સમજાણું કાંઈ? કલિ એટલે કલિમાંથી પંચમકાળ લીધો. કલુષપાપ. આહાહા..! એવા એકાંતિક માનનારા મિથ્યાદષ્ટિ વાસનારૂપી પાપ ન લાગવા દીધું. આહાહા..! એ વાસનામાં ફસાણો નહિ. એ '**પાપ સે રહિત હૈં, વે સભી અલ્પકાલ મેં વરજ્ઞાની અર્થાત્ કેવલજ્ઞાની હોતે હૈં.**' આહાહા..! આત્માના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વગેરે અને આવા પાપથી જેની વાસના મલિન નથી એ અલ્પકાળમાં કેવળ લેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

કેટલા ફાંટા જુઓને, કેટલા જૈનમાં પણ ફાંટા, અન્યમાં પણ ફાંટા જૈન સિવાય, જૈનમાં પણ કેટલાય ફાંટા. આહાહા..! એ બધાના કળિકાળનું પાપ કલુષિત પાપ છે એ બધું. આહાહા..! એવા પાપની વાસનાથી રહિત છે. '**वरणाणी होंति**' છે ને પાઠ? એ વર નામ કેવળજ્ઞાની થશે. એ અલ્પકાળમાં કેવળજ્ઞાન એકાદ-બે ભવમાં થશે. આહાહા..! '**अचिरेण**' છે ને? '**अचिरेण**' એટલે અલ્પકાળ. અલ્પકાળમાં એ કેવળજ્ઞાની થવાના, પરમાત્મા થવાના. આહાહા..! '**सम्मत्तणाणदंसणबलवीरियव**' જોયું! બળ અને વીર્ય બેય જુદા રાખ્યા. બધામાં. વીર્યથી બધામાં વર્ધમાન. '**जे सव्वे कलिकलुसपावरहिया**' આહાહા..! પંચમકાળના પાપ આવા મિથ્યાદષ્ટિઓ જાગ્યા છે. એની જેને અસર વાસનારહિત છે. અને પરમાત્માએ કહેલા માર્ગની વાસનામાં વસ્યા છે. એ અલ્પકાળે કેવળ થશે. '**वरणाणी**' પ્રધાન જ્ઞાની થશે. પ્રધાન એટલે કેવળજ્ઞાન ઊંચું એમ. આહાહા..! ઓલા નિગોદ અને નરકમાં જાશે. મિથ્યાત્વના સેવનારા એના ફળ તરીકે તો નરક અને નિગોદ અનંત છે.

'**ભાવાર્થ :- ઈસ પંચમકાલ મેં જડ-વક્ર જીવોં કે નિમિત્ત સે...**' જુઓ! ખુલાસો કર્યો છે. પાઠમાં છે ખરું ને. '**कलिकलुस**' પંચમકાળ આ છે એમાં જડ અને વક્ર જીવો નીકળ્યા છે. '**નિમિત્ત**

**से यथार्थ मार्ग अपभ्रंश हुआ है.**' સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મમાર્ગ, જૈનમાર્ગ કહો, આત્મમાર્ગ કહો, એ એમાંથી અપભ્રંશ થયા. '**यथार्थ मार्ग अपभ्रंश हुआ है.**' ઓલામાં લખ્યું છે ને નહિ? રાત્રે નહોતું કહ્યું? સુજાનમલ ઘણું કરીને. આ બધા એકતા... એકતા કરવા માંડો, પણ શેની એકતા? સુજાનમલ છે ને. આહાહા..! કોઈ સાથે વિરોધ નહિ, વેર નહિ. પ્રેમ બધા... તત્ત્વેષુ મૈત્રી. પણ વસ્તુની સ્થિતિ હોય એવું બીજી રીતે કેમ થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેને વિપરીત માન્યતાનું કષ્ટ થાય અને, એને લઈને બીજાને દુઃખ લાગે. શું થાય? યથાર્થ. કહી શકાય નહિ તો તો. અને યથાર્થ કહે માટે વેર અને વિરોધ થાય એવું કાંઈ છે નહિ. ભાઈએ કહ્યું નથી? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું હતું. .. અમે વેર-વિરોધ કરીએ તો ને? અમે તો યથાર્થ માર્ગ કહીએ છીએ. આવે છે અંદર.

મુમુક્ષુ :- પહેલા ભાગમાં આવે છે.

ઉત્તર :- આવે છે ને. બહુ નાખ્યું છે હોં. યાદ આવતા આવતા ક્યાંનું ક્યાં આવી જાય છે. એ વાંચતા ખ્યાલ આવી ગયો હોય ને અટકીને. .. છે. આવું હોય તો તો વેરવિરોધ લાગશે. પણ અમે વિરોધ કરીએ તો ને? અમારે ક્યાં કરવો છે? અમે તો સત્ય વાત છે એ જાહેર કરીએ છીએ. આહાહા..! ભગવાન છે-પરમાત્મા છે. એ પણ ભૂલને જાણશે પછી વેર કરવાની શું જરૂર? પણ એથી સત્યને ગોપવવું, સત્યને પ્રસિદ્ધ ન કરવું એમ ન હોઈ શકે. સમજાય છે કાંઈ? અત્યારે તો બધું એ ચાલ્યું છે ને? એકતા કરો, સમન્વય કરો, હિન્દુ ને મુસલમાન બધા સરખા. જૈન અને અજૈન બધા સરખા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રામજીભાઈ એ જ કહે છે ને. .. લ્યો. લ્યો ત્યાં જાવ એ ફકીરના ઓલામાં. અરે..! બાપુ! એ બધી વાતું કરવી છે. સત્ય શું છે? એ શોધવું નથી અને અસત્યને મૂકવું નથી. એટલે પછી બધાનો ખીચડો કરીને બધાને સરખા રાખવા. એ વાતનો મેળ રહે. આહાહા..! આ પૈસાવાળાને સરખા કરે છે. લોકો શું કહેવાય? શું કહે છે?

મુમુક્ષુ :- સામ્યવાદ.

ઉત્તર :- સામ્યવાદ. સામ્યવાદ ભાઈ કહે. બધા સરખા, પણ સરખા શી રીતે થાય? એકને રોગ આવતો હોય, પૈસા થોડા, .. પડ્યા વધારે.

મુમુક્ષુ :- પણ ત્રિકાળ અપેક્ષાએ...

ઉત્તર :- પણ આ તો બહારથી કરવા માગે છે ને. બહારથી કોઈ રીતે ન રહે. એકને રોગ એવો લાગુ પડ્યો હોય કે બિચારાને પૈસા થોડા અને રોજનો ખર્ચ થાય. નિર્ધન થઈ જશે. અને એકને પૈસા ઘણા હોય, અને રોગ કાંઈ ન આવે, નિરોગતા રહે. .. એને શી રીતે તમે બધાને સરખા રાખશો? શરીરની

દશા જ સરખી નથી. પરિણામ સરખા નથી એના ફળ સરખા ક્યાંથી આવે? આહાહા..! સરખું ફળ તો અહીં આવે. દર્શન ને જ્ઞાન ને ચારિત્ર પ્રગટ કરે, જેવું પોતાને થાય એવું બીજાને થાય. ત્યાં સમતા સામ્યવાદ ભેગો લાગુ પડે. આહાહા..! ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસાની વાતું. પણ એને રહે શી રીતે? એટલી ક્ષુધા વધારે હોય વધારે ખોરાક ખાય, પૈસા ઘટી જાય. એકને થોડો ખોરાક પૈસા વધારે. શી રીતે આમાં? શરીરની સ્થિતિથી જુઓ તોપણ નહિ સરખું થાય. કોકને છોકરા બે-પાંચ હોય એના પ્રમાણમાં .. ખરચ હોય એના પ્રમાણમાં.. એ બધું શી રીતે? એક એક .. બાયડી-ભાયડો બે હોય. હવે એનું સરખું આવવું, આનું સરખું શી રીતે રહે? એ વસ્તુ જ ખોટી છે. અંદરમાં સમતા સરખી રહે. બધા ભગવાન આત્માને પામો, વીતરાગ થાવ, એ સામ્યભાવ છે. આહાહા..!

આ કહે છે '**ઉસકી વાસના સે જો જીવ રહિત હુએ વે...**' આહાહા..! '**યથાર્થ જિનમાર્ગ કે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વસહિત જ્ઞાન-દર્શન કે અપને પરાક્રમ-બલ કો ન છિપાકર...**' એ યથાર્થ જિનમાર્ગ વીતરાગ સર્વજ્ઞે આત્માનો માર્ગ કહ્યો, એનું શ્રદ્ધાનરૂપ સમકિત સહિત. સમકિત સહિત. '**જ્ઞાન-દર્શન કે અપને પરાક્રમ બલ કો ન છિપાકર...**' પોતાનો પુરુષાર્થ ઢાંક્યા વિના. આહાહા..! પોતાના પુરુષાર્થને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વાપરી અને પુરુષાર્થને ન ગોપવી '**અપને વીર્ય અર્થાત્ શક્તિ સે વર્ધમાન હોતે હુએ...**' શક્તિથી, પોતાની શક્તિ પ્રમાણે નિર્મળતામાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં '**વર્ધમાન હોતે હુએ પ્રવર્તતે હૈં,...**' આહાહા..! ધર્મીને તો સંવેગ હોય છે. એટલે મોક્ષનો માર્ગ એમાં ઉત્સાહ હોય છે અને એના ફળમાં ઉત્સાહ હોય છે. બંધમાર્ગમાં જ્ઞાનીને ઉત્સાહ હોતો નથી. હોય છે અશુદ્ધ પરિણામ બંધ પડે છે, પણ એમાં ઉત્સાહ નથી. નબળાઈને લઈને એ થઈ જાય છે. પરને લઈને નહિ હો. આહાહા..!

વીર્યની નબળાઈથી એવા વિકારભાવ ચારિત્રના હોય, પણ એનો ઉત્સાહ ત્યાં નથી. ઉત્સાહ તો સ્વભાવ સન્મુખ થઈને, સ્વભાવની પર્યાય વધારવી એવો ઉત્સાહ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આવ્યું હતું આઠ ગુણમાં. સ્થિર કરે. પોતાને પણ કંઈક અસ્થિરતા થતી હોય તો સ્થિર કરે. શ્રદ્ધામાં તો ઠીક, પણ અસ્થિરતામાં તો એ રીતે પરિણામ બહુ થઈ જતા હોય, એમાં સ્થિર કરે. આ ન હોય. આ સ્થિતિ આવી! મનુષ્ય સ્થિતિ પૂરી થવા આવી અને તને આ આરાધનામાં કેમ આ દખલ કરતા હશે? સમજાય છે કાંઈ? એવી આરાધનાની સ્થિતિમાં કોઈ દખલરૂપ ન થાય તો એને છોડી દે. આહાહા..! મરણ દેહ છૂટવાનો નજીક કાળ છે. એમાં આવું સ્વરૂપનું આરાધનમાં વિરૂદ્ધતા હોય તો એને છોડીને સ્થિર થાય. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ આ માર્ગ!

બળ અને પછી વીર્ય બે લીધું છે ને? બળમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં બધામાં વીર્ય ફોર્યું વર્ધમાન

થાય. બધામાં વૃદ્ધિ કરે. આહાહા..! સંતોના વાક્યો શબ્દના બાણ છે. આહાહા..! ભાઈ! તારું દર્શન, જ્ઞાન, શાંતિ અને તપ અને બળ એમાં વૃદ્ધિ થવી જોઈએ. આવા પંચમકાળની વાસના તને નથી અડી અને તને આત્માનું દર્શન અને જ્ઞાન છે તો એના ગુણોની પર્યાયની વૃદ્ધિ કરવી જોઈએ. આહાહા..! જેથી દેહને છેડે આરાધક થઈને દેહ છૂટે તે અલ્પકાળમાં બોધિને પામશે. રાતે કીધું હતું ને. અલ્પકાળમાં એ ચારિત્રને પણ પામશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બલ કો ન છિપાકર તથા અપને વીર્ય અર્થાત્ શક્તિ સે વર્ધમાન હોતે હુએ પ્રવર્તતે હૈં, વે અલ્પકાલ મેં હી કેવલજ્ઞાની હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.**' આહાહા..! પોતાની દશા પણ સાથે વર્ણવે છે ને. ..માં વૃદ્ધિ કરતાં કરતાં પંચમકાળમાં અમે છીએ, કેવળજ્ઞાન અત્યારે નથી. સમજાય છે? આહાહા..! જરી ચારિત્રની ઉગ્રતા કેવળજ્ઞાન માટે જોઈએ એ ચારિત્ર એવું નથી. એ જ કહે છે. આહાહા..! એને વર્ધમાન કરતાં કરતાં આરાધક થા કે જેથી તને ત્રણની ભવિષ્યમાં પૂર્ણ પ્રાપ્તિ થઈને કેવળજ્ઞાન થશે. અહીં તો અંદરની વાતું છે ભાઈ! આહાહા..!

હવે અંદરમાં રસ જામ્યો છે એને વધારે જમાવ. એમ કહે છે. આહાહા..! પરથી ઉદાસ... ઉદાસ.. થઈ જા. ત્યારે લેવું છે કેવળજ્ઞાન, બાપુ! તારે તો મોક્ષ જાવું છે ને. એટલે કે મોક્ષરૂપ પરિણમવું છે ને? આહાહા..! દરેક ગુણના વીર્ય વડે વૃદ્ધિ કર. ત્યારે કહે, એમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું પાછું? એ જ ક્રમબદ્ધ આવ્યું ભગવાન! એ વીર્યની વૃદ્ધિ કરી ને વધે એ એના ક્રમમાં એ આવે છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! અરેરે..! તારા મરણમાં બાપુ! તારી મા અને તારી વહુ રોયા છે એના બિંદુઓના મેરુઓના ઢગલા થાય. આહાહા..! તારે શું કરવું? તારા મરણના કાળે તારી સગવડતાનો અભાવ એને દેખાતા તારી મા અને તારી પત્ની રોયા એના આંસુ સમુદ્ર, સ્વયંભુરમણસમુદ્ર ભરાય અનંતા એટલા આંસુ પાડ્યા ભાઈ! તને ખબર નથી. હવે રાજી થઈને આત્મામાં આવને હવે. આહાહા..! અને એની વૃદ્ધિ કરીને પૂર્ણતાને પ્રાપ્ત થાને પ્રભુ! એમ કહે છે. પોતાની વાત નાખતાં બીજાને પણ આમ કરવું, એમ થાય બતાવે છે. આહાહા..! માર્ગ તો આ, બીજો શું હોય? અહીંયાં કાંઈ પુણ્ય બાંધશે તો સ્વર્ગ મળશે, આ મળશે, એ વાત ક્યાં છે? અહીં તો અપૂર્ણતા છે એને પૂર્ણતા કરવી એમ વાત છે. ભલે એને ખબર છે કે હજી એ અપૂર્ણ છે. પુણ્ય થશે તો સ્વર્ગમાં જવાશે. પણ અમારે વધારવાની તો આ દશા છે. આહાહા..! પુણ્ય વધારવું છે, મોટા સ્વર્ગમાં જાવું છે ત્યાંથી મરીને મોટા રાજકુળે અવતરવું છે -એ ભાવના જ્ઞાનીને નથી. આહાહા..! આવી જાય વચમાં એ. સમજાણું કાંઈ?

અહીં તો '**सम्मत्तणाणदंसणबलवीरियवड्ढमाण**' બસ, આહાહા..! શુભભાવ વધારજે એમ નથી આમાં. શુદ્ધતા વધારજે, ભાઈ! પુણ્ય શુભભાવ વિશેષ તો અપરાધ છે. અપરાધને વધારવો છે તારે? આહાહા..! નિરપરાધી દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાને વર્ધમાન કર, પ્રભુ! આહાહા..! તું ક્યાનો જનારો? તું તો સિદ્ધનો પાડોશી સિદ્ધમાં જનારો. હવે નરક ને નિગોદ તારે ન હોય. આહાહા..! આવું

જેને આત્મદર્શન અને શ્રદ્ધા, જ્ઞાન થયું એની હવે તું વૃદ્ધિ કર. ચારિત્ર ન હોય તો ચારિત્ર(કર) અને ચારિત્ર હોય તો નબળાઈ હોય એની વૃદ્ધિ કર. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- દો શબ્દ આયે તો દર્શન-જ્ઞાન-ચારિત્રકે નહીં આયે?

ઉત્તર :- દર્શન, જ્ઞાન, ચારિત્ર અને બળ બધામાં વીર્ય ફોરાવ્યું છે. બધામાં શક્તિ ફોરે છે. બળમાં પણ શક્તિ વિશેષ ફોરે છે. વર્ધમાન કરે બધામાં, એમ. દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, બળ... એવી વાત છે. આહાહા..! હીણી ન રહેવા દે એમ કહે છે. બધી શક્તિઓને વધાર પર્યાયમાં. આહાહા..! આ તો ભાઈ જેને અંતરમાં લાગી છે એને લાગે એવી છે. આહાહા..! શ્રીમદ્ કાંઈક કહે છે ને નહિ? 'જેને લાગી તેને લાગી...' .. પોકાર આવે છે. .. વેદના એમ આવે છે. શ્રીમદ્‌માં પણ ઘણા .. તો એવા... સ્પષ્ટ બે ન થયું એટલે ગોટો ઉઠાવ્યો મોટો. .. આમ ખરી ગયા. આહાહા..!

**'યથાર્થ જિનમાર્ગ કે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વસહિત જ્ઞાન-દર્શન કે અપને પરાક્રમ-બલ કો ન છિપાકર તથા અપને વીર્ય શક્તિ સે વર્ધમાન હોતે હુએ પ્રવર્તતે હૈં,...'** આહાહા..! વર્તમાન ચાલતી દશાને વર્ધમાન કરે છે એમ કહે છે. ઓછી તો નહિ, પણ તેમાં એટલો છે એમાં પણ નહિ.

મુમુક્ષુ :- એથી આગળ જા.

ઉત્તર :- આગળ વધ. વધ ભાઈ! આવા તારા કાળ છે ને, નાથ! આહાહા..! તને તો મોક્ષમાં તારે જાવું છે ને? એટલે કે પૂર્ણદશાને પ્રાપ્ત કરવી છે ને, એમ. જાવું છે એટલે શું કૂદવું છે ત્યાં? તારે પૂર્ણદશામાં જાવું છે ને? તો આવી દશાને વધાર હવે. ભગવાનજીભાઈ! આવી વાતું છે. આહાહા..! શું શબ્દમાં ભાવ છે ને પાછો! ભગવાન આચાર્ય કુંદકુંદાચાર્યનો ભાવ આ છે. આહાહા..! તને દર્શન અને જ્ઞાન થયું, ચારિત્ર થયું. મુનિ છે ને પોતે? હવે તું એમાંથી વૃદ્ધિ કર. પંચમકાળ, કળિકાળના પાપ મિથ્યાત્વના. એકલું મિથ્યાત્વ... મિથ્યાત્વ... ડહોળાય છે ચારેકોર. એમાં અસર થવા ન દીધી, વાસનામાંથી ખસી ગયો. હવે તો આમાં વધાર. સમજાણું કાંઈ? **'મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.'** દેખો!

**'અબ કહતે હૈં કિ સમ્યક્ત્વરૂપી જલ કા પ્રવાહ આત્મા કો કર્મરજ નહીં લગને દેતા...'** આહાહા..!

**सम्मत्तसलिलपवहो णिच्चं हियए पवट्टए जस्स।**
**कम्मं वालुयवरणं बन्धुच्चिय णासए तस्स।।७।।**

... **'અર્થ :- જિસ પુરુષકે હૃદય મેં સમ્યક્ત્વરૂપી જલ કા પ્રવાહ નિરંતર પ્રવર્તમાન હૈ,...'** આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે એના જેને દર્શન થયા છે, એની જેને પ્રતીત થઈ છે, જેને પરમાત્મા પોતે સ્વરૂપે પોતે છે એના ભેટા થયા છે શ્રદ્ધામાં. એવા સમકિતી પુરુષ... સમકિતરૂપી જળનો પ્રવાહ, એ પ્રવાહ જ્યાં પાણીનો હોય ત્યાં રજ ન રહી શકે. આહાહા..! એ **'નિરંતર પ્રવર્તમાન હૈ,...'** સમ્યગ્દર્શનની પરિણતિનો પ્રવાહ નિરંતર છે. આહાહા..! એ સમ્યગ્દર્શનનું

કામ દર્શન કરે છે. નિરંતર પરિણતિ એની વર્તે છે એમ કહે છે. આહાહા..!

'**ઉસકે કર્મરૂપી રજ-ધૂલ કા આવરણ નહીં** લગતા... ' એને કર્મરૂપી રજ લાગતી નથી. સમજાણું કાંઈ? '**પૂર્વકાલ મેં જો કર્મબંધ હુઆ હો વહ ભી નાશ કો પ્રાપ્ત હોતા હૈ.**' '**बद्धमपि नश्यति तस्य**' નવા રજકણ આવતા નથી, જૂના રજકણ ઉદય આવીને ખરી જાય છે. કેમકે ભગવાન આત્મામાં આત્માનો વાસ છે. આહાહા..! પછી એનો કોઈ એવો અર્થ લઈ લે કે સમકિતનો એકલો પ્રવાહ છે ત્યાં બિલકુલ કર્મ આવતું જ નથી. –એ અહીં અપેક્ષા નથી. અને એને કાંઈ બંધ જ નથી એમ લઈ લ્યે તો અહીંયા એ અપેક્ષા નથી. અહીંયા તો સમ્યગ્દર્શનસહિત જ્ઞાન અને શાંતિ સાથે વર્તે છે. એવો સમકિતનો પ્રવાહ વહે છે. જ્ઞાન અને શાંતિનો. એને કર્મરજ લાગતી નથી. અને પૂર્વની હોય એ ખરી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અથવા એ સમ્યગ્દર્શનનો પ્રવાહ જેટલો છે એના કારણે જે મિથ્યાત્વ આદિના ભાવ હતા એ ભાવ નથી એને. એનું કર્મ એને નથી લાગતું અને પૂર્વનું કોઈ પડ્યું હોય તો એને ઉદય આવીને ખરી જાય છે મિથ્યાત્વ આદિનો ઉદય, અનંતાનુબંધીનો ઉદય. આહાહા..! આવી ધર્મકથા કેવી આ તે! એય..! હિંમતભાઈ! ... આવી કેવી! દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી, દાન કરવા, ભક્તિ કરવી. આહાહા..! બાપુ! કોને કહેવા ભાઈ!

શ્રીમદ્ કહે છે ને. હે ભગવાન! આપે કહેલી દયા હું સમજ્યો નથી, એમ કહ્યું છે ભાઈ! હોં! ભાળી નથી એમ નહિ. છે? ક્ષમાપનામાં છે. ઓળખ્યા નથી. એ શબ્દનું વજન છે. ભાળ્યા નથી જુદું, પણ ઓળખ્યા નથી. આપ કોને દયા કહો છો?

મુમુક્ષુ :- દયા, શાંતિ, ક્ષમા અને પવિત્ર મેં ઓળખ્યા નથી...

ઉત્તર :- હા એ ઓળખ્યા નથી. એમ કહ્યું છે. એ કાળમાં એવો પુરુષ બીજો કોઈ નહોતો. એવું એણે રામબાણ માર્યા છે. પણ આ બહારનું જરી ઓલું રહી ગયું હતું એ લોકો સમજી શક્યા નહિ. એવો પ્રસંગ ન રહ્યો સ્પષ્ટ કરવાનો. અહીં તો ભાઈ બધું સ્પષ્ટ કરવાની વાત છે. થોડી પણ વાત... પરની વાસના પાલવે એમ નથી અંદર.

અહીં તો કહે છે કે જેને સમકિતરૂપી જળનો પ્રવાહ નિરંતર પ્રવર્તે છે. આહાહા..! ધારાવાહી સમ્યગ્દર્શન વહે છે એમ કહે છે. એને '**કર્મરૂપી રજ-ધૂલ કા આવરણ નહીં** લગતા **તથા પૂર્વકાલ મેં જો કર્મબંધ હુઆ હો વહ ભી નાશ કો પ્રાપ્ત હોતા હૈ.**' એ શું સિદ્ધ કર્યું? કે સમ્યગ્દર્શન આત્માનો અનુભવ હોવા છતાં હજી પૂર્વના કર્મ પડ્યા છે. સમજાય છે કાંઈ? કર્મ નથી જ, ખસીને પૂર્ણ થઈ ગયો શુદ્ધ, એમ નથી. હજી એને ખબર નથી. જે એમ માને છે કે સમકિત થયું તો થઈ રહ્યું, હવે પૂર્ણ આપણે કાંઈ છે નહિ. આપણને રાગ પણ નથી અને દ્વેષ પણ નથી—એ તો મિથ્યાત્વભાવ છે.

અહીંયા તો સમકિત પૂરતી જે દશા નિર્મળ થઈ અને એને લઈને જે નવા આવરણ આવતા મિથ્યાત્વને લઈને એ રજ નથી એને. અને એ પ્રકારના પૂર્વનું બંધન હોય એને મિથ્યાત્વ અનંતાનુબંધીનું,

એ ખરી જાય છે. સમજાણું કાંઈ? ભાષા તો એમ જ આવે ને. આવે છે ને. સમકિતનું ધ્યાન કરે છે. નથી ગાથા આવતી? આવે છે ને. આઠેય કર્મનો નાશ કરે છે. પણ એનો અર્થ આ સમકિત એટલે આખો સ્વભાવ પૂર્ણ. આહાહા..! છે ગાથા આવે છે. મિથ્યાત્વની બેય ગાથા આવે છે. મિથ્યાત્વનું ધ્યાન કરતા અનંત સંસારમાં રખડવાનું છે. આઠ કર્મનો નાશ થઈ જાય છે. ઓહોહો..! દિગંબર સંતોની વાણી ઘા મારે અંદરમાં.

એ અહીં કહે છે કે આવું જે સ્વરૂપ શુદ્ધ પૂર્ણ પ્રભુ, એનું જેને ભાન થયું, સમ્યક્ થયું એને પણ હવે પૂર્વના કર્મ બાકી પડ્યા છે હજી. કેવળજ્ઞાન થયું નથી ને આ શું થયું? સંસારમાં ચોથે ગુણસ્થાને.. અરે.. મુનિ હોય સાચા. એને હજી કર્મ પડ્યું છે ને પૂરું? અજ્ઞાનભાવે બંધાયેલું કાંઈ ખરી નથી ગયું. આહાહા..! હવે આ પાછી કબુલાત કરવી કે પૂર્વ બાંધેલું કર્મ જે છે એ નવા આવરણમાં આવતું નથી ધર્મની પર્યાયને લઈને. પૂર્વના એ ખરી જાય છે. એથી એને લેપ લાગતો નથી એમ કહે છે. સમજાણું?

'**ભાવાર્થ :- સમ્યક્ત્વસહિત પુરુષકો (નિરંતર જ્ઞાનચેતના કે સ્વામિત્વરૂપ પરિણમન હૈ ઈસલિયે)...**' જૂનામાં છે એ? નહિ હોય. જૂનું છે જૂનું. '**રાગાદિક ભાવોં કા સ્વામિત્વપના નહીં હોતા,...**' બસ એટલું. એ કૌંસમાં નાખ્યું છે ખરું. '**સમ્યક્ત્વસહિત પુરુષકો (નિરંતર જ્ઞાનચેતના કે સ્વામિત્વરૂપ પરિણમન હૈ ઈસલિયે)...**' એનો અર્થ એ કે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એનું જ ધર્મીને સ્વામીપણું છે. ધર્મીને રાગ હોવા છતાં એનું ધણીપતું નથી. સ્વભાવ અની દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? ધણીપતું નથી એટલે એને એ બંધન નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. બંધ કરતો નથી એમ કહીને, બંધનો નાશ કરે છે.

'**કર્મ કે ઉદય સે રાગાદિક ભાવોં કા સ્વામિત્વપના નહીં હોતા,...**' કર્મના નિમિત્તે ... દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી કર્મના નિમિત્તે રાગ-દ્વેષાદિ થાય છે સમકિત દૃષ્ટિને, ધર્મી જીવને. એને '**સ્વામિત્વ નહીં હોતા,...**' રાગનું ધણીપતું નામ પોતામાં એ ખતવતો નથી એમ. રાગને સ્વભાવમાં મેળવતો નથી. સમજાણું કાંઈ? '**ઈસલિયે કષાયોં કી તીવ્ર કલુષતા સે રહિત પરિણામ ઉજ્જ્વલ હોતે હૈં;...**' કષાયોની મલિનતા રહિત પરિણામ ઉજ્જ્વળ હોય છે. '**ઉસે જલકી ઉપમા હૈ.**' લ્યો!

'**જૈસે - જહાં નિરંતર જલ કા પ્રવાહ બહતા હૈ, વહાં બાલૂ-રેત-રજ નહીં લગતી;...**' બાલૂ-રેત. '**વૈસે હી સમ્યક્ત્વી જીવ કર્મ કે ઉદય કો ભોગતા હુઆ ભી કર્મ સે લિપ્ત નહીં હોતા...**' એ પ્રકારનું બંધન હોય મિથ્યાત્વ આદિનું. બાકી ભોગવે છે એનો જે રાગ છે એટલું તો બંધન છે. આ અપેક્ષાએ. દર્શનની અપેક્ષાએ. જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ એની ટીકા કરી લ્યો. એકકોર કહે લોકો કે જ્ઞાની કો ભોગ નિર્જરા હેતુ હોય છે અને એકકોર શુભભાવ બંધનું કારણ છે? કોણ કહે છે? સાંભળ! ટીકા કરી છે. જ્ઞાનીને ભોગ નિર્જરાનું હેતુ છે? એ તો દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે.

દૃષ્ટિના સ્વભાવનું જોર છે એટલું એને એવી જાતનું બંધન નથી એટલે અબંધ કહેવામાં આવ્યો છે.

એનો ભોગ બંધ ન હોય તો પછી ભોગ છોડવાનું રહ્યું નહિ એને. વધારે. અરેરે..! એ અમારે હોનહારમાં નાખ્યું છે. હોનહારમાં કરીને આ લોકો જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ. કહે છે. ભારે ભાઈ! જીવને શલ્ય એ છે. આહાહા..!

'**જૈસે – જહાં નિરંતર જલ કા પ્રવાહ બહતા હૈ,...**' ત્યાં નહિ. એમ '**ભોગતા હુઆ ભી કર્મ સે લિપ્ત નહીં હોતા તથા બાહ્ય વ્યવહારકી અપેક્ષા સે ઐસા ભી તાત્પર્ય જાનના ચાહિયે કિ જિસકે હૃદય મેં નિરંતર સમકિતરૂપી જલ કા પ્રવાહ બહતા હૈ, વહ સમ્યક્ત્વી પુરુષ ઈસ કલિકાલ સંબંધી વાસના કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ...** ' એ સમકિતી જીવ, વર્તમાનમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ઘણા છે. એને એ નમસ્કાર-વંદન કરે નહિ. પંચમ કાળમાં. કુદેવ પણ જેને દેવ-ગુરુની ખબર નથી દેવ કેવા હોય સર્વજ્ઞ. કુશાસ્ત્ર, જે શાસ્ત્ર કલ્પિત વાતું કરે એ બધા કુશાસ્ત્ર. અને કુગુરુ. એને નમસ્કાર-વંદન આદિ ધર્મી જીવ કરે નહિ. એ કળિકલુષના પાપની રજ લાગવા દેતો નથી.

'**અતિચારરૂપ રજ ભી નહીં લગાતા તથા ઉસકે મિથ્યાત્વ સંબંધી પ્રકૃતિયોં કા આગામી બંધ ભી નહીં હોતા.**' જોયું! મિથ્યાત્વસંબંધી. એ સંબંધીનો બંધ એને નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૭, બુધવાર તા. ૦૩-૧૦-૧૯૭૩**
**ગાથા-૮, પ્રવચન - ૧૭**

આ અષ્ટપાહુડ. એમાં દર્શનપાહુડ પહેલું. '**અબ કહતે હૈં કિ જો દર્શનભ્રષ્ટ હૈં...**' ઉપોદ્ઘાત છે ને ઉપર? '**જ્ઞાનચારિત્ર સે ભ્રષ્ટ હૈં, વે સ્વયં તો ભ્રષ્ટ હૈં હી, પરંતુ દૂસરોં કો ભી ભ્રષ્ટ કરતે હૈં, યહ અનર્થ હૈ...**' પહેલી તો એ વાત છે આ જૈન અષ્ટપાહુડમાં, દર્શનપાહુડ. એટલે તો આત્મા સમ્યગ્દર્શન સહિત આત્મા શુદ્ધ અખંડ અભેદ, એની અનુભૂતિ સહિત પ્રતીતિ અને એનું સ્વરૂપનું ચારિત્ર આચરણ એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ અને ભૂમિકાને યોગ્ય એને અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત, અચેલ આદિ, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ રાગ અને નગ્નપણું એ ત્રણ થઈને જૈનદર્શન કહેવાય છે. ભગવાનનો અભિપ્રાય આ છે. સમ્યગ્દર્શન આત્માનું અને એનું જ્ઞાન એનું ચારિત્ર અને એની સાથે અઠ્યાવીશ મૂળગુણ વ્યવહારે જે વીતરાગે કહ્યા એવો એને વિકલ્પ હોય અને શરીરની નગ્નદશા (હોય) એને જૈનદર્શન કહે છે. સોમચંદભાઈ!

મુમુક્ષુ :- એને .. જીવને?

ઉત્તર :- એ જીવ, એ જીવની દશાને, એ જીવ એની દશા અને રાગ ને નગ્નપણું. એને જૈનદર્શન કહે છે. એને જૈનમત કહે છે. મણિભાઈ!

જેને મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે જેને પ્રગટ્યા છે અને જેને અઠ્યાવીશ મૂળગુણનો, પાંચ મહાવ્રતાદિનો વિકલ્પ છે એ ભૂમિકાને યોગ્ય અને નગ્નમુદ્રા એ ધર્મની મૂર્તિ છે અને એ જૈનદર્શન છે અને એ જૈનનો મત છે. મૂળજીભાઈ!

મુમુક્ષુ :- મત એટલે?

ઉત્તર :- અભિપ્રાય. વીતરાગનો અભિપ્રાય આ ત્રણ વસ્તુ થઈને જૈનદર્શન છે. સમજાય છે કાંઈ? કેમકે મૂળ તો આવું જે સ્વરૂપ અનાદિનું હતું એમાં દુકાળમાં ભ્રષ્ટ થયા, એની સામે આ વાત છે. બાબુભાઈ! આહાહા..!

જેને આત્મા અખંડ પૂર્ણાનંદ પ્રભુ, જે સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા. અન્યમતિએ કહ્યો એ આત્મા એવો નહિ. એવો જે આત્મા અંદરમાં સ્વસન્મુખમાં થઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની દશા અને એ આત્મા આવો તેનું જ્ઞાન અને એ આત્મામાં રમણતાની વીતરાગ ચારિત્રદશા એ જૈનદર્શન અથવા એ નિશ્ચયમોક્ષમાર્ગ અથવા એ જિનમત, એને જૈનમત કહીએ. એની સાથે વ્યવહાર, એને અઠ્યાવીશ મૂળગુણાદિ હોય એવો પણ વ્યવહાર હોય અને જેની નગ્નદશા હોય. અભ્યંતર ત્યાગ, બાહ્ય ત્યાગ અને અશુભનો ત્યાગ અને નગ્નદશા આને અહીંયાં જૈનદર્શન કહે છે. મણિભાઈ! એકલા સમકિતને નહિ, અહીં તો જૈનદર્શન એટલે આ. એની શ્રદ્ધાથી જે ભ્રષ્ટ થયા, આવો જે માર્ગ અનાદિનો સનાતન સત્ય એનાથી ભ્રષ્ટ થયા અને વસ્ત્રાદિ રાખીને મુનિપણું મનાવવા લાગ્યા એ દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ભ્રષ્ટ, બધાથી ભ્રષ્ટ લ્યો! નવનીતભાઈ! આવું છે. આ જરી આકરું લાગે માણસને.

એ કહે છે.

जे दंसणेसु भट्ठा णाणे भट्ठा चरित्तभट्ठा य।
एदे भट्ठ वि भट्ठा सेसं पि जणं विणासंति।।८।।

'**અર્થ :- जो पुरुषदर्शनमें भ्रष्ट हैं...**' એમાં બે અર્થ. આવું જે જૈનમત અનાદિનો મોક્ષનો માર્ગ અને વ્યવહાર ને નિમિત્ત આવું હોય એવા માર્ગથી જે ભ્રષ્ટ થયા અને અંદરના સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન, એનાથી જે ભ્રષ્ટ છે એ ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? '**तथा ज्ञान-चारित्रमें भी भ्रष्ट हैं, वे पुरुष भ्रष्टों मे भी विशेष भ्रष्ट हैं.**' અર્થમાં થોડું લેશે. કે જે આવું જૈનદર્શન છે એનાથી તો ભ્રષ્ટ શ્રદ્ધામાં થયા, પણ પોતાના માનેલા શાસ્ત્ર પ્રમાણે જ્ઞાન અને ચારિત્ર નથી એનું માનેલું. ભાઈ! અર્થમાં એ લખ્યું છે. અર્થમાં છે ને?

'**સત્યાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર તો દૂર હી રહા, જો અપને મત કી શ્રદ્ધા, જ્ઞાન...** '

સામાન્ય વાત છે ને એટલે એમાંથી કાઢ્યું છે. એમના મત પ્રમાણે જે ચારિત્ર એનું કહેવાય, એથી પણ જે ભ્રષ્ટ છે. ઠેકાણું નહોતું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય થયા એ પહેલાં શ્વેતાંબર મત નીકળી ગયેલો હતો. એની સામે આ વાત છે.

મુમુક્ષુ :- એની ચોખવટ છે.

ઉત્તર :- એની ચોખવટ છે. એ વીતરાગનો માર્ગ સનાતન મોક્ષનો માર્ગ અનાદિ, જૈનદર્શન અનાદિ કહો, કે દિગંબર દર્શન કહો કે મોક્ષમાર્ગ કહો, નિશ્ચય અને વ્યવહાર અને નિમિત્તપણું નગ્નનું કહો એ જૈનદર્શનની રીત છે. સોમચંદભાઈ! એને જૈનદર્શન કહ્યું છે. એકલા સમકિતસહિતને નહિ.

મુમુક્ષુ :- દર્શન, ગુણ...

ઉત્તર :- બેયથી. અંતરમાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત વીતરાગતા પ્રગટી છે અને બાહ્યમાં એના અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નદશા એવું જેનું આચરણ વ્યવહારે છે. એવો સનાતન જૈનદર્શન એટલે કે વસ્તુનું દર્શન એટલે કે પદાર્થની મર્યાદાની દશા આ હતી. એમાંથી જે ભ્રષ્ટ થયા અને પોતાની કલ્પનાએ પંથ ચલાવ્યો એ જૈનદર્શનથી ભ્રષ્ટ છે. આહાહા..! આકરું માણસને. એકતા બધાની રાખો. પણ એકતા શી રીતે કરવી?

મુમુક્ષુ :- અન્યમતિ ક્યાં, જૈનોમાંથી પણ ભ્રષ્ટ છે.

ઉત્તરઃ- આ તો જૈનમાંથી ભ્રષ્ટ છે. અન્યની તો વાત પણ ક્યાં છે અહીં તો? આહાહા..! આ તો સનાતન સર્વજ્ઞ પરમેશ્વર એણે કહેલો જે સંતનો, મોક્ષનો માર્ગ, એનામાં રહેલો વ્યવહારનો વિકલ્પ અને એનામાં અજીવની નગ્નદશાનું નિમિત્ત એ આવું જૈનદર્શન હોય. એ ધર્મની મૂર્તિ, એ ધર્મની મૂર્તિ, એ જૈનદર્શનની મૂર્તિ. આહાહા..! એ જૈનદર્શનની આવી પ્રણાલિકા અનાદિની હતી એમાંથી જે ભ્રષ્ટ થઈ પોતાની કલ્પનાએ વસ્ત્ર, પાત્ર સહિત સાધુપણું માન્યું, મનાવ્યું. પોતાની માન્યતાએ આત્માના શ્રદ્ધા વિના વ્યવહારુ શ્રદ્ધાને સમ્યક્ મનાવ્યું, વ્યવહારુ દેવ-ગુરુ-શાસ્ત્રને. એ બધા સત્યધર્મથી ભ્રષ્ટ છે. આહાહા..! આવો માર્ગ અનાદિનો છે.

એ અહીંયાં કહે છે, જે આવા જૈનદર્શન અને સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન અને ચારિત્રથી પણ ભ્રષ્ટ છે. કેમકે એ શાસ્ત્રની વાતું. માથે આવી ગઈ છે વાત. શાસ્ત્રની વાતું ભણેલા હોય, વાત તો કરે, નવ તત્ત્વો આમ છે ને તેમ છે. પણ એ જ્ઞાન એનું સાચું જૈનદર્શનનું સ્વરૂપ આ હતું. એમાંથી ભ્રષ્ટ થયા એનું જ્ઞાન પણ ખોટું બધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધું જ્ઞાન ખોટું?

ઉત્તર :- બધું ખોટું. એકે એકનું.

મુમુક્ષુ :- અગ્યાર અંગ અને નવ પૂર્વ.

ઉત્તર :- અગ્યાર અંગ અને નવ પૂર્વનું ભણતર ખોટું.

મુમુક્ષુ :- એ તો..

ઉત્તર :- એ તો એ વખતે હતું ક્યાં? એ વખતે હતું ક્યાં? આ તો ગૃહીત મિથ્યાત્વની વાત છે. એની પાસે તો હતું જ ક્યાં ત્યારે કુંદકુંદાચાર્ય વખતે? આહાહા..! કુંદકુંદાચાર્ય પહેલાં સો વર્ષે આ મત બે ભેદ પડી ગયા. સનાતન જૈનદર્શન, સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ પ્રવાહરૂપે જે કહ્યો હતો એ માર્ગથી ત્યાં બાર વર્ષમાં દુકાળમાં ભ્રષ્ટ થયા. ભગવાન પોકારે છે કુંદકુંદાચાર્ય. ભાઈ! આવો માર્ગ તો વીતરાગનો છે અને એને અમે જૈનદર્શન કહીએ છીએ, એને અમે ધર્મની મૂર્તિ કહીએ. આહાહા..! એકલી નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણ એમ નહિ. તેમ એકલો નિશ્ચય અને આવો વ્યવહાર ન હોય એમ પણ નહિ. આહાહા..! આને અહીં જૈનદર્શન... આ દર્શનપાહુડ એ છે. દર્શનપાહુડ એટલે કે આ દર્શન. પછી એના પેટામાં સમ્યગ્દર્શન, એના પેટામાં આવે છે. આવું જૈનદર્શન છે. અનાદિનું સનાતન વસ્તુનું સ્વરૂપ, એવી જેને શ્રદ્ધાસહિત સ્વનો આશ્રય લઈને જેને સમ્યગ્દર્શન થયું છે એ સમ્યગ્દૃષ્ટિ છે. ભલે એને જ્ઞાન વિશેષ ન હો, ચારિત્ર ન હો, તોપણ એ દર્શનથી ભ્રષ્ટ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ વીતરાગનો. જૈન દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર નહિ. આહાહા..!

અહીં તો સનાતન અનંત કેવળીઓ મહાવિદેહમાં કે અહીંયા ભરત, ઐરાવતમાં અનંતા કેવળીઓ આવું જૈનદર્શનનું, જૈનમતનું... પહેલી ગાથામાં એ હતું ને. '**दंसणमग्गं**' પહેલી ગાથામાં. દર્શનનો માર્ગ. દર્શનનો માર્ગ આ. સમકિત માર્ગ એમ નહિ ત્યાં. પહેલી ગાથામાં. છે પહેલી ગાથા જુઓ. પહેલી ગાથા છે ને. '**दंसणमग्गं**' છે ને? ઓહોહો..! '**दंसणमग्गं वोच्छामि**' ત્રીજું પદ છે. એ દર્શનમાર્ગની વાત છે. એકલા સમકિતની નહિ. દર્શનનો માર્ગ એને કહેશું. જૈનદર્શનનો અભિપ્રાય અને મત જે છે તે અમે કહેશું. સમજાણું કાંઈ? બીજીમાં એ લીધું '**दंसणमूलो धम्मो**' ધર્મનું મૂળ દર્શન છે. આવું દર્શન નિશ્ચય અને વ્યવહારવાળું તે ધર્મનું મૂળ છે. એવી જેને શ્રદ્ધા હોય અને એ શ્રદ્ધા હોવા છતાં વિશેષ જ્ઞાન ન હોય, ચારિત્ર ન હોય તોપણ એ દર્શન દૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિ છે. એ ધર્મને પંથે છે. સમજાણું કાંઈ? તો આવા ધર્મથી બાહ્યથી પણ જે ભ્રષ્ટ થયા અને એવા મતને ન કબુલતા પોતાના મતની વાતું ચલાવી, એ બધા જૈનદર્શનથી વિરૂદ્ધ છે. સોમચંદભાઈ! આવો માર્ગ છે. આહાહા..!

એ અહીં કહે છે જુઓ. '**કઈ તો દર્શન સહિત હૈં.**' છે? બીજી લીટી. સમ્યગ્દર્શનસહિત છે. આવો જૈનમત છે એવી શ્રદ્ધા છે. અને આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થયું છે. એવા દર્શનસહિત છે. '**કિન્તુ જ્ઞાન-ચારિત્ર ઉનકે નહીં હૈ...**' વિશેષ જ્ઞાન આમ સમજાવવાની શક્તિ એવું નહોતુ આવડતું. ક્ષયોપશમ જ્ઞાન વિશેષ ન હોય, પણ એ સમ્યગ્દર્શન સહિત છે. આવો જે જૈનમત અનાદિનો એને માને છે અને એનું જ્ઞાન રાખીને સ્વનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થયું છે એ જીવ ભલે દર્શન સહિત હોય અને જ્ઞાન રહિત હોય. જ્ઞાન રહિતનો અર્થ? વિશેષ જ્ઞાન ન હોય અને ચારિત્ર પણ ન હોય, તોપણ એ દર્શન સહિત તો છે. બાબુભાઈ! એને એમ કહ્યું છે. આખી શૈલી જુદી.

આમ તો દર્શનપાહુડ એટલે સમકિત પાહુડ, સૂત્ર પાહુડ એટલે જ્ઞાન પાહુડ અને ચારિત્ર એમ લે. પણ આનું કુંદકુંદાચાર્યનું હૃદય આ છે. ભગવાન કુંદકુંદાચાર્ય જે ધર્મના સ્તંભ ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ પોતે ફરમાવે છે. ઓહો..! આવો જે જૈનનો અભિપ્રાય અને મત હતો કે ચૈતન્ય ભગવાનને આશ્રયે દર્શન, આને આશ્રયે જ્ઞાન અને એને આશ્રયની લીનતા અને અહીંયાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ નથી તેથી સાધક જીવને.. રમણીકભાઈ! એ અઠ્યાવીશ મૂળગુણ કર્મચેતના છે. એમનો પ્રશ્ન હતો સવારમાં.

જ્ઞાનચેતના છે અને જેટલો રાગ છે એટલી કર્મચેતના છે. અને જેટલો રાગ છે તેટલું કર્મફળચેતના દુઃખનું વેદન પણ છે. સવારનો પ્રશ્ન હતો ભાઈનો. એમ કે જ્ઞાનચેતના અને કર્મચેતના દૃષ્ટિની પ્રધાનતા કથન જ્યાં હોય ત્યાં કર્મ અને કર્મફળ ચેતના ધર્મીને ન હોય એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ કથન છે અને એના જ્ઞાનનો પર્યાય જોતા, પર્યાયનયથી જોતાં મુનિને છઠ્ઠે ગુણસ્થાને પણ પંચ મહાવ્રતના વિકલ્પ છે એટલી કર્મચેતના છે. અને એને દુઃખ વેદે છે એટલે એ કર્મફળચેતના છે. આહાહા..! એ કર્મચેતના અને કર્મફળચેતનાના પણ બે પ્રકાર. એક તો આનંદમૂર્તિ પરમાત્મા પોતે છે એનો જે શુદ્ધ ઉપયોગ થયો એ શુદ્ધ કર્મચેતના. અને એ શુદ્ધ કર્મચેતના છે. શુદ્ધ પરિણામ થયા ને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પરિણતિ થયા એ શુદ્ધ કર્મચેતના, શુદ્ધ કર્મચેતના. વીતરાગી પરિણામરૂપી કાર્ય તેમાં ચેત્યો છે. અને તે વખતે આનંદનું વેદન છે એટલું શુદ્ધ કર્મફળચેતના છે. મણિભાઈ!

મુમુક્ષુ :- કાર્ય રીતે કર્મચેતના...

ઉત્તર :- કાર્ય કર્મ છે ને એટલો રાગ છે ને. કાર્ય છે ને. અને આ પણ કાર્ય છે ને શુદ્ધ? આ તો વીતરાગ માર્ગ બાપા! આ તે કાંઈ સાધારણની વાત નથી આ. દિગંબર દર્શન એ કોઈ કલ્પિત નથી, એ કોઈ પક્ષ નથી. વસ્તુની સ્થિતિ આ છે. સમજાય છે કાંઈ? વસ્તુની જાત જ આવી છે. એને અહીંયા દિગંબર દર્શન કહે છે. એને અહીંયાં જૈનદર્શન કહે છે. સમજાણું કાંઈ? શું આવ્યું એ?

કે આ આત્મા પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન જે છે એ પરિણમનનું કાર્ય છે. કાર્ય છે માટે એને શુદ્ધ કર્મચેતના કહેવામાં આવે છે અને તે કર્મચેતના કાળે તેને શુદ્ધના આનંદનું વેદન છે. એથી એ શુદ્ધ કાર્યચેતનાનું ફળ શુદ્ધ આનંદનું વેદન પણ એને છે. એ કર્મફળચેતનાવંત છે. હવે એ વખતે જે પંચમહાવ્રતાદિના પરિણામ થાય કે સમકિતીને નીચે રાગાદિ તીવ્રાદિ હોય તો એ એને કર્મચેતના અશુદ્ધ છે. અને જેટલું અશુદ્ધ છે તેટલું એને વેદન છે, દુઃખ છે.

મુમુક્ષુ :- શુભ આવ્યું એટલે...

ઉત્તર :- શુભભાવ એ અશુદ્ધચેતના છે અને એનું ફળ દુઃખ છે. સમજાણું કાંઈ? જેટલો શુભભાવ છે એટલી અશુદ્ધચેતના છે. અશુદ્ધચેતના કર્મચેતના. અને તેટલું એને દુઃખનું વેદન છે.

મુમુક્ષુ :- ..વેદન સાથે છે.

ઉત્તર :- બેય સાથે જ છે. જ્ઞાન બેય જાણે છે. દર્શનની મુખ્યતાથી કથન હોય ત્યારે તો સ્વભાવનું સાધન છે એમ બતાવે છે. ત્યારે તેને કર્મ અને કર્મફળ ચેતના નથી એમ બતાવે છે. પણ પાછું જ્ઞાનનયથી, પર્યાયનયથી બતાવે ત્યારે જેટલે અંશે રાગ અને જેટલે અંશે રાગનું ફળ દુઃખ એનામાં છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ. લોકોને હાથ આવ્યો નથી. બહારમાં ભટક્યા ભટક... આહાહા..! શાંતિભાઈ! આ તો ઓલો તમારો પ્રશ્ન છે એ ઉપરથી બધું ચાલે છે. ઓલા કપિલ.. સાથે ચર્ચા થઈ હશે એમને. એમ કે જ્ઞાનચેતના ન હોય ત્યારે તો વિકલ્પ છે એ બધો કર્મચેતના હોય સમકિતને. ખોટી વાત છે. ધર્મીને જ્ઞાનચેતના ઉપયોગરૂપ હોય, ન હોય જુદી વાત છે. પણ જ્ઞાનનું અંદર વેદન છે એવી જ્ઞાનચેતના તો નિરંતર હોય છે. આહાહા..! ધર્મી લડાઈમાં ઊભો હોય કે વિષયની વાસનાના કાળમાં ઊભો હોય છતાં તેને જ્ઞાનચેતના તો નિરંતર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ, જૂઠી વાત છે. ખોટી વાત છે. અહીંયાં ક્યાં ખબર છે? નિર્વિકલ્પદશા વખતે તો ઉપયોગરૂપી જ્ઞાનચેતના છે. અને સવિકલ્પ આવ્યો ત્યારે લબ્ધરૂપ જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! આહાહા..! દિગંબર સંતોએ તો સત્ય જેવું કેવળીનું કહેલું હતું એ જગતને જાહેર કર્યું છે. દુનિયાને બેસે, ન બેસે સ્વતંત્ર ચીજ છે. આહાહા..! અરે..! આવા મનુષ્યકાળમાં, ભવમાં આવી વાત એને નહિ સવળી બેસે તો બાપુ ક્યાં બેસાડશે? ક્યાં જશે? કયા કાળે? ભાઈ! આહાહા..!

એક ડબ્બામાં કાલે જોયું ભાઈ! એક કણી રહી ગઈ હશે પેંડાની એક કણી અંદર. પહેલાની કાંઈક. એમાં બે-ત્રણ ઇયળું પડી ગઈ. ઓહોહો..!

મુમુક્ષુ :- અંદર ખૂણામાં પડી રહી હોય ને.

ઉત્તર :- ખૂણામાં પડી રહી હશે. ખૂણામાં. એમાં પાતળી ઈયળ. હવે ઉપર બધી હતી ઓલી આ ટીકડીયું કહેવાય છે ને? પીપરમેન્ટની. ટીકડી નથી આવતી પીપરમેન્ટની? આટલી આટલી નહિ ધોળી. એ સો-દોઢસો ટીકડી પડી હતી ઉપર. એ આમ બહાર કાઢી ત્યાં ખૂણામાં એક પાતળી આવડી ઈયળ. પાતળી દોરા જેવી એવી બે-ત્રણ જોઈ. ઓહોહો..! માથે ડબ્બો બંધ. મને થયું, આ ક્યા યોનિમાં ઉપજ્યો જીવ! આહાહા..! એને શ્વાસ લેવાનું શું સ્થાન? કેવી રીતે આ છે? મેં કીધું. ઉપર ડબ્બો આવડો. આ આવે છે ને. આ ડબ્બા. અહીં રાખ્યા હતા ને ડબ્બા જુઓને. મૂક્યા હતા. ત્યાં બે-ત્રણ પડ્યા છે. એમાં ઓલા છોકરા માટે આપી જાય છે ને. અંદર સાફ નહિ થયું ખૂણામાં પડ્યું રહ્યું. એમાં આવડી પાતળી, પાતળી દોરા જેવી લાલ ઇયળ અને ઝીણી બે. આહાહા..! ક્યાંથી આવી? આત્મા ત્યાં આવ્યો. અને એટલી ઇયળમાં પણ એ પૂર્ણાનંદ પ્રભુ વસ્તુ સ્વભાવે તો પૂર્ણ છે હોં. ઓહોહો..! એની પર્યાયમાં આટલી હીણતા! કે ક્યાંક ખૂણામાં આટલી કટકી રહી ગઈ હશે એની ઉપર બીજી ચીજ આવી ગઈ ત્યાં ઊપજી. આહાહા..! જુઓને આ કુદરતી, કોણ ઈશ્વર કોણ કરે અને ક્યાં છે આ?

આહાહા..! આમ જ્યાં લીધું ત્યાં અંદર સળવળી. ભાઈએ કીધું નહિ? સુમતિએ કીધું ને? બીજાએ કીધું. ઈયળ છે કહે છે. ઓહોહો..! ભગવાન! તારી ક્યાં અવસ્થા! કયે ઠેકાણે ઊપજ્યો એ? માથે આટલો બોજો. એને નહિ દબાણ હોય આમ. ઓલી બિચારી આટલી આટલી હોય ને એના વચ્ચે પોલ રહી ગયો હોય ત્યાં આગળ એટલો ખુણામાં. આહાહા..! કોના આમાં અભિમાન કરવા અને કોના? આહાહા..! આવી દશાઓમાં અનંતવાર ગયો ભગવાન! આવી સ્થિતિ અનંતવાર ગયો. અને મિથ્યાત્વના ફળ એ છે. મિથ્યાત્વના ફળ આ છે બધા.

એ અહીંયાં પરમાત્મા કુંદકુંદાચાર્ય કહે છે, ભગવાન! જે કોઈ દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન અને ચારિત્ર બેયથી ભ્રષ્ટ છે. પણ કોઈ દર્શનથી ભ્રષ્ટ નથી. સમકિત સહિત છે અને જૈનદર્શનનું આ સ્વરૂપ છે આવો મોક્ષમાર્ગ એને એ માને છે. ભલે એને જ્ઞાન અને ચારિત્ર ન હોય વિશેષ, તો એ દર્શન ભ્રષ્ટ નથી. એ માર્ગમાં છે. આહાહા..! નવરંગભાઈ! 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' ત્રણ લોકના નાથના મુખેથી આવું નીકળ્યું ભાઈ! આહાહા..! અરે..! એને ખબર પણ ન મળે કે વીતરાગનો માર્ગ શું છે? ખબર વિના એની શ્રદ્ધા ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? આહાહા..! ..જુઓ! ત્રણલોકનો નાથ અંદર પરમાત્મસ્વરૂપે શક્તિ. ક્ષેત્ર ભલે નાનું હોય એની સાથે સંબંધ નથી. એનો અંતર ભાવ અનંત આનંદ અને અનંત જ્ઞાનનું સત્ત્વ છે. એ જીવનું એ સત્નું એ સત્ત્વ છે પૂર્ણ. આહાહા..! એની પર્યાયમાં એટલી હીણતા કે આમ ઈયળ જેવી ઉત્પત્તિમાં યોનિમાં ક્યાં જઈને ઊપજ્યો એ? આહાહા..! એ ઊપજવું ચોર્યાસીનું અનંતવાર મિથ્યાત્વને લઈને થયું છે. શાસ્ત્રના જ્ઞાન પણ કર્યા. વ્રત ને નિયમ ને એવા પાળ્યા કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એથી શું થયું? એ કાંઈ મૂળ ચીજ નથી. આહાહા..!

એ અહીં કહે છે. પહેલાં તો એ કીધું કે દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન અને ચારિત્ર ત્રણેથી ભ્રષ્ટ છે. હવે '**કઈ તો દર્શન સહિત હૈં,...**' આવો જૈનદર્શનનો માર્ગ છે એવી શ્રદ્ધા છે એને. અને એ ઉપરાંત સ્વને આશ્રયે સમકિત પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! '**કિંતુ જ્ઞાન-ચારિત્ર ઉનકે નહીં હૈ...**' જ્ઞાન એવું વિશેષ ન હોય કે બધાને સમજાવી શકે, કે વિસ્તાર કરી શકે એવું ન હોય. અંતર આત્માનું દર્શન થયું છે. આહાહા..! અને ચારિત્ર ન હોય. હજી ચારિત્ર વીતરાગતા જે જોઈએ છઠ્ઠાની મુનિને, એવી ન હોય દશા. સ્વરૂપાચરણ હોય. સમજાય છે કાંઈ?

'**તથા કઈ અંતરંગ દર્શન સે ભ્રષ્ટ હૈં...**' કેટલાક તો અંતર શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. આવો જૈનમત છે અને આવું સમ્યગ્દર્શન આત્માને આશ્રયે થાય એનાથી ભ્રષ્ટ છે. '**તથાપિ જ્ઞાન-ચારિત્ર કા ભલીભાંતિ પાલન કરતે હૈં...**' શાસ્ત્રનું જ્ઞાન અને વ્રતાદિના નિયમો બરાબર પાળતા હોય. સમજાય છે કાંઈ? આહાહા..! એ દર્શનની મહિમા તો જુઓ! એ દર્શન ન હોય, ભ્રષ્ટ થયેલા હોય. જૈનમતમાં રહેલાઓ પણ ભ્રષ્ટ થયા હોય અંદર. એ જ્ઞાન-ચારિત્ર પાળતા હોય, વ્રત ને નિયમ ને શાસ્ત્રનું જ્ઞાન ને, તોપણ

તે ભ્રષ્ટ જ છે. '**ઔર જો દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈન તીનોં સે ભ્રષ્ટ હૈં,...**' દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ભ્રષ્ટ. આહાહા..! '**વે તો અત્યંત ભ્રષ્ટ હૈં;...**' ભારે વાત ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અમારા માટે શું કરવાનું?

ઉત્તર :- આ ઓળખાણ કરીને શ્રદ્ધા કરવી, એ તમારા માટે એ.

મુમુક્ષુ :- આવી શ્રદ્ધા કરીએ..

ઉત્તર :- એ શ્રદ્ધા નહિ. અંતરની શ્રદ્ધા. આ શું કીધું? કીધું નહિ? '**અંતરંગ દર્શન સે ભ્રષ્ટ હૈં...**' એમ કહ્યું ને? આહાહા..! મુંઝાવાની વાત નથી આ. આ તો આવો માર્ગ છે. પૂર્ણાનંદ પ્રભુની પર્યાયમાં આવું હોય છે. અશુદ્ધતા અશુદ્ધ રાગ, અશુદ્ધ વેદન એ તો જ્ઞાનીને પણ હોય છે, પણ જ્ઞાનીને આત્માના ભાન સહિત જ્ઞાનચેતનામાં આવું હોય છે, અજ્ઞાનીને એકલી રાગ અને વિકાર, રાગના દુઃખનું ફળનું વેદન છે. એકલું રાગનું કાર્ય અને રાગનું વેદન અજ્ઞાનીને છે. કેવળજ્ઞાનીને એકલું જ્ઞાન અને આનંદનું વેદન છે, અશુદ્ધતાનું કાર્ય અને અશુદ્ધતાનું વેદન કેવળીને નથી. એક થોડું અશુદ્ધ છે એ જુદી વાત છે. જ્ઞાન તો જાણે. હજી કેવળીને પણ અશુદ્ધતા થોડી યોગ કંપન્નની રહી છે એ જ્ઞાન જાણે ખરું. બીજાની વાત. એ તો કેવળી છે એટલું. બીજાને એટલી અશુદ્ધતા છે. આહાહા..! અને ચૌદમે ગુણસ્થાને પણ હજી અશુદ્ધતાનો અંશ છે તેથી તેને અસિદ્ધ કહ્યા છે. અસિદ્ધ. સંસારી કહ્યા. આહાહા..! એટલો અંશ છે ને અશુદ્ધ? અહીં તો ત્રિકાળ સર્વજ્ઞથી કહેલો માર્ગ છે. એક સમય સમયના પડખાની નાડ પકડી છે. આહાહા..! અરે..! એવી વાતું ક્યાં છે સાંભળવાને? આવો માર્ગ ભગવાનનો. ભગવાનનો એટલે કે તારો. તારો માર્ગ જ આ છે. આહાહા..!

'**વે તો અત્યંત ભ્રષ્ટ હૈં; વે સ્વયં તો ભ્રષ્ટ હૈં હી, પરંતુ શેષ અર્થાત્ અપને અતિરિક્ત અન્ય જનોં કો ભી નષ્ટ/ભ્રષ્ટ કરતે હૈં.**' એવી પ્રરૂપણા કરી, શ્રદ્ધા કરી, બીજા જીવોને ભ્રષ્ટ કરે. ભ્રષ્ટ તો એને લઈને ઓલો થાય છે ને. વ્યવહારથી કહેવાય ને? આહાહા..! પોતાનો વેષ ખોટો, નગ્નપણું ન હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય. અને આ પણ એક માર્ગ છે. પંચમકાળમાં ઉગ્ર ન કરી શકે તો આ પણ એક માર્ગ છે. એમ કરીને પોતે ભ્રષ્ટ અને બીજાને ભ્રષ્ટ કરે. આહાહા..! '**જનોં કો ભી નષ્ટ કરતે હૈં.**' મોટી વિદ્વતા શિખ્યા હોય, શાસ્ત્ર તો ભણ્યા હોય. ક્ષયોપશમ હોય. આવો પણ માર્ગ છે, આ પણ માર્ગ છે. એ શુભરાગ એ પણ શુદ્ધતાનું કારણ છે. ક્ષયોપશમ જ્ઞાન એ ક્ષાયિકનું કારણ છે, એનાથી ક્ષાયિક થાય એમ કહે છે. શ્વેતાંબરમાં એમ કહે છે. શુભભાવ આદિ ક્ષયોપશમભાવ છે, એનાથી ક્ષાયિક થાય છે. અરેરે..! સમજાણું કાંઈ? આ જૈન દિગંબરમાં એમ માને છે ત્યાં પ્રશ્ન શું છે? આહાહા..!

જે રાગ પૃથક્ છે, દોષ છે એનાથી નિર્દોષતા થાય, એ જૈનદર્શન નહિ. હોય ખરું. જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી સંતોને, ધર્મીને, જ્ઞાનીને પણ ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, દયાનો

ભાવ એવો વ્રતનો ભાવ હોય ખરો.

મુમુક્ષુ :- પરંપરા કારણ કીધું ને.

ઉત્તર :- પરંપરા કારણ એ તો એને અશુભ ટળ્યું છે અને આને ટાળશે એ કારણ ન હોય. આહાહા..! આવો માર્ગ છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવમાં અશુભ ટળ્યું છે અને હવે શુભને ટાળીને શુદ્ધમાં જશે એથી પરંપરા કહ્યું. એકલા મિથ્યાદષ્ટિને શુભ પરંપરા ક્યાં હતું? એ તો ત્યાં જ પડ્યો છે. આહાહા..! વીતરાગ માર્ગ પરમેશ્વર જિનેન્દ્રદેવના ભાવો એ સમજવા બહુ કઠણ છે. બહુ પુરુષાર્થ છે ત્યાં. એ કોઈ સાધારણ વાત નથી. બહારના પૈસા-બૈસા કરોડો ને લાખો પૂર્વના પુણ્યને લઈને દેખાય. ત્યાં કાંઈ ડહાપણ કામ કરતું નથી. એમ હશે મણિભાઈ નહિ? બહાર પૈસામાં ડહાપણ કામ કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ધૂળેય કરે નહિ. એને ત્યાં સાસરાનું મળ્યું ત્યાં ક્યાં ડહાપણ હતું?

મુમુક્ષુ :- લોકોમાં તો ડહાપણની છાપ પડે છે.

ઉત્તર :- લોકો તો ગાંડા, પાગલ તે. ડાહ્યા કહેવાય સોમચંદભાઈ ને આ ..ના ધણી લ્યો. એમ કહેતું હતું કાલે કોક. જેમ ઓલા કોણ ..વાળા. ચંદુભાઈ. એમ કોક કાલે કહેતું હતું. આ નહિ ..વાળા. ચંદુભાઈ નહિ? નરમ માણસ. એવી સોમચંદભાઈની છાપ એવી છે. આખી જાંબુડી. બધા જોવા આવે. .. કોક કહેતું હતું. એ કાંઈ મોટપ પણ નથી અને એ કાંઈ અધિકતા પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ સાધન હોય તો અહીંયાં અવાય ને.

ઉત્તર :- ધૂળેય સાધન નથી. અવાય શું અવાય તે? સાધન તો અંતરના સ્વભાવની પર્યાય શુદ્ધ પ્રગટે એ સાધન છે. આહાહા..! એની શ્રદ્ધામાં તો નક્કી કરે. આહાહા..! પહેલા બીજડાં તો વાવે આવા. આહાહા..!

મુમુક્ષુ :- એ બીજડાના ઝાડ કેટલે વર્ષે ઊગે?

ઉત્તર :- ... તો એની દૃષ્ટિના પ્રમાણમાં. એની દૃષ્ટિની કેવું ક્યાં સન્મુખનું જોર કેટલું છે? પણ એ તો બીજ વાવ્યા એ તો ફળે જ, અહીં તો એ કહે છે. અહીં તો એક જ વાત છે. આહાહા..! એ કાંઈ વર્ષ બર્ષ બધું ન નીકળે. એ તો ફળે જ તે. જેને ચૈતન્ય શુદ્ધ આનંદ, એની જ્યાં રુચિ થઈ, ફળ્યા વિના રહે જ નહિ. એને અનુભવ થાય, કેવળજ્ઞાન લે. અલ્પકાળમાં લેશે જ તે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એની પોતાની સાક્ષી આવવી જોઈએ ને. સમજાણું કાંઈ? ઓહો..! આવો નિર્મળ પ્રભુનો માર્ગ. એને લોકોએ આ ક્રિયા કરું ને આ ક્રિયા કરું ને એનાથી થાય. વીતરાગ માર્ગને ભ્રષ્ટ કરી દીધો. જોકે એ માર્ગ છે એ માર્ગ છે. એને કાંઈ કલંક લાગતું નથી. પણ માનનારાઓએ કલંક પોતાને લગાડ્યું. આહાહા..!

'**ભાવાર્થ :- યહાં સામાન્ય વચન હૈ,...**' સામાન્ય વચન એટલે સમજ્યાને દર્શન-જ્ઞાન-

ચારિત્રથી ભ્રષ્ટ. '**ઈસલિયે ઐસા ભી આશય સૂચિત કરતા હૈ કિ સત્યાર્થ શ્રદ્ધાન,...**' સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, સાચું '**ચારિત્ર તો દૂર હી રહા,...**' સાચું સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્જ્ઞાન, સાચું ચારિત્ર એ તો એક બાજુ રહો. '**જો અપને મતકી શ્રદ્ધા, જ્ઞાન, આચરણ સે ભ્રષ્ટ હૈં,...**' પણ એમણે માનેલો ભાવ છે, એના ચારિત્રના વર્તનનું એમાં જે લખાણ છે એનાથી ભ્રષ્ટ થઈ ગયો. બહુ પોકળ ચાલતું હતું ત્યારે એમાં પણ. દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય તો આધાકર્મી દોષ લાગે નહિ. આ શું કરે?

મુમુક્ષુ :- એ તો મૂળ જાણતા હતા.

ઉત્તર :- છે ને પણ એ વસ્તુ છે. આવું ભ્રષ્ટ ક્યાંથી લાવ્યા? એટલે એ કહે છે. એમણે માનેલા જૈનદર્શનથી આઘા નીકળી ગયા. ભ્રષ્ટ થયા. એમને માનેલો પ્રમાણે જ્ઞાન અને ચારિત્રના ઠેકાણા નથી. એવા પણ હતાને ત્યારે. એવું છે. ભાઈએ નથી લખ્યું? મોક્ષમાર્ગપ્રકાશમાં આવે છે. પાંચમા અધ્યાયમાં કે એમના કહેલા સાધન પ્રમાણે એનું વર્તન ક્યાં છે? એ આવે છે ભાઈ! પાંચમા અધ્યયનમાં આવે છે. સ્થાનકવાસી, દેરાવાસી બેયનું જ્યાં લીધું છે. એમના માનેલાના પ્રમાણે એના વ્રતને ક્યાં છે? એ આ વાત કહેવા માગે છે. સમજાણું કાંઈ? આવો જૈનદર્શન વીતરાગમાર્ગ, દિગંબરમાર્ગ એનાથી તો ભ્રષ્ટ થયા, પણ એનામાં કહેલા એના પ્રમાણમાં વ્રતથી ભ્રષ્ટ છે. એના પણ ક્યાં ઠેકાણા છે? આહાહા..! એને માટે કરેલા આહાર લે, આધાકર્મી લે, ઉદ્દેશિક લે અને એમણે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન ધૂળમાંય... જ્ઞાન સમકીતીને દ્રવ્યાનુયોગનું જ્ઞાન નથી? મુનિ હોય એને તત્ત્વજ્ઞાન નથી? જ્ઞાન વિના તત્ત્વજ્ઞાન વિનાનો કોણ જીવ હોય ચોથે, પાંચમે, છઠ્ઠે. ખપે નહિ એને. એને માટે કણ પણ કર્યો હોય ચોકો કરીને, બિલકુલ માર્ગ નહિ. જૈનદર્શન નહિ એ. એય..! ઉદ્યમભાઈ!

મુમુક્ષુ :- શ્રાવક જેવા મુનિ હોય ને.

ઉત્તર :- એમ હોય? નહિ. નહિ.. નહિ.. નહિ.. શ્રાવક તો પોતાની શ્રદ્ધા દૃષ્ટિને આદિ રાખી શકે છે. એ કહ્યું છે ત્યાં મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ આ જ પ્રશ્ન છે. પણ શ્રાવક તો હોઈ શકે છે. ચારિત્ર ન હોય, વ્રત ન હોય, અષ્ટ મૂળગુણ હોય અને સમિતિ હોય તો શ્રાવક હોઈ શકે. આહાહા..! મુનિપણું આવું ન હોઈ શકે. આહાહા..!

મુમુક્ષુ :- એ ચોથામાં છે.

ઉત્તર :- છે નહિ, એ તો એમાં લખ્યું હતું ને. મોક્ષમાર્ગ પ્રકાશમાં લખ્યું છે. ટોડરમલે બધાની નાડ પકડી છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, બહુ જબ્બર કામ કર્યું. ઓહોહો..! આટલું થયું હોય તો તો પણ આમાં મૂળ રકમ બધી આવી ગઈ છે. નાડી પકડી છે બધાની. તારી નાડી મંદ ચાલે છે. આહાહા..! દિગંબર સનાતન સત્યમાં

આવેલા અને સંસ્કારી જીવ...

જે સત્ય શ્રદ્ધા વીતરાગનો માર્ગ સર્વજ્ઞનો... જે આત્માનો એ માર્ગ છે એ સર્વજ્ઞનો માર્ગ છે. આહાહા..! એવા માર્ગથી તો ભ્રષ્ટ થયા, પણ એમના પોતાના માનેલા શાસ્ત્રો અને એને આધારે ભ્રષ્ટ છે એ. એના વ્રતના પાલનના ક્યાં ઠેકાણા છે? એમ કહે છે. એય..! ચેતનજી! આહાહા..! કોઈને માટે નથી બાપુ! હો. કોઈનો પક્ષનો વિરોધ કરીને નિંદા કરવી એમ નથી. વસ્તુનું સ્વરૂપ આ છે. સમજાય છે કાંઈ? માર્ગ જ આવો છે ત્યાં બીજું શું થાય?

મુમુક્ષુ :- થોડી છૂટ મૂકાય.

ઉત્તર :- છૂટ-બૂટ મૂકાય નહિ.

મુમુક્ષુ :- પંચમ કાળ છે ને

ઉત્તર :- પંચમકાળ એટલે શું? શીરામાં લોટને ઠેકાણે ધૂળ નાખી કોઈએ? પંચમકાળ છે. ઘીને ઠેકાણે પેશાબ નાખ્યો કોઈએ? ગોળને ઠેકાણે કાદવ નાખ્યો કોઈએ? પાંચમા આરાનો શીરો છે એ. આહાહા..! મીઠાશમાં ફેર હોય ચોથા આરાના શીરામાં, પણ વસ્તુમાં ફેર ન હોય. માર્ગ એવો છે. આહાહા..!

કહ્યું હતું નહિ? એક જણાએ પૂછ્યું હતું કે આ ઉદ્દેશિક આહારનો જો ખુલાસો થાય ને તો બહુ સારુ થાય. એમ ખુલાસો પૂછ્યું. ઉદ્દેશિક આહાર એમ શ્રાવક... કહેવાનો અર્થ એવો કે શ્રાવક કરે એમાં કાંઈ .. કાંઈ કહેવાનું નથી કોઈ એવો, એને દોષ ન લાગે એવું હોય તો સંપ બહુ થાય. મેં કીધું પરમાત્માના વિરહ પડ્યા અત્યારે અને એની પાછળ આવું કર્યું બાપુ! એ ન શોભે ભાઈ! શ્રાવકો શ્રાવક ક્ષુલ્લક માટે, સાધુ માટે કરે છે ને આ ચોકા ને? એમ કે એમાં કાંઈ આમ થાય તો બહુ સારું પહેલું. કીધું એ દોષ એને ન લાગે. કારણ કે એ તો ગૃહસ્થ કરે છે ને? બિલકુલ ખોટી વાત બાપુ! આહાહા..! દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ નથી બાપુ! દ્રવ્યલિંગી સાધુ તો નથી, પણ દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ નથી. પૂછનાર ક્ષુલ્લક હતા. સાંભળતા હતા. કોઈના માટે કાંઈ વ્યક્તિના માટે ન લખાય. વસ્તુની સ્થિતિ આ છે. ભગવાનના વિરહે, કેવળી પરમાત્માના વિરહે એને બદલી નાખવું, બીજું રૂપ દેવું એમ ન હોય ભાઈ! સમજાણું કાંઈ? ચારિત્ર ન પળે તો ચારિત્ર નથી એમ માનવું. પણ ચારિત્ર ન પળે અને ચારિત્ર છે એમ માનવું? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એ કહે છે. કે '**સત્યાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર તો દૂર હી રહા, જો અપને મત કી શ્રદ્ધા, જ્ઞાન, આચરણ સે ભી ભ્રષ્ટ હૈં, વે તો નિરર્ગલ સ્વેચ્છાચારી હૈં.**' દેખો! પોતાને ગમે તે રીતે ચાલે છે એમ કહે છે. ઘણું એવું ચાલે છે હોં. '**વે સ્વયં ભ્રષ્ટ હૈં, ઉસીપ્રકાર અન્ય લોગોં કો ઉપદેશાકિદ દ્વારા ભ્રષ્ટ કરતે હૈં...**' આચરણ પણ એવું લાગે બહારનું ઓહો..! ત્યાગી થયા, હજારો રાણી છોડી, આ છોડ્યું અને ઉપદેશમાં એ આવે, એ દ્વારા બીજાને ભ્રષ્ટ કરી નાખે. હવે આ

મોટા કરોડોપતિ હતા, અબજોપતિ હતા એ સાધુ થયા છે એ .. એમાં થયા છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના ઠેકાણા નથી. શું છોડ્યું એણે? આહાહા..! પહેલું મિથ્યાત્વ છોડવું જોઈએ એ તો છોડ્યું નથી. એની તો એને ખબરેય નથી કે મિથ્યાત્વ છૂટે તો શું થાય? આહાહા..! અને રાગ છૂટે તો ચારિત્રની આનંદદશા કેવી આવે? એવી તો ખબર નથી. સમજાણું કાંઈ? એ પોતાના બાહ્ય આચરણ અને ઉપદેશ દ્વારા, પોતે તો ભ્રષ્ટ છે પણ બીજાને ભ્રષ્ટ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ...

ઉત્તર :- ગૃહીત મિથ્યાત્વ જ છે એ.

મુમુક્ષુ :- એમ કે સાચા દેવ ને સાચા ગુરુને, સાચા ..ને માને છે ને? .. એમાં શું વાંધો?

ઉત્તર :- એ તો માનતો જ નથી એને. આ તો સાચા છે એનાથી વિપરીત થઈને નીકળ્યા, એમાં કહેલું પણ એ માનતા અને એ આચરણ કરતા નથી એમ કહે છે. સાચા દેવ તો અરિહંત ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા જેને આહાર ન હોય, પાણી ન હોય, રોગ ન હોય. ત્યાં તો રોગ ઠરાવ્યો છે. ક્ષુધા, આહાર, પાણી ઠરાવ્યા છે કેવળીને. આવું સ્વરૂપ હોય દેવનું?

મુમુક્ષુ :- નોકારમંત્ર તો બેયનો એક જ છે.

ઉત્તર :- નોકાર મંત્ર સરખા. એ તો શબ્દમાં સરખા, એમાં શું થયું? ભાવમાં મોટો ઉગમણો-આથમણા જેટલો ફેર છે. બૌદ્ધમાં આવતું નથી ભાઈ? એ તો કહે છે રામજીભાઈ ઘણીવાર. જ્ઞાન ને સમાધિ.

મુમુક્ષુ :- શબ્દો પણ આવે છે.

ઉત્તર :- શબ્દો પણ આવે તો શું છે પણ. હો. ભાવમાં ફેર. શબ્દ આવે એમાં શું થયું? આહાહા..! આ તો નમો અરિહંતાણં. જેણે કર્મરૂપી વેરીને જીત્યા અને જેને જૈનપણું કેવળજ્ઞાન પ્રગટ થયું છે, જેના શરીર પરમ ઔદારિક થઈ ગયા, જેને નખમાં રોગની ગંધેય ન હોય, એને આહાર, પાણીને ઔષધ કોઈ દિ' ન હોય. એને આહાર, પાણીને ઔષધ ઠરાવવા અને આહાર ઠરાવવા, વ્યવહારની શ્રદ્ધાના ઠેકાણા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ ન હોય. વેદનીય કર્મને બાળી બાળીને, ફેરવી ફેરવીને અહીં આવ્યા છે. અશાતાને ટાળતા... ટાળતા... ટાળતા... કેટલી ધારાવાહી કરતા કરતા અહીં આવ્યા છે. એવી અશાતા એને હોય નહિ. ભાઈ! માર્ગ તો આ છે. પરિષહ કહ્યા છે ને એણે? કે પરિષહ તો એક ઉદય છે એટલી અપેક્ષાએ કહ્યા છે. શરીરમાં રોગ થાય ને આહાર લેવા જાય, ઔષધ આવીને ખાય, એ બિલકુલ કેવળીનું સ્વરૂપ જાણતા નથી.

મુમુક્ષુ :- ઔદારિક શરીર ક્યાં રહ્યું?

ઉત્તર :- ઔદારિક શરીર એ તો કહેતા નથી. પરમૌદારિક કહેતા નથી. એ લોકોમાં પરમૌદારિક નથી. ઔદારિક છે. છે ને બધું? એ બધું લખ્યું છે અંદર. સાંભળને. ભગવાન તીર્થંકર...

મુમુક્ષુ :- અડધું અંગ...

ઉત્તર :- અડધું હોય નહિ કાંઈ. એ છે ને ખબર છે ને. એક વખત કહ્યું હતું. કહ્યું હતું એક ફેરી. અરે..! બાપા! આ મારગડા જુદા બાપુ! તારા તર્ક ન કામ આવે ત્યાં. વસ્તુનો સ્વભાવ હોય ત્યાં તર્ક શું કામ આવે? આહાહા..! પરમૌદારિક શરીર. તીર્થંકર તો જન્મે ત્યારથી એને આહાર હોય, દિશા ન હોય. દિશા ન હોય. આહાહા..! તીર્થંકર કોને કહે? જેનો જન્મથી આહાર હોય, દિશા પાણીમાત્ર ન હોય. મહાપવિત્રતા લઈને આવ્યા અને પુણ્ય પ્રકૃતિને લઈને આવ્યા છે.

મુમુક્ષુ :- એના શરીરમાં ગંદાપણું...

ઉત્તર :- અરે..! હોય છે. આહાહા..! ત્રણ જ્ઞાન લઈને ક્ષાયિક સમકિત લઈને આવ્યા છે અને પરમૌદારિક શરીર તો પહેલેથી માતાના પેટમાંથી છે. બાપા! આ તો વસ્તુની મર્યાદા છે. અહીં કોઈ પક્ષની વાત છે એ નહિ. હવે દિગંબર આમ કહે છે અને અમે આમ કહીએ છીએ-એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એના શાસ્ત્રમાં..

ઉત્તર :- લખ્યું હોય તો બધું કલ્પિત લખ્યું છે. કલ્પિત બનાવ્યું છે. શું થાય? ભગવાનને નામે ચડાવ્યા. શંકા લોકો કરી શકે નહિ. શંકા કરે તો ભગવાનમાં શંકા કરી કહેવાય. અરે..! પણ. આહાહા..! બાંધીને માર્યા જગતને.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર બધે છે. અમારો માર્ગ તો આવો છે અનાદિનો. એનાથી તો ભ્રષ્ટ થયા પણ એમાં કહેલાના એના ચારિત્ર અને વ્રતના પણ ઠેકાણા નથી. એ તો પોતાને ભ્રષ્ટ કર્યા છે, બીજા જીવોને પોતાનો દેખાવ પુણ્યાદિનો વધારે હોય, ઉપદેશાદિ .. ભ્રષ્ટ કરે છે. આહાહા..! અરે..! ક્યાં ભાઈ! કાલે એક ઈયળ જોયું ને ભાઈ એવું થયું. આહાહા..! અરેરે..! ક્યાં ખૂણે? એક કટકી આટલી હશે. સાફ નહિ થયું હોય. ખૂણામાં ઈયળું પડી એમાંથી. આહાહા..! ક્યાં એની ઉત્પત્તિ સ્થાન! ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- એ તો રૂપિયામાં .. આવે.

ઉત્તર :- હા, એ તો એ જ કહે છે, પણ એ કાંઈક અંદર હોય એમાં આવે છે. કચરો રહી ગયો. .. ન હોય. કાટ-બાટ હોય ને જરી થોડો તો ઉત્પત્તિ સ્થાન થાય. આ તો નજરે જોયું કાલે. આહાહા..! ડબ્બાને ખૂણામાં નીચે હોય ને જરીક. કણી પડી રહી હશે સાફ કરતા કરતા. આહાહા..! અરેરે..! આવા અવતાર! આવા જન્મ અને આવા ભવ! બાપુ! એનાથી ઉગરવાનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? કાંઈક શરીર ઠીક મળ્યું, પૈસા ઠીક મળ્યા એટલે અમે કાંઈક આગળ વધ્યા એમ માને છે, એ આત્માને હીણો કરે છે. બહારની અધિકતાથી આત્મા અધિક થયો એમ માનનારા, આત્માને હીણો મારી નાખે

છે. આહાહા..!

શરીર સુંદર, વાણી, કંઠ સુંદર, કુટુંબ સુંદર, સ્ત્રી સુંદર, પૈસા સુંદર, મહેલ, મકાન સુંદર. એથી શું? એ તો જડની પર ચીજ છે ભગવાન! એનાથી કાંઈક હું વધ્યો છું અને ઠીક છું, આત્માને હણી નાખે છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા આનંદનોકંદ એ અધિક છે. આહાહા..! આવું અધિકપણું ન માનતા, બહારની ચીજે અધિકપણું માને, ભ્રમમાં પડ્યો છે એ. આહાહા..! અરે..! એના અવતારની વાતું વીતરાગ કહે. એણે દુઃખને વેઠ્યા. આહાહા..! એ તું મરી ગયે તારી માને રૂદન આવ્યા. એ રોવાના આંસુ સમુદ્ર ભરાય. સ્વયંભુરમણ સમુદ્ર અનંતા ભરાય ભગવાન. એવી તારા મૃત્યુના પાછળ રોદણા થયા છે. ભાઈ! તું એવા અવતારમાં જન્મ્યો અને મર્યો છો. આહાહા..! એ જન્મ-મરણના દુઃખો ટાળવાનો તો આ એક જ ઉપાય છે. સર્વજ્ઞે કહેલો માર્ગ અને સર્વજ્ઞે કહેલું સમ્યગ્દર્શન... આહાહા..! આખી દુનિયાના ડહાપણને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

અહીં તો એ કહ્યું છે. '**ઉનકી પ્રવૃત્તિ દેખકર લોગ સ્વયમેવ ભ્રષ્ટ હોતે હૈં,...**' આવો પણ એક ત્યાગ છે. આ પંચમકાળમાં આવું પણ ચારિત્ર હોય છે.

મુમુક્ષુ :- કરી તો જુઓ.

ઉત્તર :- શું કરવું છે હવે? આહાહા..! એવી ક્રિયાઓ તો અનેક વર્ષોમાં એવી કરી હતી કે લોકો સાંભળતા ધ્રુજતા. એવી ક્રિયા હતી બહારની. વહોરવા જાઈએ ત્યાં પાણીના બિંદુને અડી જાય હાથ. નિર્દોષ આહાર. મોટા ગૃહસ્થ લોકો. રાયચંદ ગાંધી. ૫૦-૫૦ હજારની ઉપજું તે દિ' હોં. પેદાશ મોટી, મોટા વેપાર. શું કહેવાય ઓલા..નો ધંધો. ..ના આડતિયા હતા. ઘરે આડતિયા પડ્યા જ હોય અને મોટો વેપાર અને ચુરમાના લાડવા કરીને પડ્યા જ હોય મણ-અધમણ... પણ ભિક્ષા માટે જઈએ, બહેન! આમાં ગોટલું છે. ગોટલું સમજો છો? ગોટલી સમજ્યા? ગોટલી ગોટલી નહિ? કેરીની ગોટલી. અધમણ રસ, મણ રસ પડ્યો હોય. વ્હોરાવા આપે ઉભા થઈને. બહેન એમાં ગોટલી છે? ગોટલી નહિ? ગોટલું નહિ. તો એ એમ કહે કે મહારાજ! ખબર નહિ. અડશો નહિ. ખબર ન હોય તો અડશો નહિ. રસ નહિ લઈએ. આહાહા..! આવા વર્ષોના વર્ષ કર્યા છે હોં. એ વખતે તો માન્યું હતું ને. આહાહા..!

'**ઈસલિયે તીવ્ર કષાયી નિષિદ્ધ હૈં;...**' માટે અજ્ઞાનીનો કષાય તીવ્ર અને આ વ્રત.. વિશેષ રહું. '**ઉનકી સંગતિ કરના ભી ઉચિત નહીં.**' એવાઓનો પરિચય કરવો નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૯, શુક્રવાર તા. ૦૫-૧૦-૧૯૭૩**
**ગાથા-૯, ૧૦, ૧૧, પ્રવચન - ૧૮**

આ અષ્ટપાહુડ. એની ગાથા ૯મી ચાલે છે. ૮ પૂરી થઈ. '**અબ કહતે હૈં કિ ઐસે ભ્રષ્ટ પુરુષ સ્વયં ભ્રષ્ટ હૈં, વે ધર્માત્મા પુરુષોં કા દોષ લગાકર ભ્રષ્ટ બતલાતે હૈં...** '

**जो कोवि धम्मसीलो संजमतवणियमजोगगुणधारी।**
**तस्स य दोस कहंता भग्गा भग्गत्तणं दिंति।।९।।**

મૂળ સનાતન વીતરાગનો ધર્મ એનું મુનિપણું, બાહ્ય નગ્નદશા, અંતરમાં ત્રણ કષાયના અભાવની દશા અને અઠ્યાવીશ મૂળગુણ હતા એ જૈનદર્શન હતું. અનાદિનો સર્વજ્ઞનો કહેલો આ માર્ગ હતો કહેલો. એમાં ફેરફાર થઈ ગયો, એની અંદર વાત કરે છે. જે કોઈ ધર્માત્મા છે વીતરાગના માર્ગ પ્રમાણે, એનાથી ભ્રષ્ટ થયેલાઓ એવા ધર્માત્માના દોષ બતાવે છે. એ વાત કુંદકુંદાચાર્ય કરે છે ભાઈ!

'**અર્થ :- જો પુરુષ ધર્મશીલ અર્થાત્ અપને સ્વરૂપરૂપ ધર્મ કો સાધને કા જિસકા સ્વભાવ હૈ...**' કેવા છે ધર્મપુરુષો? કે '**અપને સ્વરૂપરૂપ ધર્મ...**' જ્ઞાન અને આનંદ ને શાંતિ એવો જે પોતાનો આત્મધર્મ એને સાધવાનો જેનો સ્વભાવ છે. રાગને સાધે કે એને અહીંયાં કહ્યું નથી. પછી વ્યવહાર હોય એ જણાવશે. આ વસ્તુ આનંદ ને જ્ઞાનની મૂર્તિ આત્મા એને સાધવાનો જેનો સ્વભાવ છે. દિગંબર ધર્મ, મુનિધર્મ, જૈનધર્મ, વાસ્તવિક ધર્મ, વીતરાગનો કહેલો માર્ગ આ. અનાદિથી એ માર્ગ હતો અને ત્યારે પણ ભગવાન કુંદકુંદાચાર્ય હતા. (એટલે) સંપ્રદાયમાંથી જુદા પડી ગયા, એની નિંદા, દોષ કાઢે છે. પોતાનું અભિમાનને પોષવા માટે. એની વાત જરી કરે છે.

'**ધર્મ કો સાધને કા જિસકા સ્વભાવ હૈ...**' એક વાત. '**તથા સંયમ અર્થાત્ ઈન્દ્રિય-મન કા નિગ્રહ...**' પાંચ ઈન્દ્રિય અને મનનો નિગ્રહ, અણિન્દ્રિય આત્મા ભગવાનમાં રમણતા એ સંયમ. '**ઔર ષટ્કાય કે જીવોંકી રક્ષા,...**' છ કાયના જીવો ભગવાને કહ્યા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવ છે. છ પ્રકારના. એકેન્દ્રિય અનંત છે. બીજા અસંખ્ય છે એ બધા જીવોની દયા પાળવાનો ભાવ જેનો છે એટલે કે જેને નહિ મારવાનો ભાવ છે. આ છ કાયના જીવ છે. જગતમાં માણસ એક જ પંચેન્દ્રિય છે એ એક જ આત્મા છે, એમ નથી. અનંત આત્માઓ છે. એમાં પણ એની મર્યાદા કોઈની એકેન્દ્રિય જીવ તરીકે, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. એવા જીવો ભગવાને જોયા છે સર્વજ્ઞે. એની એને પ્રતીત અને શ્રદ્ધા હોય છે. એથી એની દયા પાળે છે. મુનિ છકાયના રક્ષક છે. આહાહા..! એક પાણીના બિંદુમાં પણ અસંખ્ય જીવ છે. એને એ ન હણે. એક લીલોતરીનો કટકો હોય એમાં અસંખ્ય જીવ આ પીપળ આદિમાં છે.

એને પણ એ ન હણે. અડે નહિ. ગતિ ગમન કરવામાં પણ નીચે એકેન્દ્રિયાદિ જીવ હોય એને સ્પર્શે નહિ. એવી તો એની દયાનો ભાવ હોય. છ કાયની દયા હોય એમ કહે છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય એ સર્વજ્ઞ સિવાય એ જીવો કોઈએ જોયા નથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા.

'**તપ અર્થાત્ બાહ્યાભ્યંતર ભેદ કી અપેક્ષા સે બારહ પ્રકાર કે તપ,...** ' જેને બાહ્ય અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે, અભ્યંતર પ્રાયશ્ચિત, વિનય વૈયાવચ્ચ વગેરે. એવો જેને તપ હોય. મુનિ છે ને? નગ્ન મુનિ જંગલમાં વસનારા હોય છે. એ મુનિ, એ ચારિત્રવંત, એ સંયમી. ગૃહસ્થાશ્રમમાં હોય તો એને સંયમ અને એવું ચારિત્ર હોય નહિ. સમજાય છે કાંઈ? ગમે તેવો ક્ષાયિક સમકિતી જીવ હોય, છતાં ગૃહસ્થાશ્રમમાં આવો સંયમ ને છ કાયની દયા એ ન હોય. આખું વિશ્વદર્શન, જૈનદર્શન એટલે વિશ્વદર્શન. એમાં આ ચીજ છે એની એને છ કાયની દયાના ભાવ હોય.

તપ હોય છે. **નિયમ** હોય છે. '**આવશ્યકાદિ નિત્યકર્મ,...**' સામાયિક, સમતા, ચોવિસંથો, અનંત તીર્થંકરોનું ..નું વંદન, સ્તુતિ, ગુરુની સ્તુતિ .. આદિ. પ્રત્યાખ્યાન કાયોત્સર્ગ આદિ હંમેશાનું કર્તવ્ય, નગ્નમુનિ મોક્ષનો માર્ગ પૂરો ત્યાં છે. એને આ આવશ્યક ક્રિયા હોય છે. '**યોગ અર્થાત્ સમાધિ,...**' હોય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં બિરાજમાન મુનિ એને આત્માના આનંદની શાંતિ, વાસ્તવિક શાંતિ ઘણી પ્રગટી હોય છે. કૃત્રિમ શાંતિ જેવું દેખાય અનાદિથી અજ્ઞાનમાં, એ શાંતિ નહિ. અનંત આત્મા આનંદનો સાગર. આહાહા..! અતીન્દ્રિય આનંદના સાગરમાંથી આનંદ જેની દશામાં ઉછળતો હોય છે. એને અહીંયાં સમાધિ કહેવામાં આવે છે. આહાહા..!

'**ધ્યાન...**' ધ્યાન હોય છે એને આત્માના સ્વભાવનું. અસંખ્ય પ્રદેશી પ્રભુ આત્મા, અનંતગુણનું ધામ, એનું જેને ધ્યાન હોય છે. ચોથે, પાંચમે હોય છે થોડું, મુનિને વિશેષ હોય છે. અહીં મુનિની વ્યાખ્યા છે ને? દિગંબર સંત જે મોક્ષમાર્ગી. જે વીતરાગના માર્ગમાં ધોકરૂપે પંથ ચાલતો ઉત્સર્ગ. એમાં એ હતા સંતો. એટલે આવા સંતોને દેખીને દર્શનથી ભ્રષ્ટ થયેલાઓ દોષ કાઢે (તો) સમતા રાખવી. ભ્રષ્ટ થયેલાઓ ભ્રષ્ટપણું બતાવે બીજાને. સમજાણું કાંઈ? '**ધ્યાન તથા વર્ષાકાલ આદિ કાલયોગ,...**' લ્યો! યોગની વ્યાખ્યા કરે છે. વર્ષાકાળ. ચાર મહિના-ચોમાસુ એક સ્થાને રહે જંગલમાં, ઝાડની નીચે. એ કોઈ એવા ખાલી મકાન, બહાર જંગલમાં પડ્યા હોય ખાલી એમાં પડ્યા રહે. એવા વર્ષાકાળમાં ચાર મહિના એકાંત વર્ષાકાળમાં ગાળે. આહાહા..!

'**ગુણ અર્થાત્ મૂલગુણ,...**' અઠ્યાવીશ. પંચ મહાવ્રત, છ આવશ્યક, ઉભા ઉભા આહાર, અદંતધોવન, એવા અઠ્યાવીશ ગુણ હોય છે. છે વિકલ્પ બધા એ. એવું જેને પાલન હોય છે. આહાહા..! આવો ધર્મ અને મુનિમાર્ગ આવો હોય છે. એ પાળી શક્યા નહિ માટે ભ્રષ્ટ થઈને બીજું મનાવ્યું એની અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! કુંદકુંદાચાર્ય મહાવીતરાગી સંત છે,

આનંદમાં ઝુલતા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. એક દિવસમાં હજારોવાર પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ જેને આવે છે. એ કહે છે કે આવા સંતોની જે કોઈ દોષ અને નિંદા કરે એ કાળમાં આવું થઈ પડ્યું છે. શું કરે? પોતે ભ્રષ્ટ થયા, વિશેષ નગ્નપણે રહી શક્યા નહિ. પછી એવું બન્યું. શાસ્ત્ર નવા બનાવ્યા, કલ્પીત વાતો મૂકાવી એમાં. અને સાચા સંતનો પછી વિરોધ કર્યો. બે હજાર વર્ષ પહેલાથી એમ ને એમ ચાલ્યું આવે છે.

'ઉત્તર ગુણ...' પાંચ સમિતિ, ગુપ્તિ બહારના અથવા અનંત પ્રકારના ..માં નિર્માનતા એવા ગુણો '**ઈનકા ધારણ કરનેવાલા હૈ, ઉસે કઈ મતભ્રષ્ટ...**' લ્યો આ આવ્યું અહીંયાં. જૈનધર્મનો દિગંબર માર્ગ અનાદિનો સંતોનો એ હતો અને એ છે. મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન ભગવાન બિરાજે છે કેવળી, ત્યાં આ માર્ગ છે. હજારો સંતો દિગંબર, મુનિઓ આનંદકંદમાં ઝુલતા. એવો માર્ગ અનાદિનો એમાંથી જે ભ્રષ્ટ થયા. '**દોષોં કા આરોપણ કરકે કહતે હૈં કિ યહ ભ્રષ્ટ હૈ,...**' એવા મતભ્રષ્ટ થયેલા મતમાં રહેલાઓની નિંદા કરે છે, એમ કહે છે. આહાહા..!

'**યહ ભ્રષ્ટ હૈ, દોષયુક્ત હૈ, વે પાપાત્મા જીવ સ્વયં ભ્રષ્ટ હૈં, ઈસલિયે અપને અભિમાનકી પુષ્ટિ કે લિયે અન્ય ધર્માત્મા પુરુષોં કો ભ્રષ્ટપના દેતે હૈં.**' આહાહા..! જીવે કર્યું છે ને એવું. માણસપણું મળ્યું, જૈનના સંપ્રદાયમાં આવ્યા. ત્યાં પણ પાછું અભિમાન પોષ્યું. આહાહા..! અનંતકાળમાં જેને નિગોદમાંથી નીકળીને માણસ થવું મુશ્કેલ, એમાં અહીં સુધી આવ્યા એમાં આ દશા પાછી. આહાહા..! જેના ભવના અભાવના કાળમાં મુનિપણાઓ થયા એવા મુનિઓને પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈને એને પણ દોષ કહ્યા છે.

'**ઈસલિયે અપને અભિમાનકી પુષ્ટિ કે લિયે...**' અમે સાધુ છીએ, અમે આવા છીએ, મારો માર્ગ આવો છે. આ બધા ભ્રષ્ટ નાગા સાધુ એમ કરીને કહે. શું થાય જગતની એ પ્રકારની યોગ્યતા શું થાય? આહાહા..! બે હજાર વર્ષ પહેલાં એ વાતું છે લ્યો! ભગવાન કુંદકુંદાચાર્ય થયા એ પહેલા શ્વેતાંબર પંથ જૈનમાંથી નીકળી ગયો હતો. આહાહા..! એ સંબંધીની આ વાત છે. પણ આ માર્ગ બેસવો જગતને કઠણ છે. અનેક પ્રકાર જગતના ભ્રમના નામના, અનેક પ્રકાર પંથ ને માર્ગ ને આહાહા..! બધાથી આ સર્વજ્ઞનો માર્ગ આખો જુદો છે. આહાહા..! સર્વજ્ઞસ્વરૂપ જ પ્રભુ છે. એમાંથી પ્રગટ કર્યું જેણે સર્વજ્ઞપણું, એમણે જે ત્રણકાળ ત્રણલોક હસ્તામળની પેઠે જોયા. આમળું જેમ હોય એમ જોય. એ બરાબર ન જોવાય એને તો પ્રત્યક્ષ જોઈએ. આહાહા..! એવો જે ભગવાને કહેલો, મુનિનો ધર્મ અને સંતોની ધર્મની ક્રિયા અંતર અને બાહ્ય, એ ન પાળી શક્યા તે ભ્રષ્ટ થયા. એ પાળનારાઓને નિંદા ને દુઃખ લાગે છે. આમાં.. કુંદકુંદાચાર્ય તો આમ કહે છે હવે લ્યો.

'**ભાવાર્થ :- પાપિયોં કા ઐસા હી સ્વભાવ હોતા હૈ...**' આહાહા..! ઓલું ધર્મશીલ છે ને? મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા જ્યાં મિથ્યાત્વ છે એમાં આવો જેનો સ્વભાવ હોય છે. સત્યને અડવા દે નહિ,

સત્યને સ્પર્શવા ન દે, સત્યની વાણી આવે કાને તો એ... '**ઉસી પ્રકાર ધર્માત્મા મેં દોષ બતલાકર અપને સમાન બનાના ચાહતે હૈં.**' '**અપને સમાન બનાના ચાહતે હૈં. ઐસે પાપિયોંકી સંગતિ નહીં કરના ચાહિયે.**' આહાહા..!

'**અબ કહતે હૈં કિ જો દર્શન ભ્રષ્ટ હૈ, વહ મૂલ ભ્રષ્ટ હૈ, ઉસકો ફલકી પ્રાપ્તિ નહીં હોતી...**'

जह मुलम्मि विणट्ठे दुमस्स परिवार णत्थि परवड्ढी।
तह जिणदंसणभट्ठा मूलविणभट्ठा ण सिज्झंति।।१०।।

'**અર્થ :- જિસપ્રકાર વૃક્ષ કા મૂલ વિનષ્ટ હોને પર...**' ઝાડનું મૂળિયું જ્યાં નાશ થયું '**ઉસકે પરિવાર અર્થાત્ સ્કંધ, શાખા, પત્ર, પુષ્પ, ફલકી વૃદ્ધિ નહીં હોતી,...**' મૂળ જ નથી. મૂલો નાસ્તિ કુતો શાખા. આવે છે ને. જેનું મૂળ જ નથી એને સ્કંધ ને વૃક્ષ ને પત્ર ને ફળ, ફુલ હોય જ નહિ. '**ઉસી પ્રકાર જો જિનદર્શન સે ભ્રષ્ટ હૈં,...**' આહાહા..! જૈનદર્શન એટલે દિગંબરદર્શન. મુનિપણાનો ભાવ અંતર અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, અંતરના આનંદની ઉગ્ર લહેર જેને પ્રગટી હોય છે. અને વ્યવહારને એને પંચ મહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવ પ્રગટ્યા હોય છે વ્યવહારે. છ આવશ્યક હોય, ઉભા ઉભા આહાર હોય છે. એવું જે જૈનદર્શન, એવો જે આત્મદર્શન, એવો જે મોક્ષનો માર્ગ એનાથી ભ્રષ્ટ થયા.

'**બાહ્ય મેં તો નગ્ન-દિગંબર યથાજાતરૂપ નિર્ગ્રંથ લિંગ,...** ' છે ને? અનાદિ સનાતન નગ્ન દિગંબર અને અંતરમાં આનંદ અને શાંતિ ને સ્વચ્છતા ને પવિત્રતાનો પોકાર હતો. સમતાના રસમાં ઝુલતા હતા. આહાહા..! ઘડીકમાં છઠ્ઠું ગુણસ્થાન, ઘડીકમાં સાતમું. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. કારણ કે નિર્વિકલ્પ તો એક સેકન્ડની અંદર રહી શકે. મુનિ હોં. નીચે તો બહુ નીચે ગુણસ્થાનમાં તો બહુ થોડું. આહાહા..! ચોથે ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય અને પાંચમે હોય એ તો બહુ થોડું. નિર્વિકલ્પની દશા તો એક સેકન્ડના અંદરના ભાગમાં હોય છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. નથી ખબર એને એમ થાય કે આ જાણે કલાક કલાક બબ્બે કલાક સમાધિ રહે છે. એટલે એને વસ્તુની ખબર નથી, શ્રદ્ધાની ખબર નથી, આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? આ તો મુનિ જે હોય છે નગ્ન. અંતર આત્મદર્શન અનુભવ ઉપરાંત જેને ચારિત્રની, આનંદની લહેર જેને આવી છે. એવા મુનિઓને પણ નિર્વિકલ્પદશા તો એક સેકન્ડની અંદરમાં આવે. સાતમું આવે ત્યારે. આહાહા..! સમજાય છે? એવી જ વસ્તુની સ્થિતિ છે. એવો જે ભાવ...

'**બાહ્ય મેં તો નગ્ન-દિગંબર યથાજાતરૂપ નિર્ગ્રંથ લિંગ,...** ' જેવો માતાએ જન્મ્યો એવી વૈરાગ્યની મૂર્તિ, જેને ઉપશમ રસના ઢાળા ઢળી ગયા છે. આહાહા..! જેના શરીરમાં ઉપશમ અકષાય રસ દેખાય બહાર. ઠરીને શાંત બિંબ અંદર પડ્યું છે ને અંદરમાં. ચારિત્રવંત છે ને. આહાહા..! એવા ધર્માત્માનું શરીર પણ શાંત... શાંત... શરીર એનું. માતાએ જેવો જન્મ આપ્યો એવું જેનું સરળ, સીધું,

નગ્ન શરીર હોય છે. આહાહા..! એને ચારિત્રવંત અને એને મોક્ષમાર્ગી કહીએ. પૂર્ણ મોક્ષમાર્ગ. હેઠે મોક્ષમાર્ગ છે. આ ત્રણની એકતાનો મોક્ષમાર્ગ. આહાહા..! શું કીધું?

મુમુક્ષુ :- ધર્મ મૂળ.

ઉત્તર :- ધર્મ મૂળ. ઓહોહો..! એકલો ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન ને શાંતિનો સ્વભાવ. એને પર્યાયમાં વર્તમાન અવસ્થામાં-પર્યાયમાં પ્રગટ્યો. વસ્તુમાં તો છે અનાદિનો. પણ જેની વૈભવદશા વર્તમાન પર્યાયમાં પ્રગટી. આહાહા..!

મુમુક્ષુ :- એને જ સાચો વૈભવ...

ઉત્તર :- એ જ વૈભવ છે ને. આ ધૂળમાં શું છે? અબજોપતિ. આહાહા..! ધૂળધાણી .. આજે ભાઈએ ન કહ્યું? નવનીતભાઈએ .. નહિ? વિષ્ણુ? આ તમે કીધું ને. ... ત્યાં દૂધ પીધું હતું નહિ? ધારવાર. ઘડીકમાં લ્યો આમ. મોટરમાં જાતા હતા તો મોટરવાળાએ પૂછયું, કઈ બાજુ? આમ જોવે તો ડોકું ખડી ગયું, મરી ગયા મોટરમાં. એ આપણે અહીંયાં આવી ગયા. સાત-આઠ દિ' રહી ગયા. અમે ત્યાં દૂધ પીધું હતું એના ઘરે. .. આ ક્ષણમાં દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં લ્યો. હજી જાય છે આમ મોટરમાં. ઓલો ડ્રાઈવર પૂછે આમ જોઈને કે કેનીકોર સાહેબ? આમ જોયું ત્યાં તો મરી ગયેલો. ... આહાહા..! આવો નાશવાન મૃતક કલેવર છે આ. મડદું-મડદું. અમૃતનો સાગર પરમાત્મા મૃતક કલેવરમાં અનાદિથી મૂર્છાઈ ગયો છે. આહાહા..! એની શોભાએ શોભા, એને ખવરાવવું, પીવરાવવું, ભોગ દેવા ને.. આહાહા..! આવે છે ને? ૯૬ ગાથામાં. મૃતક કલેવર આ. મડદું આ તો શરીર જડ. એની ક્રિયા પણ જડની જડથી થાય, આત્માથી નહિ. આત્મા કારણ અને શરીર ચાલે એ કાર્ય ત્રણ કાળમાં નથી. મિથ્યાદૃષ્ટિ એમ માને છે. કેમકે એ બે જુદી ચીજ છે એને જુદી ચીજ કાંઈ કરી શકે નહિ. આહાહા..! એ ખબર ન મળે અને ધર્મ થઈ જાય.

મૃતક કલેવરમાં અમૃતનો સાગર સ્વભાવનો દરિયો પ્રભુ છે. એને મૂકીને મૃતક કલેવરની સંભાળમાં પડ્યો એને સરવાળે શું હાથ આવે? મડદાં મરતા વખતે મૂર્છામાં મરી જાય. અસાધ્ય થઈ ગયો મૂર્છાથી. જાવ એકેન્દ્રિય, ઈયળુંમાં. આહાહા..! આવો જે ધર્મ હતો વીતરાગનો એનાથી જે ભ્રષ્ટ થયા. અહીં તો કહે છે કે યથાજાત નિર્ગ્રંથ લિંગ હતું.

'**મૂલગુણ કા ધારણ...**' અઠ્યાવીશ મૂળગુણ. જિનવર, તીર્થંકરોએ કહેલા વિકલ્પો અઠ્યાવીશ જાતના હોં! એને હોય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ન થાય જ્યાં સુધી, ત્યાં એવા એના અઠ્યાવીશ મૂળગુણ અહિંસા, સત્ય, દત્ત, છ આવશ્યક, ઊભા ઊભા આહાર, .. વગેરે અઠ્યાવીશ મૂળગુણ છે. કેવી વસ્તુસ્થિતિ! અને '**મયૂર પિચ્છિકા (મોર કે પંખોકી પીંછી)...**' મોર પીંછી મુનિઓ રાખતા. .. આ રજોવરણ અને આ બધી વસ્તુ કૃત્રિમ ગરી ગઈ. એને મુનિપણું નથી ત્યાં કૃત્રિમ એટલે શું કહેવું હવે? આહાહા..! એક મોરપીંછી અને કમંડળ.

'**પિચ્છિકા તથા કમંડળ ધારણ કરના, યથાવિધિ દોષ ટાલકર ખડે ખડે શુદ્ધ આહાર લેના...**' એના માટે ન કરેલો આહાર ગૃહસ્થે પોતાના માટે કરેલો હોય. ભીક્ષા માટે જાય હાથમાં લઈ લે ઉભા ઉભા. આ માર્ગ છે. મુનિનો મોક્ષનો માર્ગ જૈનદર્શનનો આ છે. કહો, સુજાનમલજી! એવું ન પાળી શકે એ કરીને એનો બચાવ ન કરવો કે ભાઈ આવો પણ અત્યારે માર્ગ છે. આહાહા..! '**ખડે ખડે શુદ્ધ આહાર...**' જોયું! શુદ્ધ આહાર. નિર્દોષ પાણી અને આહાર ઉભા ઉભા આહાર લે. વૈરાગ્યની મૂર્તિ શાંત મુદ્રા એવી જે મુનિની દશા હોય છે.

'**ઈત્યાદિ બાહ્ય શુદ્ધ વેષ ધારણ કરતે હૈં...**' ઈત્યાદિ બાહ્ય શુદ્ધ વેષ. બધું કીધું ને? દોષ ટાળવા એ બધું. '**તથા અંતરંગ મેં જીવાદિ છહ દ્રવ્ય,...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય કહ્યા છે. છ વસ્તુ. એમાં એક આત્મા, એક પરમાણુ, એક કાળ, આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિક એવા છ દ્રવ્ય ભગવાને અનાદિ જોયા છે. એ છ દ્રવ્યની એને શ્રદ્ધા હોય છે. આહાહા..! અનંત અનંત આત્માઓ હોય છે, એથી અનંત અનંત ગુણા રજકણો, ધૂળ, માટી હોય છે. એની એને શ્રદ્ધા હોય છે. એનું એને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

'**છહ દ્રવ્ય, નવ પદાર્થ,...**' જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. અને જીવ અને અજીવ બે દ્રવ્ય અને સાત પર્યાય હોય છે. એની મુનિઓને, ધર્માત્માને શ્રદ્ધા ને જ્ઞાન હોય છે. આહાહા..! અહીં તો ખબર ન મળે કાંઈ ને અમારે સમ્યગ્દર્શન છે. બફમ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નવ પદાર્થ, સાત તત્ત્વોં...**' સાતમાં ઓલું પુણ્ય અને પાપ બે આસ્રવમાં નાખી દીધું. એ '**સાત તત્ત્વોં કા શ્રદ્ધાન...**' હોય છે. બરાબર સર્વજ્ઞે પરમેશ્વરે કેવળજ્ઞાની ત્રિલોકનાથે જ્ઞાનમાં જેવું જાણ્યું અને કહ્યું એવી એને શ્રદ્ધા હોય છે. ઓછી, અધિક, વિપરીત શ્રદ્ધા હોતી નથી. આહાહા..!

'**એવં ભેદવિજ્ઞાન સે...**' અને રાગ અને શરીરથી, રાગનો વિકલ્પ અને શરીર અને કર્મ આદિ ચીજ છે બધી. એનાથી ભેદ કરીને '**ભેદવિજ્ઞાન સે આત્મસ્વરૂપ કા અનુભવન...**' ભેદવિજ્ઞાન ક્યારે કહેવાય? કે બીજી ચીજ છે. શરીર છે, કર્મ છે, રાગ છે, પુણ્ય-પાપના ભાવ છે. એ છે એનાથી આત્મા ભિન્ન. એવું ભેદવિજ્ઞાનનો આત્મ અનુભવ. '**આત્મસ્વરૂપ કા અનુભવન – ઐસે દર્શન મત સે બાહ્ય હૈં,...**' આવા દર્શનમતથી જે બાહ્ય છે. ભાષા દેખો! આહાહા..! પહેલું જે '**दंसणमग्गं**' કીધું હતું. એ શરીર આ બીજું.

આવું જે દર્શન અને મત અને ધર્મ મૂર્તિ એવા માર્ગથી જે બાહ્ય છે '**વે મૂલવિનષ્ટ હૈં,...**' મૂળમાં ભ્રષ્ટ થઈ ગયા છે. આવું જે જૈનદર્શન એટલે... જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જિન સો હી હૈ. આત્મા અને રાગાદિ વિકલ્પ, શરીરાદિ અજીવ, પુણ્ય, પાપ અને આસ્રવ એનાથી ભગવાન આત્મા ભિન્ન એ જૈનનું સ્વરૂપ જ છે. એવા સ્વરૂપના ભાન સહિતમાં આવા તત્ત્વની એને શ્રદ્ધા હોય છે.

આવાથી જે ભ્રષ્ટ થયા એ મૂળમાં ભ્રષ્ટ થઈ ગયા છે. ભગવાનજીભાઈ! આવી વાત છે. એ શ્રીમદ્‌માં આવો ખુલાસો એ લોકો ન કરી શકે. કારણ કે ત્યાં તો બધો ગોટો ભેગો થયો છે. માર્ગ આવો છે, બાપુ! સમજાણું કાંઈ? અહીં તો ચોખ્ખી વાત છે. આહાહા..! કોઈના વિરોધના માટેની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમાં બીજું શું થાય?

**'मत से बाह्य हैं, वे मूलविनष्ट हैं,...'** પાઠ છે ને? **'मुलम्मि विणट्ठे'** પહેલું પદ છે. **'मुलम्मि विणट्ठे' 'तह जिणदंसणभट्ठा'** એની સાથે મેળવ્યું છે. મૂળ જેનો નાસ્તિ છે એને શાખાદિ હોતી નથી. એમ આવો જે વીતરાગ માર્ગ જૈનદર્શનનો ધર્મ મૂર્તિનો, એનાથી જે ભ્રષ્ટ થયા એની શ્રદ્ધાથી, મૂળમાં નાશ છે. આહાહા..! એય..! જાદવજીભાઈ! આવું છે આ. તમારો છોકરો એ કહે છે હોં. હા પાડે છે.

મુમુક્ષુ :- છોકરો જ નથી.

ઉત્તર :- છોકરો જ નથી, કહે છે ભાઈ. એ એના બાપા પણ સાંભળવા બેસે. .. છે ને શું કીધું? દિલીપ દિલીપ. એના દિકરાનો દિકરો. બેસે છે. માળો કોઈ સંસ્કાર લઈને આવ્યો છે પૂર્વ ભવમાંથી. અમારા વજુભાઈ તો એમ કહે છે કે આપણામાંથી મરીને આવ્યો હશે. ક્યાંક આપણામાંથી મરીને આવ્યો લાગે છે કહે આ. આવું! ચૌદ વર્ષની ઉંમરમાં આવું! માર્ગ આ છે. આ કર્યાથી માર્ગ બીજો માર્ગ હોઈ શકે જ નહિ. એવો છે. .. પાઠશાળા ભણાવે છે ત્યાં કલકત્તામાં. પાઠશાળા ભણાવે છે. એ તો ગૃહસ્થ માણસ છે. પાઠશાળા એટલે મફત. છોકરાને ભેગા થઈને.. ઘણાં લાખોપતિ છે. એમના દીકરાનો દીકરો એટલે તો પૈસા.. મુનિમ હતા. પાઠશાળા પૈસા લઈને નહિ. છોકરાઓને ભણાવે. આ માર્ગ છે સાંભળો. મોટા પણ બેસે છે એમ કહેતું હતું કોક. કેટલાય મોટા પણ સાંભળવા બેસી જાય છે.

મુમુક્ષુ :- પોતાને રુચિ થઈ છે.

ઉત્તર :- એ જાતનો અવ્યક્તપણે ભાવ હોયને કે માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહ્યું નહિ? **'मुलम्मि विणट्ठे'** એમ અહીં તો **'तह जिणदंसणभट्ठा'** એ **'मुलम्मि विणट्ठे'** એની સાથે મેળવ્યું ને ગાથામાં? **'जह मुलम्मि विणट्ठे'** પહેલું પદ. પછી **'तह जिणदंसणभट्ठा'** એ **'मुलम्मि विणट्ठे'** એમ. સમજાણું કાંઈ? આ વાડા બાંધીને મારી નાખ્યા લોકોને. પરમ દિ' આવ્યો હતો એક. ઓલો છે ને ઘીયા નહિ તમારે ત્યાં? ચંદુભાઈના આપણા મોહનભાઈ નહિ કરાંચીવાળા. એના ચંદુભાઈ તમે છો ને ત્યાં રાજકોટ. ..માં છે ને?

મુમુક્ષુ :- રાજકોટમાં ઘીવાળા તરીકે...

ઉત્તર :- હા એ ઘીવાળા. આ તો મેં કહ્યું છોકરો .. ચંદુભાઈનો સાળો છું. મોહનભાઈનો વેવાઈ. કીધું ઘીયાને? મેં કીધું જાણીએ છીએ. પણ અમે શ્વાંતબર છીએ હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બે છોકરા હતા. કાલે આવ્યા હતા. પરમ દિ'. હું ચંદુભાઈનો સાળો છું. મોહનભાઈ.. મને તો ખબર હતી કે આ ઘીયા છે. મેં કીધું ઘીયા તમે. એણે કીધું શ્વેતાંબર છીએ. અમને ખબર નથી? કીધું. વાડાની જુદાઈ માટે મારી નાખે.

મુમુક્ષુ :- મહારાજ પાછા અંદર દિગંબર સમજી જાય.

ઉત્તર :- એ સમજી જાય. તે કીધું ચંદુભાઈનો સાળો છો ત્યારથી તમે ઘીયા છો અને શ્વેતાંબર ત્યારથી મને ખબર પડી. જુવાન. આહાહા..! ઘીના વેપારી. ચોકમાં છે. ચોકમાં છે.

મુમુક્ષુ :- એનું નામ જ ઘીકાંટા.

ઉત્તર :- હા, સાચી વાત ઘીકાંટા. પણ આ તો મારું એમ કહેવું કે આ વાત આમાં આવી અને આ બોલ્યો એ. અમે શ્વેતાંબર. પણ અમે ક્યાં... એય..! મનુભાઈ! આ બધા શ્વેતાંબર છે. આ ભગવાનજીભાઈ શ્વેતાંબર છે. હતા, લ્યોને એ તો. આહાહા..! જેને આવો મોક્ષમાર્ગ અને આવું બાહ્યલિંગ અને અઠ્યાવીશ મૂળગુણ એવું જેને રુચતું નથી એ ભ્રષ્ટ થઈ ગયા કહે છે. આહાહા..! એવો માર્ગ છે.

**'मूलविणभट्ठा ण सिज्झंति'** એમ છે ને? ગાથાનો કુંદકુંદાચાર્યનો. **'जह मुलम्मि विणट्ठे'** જે ઝાડનું મૂળ નાશ થયું એને પરિવાર નથી એટલે શાખા, ફળ, ફુલ, પત્ર નથી. એમ જેને આવો માર્ગથી ભ્રષ્ટ થયા એનું મૂળ નાશ થઈ ગયું એને કોઈ મોક્ષ ને સમ્યગ્દર્શન ને જ્ઞાન હોતું નથી. આહાહા..! આવો માર્ગ છે. આ વાડા બાંધ્યા .. તમે દિગંબર અને અમે શ્વેતાંબર. ભાઈ! રહેવા દે એવું. સત્ય શું છે એ લે ને. આહાહા..! આંખ મીંચીને ચાલ્યા જાય છે આ જુઓને. આહાહા..! અબજો રૂપિયા. આંખ મીંચાઈ ગઈ. ક્ષણમાં, ભાઈ કહેતો હતો. .. મામાને બે વાગ્યે હુમલો આવ્યો અને આવ્યા ભેગો ખલાસ થઈ ગયો. અબજો રૂપિયા. આહાહા..! શું કરે રૂપિયો તારો? ધૂળમાં. આ તો શરીર માટી છે. આહાહા..! શ્વાસની ક્રિયા આત્મા કરી શકે નહિ. આ શ્વાસની ક્રિયા એ તો જડ છે. એને આત્મા કરી શકે? એ તો જડ છે. આ માર્ગ! એ જગતને ભ્રમ પડે, તત્ત્વની ખબર નથી ને. એ આત્માથી શ્વાસ ચાલે અને આત્માથી શરીર ચાલે, આત્મા કારણ છે અને દેહમાં કાર્ય છે. એ દૃષ્ટિ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ગાથા! ૧૦મી.

અહીંયાં આવ્યું. **'ઐસે દર્શન-મત સે બાહ્ય હૈં, વે મૂલવિનષ્ટ હૈં,...'** છેલ્લો શબ્દ છે ને પછી? **'ઉનકે સિદ્ધિ નહીં હોતી,...'** **'ण सिज्झंति'** એવા જીવોને મોક્ષ નહીં થાય. આહાહા..! આવો માર્ગ છે. એય..! ઝાંઝરી! તમારે ત્યાં તકરાર ઘણી છે મુખિયામાં. માર્ગ તો આ છે અનાદિનો. દિગંબર દર્શન એ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું અનાદિનું છે. મુનિપણું આવું જ હોય એ પણ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! એમાં ઘડીને કર્યું છે ને કલ્પનાએ એમ આ નથી. આહાહા..! જેવો ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદનો નાથ એની પર્યાયમાં ભૂલ છે એનું પણ જ્ઞાનીને ભાન હોય છે. અને એ આત્મા અરૂપી છે. એને રૂપ ન હોય. અજ્ઞાનીને કાંઈ ભાસે ને અંદર લાલ ને ધોળું ને .. એ બધું

જડ છે એ તો. આંખ મીંચેને પછી દેખાય અંદર લાલ, પીળું. એ તો બધું જડ છે. આત્મા ક્યાં એવા રંગવાળો છે? એ તો અરૂપી છે. સમજાણું કાંઈ? આહાહા..! **'વે મોક્ષફલ કો પ્રાપ્ત નહીં કરતે.'** લ્યો!

૧૧. એક ફેરી આ વાંચતા હતા અને ભાઈ હતા નરશીભાઈ. ટાકણે એ આવતા વ્યાખ્યાનમાં આ આવતું. આપણે હતા ને નરશીભાઈ નહિ? મુનિમ. મુનિમ હતા ને. ત્યાં બેસતા હતા. બરાબર એ વખતે આ આવતું હતું.

મુમુક્ષુ :- એ શ્વેતાંબર હતા ..

ઉત્તર :- .. પછી પર્યુષણમાં પડિક્કમણું ત્યાં કરવા જાય. .. એ કુદરતી એવા મેળ ખાઈ જાય છે ને. કુદરતી ત્યારે એને મોકો જ હતો આવવાનો. અને એમાં આ વંચાતું હતું. ત્યાં એ બેસતા. વાત માણસને આકરું લાગે. સત્ય છે તે...

મુમુક્ષુ :- એવા સંસ્કાર લઈને આવ્યા.

ઉત્તર :- સંસ્કાર લઈને આવ્યા, એ બસ. અને એ જ પોષાણું હોય. એને બીજો કોઈ વિચારનો અવકાશ જ ન હોય.

મુમુક્ષુ :- એને તો એમ જ થાય કે આપણે ..

ઉત્તર :- હા. આ જિન છે. આ અમે જિન છીએ એ લોકો એમ કહે છે ને. જૈનધર્મ અમારો જ છે. અમે જૈન છીએ એમ કહે છે. એય..! નવલચંદભાઈ! અહીં કહે છે કે એ જૈન નથી. જૈનથી તો ભ્રષ્ટ થયા છે એમ કહે છે. તેથી તો ભાઈએ લખ્યું ટોડરમલે પાંચમા અધ્યાયમાં. જૈનમતમાં નાખ્યા નથી શ્વેતાંબર સ્થાનકવાસીને. અન્યમતમાં નાખ્યા છે. આ જુઓને, આ શું કહ્યું આ? કુંદકુંદાચાર્ય એ કહે છે કે શ્વેતાંબર અને સ્થાનકવાસી જૈનદર્શન જ નથી.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય હતા ત્યારે સ્થાનકવાસી હતા નહિ.

ઉત્તર :- આ દેરાવાસી હતા ને પણ. શ્વેતાંબર નીકળી ગયેલા. એય..! સુજાનમલજી! એ પણ શ્વેતાંબર છે ને.

મુમુક્ષુ :- પાક્કા.

ઉત્તર :- પાક્કા. એ તો હોય એ તો પાક્કા જ હોય ને. એમાં શું? આહાહા..!

મુમુક્ષુ :- આપની કૃપા રહી ગઈ.

ઉત્તર :- આ તો આત્મધર્મની ચીજ આ છે. આહાહા..! એમાં ચારિત્ર જે છે આત્માનું એ અલૌકિક દશા જેની એને તો નગ્નદશા જ થઈ જાય. ચારિત્રવંત હોય એ તો નગ્નદશા અને જંગલમાં જ વસે. એવું જ મુનિપણાનો માર્ગ અનાદિનો સનાતન વીતરાગમાર્ગ છે. આહાહા..! એનાથી ભ્રષ્ટ થયા એને મુક્તિ તો નથી, મોક્ષનું ફળ ક્યાંથી હોય?

**'અબ કહતે હૈં કિ જિનદર્શન હી મૂલ મોક્ષમાર્ગ હૈ...'** જોયું! મેળવ્યું છે ભારે! જેમ ઓલામાં

દાખલો આપ્યો હતો ને વૃક્ષનો નહિ?

जह मूलाओ खंधो साहापरिवार बहुगुणो होइ।
तह जिणदंसण मूलो णिद्दिट्ठो मोक्खमग्गस्स।।११।।

'**જિસ પ્રકાર વૃક્ષ કે મૂલ સે સ્કંધ હોતે હૈં;...**' વૃક્ષનું મૂળ હોય તો સ્કંધ આવે. સ્કંધ હોય તો શાખા આવે. સ્કંધ સમજ્યાને ઓલું? પછી બાહ્ય. પણ મૂળ ન હોય ત્યાં સ્કંધ કેવું અને ડાળી કેવી? આ તો મૂળ હોય ત્યાં '**શાખા આદિ પરિવાર બહુત ગુણ હૈં. યહાં ગુણ શબ્દ બહુત કા વાચક હૈ;...**' એમ કહે છે. બહુ ગુણો હોય એમ.

મુમુક્ષુ :– ઘણા ગુણો.

ઉત્તર :– ઘણા ગુણો. પણ એણે તો કહ્યું છે કે '**ગુણ શબ્દ બહુત કા વાચક હૈ;...**' એમ. એ તો બહુ ગુણ શબ્દ તો પડ્યો જ છે. બહુ ગુણો તો છે જ. એમ કે બહુ તો શબ્દ છે ને? એમ કહું છું. તો પછી ગુણોને બહુ એમ કેમ કીધું?

મુમુક્ષુ :– ગુણવાન થયું ને એટલે બહુ અર્થમાં.

ઉત્તર :– પણ ગુણને બહુ વાચક કીધો. ઓલો બહુ શબ્દ તો પડ્યો જ છે. પણ ગુણને..

મુમુક્ષુ :– એટલે બહુમાં બહુ એમ.

ઉત્તર :– એમ બસ એ કહું છું. એવું એણે કર્યું છે.

'**ગુણ શબ્દ બહુત કા વાચક હૈ; ઉસીપ્રકાર ગણધર દેવાદિકને...** ' ગણધરોએ... ધર્મના તીર્થંકરો ધર્મરાજા એના ગણધર દિવાન, ધર્મ દિવાન. આહાહા..! ચાર જ્ઞાન, ચૌદ પૂર્વના ધરનાર, અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરનાર એવા સંત ગણધર સંત આદિએ '**ગણધર દેવાદિક ને જિનદર્શન કો મોક્ષમાર્ગકા મૂલ કહા હૈ.**' આવા ગણધરોએ, મુનિઓએ, સાચા સંતોએ '**જિનદર્શનકો મોક્ષમાર્ગ કા મૂલ કહા હૈ.**' આવું જૈનદર્શન. સમજાણું કાંઈ? જેને આત્મદર્શન સાક્ષાત્કાર ઉપરાંત જ્ઞાન અને આનંદનું ચારિત્ર જેને નિર્મળ પ્રગટ થયું. એવી ત્રણ તો વીતરાગી નિર્વિકલ્પદશા છે અને અઠ્યાવીશ મૂળગુણ વીતરાગે જિનેશ્વરે કહ્યા એવા છે અને જેની નગ્નદશા છે. આહાહા..! એવો જૈનદર્શનનો માર્ગ ગણધરોએ કહેલો છે. તીર્થંકરોએ કહેલો એમાંથી શાસ્ત્રમાં ગણધર સંતોએ રચ્યો છે. આહાહા..! લ્યો આ શાસ્ત્રની રચનામાં આ આવ્યું છે એમ કહે છે. જેની શાસ્ત્રની રચનામાં એવું આવ્યું હોય, વસ્ત્ર રાખે, પાત્ર રાખે ને મુનિપણું, એ શાસ્ત્ર ગણધરના રચેલા નહિ. એમ કહે છે. આહાહા..! આકરું ભારે! અતડા જેવું લાગે. .. છે ને. શું થાય ભાઈ! માર્ગ આવો છે ત્યાં શું થાય? આહાહા..! કહો, બાબુભાઈ! આવો માર્ગ છે. જૈનદર્શન જ એને કહીએ. આહાહા..! પરમ દિ' આવ્યું હતું ને એ.

એવું ગણધરોએ કહેલું. ગણધર આદિ સંતોએ કથન... આહાહા..! મોક્ષના થાંભલા કેવળજ્ઞાનના કેડાયતો એવા સંતોએ તો આવું જૈનદર્શન કીધું છે. આહાહા..! દુનિયાની મૂકી દે પરવાહ, દુનિયા શું

કહેશે? કેમ માનશે? રહેવા દે. માર્ગ ભગવાનનો તો આ છે. ભગવાનજીભાઈ! આહાહા..! લોકો એમાંથી આધાર આપે છે શ્રીમદ્‌માંથી. જુઓ, એમાં એ કહે છે. જૈનધર્મનો આશય, શ્વેતાંબર, દિગંબરના આચાર્યનો આશય આત્માને પમાડવાનો છે. આમાં તો ના પાડે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે આવો જે માર્ગ જેનું જૈનદર્શન ધર્મની શ્રદ્ધાનું મૂળ છે અને એ ઉપરાંત પછી જ્ઞાન અને ચારિત્ર આદિ અને નગ્નદશા જેની દેખે અને અઠ્યાવીશ મૂળગુણ વીતરાગે કહેલો એનો વ્યવહારમાં એવા વિકલ્પો હોય છે. મુનિને એવો રાગ હોય છે. આહાહા..! એથી રાગ હોય છે એમ જણાવ્યું, પણ કોઈ એ ધર્મ છે એમ નથી. એનો વ્યવહાર જૈનદર્શન કીધું, નિશ્ચય જૈનદર્શનની સાથે આવો વ્યવહાર જૈનદર્શનનો હોય છે. એથી એ આદરણીય છે અને એનાથી કાંઈ વિપરીત... એમ પ્રશ્ન આહીં નથી. આહાહા..! પંડિતજી! માર્ગ તો આવો છે. આહાહા..! એકલા નગ્ન ફરે એ કાંઈ ધર્મ નથી.

મુમુક્ષુ :- .. મૂળ તો અંતરમાં હોય તો

ઉત્તર :- આ તો બાહ્ય પહેલું કહ્યું, પછી આવું અંતરમાં હોય તો આવું બાહ્યમાં કહેવાય. પણ અંતરમાં જ્યાં જૈનદર્શનનું વસ્તુ શું છે? સમ્યક્ શું? સમ્યગ્જ્ઞાન શું? એની ખબર પણ નથી અને ... એને અહીંયાં મુનિપણામાં ગણ્યા નથી. એ જૈનદર્શનમાં એને ગણવામાં નથી આવ્યા. આહાહા..! બહુ માર્ગ!

એ '**જિનદર્શન કો મોક્ષમાર્ગ કા મૂલ કહા હૈ.**' સમજાય છે કાંઈ? આવો જે જૈનદર્શન ... એ જૈનધર્મનું મૂળ છે. એ '**જૈનદર્શન કો મોક્ષમાર્ગ કા મૂલ કહા હૈ.**' આહાહા..! એમ જેની આ શ્રદ્ધા વ્યવહાર આવો હોય, એવી શ્રદ્ધા સહિત સ્વનો આશ્રય લઈને દર્શન થાય એને સમકિત કહેવાય. સમજાણું કાંઈ? એમ કહે છે. આવો જે માર્ગ છે એની જેને શ્રદ્ધા હોય એટલે એનું જ્ઞાન હોય અને એનું જ્ઞાન રાખીને, પછી સ્વનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એને સમકિતી અને ધર્મની શરૂઆતવાળો જીવ કહેવામાં આવે છે. આહાહા..!

ઘણાં તો આમાં આપણે પૂર્વના શ્વેતાંબર જ હોય, કોઈ સ્થાનકવાસી, કોઈ દેરાવાસી. નહિ? માર્ગ તો આ છે. એમાંથી ફેરફાર કાંઈ પણ ઓછુ-વત્તુ કરે, વસ્ત્રનો ધાગો રાખવો એમાં શું વાંધો છે? કાળ એવો નબળો છે એટલે. એ બધું ભ્રષ્ટ છે. આહાહા..! ઝાઝો ભાગ હોય એમાં તો આવું વાંચે તો તોફાન કરે. અહીં તો જંગલ છે અને જંગલમાં માર્ગ આ છે. બેસે એને બેસાડવું.

મુમુક્ષુ :- જંગલમાં મંગલ અને મંગલનો માર્ગ એ છે.

ઉત્તર :- હા. એ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાચી વાત.

'**ભાવાર્થ :- યહાં જિનદર્શન અર્થાત્ તીર્થંકર પરમદેવ ને જો દર્શન ગ્રહણ કિયા...** ' દેખો! અર્થ કર્યો છે. જિનદર્શન. જિન એટલે તીર્થંકર, એણે જે દર્શન મુનિપણું, નગ્નપણું અંગીકાર કર્યું.

ભારે વાત ભાઈ! જિનદર્શન. જિન એટલે તીર્થંકર '**પરમદેવને જો દર્શન...**' એમ. '**ગ્રહણ કિયા ઉસી કા ઉપદેશ દિયા હૈ,...**' '**દર્શન ગ્રહણ કિયા ઉસી કા ઉપદેશ દિયા હૈ, વહ મૂલસંઘ હૈ;...**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મૂળસંઘ આ. કે જેણે જિન તીર્થંકર પરમદેવે જે નગ્નપણું અને એ મોક્ષમાર્ગને વ્યવહાર, વિકલ્પ આદિ જે છે એ અંગીકાર કર્યું ગ્રહણ અને એવો ઉપદેશ કર્યો. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ખુલાસો કર્યો છે હોં. ૧૪મી ગાથામાં શ્લોકમાં આવે છે. .. દંસણ આને કહેવું. આહાહા..!

વસ્તુનું દર્શન જે વાસ્તવિક જ્ઞાન, દર્શન, ચારિત્ર અને મૂળ વિકલ્પ અને નગ્ન એ. ત્યારે કોઈ કહે કે એ વિકલ્પ અને નગ્નપણાને પણ જૈનદર્શન કીધું ને? પણ એ તો વ્યવહાર નથી? વ્યવહાર કીધો એને. વસ્તુનું જે દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય કહ્યો. બેયને બે કહ્યું. આહાહા..! પૂર્ણ વીતરાગ નથી તો બે હોય જ. આહાહા..! સમજાણું કાંઈ? જેના હજી શ્રદ્ધાના ઠેકાણા નથી, જેના જ્ઞાનમાં યથાર્થતા નથી એને સમ્યગ્દર્શન થાય જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જિનદર્શન. જિનદર્શનની વ્યાખ્યા કરી. '**जिणदंसण मूलो**' છે ને? એમાંથી કાઢ્યું. જિન એટલે તીર્થંકર પરમદેવ અને દર્શન એટલે જેણે દર્શન ગ્રહણ કર્યું. એટલે મોક્ષનો માર્ગ, વિકલ્પ, નગ્નપણું અંગીકાર કર્યું. આહાહા..! તીર્થંકરદેવ જેના સો ઈન્દ્રો તળિયા ચાટે. જેના જન્મે માતાના પેટમાં આવે ત્યારે ઈન્દ્રો આવીને સેવા કરે છે. આહાહા..! એવા જેને મુનિપણું અંગીકાર કર્યું, તીર્થંકર પરમ દેવે. આહાહા..!

જ્યારથી સર્વજ્ઞદેવ સર્વજ્ઞ સ્વભાવ આત્મા અનાદિથી છે, તેમ સર્વજ્ઞ પર્યાય પ્રગટેલી સર્વજ્ઞો પણ અનાદિના છે. આહાહા..! એમ આવો માર્ગ પણ અનાદિનો છે. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ સ્વભાવી સ્વરૂપ આત્મા, વસ્તુ અનાદિ અનંત આત્મા અને સર્વજ્ઞ સ્વભાવ છે એના જાણનારા પ્રગટપણે પણ અનાદિના છે. અને એનો જે માર્ગ જેને અંગીકાર કર્યો એ પણ અનાદિનો આ જ માર્ગ છે. શક્તિરૂપ, વ્યક્તરૂપ અને એનો માર્ગ આ. આહાહા..! સમજાણું કાંઈ? એ વિશેષ એનું સ્વરૂપ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૦, શનિવાર તા. ૦૬-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૧, પ્રવચન - ૧૯**

जह मूलाओ खंधो साहापरिवार बहुगुणो होइ।
तह जिणदंसण मूलो णिद्दिट्ठो मोक्खमग्गस्स।।११।।

એનો અર્થ ચાલી ગયો છે. ફરીને. '**જિસ પ્રકાર વૃક્ષ કે મૂલ સે સ્કંધ હોતે હૈં;...**' ઝાડનું મૂળ હોય તો સ્કંધ થાય. થડ થડ મોટું. મૂળ હોય તો થડ થાય. મૂળ ન હોય અને થડ થાય એમ બને નહિ. અને '**જિનકે શાખા આદિ પરિવાર બહુત ગુણ હૈં.**' એ સ્કંધ ને શાખા ને ડાળી ને પાંદડા ને ફુલ ને ફળ અનેક હોય છે. એ દૃષ્ટાંત આપે છે ભગવાન કુંદકુંદાચાર્ય. સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં હતા. '**ઉસીપ્રકાર ગણધર દેવાદિક ને...**' ગણધરોએ. તીર્થંકરના વજીર. તીર્થંકર ભગવાનની વાણી સાંભળી અને ગણધરદેવે શાસ્ત્ર રચ્યા. અને પછી પરંપરાએ સંતો જે દિગંબર થયા એમણે એ રાખ્યા. એવા '**ગણધર દેવાદિક ને જિનદર્શન કો મોક્ષમાર્ગ કા મૂલ કહા હૈ.**' જૈનદર્શન એ મોક્ષમાર્ગનું મૂળ છે. જરી ઝીણી વાત છે. સંપ્રદાયથી ફેરવાળી વાત છે. જરી આકરી પડે એવી છે. પરમ સત્ય તો આ છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- અમારા ભાગ્ય કે અમને આ ભૂમિકા મળી, આ વાત અમને મળી.

ઉત્તર :- વાત એવી પરમસત્ય આ છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન મહાવીર અને સીમંધર પરમાત્મા. આવી વાણી સીમંધર ભગવાનની. બધાનો એક જ જૈનદર્શન માર્ગ. એ જૈનદર્શન એટલે શું? એની વ્યાખ્યા કરે છે.

એ '**જિનદર્શન કો મોક્ષમાર્ગ કા મૂલ કહા હૈ.**' અહીંયાં જિનદર્શન એટલે શું? '**તીર્થંકર પરમદેવ...**' જ્યારે ભગવાન જન્મ્યા ત્યારે તો ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા માતાના પેટમાં. તીર્થંકરદેવ. મતિ, શ્રુત અને અવધિ જ્ઞાન તો લઈને આવ્યા છે. પછી જ્યારે દીક્ષા લીધી ત્યારે '**તીર્થંકર પરમદેવ ને જો દર્શન ગ્રહણ કિયા...**' મોક્ષમાર્ગ ગ્રહણ કર્યો. એમ કહે છે. તીર્થંકર પરમાત્માએ પછી દિક્ષા વખતે જૈનદર્શન મોક્ષમાર્ગ ગ્રહણ કર્યો. '**ઉસીકા ઉપદેશ દિયા હૈ,...**' જેવો મોક્ષનો માર્ગ એમણે અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ થઈને સમ્યગ્દર્શન, એનું જ્ઞાન આત્માનું અને આત્મામાં આનંદ અને શાંતિની રમણતા એવું જે જૈનદર્શનનું સ્વરૂપ, વીતરાગ ભગવાને ગ્રહણ કર્યું મુનિપણે. એવો મોક્ષ જૈનદર્શન એ છે.

મુમુક્ષુ :- ભગવાને ધારણ કર્યો તે.

ઉત્તર :- ભગવાને ધારણ કર્યું તે અંદર છે એ જૈનદર્શન છે.

મુમુક્ષુ :- અંદરનું અને બહારનું.

ઉત્તર :- બહાર બેય. ઝીણી વાત છે. આવે છે એ. છોટુભાઈ! જરી મધ્યસ્થ થઈને સાંભળવું હોં આ. આવ્યા છો તો જરી. કોઈ સેવા-બેવામાં ત્યાં ધૂળેય નથી હોં.

મુમુક્ષુ :- ધૂળ નથી, એમાં લાભ છે.

ઉત્તર :- લાભ છે.

મુમુક્ષુ :- લાભનું ફળ સંસાર.

ઉત્તર :- સંસાર છે. આ જૈનદર્શન કોને કહેવું એમ કુંદકુંદાચાર્ય ભગવાન (કહે છે). કે જે તીર્થંકરદેવે દીક્ષિત થતાં જે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ આનંદ અને એની સાથે વ્યવહારમાં અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નદશા—આ જૈનદર્શન. આહાહા..! બહુ ફેરફાર થઈ ગયો છે એટલે લોકોને પરંપરામાં એવી વસ્તુ મળી કે આ વાત એને સાંભળવા મળે નહિ એથી બિચારા ક્યાં જાય?

કહે છે કે જેવો જિનવરદેવે ... કેવળ પામ્યા નહોતા એના પહેલાની વાત છે ને. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપ આચરણની સ્થિરતાના અંશો લઈને આવેલા. પણ જ્યારે માર્ગ અંગીકાર કર્યો ત્રણ ભેગો, ત્યારે સ્વરૂપની વીતરાગદશા નિર્વિકલ્પ આનંદની દશા એ ચારિત્ર. અને એની સાથે અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ એ વ્યવહાર. એની સાથે શરીરની નગ્નદશા એ નિમિત્ત, બાહ્ય નિમિત્ત. ઓલું અભ્યંતર નિમિત્ત. આહાહા..! ઝીણું ભારે!

મુમુક્ષુ :- બાહ્ય અને અભ્યંતર એ કરતા કાંઈક સહેલું કહો ને.

ઉત્તર :- એથી સહેલું? આહાહા..! અભ્યંતર અંતરંગ તો જાણે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એટલે કે આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે, અખંડ આનંદનો કંદ જ્ઞાન જ્યોતિસ્વરૂપ એને સ્પર્શીને, એનો અનુભવ કરીને સમ્યગ્જ્ઞાનના વેદનમાં આ શુદ્ધ આત્મા એવી જે પ્રતીત સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. એની જગતને ખબર નથી. એ સમ્યગ્દર્શન વિના બધા થોથે થોથાં. વ્રત ને તપ ને આંબેલ ને ઓળી ને હોળી એ બધું. એય..! છોટાભાઈ!

મુમુક્ષુ :- એમાં કોઈ કાર્ય કાંઈ ફળ વિનાનું હોય?

ઉત્તર :- ફળ સંસાર ફળવાનો, બરાબર ફળવાનો. કાંઈ ફળ વિનાનો ન જાય. રખડવાનું ફળવાનું એમાં. આહાહા..! જૈનદર્શન એટલે મોક્ષનો માર્ગ અને વ્યવહારે અઠ્યાવીશ મૂળગુણ. એ મૂળગુણનો જે વિકલ્પ છે એ અભ્યંતર નિમિત્ત છે અને નગ્નપણું એ બાહ્ય નિમિત્ત છે. આહાહા..! એવું જૈનદર્શન અનાદિનું તીર્થંકરોએ જે ગ્રહણ કર્યું હતું એવો એમણે ઉપદેશ દીધો.

'ગ્રહણ કિયા...' એ ઉપદેશ દીધો. '**વહ મૂલસંઘ હૈ;...**' એ જૈનદર્શનનો મૂળસંઘ. મૂળ સંપ્રદાય અનાદિનો વીતરાગનો આ મૂળ માર્ગ મૂળસંઘ છે. સમજાય છે કાંઈ? '**વહ અઠાઈસ મૂલગુણ સહિત કહા હૈ. પાંચ મહાવ્રત...**' હોય, એને વિકલ્પ. જેને આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર

અંતરમાં દશા જેને પ્રગટી હોય, એને વ્યવહારે અભ્યંતર નિમિત્તમાં પંચ મહાવ્રતનો શુભ રાગ હોય છે. એ રાગ છે મહાવ્રતનો. એ સંવર નથી. વિકલ્પ વૃત્તિ છે કે આને ન મારું, આને સત્ય બોલું એ બધો આસ્રવનો પંચ મહાવ્રતનો ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને આસ્રવ?

ઉત્તર :- ભગવાનને પણ આસ્રવ છે. કેવળી થાય ત્યારે એને આસ્રવ ન હોય. આહાહા..! આવી વાતું ઝીણી.

કહે છે.. ઠીક આવી ગયો અર્થ આમાં. ભાઈ! આહાહા..! પરિવર્તન કર્યું છે તો કારણ હતું કે નહિ? એમ ને એમ કરી નાખ્યું? એ કારણ માર્ગનો, અંદરનો માર્ગ જ બીજો છે વીતરાગનો. ભાઈને કહ્યું હતું. ભાઈએ દીક્ષા આપી હતી મોટી ધામધુમથી. ૬૦ વર્ષની દીક્ષા. મોટા ભાઈ હતા ને. મેં એને કહ્યું ૮૭માં દીક્ષા હોં! ખુશાલભાઈ મોટાભાઈ. ભાઈ! તેં દીક્ષા-બીક્ષા આપી, પણ આ દીક્ષા સાચી નથી. હું તો આ છોડી દેવાનો છું. આ માર્ગ નથી વીતરાગનો. ૮૭માં વીંછીયા કહ્યું હતું. અપાસરો છે ને નવો? બહાર નથી કઠોડો? કઠોડામાં બોલાવીને કહ્યું હતું. ૮૭માં. ધામધુમ હાથીને હોદ્દે દીક્ષા. માર્ગ આ નથી. માર્ગ અમને તો બીજો લાગે છે. હું તો છોડી દેવાનો છું. ભાઈ! હળવે હળવે છોડજો કહે. કારણ કે પ્રતિષ્ઠા ઘણી છે. બહારમાં નામ મોટું છે. હળવે હળવે છોડજો અમારે .. હતો ને. ચાર વર્ષે અહીંયાં આવીને છોડ્યું. ૮૭માં વાત કરી હતી. ૯૧માં ચૈત્ર સુદ તેરસે. ગૃહસ્થનું મકાન છે ને એક સ્ટાર ઓફ ઈંડિયા. માર્ગ એ જ છે ને પ્રભુ! વીતરાગના, જૈનદર્શનનું સ્વરૂપ બીજું જ છે. મલુકચંદભાઈ! એને પંચ મહાવ્રત હોય, પણ અંદરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગ દશા જ હોય એને મુનિપણુ કહે, એને મોક્ષમાર્ગ કહે, એને જૈનદર્શન કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારે.

મુમુક્ષુ :- નિશ્ચયે નહિ?

ઉત્તર :- નિશ્ચયે આ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા એ નિશ્ચય મુનિપણું. અંતર આનંદ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું દળ છે પ્રભુ આત્મા તો. એવી એને ખબર ક્યાં છે? એ છેક બહારમાં શોધવા જાય છે. મૃગની નાભીમાં, ડુંટીમાં કસ્તુરી, પણ એને કસ્તુરીની કિંમત નથી. એ કસ્તુરીને બહાર શોધવા જાય. એમ મૃગલા જેવા જીવો અંદરમાં-નાભીમાં અંતર પેટમાં આત્માની અંદરમાં અનંત અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહાહા..! શોધવા બહાર જાય કે અહીંથી સુખ... અહીંથી સુખ... અહીંથી સુખ... અને આ પુણ્યના પરિણામ કરે મહાવ્રતાદિના એમાંથી મને સુખ મળશે. એ બધા મિથ્યાદૃષ્ટિ જીવ છે. એને જૈન કહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગી મૂર્તિ આત્મા અંદર છે. એવો વીતરાગ

પિંડ આત્મા છે અંદર. અનાદિથી અંદર છે. એવા વીતરાગી સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ વીતરાગી માર્ગ જૈનદર્શન છે. આહાહા..! ભારે કઠણ વાત. અનંતકાળથી રઝળતા એને સમ્યગ્દર્શન શું એની ખબર નથી. માની લીધેલું કાંઈક વ્રત ને તપ ને કરે. અને પોતે માનેલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અમારે છે એ સમકિત. મરી ગયો અનંતકાળથી એમ ને એમ. આહાહા..!

અહીં કહે છે એને '**પાંચ મહાવ્રત, પાંચ સમિતિ,...**' હોય છે. જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર-પાણી એને માટે કરેલા ન લે, એની પાસે તો ઉપકરણમાં તો મોરપીંછી ને કમંડળ-બે હોય, એને લેવા, મૂકવા માટે ધ્યાન રાખે જતના. એ મુનિને તો વસ્ત્ર પાત્ર હોય નહિ ત્રણ કાળમાં. વસ્ત્ર પાત્ર રહે અને મુનિ માને, જૈનદર્શનમાં તો એને મિથ્યાદૃષ્ટિ નિગોદગામી કહ્યા છે. સમજાણું કાંઈ? ઝાંઝરીજી! આવો માર્ગ છે પ્રભુનો કહેલો. ત્રણલોકના નાથ તીર્થંકરે આ કહ્યું છે. પછી એમાં સ્થિર રહી ન શક્યા એટલે બધા વાડા નવા નવા બંધાણા છે. આહાહા..! આકરું કામ છે ભાઈ!

'**પાંચ સમિતિ, છહ આવશ્યક,...**' આત્માના સ્વરૂપની દૃષ્ટિ અનુભવ, જ્ઞાન અને રમણતા સહિત એને સામાયિક, ચોવીસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ એવો વિકલ્પ હોય છે શુભરાગ. પણ આવું હોય એના સહિતની વાત છે. જેને નિર્વિકલ્પ આનંદનો સ્વાદ આવ્યો છે પહેલું તો સમ્યગ્દર્શનમાં. સમકિતી ચોથે ગુણસ્થાને થાય એને આત્માના નિર્વિકલ્પના આનંદનો અનુભવ હોય છે. સ્વાદ હોય સ્વાદ. એ શું હશે?

મુમુક્ષુ :- બીજો કેડી માર્ગ ન હોય.

ઉત્તર :- .. ... કેરી તો જડ છે. આહાહા..! આ માંસ જડ છે હાડકા. આહાહા..! અંદરમાં રાગનો રસ આવે અજ્ઞાનીને, પરની અનુકૂળતા દેખીને રાગ થાય, પ્રતિકૂળતા દેખી (દ્વેષ) રાગ-દ્વેષને વેદે. એનો રસ એ અજ્ઞાનરસ. એનાથી ભિન્ન આત્માનો રસ એ આનંદરસ, જ્ઞાનરસ. આહાહા..! સમજાણું કાંઈ? એવું સમ્યગ્દર્શન, પ્રથમ તો આત્માના પૂર્ણ આનંદ અને જ્ઞાનના સ્વાદની દશા પ્રગટ થાય આસ્વાદન, એમાં સમ્યગ્જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન અને એમાં સ્વરૂપની લીનતા, આનંદમાં રમણતા એ ચારિત્ર. એવી દશા જ્યાં નિશ્ચય હોય ત્યાં આવા પંચ મહાવ્રતાદિ, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય. એ વ્યવહાર. આહાહા..!

'**પાંચ ઇન્દ્રિયોં કો વશમેં કરના,...**' પણ આવું હોય એને આવો વિકલ્પ હોય એની વાત છે. '**એક બાર ભોજન કરના,...**' ત્યાં આવ્યું ને? '**પાંચ ઇન્દ્રિયો કો વશમેં કરના, સ્નાન નહીં કરના,...**' સ્નાન નહિ કરે. જેવો માતાએ જન્મ્યો એવું જેનું શરીર હોય મુનિનું. વીતરાગ મુદ્રા દેખાય. અંતરમાં વીતરાગદશા, બાહ્યમાં નગ્ન વીતરાગ મુદ્રા. એને ત્રિલોકનાથે જૈનદર્શન કહ્યું છે. જિનદર્શન. એ મૂળસંઘ. અનાદિનો સનાતન જૈનદર્શનનો આ સંઘ છે. એને '**ભૂમિશયન,...**' હોય છે. નીચે સૂવું. '**વસ્ત્રાદિક કા ત્યાગ...**' છે ને? વસ્ત્ર, પાત્ર એને ત્યાગ હોય છે. '**અર્થાત્ દિગંબર મુદ્રા,...**' હોય.

આહાહા..! અનાદિનો જૈનદર્શન તો આ છે.

મુમુક્ષુ :- આ બધું ભગવાનને હતું?

ઉત્તર :- બધા ભગવાનને હતું મુનિપણામાં. ભારે વાતું બાપા! એ કહેશે. એ વાતમાં નભી ન શક્યા એટલે ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર પંથ નીકળ્યો, દિગંબરમાંથી. મૂર્તિપૂજક શ્વેતાંબર પહેલા નીકળ્યા.

મુમુક્ષુ :- એ લોકો એમ કહે કે અમારામાંથી નીકળ્યું.

ઉત્તર :- એ તો કહે. સ્વતંત્ર છે. એમાંથી સ્થાનકવાસી હમણાં ૫૦૦ વર્ષે નીકળ્યા. એ શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી નીકળ્યા અને એમાંથી હમણાં આ ૨૦૦ વર્ષે આ તેરાપંથી નીકળ્યા તુલસી. આવું પરમ સત્ય છે. જગતને બેસે, ન બેસે તો શું? પરમાત્મા ત્રણલોકના નાથે આવું સ્વરૂપ કહ્યું છે. શાંતિભાઈ! .. મુનિ થવાના હતા. ગૃહસ્થ માણસ છે. બૈરા, છોકરા નાના. મુનિ દિગંબર થવાના હતા. નગ્નમુનિ. પણ એણે આ બધું સાંભળ્યું, ક્હે અરે..! આ તો બીજી જાતનું લાગે છે. હજી તો મુનિપણું કેવું એ સાંભળ્યું નથી લોકોએ. આહાહા..! દિગંબર મુનિ થવાના હતા. મુળચંદભાઈ! ગૃહસ્થ માણસ છે. દિલ્હીમાં. મા, બાપ છે, બૈરા છે, છોકરા છે. મકાનો છે. પૈસાવાળા છે. એ વિદ્યાનંદજી ગયા હતા.. એણે અહીંનું સાહિત્ય વાંચ્યું સાંભળ્યું. જ્ઞાનચંદજી લાવ્યા ને? જ્ઞાનચંદજી. અરે..! આ તો માર્ગ બીજો છે! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવાય એના ઠેકાણા ન મળે, એને સાધુપણા આવ્યા ક્યાંથી? આહાહા..! માર્ગ બાપુ એવો છે વીતરાગનો. જુદો છે.

'**કેશલોંચ કરના, એકબાર ભોજન કરના,...**' મુનિને એકવાર આહાર હોય. અગિયાર વાગે એકવાર નીકળે એકવાર આહાર હાથમાં. આહાહા..! '**ખડે-ખડે આહાર લેના,...**' ઊભા ઊભા આહાર લેવો આમ. આહાહા..! '**દંતધોવન ન કરના,...**' દાંતમાં આંગળી પણ ન નાખે આમ સાફ કરવા. ...

મુમુક્ષુ :- મોઢુ ગંધાય.

ઉત્તર :- ગંધાય નહિ. સુગંધ આવે એને.

મુમુક્ષુ :- સુગંધ નીકળે?

ઉત્તર :- હા આવે છે ને બનારસીદાસમાં. ત્રણ કષાય(નો અભાવ) મુનિને તો... ઓહોહો..! જગત પરમેશ્વર થયો એ તો. નમો લોએ સવ્વ સાહુણંમા ભળી ગયા. ગણધર ચાર જ્ઞાનના ધણી, ધર્મના વજીર જેને નમસ્કાર કરે. નમો લોએ સવ્વ સાહુણં. હે મુનિ! તારા ચરણકમળમાં મારો નમસ્કાર છે. નમો પાંચ નવકારમાં એ ભેગા ભળી જાય છે. જેને ગણધરનો નમસ્કાર પહોંચે એ સાધુ કેવા હશે? દુનિયાને ખબર નથી. સમજાણું કાંઈ? વીતરાગે કહેલો જૈનદર્શનનો મોક્ષમાર્ગ સાંભળ્યો નથી. એ જૈનદર્શન કહો કે મોક્ષમાર્ગ કહો. નિશ્ચય અને વ્યવહાર. આહાહા..! ગજબ શૈલી છે.

'**યહ અઠાઈસ મૂલગુણ હૈં...**' લ્યો! એ સાધુને જેવા વીતરાગે જૈનદર્શન અંગીકાર કર્યું, તીર્થંકરે

નગ્નપણું ધારણ કર્યું. આ લોકોમાં તો એમ કહે છે કે એને ઈન્દ્રએ એક વસ્ત્ર આપ્યું અને બાર મહિના રહ્યું.

મુમુક્ષુ :- ખંભે રાખવા.

ઉત્તર :- ખંભા રાખવાનું શું કારણ? એ બધા કલ્પનાના શાસ્ત્રો બનાવ્યા.

મુમુક્ષુ :- કેટલી ઉદારતા!

ઉત્તર :- ઉદારતા કેવી? .. આહાહા..! મહામુનિ એ તો. બ્રાહ્મણ એનો ભાણેજ મામાનો છે ને. પછી અડધું આપ્યું. એ વળી શ્વેતાંબરમાં આવે છે. આમાં નથી આવતું. એમાં એક બાર મહિના અહીં રાખ્યું વસ્ત્ર. પછી બાર મહિને પડી ગયું. ઈન્દ્રે આપેલું. એ વીતરાગ માર્ગની એ રીત નહોતી. કલ્પિત રીત બનાવી હતી. આવું છે ભગવાન! માર્ગ તો આ છે હોં. એને સંપ્રદાયની વાતમાં આ ન બેસે, પણ માર્ગ તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનનો સંપ્રદાય..

ઉત્તર :- આ ત્રણલોકના નાથનો આ સંપ્રદાય છે. ચીમનભાઈ! ઓળખો છો તમે એમને? રામજીભાઈના દીકરા છે. ત્યાં નથી? એસો. આઠ હજારનો પગાર છે માસિક. એસો નહિ ઓલી ધોળાથી શું કહેવાય આ? ઘોડા છાપ નહિ? તેલ તેલ. એ તો ગયું. એમાં ઓફિસર છે. ક્યાં મુંબઈમાં છે? ક્યાં છે? .. ગયા હતા ને આપણે ત્યાં. આહાર લેવા ગયા હતા. હમણા આ .. ગયા હતા ને. ટાણે ટાણે .. યાદ કરે છે. આહાહા..! આ વખતે આહાર કરવા આવ્યા હતા? પછી આવ્યા હતા. એ જ મૂકવા આવ્યા હતા ને. આહાહા..!

અહીં તો કહે છે, અઠ્યાવીશ મૂળગુણ '**તથા છિયાલીસ દોષ ટાલકર...**' છેતાલિસ દોષરહિત. છેતાલીસ દોષ છે ..ના. છેતાલીસ દોષ રહિત. પણ આવું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગના આનંદમાં રમતો હોય છે એને આવા વિકલ્પો હોય છે એમાં આવા અઠ્યાવીશ મૂળગુણની અંદર છેતાલીસ દોષ રહિત આહાર હોય એનો. એને માટે કરેલો એ આહાર લે નહિ, વેચાતો લે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. કંદોઈને ત્યાંથી ...

ઉત્તર :- કંદોઈને ત્યાંથી .. ના ના એ ન લે.

મુમુક્ષુ :- નજીકમાં કંદોઈની દુકાન...

ઉત્તર :- ... આ ..નંદનો શિષ્ય નાનો હતો ને. નાના છોકરાને દીક્ષા આપી પછી કંદોઈની દુકાને... મારે આ પેંડા જોવે છે.

મુમુક્ષુ :- એ મંદિરને...

ઉત્તર :- ખબર છે એ વાત બધી. એ સાધુ ક્યાં હતા? એ તો .. દીક્ષા એ સાધુ હતા ક્યાં? સમ્યગ્દષ્ટિ નથી ત્યાં સાધુ ક્યાંથી આવ્યા? સમ્યગ્દર્શન તો જેને આવું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

હોય અને એને અઠ્યાવીશ મૂળગુણ હોય અને જેને નગ્નદશા હોય, છેતાલીસ દોષ રહિત આહાર હોય એવાને તો હજી જૈનદર્શન (કહે). એ જૈનદર્શનની જેને શ્રદ્ધા હોય એને આત્માની શ્રદ્ધા થઈને સમકિત હોય. આવી વાત છે ઝીણી. આહાહા..! ગાથા એવી આવી ગઈ છે.

મુમુક્ષુ :– .. બહુ આકરી.

ઉત્તર :– વસ્તુ આ છે અનાદિની, એમાં શરત શું? અનાદિ તીર્થંકર કેવળી પ્રભુ, અનંત તીર્થંકરોનો પોકાર–અવાજ આ દિવ્યધ્વનિમાં આવેલો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ આહાર કરવો. '**वह एषणा समिति में आ गया.**' એ તો પાંચ સમિતિમાં આવી ગયું. એને માટે આહાર કરેલો ચોકા એય..! ઝાંઝરીજી! આ ચોકા કરીને લીધું શું? .. સાધુ આવે એટલે પછી આ બધા જાય મોઢા આગળ. આ હમણા નથી જાતા.

મુમુક્ષુ :– આખુ પરિવર્તન કર્યું આખા ઘરમાં.

ઉત્તર :– હા. એ છોકરા પણ સારા થયા છે ને વિમલચંદને.

મુમુક્ષુ :– .. આનો છોકરો.

ઉત્તર :– હા ચોથા નંબરનો છે. પાંચમા નંબરનો આવ્યો હતો ઓલો અર્હંત પ્રકાશ.. બધાને આમાં રસ છે.

મુમુક્ષુ :– આખું ઘર ...

ઉત્તર :– ઘર આખું ફરી ગયું છે. આહાહા..! .. બહુ રુચિ છે એને તો. બે મહિના રહી ગયા ને. બહુ રુચિ છે. આહાહા..! આવો માર્ગ છે. માર્ગ અનાદિનો આ માર્ગ. સમજાણું કાંઈ? મક્ષી છે ને મક્ષી ત્યાં મક્ષી જાત્રાનું સ્થળ.

અહીં કહે છે કે નિર્દોષ આહારને એવું એ તો સમિતિમાં રહ્યું એષણામાં. '**ईर्यापथ–देखकर चलना...**' બરાબર જોઈને... રાતે નહિ, દિવસે જોઈને ચાલવું. આ તો સવારમાં વહેલા ઊઠે, અંધારું હોય તો કલાક પહેલા ચાલે. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. આહાહા..! '**ईर्या समितिमें आ गया तथा दया का उपकरण मोरपुच्छ की पींछी...**' લે. ઓહોહો..! મુનિને દયાના ઉપકરણમાં મોરની પીંછી. અનાદિનો માર્ગ આ છે. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે. સીમંધર ભગવાન ત્યાં સંતનો માર્ગ આવો છે. સમજાણું કાંઈ? મહાવિદેહમાં જૈનના દિગંબર લિંગ સિવાય કોઈ ભેખ ત્યાં છે જ નહિ. મંદિરો બીજા નહિ. દિગંબર સંતના, મુનિઓના, તીર્થંકરો.... મત અનેક. વિપરીત શ્રદ્ધા અનેક. પછી ત્યાંથી સાતમી નરકે જનારા છે. અહીંથી સાતમી નરકે જનારા નથી, ત્યાં મોક્ષ જનારા નથી. ત્યાં સાતમી નરકે જનારા છે. આહાહા..! એ ભગવાનના મુખે નીકળેલો આ માર્ગ છે. સીમંધર પરમાત્મા, જુઓને સામાયિકમાં નથી લેતા?

મુમુક્ષુ :– ભગવાનની આજ્ઞા..

ઉત્તર :- આજ્ઞા. .. ખબર હોય ને ભાઈને. આહાહા..! અમે પણ બધું કર્યું છે હોં દુકાને ત્યાં. સમજાણું કાંઈ?

'**દયા કા ઉપકરણ મોરપુચ્છ કી પીંછી ઔર શૌચ કા ઉપકરણ કમંડલ ધારણ કરના...**' પીવા માટે નહિ. જંગલ સાફ કરવા માટે પાણી કમંડલમાં રાખે. પેશાબ ને વિષ્ટા સાફ કરવા. શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો હોય ને. .. '**ઐસા બાહ્ય ભેષ હૈ...**' લ્યો! '**તથા અંતરંગ મેં જીવાદિક ષટ્દ્રવ્ય,...**' ભગવાને છ દ્રવ્ય જોયા છે તીર્થંકર પ્રભુએ. જાતિએ છ, સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. વીતરાગ પરમાત્માએ કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. એની મુનિને શ્રદ્ધા હોય છે. આહાહા..! એક જ આત્મા હોય ને, એક જ જડ હોય ને એવી શ્રદ્ધા એ તો મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ષટ્દ્રવ્ય, પંચાસ્તિકાય,...**' કાળ છે ને એ અસંખ્ય અણુઓ છે. એ ભેગા ન થાય. એ સૂક્ષ્મ અધર્માસ્તિ વાત છે. અને એ સિવાયના ધર્માસ્તિ અને આકાશ, પુદ્ગલ ને જીવ—પંચાસ્તિકાય, એની એને શ્રદ્ધા હોય છે. '**સાત તત્ત્વ,...**' હોય છે. એમાં પુણ્ય-પાપને આસ્રવમાં ભેળવીને સાત થયા. '**નવ પદાર્થો...**' છે. એ આસ્રવમાંથી પુણ્ય-પાપ જુદા પાડ્યા તો નવ થયા. '**યથોક્ત જાનકર...**' એને બરાબર જાણે. બરાબર નવ તત્ત્વો, સાત પદાર્થ.. આદિ. છ દ્રવ્ય, પંચાસ્તિકાય. '**શ્રદ્ધા કરના,...**' એનું બરાબર જ્ઞાન કરીને એને શ્રદ્ધા હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન વિના શ્રદ્ધા ન થાય ?

ઉત્તર :- જ્ઞાન વિના, ભાન વિના શ્રદ્ધા શેની? ચીજ જ જોઈ નથી, શું છે એને જાણ્યા વિના..

મુમુક્ષુ :- ભગવાને કહ્યું તો સાચું છે.

ઉત્તર :- શું સાચું છે? જાણ્યા વિના સાચું છે? છાણને ગોળ માની લે. છાણ છાણ. ગોબર. એમ માની લે કે આ ગોળ છે. ગોબર ને ગોળ લ્યો. એ ગોળ ને ગો. .. ગોળ. ગોળ શબ્દ તો એનો એ છે. એક બતાવે છે ગોળને અને એક બતાવે છે ગોળ-ચક્રને. એનું જેને જ્ઞાન ન હોય એ ગોળનું .. કાંઈ કીધું નહોતું એક ફેરી? શું તમારે? કુવાડવા. નિશાળમાં ઉતર્યા હતા. એ મચ્છરનું ચિત્ર હતું મોટું આવું. લાંબા પગ ને મચ્છર આવું. નિશાળમાં માસ્તરે... નિશાળમાં ઉતારો હતો. રાજકોટ જાવું હતું. પાંચ ગાઉથી આવ્યા હતા. એ મચ્છર હતું. ચિત્ર જોયું છોકરાને શીખવા માટે એના ટાંગા લાંબા કરીને મચ્છર ટાંગા લાંબા કરીને શીખવે. જુઓ આ.. આ.. એમ. એમાં છોકરાને એકવાર આવ્યો હાથી ગામમાં. માસ્તર! આ તમે બતાવ્યું હતું એ આ મચ્છર. ... આહાહા..! મચ્છર આવો લાંબો કરીને બતાવ્યો હતો અને હાથી કેવો એની ખબર ન મળે. જુઓ માસ્તર સાહેબ! તમે નહોતો મચ્છર બતાવ્યો? આમાં આ આવ્યો. અરે..! એ નહિ, હાથી નહિ. મચ્છર જુદું, હાથી જુદો. એ તો તમને પગની રેખાનું મચ્છરની નાની છેડે નાની હોય અને વચમાં ..માં અમુક હોય એટલું ભિન્ન પડવા માટે લાંબા પગ બતાવ્યા હતા.

એને તું હાથી માની લે.

મુમુક્ષુ :- એમ જ કર્યું છે.

ઉત્તર :- એવું જ માન્યું છે અનાદિથી. આહાહા..!

**'જાનકર શ્રદ્ધાન કરના ઔર ભેદવિજ્ઞાન દ્વારા...'** પાછું ત્રણ બોલ લેશે. આ વ્યવહાર શ્રદ્ધા આવી હોય છે અને ભેદવિજ્ઞાન દ્વારા. રાગનો વિકલ્પ છે એનાથી જુદો ભગવાન આત્મા એનું એને જ્ઞાન અને શ્રદ્ધાન, આનંદ હોય છે. આહાહા..! પણ આવી શ્રદ્ધા અને આવા ભાવસહિતવાળાની વાત છે હોં. **'અપને આત્મસ્વરૂપકા ચિંતવન કરના,...'** ભગવાન આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદનો નાથ, એના સ્વરૂપનું ચિંતવન કરીને અનુભવ કરવો. એનો અનુભવ કરવો આ જૈનદર્શન છે. આહાહા..! બહારની સેવા-બેવા ચંદુભાઈ! કોઈ કરી શકતું નથી હોં! એ અભિમાન છે મફતનું. એક દાણો પણ કોઈકને આપવો. ભગવાન ના પાડે છે કે એ દાણો તો અજીવ છે. એ અજીવનું જવું-આવવું એ અજીવને કારણે છે. આ માને કે મેં આપ્યા, મિથ્યાદૃષ્ટિ અજીવને જીવ માને છે. છોટુભાઈ! આહાહા..!

નવ તત્ત્વ જાણવા પડશે કે નહિ એને નવ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. બે દ્રવ્ય છે અને સાત પર્યાય છે. જીવ અજીવ બે પદાર્થ છે અને .. આસ્રવ પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એ અશુદ્ધ પર્યાય છે, સંવર, નિર્જરા ને મોક્ષ એ શુદ્ધ પર્યાય છે. પણ હજી એને ખબર ન મળે એને. આહાહા..! એમાંથી તારવીને પછી એકલો આત્મા આનંદનો અનુભવ એને અનુભવવો, એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! આ તો ચોથા ગુણસ્થાનની સ્થિતિ આ. અને એના પછી આ મુનિ જે છે એને આવી દશા હોય છે. સમજાણું કાંઈ?

**'ઐસા જિનદર્શન હૈ,...'** છે ને? **'ઐસા દર્શન અર્થાત્ મત વહ મૂલસંઘ કા હૈ.'** મૂળ સંઘ એટલે અનાદિનો વીતરાગમાર્ગ જે હતો એનો આ અભિપ્રાય અને આ દર્શન છે. આહાહા..! અનંત તીર્થંકરોનો, પરંપરાનો પ્રવાહનો માર્ગ એને મૂળસંઘ કહે છે. સમજાણું કાંઈ? **'ઐસા જિનદર્શન હૈ,...'** એને જૈનદર્શન કહેવામાં આવે છે. આહાહા..! **'વહ મોક્ષમાર્ગ કા મૂલ હૈ;...'** લ્યો! જૈનદર્શનનું મૂળ. ત્રીજું પદ છે ને. એ જૈનદર્શન મોક્ષમાર્ગનું મૂળ છે. આહાહા..! **'ઈસ મૂલ સે મોક્ષમાર્ગકી સર્વ પ્રવૃત્તિ સફલ હોતી હૈ...'** આહાહા..! આવું જે જૈનદર્શન અને મોક્ષનો માર્ગ, એની જે શ્રદ્ધા કરે એને બધું સફળ. એનું જ્ઞાન પણ સાચું, અંદર સ્થિરતા પણ સાચી, વ્રત પણ વ્યવહાર તરીકે સાચા એને હોય છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ આવો. સાંભળ્યો પણ ન હોય એણે.

મુમુક્ષુ :- શું સાંભળે? કોઈ સંભળાવનાર ન હોય તો.

ઉત્તર :- સાંભળનારને પોતાની ગરજ નથી. શેઠ એમ કહે છે ભગવાનદાસ. બીડીવાળા છે ને. .. ગયા ને. સાગરવાળા છે બીડીવાળા. બે લાખના મકાન કરાવ્યા છે ને. ભગવાનદાસ શોભાલાલ બીડીવાળા .. ઘરે મોટા ગૃહસ્થ મોટા. છ લાખના મકાન. એવા એવા કેટલાય મકાન ગામમાં.

પૈસાવાળા મોટા ગૃહસ્થ. બે ભાઈ અહીંયાં હતા. હમણા ગયા. બાદશાહ કહેવાય છે. બુંદેલખંડના બાદશાહ. મોટા ગૃહસ્થ. ૪૦-૪૦ તો ઘરે મોટર. બીડી.. કરોડો.. એ એમ કહે વારંવાર બેઠા હોય તો કે અમે શું કરીએ? અમને કોઈ સંભળાવનાર મળ્યા નહોતા ને. સંભળાવનાર મળ્યા નહોતા, જો તમને સાંભળવાની ગરજ સાચી હોય તો તો મળ્યા વિના રહે જ નહિ. જેઠાલાલભાઈ! આહાહા..!

અરે..! આત્માની સત્‌ની તૈયારી હોય તો તીર્થંકર હાજર છે ને અહીંયાં ભગવાન બિરાજે છે. ત્યાં ન જન્મે? સમજાણું કાંઈ? આહાહા..! ત્રણે કાળમાં ત્રણ કાળના જાણનાર કેવળીઓનો વિરહ .. જગતને હોય નહિ. વિરહ જ ન હોય. કેમકે જ્ઞેય જે અનંત છે એ જેમ અનાદિ છે, એમ એના જાણનારા સાથે જ અનાદિ છે. કેવળી. કેવળજ્ઞાની પરમાત્મા અનાદિના છે. હમણા થયા એ તો એક વ્યક્તિ તરીકે નવા, આમ અનાદિથી કેવળીઓ ચાલતા આવે છે. અનાદિથી જગત છે અને અનાદિથી જ્ઞાતા છે. આહાહા..! એવા વીતરાગદેવનું દર્શન તો આ છે. જૈનદર્શન આને કહીએ. મોક્ષમાર્ગ એને કહીએ.

**'તથા જો ઈસસે ભ્રષ્ટ હુએ હૈં,...'** આવા માર્ગથી ભ્રષ્ટ થયા ભાઈ! ભગવાન પછી બાર વર્ષના દુકાળ પડ્યા. એવા ત્રણ દુકાળ પડ્યા. એ તો ઓલામાં પણ આવે છે શું કહેવાય? આ બારોટ-બારોટ. ભાઈ નહિ? ..વાળા નહિ. મલુચંદ... ..વાળા. ત્યાં ..માં છે ને મોટા ગૃહસ્થ છે. સ્થાનકવાસી. મલુકચંદ .. છોટાલાલ .. એ નથી આવતા. .. હા એ. એ બધા અમને મળેલા છે. બહુ મોટા ગૃહસ્થ છે. એ એનો બારોટ છે એક. એ બારોટ પાસે બે હજારનું .. છે. મોટા પત્ર... બે હજાર વર્ષનું, એમાં બાર વર્ષનો દુકાળ લખેલો છે. એમાં લખેલું છે ભાઈ! બાર વર્ષનો દુકાળ પડ્યો. ત્યાં તો એને ન હોય ધર્મની. .. બાર વર્ષનો દુકાળ. એમાં આ શ્વેતાંબર પંથ નીકળ્યો. અનાદિ સનાતન જૈનદર્શનથી ભ્રષ્ટ થઈને. આકરું છે મલુકચંદભાઈ આજે.

અનાદિ વીતરાગ પરમાત્મા આમ કહેતા આવ્યા. તને રુચે, ન રુચે, પણ માર્ગ તો આ છે. શું થાય? અરેરે..! એને માર્ગ હાથ આવ્યો નહિ. એને માર્ગની રીત સાંભળવા મળે નહિ. અરે..! જન્મ-મરણના આરા કે દિ' મટશે? આહાહા..! ચોર્યાસીના અવતાર કરી કરીને.. આહાહા..! એ બાર વર્ષના દુકાળ પડ્યા ત્યારથી... અનાદિ દિગંબર દર્શન આવું મુનિપણું, એવો વ્યવહાર, એવું નગ્નપણું ચાલ્યું આવતું અનાદિથી. મહાવિદેહમાં એક જ માર્ગ છે આ. સાક્ષાત્ ભગવાન બિરાજે ત્યાં આવો એક જ માર્ગ છે. અહીંયાં ભ્રષ્ટ થયા.

**'વે ઈસ પંચમકાલ કે દોષ સે...'** આહાહા..! અરેરે..! કાળ એવો આવ્યો. **'જૈનાભાસ હુએ હૈં,...'** જૈન નહિ પણ જૈનાભાસ. આહાહા..! ગજબ વાત છે ભાઈ! સાંભળવું કઠણ પડે એવું છે. માણસને આ તો એક દિ' તો એને સમજવું પડશે. આહાહા..! એય..! છોટાભાઈ! છે? જૈનાભાસ. જૈન નહિ. જૈનનો લિબાસ કહેવાય એવા. **'વે શ્વેતાંબર,...'** થયા. સ્થાનકવાસી તો હતા નહિ ત્યારે. સ્થાનકવાસી તો હમણાં નીકળ્યા પાંચસો વર્ષ. .. મૂર્તિપૂજકમાંથી નીકળેલા. નોકાશય. આ તો પહેલા

શ્વેતાંબર નીકળેલા. ભગવાન પછી છસ્સો વર્ષે સનાતન જૈનદર્શન પ્રવાહનો ચાલતો માર્ગ એમાંથી ભ્રષ્ટ થઈને શ્વેતાંબર પંથ નીકળ્યો, મૂર્તિપૂજક.

'**દ્રાવિડ,...**' સંઘ. એક સંઘ હતો દ્રાવિડનો. '**યાપનીય,...**' સંઘ. એ પણ યાપનીય મુનિ નગ્ન રહે, માને શ્વેતાંબર શાસ્ત્રને. એવો એક પંથ હતો. એ અત્યારે નથી હવે. '**ગોપુચ્છ-પિચ્છ,..**' ગાયનું પૂછ એ રાખતા. મોરપીંછી. '**નિઃપિચ્છ...**' પીચ્છ વિનાના હતા સાધુ. એવા પાંચ પંથ પડી ગયેલા. '**પાંચ સંઘ હુએ હૈં; ઉન્હોંને સૂત્ર સિદ્ધાંત અપભ્રંશ કિયે હૈં...**' શ્વેતાંબરોએ ઘણા કાલ્પનિક શાસ્ત્રો બનાવ્યા બધા. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ.. આદિ. સનાતન સત્યથી વિરોધ કથન કર્યા. સ્ત્રીને મોક્ષ ઠરાવ્યો, વસ્ત્રસહિતને મુનિપણા મનાવ્યા. એ બધી કલ્પિત વાતો બનાવી. આહાહા..! અરેરે..! કેમ બેસે? શાંતિભાઈ! આવો માર્ગ છે. એય..! ધીરૂભાઈ! આ બધા તમારે જૂના શેઠિયા સ્થાનકવાસીના. આ પરિવર્તન કરીને બેઠા, એ ૪૫ વર્ષથી એમાં હતા, કાંઈ કારણ હશે કે નહિ? ૪૫ વર્ષ ગાળ્યા છે ત્યાં. ૨૧ વર્ષ ને ૪ તો એમાં રહ્યા આમ. ૨૩ વર્ષ સંસારમાં. ૨૧ વર્ષ ને ૪ મહિના સ્થાનકવાસી સાધુ. એ ક્રિયા કડક હતી અમારી. બહુ કડક. બહુ કડક. .. એ વખતે તો માન્યું હતું એ હતું ને. આહાહા..! રાયચંદ ગાંધી જેવા ગૃહસ્થ માણસ આપણા. બોટાદના મોટા ગૃહસથ. પચાસ હજાર તો ઊપજ તે દિ' હોં પેદાશ તે દિ'. દિનશાના. દિનશા નહિ?

મુમુક્ષુ :- અમારા .. કાકા થાય

ઉત્તર :- .. કોણ? બરવાળા એ નહિ. આ તો દિનશા ઓલા પારસી નો વેપાર. એ તો છેક હમણા આવ્યા ને. દિનશાનો.. એ તો .. અમારે અમૃતલાલ. એને તો ઓળખીએ છીએ. અમારી પાસે બ્રહ્મચર્ય લીધું હતું ને. રાજકોટમાં. આવે છે છોકરાઓ આવે છે શાંતિ. .. છે ને. બધા ઓળખ્યા. નાની ઉંમરથી. અહીં ઘણીવાર આવે છે. .. અમારી સાથે રહેતા હતા જામનગર.

આ તો દિનશા એક મોટો વેપાર રૂનો મોટો. એ આડતિયા જેને હોય એને તો બહુ પેદાશ થાતી. તે દિ' ..નો ધંધો હતો. અહીં એક જગજીવન ભાઈને હતો. જગજીવન પારેખ હતા. આ તો બધા ૮૦, ૭૦ વર્ષ પહેલાની વાતુંની ખબર છે ને. ત્યાં વહોરવા જઈએ ત્યાં ૫૦-૫૦ માણસ જમતા હોય. કેરીના રસ હોય. .. જમવાનું ..૨૦૦-૨૦૦ જણ. ભીક્ષા લઈએ. રાયચંદ ગાંધી હતા. લાવો કહ્યું. આ રસમાં ગોટલું છે? ગોટલી છે? કહે મહારાજ! ખબર નથી. અડશો નહિ. એય..! ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા ગોટલી જીવ છે એક. એને અડશો તો ... રસ અમારે લેવાય નહિ. એવી સખત ક્રિયા હતી. પણ બધી સમજ્યા વિનાની. એય..! આહાહા..!

મુમુક્ષુ :- સંપ્રદાયની પ્રવૃત્તિ.

ઉત્તર :- એ પ્રમાણે તો જે હતું એ કરવાનું. લૂગડા આઠ મહિને એકવાર ધોઈએ. શિયાળુ, ઉનાળુ

ન ધોઈએ. ચોમાસુ આવે ત્યારે એકવાર કપડા .. પાણી ક્યાંકથી લઈ આવી દે. કંસારના ઠામ હોય ને? કંસારા વાસણ ધોઈને. એકવાર ધોઈએ. લૂગડા મેલા. લાગે શું કહેવાય? .. જેવા. ચામડી એવી હતી. મેલા.. મેલા... મેલા... આહાહા..! માર્ગ એ નહિ બાપુ! વીતરાગનો એ માર્ગ નથી. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અનાદિ કેવળી પરમેશ્વરનો તો આ માર્ગ છે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ આ છે. આકરું પડે એવું છે હોં! આહાહા..! પોપટભાઈએ તો આ સાંભળ્યું નહોતું તે દિ' તો. તે દિ' માણેકચંદજી તપસી એના શેઠ હતા. ખબર છે ને બધી ખબર છે ને. માણેકચંદજી તપસી હતા. સંથારો કર્યો હતો. ત્યાં ચોમાસું ત્યાં ૬૭ માં મુંબઈ. માણેકચંદજી ૬૭માં ચોમાસે આવ્યા હતા. એમાં .. એક સંથારો કર્યો હતો .. કાંદાવાડી.. જોયેલા. માલ લેવા આવેલો ને. ૬૭ની વાત છે. દીક્ષા તો ૭૦માં થઈ હતી. ૧૯૬૭ કાંદાવાડી. અત્યારે તો ફેરવી નાંખ્યું મકાન. તે દિ' મેડી હતી, દાદરો હતો. આમ બેઠા હતા.

મુમુક્ષુ :- જૂના મકાનમાં.

ઉત્તર :- જૂના મકાન બસ. ૧૯૬૭ની વાત છે. ત્યાં તપસી એકલા બેઠા હતા પાટયે. અમે માલ લઈને પછી નવરા હતા કીધુ ચાલો સાધુ જોઈએ. ત્યાં બેઠા હતા એ. ૬૭ની વાત છે. માણેકચંદજી તપસી એમના શિષ્ય તમારા બાપુ. આહાહા..! એને મૂર્તિની શ્રદ્ધા હતી હોં માણેકચંદજીને.

મુમુક્ષુ :- ચોપડી છાપી હતી.

ઉત્તર :- ચોપડી છાપી હતી. મને ખબર છે. વાંચી હતી. મૂર્તિ છે, .. ઉથાપી છે. એ બધા ઓલા શું નામ હતું કાંઈક. એ ચોપડીનું નામ ભુલાઈ ગયું. આમાં નથી. અમારી પાસે છે. બોટાદ આવી હતી.

મુમુક્ષુ :- એમાં તો દસ-બાર ઉપરની વાત છે.

ઉત્તર :- પણ મૂર્તિ શાસ્ત્રમાં છે. બત્રીસ સૂત્રમાં મૂર્તિ પૂજા છે. એટલે એને લાગ્યું કે મૂર્તિ તો છે. હવે આમાં શું કરવું અમારે? ખળભળાટ થઈ ગયો હતો. મને બધી ખબર છે ને. વડિયામાં રાખ્યું હતું ને પછી. વડિયા વડિયા. ત્યાં રાખ્યું હતું ને .. ને બધા. મૂર્તિ તો બત્રીસ સૂત્રમાં છે. મૂર્તિ અને મૂર્તિની પૂજા તો અનાદિથી ચાલી આવે છે. પણ મૂર્તિ કેવી જોઈએ? આ વાત. વસ્ત્ર, પાત્ર કાંઈ ન હોય. શ્વેતાંબરે જે બનાવી એ કલ્પિત છે. એ મૂર્તિ પૂજા અનાદિની છે. એ પૂજાનો ભાવ એ ધર્મ નથી. છે પુણ્ય, પણ પાપથી બચવા એવું પુણ્ય આવ્યા વિના રહે નહિ. છે પુણ્ય, ધર્મ નહિ. આહાહા..! જેમ આ અઠ્યાવીશ મૂળગુણ એ પુણ્ય છે, પણ આવ્યા વિના રહે નહિ. આવી વાતું ભારે કઠણ.

કહે છે '**ઉન્હોંને સૂત્ર સિદ્ધાંત અપભ્રંશ કિયે હૈં.**' આખા સિદ્ધાંતો બદલી નાખ્યા શ્વેતાંબરોએ. નવા બનાવ્યા. એ શ્વેતાંબરના કરેલા છે. પછી સ્થાનકવાસીએ માન્યા એમાંથી નીકળ્યા એટલે. મૂળ તો શ્વેતાંબર સાધુના બનાવેલા છે. .. છે ને અમારા ઉમરાળા પાસે. '**જિન્હોંને બાહ્ય વેષ કો બદલકર આચરણ કો બિગાડા હૈ.**' આહાહા..! વસ્ત્ર, પાત્ર આદિ નગ્નપણું છોડી દઈને આવું અંગીકાર કર્યું. '**જિનમત કે મૂલસંઘ સે ભ્રષ્ટ હૈં,...**' જૈનમત વીતરાગનો દર્શન અનાદિનો એનાથી તો આ ભ્રષ્ટ છે.

આહાહા..! એની બધી તકરારું તમારે. ઝાંઝરીજી! ત્યાં પણ બે તકરાર ચાલે છે ને. શ્વેતાંબર ને દિગંબર જ્યાં હોય ત્યાં તીર્થ માટે ઝઘડા. અરરર..! .. કરે છે. એક શુભભાવ હોય છે ત્યારે, જેવા વીતરાગ હતા એવી પ્રતિમા હોય. પ્રતિબિંબ. એને બીજું વસ્ત્ર માથે દાગીને ને માથે પત્થર ચોડે પછી વેષ પહેરાવે એ બધું કલ્પિત છે.

મુમુક્ષુ :- બુટ પહેરાવે.

ઉત્તર :- બુટ પહેરાવે ખબર છે. ગયા હતા એકવાર. જૂનાગઢમાં. એક વીતરાગ મુદ્રા એક શુભભાવનું નિમિત્ત છે. એ વસ્તુ છે અનાદિનું એટલું. એને બગાડી. જૈન શ્વેતાંબર છે ને એને. તમારે નાગનેશમાં છે? નથી. નીકળી ગયું. .. નહિ ઓલું? એકાવાળો હતો એ? એ .. થઈ ગયો. એકાવાળો નહોતો?

‘**જિનમત કે મૂલસંઘ સે ભ્રષ્ટ હૈં, ઉનકો મોક્ષમાર્ગકી પ્રાપ્તિ નહીં હૈ.**’ એને મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોઈ શકે નહિ. સમ્યગ્દર્શન જ ન હોઈ શકે. આહાહા..! ભારે આકરું! ‘**મોક્ષમાર્ગકી પ્રાપ્તિ મૂલસંઘ કે શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ હી સે હૈ...**’ મોક્ષ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ તો મૂળસંઘ દિગંબર સનાતન માર્ગ. એની શ્રદ્ધા, એના જ્ઞાન, એના ‘**આચરણ હી સે હૈ – ઐસા નિયમ જાનના.**’ અહીંયાં આપણે કલાક પૂરો થયા. ત્યાં પણ પૂરું થયું. કહો, ચીમનભાઈ! આવું આપણે કોક દિ’ આવું સાંભળવાનું હોય. આહાહા..! બાપુ! માર્ગ આ છે હોં! એ પક્ષ કરીને ગમે તે કલ્પે, પણ વીતરાગ કેવળી પરમાત્મા, ભગવાન મહાવીરે આ જ પંથ કહ્યો છે. સમજાણું કાંઈ? એનાથી પછી ભ્રષ્ટ થઈને શાસ્ત્ર નવા રચ્યા. ૮૪ રચ્યા હો ..માં. ૪૫ માન્ય રાખ્યા શ્વેતાંબર મૂર્તિએ અને ૩૨ રાખ્યા સ્થાનકવાસીએ. એ બધાય કલ્પિત છે, વીતરાગના શાસ્ત્ર નથી. આહાહા..! ગજબ વાતું ભાઈ! આકરી વાત છે. સત્ય શ્રદ્ધાનું શ્રવણ મળવું, સત્ય શ્રદ્ધાનો સંપ્રદાય મળવો એ મહાપુણ્ય જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? આવો અનાદિ સનાતન તીર્થંકરદેવનો જિનમાર્ગ જેવો પોતે મુનિપણામાં અંગીકાર કર્યો એવું માતાએ જન્મ્યું એવું રૂપ, અંદરમાં આનંદકંદમાં ઝૂલતા હતા. છઠ્ઠે-સાતમે , મુનિ તો અંતર્મુહૂર્તમાં છઠ્ઠે-સાતમે હજારોવાર આવે છે. ઓહોહો..! અને સાચા મુનિ હોય જેને ભગવાન કહે છે એ મુનિને નિંદ્રા પોણી સેકન્ડની હોય. એક સેકન્ડની અંદર. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ એટલી છે. શું કરે .. ક્યા? પોણી સેકન્ડની અંદર નિંદ્રા. અહીં તો ચાર ચાર, છ છ કલાક ઘોરે અને એને મુનિ કહીએ. અરે..! ભાઈ! અરે..! ઝાંઝરીજી! વિમલભાઈ કહેતા હતા ખરા. આ સાધુ ત્યાં આવ્યા હતા નહિ? વિદ્યાનંદજી. એ કહતે હતા તમે આવો. તો આ કહે નહિ. વિમલભાઈ કહેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે. ભાઈ કહેતા હતા. આવો માર્ગ વીતરાગનો છે બાપા! વીતરાગ.. આહાહા..! એને પહેલો ઓળખવો અને શ્રદ્ધવો. ચારિત્ર તો પછી ક્યાંય રહ્યા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૧, રવિવાર તા. ૦૭-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૨, ૧૩ પ્રવચન - ૨૦**

અષ્ટપાહુડ. કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં આ ભરત ક્ષેત્રમાં થયા. ભગવાન પાસે જઈને પછી આ શાસ્ત્ર બનાવ્યા છે. એમાં આ દર્શનપાહુડ પહેલો અધિકાર છે. ૧૨મી ગાથા. **'આગે કહતે હૈં કિ જો યથાર્થ દર્શન સે ભ્રષ્ટ હૈં ઔર દર્શન કે ધારકોં સે અપની વિનય કરાના ચાહતે હૈં વે દુર્ગતિ પ્રાપ્ત કરતે હૈં...'** ગાથા.

મુમુક્ષુ :- દુર્ગતિ એટલે શું?

ઉત્તર :- આ ચાર ગતિ નરક ને એકેન્દ્રિય. અહીં તો એમ કહે છે. એકેન્દ્રિયમાં જાશે લૂલા ને મુંગા. એકેન્દ્રિય જીવને પગ નથી અને મોઢું નથી. આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે ને? છોટાભાઈ! આવે છે ને ઈચ્છામી પડિક્કમણામાં? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા. એના અર્થ ન આવડતા હોય. અને એમાં એકેન્દ્રિયમાં આવે પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે બધા. આ વનસ્પતિ છે ને આ. લીમડો. એક પાંદડું છે એમાં અસંખ્ય જીવ છે. અસંખ્ય જીવ. આવા હોં. આવો આત્મા એવો આત્મા એક પાંદડાની કટકીમાં. આલુ, બટાટા, શક્કરકંદ, લીલ, ફુગની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત અનંત જીવ. આવું ભગવાન તીર્થંકરે જોયું અને એમ છે. કહે છે કે જે કોઈ દર્શનથી ભ્રષ્ટ છે. આવશે એક .. એ બીજા દર્શનવાળા છે એની પાસે વિનય કરાવવા માગે તો એ એકેન્દ્રિય થાશે. આહાહા..!

**जे[१] दंसणेसु भट्ठा पाए पाडंति दंसणधराणं।**
**ते होंति लल्लमूआ बोही पुण दुल्लहा तेसिं।।१२।।**

**'અર્થ :- જો પુરુષ દર્શનમેં ભ્રષ્ટ હૈં,...'** આચાર્યને તો એ કહેવું છે જરી. જે જૈનદર્શન છે નગ્નમુનિપણું, એમાં અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદની દશા, એની નગ્નમુદ્રા અને અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ. આવો જે મૂળસંઘ જૈનનો અનાદિથી હતો. આહાહા..! એ મૂળસંઘથી જે ભ્રષ્ટ થયા છે. વાત તો સત્ય હોય એ આવે, બીજું શું થાય? છે ને? **'જો પુરુષ દર્શનમેં ભ્રષ્ટ હૈં,...'** **'जे[१] दंसणेसु भट्ठा पाए पाडंति दंसणधराणं। ते होंति लल्लमूआ बोही पुण दुल्लहा '** આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમણે—તીર્થંકરે જે જિનપણું અંગીકાર કર્યું, અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, બાહ્યમાં નગ્નપણું, અંદરમાં અઠ્યાવીશ મૂળગુણ એને જૈનદર્શન કહીએ. એનાથી જે ભ્રષ્ટ થઈને પોતાનો પંથ નવો કાઢ્યો, એ જીવો બહારમાં આબરૂવાળા હોય કાંઈક અને આવા ધર્માત્મા (પાસે) વિનય ચાહે કે આ જીવો અમને વિનય કેમ કરતા નથી? ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષની દીક્ષા છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની મેળે પોતે પોતાની કલ્પનાથી બધું. ઝીણી વાત છે ને આ. મૂળ માર્ગની વાત છે આ.

અનાદિ વીતરાગમાર્ગ મહાવિદેહમાં કે અહીંયાં કે ભરત, ઐરાવતમાં અનાદિ માર્ગ તો, દિગંબર માર્ગ જે છે એ અનાદિ માર્ગ છે. જૈનદર્શનનું સ્વરૂપ. અમરચંદભાઈ! આહાહા..! શું થાય? એવા જૈનદર્શનથી ભ્રષ્ટ થઈ અને વસ્ત્ર, પાત્રથી મુનિપણું માનીને શાસ્ત્ર બનાવ્યા નવા. એમાં મુનિને વસ્ત્ર ખપે, પાત્ર ખપે એવા શાસ્ત્ર બનાવ્યા અને ૫૦, ૬૦, ૭૦ વર્ષની દીક્ષા હોય એની માનેલી. એ જીવો આ સાધારણ બીજા મૂળ સંઘના માનનારા ધર્માત્મા એની પાસે વિનય ચાહે, એકેન્દ્રિય થશે. અમરચંદભાઈ!

'**જો પુરુષ દર્શન મેં ભ્રષ્ટ હૈં...**' આવો જે જૈનમાર્ગ અનાદિ પરંપરાનો ચાલ્યો આવેલો છે એનાથી ભ્રષ્ટ થઈ ગયા. '**તથા અન્ય જો દર્શન કે ધારક હૈં,...**' બીજાઓ જે કાંઈ મૂળ સંઘના માનનારા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને નગ્નમુદ્રા એવું માનીને (જે) સમકિતી જીવ છે. '**ઉન્હેં અપને પૈરોં પડાતે હૈં,...**' કેમ વિનય કરતા નથી? અમે તમારાથી મોટા છીએ. .. છીએ. એવું જે વિનય ચાહે, '**નમસ્કારાદિ કરાતે હૈં,...**' આહાહા..! આકરી વાત છે. '**વે પરભવ મેં લૂલે, મૂક હોતે હૈં...**' લૂલા એટલે પગ વિનાના એકેન્દ્રિય. આ પૃથ્વી, પાણી, અગ્નિ એ એકેન્દ્રિય, એને પગ નથી. અને મૂક છે. વાણી નથી. એક શરીર છે એકેન્દ્રિય જીવને. એકેન્દ્રિય છે ને? અને એકેન્દ્રિય એટલે આ સ્પર્શ ઇન્દ્રિય એક. આ સ્પર્શ. જીભ નહિ, નાક નહિ, આંખ નહિ, કાન નહિ. ચારેય નહિ. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા, પંચેન્દ્રિયા. આવે છે ને? શેમાં? ઇચ્છામી પડક્કમણામાં. ... લેશ્યા.. ઈરિયા પાઠમાં. અભિ... જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. પણ એ અર્થ પણ ક્યાં? જય ભગવાન.

અહીં તો કહે છે કે એકેન્દ્રિય જીવ જે છે પૃથ્વી. આ ખાણમાં છે ને ખાણમાં? પથરા નીકળે છે ને આ પથરા? એની એક કણીમાં અસંખ્ય જીવ છે. આ પાણી ગોળામાં ઉપરથી પડે વરસાદનું. એક બિંદુમાં અસંખ્ય જીવ છે. એકેન્દ્રિયના જીવ છે. ભગવાન તીર્થંકર એને અપકાય કહે છે. અગ્નિ. એક-બેવાર આમ કરે ત્યાં એ અગ્નિ છે એમાં અસંખ્ય જીવ છે. વાયુ. આ વાયુ છે એમાં અસંખ્ય જીવ છે. વનસ્પતિ. આ લીમડો, પીપળ એની એક કટકીમાં અસંખ્ય જીવ છે. અને બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી એની એક કટકીમાં અનંતા જીવ છે. એ એકેન્દ્રિય કહેવાય. એને બે ઇન્દ્રિય એટલે જીભ નથી. એ સ્પર્શ શરીર હોય.

કહે છે કે જે કોઈ સાચા જૈન ધર્મનો અનાદિનો માર્ગ સંઘ હતો મૂળ માર્ગ, એમાંથી ભ્રષ્ટ થઈને પોતાનો પંથ નવો કાઢ્યો અને આવા મૂળ સંઘના શ્રદ્ધા કરનારા સમકિતી પાસે વિનય ચાહે, એ એકેન્દ્રિયમાં જાશે. ભારે આવું છે. '**ઔર ઉનકે બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ**

**દુર્લભ હોતી હૈ.**' એને બોધિ નહિ મળે. બોહિ લાભં આવે છે ને. આરોગો. લોગસ્સમાં આવે છે. આરોગ બોહિ લાભં. બોધિનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. નેમિદાસભાઈ! આવે છે? લોગસ્સમાં આવે છે. આરોગ, નિરોગતા, આત્મા રાગરહિત થઈ જાય એને બોધિ લાભ થાય. બોધિ એટલે આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માની શાંતિ, ચારિત્ર. એને બોધિ કહે છે. આરોગ બોહિ લાભં સમાહિવર ... સમજાણું કાંઈ? આહાહા..! એવી બોધિ મૂળસંઘના માનનારા સમકિત દૃષ્ટિ જીવો એની પાસે સંઘથી ભ્રષ્ટ થયેલાઓ વિનય અને બહુમાન માગે તો એકેન્દ્રિયમાં જાશે. ભારે આવો માર્ગ આકરો. આ તો વસ્તુનું સ્વરૂપ છે એવું હો. આહાહા..!

ભાવાર્થ :- '**જો દર્શન ભ્રષ્ટ હૈં વે મિથ્યાદૃષ્ટિ હૈં...**' આહાહા..! સનાતન દિગંબર માર્ગ જે મુનિપણાનો. એ જૈનદર્શન. એનાથી જે ભ્રષ્ટ થયા એ મિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબર મૂર્તિપૂજક કે સ્થાનકવાસી એ બધા મૂળસંઘમાંથી ભ્રષ્ટ થયેલા પંથ છે. એ વાત કરે છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર આચાર્ય મુનિ હતા. ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા બિરાજે છે, મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. અત્યારે મોજુદ છે કેવળી તીર્થંકર મહાવિદેહમાં, ત્યાં ગયા હતા. આઠ દિ' રહીને. સંવત્ ૪૯ અંદર આવ્યા પાછા. આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાન આમ કહે છે. ભગવાનજીભાઈ! ભારે આકરું પડે પણ હોં!

અહીં તો એવો માર્ગ છે બાપુ! સાચા દેવ, અરિહંત જેને આહાર, પાણી, ક્ષુધા, રોગ ન હોય એવા અરિહંત કહેવાય. એને જ બગાડી નાખ્યું. અરિહંતને રોગ થાય. ઔષધ લે એવું બધું આવે છે. એ બધી વિપરીત વાત છે. અરિહંત સ્ત્રી થાય. તીર્થંકર સ્ત્રી મલ્લિનાથ થાય એ બધું વિપરીત. આવું છે મનસુખભાઈ! શું કરીએ? સમય પલટે એટલે ભ્રષ્ટ થઈ ગયા. ભ્રષ્ટ થઈ ગયા.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાઈને બીજું કહેવું છે. સમય પલટ્યો પણ શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ ગયા ને? પાળી ન શકે તો જુદી વાત છે, પણ આ માર્ગ જ બીજો છે. આ નહિ, અમે કહીએ એ માર્ગ. એમ કહ્યું ને? શાસ્ત્રમાં વસ્ત્ર સ્થાપ્યા, સાધુને આટલા વસ્ત્ર ખપે, ત્રણ પછેડી, આટલા .. અને આટલા પાત્રા-એ બધું ભ્રષ્ટ થયેલાનું કથન છે. ભગવાનજીભાઈ! ભાઈ આવી વાત આવે ત્યારે તો હવે શું થાય બીજું? સ્થાનકવાસી તો નહોતા. એ તો હમણાં પાંચસો વર્ષ પહેલા થયા. એને ઉદ્દેશીને આ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**દર્શન કે ધારક હૈં વે સમ્યગ્દૃષ્ટિ હૈં;...**' જે કોઈ મૂળ સંઘની શ્રદ્ધા જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવું હોય, મુનિપણું આવું હોય, જૈનદર્શન આવું હોય એવી જેને અંતર શ્રદ્ધા થઈ છે. એવા સમ્યગ્દૃષ્ટિ પાસે આવા દર્શનથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ વિનય ચાહે. '**જો મિથ્યાદૃષ્ટિ હોકર સમ્યગ્દૃષ્ટિયોં સે નમસ્કાર ચાહતે હૈં...**' કેમ અમને નમસ્કાર કરતા નથી? કેમ અમને પગે લાગતા નથી? અમે આટલા જૂના સાધુ છીએ. તમે સાધુ જ નથી ને પણ. આહાહા..!

મુમુક્ષુ :- પણ સાધુને બીજા પગે લાગે કે નહિ એની ચિંતા શું?

ઉત્તર :- ચિંતા, પણ એને આ ભ્રષ્ટ થયા છે કે લ્યો અમે છીએ કે નહિ?

મુમુક્ષુ :- ..ને આત્માની ચિંતા કે..

ઉત્તર :- આત્માની ચિંતા હોય તો ભ્રષ્ટ થાય શું કરવા? માર્ગથી જુદું પડે

મુમુક્ષુ :- તો સાધુ નથી.

ઉત્તર :- સાધુ ક્યાં છે? મિથ્યાદષ્ટિ છે, એ તો કીધું. આહાહા..! આકરું કામ પ્રભુના માર્ગે આવવું. બહુ કામ આકરું! આહાહા..! છોટુભાઈ! એના બાપ ને એ તો બધા અગ્રેસર ત્યાં. ભાઈ તો ઓળખે. પોપટલાલ કામદાર. કામદાર. માણેકચંદ .. છે ને.

મુમુક્ષુ :- આવું સાંભળવાનું નહોતું.

ઉત્તર :- નહોતું બાપુ! નહોતું ભાઈ! આ તો ક્યાંકનું ક્યાક હતું ને આવી ગયું છે. માર્ગ તો આવો છે. કોઈને દુઃખ લાગે એના માટે આ વાત નથી. માર્ગની રીત આ છે. સત્ય સ્વરૂપ આવું છે. આહાહા..!

કહે છે, આ તમારે ત્યાં વાંધા તો બહુ ઉઠે આફ્રિકામાં. દશ દશ લાખના મકાન કરાવ્યા છે. ક્યાં? નાઈરોબી? મોમ્બાસા કરાવ્યા. આહાહા..! અહીં તો કહે, લાખ-કરોડના કરાવ્યા હોય તોપણ શું થયું? એ ક્યાં ધર્મ હતો? આહાહા..! અને જેને જૈનદર્શન વીતરાગમાર્ગ આત્માના આશ્રયે જે જૈનદર્શનનું સ્વરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જેને આત્માના આશ્રયે સમ્યગ્દર્શન જેને પ્રગટ્યું છે એ મૂળ સંઘના ધર્માત્મા અને મૂળ સંઘના માનનારા છે. અનાદિ જૈનને માનનારા છે. એમાંથી ભ્રષ્ટ થઈને આ બાર વર્ષનો દુકાળ પડ્યો, મુનિપણું પાળી શક્યા નહિ. સાચા સંત હતા એ દક્ષિણમાં વયા ગયા. અહીંયાં દુકાળ પડ્યા, એમાં વસ્ત્રનો કટકો પહેલો લીધો અર્ધ ફાલી, અર્ધ કટકો પહેલો લીધો. એમાંથી આ બધું મોટું લપસંદર કરી નાખ્યું.

એક દેરાવાસી સાધુ છે નહિ? ભાઈ આપણે આવી ગયા છે. જૂનાગઢમાં. છે દેરાવાસી, પણ અમારી પાસે આવીને એક પત્રિકા અમને આપી હતી કે અર્ધફાલકમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો એમાંથી ૧૦૮ ઉપકરણ થઈ છે અત્યારે. આપણે છે ને. એક પત્રિકા હતી ક્યાંક. ક્યાંક હતી ખરી. અહીં મૂકી. એ મળ્યા હતા ત્યાં મને જૂનાગઢ. પહેલાં દિગંબરમાંથી શ્વેતાંબર જ્યારે નીકળ્યા પહેલાં ત્યારે અર્ધકટકો આમ રાખ્યો. નગ્ન જરા ન રહી શક્યા. લબડતો કટકો. એમાંથી પછી વિપરીત દૃષ્ટિ થઈ ગઈ બધી. અને એ નવા શાસ્ત્રમાં.. એ લખ્યું છે બિચારાએ. દેરાવાસી સાધુ છે હોં. શું નામ એનું?

મુમુક્ષુ :- ચંપક

ઉત્તર :- ચંપક ચંપક. એ આપણી પાસે ક્યાંક છે. પુસ્તકમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં? 'વર્તમાન કાળમાં વિચરતા શ્વેતાંબર મૂર્તિપૂજન .. જીવનમાં.. ' ૧૧૯ જેટલી

સંખ્યા. ઉપકરણ બહારના. આહાહા..!

મુમુક્ષુ :- નામ પણ આપ્યા છે.

ઉત્તર :- બધા નામ આપ્યા છે.

મુમુક્ષુ :- પછી એનો ક્યાં અર્થ છે એ ખબર નથી.

ઉત્તર :- અહીંયાં છેલ્લે બધું લખી નાખ્યું. કેટલું ખપે.. અત્યારે ઠેકાણા વિનાનું બધું. બેયને હોં! સ્થાનકવાસી અને દેરાવાસી બેયને. બધી અમને ખબર નથી? મુંબઈ જાય એ બધા પોટલા લૂગડા, બૂગડા લઈને અહીં કપાટ ભરે છે દેશમાં આવીને. ધાબળીયું મળે. આ શેઠિયા આપે બધા ધાબળીયું આપે અને ઓલું આપે. પછી પાંચ-સાત વર્ષ રહે ને.. એ બધું લખ્યું છે એણે હોં. છે દેરાવાસી સાધુ. એમને ગુણી ગણો કે અવગુણી ગણો. સામા માણસની ઈચ્છાની વસ્તુ છે. પોતે દેરાવાસી સાધુ છે. પણ એને શ્રદ્ધા આ થઈ છે. માર્ગ તો આ લાગે છે. આહાહા..!

એથી અધિક પોટલા બાંધી ગૃહસ્થને તો .. વસ્ત્રવિભાગ, પાત્ર વિભાગ, ..વિભાગ, .. અર્ધફાલક વસ્ત્રમાંથી. પહેલાં અર્ધ કટકો હતો. દિગંબરમાંથી જ્યારે નીકળ્યા ત્યારે અડધો કટકો રાખ્યો હતો. એ લખ્યું છે. અર્ધફાલકમાંથી વકરેલો વિકાર. ક્યાં જઈને અટકશે તે તો પ્રભુ જાણે. ઉદાસીન ચંપક સાગર. એ અમને મળ્યા હતા ત્યાં આવ્યા હતા. જયપુર હતા ને સાંજે દર્શન કરીને નીકળ્યા હતા. શું કહેવાય? તળેટીમાં. એ ગામમાં હતા. ખબર પડી કે મહારાજ આવ્યા છે તો બિચારા બે ગાઉ ચાલીને આવ્યા હતા. ચર્ચા થઈ હતી થોડી. હજી ગડબડ છે એને એમાં રહીને પણ કાંઈક રાખવું. એ રહે એવું નથી, કીધું. આ બધું નામ આપ્યું. .. ઘડિયાળ ને આ ને આ ને ફલાણું, ઢીંકણું, કલમ ને શીશપેન, આટલા લૂગડા. આહાહા..! અર્ધફાલકમાંથી વકરેલો વિકાર. એ અહીંયા અષ્ટપાહુડમાં આવે છે. અર્ધ કટકો રાખ્યો હતો.

દિગંબર માર્ગ ધર્મ અનાદિનો છે. એકલા નગ્ન નહિ. અંતરના આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની વીતરાગીદશા અને બાહ્યમાં નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણ, એ અનાદિનો જૈનનો માર્ગ વીતરાગનો આ છે. આહાહા..! એમાંથી જે ભ્રષ્ટ થયા એ બધા શ્વેતાંબર અને એમાંથી નીકળ્યા સ્થાનકવાસી હમણાં પાંચસો વર્ષ પહેલાં અને એમાંથી નીકળ્યા તુલસી. તેરાપંથી. મૂળ ધર્મ માર્ગથી ત્રણે ભ્રષ્ટ થયા. એય..! છોટુભાઈ! તમે તો બધા શેઠિયા કહેવાઓ ત્યાં.

મુમુક્ષુ :- ૪૦-૪૦ હજારના કપડા આપે છે. સાધુઓને .. ભગવાનના ખંડમાંથી.. શ્રાવકો...

ઉત્તર :- .. આપે.

મુમુક્ષુ :- ૪૦-૪૦ હજાર.

ઉત્તર :- ૪૦ હજાર!

મુમુક્ષુ :- મુંબઈમાં આવે એટલે લઈ જાય...

ઉત્તર :- લઈ જાય. એ સાચી વાત. ના છે તો એમ ભાઈ કહે છે. અમને તો ખબર છે ને. અહીંયા

પાટલા ઓલા ભરે છે. છે? એ ઠીક પણ અહીં તો વસ્તુની સ્થિતિ તો ... ભાઈ! એમ કે ઘરનું ઉઘાડું કરાય? એમ કહે છે ભાઈ. આ તો વસ્તુસ્થિતિ આવી છે બાપુ! કોઈ વ્યક્તિની નહિ.

મુમુક્ષુ :- અસલ ધર્મ ક્યારે આવશે?

ઉત્તર :- આ સાંભળો ત્યારે, સમજાશે ત્યારે.

મુમુક્ષુ :- સમજી લીધું. મહારાજનો અભિપ્રાય શું છે?

ઉત્તર :- પહેલી શ્રદ્ધા તો કરે, પહેલી શ્રદ્ધા તો દેખે.

મુમુક્ષુ :- પોતાની વાત નથી કરતા, બીજાની વાત કરે છે.

ઉત્તર :- બીજાનું શું કામ છે અહીં? પહેલી સમ્યગ્દર્શનનું પાકું કરે. ચારિત્ર તો.. જરા આકરી વાત બાપા! અત્યારે ચારિત્ર ક્યાંય હિન્દુસ્તાનમાં નથી. ચારિત્રવંત તો કોઈ મુનિ અત્યારે હિન્દુસ્તાનમાં નથી. એય..! દેવીલાલજી! માર્ગ આ છે બાપા! આજ માનો, કાલ માનો, ગમે ત્યારે માનો, વીતરાગ ત્રિલોકનાથનું આ કથન છે. આહાહા..! સાધુપણું બાપુ અલૌકિક ચીજ છે. એનું સમ્યગ્દર્શન એ ચીજ પામવી મહામુશ્કેલ છે. અને સમ્યગ્દર્શન પામ્યો એ મોક્ષને માર્ગે આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ લ્યો રવિવારે આ આવ્યું. એય..! જયંતિભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જિનકલ્પી સ્થવિરકલ્પી બધા નગ્ન હતા. સ્થવિરકલ્પી નગ્ન હતા. સમયસાર નાટકમાં આવે છે. બેય નગ્ન. કોઈને વસ્ત્ર નહોતા, ધાગો ત્રણકાળમાં હોય નહિ. જૈન મુનિ તરીકે હોય એને વસ્ત્રનો ધાગો ત્રણકાળમાં ન હોય. અને વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને, મનાવે, માનતાને રૂડું જાણે એ એકેન્દ્રિય નિગોદમાં જવાના છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વનું ફળ નિગોદ.

ઉત્તર :- મિથ્યાત્વનું ફળ નિગોદ છે આવશે એમાં. આહાહા..! એવી વાત છે બાપા!

મુમુક્ષુ :- એકને વસ્ત્ર, એકને વસ્ત્ર નહિ એમાં .. ફર્ક શું? .. નગ્ન રહ્યા તો બેયમાં ફેર શું હતો?

ઉત્તર :- એ તો નામ એકલવિહારીને જિનકલ્પી કીધા અને ઝાઝા સાધુ ભેગા રહે એને સ્થવિરકલ્પી કીધા. બધો ખુલાસો છે એની અંદર. એ ફક્ત જિનકલ્પી એકલા વિચારે અને એકાસી.. અને સ્થવિરકલ્પી બે-ચાર સાધુ વિચરે બસ એટલો ફેર. બાકી કાંઈ ફેર નહિ. નગ્ન હોય, દિગંબર હોય, અઠ્યાવીશ મૂળગુણ, જંગલમાં રહેતા હોય, વનવાસમાં રહેતા હોય. આવો માર્ગ બાપુ અનાદિનો છે.

મુમુક્ષુ :- એ હેતુસર પૂછતા હશે.

ઉત્તર :- આહાહા..! અરે..! સમજવું પણ બાપુ! બહુ શાંતિથી વાત છે આ તો. ધીરજથી હોં! કોઈ વ્યક્તિની માટે વાત નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. ભગવાન વર્ણવે છે. ભાઈ! આવા મનુષ્યપણામાં પ્રાપ્ત થઈને વાસ્તવિક વીતરાગનો મૂળસંઘ છે એની શ્રદ્ધા અને જ્ઞાન નહિ કરે તો આરા નહિ આવે.

જન્મ-મરણના આરા નહિ આવે. આહાહા..!

શ્રીમદ્દે એમ ન કહ્યું અપૂર્વ અવસરમાં? 'એક દેહ હેતુ સંયમ હેતુ...' 'માત્ર દેહ તે સંયમ હેતુ...' એક દેહમાત્ર. પહેલા જરી હતો ફેરફાર થોડો. પણ અહીંયાં તો કહી દીધું કે દેહમાત્ર.. દેહ તે સંયમ હેતુ હોં! મુનિને તો એક દેહ માત્ર સંયમનો હેતુ. બીજી કોઈ ચીજમાત્ર ન હોય. સમજાય છે કાંઈ? અને સ્ત્રીને તો સાધુપદ કોઈ દિ' ત્રણકાળમાં આવે જ નહિ. સમ્યગ્દર્શન થાય, પાંચમું ગુણસ્થાન થાય. સાધ્વીપદ છે એ જૈન વીતરાગમાર્ગમાં એને ગણ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! અને જે આ રીતે માને છે કે મનાવે છે... એ કહે છે જુઓ!

**'તીવ્ર મિથ્યાત્વકે ઉદય સહિત હૈં, વે પરભવ મેં લૂલે, મૂક હોતે હૈં...** ' આહાહા..! **'એકેન્દ્રિય હોતે હૈં...'** છે ને? **'ઉનકે પૈર નહીં હોતે,...'** લૂલો એટલે પગ ક્યાં છે એકેન્દ્રિયને? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. **'વે પરમાર્થતઃ લૂલે-મૂક હૈં, ઈસ પ્રકાર એકેન્દ્રિય-સ્થાવર હોકર નિગોદ મેં વાસ કરતે હૈં, વહાં અનંતકાલ રહતે હૈં;...'** ઓહોહો..! **'ઉનકે દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ દુર્લભ હોતી હૈ, મિથ્યાત્વ કા ફલ તો નિગોદ હી કહા હૈ.** ' ભગવાને તો. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ, વિષયભોગ આદિના ભાવ તો સાધારણ પાપ છે. પણ મિથ્યાત્વ સાચા સત્‌થી વિરૂદ્ધ એ મિથ્યાત્વનું ફળ પરમાત્માએ નિગોદં ગચ્છઈ. નિગોદનું ગણ્યું છે. જે અનંત કહેવાય પાછું બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય થવું મુશ્કેલ. એમાં .. ગયો. આહાહા..! અરેરે..! આવો માર્ગ!

મુમુક્ષુ :- બીવડાવવા માટે લાગે છે.

ઉત્તર :- વસ્તુની સ્થિતિ આ છે. પંડિતજી! કુંદકુંદાચાર્યે કહ્યું ને, વસ્ત્રનો એક ધાગો રાખીને કોઈને માને, મનાવે. સૂત્રમાં છે ને? કેટલામાં છે? ૧૭. સૂત્રપાહુડ છે ને એક? સૂત્ર-સૂત્ર પાહુડ.

મુમુક્ષુ :- ૧૮.

ઉત્તર :- સૂત્ર પાહુડની ૧૮ ગાથા. ૧૮ છે જુઓ. ૫૩ પાનું છે. પાનું-૫૩, ૧૮-ગાથા.

जहजायरूवसरिसो तिलतुसमेत्तं ण गिहदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं तत्तो पुण णिग्गोदम्।।१८।।

**'અર્થ :- મુનિ યથાજાતરૂપ હૈ જૈસે જન્મતા બાલક નગ્નરૂપ હોતા હૈ, વૈસે હી નગ્નરૂપ દિગંબર મુદ્રા કા ધારક હૈ, વહ અપને હાથ સે તિલ કે તુષમાત્ર...'** તલના ફોતરા જેટલું પણ **'કુછ ગ્રહણ નહીં કરતા હૈ ઔર યદિ કુછ થોડા બહુત લેવે-ગ્રહણ કરે તો વહ મુનિ ગ્રહણ કરને સે નિગોદ મેં જાતા હૈ.'** નવેય તત્ત્વની ભૂલ થાય છે. એકની ભૂલ નથી. ઝીણી વાતું બહુ પણ. આહાહા..! માર્ગ આ અનાદિનો વીતરાગ છે આ. એમાંથી આ પંથ જૈનમાં જુદા પડી ગયા. અન્યની તો વાતું શું કરવી? અન્યમાં કોઈ છે નહિ. પણ જૈનમાં આવા ફાંટા પડ્યા છે. આહાહા..! કેટલાક

આવીને કહે. આ જુઓને મહારાજ અમે તપ કરીશું હોં! પણ એ શું કામ છે તપનું? એ જાણે અમે આવ્યા છીએ તો દિગંબર નથી અમે. ભાઈ! અમે જાણી છીએ તારુ મોઢું દેખીએ ત્યાં. બધી .. આ સૂત્રપાહુડમાં છે ૧૮મી ગાથા. બધો લાંબો અર્થ છે એનો.

'**મિથ્યાત્વ કા ફલ નિગોદ હી કહા હૈ.** ' અહીંયા આપણે ચાલતું. '**ઈસ પંચમ કાલ મેં મિથ્યામત કે આચાર્ય બનકર...**' આહાહા..! દિગંબર ધર્મની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વિના એકલા વેશ શ્વેતાંબર આદિ લઈને જે '**મિથ્યામત કે આચાર્ય બનકર લોગોં સે વિનયાદિક પૂજા ચાહતે હૈં, ઉનકે લિયે માલૂમ હોતા હૈ કિ ત્રસરાશિ કા કાલ પૂરા હુઆ,...** ' આહાહા..! આ ત્રસ-ત્રસમાં જન્મે ને બે હજાર સાગર રહે. ત્રસ એટલે બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, મનુષ્ય અને દેવ એમાં રહે તો બે હજાર સાગર રહે. એ લાંબી વાતું છે. ત્રસમાં બે હજાર સાગર. સ્થિતિ પૂરી થાય એટલે એકેન્દ્રિયમાં જાય.

ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ ત્રસની સ્થિતિ, ત્રસમાં જન્મે-મરે. ત્રસ-ત્રસ સમજ્યાને? બે ઈન્દ્રિયથી ત્રસ કહેવાય. એકેન્દ્રિય ત્રસ નહિ. ઈયળું, કીડી, કાગડા, કૂતરા, નારકી, મનુષ્ય, દેવ. તો એમાં મરે ને જન્મે, મરે ને જન્મે તો બે હજાર સાગર. એટલું છે. એની સ્થિતિ પૂરી થાય બે હજાર એટલે મરીને એ નિગોદમાં જાય. આહાહા..! એ ક્યાં સાંભળ્યું હશે નિગોદ કેટલું જાય ને. આહાહા..! ભગવાને એમ કહ્યું છે. શાસ્ત્રમાં એમ છે. ત્રસની સ્થિતિ એટલી. એકેન્દ્રિયની સ્થિતિ તો અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન. આહાહા..! બહુ આકરી ઝીણી વાતું. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીસી તીર્થંકર થાય. એવા એવા અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તન નિગોદ એકેન્દ્રિયમાં રહે. જેવા મિથ્યાત્વના સાધુ આચાર્ય નામ ધરાવીને દુનિયા પાસે માન અને પૂજા ચાહે છે, એ એકેન્દ્રિયમાં જવાનો. એની સ્થિતિ પૂરી થઈ ગઈ લાગે છે ત્રસમાં રહેવાની.

મુમુક્ષુ :- એને માન આપતા હશે ને.

ઉત્તર :- માન આપનારા એ બધા ભેગા. એ પછી આવશે. તમે બતાવતા હતા ને ભાઈને. મનસુખભાઈને. એ ૧૩મી છે. કાંઈક બતાવતા હતા ખરા તમે.

મુમુક્ષુ :- આપણને લાગુ પડે છે.

ઉત્તર :- એ કહેતા હતા ખરા. મારો ખ્યાલ હતો.

મુમુક્ષુ :- એમણે કીધું આપણને લાગુ પડે છે.

ઉત્તર :- એ કહેતા હતા. ખ્યાલ છે મારો. તમે એ ગાથા બતાવી મારો ખ્યાલ છે. આહાહા..!

અહીં તો નિઃસ્પૃહપણે સત્ય શું છે એ વાત છે ને ભાઈ! અહીં કોઈ પક્ષની વાત નથી. વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમની રજ ઈન્દ્રો માથે ચડાવે. એવા ભગવાન સર્વજ્ઞ, એના એક સમયનું જે જ્ઞાન એ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એમણે કહ્યો જે માર્ગ એ મોક્ષનો માર્ગ તો દિગંબર માર્ગ એ

મોક્ષનો માર્ગ છે. જૈનદર્શન એ દિગંબર દર્શન એ જૈનદર્શન છે. બાકી શ્વેતાંબર અને સ્થાનકવાસી જૈનદર્શન જ નથી. મોક્ષપાહુડમાં લખ્યું છે. એ જૈન જ નથી. ઝાંઝરીજી! અહીં તો ભાઈ વાત હોય એ આવે, બીજું શું થાય? મોક્ષમાર્ગમાં આવે છે ને ભાઈ! ભાઈ! ભગવાનભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશક પાંચમો અધ્યાય. પાંચમા અધ્યાયમાં લખ્યું છે કે શ્વેતાંબર અને સ્થાકનવાસી એ જૈન જ નથી. અન્યમતિ છે. એ આ આમાંથી. જૈનદર્શન જ નહિ. આહાહા..! આકરું લાગે. મોહનભાઈ! સત્ય તો આ છે. આહાહા..! ભાગ્યશાળી. નહિતર શ્વેતાંબર પાક્કા શેઠિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પ્રેમ એને તો. ..મકાન ..

આ ભગવાન... બાપુ! શું કહે? આહાહા..! આ માર્ગ છે, બાપુ! અમે પરિવર્તન કર્યું તે કારણ હશે ને. નહિતર અહીંયાં .. ગામડામાં જઈએ તો હજારો માણસ. માણસના ટોળે ટોળા આવતા હતા. ૮૯ની સાલ, રાજકોટનું ચોમાસું છેલ્લું. ત્રણ-ત્રણ હજાર માણસ. કલાક પહેલા મોટરુંની ઠાઠ જામે આમ. આખી ભોજનશાળા છે ને? રાજકોટમાં નહિ બહાર? ભોજનશાળા કહેવાય ને?

મુમુક્ષુ :- કોઠાર યોજના

ઉત્તર :- કોઠાર.. ત્યાં વ્યાખ્યાન. ૮૯ની સાલમાં. ત્રણ-ત્રણ હજાર માણસ. કલાક પહેલા, દોઢ કલાક પહેલાં. મેં કીધું પણ આ નહિ ટકે હવે. કોને કહ્યું? કોકને કહ્યું. નાગરભાઈ હતા અમારા સમઢિયાવાળા. બીજા કોક. ખુશાલભાઈને તો કહ્યું છે ને પહેલાથી. ૮૭માં અમારા મોટાભાઈને. ૮૭માં કહ્યું હતું. વીંછીયામાં. ભાઈ! હું અહીં નહિ રહી શકું. આ દીક્ષા સાચી નથી, આ માર્ગ સાચો નથી. બહુ સરળ હતા અમારા મોટાભાઈ. બહુ મીઠા અને બહુ માણસ. હળવે હળવે છોડવું હોં. ઝટ ન છોડવું. નહિતર ધડાકો લાગશે. વીંછીયાની વાત છે ૮૭માં. કોકને કહ્યું હતું ૮૯માં ખાસ મોટા માણસને. નાગરભાઈ કે એ હતા. કીધું, હું આમાં ન રહી શકું હોં. આ ત્રણ ત્રણ હજાર માણસોને આ બધું છે. પણ માર્ગમાં હું જે કરું છું એ બીજી વાત છે. હું સંપ્રદાયમાં નહિ રહી શકું. આહાહા..! એ આવ્યા હતા પાછા મારી પાસે. ૯૦માં આવ્યા હતા. સંઘના માણસો. બહાર ખબર પડી ગઈ ને. ૯૦માં આપણે ચોમાસું હતું ને સદરમાં? ત્યારે બધા આવ્યા હતા. ..નાગજી. નાગજી કેવા?

મુમુક્ષુ :- ચાર જણા આવ્યા હતા. મને બરાબર ખબર છે. પહેલી વાર આવ્યા હતા અને પછી બીજીવાર એણે આવવાનું કહ્યું હતું.

ઉત્તર :- હા. ચાર જણા આવ્યા હતો મોટા શેઠિયા.

મુમુક્ષુ :- અમારા.. અપાસરામાં..

ઉત્તર :- એમણે સાંભળેલું કે આ પરિવર્તન કરવાના છે. આમાં રહેવાના નથી. મારી પાસે આવ્યા. ચાર શેઠિયા હતા. ..લાલ, નાગજી, માસ્તર.

મુમુક્ષુ :- મૂળ બોલવામાં ..માસ્તર જ હતા.

ઉત્તર :- અને ચીમનલાલ નાગજી વોરા. બે બીજા હતા. એ આવ્યા. પછી ઓલો લીમડો છે ને અપાસરામાં દિવાન.. દિવાન.. અપાસરો. ત્યાં લીમડાની અંદર ઓલી ઓરડી છે ત્યાં બેઠા બેય. અંદર ફળિયામાં. ત્યાં આમ પૂછ્યું મને. મહારાજ! આમ લાગ્યું. વાત સાચી. હું પરિવર્તન કરવાનો છું. અહીં નહિ. આ ગામમાં નહિ કરું. આ ગામમાં ચોમાસું કર્યું છે ૮૯નું. ત્રણ-ત્રણ હજાર માણસને આ... પરિવર્તન કરી હું આમાં રહેવાનો નથી. શેઠિયા ચાર આવ્યા હતા. લોકો ... અહીં બીજી વાત નથી. રામજીના બે શેઠ આવ્યા હતા. એને ખબર પડી કે આ પરિવર્તન કરવાના છે. રામજી છે ને દેરાવાસી? એના એક ઓલા નહિ? કડિયો મોટો અમદાવાદનો. બે જણા આવ્યા હતા.

મુમુક્ષુ :- ચીમનલાલ કડિયો.

ઉત્તર :- હા કડિયો હતો કોક. બે જણા આવ્યા ખાનગી. કોઈ બાર વાગે નહિ. હું બેઠો (હતો) એકલો. મહારાજ! પરિવર્તન કરવું છે તમારે તો અમારી મોટર લઈ જાવ. અરે..! અમારું ગુપ્ત-ગુપ્ત કાંઈ નથી. અમે તો ખુલ્લા દાંડી પીટીને નીકળશું. અહીં અમારે ગુપ્ત ગુપ્ત કાંઈ નથી. આવા એય માળા બગાડે. આ તે કાંઈ રીત છે જૈનની? અમે તો કીધું શેઠિયાઓ આવ્યા હતા એને કહી દીધું હતું, અમે આમાં રહેવાના નથી. પણ ચોમાસું છે ત્યાં સુધી અહીં નહિ કહીએ. પછી અહીંયા આવીને કહ્યું.

માર્ગ તો બાપુ આ છે. આહાહા..! કહે છે, એવા પંથના આચાર્ય ને સાધુ ને નામ ધરાવીને '**લોગોં સે વિનયાદિક પૂજા ચાહતે હૈં, ઉનકે લિયે માલૂમ હોતા હૈ કિ ત્રસરાશિ કા કાલ પૂરા હુઆ,...**' આકરો દિ' છે આજ. કાલે પણ આવું હતું. પણ હવે આ શેઠિયા સાંભળે તો ખરા.

મુમુક્ષુ :- આ સાંભળવા માટે જ રોકાણા છે.

ઉત્તર :- .. અહીં તો આ વાત છે. સાંભળવા માટે આવ્યા છે. સત્યની વાત છે બાપુ આ તો.

મુમુક્ષુ :- ખુલ્લુ દિલ રાખીને સાંભળે છે ને.

ઉત્તર :- સાંભળે છે. માણસોને પ્રેમ છે. બાપા! માર્ગ તો આ છે. આ બધા સ્થાકનવાસી હતા આ રામજીભાઈ, આ ખીમચંદભાઈ આ બધાય સ્થાનકવાસી. આ ઘીયા કરોડપતિ એ સ્થાનકવાસી.

મુમુક્ષુ :- ચીમનભાઈ સ્થાનકવાસી નહોતા.

ઉત્તર :- જન્મથી જ આપની પાસે રહ્યા છે. ૮૩માં નહિ? ૮૩માં જન્મ છે. એ તો અહીંયા હતા ને. પણ એનો જન્મ પણ ૮૩ છે ને? ત્યારે. ૮૨. એ આને લઈને આવ્યા હતા ને ત્યાં જેકુંવરબેન દર્શન કરાવવા. જામનગર. એ ૮૩માં આવ્યા હતા. ખબર છે. ૮૨માં જન્મ. અહીં તો ઘણા વર્ષ થઈ ગયા.

અહીં તો કહે છે, ભાઈ! શાંતિથી આ તો સમજવાની વાત છે હોં! વીતરાગ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. એમણે અને મહાવીર પરમાત્માએ કહેલો માર્ગ અનાદિનો દિગંબર સંતનો માર્ગ તે જૈનદર્શન છે. એકલું નગ્ન નહિ હોં! એકલા નાગા તો અનંતવાર થયા છે સાધુ.

આહાહા..!

મુમુક્ષુ :- એ તો આવે છે ભાવપાહુડમાં.

ઉત્તર :- હા આવે છે. એવા નાગા તો અનંતવાર નગ્ન થઈને ક્રિયાઓ કરી. એ નહિ. અંતર આત્મદર્શન ને જ્ઞાન ને શાંતિ પ્રગટ કરે ત્યારે તેને નગ્નપણાનો વ્યવહાર કહેવામાં આવે. આહાહા..!

મુમુક્ષુ :- બધુ આવે છે. ભાવપાહુડમાં...

ઉત્તર :- આવે છે ને બધી એકે એક વાત શાસ્ત્રમાં આવે છે. કુદરતે આવ્યું હવે આ છેલ્લે. ૩૯ વર્ષ થયા ને. નહિ? રતિભાઈ!

અહીં તો ગ્રંથકાર આચાર્ય મહારાજના હૃદયમાં આ વાત છે કે જે દર્શનથી ભ્રષ્ટ થાય એ તો એકેન્દ્રિયમાં જાય. પાઠ છે ખરો ને? એટલે એમણે કહ્યું બાપુ! વીતરાગમાર્ગથી વિપરીત શ્રદ્ધા કરીને શ્વેતાંબર પંથ કાઢ્યો, એમાંથી સ્થાનકવાસી પંથ નીકળ્યો, એના આચાર્યો નામ ધરાવીને શિષ્યો પાસે વિનય આદિ ચાહે છે. એનું ફળ તો બાપુ એની ત્રસની સ્થિતિ પૂરી થઈ ગઈ લાગે છે.

મુમુક્ષુ :- .. એ એકેન્દ્રિયમાં જાશે એમ આવે છે.

ઉત્તર :- એકેન્દ્રિયમાં જશે. એય..! શાંતિભાઈ! ક્યાં ગયા ધીરૂભાઈ? આ બધા નાગનેશના શેઠિયાઓ. .. પૈસાવાળા એના બાપ, પૈસાવાળા હોં! ૮૦ હજાર તે દિ'. પૈસા ૮૦ હજાર કે દિ' હતા તે દિ'? પૈસાવાળા હતા. આ છોટાભાઈ એનાથી ઓછા હતા પૈસા. ૩૫-૪૦ હજાર. અને એની પાસે ૮૦ હજાર. ..ભાઈ છે ને બધી ખબર છે આ તો છેક ૭૧ની સાલથી. આહાહા..! આ તો બધો ફેરફાર થયા કરે છે. આવે.. જાય.. આ માર્ગ જે મળવો. આહાહા..! કહો, જયંતિભાઈ! આ જયંતિભાઈ અમારે લાઠી એ બધા શેઠિયા હતા ને ત્યાં સ્થાનકવાસીમાં અગ્રેસરો બધા. અમરચંદભાઈ ને નારણશેઠ ને. આહાહા..!

કહે છે કે એવા તત્ત્વદૃષ્ટિથી ભ્રષ્ટ થયેલા છે એ સાધુ, આચાર્ય, ઉપાધ્યાય નામ ધરાવીને જગત પાસે વિનય ચાહે છે તે અમને વિનય કરો અમે સાધુ છીએ. એ બધાના ફળ ત્રસની સ્થિતિ પૂરી થઈ લાગે છે. આહાહા..! એય..! માણેકલાલજી! આવી વાત છે. આહાહા..! ટાકણે આવી વાત આવી આ શેઠિયાઓ આવ્યા ત્યારે. કાલે જરી આવી ગાથા આવી. સાંભળે તો ખરા. શું થાય? મનુભાઈ! અને એની શ્રદ્ધા કરે તો એને તો સ્વનો આશ્રય થાય ત્યારે જ શ્રદ્ધા થાય. કેમકે મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ થઈને એકતા .. એની શ્રદ્ધા કરવા જાય, ત્યાં તો ત્રણનો અંદરનો આશ્રય કરે ત્યારે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક નવા હશે એને આકરું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ દિ' સાંભળ્યું ન હોય કોઈ દિ' કાંઈ. એને રળવામાં મજુરીમાં ગયા હોય વખત બધો. પછી પાંચ-દશ લાખ ભેગા થાય મજુરી કરી કરીને. મજુર છે ને બધા. વેપારના ધંધા મજુર છે મોટા.

આહાહા..! પછી ભલે પાંચ-પચ્ચીસ લાખ ભેગા થાય અને મરીને જવાના નીચે. સમજાણું કાંઈ?

અહીં તો આવો વીતરાગ માર્ગ ઉજળો સંતોએ કહ્યો અને એનાથી વિરૂદ્ધ માને એ સંતોનો અનાદર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એવા વિરૂદ્ધ શ્રદ્ધાવાળાને વંદન કરે, માને. એ પછી ગાથામાં આવે. એ બોધિથી ભ્રષ્ટ છે. આહાહા..! ચીમનભાઈ! આવો માર્ગ છે! '**એકેન્દ્રિય હોકર નિગોદ મેં વાસ કરેંગે - ઈસપ્રકાર જાના જાતા હૈ.**'

હવે ૧૩. છોટુભાઈ બતાવતા હતા એ. એ તો અહીંથી દેખાતું હતું. એ પાનું દેખાતું હતું. '**આગે કહતે હૈં કિ જો દર્શન ભ્રષ્ટ હૈં, ઉનકે લજ્જાદિક સે ભી પૈરોં પડતે હૈં, વે ભી ઉન્હીં જૈસે હી હૈં...**'

जे वि पडंति य तेसिं जाणंता लज्जागारवभयेण।
तेसिं पि णत्थि बोही पावं अणुमोयमाणाणं।।१३।।

'**અર્થ :- જો પુરુષ દર્શન સહિત હૈં...**' જેને સાચી શ્રદ્ધા યથાર્થ મળી છે મૂળસંઘની અને આત્માના આશ્રયની. સમજાય છે કાંઈ? '**વે ભી જો દર્શન ભ્રષ્ટ હૈં ઉન્હેં મિથ્યાદષ્ટિ જાનતે હુએ ભી ઉનકે પૈરોં પડતે હૈં,...**' વિનય કરે છે, પગે લાગે છે. આહાહા..! રતિભાઈ! આ ટાકણે તમે અહીં આવ્યા આમાં. આ ગાથા વળી આવી. આહાહા..! '**ઉનકી લજ્જા, ભય, ગારવ સે વિનયાદિ કરતે હૈં, ઉનકે ભી બોધિ અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ નહીં હૈ,...** ' આવા જે ભ્રષ્ટો જૈનદર્શનથી સંપ્રદાયના આચાર્ય, સાધુને કોઈ પગે લાગે. પોતે શ્રદ્ધાવંત છે. ખોટી શ્રદ્ધાવાળા તો બેય સરખે સરખા. પણ સાચી શ્રદ્ધાવાળો હોય ને આવાઓને લજ્જાથી, ભયથી, ગર્વથી પગે લાગે તો બોધિ દુર્લભ છે એને. એ પણ નિગોદમાં જશે. યજમાન અને આ બધા ભેગા. છે ને ઓલામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનાર્ણવમાં આવે.

ઉત્તર :- હા જ્ઞાનાર્ણવમાં આવે.

'**ક્યોંકિ વે ભી મિથ્યાત્વ જો કિ પાપ હૈ ઉસકા અનુમોદન કરતે હૈં.**' આહાહા..! જેની શ્રદ્ધા સ્થાનકવાસી, શ્વેતાંબર, દેરાવાસી એ લોકો સત્ય શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. એ સાધુઓ સાધુ જ નથી. એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! ગજબ વાતું. આકરું બહુ બાપુ. એક જણા કહેતા હતા એક ફેરી ભોગીભાઈ. અમદાવાદ જાવ તો ધ્યાન રાખજો, કહે. કોક ઝેર ન દઈ દે કહે. કીધું, આમાં તો જે એની સ્થિતિ હશે એમ થાશે. સત્ય તો આ છે. ભોગીલાલે કહ્યું હતું એક ફેરી. ત્યાં વડવા આશ્રમ છે મોટો. એમના પિતાશ્રીએ કરાવેલો. ભોગીભાઈ બહુ નરમ માણસ. માર્ગ તો બાપુ આ છે ભાઈ! એનાથી વિરૂદ્ધ માન્યતાવાળા એને કોઈ પગે લાગે, એનો વિનય કરે, એ પણ બધા એના જેવા જ છે. આહાહા..! પંડિતજી!

મુમુક્ષુ :- સવારે તો એમ કહ્યું...

ઉત્તર :- હા એ. .. એ આવે છે. લોભી ગુરુ, લાલચી ચેલા..

મુમુક્ષુ :- દોનોં નરક મેં છેલમછેલા.

ઉત્તર :- છેલમછેલા. આહાહા..! માર્ગ બાપુ આવો છે.

કહે છે, જે જૈનદર્શન સાચું હતું એનાથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. એવાઓને લજ્જાથી. એ કહેશે લજ્જાનો અર્થ. '**કરના, કરાના, અનુમોદન કરના સમાન કહે હૈં.**' '**યહાં લજ્જા તો ઈસપ્રકાર હૈ કિ હમ કિસી કી વિનય નહીં કરેંગે તો લોગ કહેંગે યહ ઉદ્ધત હૈ,...**' એય..! ..જી!

મુમુક્ષુ :- અમારે શું કરવું? ...

ઉત્તર :- એ તમારે સમજવાનું કે મારે? આહાહા..! માર્ગ તો એવો છે બાપુ હોં! કોઈથી મળે એવો છે? આહાહા..!

'**યહાં લજ્જા તો ઈસપ્રકાર હૈ કિ હમ કિસી કી વિનય નહીં કરેંગે તો લોગ કહેંગે યહ ઉદ્ધત હૈ, માની હૈ, ઈસલિયે હમેં તો સર્વ કા સાધન કરના હૈ.**' આપણે જય નારાયણ બધે નમસ્કાર કરવા. એમ માનનારા મૂઢ જીવો છે કહે છે. જય નારાયણ આપણે જય ભગવાન. આહાહા..! આવો માર્ગ છે. કેવળી પરમેશ્વરે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. આ કેવળીને કેવળીનો પ્રરૂપિત ધર્મ છે. દિગંબર ધર્મ એ કેવળીનો કહેલો છે. બીજાઓએ તો કલ્પનાથી માનીને શાસ્ત્રો બનાવ્યા. આહાહા..! ભગવાનનું નામ આપ્યું માથે એટલે લોકો શંકા ન કરી શકે. બનાવ્યા છે આચાર્યે. એ મિથ્યાદૃષ્ટિ આચાર્યે બનાવ્યા છે.

જુઓને અહીંયા કહે છે કે આવું જે માને, વસ્ત્ર, પાત્ર લખે શાસ્ત્રમાં, એ બધા મિથ્યાદૃષ્ટિ છે. એમ કીધું કે નહિ ભાઈ? આહાહા..! જેણે ભગવાનના માર્ગથી વિરૂદ્ધ કરીને મુનિને વસ્ત્ર ને પાત્ર ઠરાવ્યા, એવો જે માર્ગ એ તો મિથ્યાદૃષ્ટિએ રચેલો છે. આહાહા..! ગજબ વાતું ભાઈ! એ ૪૫, ૩૨ સૂત્રો મિથ્યાદૃષ્ટિએ રચેલા. મુનિએ તો નહિ, સમકિતીએ પણ નહિ. આહાહા..! આવી વાત છે. જાદવજીભાઈ! હવે તો આવી ગયાને તમે અહીંયા. આહાહા..!

'**ઈસપ્રકાર લજ્જા સે દર્શનભ્રષ્ટ કે ભી વિનયાદિક કરતે હૈં તથા ભય ઈસપ્રકાર હૈ કિ યહ રાજમાન્ય હૈ...**' મોટા સાધુ હોય રાજમાન્ય. રાજા માનતા હોય '**ઔર મંત્ર, વિદ્યાદિક કી સામર્થ્યયુક્ત હૈ,...**' મંત્ર વિદ્યા આવડતી હોય. આહાહા..! '**ઈસકી વિનય નહીં કરેંગે તો કુછ હમારે ઉપર ઉપદ્રવ કરેગા;...**' એમ માનીને વિનય કરે. આહાહા..! એ પણ નિગોદગામી છે કહે છે.

મુમુક્ષુ :- ભયની વ્યાખ્યા.

ઉત્તર :- ભયની વ્યાખ્યા છે. આજ વળી રોકાઈ ગયા વળી. કહે અમારે સાંભળવું છે. શાંતિભાઈએ

કીધું સવારમાં. ભાઈ અહીં રોકાઈ ગયા છે. સારું કર્યું, બાપુ! આહાહા..!

લજ્જાથી અને ભયથી '**કુછ હમારે ઉપર ઉપદ્રવ કરેગા; ઈસપ્રકાર ભય સે વિનય કરતે હૈં તથા ગારવ તીન પ્રકાર કા કહા હૈં; રસગારવ, ઋદ્ધિગારવ, સાત ગારવ. વહાં રસગારવ તો ઐસા હૈ કિ મિષ્ટ, ઈષ્ટ, પુષ્ટ ભોજનાદિ મિલતા રહે,...**' મીઠા, પ્રેમી અને પુષ્ટ એવા માવા, મેવા મળ્યા કરે. '**તબ ઉસસે પ્રમાદી રહતા હૈ...**' પછી તે ગમે તેનો વિનય કરે. એને કાંઈ ભાન રહે નહિ. એ બધા મૂઢ જીવો. આહાહા..! એ રસગારવ.

'**તથા ઋદ્ધિગારવ ઐસા હૈ કિ કુછ તપ કે પ્રભાવ આદિ સે ઋદ્ધિ કી પ્રાપ્તિ હો...** ' મિથ્યાદૃષ્ટિ હોય એને પણ કોઈ વખતે એવું થાય. ગૌરવ થઈ એને મોટપ માને. અમે મોટા છીએ મોટા. અમારે દેવ આવે છે, અમારે ફલાણું આવે છે, અમારે આમ નાખે છે. શું કહેવાય? વાસક્ષેપ આવે છે. ઉડાવે છે ને હમણા ઘણું? ફલાણી બાઈ પાસે વાસક્ષેપ આવે. નાખે.. ગપેગપ બધું. પણ સાચું હોય તો... અરરર..!

મુમુક્ષુ :- પણ સાચું હોય તો?

ઉત્તર :- સાચું હોય તો એમાં શું થયું? એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. એવાઓને બહુમાન દેવું એ મિથ્યાત્વના લક્ષણ છે કહે છે. એય..! જયંતિભાઈ! શું છે આ? અમારે પૂનમભાઈ પણ ટાંકણે આવી ગયા છે. આવો માર્ગ છે. વસ્તુ છે એ તો એણે જાણવી જોઈએ ને. આહાહા..!

મુમુક્ષુ :- અહીં જ રહેવું જોઈએ.

ઉત્તર :- આહાહા..!

કહે છે, એવો કોઈ તપસ્યા આદિ હોય ને કંઈક પ્રભાવ પણ પ્રગટ્યો હોય, છતાં છે તો મિથ્યાદૃષ્ટિ. એવાઓનો વિનય નહિ કરીએ તો આપણને નુકસાન કરશે. એમ કરીને વિનય કરે. એ તો મૂઢ જીવ છે. આહાહા..! '**તથા સાત ગારવ ઐસા હૈ કિ શરીર નિરોગ, કુછ ક્લેશ કા કારણ ન આયે તો સુખીપના...**' સુખીયા. આપણે શાતાશીળીયા કહે છે ને? એય..! શાતાશીળીયા.. ખાઓ, પીવોને.. એ ગમે તેનો વિનય કરે અને ગમે તે કરે. એ મરીને જાશે નિગોદમાં. અરેરે..! આવી વાત સાંભળવા મળી નથી. માંડ સાંભળવા આવ્યા હોય ત્યાં આવું સાંભળે. એય..! જયંતિભાઈ! બાપુ! માર્ગ તો તારો નાથ આવો છે. અરેરે..! વીતરાગનો માર્ગ એ જ આત્માનો માર્ગ છે. આહાહા..! નિશ્ચય અને વ્યવહાર જે વીતરાગે કહ્યો છે એ જ માર્ગ છે. એમાંથી ભ્રષ્ટ થઈને સાતગારવથી પણ પગે લાગવું એ લોકોને. આહાહા..! '**તબ દર્શનભ્રષ્ટકી ભી વિનય કરને લગ જાતા હૈ.**' આહાહા..!

'**ઈત્યાદિક ગારવભાવ કી મસ્તી સે ભલે-બૂરે કા કુછ વિચાર નહીં કરતા, તબ દર્શનભ્રષ્ટકી ભી વિનય કરને લગ જાતા હૈ. ઈત્યાદિ નિમિત્ત સે દર્શન-ભ્રષ્ટ કી વિનય કરે તો ઉસમેં મિથ્યાત્વ કા અનુમોદન આતા હૈ;...**' આહાહા..! મિથ્યાશ્રદ્ધાનું મહાપાપ કસાઈખાના

કરતા પણ મોટું પાપ છે. પણ હવે એ લોકોને મિથ્યા શ્રદ્ધાની ખબર નથી. કસાઈખાનાથી, વિપરીત શ્રદ્ધાનું પાપ મહા અનંતગણુ છે. અને સમ્યગ્દર્શનનું ફળ આખા ધર્મનો એ કર્ણધાર છે જેથી અલ્પકાળમાં એને મુક્તિ પ્રાપ્ત થાય એવું સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ કા અનુમોદન આતા હૈ;...'** એવી મિથ્યા શ્રદ્ધાવાળાઓને વિનય કરવામાં મિથ્યાત્વનું અનુમોદન થાય છે. **'ઉસે ભલા જાને તો આપ ભી ઉસી સમાન હુઆ, તબ ઉસકે બોધિ કૈસે કહી જાયે?'** એને સમ્યગ્દર્શન-જ્ઞાન ક્યાંથી મળે? આહાહા..! અરે..! દુર્લભબોધિ ભાવના એની જેને ખબર અને કિંમત નથી. બાહ્ય ત્યાગમાં બિચારા મૂંઝાઈ ગયા. બાયડી છોડી તો આ બ્રહ્મચર્ય પાળે છે, આ કરે છે આ. હવે મિથ્યાદૃષ્ટિ દૃષ્ટિ જૂઠી છે એનું શું? આહાહા..! કોઈ બાયડી-છોકરા છોડી શકે નહિ અને ઓલા છોડીને બેઠા. સારા છે ને, આપણાથી તો સારા છે ને એ. એમ કહે છે ને. એમ કહે છે. બધી અમે પણ તો અહીં... ૬૦ વર્ષ તો આ થયા. બધી ખબર છે ને. આહાહા..! આ કુંદકુંદાચાર્ય મહારાજે ભગવાન પાસેથી જે સાંભળ્યું હતું અને અંતરમાં અનુભવ્યું હતું તે વાત જગત પાસે ભગવાન પ્રસિદ્ધ કરે છે. માર્ગ આ છે બાપા! ત્યાં કોઈને માટે, કોઈ વ્યક્તિને માટે આ વાત નથી. વસ્તુનું સ્વરૂપ, વીતરાગદેવ ત્રણ લોકના નાથનો માર્ગ આ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૨, સોમવાર તા. ૦૮-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૪, પ્રવચન - ૨૧**

આ અષ્ટપાહુડ છે. ૧૪મી ગાથા. જૈનદર્શન ધર્મની મૂર્તિ કોને કહેવી? મૂર્તિ. અહીંયાં ખુલાસો કુંદકુંદાચાર્ય સ્પષ્ટ કરે છે કે જૈનધર્મ એટલે જૈનનો મત. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાની એમનો જે અભિપ્રાય એ જૈનદર્શન શું છે? એમાં કુંદકુંદાચાર્ય એ સ્પષ્ટ વાત કરે છે.

दुविंह पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।

આ અર્થમાં વળી આણે એમ કહ્યું છે કે નિર્ગ્રંથપણું તેરમે હોય એમ ભાઈ આ અગાસવાળા... એ અહીંયા વાત નથી. એ વાત નથી. કેમ? ટીકાકારે કહ્યું છે કે મુનિનું આવું સમકિત હોય. એમ એ વાત નથી. મુનિનો માર્ગ છે નિશ્ચય, વ્યવહાર અને નિમિત્ત એને અહીંયાં દર્શન, જૈનદર્શન કહેવામાં આવે છે. વાત તો આ છે. સમજાણું કાંઈ? હવે વળી એમ કહ્યું આ ટીકા જોઈને એમ કે મુનિનું સમકિત છે. એ કહેતા હતા ને શાંતિલાલજી કહેતા હતા. મુનિને નિશ્ચય સમકિત હોય એમ કહેતા હતા. એ આવું લખ્યું હોય ને તો કહે. એ આવી વાત જ નથી અહીં. સમકિત એટલે પછી...

દર્શન, જૈનદર્શન એટલે વીતરાગી મત, વાસ્તવિક એ કોને કહેવો? પછી એની શ્રદ્ધા કરે એને સમકિત થાય, એ તો શ્રદ્ધા પછી આત્માને આશ્રયે થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– પહેલા આ જાણવું જોઈએ કે પહેલો સીધો જ આત્માને?

ઉત્તર :– નહિ, એ તો સીધો કોકને જરી પૂર્વના સંસ્કાર હોય... પણ આ સાધારણ માણસને તો આ શ્રદ્ધા પહેલી જાણવી જોઈએ.

મુમુક્ષુ :– .. એમ માને કે અમે સાધારણ છીએ.

ઉત્તર :– એમ નહિ. સાધારણ એટલે જેને ચડવું છે શરૂઆતથી. એને તો આ જ જાણવું જોઈએ, માનવું જોઈએ. પણ પૂર્વના સંસ્કારને લઈને કોઈ આ વાતનો ખ્યાલ ન હોય અને સમકિત થઈ જાય.

મુમુક્ષુ :– .. વાત છે.

ઉત્તર :– વસ્તુસ્થિતિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સાદિ.

મુમુક્ષુ :– .. પૂર્વના સંસ્કાર હોય.

ઉત્તર :– સંસ્કાર એ.

મુમુક્ષુ :– .. હોય તો એ પૂર્વના સંસ્કાર લે.

ઉત્તર :– સંસ્કાર લે પાછા. એ આ. એ જ કહ્યું જુઓ. સાદિ પણ પૂર્વના સંસ્કાર હોય અને આ વાત બહારમાં આવું નિર્ગ્રંથપણું એ ન લક્ષમાં હોય પહેલું અને એને અંતરમાંથી આવી જાય. સાધારણને માટે તો આ મોક્ષમાર્ગ છે. એ બધું જોયું. અહીં શું લખ્યું છે કીધું આમાં. બેમાં.

મૂળ તો અહીં જૈનદર્શન એટલે આત્માનું વાસ્તવિક વીતરાગ મૂર્તિ એનું સ્વરૂપ છે આત્માનું ધ્રુવ. એવી જ એની વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન, એવું જ વીતરાગી સમ્યગ્જ્ઞાન અને વીતરાગી ચારિત્ર. અને એની ભૂમિકામાં પંચ મહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પની વ્યવહારની મર્યાદા જ એવી હોય છે અને એ અભ્યંતર નિમિત્ત તરીકે, અભ્યંતર શુદ્ધ ચૈતન્ય આત્મા, એનો દર્શન, જ્ઞાન, ચારિત્ર એ અભ્યંતર ઉપાદાન. અને અઠ્યાવીશ મૂળગુણ આદિ જે છે એ અભ્યંતર નિમિત્ત. અને બાહ્ય નિમિત્ત નગ્નમુનિપણું. એ આ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? વજુભાઈ! એય..! દેવીલાલજી! અહીંયાં આવો આમ મોઢા આગળ. આવો માર્ગ છે.

હવે અહીં તો પોતે કુંદકુંદાચાર્ય... '**दंसणं होदि**' શબ્દ છે. એ દર્શનની વ્યાખ્યા ભાઈએ બરાબર કરી છે. દર્શન લખ્યું છે ને ભાવાર્થમાં? દર્શન એટલે મત. એ '**दंसणमग्गं**' જે ત્યાં હતો પહેલો શબ્દ, ત્યાં જૈનમત કહ્યો છે. એ વાત સંધિ લઈ જાય છે. વાસ્તવિક વીતરાગ ત્રિલોકનાથ કેવળી પરમાત્મા એમનો કહેલો જે નિશ્ચય મોક્ષમાર્ગ એ આત્માને આશ્રયે થયેલું, કેમકે એ આત્મા પોતે જ વીતરાગ મૂર્તિ

છે. એ વીતરાગ મૂર્તિ આત્મા એને આશ્રયે થયેલી દૃષ્ટિ એ પણ વીતરાગી પર્યાય જ છે. એને આશ્રયે થયેલું જ્ઞાન એ વીતરાગી જ્ઞાન અને એમાં રમણતા ચારિત્ર એ વીતરાગી ચારિત્ર છે. આ નિશ્ચય જૈનદર્શન. અને એની ભૂમિકામાં અઠ્યાવીશ મૂળગુણ આદિ હોય છે. એ જ હોય, બીજું હોય નહિ. એ વ્યવહાર ઉપચારિક જૈનદર્શન. અને સાથે દિગંબરપણું એ અસદ્ભૂત વ્યવહારનયનું નિમિત્તપણું.

મુમુક્ષુ :- શુભભાવમાં..

ઉત્તર :- એ પછી કહેશે. આ તો આટલું પહેલું. આ સ્થિતિમાં આવું હોય. સમજાણું કાંઈ? પછી આ ભાઈએ એમ કર્યું અગાસવાળાએ એમ કે નિર્ગ્રંથપણું તો તેરમે પૂરું હોય. એ અહીં વાત છે જ નહિ. એને પાછો ઓલો બચાવ કરવો છે કે .. ત્યારે નહોતા. એટલે ચોથે ગુણસ્થાને નિર્ગ્રંથની શરૂઆત થાય, પૂરું તેરમે થાય. એ અહીં વાત નથી. છઠ્ઠા ગુણસ્થાનની જે ત્રિકાળ નિશ્ચય, વ્યવહાર અને નિમિત્ત એ જૈનદર્શન એ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદું. એ તો અપેક્ષાથી કહ્યું. મુનિપણું નહોતું. ... ... વસ્તુસ્થિતિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાનસ્વરૂપે આચરણ હોય. અરરર..! પણ આ જે કહે છે એ બીજી વસ્તુ છે. આ તો બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથપણું એ બધી વ્યાખ્યા મૂળ ગાથામાં આવે છે. કુંદકુંદાચાર્યને એમ કહેવું છે કે આ '**दंसणं होदि**' અહીં '**दंसणं**' એટલે સમકિત એકલું એમ નથી. આ બધી આખી સ્થિતિ.

મુમુક્ષુ :- નિશ્ચય સહિતનો વ્યવહાર આવો હોય.

ઉત્તર :- આવો હોય, નિમિત્ત આવું હોય, નિશ્ચય આવો હોય એ ધર્મની મૂર્તિ જિનદર્શન. જિનદર્શનની મૂર્તિ એ છે.

મુમુક્ષુ :- એવી જેને વ્યવહારશ્રદ્ધા ન હોય તો સમ્યગ્દર્શન ક્યાંથી?

ઉત્તર :- એની વસ્તુ છે જ ક્યાં? એ પછી. બરાબર આવું જૈનદર્શન છે, બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથપણું અને અઠ્યાવીશ મૂળગુણ જે ભગવાને કહ્યા. ચરણાનુયોગમાં કહ્યું છેને. જિનવરે તો આ કહ્યું છે. અઠ્યાવીશ મૂળગુણ કહ્યા છે. કુંદકુંદાચાર્ય. એ કુંદકુંદાચાર્ય અહીં ગાથામાં કહે છે. સમજાણું કાંઈ? પહેલું જૈનદર્શન એટલે દિગંબર મુનિ સાચા. ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળા અને એને અઠ્યાવીશ મૂળગુણ, નગ્ન એને જૈનદર્શન કહેવામાં આવે છે. જેના દેખાય છે આ દર્શન એમ. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવી વ્યાખ્યા છે. આહાહા..!

ત્યારે ઓલા વળી એમ કહતે હતા કાલે નંદલાલભાઈ. પણ એ તો ભૂલ કરનારે કહ્યું પહેલી. એને માટે. હવે આ લોકોને ક્યાં ખબર છે ભૂલની? એને શું વાંધો? ..માનનારને. એમ. .. લેવા જાય ત્યાં ત્રણવાર ટકોરા મારીને પૈસા દે. અને અહીં ધર્મની પરીક્ષા વિના માનીને બેસે. અજ્ઞાન છે એ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. ધર્મ બર્મ .. એમ નહિ. એ તો કહે ભૂલ તો એણે કરી. આણે ક્યાં કરી છે? આણે તો બરાબર માન્યું છે કે આ જ છે. એમ કાઢ્યું છે. એ અજ્ઞાન પરંપરા કુળમાં ચાલ્યો આવેલો માર્ગને માનવો એ પણ યથાર્થ નથી. દિગંબર સંપ્રદાય મળ્યો હોય વાડાનો, તોપણ નથી. મોક્ષમાર્ગ પ્રકાશમાં ઘણું કહ્યું છે. કુળમાં આવેલો ધર્મ માને એને ધર્મની પરીક્ષા ક્યાં છે? એ કુળ છોડી દેશે તો એ પણ છોડી દેશે. એને ક્યાં ધર્મનું છે? વાસ્તવિક સર્વજ્ઞ પરમેશ્વરે જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન એવા સર્વજ્ઞ ધર્મના મૂળ છે. એમણે જોયેલો માર્ગને કહ્યો એ આ માર્ગ છે. આહાહા..!

અહીં તેરમા ગુણસ્થાનની વાત નથી. ભલે ચોથે પછી અંશે લે એ જુદી વાત છે નિર્ગ્રંથપણું. પણ આ તેરમાની અહીં વાત છે જ નહિ. કારણ કે અહીં તો સંયમ પાળનાર છે, મન, વચન, કાયામાં સંયમ સહિત છે એ દશા મુનિની વાત વર્ણવે છે. ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાનનું વર્ણન છે આ. સમજાણું કાંઈ? આ તો ભાઈ વસ્તુ જેમ હોય એમ આવે, બીજું ક્યાંથી આવે? એમાં આત્માનું શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ સમ્યગ્જ્ઞાન અને જેમાં સ્વરૂપની ચારિત્રદશાની રમણતા એટલે અભ્યંતર પણ રાગનો ત્યાગ અને બાહ્યમાં વસ્ત્રાદિનો ત્યાગ અને અઠ્યાવીશ મૂળગુણ આદિથી અશુભરાગાદિનો ત્યાગ. એવું જે નગ્નપણું બાહ્ય અને અભ્યંતર બે, એને અહીં જૈનદર્શન દેખાય કે આ દર્શન છે એને અહીં જૈનદર્શન કહે છે. દેવીલાલજી! આહાહા..!

જેને પહેલે વર્ણવતા તો આવ્યા છે કે મૂળસંઘ છે મૂળ. એમાં આ ચાલ્યું આવ્યું છે ને. દિગંબર સંઘ એ મૂળસંઘ છે. એમાંથી આ ભ્રષ્ટ થયા શ્વેતાંબર અને સ્થાનકવાસી એ જૈનદર્શન નથી. નવનીતભાઈ! આવી છે ઉઘાડી વાત. આહાહા..! માર્ગ આ છે. મોક્ષમાર્ગ ભગવાને આ રીતે કહ્યો છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

**'અર્થ :- જહાં બાહ્યાભ્યંતર ભેદ સે દોનોં પ્રકાર કે પરિગ્રહ કા ત્યાગ હો...'** અભ્યંતર પણ રાગ નહિ, બાહ્યમાં કપડા નહિ. વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબ કાંઈ નહિ. એવી જેની દશા. આહાહા..! મોહનભાઈ અંદર નથી આવતા? મોહનભાઈને કેમ છે? એય..! શ્રીચંદજી! મોહનભાઈને બેસવા દ્યો ત્યાં. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે બાપુ! આ કોઈ પક્ષ નથી. એ આત્માના સ્વરૂપની સ્થિતિ જ આવી છે કે જેને બાહ્ય અને અભ્યંતર બે ભેદનો પરિગ્રહનો ત્યાગ હોય, વસ્ત્ર-પાત્ર એને ન હોય, અભ્યંતરમાં એને નિશ્ચય મોક્ષમાર્ગમાં રાગ ન હોય.

**'ઔર મન-વચન-કાય ઐસે તીનોં યોગોં મેં સંયમ હો...'** જોયું! મન, વચન અને કાયા એનાથી કરણ, અનુમોદન આદિ સંયમ, નવ કોટીએ સંયમ હોય. આહાહા..! સમજાય છે કાંઈ? **'તીનોં યોગોં મેં સંયમ હો તથા કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કારણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો...'** એ કેમ કહ્યું છે એમ? કે કોઈ જૈનદર્શન આવો માર્ગ છે એના સિવાયના બીજા કોઈ માર્ગ જ્ઞાનના

ઉઘાડમાં વિશેષ હોય તો એને અનુમોદન ને કરાવવું આવી જાય એ વસ્તુ ન હોય. સમજાણું કાંઈ? કરવું, કરાવન અને અનુમોદન. નવ-નવ કોટીએ જેનું જ્ઞાન શુદ્ધ હોય. પછી કોઈ વધારે જ્ઞાનના ક્ષયોપશમવાળા બીજા પ્રાણી દેખાય અને .. મારતા હોય આમ સભામાં. બબ્બે લાખ લાખની. એમાં કંઈપણ ઠીક છે એમ થઈ જાય તો એ જ્ઞાન શુદ્ધ નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંક એવું.. જેનું જ્ઞાન કરણ, કરાવન, અનુમોદનથી, મન, વચન, કાયાથી શુદ્ધ હોય એમ આચાર્યનું હૃદય છે. સમજાય છે કાંઈ? ખોટા જ્ઞાન જેના ઘણાં હોય એમાં એને કાંઈક લાગે કે મારું આ તો જ્ઞાનમાં કાંઈક ઠીક છે. એમ ન હોય એને. સમજાય છે કાંઈ? મુનિ હો, જ્ઞાન તો હોય, પણ થોડું હોય. અને બીજાને કોઈ વધારે બાહ્ય વિકાસ ક્ષયોપશમ આદિ હોય, પણ મુનિનું જ્ઞાન, જૈનદર્શનનો સંત જે છે એનું જ્ઞાન મન, વચન, કાયા, કરણ, કરાવન, અનુમોદન શુદ્ધ હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**તથા નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપને કો ન લગે,...** ' આહાર. નિર્દોષ આહાર. જેમાં કરેલું, કરાવેલું, અનુમોદના પોતાને ન લાગે. ઠીક! એવો આહાર. '**ઐસે ખડે રહકર...**' ઊભા ઊભા પાણિપાત્ર. પાણિ એટલે હાથ. સમજાણું કાંઈ? '**રહકર પાણિપાત્ર મેં આહાર કરે, ઈસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' આવું જ મૂર્તિ, આવું સ્વરૂપ તેને જૈનદર્શન કહે છે. આહાહા..! ગજબ વાત છે. અનંત તીર્થંકરો અને અનંત કેવળીઓનો આ મત છે. સમજાણું કાંઈ? એ અર્થ કરે છે.

'**ભાવાર્થ :- યહાં દર્શન અર્થાત્ મત હૈ;...**' એ શરૂઆત કરીને લાવ્યા છે. '**दंसणमग्गं**' ત્યાંથી એ વાત ધારાવાહી રાખી છે. નહિતર મેળ ખાય એવું નથી. જેમ આને '**दंसणं**' કહ્યું. આને સમકિત કહ્યું છે એકલું. આવું છઠ્ઠું ગુણસ્થાન હોય, આવી ક્રિયા હોય એને સમકિત કહેવું. એ કહે છે આમાં લખ્યું છે. એ સાધુનું સમકિત આવું હોય મુનિનું. પણ મુનિનું સમકિતની વ્યાખ્યા ક્યાં છે? સમજાણું કાંઈ? શાંતિલાલ કહેતા. સાધુ હોય, ચારિત્રવંત હોય એને જ નિશ્ચય સમકિત હોય. આવું તો ત્યારે વાંચ્યું હોય ને એ લોકોએ. આગળ-પાછળ કોઈ ન હોય એટલું. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર અને દિગંબર બેય સરખા છે એમ અહીંયાં નહિ રહી શકે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જરી બરાબર સ્પષ્ટ નહોતું. માર્ગ તો આ અનાદિનો સનાતન આ છે. દિગંબર અને શ્વેતાંબરના આચાર્યોનો અભિપ્રાય એક હતો. .. એ અહીં નહિ મેળ ખાય.

અહીં તો કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે જે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો,. કુંદકુંદાચાર્ય પોતે ગાથામાં આમ કહે છે ને. ઓલી ૧૪મી ગાથા આવી જુઓ. ૧૪ ગુણસ્થાન. ૧૪માં આ આવ્યું. આ તો જગતના નિયમ પ્રમાણે બધી ગાથાઓ... એ કોઈનું કર્યું થાય છે? એ ટાણે એ જ ગાથા એ જ થવાની હોય છે તે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈને એમ

લાગે આ તો દિગંબરનો પક્ષ ખેંચે છે. આ તો વસ્તુ જ આવી છે. પક્ષ દિગંબર પક્ષ નથી. દિગંબર તો વસ્તુના સ્વરૂપની જાતનું વર્ણન છે. આહાહા..! શું થાય? ઝઘડા ઉભા કર્યા. તીર્થ માટે ઝઘડા. અરર..! આ લાખોના ખર્ચા. લખાણ બહુ આવે છે. અરે..! કોઈ વ્યક્તિ પ્રત્યે વેર-વિરોધ તો સપનામાં ન હોય. પણ માર્ગ તો જે છે એ હોય, બીજો શી રીતે હોય? એથી કોઈ બીજો માર્ગ અને આ માર્ગ-બે, એ પણ પંચમ કાળમાં આવું પણ એક હોય સાધુપણું, કાળ હલકો છે માટે (એમ ન હોય). એ કાંઈક કહેતા હતા. કાળ બદલાણો, સમય બદલાણો. સમય બદલાય એથી શું? માર્ગ બદલાતો હશે? સમજાણું કાંઈ?

'**દર્શન અર્થાત્ મત હૈ;...**' આહાહા..! ટીકા કરનારે હૃદયને ખોલ્યું છે. કુંદકુંદાચાર્યનું હૃદય આ છે. '**બાહ્ય વેષ શુદ્ધ દિખાઈ દે...**' બાહ્ય વેષ શુદ્ધ એટલે દિગંબર. એ દેખાય. આહાહા..! '**વહ દર્શન;...**' દર્શનની વ્યાખ્યા કરે છે ને? કે દર્શન એટલે મત. અને એટલે કે '**વહાં બાહ્ય વેષ શુદ્ધ દિખાઈ દે...**' એમ. '**વહ દર્શન હૈ;...**' આહાહા..! '**વહ દર્શન...**' વસ્તુ તો અંદર આત્મા કબુલે અહીંથી ત્યારે ચાલે ને. એમ કાંઈ એમ ને એમ ચાલે? આહાહા..! સમજાણું કાંઈ? દર્શન એટલે મત. '**વહાં બાહ્ય વેષ શુદ્ધ દિખાઈ દે વહ દર્શન;...**' એમ. દિગંબરપણું મહા... એકલું દિગંબરપણું નહિ એટલે અંદર સહિતનું બાહ્ય દેખાય. જેને આવી દશા આવે એને અંદર આવી દશા હોય જ એમ લેવું છે અહીં. અજ્ઞાની દ્રવ્યલિંગી એકલા છે એની અહીં વાત છે નહિ. જેની અંતર દશા વીતરાગી નિર્ગ્રંથ દશા થઈ ગઈ છે એની દશા આવી જ હોય. એવી રીતે અહીં લીધું છે. એ આગળ કહેશે અર્થમાં. યથાજાતપણું કહેતા આવ્યા છે તો એકલું યથાજાતપણું બહાર નગ્ન નહિ એમ કરશે અર્થમાં. ભાઈ!

'**વહી ઉસકે અંતરંગભાવ કો બતલાતા હૈ.**' જોયું! જેની (બાહ્ય) મુદ્રા નગ્ન માતાએ જન્મ્યો (એવો) અને શાંતરસ. જેની ઈન્દ્રિયોમાં બહારમાં શાંતરસ ભળી ગયો છે. આહાહા..! જેમ ઢીમ બરફનું. બરફનું શું કહેવાય એ મોટી? પાટ-પાટ. મુંબઈમાં બહુ પાટુ આવે આમ. ૨૦-૨૦ મણની પાટ. નીકળીએ ત્યારે દેખાય ઓલામાં ખટારામાં. અરે..! મોટી મોટી પાટ ખુલ્લી પડી હોય. લઈ જતા હોય ત્યાં. એ ઘન એમ જેનો આત્મા અંદર ઢીમ થઈ ગયો શાંતમાં. આહાહા..! શાંતરસથી ત્રણ કષાયના અભાવથી જેનો ઉપશમ રસ જેને અંદર શાંત ઢળી ગયો છે. એવી મુદ્રામાં એને દેખાય. આહાહા..! નિર્વિકારીપણું ઉપશાંતપણું. આવે છે ભજનમાં નથી? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એ ભગવાનને કહે છે.

અહીં ભગવાન કહે છે કે જૈનદર્શન આવું હોય. જૈનદર્શન એટલે વસ્તુનો સ્વભાવ છે એ 'જિન સો હી આત્મા.' એ વીતરાગ મૂર્તિ પ્રભુ છે, અકષાય શાંતરસનો કંદ છે. પ્રભુતાની શક્તિનો પરમ પરમ નિધાન, ભંડાર છે. એવી જ શક્તિની વ્યક્તતા પર્યાયમાં એ જાતની આવી છે. એવી દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને એની જાતને યોગ્ય વ્યવહાર વિકલ્પ એવો જ હોય. પંચ મહાવ્રત .. શુદ્ધ આહાર, અદંતધોવન, એ જ ભૂમિકાને યોગ્ય એ જ હોય. બીજું હોય નહિ. એને અહીંયાં દર્શન કહે છે.

આહાહા..!

'**ઉસકે અંતરંગભાવ કો બતલાતા હૈ.**' આ બહાર છે, એવું શાંતરસ અંતરમાં છે એમ બતાવે છે. એકલા નગ્નની અહીં વાત નથી. સમજાણું કાંઈ? '**વહાં બાહ્ય પરિગ્રહ ધન-ધાન્ય...**' મુનિને લક્ષ્મી ન હોય. આ પુસ્તક માટે લક્ષ્મી ભેગી કરે, માગે, મગાવે એવું મુનિને ન હોય. ધન ન હોય, ધાન્ય ન હોય. અનાજ પોતાને પ્રતિકૂળ પડતું હોય તો સાથે મેથી આદિ રાખે. '**ધન-ધાન્યાદિક...**' પત્ર આગળ પછી લેશે. '**ઔર અંતરંગ પરિગ્રહ...**' એ વસ્ત્રાદિ લઈ લેવું આદિમાં. વસ્ત્ર, પાત્ર આદિ ન હોય. અભ્યંતરમાં મિથ્યાત્વ ન હોય, જેને મિથ્યાત્વ હોય તો તો એ નિર્ગ્રંથ છે જ નહિ. જેને અંદરમાં રાગના કણનો કર્તાપણાની દૃષ્ટિ ઊભી છે અને નગ્નદશા એનું કાર્ય મારું છે એવી જ્યાં દૃષ્ટિ છે ત્યાં તો મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણો માર્ગ ભાઈ આ તો. આત્માની વાત કરો તો ત્યાં સુધી તો ઠીક, પછી આવું જ્યારે આવે ત્યારે... પણ આ તો મૂળ વસ્તુ છે આ.

'**મિથ્યાત્વ-કષાયાદિક,...**' કષાય ન હોય જ્યાં. આહાહા..! '**વે જહાં નહીં હો, યથાજાત દિગંબર મૂર્તિ હો...**' યથાજાત જેવો માતાએ જન્મ આપ્યો એવી જેની અંતર અભ્યંતર સહિત બાહ્યની મૂર્તિ હોય. આહાહા..! 'બાહ્યાંતર નિર્ગ્રંથ' આવે છે ને. શ્રીમદ્‌માં આવે છે. અપૂર્વ અવસર અને 'દેહમાત્ર સંયમ હેતુ' એમ લીધું ચોખ્ખું એમાં તો. ત્યાં તો કોઈ વસ્ત્ર ને ફલાણું રાખ્યું નથી. એ પહેલા જરી રહી ગયું છે અંદર. માર્ગ તો આ છે ભાઈ! એણે શ્રદ્ધામાં તો પહેલું આ લેવું પડશે. આવો દિગંબર પરમ ધર્મ આત્માના મોક્ષમાર્ગ સહિત આવી દશા એ જૈનધર્મ છે, એવું એણે પહેલું માનવું પડશે. આહાહા..!

'**યથાજાત દિગંબર મૂર્તિ હો તથા ઇન્દ્રિય-મન કો વશ મેં કરના,...**' ઇન્દ્રિય ને મનને વશ રાખે. ક્યાંય પરપદાર્થની ચેષ્ટામાં ઉત્સાહિત વીર્ય થાય એમ ન કરે. ઉત્સાહ તો પોતાના સ્વભાવ પ્રત્યે વર્તે છે. ધર્મી મુનિને નિર્ગ્રંથ મુનિને તો ઉત્સાહ સ્વભાવ પ્રત્યે વર્તે છે. આગળ આવશે. ઉત્સાહ ને ભાવના ને આવું હોય. સત્યમાં આવો ઉત્સાહ... અસત્યમાં ઉત્સાહ હોય તો મિથ્યાદૃષ્ટિ છે. એ ગાથા જ આવશે. '**ત્રસ-સ્થાવર જીવોંકી દયા કરના,...**' ત્રસની તો હણે નહિ, પણ લીલોતરીનો એક કણ-દાણો, ઘઉં, બાજરો કે દાણો એને પણ હણે નહિ. આહાહા..! આવું મુનિપણું, આવો નિર્ગ્રંથ માર્ગ એને જૈનદર્શન, આત્મદર્શન, મૂર્તિ ધર્મની એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે તો ૩૯ વર્ષ થયા. હવે તો બધું, છોટાભાઈ! ચોખ્ખું તો આવવું જોઈએ ને? આહાહા..!

મુમુક્ષુ :- આખા જગતની બહાર નીકળ્યા વગર મુનિપણું કેમ થાય?

ઉત્તર :- મુનિ કોને કહે? જૈનદર્શન એને કહે. મુનિનો ધર્મ એને જૈનદર્શન કહે. આહાહા..! એની શ્રદ્ધા કરવી, આત્માને આશ્રયે થાય એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિચાર આજ થયો. રામજીભાઈએ એમ કીધું કે ઠીક છે આ. નહિતર પહેલો તો વિચાર તો અમારે ભાઈએ કીધું ને જીવરાજજી કે આઠ વર્ષ થયા. મેં કીધું .. લેવું જોઈએ એમ. પછી તો ઠીક આઠ વર્ષ નથી. હમણાં ત્રણ વર્ષ થયા. તોપણ લીધું ભલે લીધું.

મુમુક્ષુ :- બહુ પ્રયોજનભૂત છે.

ઉત્તર :- લ્યો! અમારે સુજાનમલજી.

મુમુક્ષુ :- ૧૫-૧૫ વર્ષ વયા ગયા. રખડતા રખડતા આ વાત સાંભળ્યા વગર ક્યાંથી જાય?

ઉત્તર :- સાચી વાત છે. એ ત્યાં વ્યાખ્યાન વાંચ્યા હતા તો ..ભાઈ બહુ વખાણ કર્યા હતા. ૪૦ વ્યાખ્યાન તો એક જિજ્ઞાસાના વાંચ્યા. એક જિજ્ઞાસાના. .. હોય. વાંચન હોય એટલે કહેતા હતા છગનભાઈ નહિ? લુહાડિયાની સાથે હતા એ. લખી લીધા છે કહે મેં. એ કહેતા હતા. જિજ્ઞાસા ઉપર વાંચ્યું. જિ-જ્ઞા-સા શબ્દ છે ને એમાંથી કાંઈક કાઢતા હતા. નવરા માણસ છે. માથે કાંઈ બોજો ન મળે. છોકરો છોકરામાં રહ્યો. બાયડી બાયડીમાં રહી. હાથે રાંધો છો? સમજ્યા નહિ. પણ એ તો નિવૃત્તિ એકલાને. ઘણી નિવૃત્તિ હોય. આહાહા..!

અહીં કહે છે. '**જ્ઞાન મેં વિકાર કરના, કરાના, અનુમોદન કરના - ઐસે તીન કારણોં સે વિકાર ન હો...**' આહાહા..! કહો, સંયમ પાળે. મન, વચન, કાયા દ્વારા શુદ્ધ પાલન હો. ત્રસ ને સ્થાવર, છ કાયના જીવ અને પાંચ ઇન્દ્રિય અને મન એ બધાનું સંયમ હોય એને. એ સંયમની વ્યાખ્યા છે ને આ. છકાય ને પાંચ ઇન્દ્રિય, મન એનાથી ખેંચાય અણિન્દ્રિય તરફ ગયું છે વલણ. આહાહા..! એવી જેની અભ્યંતર દશા હોય... એ આ વીતરાગ માર્ગ શું છે એનું આ વર્ણન ચાલે છે. આ તો સામે હોય ત્યારે એનું વર્ણન હોય, નહિતર તો કાંઈ ખેંચીને લાવે છે ઝટ? સમજાણું બેસે નહિ માણસને. આ તો ભગવાન કુંદકુંદાચાર્ય પોતે કહે છે. જે ધર્મના થાંભલા ભગવાન પાસે ગયા હતા. આહાહા..! અહીંની પરંપરા પણ વીતરાગની હતી એને અનુભવમાંથી..માં હતું આહાહા..! એ સનાતન સત્ય કેવું હોય? સનાતન સત્ય આત્માનું અભ્યંતર અને બાહ્ય નિર્ગ્રંથદશા દર્શન-ધર્મની મૂર્તિ આવી હોય. આહાહા..! સમજાણું કાંઈ? ઝાંઝરીજી! લ્યો આવું આવ્યું છે આમાં આજે. પછી આ તકરારું પછી જ્યાં ને ત્યાં કરે છે. ઝાંઝરીજીમાં તકરાર ત્યાં વળી શ્વેતાંબર અને આ દિગંબર.

મુમુક્ષુ :- સમન્વય વધારો.

ઉત્તર :- સમન્યવ લ્યો. ત્યાં સમન્વય માટે બોલાવ્યા. કે ભાઈ અમે તો નહિ આવીએ. વિમલભાઈ કહેતા હતા. અમને બોલાવ્યા છે કહે બાપુજીને. કહે અમારું કામ નહિ ભાઈ! આહાહા..! આ વિદ્યાનંદજી છે ને? સમન્વય કરે છે ને? કોની સાથે બાપુ! સમન્વય? ભાઈ! અરે..! ત્રણ લોકના નાથ બિરાજે છે, સંતો સાક્ષાત્ મહાવિદેહમાં મુનિવરો સાચા સંતો બિરાજે છે. ભાઈ! તને ભરતમાં વિરહ પડ્યા, એથી એનાથી વિરૂદ્ધ ન થાય. સમજાણું કાંઈ? લ્યો, આ સર્વજ્ઞ પરમાત્મા અને સાચા સંતો તો સેંકડો, લાખો

ત્યાં બિરાજે છે. ક્ષેત્રે દૂર રહેતા એમનો જે ભાવ છે એનો અનાદર ન થાય. સમજાય છે કાંઈ?

ઓલામાં નથી આવતું એક? કથામાં આવે છે. કાંઈ ગુરુ બેઠા હોય અને આવું જો હોય તો મોક્ષમાર્ગમાં. આવે છે છેલ્લા બોલમાં. નિર્ગ્રંથ ગુરુ હોય અને આ અવિરોધ માનતા હોય એ તો એનો વિરોધ કરે, મુનિઓનો વિરોધ કરે. એ છે ક્યાંક. 'શિથિલ રાખી અન્ય ધર્મ કેવી રીતે થાય? ઘણું શું કહેવું? સર્વથા પ્રકારે કુદેવ, કુગુરુનું ત્યાગીપણું યોગ્ય છે.' પણ એવું માથે આવે છે. આવા હોય ને મુનિ બિરાજતા હોય અને આવું કરવું એમ. એવું કાંઈક આવે છે હોં. ભગવાન બિરાજતા હોય મુનિ, એમ. આહાહા..! એ પ્રતિકૂળ છે એ.

'એટલે ત્યાં તો ચારિત્રમોહનો જ ઉદય સંભવે છે.' ઓલું પગે લાગે જેને તેને. 'પણ ગુરુના ઠેકાણે કુગુરુને સેવ્યા ત્યાં તત્ત્વશ્રદ્ધાના કારણરૂપ ગુરુ હતા, તેમનાથી આ પ્રતિકૂળ થયો.' સમજાણું કાંઈ? બહુ સરસ. મોક્ષમાર્ગ પ્રકાશક પણ બહુ. ... સાદા નિયમોને પણ સ્પષ્ટ કર્યા છે. એમ કહે, તત્ત્વશ્રદ્ધાનથી વિરૂદ્ધ થાય તો તો પછી એ પ્રતિકુળ થયો સાચા સંતથી. સાચા સંતો બિરાજે છે કેવળીઓ. અહીં પણ સંત હતા. હવે એને છોડીને બીજાને પગે લાગે, આદર કરે. તો સાચા સંતનો વિરોધ થયો. આહાહા..! બહુ આકરું કામ જગતને લાગે. માર્ગ તો આ છે ભાઈ હો! આહાહા..! એને અંતરમાં બરાબર બેસવું જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :- .. જગ્યાએ .. ઊભા થઈ ગયા.

ઉત્તર :- સાચી વાત છે. ઊભા બહુ થઈ ગયા. માર્ગ તો આ છે. શું થાય? પરમ આનંદની મૂર્તિ પ્રભુ. આત્મા જ પરમાનંદની મૂર્તિ છે. એની પર્યાયમાં પરમ આનંદની શ્રદ્ધા આવતા આનંદનો અંશ વેદાય, એનું જ્ઞાન થતા વેદાય એટલે આનંદ, પર્યાયમાં આનંદ, અહીંયા આનંદ. એ આનંદની દશાને યોગ્ય જ એને વિકલ્પની જાત આવી જ હોય, ત્યાં બાહ્ય નિમિત્તપણું પણ આવું જ હોય. ઓહોહો..! માર્ગ તો આ છે. એ માર્ગની એણે બરાબર શ્રદ્ધા કરવી જોઈએ. પાળી ન શકે એ જુદી વાત છે. ચારિત્ર ન હોય, સમજાય છે કાંઈ? પણ માર્ગ તો આ છે એવી એને અંતર દૃષ્ટિએ તો નક્કી કરવું જોઈએ. કહો, શાંતિભાઈ! શું આ છે? સહી કરી છે ને ઓલામાં. ગયો, કાળ ગયો નહિ?

મુમુક્ષુ :- એની મુદત ચાલી ગઈ.

ઉત્તર :- મુદત ગઈ લ્યો. આહાહા..!

**'નિર્દોષ પાણિપાત્ર મેં ખડે રહકર આહાર લેના...'** આહાહા..! આમ હાથમાં પાણી. નિર્દોષ આહાર પાછો એ પણ. હાથમાં લે પણ સદોષ લે એ નહિ. એને માટે ચોકા બનાવેલા હોય પધારો... પધારો... પધારો... ઝાંઝરીજી! સવારથી સાંજ સુધી કરે એના માટે. પછી બોલે શું? તિષ્ઠ.. તિષ્ઠ... તિષ્ઠ... એમ. આહાર. મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ, આહાર શુદ્ધ. શુદ્ધ ક્યાંથી આવ્યો? બનાવ્યો છે ને શુદ્ધ ક્યાંથી આવ્યો? બોલવું જૂઠું કે આહાર શુદ્ધ, .. આ શુદ્ધ.. આ શુદ્ધ.. મન શુદ્ધ, વચન ને

ક્યાં શુદ્ધ હતા તારા? એને માટે બહુ આકરું કામ. વીતરાગ માર્ગને ફક્ત જાણીને અનુભવવો સમ્યગ્દર્શનમાં, એ જ વસ્તુ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરેરે..! ચોર્યાસીના અવતાર, નરક અને નિગોદ કરી કરીને ભાઈ દુઃખી થઈ ગયો છે એ. આહાહા..! એ જરી શરીર ઠીક ન હોય આ જાણે નિરોગતા મળી એટલે એને પછી ફાટે. શાતા શીળીયા લઈને... આવ્યું હતું ને નહોતું કાલે? ગાર નહોતું આવ્યું? રસગારવ ને સાતગારવ. આહાહા..! એના અભિમાનમાં પછી ગોટો વાળે. હમણા કોણ પૂછનાર છે? બાપુ! એમ ન હોય. આહાહા..! રસગારવ ને આવ્યું હતું ને સાતાગારવ નહિ? ગારવ. પગે લાગવાનું. આજે આવ્યું છે આમાં. આહાહા..! અહીં સામે જ છે આવી ગયું બધું. મિષ્ટ, ઈષ્ટ અને પુષ્ટ ભોજન. મિષ્ટ, ઈષ્ટ, પુષ્ટ. પંડિત છે ને એટલે બધા શબ્દ... આહાહા..! એ આહાર-પાણી ખાય. પછી ગમે તેનો આપણે આદર કરીએ અને ગમે તેનો.. શું છે? બાપુ! એમ ન ચાલે ભાઈ! આ તો વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એને વંદનારા ઈન્દ્રો, એના માર્ગમાં આમ પોલાણ ન ચાલે. એ પોપાબાઈના રાજ નથી એ કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ? એને દર્શનશુદ્ધિમાં ગોટો જરીએ ન ચાલે. આહાહા..! આ પણ એક માર્ગ છે અને આ પણ એક માર્ગ છે. ઓલા તો એવું કહે છે કે તું બીજા જીવોને મિથ્યાદષ્ટિ કહે એ પોતે મિથ્યાદષ્ટિ છે. આહાહા..! હે ભગવાન! શું તું કહે છો? ભાઈ!

મુમુક્ષુ :- એક બાજુ કહે કે મિથ્યાદષ્ટિ કહે ..

ઉત્તર :- ખબર પડે નહિ. કાંઈ ઠેકાણા વિનાની વાતું. આ જૈનના દિગંબરો કેમ આ માર્ગ? દિગંબર જેને ધર્મ વાડા તરીકે મળ્યો એને કાંઈક એટલો તો વિવેક થોડો હોય કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- બધે કાળની અસર થઈ.

ઉત્તર :- કાળની અસર થઈ. સાચી વાત છે. આહાહા..! ઓહોહો..! કાળ આભાસ, જૈનાભાસ એમ લખ્યું. કાળ કારણે જૈનાભાસ ત્યાં લખ્યું છે ને. માથે જ છે.

‘**पंचमकाल के दोष से जैनाभास हुए हैं.**’ એના પહેલી ગાથા છે. આમાં ને આમાં. એ ૧૧મી ગાથામાં જ છે. ૧૯ પાને. ‘**पंचमकाल के दोष से जैनाभास हुए हैं,...**’ ૧૯ પાને છે. છે ને. .. શું થાય એવી વસ્તુ. .. પંચમકાળનું નિમિત્ત લઈને વાત કરી કે આવો કાળ આવ્યો. આહાહા..!

મુમુક્ષુ :- છઠ્ઠી ગાથા છે. કળિકાળના...

ઉત્તર :- હા એ કળિકાળ. ‘**कलिकलुसपावरहिया**’ આવ્યું હતું ને. ‘**कलिकलुसपावरहिया**’ કળિકાળના કલુષિત મિથ્યા અભિપ્રાયવાળા જીવો પાક્યા. આહાહા..!

કહે છે કે ‘**ખડે રહકર આહાર લેના - ઈસપ્રકાર દર્શન કી મૂર્તિ હૈ,...**’ આહાહા..! ‘**વહ જિનદેવ કા મત હૈ,...**’ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવનો આ મત છે. આરે! ગજબ કામ કર્યું છે ને! મેળવ્યું છે કેવી રીતે! વસ્તુસ્થિતિ છે. ‘**વહી વંદન, પૂજનયોગ્ય હૈ,...**’ આવો માર્ગ સંતોનો, જેને

અભ્યંતર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, જેને રાગના કણની કર્તૃત્વબુદ્ધિ ઉડી ગઈ છે. આહાહા..! અને દેહને નગ્નપણે મેં કર્યું એ દૃષ્ટિ ગઈ છે. અને આવા આવા.. લ્યો આમાં ક્યાં અર્થ છે? ૧૩માંની વાત છે આમાં. ભાઈ! આમાં ૧૩માંની ક્યાં વાત છે? પણ એણે એ લીધું છે. આહાહા..!

મુમુક્ષુ :- ભાવાર્થમાં.

ઉત્તર :- ભાવાર્થમાં ભાઈ આ મુશ્કેલ પડે છે. જુઓ! આ પોતે અર્થ કર્યો છે. શબ્દાર્થ તો બરાબર કર્યો. પછી? દશ પ્રકારનો પરિગ્રહ અને ચૌદ પ્રકારના પરિગ્રહથી રહિત નિર્ગ્રંથતા સંપૂર્ણપણે તેરમે ગુણસ્થાને જ હોય છે. હવે એની ક્યાં વાત છે? અહીં તો છઠ્ઠા ગુણસ્થાનના મુનિપણાની અંતરદશા, બાહ્યદશા, નિમિત્ત એની વાત છે. એ કેવળીનો મત છે એમ અહીં કહેવું છે. કેવળીની વાત લક્ષમાં નથી એ વાત નથી કરી. આહાહા..! તેરમે ગુણસ્થાને હોય છે એમ કહીને શું કહેવું છે કે કેવળીને નિર્ગ્રંથપણું હોય છે એટલે નીચે ન હોય એમ કરીને. પણ મિથ્યાત્વરૂપ અંતરંગ પરિગ્રહ ચોથે ગુણસ્થાને છૂટી જાય છે, તેથી નિર્ગ્રંથતાની શરૂઆત ચોથે ગુણસ્થાને સમ્યક્ પ્રાપ્ત થાય. પૂરું ત્યાં થાય એમ. એ અર્થ બરાબર નથી.

મુમુક્ષુ :- અહીં તો મુનિથી જ વાત.

ઉત્તર :- અહીં તો મુનિની જ વાત છે. ખડા ખડા આહાર કોને? કેવળીને આહાર છે? કેવળીને આહાર છે? એને સંયમ પાળવો છે મન, વચન, કાયાથી? ત્રસ-સ્થાવરની દયા? અહીં તો ભાઈ જે વસ્તુ હોય એ હોય. આડી અવળી કાંઈ નહિ થાય.

મુમુક્ષુ :- ક્ષુલ્લક પણ નહિ આમાં.

ઉત્તર :- ક્ષુલ્લક-બુલ્લક આમાં ક્યાં હતા? આહાહા..! આ તો છઠ્ઠા ગુણસ્થાનની છે. સાતમાની પણ નહિ અત્યારે તો. વ્યવહારનયથી ..બેય બતાવવું છે ને? એથી વાત કરી છે. ગજબ કરી છે. બહુ જ સરસ. સાતમે તો ધ્યાનમાં હોય એને .. આહારને એવું હોય નહિ, સંયમ પાળવો એ તો દશા અંદર છે. આ ..થી વર્ણન કર્યું છે. એનો નિશ્ચય સ્વભાવની દર્શન, જ્ઞાન અને શાંતિ અને વ્યવહારના વિકલ્પોની મર્યાદા અને નગ્નપણું નિમિત્ત, એકવાર આહાર વગેરે વગેરે, એને અહીંયા જૈનદર્શન કહેવામાં આવે છે. આહાહા..! આકરી વાત પડે બીજાને હોં. તો બિચારા ઓલા શેઠિયા જરી મોળા હતા. સાંભળ્યું બે દિ'. કાલે હતા ને. ગૃહસ્થ માણસ મોટા પૈસાવાળા છે ૨૫-૩૦ લાખ. મહારાજ! એમ બોલી ગયા પછી છેલ્લે. થોડું જુદી વાત છે પણ અમારું વલણ અહીં નીકળે તો આ રહે... મોટા શેઠિયા છે એના અગ્રેસર છે. .. સંપ્રદાય આ. એને ઘરની ખબર નથી એની. ક્યાંક ક્યાંક બચાવ કરે. શ્રીમદ્દે એમ કહ્યું છે. ... આહાહા..! ઘણા વર્ષ ઘૂંટ્યું હોય એ વાત મગજમાં બેસી ગઈ હોય. એને ફેરવી નાખવી બહુ... આહાહા..!

**'વહી વંદન-પૂજનયોગ્ય હૈ, અન્ય પાખંડ વેષ વંદના-પૂજાયોગ્ય નહીં હૈ.** ' આહાહા..!

આવો દિગંબર ભાવ અને દિગંબર નગ્નદશા એ જીવ વંદનને યોગ્ય પણ એનાથી આ બીજા ભેષ લઈને બેસે, વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણા મનાવે એ બધા વંદનયોગ્ય નથી. આહાહા..! આ જૈનમાં રહેલા દિગંબરના અગ્રેસરોને પણ હજી ખબર નથી. અને જેને-તેને પગે લાગે, માને અમે સફળ થયા અમારા અવતાર. કુલિંગ, કુશ્રદ્ધા ભ્રષ્ટ બધા. અરેરે..! શું થાય? ધોળે દહાડે લુંટાય છે.

મુમુક્ષુ :- રાજી-ખુશીથી લુંટાય છે.

ઉત્તર :- રાજી-ખુશીથી લુંટાય છે. સાચી વાત છે. રાજી-ખુશીથી લુંટાય છે. આહાહા..! અરેરે..! આવો માર્ગ ન હોય ભાઈ! ચારિત્રદોષ હોય એ પાલવે. એ તો પહેલે કહી ગયા છે. '**दंसणभट्ठा ण सिज्झंति चरियभट्ठा सिज्झंति**' ચારિત્ર ન હોય અને ચારિત્રથી ભ્રષ્ટ પણ થઈ ગયા હોય, પણ સમ્યગ્દર્શન છે. આહાહા..! તો એ ચારિત્રની ખબર છે એને કે ચારિત્ર આવું હોય અને એ વિના મુક્તિ થશે નહિ એટલે એ ભ્રષ્ટ નથી. આગળ વધી જવાના એ. આહાહા..! ઓલા તો '**दंसणभट्ठा भट्ठा**' એ તો ભ્રષ્ટ છે. મૂળ વાતનો બહુ ફેરફાર. આહાહા..! કહો, મોહનભાઈ! આ ભાગ્યશાળી બધા આવી ગયા જોયું ને. ... માર્ગ તો આવો છે હોં. આહાહા..!

મુમુક્ષુ :- આપની કૃપા...

ઉત્તર :- એ આત્માની યોગ્યતા હોય ત્યારે બધું થાય. આહાહા..!

'**પૂજાયોગ્ય નહીં હૈ.**' લ્યો! આ એક ગાથાએ એક કલાક થયો. મુદ્દાની રકમ હતી ને આ? અને કુંદકુંદાચાર્ય પોતે આમ કહે છે. '**उब्भसणे दंसणं होदि**' હવે ઉભા ઉભા આહાર લે એને સમકિત હોય એમ છે અહીંયાં? ઓલા એમ કહે છે. ટીકાકાર. સાધુનું આવું સમકિત હોય.

મુમુક્ષુ :- બેય સાથે હોય તો બે કહેવાય.

ઉત્તર :- એમાં કાંઈ ... આણે લીધું.

'અંતરંગ -બહિરંગ દોનોં પ્રકારકે પરિગ્રહ કા ત્યાગ હો તીનોં યોગોમેં મન-વચન-કાયા મેં સંયમ હો, જ્ઞાનમેં કરણ-કારિત-અનુમોદનાકી શુદ્ધિ હો, ખડે હોકર હાથમેં ભોજન લિયા જાયે તો વહાં દર્શન હોતા હૈ. ભાવાર્થ-ઐસા સાધુ સમ્યગ્દર્શનકી મૂર્તિ હૈ.' એમ લખ્યું છે. મેળ કરતા આવડ્યું નથી ને.

મુમુક્ષુ :- આમ ફેરવી નાખે છે. આવું હોય તે સાધુ.

ઉત્તર :- એ સાધુ છે એમ વાત છે. એ જૈનદર્શન છે. ખ્યાલમાં ન હોય ને. વસ્તુ આ છે. સ્થિતિ એવી છે. અલૌકિક વાત. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રણકાળ ત્રણલોક જેને હસ્તામલની પેઠે દિઠ્યા એનો માર્ગ આ છે એમ કહે છે. એનો મત આ છે. આહાહા..! એ મત સિવાય જેટલા મતના ભેખ અને મત અભિપ્રાય એ બધા આદરવાલાયક નથી, વંદન લાયક નથી, પૂજનિક નથી. આહાહા..! આવો માર્ગ ભગવાને ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો છે લ્યો. એ ૧૪મી પૂરી થઈ લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૩, મંગળવાર તા. ૦૯-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૫, ૧૬, પ્રવચન - ૨૨**

યહ અષ્ટપાહુડ ચલતા હૈ. કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ દો હજાર વર્ષ પહલે હુએ. સંવત્ ૪૯. વે ભગવાન પાસે ગયે થે, સીમંધર ભગવાન કે પાસ. વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા.

મુમુક્ષુ :- સીમંધર ભગવાન ક્યાં છે?

ઉત્તર :- મહાવિદેહમેં બિરાજતે હૈં. પહેલું કહ્યું મહાવિદેહ. .. વહાં ભગવાન બિરાજતે હૈં. વહાં ગયે થે, આઠ દિન રહે થે. પીછે યહ શાસ્ત્ર બનાયા હૈ.

અષ્ટપાહુડ મેં પહલા દર્શનપાહુડ અધિકાર હૈ. ૧૪ ગાથા ચલી. ૧૫વીં.

**सम्मत्तादो णाणं णाणादो सव्वभावउवलद्धी।**
**उवलद्धपयत्थे पुण सेयासंय वियाणेदि।।१५।।**

**'અર્થ :- સમ્યક્ત્વ સે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ...'** પહલી બાત આત્માકા સમ્યગ્દર્શન કરનેસે જ્ઞાનમેં સમ્યક્તા આતી હૈ. તો સમ્યગ્દર્શન કા અર્થ ક્યા? વહ આગે નીચે આયેગા. અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મસ્વભાવ, ઉસકે સન્મુખ હોકર ઉસકી જ્ઞાનકી પર્યાય મેં ઉસકો આત્માકો જ્ઞેય બનાકર અનુભવ હોકર પ્રતીતિ હોતી હૈ ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આત્માકા સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ... વહ આગે આયેગા. નિશ્ચય સમકિતકી પરિભાષામેં ૨૦વે મેં હૈ. ૨૦વે મેં હૈ. **'णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं'** ૨૦વીં ગાથા. ક્યા કહા સમજમેં આયા?

નિશ્ચયસે અપના શુદ્ધ ચૈતન્ય વસ્તુસ્વભાવ પરિપૂર્ણ સ્વભાવ અપને આત્માકા હૈ. ઉસકે સન્મુખ હોકર વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં વસ્તુકો જ્ઞેય બનાકર અનુભવ હોકર પ્રતીતિ હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા..! ઐસા માર્ગ હૈ. **'સમ્યક્ત્વ સે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ...'** ઐસા સમ્યગ્જ્ઞાન સે હી સમ્યગ્દર્શન સે હી... સમ્યગ્જ્ઞાન સચ્ચા હોતા હૈ. પહલે તો ઉપર લિયા ન ૧૪વી ગાથા મેં. વહ સમ્યગ્દર્શન. કહા ન અંદર.

મુમુક્ષુ :- શિર્ષક હૈ.

ઉત્તર :- હા, શિર્ષક હૈ. ઐસા જિનસ્વરૂપ મુનિમાર્ગ જો નિશ્ચય સે હૈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઔર ઉસકા વ્યવહાર. જૈનદર્શનમેં સમ્યગ્દર્શન ઉસકો કહતે હૈં કિ મોક્ષમાર્ગ જો હૈ આત્માકે આશ્રય સે દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ ઔર અઠ્ઠાઈસ મૂલગુણ હોતા હૈ વ્યવહાર સે ઔર નગ્નપના શરીરકા-ઐસા જો અનાદિ જિનદર્શનકા માર્ગ હૈ ઉસકી જો પ્રતીતિ કરતે હૈ કિ યહ માર્ગ ઐસા હૈ (વહ) આત્માકે આશ્રય સે પ્રતીતિ કરતા હૈ. ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? નિર્વિકલ્પ દૃષ્ટિ ઉસકો હોતી હૈ. બાકી

દૂસરા કહે કિ હમેં નિર્વિકલ્પ દૃષ્ટિ હૈ, ભ્રમ હૈ. વસ્તુ નહીં, વસ્તુ નહીં, સમજમેં આયા?

તો ઐસે આત્મા નવ તત્ત્વ પદાર્થ, સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય, પંચાસ્તિકાયકી શ્રદ્ધા વહ તો વ્યવહાર સમકિત હૈ, શુભરાગ હૈ. વહ નિશ્ચય સમકિત નહીં. સચ્ચા સમકિત વહ નહીં. સચ્ચા સમકિત તો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્ય આનંદ પરિપૂર્ણ ઉસકે સન્મુખ હોકર ઉસકા જ્ઞેય બનાકર અપની પર્યાયમેં શુદ્ધતાકા વેદન આના ઔર ઉસમેં પ્રતીતિ હોના કિ યહ આત્મા શુદ્ધ હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા..! ઔર ઉસ સમ્યગ્દર્શન કે બિના ઉસકા જ્ઞાન ભી જૂઠા, ચારિત્ર વ્રત, નિયમ, સબ જૂઠા હૈ. આહાહા..! સમજમેં આયા? ઐસી જૈનદર્શનકી પ્રણાલિકા અનાદિ સે ઐસી ચલી આઈ હૈ. આહાહા..!

તો કહતે હૈં કિ '**સમ્યક્ત્વ...**' વાસ્તવિક જૈનદર્શન. ઉસકી શ્રદ્ધા નામ જૈનદર્શનકી શ્રદ્ધા કરના વહ સ્વભાવકે આશ્રય સે હોતી હૈ. દેવીલાલજી! આહાહા..! ઉસમેં તો વિકલ્પ મનકા સંગ ભી છૂટ જાતા હૈ. ઔર અપના ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, જૈસા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરને દેખા ઐસા કહા, ઐસા ઉસકી દૃષ્ટિમેં, અંતર અનુભવમેં આવે તબ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. વહ ધર્મકા મૂલ તો યહ હૈ. સમજમેં આયા? ઔર યહ સમ્યગ્દર્શન સે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ. ઉસકે બિના જ્ઞાન ગ્યારહ અંગ પઢે, નવ પૂર્વકા જ્ઞાન પઢે, પરંતુ આત્માકે અનુભવકી દૃષ્ટિ બિના યહ જ્ઞાન સબ મિથ્યાજ્ઞાન હૈ. આહાહા..!

મુમુક્ષુ :- સબ મિથ્યા?

ઉત્તર :- મિથ્યા. મિથ્યા અર્થાત્ આત્માકે લાભ કે લિયે મિથ્યા. સંસારમેં ભટકને કે લિયે સફલ.

મુમુક્ષુ :- ચાર ગતિ કે લિયે સફલ?

ઉત્તર :- સફલ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સમજમેં આયા? આહાહા..!

અષ્ટપાહુડ હૈ ન? તો '**સમ્યક્ત્વ સે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ તથા સમ્યક્જ્ઞાન સે સર્વ પદાર્થોં કી ઉપલબ્ધિ અર્થાત્ પ્રાપ્તિ...**' જાનના હોતા હૈ. સમ્યગ્જ્ઞાન સે શ્રેય-અશ્રેય ક્યા હૈ, કલ્યાણકા માર્ગ ક્યા હૈ? અકલ્યાણકા માર્ગ હૈ? વહ સમ્યગ્જ્ઞાન સે જાનને મેં આતા હૈ. '**પદાર્થોંકી ઉપલબ્ધિ અર્થાત્ પ્રાપ્તિ જાનના હોતા હૈ તથા પદાર્થોંકી ઉપલબ્ધિ હોને શ્રેય અર્થાત્ કલ્યાણ ઔર અશ્રેય અર્થાત્ અકલ્યાણ ઈન દોનોં કો જાના જાતા હૈ.**' મોક્ષમાર્ગ અપના સ્વરૂપ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ઔર રમણતા અંદર ઐસા કલ્યાણ કા માર્ગ ઔર રાગાદિ બંધકા કારણ, અશ્રેયકા કારણ ઐસા સમ્યગ્જ્ઞાન સે જાનને મેં આતા હૈ. આહાહા..! ઐસી બાત હૈ.

'**ભાવાર્થ :- સમ્યગ્દર્શન કે બિના જ્ઞાન કો મિથ્યાજ્ઞાન કહા હૈ,...**' જિસકો આત્મદર્શન, સમ્યગ્દર્શન, આત્મા ચિદાનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ ઐસા અંતરમેં રાગ સે ભિન્ન હોકર ભેદજ્ઞાન મેં

સમ્યગ્દર્શન ન હુઆ હો, તો ઉસકા સબ જ્ઞાન મિથ્યાજ્ઞાન હૈ. સારા પઢના ગ્યારહ અંગકા, નવ પૂર્વકા સબ મિથ્યાજ્ઞાન હોતા હૈ. **'ઈસલિયે સમ્યગ્દર્શન હોનેપર હી સમ્યગ્જ્ઞાન હોતા હૈ...'** ઈસ કારણ સે. સમ્યગ્દર્શન અંતર સ્વરૂપકી પ્રતીતિ, અનુભવકે પીછે સમ્યગ્જ્ઞાન હોતા હૈ. **'ઔર સમ્યગ્જ્ઞાન સે જીવાદિ પદાર્થોં કા સ્વરૂપ યથાર્થ જાના જાતા હૈ...'** ક્યોંકિ દર્શનમેં તો વસ્તુકી અખંડ પ્રતીતિ આઈ. પરંતુ ઉસકે સાથ જો જ્ઞાન હુઆ, વહ કહતે હૈં, યહ જ્ઞાન દ્રવ્ય કો જાનતે હૈં, ગુણ કો જાનતે હૈ, પર્યાય કો જાનતે હૈ, શ્રેય-અશ્રેય સબકો જાનતે હૈં.

મુમુક્ષુ :- શ્રેય કૌન ઔર અશ્રેય કૌન?

ઉત્તર :- શ્રેય યહ કલ્યાણ માર્ગ આત્માકા યહ શ્રેય. રાગાદિ અશ્રેય. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય મોક્ષમાર્ગ યહ શ્રેય?

ઉત્તર :- નિશ્ચય માર્ગ યહ શ્રેય, વ્યવહાર મોક્ષમાર્ગ આદિ અશ્રેય. આહાહા..! ઐસી બાત હૈ ભાઈ! સૂક્ષ્મ બાત હૈ. ઉસને અનંતકાલસે દૃષ્ટિમેં યહ બાત લી નહીં.

**'સમ્યગ્જ્ઞાન સે જીવાદિ પદાર્થોં કા સ્વરૂપ યથાર્થ જાના જાતા હૈ...'** ક્યોંકિ સમ્યગ્દર્શનમેં તો સ્વરૂપ ત્રિકાળી અખંડ આત્મા ઉસકી પ્રતીતિ આયી. પરંતુ ઉસકે જ્ઞાન બિના સ્વ, પર, રાગ, અકલ્યાણ, કલ્યાણ (આદિ) વિસ્તારકો તો જ્ઞાન જાનતા હૈ. સમજમેં આયા? આત્મામેં આનંદકા વેદન કિતના હૈ, દુઃખકા વેદન કિતના હૈ યહ સબ જ્ઞાન જાનતા હૈ.

મુમુક્ષુ :- અકલ્યાણમેં દુઃખકા વેદન નહીં?

ઉત્તર :- અકલ્યાણ દુઃખકા વેદન હૈ યહ. જિતના રાગભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ હોતા હૈ, પરંતુ હૈ સબ દુઃખકા વેદન. યહ કલ્યાણમાર્ગ નહીં.

મુમુક્ષુ :- ઉસકા છેદન કરે કિ વેદન કરે?

ઉત્તર :- વેદન કરતે હૈ. જો હૈ ઉસકા છેદન કરે યા ન હો ઉસકા છેદન કરે? યહ પ્રશ્ન લાયે ભાઈ! સરદાર. જો હો ઉસકા છેદન કી ન હો ઉસકા? હૈ. જ્ઞાન અપના શુદ્ધ સ્વરૂપ પવિત્રકા વેદનકો જાનતા હૈ ઔર સાથમેં દુઃખકા વેદન હૈ ઉસકો કિ જ્ઞાન જાનતા હૈં. વેદન ન હો દુઃખકા તો પૂર્ણ આનંદકા વેદન હોના ચાહિયે. પૂર્ણ આનંદકા વેદન નહીં વહાં દુઃખકા વેદન સાથ મેં હૈ. ઐસા ન માને તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. આહાહા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખ ઔર દુઃખ દોનોં કો વેદતે હૈ. જ્ઞાની અર્થાત્? દૃષ્ટિકી અપેક્ષાસે સુખકા વેદન અધિક કહકર મુખ્ય કહા, પરંતુ જ્ઞાનકી અપેક્ષા સે પર્યાયમેં દુઃખ હૈ વહ ગણધર ભી જાનતે હૈં. કર્તા-ભોક્તા નય આયી નહીં? ૪૭ નય. કર્તા-ભોક્તા નય હૈ. ગણધર જાનતે હૈં કિ મેરી પર્યાયમેં રાગ હૈ. પંચ મહાવ્રતકા વિકલ્પ હૈ વહ દુઃખ હૈ, આકુલતા હૈ, અશાંતિ હૈ, વેદન હૈ.

મુમુક્ષુ :- વેદન ન હો તો આકુલતા...

ઉત્તર :- વેદન નહીં હૈ તો આકુલતા આઈ કહાં સે? વેદન તો બાદ મેં, પરંતુ સમ્યગ્દર્શન હુઆ, સમ્યગ્જ્ઞાન હુઆ, તબ ઉસમેં તીન કષાય કા રાગ તો હૈ કિ નહીં? હૈ કિ નહીં? કિ હૈ હી નહીં? હૈ, તો વેદન હૈ કિ નહીં? ફિર બાદ મેં છેદનેકી બાત. હૈ ઈસલિયે દુઃખ હૈ કિ નહીં? પીછે સ્વકા આશ્રય કરકે ઉસકા છેદન કરતે હૈં. પરંતુ હૈ ઉસકા છેદન કરતે હૈં યા નહીં હૈ ઉસકા છેદન કરતે હૈ?

મુમુક્ષુ :- ...નું વેદન કે ભોક્તૃત્વનું વેદન?

ઉત્તર :- ભોક્તૃત્વ હૈ. ભોક્તા ભી હૈ, કર્તા ભી હૈ, કરનેલાયક હૈ ઐસા કર્તૃત્વ નહીં. વહ દૂસરી ચીજ. ભોગને લાયક હૈ વહ દૂસરી ચીજ, વહ નહીં. પરંતુ પરિણમન હૈ ઔર પરિણમનકા કર્તા ઔર વેદન હૈ ઉસ અપેક્ષાસે, જ્ઞાનકી અપેક્ષાસે કર્તા-ભોક્તા હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ. દૃષ્ટિ કા જબ વિષય ચલતા હૈ તબ તો ઐસા હી ચલતા હૈ કિ આત્મા તો જ્ઞાન ઔર આનંદકા હી વેદન હૈ. દુઃખકા વેદન હૈ નહીં. ક્યોંકિ ઉસકા વેદન હૈ ફિર ભી ગૌણ કરકે દૃષ્ટિ ઔર ઉસકા વિષય સ્વભાવકી મુખ્યતા કરકે દુઃખ નહીં ઐસા કહનેમેં આતા હૈ. પરંતુ ગૌણ કરકે કહનેમેં આયા હૈ, અભાવ કરકે કહનેમેં નહીં આયા હૈ.

મુમુક્ષુ :- અભાવ હો ગયા હૈ.

ઉત્તર :- દુઃખકા અભાવ હો ગયા હૈ. સમજમેં આયા? ભગવાનજીભાઈ! ભાઈ! યહ તો ઐસા માર્ગ હૈ. આહાહા..! .. માર્ગ તો અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય... સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંતદેવને જો કહા વહી કુંદકુંદાચાર્ય કહતે હૈં. દિગંબર મુનિ સંવત ૪૯ ભગવાનકે પાસ ગયે થે મહાવિદેહમેં. વહાં સે આઠ દિન રહકર આયે તબ યહ શાસ્ત્ર બનાયા હૈ. ભગવાનકા હી સીધા સંદેશ હૈ. આહાહા..! સમજમેં આયા? તો ભગવાનકા ફરમાન હૈ કિ જિસકો અપને સ્વરૂપકી દૃષ્ટિ હુઈ વહ દૃષ્ટિવંત ઔર દૃષ્ટિકા વિષય ઉસ અપેક્ષા સે તો ઉસકો આનંદકા હી વેદન હૈ. મુખ્ય. સમજમેં આયા? ગૌણ કરકે, દૃષ્ટિ ઔર દૃષ્ટિકે વિષયમેં દુઃખ ઔર રાગકો ગૌણ કરકે નહીં હૈ ઐસા કહા હૈ. અભાવ કરકે નહીં ઐસા નહીં કહા.

ભગવાન આત્મા ત્રિકાલી દ્રવ્ય સ્વભાવ ભૂતાર્થ, વહી સત્યાર્થ ઔર પર્યાય અસત્યાર્થ કહા લો. ગ્યારહવી ગાથા. '**भूदत्थमस्सिदो**' ત્રિકાલ વસ્તુ પરમ સત્ય વહી ચીજ હૈ. ઔર ઉસ ચીજકે આશ્રયસે સમ્યગ્દર્શન ધર્મકી પહલી શુરૂઆત વહાં સે હોતી હૈ. તો વહાં તો કહા કિ પર્યાય અસત્યાર્થ હૈ. વહ ગૌણ કરકે અસત્યાર્થ કહા. અભાવ કરકે અસત્યાર્થ નહીં કહા.

મુમુક્ષુ :- હો, ઉસકો અસત્યાર્થ કહા હૈ.

ઉત્તર :- ઔર પર્યાય વ્યવહાર હૈ. સબ પર્યાય વ્યવહાર હૈ. વ્યવહારકો અસત્યાર્થ, ત્રિકાલકી અપેક્ષાસે અસત્યાર્થ. ઉસકી (અપની) અપેક્ષા સે સત્યાર્થ. વહ તો બહુત ચલા હૈ યહાં. અપના દ્રવ્ય જો હૈ વસ્તુ, ઉસ અપેક્ષા સે સબ દ્રવ્ય અદ્રવ્ય હૈ. ઈસ અપેક્ષાસે. ઉસકી અપેક્ષાસે? ઐસે અપના

ત્રિકાલ જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવકી દૃષ્ટિ સે પર્યાય અસત્ય હૈ, જૂઠી હૈ. હૈ હી નહીં. હૈ નહીં ઐસા કહા. કિસ અપેક્ષા સે? ત્રિકાલકી અપેક્ષાસે. અપની અપેક્ષાસે હૈ. દોનોં નય જાનના ચાહિયે ન. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! વીતરાગમાર્ગ...

મુમુક્ષુ :- ...

ઉત્તરઃ- પુદ્ગલ... પુદ્ગલકા વેદન હોગા ઉસકો. આહાહા..! પુદ્ગલકા વેદન હોગા. ઐસે પુદ્ગલ કહા ન, અચેતન કહા, અજીવ કહા, જડ કહા. આહાહા..! કેવલ પુદ્ગલ કહા. અર્થાત્ કિસ અપેક્ષાસે? અપના ચૈતન્ય આનંદસ્વભાવ હૈ ઉસકા રાગ દયા, દાન, વ્રત, ભક્તિ રાગમેં ચૈતન્યકા અંશકા અભાવ હૈ ઉસ અપેક્ષાસે ઉસકો અચેતન કહા. પરંતુ યહ અચેતન ઐસા નહીં કિ ઉસમેં રંગ, ગંધ, રસ, સ્પર્શ હૈ. સમજમેં આયા? ઔર વહ અચેતન તો ત્રિકાલી ચૈતન્યકી અપેક્ષાસે કહા. અપની અપેક્ષાસે ચૈતન્યકી પર્યાય ચૈતન્યકી અરૂપી પર્યાય હૈ.

મુમુક્ષુ :- ચિદાભાસ કહા.

ઉત્તર :- હા ઉસકી પર્યાય હૈ.

યહાં તો કહતે હૈં કિ ઐસી જહાં દૃષ્ટિ હુઈ વહ તો ઉસકો સમ્યગ્જ્ઞાન હુઆ ઔર સમ્યગ્જ્ઞાન સે પર્યાયમેં દુઃખ કિતના હૈ, આનંદ કિતના હૈ, સબકા જ્ઞાન ઉસકો હોતા હૈ. કહો, સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! જૈનધર્મ ક્યા હૈ મૂલ વહ ચીજ સારી પડી રહી. વ્રત કરના, અપવાસ કરના, યાત્રા કરના, ભક્તિ કરના, પૂજા કરના યહ રાગ હૈ. વહ તો શુભરાગકી વૃત્તિ પુણ્ય હૈ, ધર્મ નહીં. આહાહા..! ઉસકો અજ્ઞાનીને અનાદિસે ધર્મ માના ઔર મનાયા. તો વહ જૈનદર્શન હી નહીં. સમજમેં આયા? યહાં તો જૈનદર્શનસે ભ્રષ્ટ હુઆ, શ્વેતાંબર ઔર સ્થાનકવાસી વહ ભી જૈન નહીં. વહ કહા યહાં ૧૪વીં ગાથા મેં. ભગવાનજીભાઈ! આહાહા..! ઐસા માર્ગ હૈ ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકા અનાદિ દિગંબર આત્મજ્ઞાન, દર્શન ઔર આનંદસહિત મુનિકે પંચ મહાવ્રત, અઠ્ઠાઈસ મૂલગુણ ઔર નગ્નમુદ્રા, વહ નિશ્ચય, વ્યવહાર ઔર નિમિત્ત-ઐસી ચીજ અનાદિકી વસ્તુકી સ્થિતિકી મર્યાદા હૈ. વહ કોઈ દિગંબર સંતોને કહા હૈ ઈસલિયે ઐસા હૈ, ઐસા નહીં. વહ વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. સમજમેં આયા? કલ આ ગયા ન વહ ૧૪વી ગાથા મેં. ઉસકો જૈનદર્શન કહનેમેં આતા હૈ. મૂલ પંથ જો અનાદિકા થા ઉસસે દુષ્કાલ મેં ભ્રષ્ટ (હોકર) હુએ શ્વેતાંબર લોગ. બારહ સાલ કા દુષ્કાલ હુઆ ઉસમેં વહ નિકલા હૈ. ઔર ઉસમેં સ્થાનકવાસી તો અભી નિકલા હૈ. તો વહ જૈનદર્શન હી નહીં. ઉસમેં સે નિકલતા હૈ. મોક્ષમાર્ગ પ્રકાશક પાંચવા અધ્યાય અન્યમતિમેં ડાલા હૈ. વહ જૈનમતમેં નહીં હૈ. શાંતિભાઈ! સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભાઈ! ઉસમેં કિસીકા પક્ષ ચલે નહીં. આહાહા..!

મુમુક્ષુ :- નગ્ન દિગંબર...

ઉત્તર :- નિકલે અર્થાત્? ભ્રષ્ટ હોનેકે બાદ હુએ ન. ભ્રષ્ટ હોકર નિકલે યા સચ્ચે હોકર નિકલે? ઉસકે

ઘર મેં હી તીન પંથ હૈ. ઉસકા ભાઈ માને સ્થાનકવાસી, ઉસકી પત્ની માને દેરાવાસી. .. કુછ ઢીલે પડે હોંગે. અબ નહીં? ઠીક. પરંતુ પહલે હોગા. પહલે થા ન? આહાહા..! માર્ગ તો યહ હૈ, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ઔર ગણધરને તો અનાદિસે યહ માર્ગ કહા હૈ. જિસકો આત્મ સમ્યગ્દર્શનસ્વરૂપ અંતર આનંદમૂર્તિ પ્રભુ ઉસકા અનુભવ દર્શન હુઆ, ઉસકા આત્મજ્ઞાન હુઆ, વહ આત્મજ્ઞાન ઔર ચારિત્રકી લીનતા, આનંદકી લીનતા હુઈ. ઉસ ભૂમિકામેં પંચ મહાવ્રત, અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ જો આસ્રવ હૈ વહ હોતા હૈ ઔર મુદ્રા નગ્ન હોતી હૈ. ઉસકો અનાદિ તીર્થંકરોને જૈનદર્શન કહા હૈ. ઉસસે જિતના વેષમેં ફર્ક કરકે નિકલા વહ સબ જૈનદર્શન વીતરાગને કહા હૈ નહીં. માને, ન માને સ્વતંત્ર જગત હૈ. સમજમેં આયા? ..લાલજી! ઐસા માર્ગ હૈ. આહાહા..!

ઔર ઉસકી શ્રદ્ધા, મોક્ષમાર્ગ જો નિશ્ચય હૈ યહ મુનિમાર્ગ ઔર યહ જૈનદર્શન ઉસકી શ્રદ્ધા સ્વદ્રવ્ય કે આશ્રયસે હોતી હૈ. સમજમેં આયા? અમરચંદજી! યહ સભી ઝઘડે. બાડે મેં ઝઘડા. આહાહા..! ઐસા ઉજ્જ્વલ માર્ગ અનાદિસે ચલતા હૈ. મહાવિદેહમેં ભી યહી ચલતા હૈ. મહાવિદેહ મેં વહ માર્ગ ચલતા હૈ ભગવાનકે પાસ. સીમંધર પરમાત્મા બિરાજતે હૈં મહાવિદેહમેં. વહાં ગયે થે ઔર આઠ દિન રહે થે ભગવાન કુંદકુંદાચાર્ય. વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં. યહાં તો ખુબી ક્યા કી? કિ પહલે શુદ્ધ ચૈતન્ય અખંડ આત્મા પરિપૂર્ણ હૈ, પર્યાય હૈ, રાગ હૈ, પર હોનેપર ભી સબસે દૃષ્ટિ ઉઠાકર અપની ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવભાવ સ્વભાવભાવકી દૃષ્ટિ કી તો નિર્વિકલ્પ દૃષ્ટિ હુઇ, રાગકી એકતા તૂટ ગઈ. તબ ઉસકો સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ ઔર વહ સમ્યગ્દર્શન હૈ તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ. યહ જ્ઞાન સબકો જાનતા હૈ શ્રેય, અશ્રેયકો, સ્વકો, પરકો સબકો જાનતા હૈ ઐસા કહતે હૈં. આહાહા..! સમજમેં આયા? વહ દર્શનમેં તો અધિકાર ઐસા આવે કિ જ્ઞાની તો આનંદકો વેદતે હૈં, દુઃખકો નહીં. ઉસકો દુઃખ પૃથક્ હૈ ઉસ અપેક્ષાસે. દર્શન ઔર જ્ઞાન મેં રાગકી પૃથક્તા હૈ ઉસ અપેક્ષા સે પૃથક્કો નહીં દેખતે હૈં ઐસા મુખ્યપને સે કહા. સ્વભાવકે મુખ્યપને પૃથક્. પરંતુ ઉસકે સાથ જો જ્ઞાન હુઆ, વહ જ્ઞાન તો અપૃથક્ અપની પર્યાયમેં દુઃખ હૈ ઐસા જાનતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ કહતે હૈં. આપકે ભાઈકો ક્યા સમજના? ઐસા કહો.

મુમુક્ષુ :- ઉનકો સ્વયં કો પહલે ક્યોં સમજમેં નહીં આતા થા?

ઉત્તર :- પહલે ક્યોં નહીં થા? તીર્થંકરકો નહીં થા. જબ તીર્થંકર હુએ ઉસકે પહલે જ્ઞાની થે ન વહ? આહાહા..!

ક્યા કહા? કિ ઐસા સમ્યગ્દર્શન જૈનદર્શન ઐસા હૈ, મોક્ષમાર્ગ નિશ્ચય ઔર વ્યવહાર વિકલ્પ આદિ ઔર શરીરકી નગ્નતા યહ એક જૈનદર્શન. ઉસકી જિસકો શ્રદ્ધા હૈ અંદરમેં આત્માકે આશ્રય સે, ઉસકા જો સાથમેં જ્ઞાન હોતા હૈ વહ જ્ઞાન સબકો જાન લેતા હૈ. અપની રાગસે કમી કિતની હૈ? શુદ્ધતા કિતની

હૈ? દુઃખ કિતના હૈ? આનંદ કિતના હૈ? પૂર્ણ આનંદ ક્યા હૈ? પૂર્ણ આનંદ ક્યા હૈ? પૂર્ણ આનંદ ક્યા હૈ ઔર સાથ મેં દુઃખ ક્યા હૈ? સબકો જ્ઞાન જાનતે હૈં.

મુમુક્ષુ :- સબ પઢકર વહ જ્ઞાન મિલે

ઉત્તર :- હા, તબ જ્ઞાન કહનેમેં આતા હૈ. વહ દર્શન હો તો જ્ઞાન કહનેમેં આતા હૈ. ઐસા કહતે હૈં. ઔર વહ જ્ઞાન સબકો જાનતા હૈ. ઐસા. કહા ન દેખો ન. '**श्रेयोऽश्रेयो**' ઐસા કહા ન? '**उपलब्धपदार्थे**' સમ્યગ્દર્શન સે સમ્યગ્જ્ઞાન હોતા હૈ ઔર જ્ઞાનસે '**सर्वभावोपलब्धि**' સર્વ પદાર્થકી પ્રાપ્તિ. સર્વ પદાર્થ જૈસા હૈ વૈસા જ્ઞાન મેં આતા હૈ. ઔર '**उवलद्धपयत्थे पुण सेयासेयं वियाणेदि**' સબ પદાર્થકી પ્રાપ્તિ હુઈ દુઃખ, સુખ, વિકાર, અવિકાર, નિમિત્ત, પર્યાય તો ઉસમેં શ્રેયાશ્રેય જાન લેના. શ્રેય, અપને સ્વભાવ તરફકી એકાગ્રતા વહ શ્રેય હૈ. ઔર જિતના ભી વ્યવહાર આતા હૈ વહ અશ્રેય હૈ. આતા હૈ, હૈ. વ્યવહાર હૈ. વ્યવહાર કા વિષય ભી હૈ. પરંતુ અશ્રેય હેય ઐસા જ્ઞાન જાન લેતા હૈ. ઔર વહ વ્યવહાર સે નિશ્ચય હોતા હૈ વહ જ્ઞાન નહીં જાનતા.

મુમુક્ષુ :- નહીં હોતા હૈ ઐસા જાનતે હૈ.

ઉત્તર :- નહીં હોતા હૈ ઐસા જાનતે હૈ. હૈ બસ ઈતના. વ્યવહારકા વિષય ઈતના હૈ. હૈ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર જિતના .. ઈતના કલ્યાણકારી હૈ?

ઉત્તર :- વહ તો .. આત્મા કા આશ્રય હુઆ વહ તો. ઉસકા અર્થ હી ક્યા? .. કો ક્યા .. અશુભ...પર દૃષ્ટિ યહાં હૈ, સ્વભાવ ઉપર અનુભવદૃષ્ટિ હૈ તો ઉસકો જો શુભભાવ હૈ ઉસમેં અશુભભાવ નહીં હૈ ઈતના. પરંતુ રાગ વહ તો દુઃખરૂપ હૈ. શુભમેં અશુભકી નાસ્તિ હૈ ઔર ઈતના રાગ ઉસકા અભાવ ભી હૈ. ઐસા ભી શાસ્ત્ર કહતે હૈ. પરંતુ રાગ રહા વહ તો દુઃખરૂપ હૈ.

મુમુક્ષુ :- દુઃખરૂપકો તો તોડનેકા પ્રયત્ન કરે.

ઉત્તર :- તોડના, પરંતુ આનંદ હોતા હૈ ન પહલે. પ્રશ્ન કહાં હૈ? અતીન્દ્રિય આનંદ હોના ચાહિયે ન પૂરા? અતીન્દ્રિય આનંદ નહીં તો ઉસકા અર્થ રાગ તો દુઃખ હૈ વહાં. મુનિકો દુઃખ હૈ. છઠવે ગુણસ્થાન મેં ભગવાન ગણધર ઉનકો ભી જિતના પંચમહાવ્રત કા વિકલ્પ ઉઠતે હૈ, એકબાર ભોજન, અદંતધોવન આદિ યહ સબ રાગ હૈ, યહ તો વિકલ્પ હૈ, આસ્રવ હૈ. તો આસ્રવ તો દુઃખ હૈ. આસ્રવ સુખરૂપ હૈ? આહાહા..! માર્ગ બહુત સૂક્ષ્મ ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઉસકા કહા, અરિહંતકા માર્ગ. ઐસે તો કહે ... .. ભગવાન સચ્ચે હૈં. પરંતુ ભગવાન સચ્ચે તુઝે સમજે બિના સચ્ચે કહાં સે આયા? તેરી સમજમેં તો આયા નહીં. આહાહા..!

યહાં તો કહતે હૈં કિ '**સમ્યગ્જ્ઞાન સે જીવાદિ પદાર્થોં કા સ્વરૂપ યથાર્થ જાના જાતા હૈ તથા જબ પદાર્થોં કા યથાર્થ સ્વરૂપ જાના જાયે તબ ભલા-બુરા માર્ગ જાના જાતા હૈ.**' દેખો! શ્રેય-અશ્રેય હૈ ન? શ્રેય-અશ્રેય કો ભલા-બુરા કહા. લો યહ .. હૈ.

'આગે, કલ્યાણ-અકલ્યાણ કો જાનને સે ક્યા હોતા હૈ સો કહતે હૈં-' ૧૬વી ગાથા.

सेयासेयविदण्हू उद्धुददुस्सील सीलवंतो वि।
सीलफलेणब्भुदयं तत्तो पुण लहइ णिव्वाणं।।१६।।

ભગવાન કુંદકુંદાચાર્ય તીર્થંકર પરમાત્માકે પાસ ગયે ઔર યહ સંદેશ લાયે. વહ તો મુનિ થે, ભાવલિંગી સંત થે. સમજમેં આયા? છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં ઝૂલતે થે. ઝૂલતે ઝૂલતે ભગવાનકે પાસ ગયે થે. સમજમેં આયા? ઔર વિશેષ જ્ઞાનકી નિર્મલતા હુઈ. હુઈ તો અપને સે હુઈ. ઔર વહાં સે આકર યહા શાસ્ત્રકી રચના કી હૈ ઐસી. આહાહા..!

'**અર્થ :- કલ્યાણ ઔર અકલ્યાણમાર્ગકો...**' લો યહ ગાથા આઈ. .. આ ગઈ. આતા હૈ ન ઈસમેં. મોક્ષમાર્ગમેં નહીં આતા? '**सुच्या जाणइ कल्लाणं, सुच्चा जाणइ पावगंः उभयं वि जाणये सुच्चा, जं सेयं तं समाचर**' (જૂનું મોક્ષમાર્ગ પ્ર. પાનું-૧૬૭) યહ ગાથા હૈ. દસવૈકાલિકકા ચૌથા અધ્યયન હૈ ઉસમેં યહ ગાથા હૈ શ્વેતાંબરમેં. સોચા જાણહી.. ધ્વનિ આયા. સુનકર કલ્યાણ જાને ઔર સોચા જાણે અકલ્યાણ. સોચા કલ્યાણ, સોચા જાણહી અકલ્યાણ. ઉભયંપિ જાનહી સોચા. દોનોંકો ઉભયં પિ. યહ ગાથા ઈસમેં આતી હૈ મોક્ષમાર્ગપ્રકાશક કે પાંચવે અધ્યાય મેં. શ્રેય ઔર અશ્રેય દોનોં કો સુનકર જાનતે હૈ, ફિર જં શ્રેયં તં સમાહિ. શ્રેય હો વહાં આચરણ કરના. લિયા હૈ ન ઈસમેં સે થોડા થોડા. દેખો ન વહી ગાથા હૈ. દેખો.

'**કલ્યાણ ઔર અકલ્યાણમાર્ગકો જાનનેવાલા પુરુષ...**' આહાહા..! મિથ્યાશ્રદ્ધા, પુણ્ય સે ધર્મ હોતા હૈ ઔર અન્યમતકી ક્રિયાકાંડ સે ભી કુછ લાભ હોતા હૈ ઐસા જો મિથ્યાત્વભાવ વહ કલ્યાણ-અકલ્યાણ દેખને સે મિથ્યાભાવકા નાશ હોતા હૈ. '**ઉદ્ધૃતદુઃશીલઃ**' ઉદ્ધૃતદુઃશીલઃ '**અર્થાત્ જિસને મિથ્યાત્વભાવ કો ઉડા દિયા હૈ—** ' દુઃશીલ અર્થાત્ મિથ્યાત્વસ્વભાવ. રાગકી મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ વહ સબ રાગ હૈ, પુણ્ય હૈ ઉસસે ધર્મ હોતા હૈ ઐસી દૃષ્ટિ મિથ્યાત્વ હૈ વહ શ્રેયાશ્રેયકા જ્ઞાન કરનેવાલા ઉસકો ઉડા દેતા હૈ. સમજમેં આયા? આહાહા..! અરેરે..! ઉસકો સુધરનેકે રાસ્તે કઠિન. પહલે સુનને કો મિલે નહીં. યહ મનુષ્યભવ ચલા જાતા હૈ. આહાહા..! પ્રાણીકો, પશુકો જૈસે મનુષ્યપના મિલા નહીં ઔર ઈસકો મિલા, પરંતુ યહ શ્રેયાશ્રેય કલ્યાણકા માર્ગ હાથ ન લિયા, મનુષ્યપના મિલા ન મિલા બરાબર હૈ. ધૂલ યહ તો ભસ્મ હૈ. સ્મશાનકી ભસ્મ હોકર ઉડ જાયેગા. યહ તો ચમડા હૈ. ભગવાન આત્મા ઉસસે ભિન્ન આનંદકા નાથ જ્ઞાનસ્વભાવ સે ભરા પડા પ્રભુ હૈ. આહાહા..!

કહા થા ન સુબહ મેં નહીં? ઉસમેં આયા થા. સ્ત્રી, કુટુંબ, પુત્ર, પુત્રી ઉસકી ચમડી દિખતી હૈ, આત્મા તો અંદર ભિન્ન રહા. એક-દૂસરે કો સંબંધ ચમડીકા હૈ. ઐસા નાક, ઐસી આંખે, ચમડે ચમડે.

મુમુક્ષુ :- .. ચમડા હૈ ન વહ?

ઉત્તર :- યહ તો ઉપર હૈ ઈતના. અંદરમેં તો માંસ, હડ્ડી કેવલ યહ ચમડીકી લપેટ હૈ. ચમડી હૈ ન વહ લપેટ હૈ. ઈતના છીલે તો થૂંકને ખડા ન રહે ઐસી ચીજ હૈ. યહ તો હડ્ડી ઔર માંસ હૈ. આહાહા..! ગાર કહતે હૈં? લીંપણ. યહ લીંપણ નહીં કરતે? અબ તો પત્થર હો ગયે. પહલે તો ગાર પે લીંપણ કરતે થે. ઈસપ્રકાર યહ ચમડી લીંપણ હૈ. અંદર હૈ માંસ ઔર હડ્ડી. ઔર ઉસકી ચમડી કે સાથ ઉસકો સંબંધ હૈ. યહ મેરી પત્ની, યહ મેરા પતિ, યહ મેરા.. ચમડી મિટ્ટી, ધૂલ, રાખ હૈ, વહ તો રાખ ઉડ ગઈ. આહાહા..!

યહાં સમ્યગ્દર્શનજ્ઞાન હોનેસે સમ્યગ્જ્ઞાન મેં સબ વિવેક આ જાતા હૈ ઐસા કહતે હૈં. વહ જ્ઞાન જાનતા હૈ કિ સ્ત્રી, કુટુંબ, પરિવાર વહ મેરી ચીજ હી નહીં. વહ સમ્યગ્દર્શન હુઆ ઉસકે સાથ સમ્યગ્જ્ઞાન સબ જાનતા હૈ. શરીર ભી મેરા નહીં, અવયવ મેરે નહીં. યહ તો મિટ્ટી ધૂલકા હૈ. આહાહા..! જગતકી પુદ્ગલકાય હૈ ઉસકી યહ ચીજ હૈ. જડ હોકર શરીર રહા હૈ. સ્ત્રી, કુટુંબ ઉસકા આત્મા હોકર રહા હૈ ઔર શરીર જડ હોકર રહા હૈ. સમ્યગ્દર્શન હુઆ, સાથ મેં સમ્યગ્જ્ઞાન, જૈસા હૈ ઐસા જાન લેતા હૈ. આહાહા..! મેરા પુત્ર-પુત્રીકે સાથ કોઈ સંબંધ નહીં. કુછ સંબંધ નહીં. ક્યોંકિ પરદ્રવ્ય સ્વતંત્ર જગતકી ચીજ હૈ ઔર મૈં ભી સ્વતંત્ર જગતકી ચીજ ભિન્ન હૂં. આહાહા..!

આગે કહેંગે. '**जिणवयणम**' મેં. વીતરાગકા વચન તો વિષયમેં સુખબુદ્ધિ હૈ ઉસકો રેચ કરા દેતે હૈં. ૧૭ હૈ ભાઈ! સમજમેં આયા કુછ? વીતરાગકી વાણી ત્રિલોકનાથ સર્વજ્ઞદેવકી જિનવાણી ઉસકો કહે કિ જિસકો વિષયમેં સુખબુદ્ધિ હૈ વહ ઉડા દેતે હૈં. જબતક વિષયોમેં સુખબુદ્ધિ હૈ તબતક મિથ્યાબુદ્ધિ અજ્ઞાની હૈ. આહાહા..! વિષયકી વાસના હોતી હૈ સમકિતીકો, પરંતુ સુખબુદ્ધિ નહીં હોતી. આહાહા..! સમજમેં આયા? સમ્યક્ધર્મ જહાં સે પ્રગટ હુઆ, ચૌથા ગુણસ્થાન. શ્રાવક તો પીછે રહે. યહ સંપ્રદાય કે શ્રાવક વહ કોઈ શ્રાવક નહીં હૈ. વહ તો નામમાત્ર હૈ. આહાહા..!

યહાં તો ભગવાન આત્મા આનંદસ્વરૂપ ઔર જ્ઞાનમૂર્તિ ઐસી જિસકો પ્રતીત સમ્યગ્દર્શન હુઆ ઉસકો સારા ઈન્દ્રિય વિષયમેં સુખબુદ્ધિ ઉડ ગઈ હૈ. વીતરાગ કી વાણી રેચ કરા દેતી હૈ. આહાહા..! રેચ સમજતે હૈં ન? જુલાબ. .. નહીં. રેચ-રેચ નહીં કહતે? વિરેચન. વિરેચન શબ્દ હૈ દેખો. '**जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं**' ૧૭વીં ગાથામેં હૈ. વિરેચન હૈ. આહાહા..! ભગવાનકી વાણી, વીતરાગ ત્રિલોકનાથ અરિહંત પરમેશ્વરકી દિવ્યધ્વનિ વહ વાણી, ઈન્દ્રકે ઈન્દ્રાસનમેં ભી દુઃખ હૈ, સુખ નહીં ઐસી વાણી જિસકો સમજમેં આવે, વિષયબુદ્ધિમેં સુખબુદ્ધિ ઉડ જાતી હૈ. આહાહા..! વહ અકલ્યાણ માર્ગ અકલ્યાણસે ઉઠ જાતી હૈ દૃષ્ટિ. આહાહા..! પીછે ભલે ગૃહસ્થાશ્રમમેં હો. સમકિતી ભરત ચક્રવર્તી છિયાનવે હજાર, છિયાનવે હજાર સ્ત્રી થી, ઔર છિયાનવે કરોડ સેના, ૪૮ હજાર નગર, ૭૨ હજાર પાટણ વહ સબ મૈં નહીં. ઉસમેં સુખ નહીં. સમ્યગ્દર્શન હુઆ વહાં સે પરમેં સુખ નહીં. ઈન્દ્રાણી જૈસી સ્ત્રી પરંતુ વહ હડ્ડી ઔર ચમડીકે પુતલે હૈં. પુતલે હૈ. આહાહા..! મેરી સુખકી બુદ્ધિ તો

મેરે આત્મામેં હૈ. આહાહા..! સમજમેં આયા?

સમ્યગ્દર્શન હોતે હી જિનવચનકી પ્રતીતિ યહ હુઈ ઐસા કહનેમેં આતા હૈ. આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રતભાવ ઉસમેં ભી સુખબુદ્ધિ ઉડ જાતી હૈ. ક્યોંકિ વહ તો રાગ હૈ. આહાહા..! કઠિન કામ બાપુ! તેરા માર્ગ ઈતના સૂક્ષ્મ હૈ પ્રભુ! ઉસકો ખબર નહીં હૈ. દુઃખી હોકર ચોર્યાસી કે અવતાર મેં ભટક રહા હૈ. આહાહા..! અબજોપતિ સેઠિયે હો, રાજા હો, વહ બિચારે દુઃખી હૈ. અનાથ રાગ ઔર પુણ્ય ઔર પાપસે ઘિરે હુએ હૈ પ્રભુ વે. સમજમેં આયા? યહ સબ અબજોપતિ એક દિનકી પાંચ-પાંચ, દશ-દશ, પચ્ચીસ લાખકી આમદાની હો. વહ દુઃખી હૈં બિચારે. બાપડા દુઃખી. બાપડા શબ્દ કલ આયા થા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હૈ. પરંતુ વહ .. આયા થા. આહાહા..! ભિખારી, વરાકા ઐસા કહા થા. ભિખારી. વરાકા. અરેરે..! જિસકો આત્મા મેં આનંદ હૈ. આત્મા શાંતકા સાગર હૈ ઐસી જિસકો ભાન ઔર સંપદાકી ખબર નહીં હૈ ઔર પરકી સંપદાસે મૈં સુખી હૂં ઐસા માનનેવાલે વરાંકા ભિખારી બિચારે હૈ. બિચારે ભિખારી હૈ. આહાહા..! ...લાલજી! આહાહા..!

મુમુક્ષુ :- ઉસમેં સુખ માનતે હૈં.

ઉત્તર :- મૂઢ હૈ. ઈસ ચમડી મેં યહ ધૂલમેં સુખ હૈ? માંસ ઔર હડ્ડીકો ચૂંથે ઉસમેં સુખ હૈ? મૂઢ હૈ. મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકો જૈનકી શ્રદ્ધા નહીં હૈ ઐસા કહતે હૈં. જૈનકે વચન તો રાગ કા વિરેચન કરાનેવાલે હૈં. આહાહા..! પાંચ ઈન્દ્રિયકે વિષય વહ ચુરમા કે લડુ ખાયે, ..કે ભજીયે, મરી કે આચાર. મરી સમજે ક્યા કહતે હૈં? કાલીમીરચી. કાલીમીરચીકા આચાર હોતા હૈ. આથણા સમજતે હૈં? આચાર. .. આચાર હોતા હૈ. ઔર પિસ્તાકે પાપડ હોતે હૈ, બાદામ કા મૈસુબ હોતા હૈ. વિષ્ટા હૈ સબ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મીકો પહલે દરજ્જે મેં સબ પદાર્થમેં સે સુખબુદ્ધિ ઉસકો ઉડ જાતી હૈ. આહાહા..! વાડીભાઈ!

મુમુક્ષુ :- મનુભાઈ હૈ.

ઉત્તર :- મનુભાઈ. વાડીભાઈ આનેવાલે થે ન? કહો, સમજમેં આયા કુછ? આહાહા..! ઐસા વીતરાગકા માર્ગ. અરે..! કભી સુના નહીં. તીનલોકકે નાથ તીર્થંકરદેવ જિનકો સૌ ઈન્દ્ર પૂજા કરે. જિનકી રેત સિરપર ચઢાયે. આહાહા..! ઐસે જિનેશ્વરદેવકી વાણી યહાં તો કહી હૈ. વહ વાણીકા અર્થ વાચ્યભાવ હૈ. વીતરાગદેવકા ભાવ વાણીમેં યહ આતા થા. આહાહા..! પ્રભુ! તુમ તો આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદકા દરિયા સમુદ્ર તુમ હોં. તેરી બુદ્ધિ જો આનંદકે ઉપર રહી, સારી ઈન્દ્રિયકે વિષયકી સુખબુદ્ધિ ઊડ જાતી હૈ. આહાહા..! સમજમેં આયા? તબ ઉસકો જિનવચનકી રુચિ હુઈ ઔર સમ્યગ્દર્શન હૈ ઐસા કહનેમેં આતા હૈ. જિનવચન તો વીતરાગભાવ બતાતે હૈ ન. જિનવચન તો વીતરાગકી પુષ્ટિ કરતે હૈ ન? કિ રાગકી? આહાહા..! સમજમેં આયા?

યહાં તો '**श्रेयोऽश्रेयवेत्ता उद्धृतदुःशीलः**' આહાહા..! જિસકો આત્માકા સમ્યગ્દર્શન હુઆ ઉસકે

સાથ જો જ્ઞાન હુઆ વહ જ્ઞાન સબ કલ્યાણ, અકલ્યાણકો બરાબર પિછાન લેતે હૈં. ઔર 'उद्धृतदुःशीलः' દુઃશીલ. પ્રકૃતિ મિથ્યા સ્વભાવ જો હૈ ઉસકા તો નાશ કર દેતે હૈ. આહાહા..! અંદરમેં મિથ્યાશ્રદ્ધા ઉસમેં ધર્મ હોતા હૈ ઔર પરમેં સુખબુદ્ધિ હૈ વહ સબ મિથ્યાત્વભાવ ઉસકો ઉદ્ધૃત-નાશ કર દેતે હૈં. આહાહા..! મિથ્યાત્વસ્વભાવ કો ઉડા દિયા હૈ. ભાઈ! માર્ગ સૂક્ષ્મ હૈ. બાપુ! તેરે જન્મ-જરા-મરણ સે છૂટને કા રાસ્તા કોઈ અલૌકિક હૈ. સમજમેં આયા? અનંતકાલમેં ઉસને લિયા હી નહીં. અપની દયા કી નહીં. દુનિયાકી દયા કરનેકો નિકલ પડે. આહાહા..! યુવકમંડલ, દયામંડલ ઐસા નહીં હોતા હૈ? જીવદયા મંડલ, યુવકમંડલ, ભાઈ! મંડલ-ફંડલ ક્યા હૈ. તેરી તો કર તું. આહાહા..! માન લેને કો ઐસે અધિપતિ બને ઔર સાથ મેં યહ પત્ર બનાના, માસિક નિકાલના. અરે..! પ્રભુ! તુ ક્યા હૈ વહ તો પહલે દેખ. આહાહા..!

જિસકો શ્રેયાશ્રેયકા જ્ઞાન હોતા હૈ ઉસકો મિથ્યાત્વ પ્રકૃતિકા સ્વભાવકા નાશ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? **'ઐસા હોતા હૈ તથા 'शीलवानपि' અર્થાત્ સમ્યક્સ્વભાવયુક્ત ભી હોતા હૈ...'** સમ્યગ્જ્ઞાનસે દુઃશીલ સ્વભાવકા-મિથ્યાત્વકા નાશ હોતા હૈ ઔર સમ્યગ્દર્શન સ્વભાવકો પ્રાપ્ત હોતા હૈ. વહ સુશીલ હૈ. આહાહા..! સમ્યગ્દર્શન સ્વભાવ વહ સુશીલ હૈ. આહાહા..! સમજમેં આયા? લિયા હૈ ન ઉસમેં નહીં આગે. શીલપાહુડમેં લિયા હૈ ન. કિ નારકીજીવકો શીલ હૈ. પીછે આતા હૈ. સમ્યગ્દર્શનકા શીલસ્વભાવ તો નારકીમેં ભી હૈ. આગે પાઠ હૈ. ક્યોંકિ વહાં તીર્થંકરગોત્ર બાંધતે હૈ. યહાંસે નિકલકર તીર્થંકર હોગા. આહાહા..! સમજમેં આયા? શ્રેણિકરાજા વર્તમાનમેં તીર્થંકરગોત્ર બાંધતે હૈ. પહલી નરકમેં હૈ. વહાં ભી સમ્યગ્દર્શનરૂપી સ્વભાવકો વહાં શીલવાન કહનેમેં આયા હૈ. આહાહા..! શીલસ્વભાવ. આગે હૈ. કૌનસી ગાથા હૈ. સમજમેં આયા?

ભલે ચારિત્ર ન હો, વ્રત, તપ આદિ ન હો. પરંતુ વહ સમ્યગ્દર્શન જો અનંતકાલમેં કભી ન હુઆ ઐસા જો પ્રાપ્ત કિયા, વહ નારકી જીવમેં ભી ભગવાન તો કહતે હૈં કિ યહ શીલવાન હૈ. યહાં કહા ન? 'उद्धुददुस्सील' ઔર 'सीलवंतो' ઐસા કહા ન પાઠમેં? વહ 'सीलवंतो' આહાહા..! સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં તો આત્મા અખંડ પરિપૂર્ણ હૈ ઐસા અનુભવમેં ભાન હોતા હૈ, પરંતુ સાથમેં જો જ્ઞાન સમ્યક્ હુઆ વહ સમ્યગ્જ્ઞાન સબ પર્યાય પર્યાય, રાગ આદિ ભાગ સબ જાન લેતા હૈ. ઓહોહો..! મેરેમેં અભી દુઃખકા વેદન હૈ વહ અશ્રેય હૈ. મેરે સ્વભાવકા જો વેદન હૈ વહ શ્રેય હૈ. ઐસા જ્ઞાન બરાબર જાન લેતા હૈ. આહાહા..! કથનપદ્ધતિ દિગંબરસંતોકી દિગંબર મુનિઓંકી પદ્ધતિ કથનકી! કેવલીકે કેડાયત હૈ. આહાહા..!

મુમુક્ષુ :- શીલપાહુડકી ૨૫વીં ગાથા.

ઉત્તર :- ૨૫વીં ગાથા. ૩૨? હા હૈ વહ.

जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा।
ता लेहदि अरुहपयं भणियं जिणवड्ढमाणेण।।३२।।

આહાહા..! '**અર્થ :- વિષયોં સે વિરક્ત હૈ સો જીવ નરક કી બહુત વેદના કો ભી ગંવાતા હૈ...**' દેખો ખુબી!

મુમુક્ષુ :- યહ સમ્યગ્દર્શનકી વેદના...

ઉત્તર :- હા, સમ્યગ્દર્શનકી વેદના.. ઉસકો (નરક કી વેદના કો) ગંવાતે હૈં. હૈ? દેવીલાલજી!

'**વિષયોં સે વિરક્ત હૈ સો જીવ નરક કી બહુત વેદના કો ભી ગંવાતા હૈ વહાં ભી અતિ દુઃખી નહીં હોતા હૈ...**' સમ્યગ્દર્શન હૈ વહ શીલ હૈ. અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ઉસકા ભાન હોકર પ્રતીતિ હુઈ વહ શીલવંત આત્મા હૈ. આહાહા..! ઐસા શીલવંત આત્મા નરકમેં ભી દુઃખકા વેદન કમ કર દેતે હૈં. '**ઔર વહાં સે નિકલકર તીર્થંકર હોતા હૈ...**' હૈ? પાઠ મેં હૈ ન '**अरुहपयं**' '**अरुहपयं**' અરિહંતપદકો પ્રાપ્ત હોતે હૈં. શ્રેણિક રાજા વર્તમાનમેં પહલી નરકમેં ૮૪ હજાર વર્ષકી આયુ હૈ. ૩૨વાં. ૩૨વાં કલશ. ૩૩૧ પન્ના નહીં આતા? ઉસકો નહીં આતા હૈ. માણેકલાલ .. ફંસે હોતે હૈ ન. ૩૨-૩૨ વહ. '**जाए विसयविरत्तो**' ભાષા દેખો! નરકમેં ભી વિષય સે વિરક્ત હૈ સમકિતી. વિરક્તકા અર્થ? રાગાદિ જો ભાવ હૈ ઉસસે મૈં ભિન્ન હૂં. મેરી ચીજ હી... સમ્યગ્દૃષ્ટિ નરકમેં રહતે હુએ ભી. આહાહા..! ભરત ચક્રવર્તીકો છિયાનવે હજાર સ્ત્રી પદ્મણી જૈસી હૈ વહ નહીં... વહ નહીં.. ઈસમેં સુખ નહીં ઐસા ધર્મી માનતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- વહાં દુઃખી નહીં હોતા હૈ?

ઉત્તર :- અતિ દુઃખી નહીં હોતા. .. મેં પડા. '**णरयवेयणा पउरा**' ઐસા શબ્દ હૈ ન. પાઠ હૈ. પ્રચુર વેદના ગંવાતા હૈ. તીવ્ર જો અનંતાનુબંધીકી વેદના વહ નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ જ્ઞાનીકો. અજ્ઞાનીકો રહે ક્યા? દુઃખ જ્ઞાનીકો હોતા હૈ. અજ્ઞાનીકો તો ભાન હી કહાં હૈ?

મુમુક્ષુ :- ઐસા કહતે હૈ કિ અતિદુઃખ કહાં હૈ?

ઉત્તર :- વહ અતિ દુઃખ હી હૈ. '**पउरा**' દુઃખ હૈ પરંતુ વિરક્ત હોકર કમ કર દેતે હૈ. અનંતાનુબંધીકા મિથ્યાત્વકા ગયા ઈતના કમ કર દિયા ઐસા કહા હૈ. આહાહા..! દુઃખ દુઃખ હૈ.

છહ ઢાલામેં આયા નહીં? છહ ઢાલા વહ તો પાઠશાલા મેં સિખા હૈ પહલે. ઉસમેં ક્યા હૈ? દેખો! 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ. રાગ આગ દાહ દહે સદા.' ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. આહાહા..! અરેરે..! જગતકો આત્મા આનંદમૂર્તિ ક્યા હૈ ઉસસે વિરૂદ્ધ રાગ. 'રાગ આગ દાહ...' વહ તો આગ હૈ. 'દહે સદા' આત્માકી શાંતિકો. ચાહે તો શુભરાગ ભગવાનકી ભક્તિકા

હો, ભગવાન! ઈતની બાત હૈ પ્રભુ! તેરા માર્ગ ભિન્ન હૈ. આહાહા..! 'રાગ આગ દાહ...' રાગરૂપી આગકા દાહ હૈ વહ દહતા હૈ બાહરમેં. 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' વીતરાગભાવ કી સેવના કરે. સમજમેં આયા? આહાહા..! જિતના રાગ હૈ વહ સબ આગ હૈ, આગ હૈ. અગ્નિ હૈ. માર્ગ તો યહ હૈ. દુનિયા કુછ ભી માને ઉસસે કુછ વસ્તુ (બદલ) જાતી હૈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અગ્નિ. ભઠ્ઠી કહો યા અગ્નિ કહો. ઉસમેં ક્યા હૈ. વહ તો અગ્નિ હૈ ન. આહાહા..!

મુમુક્ષુ :- આત્માકી હૈ...

ઉત્તર :- વહ મંદ-તીવ્ર આત્માકે સ્વભાવ સે વિરૂદ્ધભાવ. આહાહા..!

યહાં કહા ન. ચલતા હૈ ન અપની ૧૬વી ગાથા. શીલવાન '**અર્થાત્ સમ્યક્સ્વભાવયુક્ત ભી હોતા હૈ...**' અપની ચલતી ગાથા ૧૬-૧૬. સમ્યગ્દર્શન આત્માકા અનુભવ હોકર પ્રતીત હોતી હૈ વહ શીલવાન હૈ. મિથ્યાશ્રદ્ધા સે મુક્ત હૈ. દુઃશીલ સે ઉડા દિયા હૈ. દુઃશીલ કો ઉડા દિયા હૈ. ઔર સુશીલ કો પ્રાપ્ત હૈ. બહુત કઠિન માર્ગ હૈ. આહાહા..! યહ સબ કહે કિ વ્યવહારકા લોપ હો જાતા હૈ. પરંતુ વ્યવહાર સ્વયં હી રાગ હૈ, સુન તો સહી. આહાહા..! પંચ મહાવ્રત ઔર અઠ્ઠાઈસ મૂલગુણ સાધુકે વહ સબ રાગ હૈ, અગ્નિ હૈ, દાહ હૈ. વહ ધર્મ આત્માકા નહીં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ વ્યવહારનય સે કથન કહનેમેં આતા હૈ. આહાહા..!

'**તથા ઉસ સમ્યક્સ્વભાવ કે ફલ સે અભ્યુદય કો પ્રાપ્ત હોતા હૈ, તીર્થંકરાદિ પદ પ્રાપ્ત કરતા હૈ...**' દેખો! સમ્યગ્દષ્ટિ આત્માકે અનુભવમેં ભાન હૈ ઔર રાગકા ખ્યાલ હૈ કિ યહ રાગ હૈ મેરેમેં. સમજમેં આયા? વહ દુઃખ હૈ, અશાંતિ હૈ, દાહ હૈ. ઐસા ભાનવાન અભ્યુદય તીર્થંકર પ્રકૃતિ કો બાંધતા હૈ ઐસા કહતે હૈં. શુભવિકલ્પ હોતા હૈ તો તીર્થંકર પ્રકૃતિ બંધ જાતી હૈ. 'ષોડશ કારણ ભાવના' આતા હૈ કિ નહીં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. હૈ તો શુભરાગ વહ ભી. વહ અપરાધ છે. જિસસે તીર્થંકર પ્રકૃતિ બંધે વહ સમકિત દષ્ટિકા અપરાધ હૈ. તીર્થંકર પ્રકૃતિકા ભાવ તો અપરાધ .. ક્યા હૈ? કુછ હોગા? તીર્થંકર પ્રકૃતિ તો ચૌથે, પાંચવે, છઠવે, સાતવેં પર બાંધે. આઠવા કા અમુક માને. આહાહા..! ઉસકો ભી અપરાધ કહા અમૃતચંદ્રાચાર્યને. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અપરાધ હૈ. આહાહા..! યહ વીતરાગમાર્ગ. જિસ ભાવ દર્શનશુદ્ધિકી ભૂમિકા મેં વિકલ્પ આયા, ઔર તીર્થંકરગોત્ર ભી અપરાધ હૈ. ઉસે અપરાધ સે બંધ હોતા હૈ યા ધર્મસે બંધ હોતા હૈ? આહાહા..!

મુમુક્ષુ :- થોડા તીર્થંકર નામ આયે તો ખુશ હો જાયે.

ઉત્તર :- તીર્થંકર નામ આયા તો ક્યા હૈ? વહ તો જડ પ્રકૃતિ હૈ. ઔર ઉસકા ઉદય ભી કેવલજ્ઞાન હોગા તબ આયેગા. તીર્થંકર પ્રકૃતિકા ઉદય તો તબ આયેગા જબ કેવલજ્ઞાન હાગા તબ આયેગા. ઉસમેં આત્માકો ક્યા હૈ? આહાહા..! વસ્તુ ભગવાનકી કહી હુઈ તત્ત્વદૃષ્ટિ બહુત સૂક્ષ્મ હૈ. ઔર ઉસ દૃષ્ટિકે બિના જિતના ભી જ્ઞાન કરે, શાસ્ત્ર પઢે, ક્રિયા-કાંડ કરકે મર જાયે અપવાસાદિ, વ્રત પાલકર સબ એક બિનાકા શૂન્ય, રન મેં ચિલ્લાને જૈસા હૈ. અરણ્ય મેં ચિલ્લાના. અરણ્ય રૂદન હૈ. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં '**અભ્યુદય કો પ્રાપ્ત હોતા હૈ, તીર્થંકરાદિ પદ પ્રાપ્ત કરતા હૈ તથા અભ્યુદય હોને કે પશ્ચાત્ નિર્વાણ કો પ્રાપ્ત હોતા હૈ.**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ રાગકી એકતાબુદ્ધિ કો ઉડા દેતે હૈ. મિથ્યા સ્વભાવકો ઉડા દેકર અપના સમ્યગ્દર્શન સ્વભાવકો પ્રાપ્ત કરતે હૈ. ઔર ઉસમેં શુભરાગાદિ આ જાયે ઐસા, તીર્થંકરપદ આદિ બંધ કરતે હૈ. ઔર તીર્થંકરકે બાદ નિર્વાણ હો જાતા હૈ. પરંતુ વહ શીલ સ્વભાવકે કારણ સે હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? ભાવાર્થ બાકી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૪, બુધવાર તા. ૧૦-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૬, ૧૭, પ્રવચન - ૨૩**

અષ્ટપાહુડ. દર્શનપાહુડની ૧૬મી ગાથા. એનો ભાવાર્થ છે. '**ભલે-બૂરે માર્ગ કો જાનતા હૈ, તબ અનાદિ સંસાર સે લગાકર, જો મિથ્યાત્વભાવરૂપ પ્રકૃતિ હૈ, વહ પલટકર સમ્યક્સ્વભાવસ્વરૂપ પ્રકૃતિ હોતી હૈ;...**' શું કહે છે? જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય, ગુણ અને એની નિર્મળ પર્યાય એ ભલા છે, સારા છે એમ જે જાણે અને જે પુણ્ય અને પાપ આદિનો ભાવ બૂરા છે, ખરાબ છે, હેય છે એમ શ્રેય-અશ્રેયનું જેને જ્ઞાન હોય, કલ્યાણ-અકલ્યાણનું જ્ઞાન હો. કલ્યાણસ્વરૂપી ભગવાન આત્મા છે, એના ગુણો કલ્યાણસ્વરૂપ છે, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, રમણતા એ પણ કલ્યાણસ્વરૂપ છે. એમ જેને ભલા, કલ્યાણમાર્ગનું જ્ઞાન હોય અને અકલ્યાણ વિકારીભાવ અશ્રેય છે, અકલ્યાણ છે, દુઃખરૂપ છે, એવું જેને જ્ઞાન હોય એ '**અનાદિ સંસાર સે લગાકર, જો મિથ્યાત્વભાવરૂપ પ્રકૃતિ હૈ,...**' મિથ્યાત્વ શ્રદ્ધારૂપ સ્વભાવ થા. એ ભલાને ભૂંડું માને અને ભૂંડાને ભલુ માને. એટલે પરમાં સુખ છે એમ માને અને પોતામાં સુખ છે એમ ન માને. એવી જે અનાદિની મિથ્યાત્વ પ્રકૃતિ એને જૂઠો સ્વભાવ હતો એ આ ભલા-બૂરા જાણનારનો વિકાર સ્વભાવનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

આત્મા સુખ ને આનંદસ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ આનંદ ને સુખરૂપ છે. અને એનાથી વિરુદ્ધ પરમાં ક્યાંય સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી, એ બધી વાત ચાલી છે હમણા. પરનો આશ્રય કરવા જાય તો ત્યાં દુઃખ છે. પરદ્રવ્ય આશ્રયે જેટલો ભાવ એ દુઃખ છે. સ્વદ્રવ્યને આશ્રયે ભાવ એ સુખ છે. એવું જેને ... પોતાનું જ્ઞાન અંતર થયું છે એની અનાદિનો મિથ્યા સ્વભાવભાવ છે તેનો નાશ થઈ જાય છે. આહાહા..! અને '**સમ્યક્સ્વભાવસ્વરૂપ પ્રકૃતિ હોતી હૈ;...**' પ્રકૃતિ નથી કહેતા? કે આની પ્રકૃતિ એવી છે. એનો સ્વભાવ જ સમ્યક્ સ્વભાવ સ્વરૂપભાવ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**ઉસ પ્રકૃતિ સે...**' એ સ્વભાવ સમ્યક્ સ્વભાવ શુદ્ધ તે હું, અશુદ્ધતા તે નહિ-એવું જે સમ્યગ્જ્ઞાન થયું એ સ્વભાવ પ્રકૃતિ એનાથી ખાસ પુણ્યબંધ થાય. એ સ્વભાવથી પુણ્યબંધ થાય એનો અર્થ કે એ સ્વભાવની સાથે જે વિકલ્પ એ જાતના વિચાર આદિ હોય છે એનાથી તીર્થંકરગોત્ર આદિ બાંધે. અભ્યુદય કહ્યું હતું ને? '**અભ્યુદયરૂપ તીર્થંકરાદિ કી પદવી પ્રાપ્ત કરકે...**' આહાહા..! શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્ર, એના ગુણો પવિત્ર અને એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પવિત્ર, એવું જેને જ્ઞાન થયું અને રાગાદિ અપવિત્ર એમ જે બેની વહેંચણી થઈને જે જ્ઞાન થયું, એ જ્ઞાન પવિત્ર કે ભલો સ્વભાવ .. એ ખોટા સ્વભાવનો નાશ કરે છે. અને ભલા સ્વભાવમાં પૂર્ણતા ન હોય અને એ જાતનો 'આ ભલું છે' એવો જે વિકલ્પ એનાથી એને તીર્થંકર પ્રકૃતિ બંધ થઈ જાય. તીર્થંકરાદિ છે ને? કોઈ બળદેવની પ્રકૃતિ.

'**નિર્વાણ કો પ્રાપ્ત હોતા હૈ.**' લ્યો! એ મોક્ષને પ્રાપ્ત કરે છે. આહાહા..! બહુ ટૂંકું કર્યું. શ્રેય-અશ્રેયનું જ્ઞાન હોતા મિથ્યા સ્વભાવનો નાશ થઈ સમ્યક્ સ્વભાવ પ્રગટે છે અને સમ્યક્ સ્વભાવ પ્રગટતાં તેના અભ્યુદયરૂપ તીર્થંકરાદિની પ્રકૃતિના પરિણામ હોય એટલે તીર્થંકર પ્રકૃતિ બાંધી લે છે, પછી મોક્ષ જાય છે.

મુમુક્ષુ :- મોક્ષ જાય એમાં તીર્થંકરપ્રકૃતિ...

ઉત્તર :- પરની ક્યાં વાત કરી છે? અહીં તો વચમાં આવો હોય છે એમ કહે છે. પાંચમો આરો છે ને એટલે ત્યાં સીધો મોક્ષ નથી. એટલે ત્યાં ભવિષ્યમાં પણ, આ રીતે શ્રેયાશ્રયનું જેને જ્ઞાન થાય યથાર્થ, એ ભવિષ્યમાં પણ બાકી હોય ભવ તો તીર્થંકરગોત્ર બાંધે અને પછી મોક્ષ જાય એમ કહ્યું. અત્યારે તો ક્યાં તીર્થંકરગોત્ર બાંધવાનું છે? સમજાણું કાંઈ? એવી ગંભીર વાત છે. તીર્થંકરપણું બાંધવું એ કાંઈ પંચમ આરામાં તો છે નહિ. બરાબર છે?

વળી અહીંયાં કહે છે કે શ્રેયાશ્રેયનું જેને યથાર્થ જ્ઞાન થાય તે તીર્થંકર પ્રકૃતિ આદિ બાંધી અને પછી નિર્વાણને પામે. સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે જેને આ ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા પવિત્ર છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા આવી, એ રાગાદિભાવ બધો અપવિત્ર, અશ્રેય અને

અહિતકર છે. એવું જેને ભલા-બૂરાનું જ્ઞાન થયું એ જીવની પ્રકૃતિ સમ્યક્ થઈ ગઈ. પ્રકૃતિ એટલે સ્વભાવ, શ્રદ્ધા. મિથ્યા સ્વભાવ અને મિથ્યા પ્રકૃતિનો નાશ થયો. અને એમાં બાકી રહ્યું તો. વિકલ્પો હોય એ તીર્થંકરગોત્ર બાંધે અભ્યુદય પ્રકૃતિ અને પછી મુક્તિ પામે. કહો, સમજાણું કાંઈ?

'**આગે કહતે હૈં કિ ઐસા સમ્યક્ત્વ જિનવચન સે પ્રાપ્ત હોતા હૈ,...** ' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને સર્વજ્ઞ અને વીતરાગતા પૂર્ણ પ્રગટ થઈ છે એવા જે જિનેન્દ્રદેવ એની વાણીથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. વાણી શબ્દે એનો ભાવ જે કહે છે એ. '**સમ્યક્ત્વ જિનવચન સે પ્રાપ્ત હોતા હૈ,...**' વીતરાગની વાણી સિવાય અજ્ઞાનીઓની વાણીથી કાંઈ સમકિતદર્શન ન પમાય એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે આત્માનું સ્વરૂપ જ વીતરાગમૂર્તિ છે. એવું જેને પર્યાયમાં પૂર્ણ સર્વજ્ઞ વીતરાગતા પ્રગટી, એમની વાણીમાં પણ આત્મા સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપ છે એ પામવાની વાણી હોય. એની વાણી વીતરાગતાના ભાવની પુષ્ટિની વાણી હોય. રાગની પુષ્ટિની વાણી ન હોય. રાગને જણાવાની વાણી હોય. આહાહા..! સમજાણું કાંઈ?

जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं अमिदभूदं।
जरमरणवाहिहरणं खयकरणं सव्वदुक्खाणं।।१७।।

'**અર્થ :- યહ જિનવચન હૈં સો ઔષધિ હૈં.**' વીતરાગની વાણી. શ્રીમદ્‌માં પણ આવે છે ને. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' વચનામૃતથી લીધું છે ને? અહીંયાં પણ વચનથી લીધું છે. વીતરાગના પરમ શાંત રસમૂળ. એ તો પોતાનો સ્વભાવ શાંત અને આનંદ છે એને બતાવનારા છે. વીતરાગની વાણી એવી વાણીને બીજે .. એ વીતરાગની વાણી ઔષધ છે. '**કૈસી ઔષધિ હૈ? કિ ઇન્દ્રિય વિષયોં મેં જો સુખ માના હૈ ઉસકા વિરેચન અર્થાત્ દૂર કરનેવાલા હૈં.**' આ સિદ્ધાંત. વીતરાગી વાણીમાં, પાંચેય ઇન્દ્રિય તરફના વલણમાં સુખબુદ્ધિ એનો વીતરાગવાણીથી નાશ થાય છે.

વીતરાગ વાણી આત્મામાં સુખ બતાવે છે. અને આત્માના આનંદની જેને પ્રતીત થાય એને ઇન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિનો નાશ થઈ જાય છે. આહાહા..! એનો અર્થ એવો નથી કે જેણે પાંચ ઇન્દ્રિયના વિષય છોડ્યા માટે એણે સુખબુદ્ધિ છોડી. એમ નથી. એમ ઇન્દ્રિયના વિષય જેને હોય માટે એને સુખબુદ્ધિ છૂટી નથી એમ પણ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ હોય એને સુખબુદ્ધિ ઊડી ગઈ હોય. વિષયોમાં પાંચ ઇન્દ્રિયના વિષયોમાં હોં! તો સાંભળવામાં એની પ્રશંસા હોય, તો એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. કોઈ ભોગની બુદ્ધિ હોય આ ભોગ શરીર આદિ એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ. રસનો ખાવા-પીવાના, મોજમજાની ક્રિયાઓમાં ઠીક છે એવી બુદ્ધિ સમકિતીને ઊડી ગઈ છે. છતાં આસક્તિનો ભાવ હોય.

મુમુક્ષુ :- આસક્તિનો ભાવ હોય એ જ છોડવો મુશ્કેલ.

ઉત્તર :- છ ખંડમાં રાગ અને આસક્તિ હોય એ બુદ્ધિ ઊડી ગઈ. આસક્તિને ટાળવાનું કહ્યું હોય, પણ આસક્તિ પહેલે ધડાકે છોડી ન હોય. આહાહા..!

મુમુક્ષુ :- એકતા તૂટી ગઈ.

ઉત્તર :- એકતાબુદ્ધિ ટળી હોય અથવા સારી દુનિયામાં વિકલ્પથી માંડીને ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં પણ સુખ છે એ બુદ્ધિ ટળી ગઈ છે. છતાં એ ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં બેઠો દેખાય ચક્રવર્તી સમકિતી તીર્થંકર છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો દેખાય, ત્યાં બેઠો નથી. આહાહા..! એ સુખમાં બેઠો છે. આત્માના સુખમાં એની દૃષ્ટિ ત્યાં પડ્યો છે.

મુમુક્ષુ :- અજ્ઞાની શેમાં બેઠો છે? એ દુઃખમાં બેઠો છે.

ઉત્તર :- એ દુઃખમાં બેઠો છે કીધું ને. એની સુખબુદ્ધિ છે ને એમાં? સુખબુદ્ધિ છે એમાં એ બેઠો છે. વિષયના રાગમાં સુખ છે એમાં એ બેઠો છે, ભલે ભોગ ન લેતો હોય. સમજાય છે કાંઈ? આ વાત એવી છે બાપુ આ તો માર્ગ એવો છે. સમ્યગ્દર્શન અને ચારિત્ર વિષેના આંતરા કઠણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકતાબુદ્ધિ છોડી. સુખબુદ્ધિ જ ટળી ગઈ છે. ચાહે તો ચક્રવર્તીના રાજ હોય, ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસન હોય સમ્યગ્દૃષ્ટિને પરમાં સુખ છે એ વાત જ ઊડી ગઈ છે. છતાં એની આસક્તિ હોય એ દેખાય માટે એને સુખબુદ્ધિ છે એમ નથી. આહાહા..! એ અસ્થિરતાને ટાળવા જોઈએ એટલો પુરુષાર્થ નથી. એથી અસ્થિરતા... ભાવ અસ્થિરતાનો આવે. વાત એવી બાપુ છે આ તો. આહાહા..! સમજાણું કાંઈ? નહિતર ગુણસ્થાન નીચું ક્યાંથી હોય? જો અસ્થિરતા ન હોય તો. એની અસ્થિરતામાં સુખબુદ્ધિ હોય તો ગુણસ્થાન સમકિત ક્યાંથી હોય? આહાહા..! આવી વાત છે. જિનવચનં આ શબ્દ આવે છે પ્રશ્ન વ્યાકરણમાં. જિનવચન '**ઈન્દ્રિય વિષયોં મેં સુખ માના હૈ ઉસકા વિરેચન અર્થાત્ દૂર કરનેવાલા હૈં.**' આહાહા..! રેચ લગાવ્યો રેચ. આહાહા..!

મુમુક્ષુ :- પરપદાર્થનું જોર બહુ આવ્યું.

ઉત્તર :- પરનું ક્યાં આવ્યું? પરમાં સુખ માનવાનું જોર આવ્યું. પરમાં સુખ છે. પૈસામાં, સ્ત્રીમાં, આબરૂમાં, ખાવામાં, પીવામાં, સાંભળવામાં, અભિનંદન સાંભળે અને એમાં સુખ છે એ બધી સુખબુદ્ધિ, આહાહા..! ઊડી ગઈ છે. ભાવ હોય. વિષયનો ભાવ હોય ઈન્દ્રાણીનો રાગ હોય પણ એમાં સુખબુદ્ધિ ઝેર દેખે છે એ. આ વાત...

મુમુક્ષુ :- .. ભોગવે છે.

ઉત્તર :- ભોગવતો નથી એ આવે છે એને જાણે છે. એય..! ચારિત્રની અપેક્ષાએ ભોગવે છે રાગને. વેદન છે. આહાહા..! માર્ગ વીતરાગનો અલૌકિક માર્ગ છે ભાઈ! દુનિયાને હાથ આવ્યો નથી. બહારની ચીજની પ્રવૃત્તિ, નિવૃત્તિ. બહારની પ્રવૃત્તિ-નિવૃત્તિમાં માની લીધું છે. આ તો એમ કે સંસાર

છોડ્યો, બાયડી છોડી, વિષય છોડ્યા. એ છોડ્યા જ નથી સાંભળને. આહાહા..! જેને રાગની મંદતાનો ભાવ, એમાં જેની રુચિ છે એને વિષયસુખની રુચિ છે. છેને આપણે અહીં નથી લીધું? જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માના ધર્મની રુચિ નથી. આહાહા..! આ તો અંતર દૃષ્ટિના વિષય ને દૃષ્ટિમાં ધ્યેયમાં શું હોય છે એ વાત છે. સમ્યગ્દર્શનમાં આખા સંસારમાંથી, અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એને દુઃખબુદ્ધિ જાણે છે. આહાહા..!

અજ્ઞાનીને ચાહે તો બાહ્ય ત્યાગી થઈને બેઠો હોય, મુનિ નગ્ન દિગંબર, પણ એને રાગની મંદતામાં પુણ્યબુદ્ધિમાં હેયબુદ્ધિ આવી નથી. ઉપાદેય આનંદ છે એ આવ્યું નથી એટલે આ હેયબુદ્ધિ થઈ નથી. હજી શુભભાવમાં ઉપાદેયબુદ્ધિ છે એને તો ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ છે. કીધું ને નહિ? બંધ અધિકાર નહિ? ભોગની વ્યાખ્યામાં. ભોગને કારણે એ સેવે છે મહાવ્રતાદિને, એમ કહ્યું છે. હેતુ શું છે? અનુભવથી વાત લેવી છે ને એટલે અહીંયાં આનંદના અનુભવની તો ખબર નથી. એથી બધી ક્રિયાકાંડ કરે છે ભોગને કારણે. ભોગ એટલે સંયોગમાં સુખ. રાચવા માટે કરે છે. આહાહા..! કેમ? કે જેને સંયોગીભાવ, પુણ્યભાવ એનો જેને પ્રેમ છે એને સંયોગ ફળમાં સુખબુદ્ધિ પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જેને રાગની મંદતા ... એ બંધ અધિકારમાં ખુલાસો છે એ. રાગની મંદતાના પંચ મહાવ્રતના પરિણામ, વ્યવહાર સમિતિ, ગુપ્તિના ભાવ વગેરે વગેરે કષાયની મંદતાના ભાવની જેને રુચિ છે એને દુઃખની રુચિ છે એને દુઃખ છે એની ખબર નથી. અને પરમાં સુખબુદ્ધિની રુચિ છે. ભગવાનજીભાઈ! આવી વાતું છે બાપા! આહાહા..!

'**જિનવચન હૈં સો ઔષધિ હૈં.**' વીતરાગની વાણી અથવા વીતરાગીભાવ... આત્મા વીતરાગ સ્વરૂપ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગ ચારિત્ર એ બધી વીતરાગી પર્યાય છે. વીતરાગને એ પર્યાયનું કહેવું છે. વીતરાગી પર્યાયના પોષણની વાત છે. બધા શાસ્ત્રનો સાર તો વીતરાગતા કીધી ને? એનો અર્થ શું થયો? કે નિમિત્ત અને રાગની પુણ્યબુદ્ધિ, રુચિ બુદ્ધિ જેને છૂટી ગઈ છે. આહાહા..! અને જેને ત્રિકાળી આનંદમાં જેની રુચિ બુદ્ધિ થઈ છે. એ કાંઈ વાત છે! પરમાં જેને કુતૂહલતાથી પણ જેને ઠીક લાગતું હોય ત્યાં સુધી તેને પરમાં સુખબુદ્ધિ છે.

મુમુક્ષુ :- કુતૂહલતા એટલે શું?

ઉત્તર :- કુતૂહલતા એટલે આમ છે, આ તો આમ કરું. અંગોને આમ કરું, ફલાણાને આમ કરું એ બધા ભાવો કુતૂહલતાના પરમાં કુબુદ્ધિના ભાવ છે. બીજી રીતે કહીએ તો એમાં વિસ્મયતા લાગે, વિશેષતા. વિષયના ભોગમાં એને વિશેષતા લાગે. વિશેષતા એ કુતૂહલતા એ સુખબુદ્ધિ છે. આહાહા..! ઝીણી વાત છે ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- .. ફળ બીજી રીતથી આવે છે?

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- એના .. થાય એવો..

ઉત્તર :- આ કીધું ને, આત્મબુદ્ધિ થાય સુખની એટલે પરબુદ્ધિ ઉડી જાય. આત્મા આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે એવી અંતરના આનંદની જેને બુદ્ધિ થાય એને પરમાં સુખબુદ્ધિ ઊડી જાય. એક મ્યાનમાં બે રહે નહિ. બે તલવાર ન રહી શકે. વાત આવી છે. એવી અનાદિ રહી ગયું છે ક્યાંક એનું કારણ છે ને. ત્યાગ પણ કર્યા, મુનિપણા લીધા, સાધુ થયો, પણ વસ્તુસ્થિતિ જે છે એની ખબર ન પડી એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતા અનંતા ભવ કર્યા. આ પણ આત્મા... અહીં તો વીતરાગની ભાષા જુઓ! ઓહોહો..! એ શબ્દ આવે છે. ત્યારે કહેતા હતા. .. એમાં આવે છે. વીતરાગની વાણી વિષયના સુખને વિરેચન કરનારી છે. એમ માને કે આ વિષય છોડવો એમ. એ છોડવો, એમ નથી અહીં.

પાંચ ઈન્દ્રિય રૂપ શબ્દ, ગંધ, રસ ને સ્પર્શ એમાં જે કાંઈ સુખબુદ્ધિ, ઠીકબુદ્ધિ, હિતબુદ્ધિ, વિશેષબુદ્ધિ, વિસ્મયબુદ્ધિ, કુતૂહલબુદ્ધિ એનું નામ મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનજીભાઈ! સુખબુદ્ધિ ઊડી ગઈ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને પણ સાધુની દશા ન હોય તો એને રાગ હોય, વિષય હોય. પણ એમાં સુખબુદ્ધિ નથી. એ ટળતું નથી એમાં જરી જોડાઈ જાય છે. અનંતમા ભાગમાં ... અનંત અનુબંધી ગયો છે. આહાહા..! એય..! એવી વાત છે.

મુમુક્ષુ :- .. અનંતમા ભાગે સુખ રહ્યું છે...

ઉત્તર :- સુખ ગયું નથી અનંતમા ભાગમાં એને આસક્તિ થાય છે.

મુમુક્ષુ :- સુખ અનંતમાં ભાગે નિષેધ...

ઉત્તર :- એ ભલે અનંતમા ભાગે હો.

મુમુક્ષુ :- તો દુઃખ અનંત ભાગે રહ્યું.

ઉત્તર :- ના ના સુખ ભલે અનંતમા ભાગે હોય, પણ દુઃખ પણ છે અનંતુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સુખની અપેક્ષાએ પણ અનંતમો ભાગ છે થોડો. પ્રાપ્ત થયેલા સુખની અપેક્ષાએ તો અનંતમા ભાગે છે, પણ પૂર્ણાનંદની અપેક્ષાએ હજી બહુ થોડું. ઘણું છે દુઃખ. પૂર્ણ આનંદની અપેક્ષાએ તો ઘણું છે. ત્રણ કષાયનું છે ને? પણ એ . અનંતાનુબંધન મિથ્યા .. એ દુઃખ છે. પછીનું દુઃખ બહુ અલ્પ છે. આહાહા..! આકરી વાત છે. આસક્તિનું દુઃખ છે એ ખરેખર નહિ, એ ખોટું છે. અને રુચિનું દુઃખ છે એ ખરેખર સુખ (લાગે) છે એ ખરેખર અનંતુ દુઃખ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને દુઃખ ન હોય.

ઉત્તર :– અલ્પ હોય. એ કીધું ને આસક્તિનું દુઃખ છે. આસક્તિનું દુઃખ છે, પણ એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! કહો, ચેતનજી!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનંત કષાયનો અનુબંધી, આ મિથ્યાત્વ સાથેનો અનંત કષાય છે, એ જ્યાં ગયો છે સુખબુદ્ધિ આખા સંસારમાંથી ઊડી ગઈ છે. શુભ વિકલ્પથી માંડીને આખી દુનિયા, એના પ્રત્યેના સુખના પ્રેમબુદ્ધિ જે હતી, સુખની પ્રેમબુદ્ધિ જે હતી એ ઊડી ગઈ છે. આહાહા..! અને ભગવાન આત્મા આનંદસ્વરૂપ એનો પ્રેમ જામી ગયો છે અંદર. એની આગળ દુઃખ છે હજી આસક્તિનું, પણ બહુ થોડું. એમ કહ્યું નથી જુઓને. સમ્યગ્દૃષ્ટિને રસ થોડો પડે, .. આવે છે કે નહિ? આની અપેક્ષાએ કહ્યું છે. પણ પ્રકૃતિ આ સ્થિતિ થોડી, થોડો રસ. આ આટલો રસ અનંતાનુબંધી ગયો ત્રણનો પડે તો પણ થોડો રસ અને થોડી સ્થિતિ છે. આ મૂળ ગાંઠ ગળેલી છે એટલે વાત થાય છે. આહાહા..! અને અજ્ઞાનીને ભલે પંચ મહાવ્રતના ભાવ હોય પણ એને આત્મા આનંદ છે એ ઉપરનો તો આશ્રય છે જ નહિ. એટલે ત્યાં જ એને બધી સુખબુદ્ધિ પડી છે. આહાહા..!

ભગવાન આત્માના આનંદ સિવાય કોઈપણ ચીજ ઉપર અંદરની અધિકતા, ઠીક, વિશેષતા, .. વિસ્મય, કુતૂહલ થઈ જાય, આહાહા..! તો કહે છે કે એ તો મિથ્યાબુદ્ધિ છે. ખરેખર તો એને ભગવાન આત્મામાં આનંદનો એને અભાવ છે. એને આનંદ આત્માનો છે એની દૃષ્ટિ જ નથી. આમાં આનંદ છે એ માને છે. આહાહા..! એનો અર્થ એવો નથી કે એ બધા વિષયો બહારનું છોડીને બાવો થઈ જાય માટે સુખબુદ્ધિ ગઈ છે. અને હજારો સ્ત્રીના વૃંદમાં ભોગમાં પડ્યો હોય માટે એને સુખબુદ્ધિ રહી છે એમ નથી. આહાહા..! ધર્મીને રાગ આવે વિષયનો, પણ એ સમાધાન થતું નથી, છૂટતો નથી. એટલી પુરુષાર્થની ભૂમિકામાં જાગૃતિ નથી. આહાહા..! એથી તેને દુઃખ લાગવા છતાં દુઃખની ભાવદશા હોય છે, પણ એ અનંત સંસારનું કારણ એ નહિ. અલ્પ સંસારનું.. શુભભાવ. અશુભભાવ તો સંસાર છે જ. આહાહા..! શુભભાવ પણ સંસાર છે. કારણ કે શુભભાવની ગતિ જાય છે આમ અને શુદ્ધની ગતિ જાય છે આમ. આમ જગત તરફ જાય છે. આહાહા..! આ છઠ્ઠે ગુણસ્થાનનો શુભભાવ પણ જગત તરફ ઝૂકે છે. આહાહા..!

મુમુક્ષુ :– કોઈ પણ રાગ હોય જગત તરફ ઝૂકે છે.

ઉત્તર :– અપરાધ છે. શુભોપયોગ અપરાધ છે. હોય છે ભલે. સમ્યગ્દૃષ્ટિને હોય, મુનિને હોય. પણ છે એ અપરાધ. છતાં જિનવચન અહીં તો કહેવું છે ને. એટલે કે જિનવચને કહેલો જિનભાવ. વાણી તો વાણી છે. જિનવચનમાં છે. એ આપણે લીધું ને, ઉભયનય વિરોધધ્વંસનાર્થ.. જિન... રમે છે. સમયસાર. એ આ. જિનવચનમાં વીતરાગતા બતાવી છે. અને એ વીતરાગતા સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. એવી વીતરાગની વાણીની પદ્ધતિ જ આ છે. આહાહા..! ત્રણે કાળમાં તીર્થંકરો અને વીતરાગી

પરમાત્મા અનંત જિનેન્દ્રો થયા, અત્યારે વર્તે, અનંત થશે, એ બધાની વાણીમાં વીતરાગતાનું પ્રગટપણું કરવું, વીતરાગતાને પોષવી એ વીતરાગતા પ્રગટ કરવા વીતરાગ સ્વભાવનો આશ્રય લેવો એવો એનો ઉપદેશ હોય છે. સમજાણું કાંઈ?

'**કૈસી ઔષધિ હૈં? કિ ઇન્દ્રિય વિષયોં મેં જો સુખ માના હૈ ઉસકા વિરેચન અર્થાત્ દૂર કરનેવાલે હૈં.**' આહાહા..! કરોડો મનુષ્યો જેની પ્રશંસા કરે, પણ જેમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે એને. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કરોડો અપ્સરાનો સંબંધ હોય વિષયમાં, છતાં ત્યાં આગળ સુખપણું છે આમાં એ બુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! આવી વાત છે. સંવેગ આવે છે ને. તો આ બાજુમાં વેગ છે. અહીંથી નિર્વેગ છે. આવે છે ને એ? એ બધી વાતું એવી કરી છે. આહાહા..! જ્યાં જેને સુખબુદ્ધિ આત્મામાં થઈ છે, એનો વેગ સુખને વધારવાનો હોય છે. અને આ બાજુથી નિર્વેગ હોય છે. રાગથી અભાવસ્વભાવરૂપે થવું એમ હોય છે એનું. આહાહા..! સમજાય છે કાંઈ?

એ છન્નું હજાર સ્ત્રીના વૃંદના ભોગમાં દેખાય છતાં એ સુખબુદ્ધિ એને નથી. આહાહા..! હવે આ તે તુલના કોણ કરે? અજ્ઞાનનું ફળ.. અનંત ફળ છે. યથાર્થ જ્ઞાન હોય એ જાણે. અને શ્રીમદ્‌માં આવ્યું છે ને જુઓને. 'જે નવ વાડ વિશુદ્ધથી..' આવે છે ને? 'પાવે .. સુખદાય.. ભવ તેનો .. લવ રહે તત્ત્વ વચન.' પણ એ વાત આ રીતે હોય છે. બ્રહ્મ કરી બ્રહ્મ નામ આનંદ, એમાં જેને ચરવું, એનો જેને રસ લાગ્યો છે એને તો ભવ પણ અલ્પ રહ્યા છે. એ પછી શબ્દ પડ્યો છે ને? 'જે નવ વાડ વિશુદ્ધથી પાળે ... સુખદાય.' એકલું નહિ. એમાં બુદ્ધિ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? જાવજીવ સ્ત્રી સેવી ન હોય છતાં સુખબુદ્ધિ હોય અંદર. છન્નું હજાર સેવતો હોય છતાં સુખબુદ્ધિ ન હોય. આ તોલ કોણ કરે? આહાહા..! માથે કીધું હતું ને? શ્રેયાશ્રેયનું જેને જ્ઞાન થયું, સમજાણું કાંઈ? એની પ્રકૃતિ જ બદલાઈ ગઈ. પ્રકૃતિ એટલે સમ્યક્ સ્વભાવ જ બીજો થઈ ગયો. ઓહોહો..! સમજાણું કાંઈ? એમાં મિથ્યા સ્વભાવ સુખબુદ્ધિ હતી એવો જે મિથ્યાસ્વભાવ એ છૂટી ગયો. આહાહા..! દર્શનપાહુડ. ખાવા-પીવાની ક્રિયામાં પણ જેને કંઈક અંદર રસ લાગ્યો કે આમાં ઠીક છે, એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એ માને છે .. સાચું છે.

ઉત્તર :- એ ઠીક છે એમ માન્યું છે ને અંદર શ્રદ્ધામાં? રસ ત્યાં લાગ્યો છે એને. ભગવાન ઠીક છે એ પડ્યો રહ્યો. આહાહા..! આનંદનો નાથ એકલો સુખનો સાગર પ્રભુ જેની દૃષ્ટિમાં આવ્યો નથી એથી એને પરમાં કાંઈક ઠીક છે એમ લાગે છે. 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' આ સેવા ભગવાન આત્માની એ વાત છે. આહાહા..! વીતરાગના વચનો એટલે કે વીતરાગના વચનમાં કહેલો ભાવ જેને પરિણમે છે એને વિષયમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. રેચ લાગ્યો એને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, થઈ ગયો નિરોગી. નબળાઈ રહી થોડી. પણ થઈ ગયો નિરોગી.

મુમુક્ષુ :- સાજો થયો પણ નબળાઈ રહી ગઈ.

ઉત્તર :- સાજો થયો પણ નબળાઈ રહી ગઈ. અને ઓલો રાગને રુચિવાળો છે એ સાજો થયો નથી. રોગી પ્રાણી ભ્રાંતિમાં રોગ પડ્યો છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' આહાહા..! એને ભગવાન આનંદમાં એને પ્રેમ નથી. એને એ રાગમાં સ્ત્રી, કુટુંબ, આબરૂ એમાં પ્રેમ છે. એ ભ્રાંતિ છે એની. આહાહા..! આવો માર્ગ બાપુ! વીતરાગનો. ઓહોહો..! કુંદકુંદાચાર્યે બહુ સ્પષ્ટ ચોખ્ખું કરી નાખ્યું છે. એના આંગણા ચોખ્ખા થયા. આંગણે ભગવાનને પધરાવ્યો એ આંગણા એના ચોખ્ખા હોય છે. આહાહા..! ઓહોહો..!

બ્રહ્મદત્તને સાતસો વર્ષનું પહેલેથી એને ઓલું ચક્રવર્તીને હતુને. ત્યારે .. પૂછયું હતું કે ૩૦ વર્ષની .. આ પોપટભાઈને પૂછયું હતુંને એમના સાળાનું. કીધું આ બધી સામગ્રી કેટલા વર્ષ રહે? ૯૯ની સાલમાં તો કાંઈ નહોતું. .. બે હજાર આપ્યા હતા. આ ૩૦ વર્ષની રમતું. ગજબ વાત છે. આહાહા..! પૂર્વની કોઈ રસની સ્થિતિ .. ઓલામાં લખ્યું છે. શૂન્યમાંથી સર્જન કર્યું. છે? ઓલો ફોટો પડ્યો છે ... ફોટો છે ને .. પાંચસો આપ્યા હશે. શૂન્યમાંથી સર્જ્યું. શું ધૂળ સર્જ્યું? આ ૩૦ વર્ષમાં મોટો બાદશાહ થઈ ગયો. આહાહા..! આ શરીર ધબો નમઃ આહાહા..! કોણ માને? આવી સ્થિતિમાં એ દુઃખી. આહાહા..! તૃષ્ણા... તૃષ્ણા... છે. .. નહોતી આવી? .. તૃષ્ણા... આવ્યું હતું કે નહિ? સ્વામિકાર્તિકિયાનુપ્રેક્ષામાં દશ પ્રકારના ધર્મ. .. મુક્તિ એમાં આવ્યું હતું. તૃષ્ણા અને લોભની વ્યાખ્યા. મળેલીમાં આસક્તિ અને નહિ મળેલીમાં લોભ. આહાહા..! મુક્તિ. મુક્તિ. દુર્લભતા.

જેને વર્તમાન પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ એને તો આત્મામાં સુખબુદ્ધિને વધારવાનો ભાવ હોય છે. અને અજ્ઞાનીને પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એ વાત બેઠી નથી. એટલે એણે આમ માન્યું છે એને વધારવાનો ભાવ હોય છે. એ જે વધ્યો હું. અહીં કહે છે કે આત્માની શાંતિમાં વધ્યો એ વધ્યો હું. આહાહા..! કહો, પોપટભાઈ! આ તમારા .. છે. એ તો બિચારા .. આવે. આહાહા..! એકવાર કહેતા હતા ભાઈ. ... એટલે વળી.. પોપટભાઈ બેયને.. એટલા બિચારા નરમ. આહાહા..! અરેરે..! આવો કાળ ચાલ્યો જાય છે બાપા. એમાં જેને કાંઈક બહારના પોતાના પદાર્થમાં જેમ સુખબુદ્ધિની વિશેષતા લાગે, તેમ જગતથી પાસે મળેલી વિશેષ ચીજો એમાં એની વિશેષતા એ આત્માને પણ કાંઈક ઠીક છે લાગે, એ બધી મિથ્યા દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

જેમ પોતાને પણ મળતી ચીજોમાં, બહારની ચીજોમાં અધિકતા, વિશેષતા, વિસ્મયતા, .. ઠીક એમ લાગે, એમ બીજા પ્રાણીને પણ બહારની સામગ્રીમાં, સાધન આવા ચક્રવર્તીના રાજ જેવા હોય એમાં જેને ઠીક લાગે, વિશેષ લાગે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેવું એ પોતાને માને છે એવું પરને માટે પણ એવું માને છે. ધર્મી પોતાના માટે આત્મામાં સુખ છે એ સુખથી હું સુખી

છું. એમ માનનારા બીજા પ્રાણીને પણ બહારના સાધનો છે માટે એ સુખી છે એમ એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ વીતરાગની વાણીની સ્પષ્ટતા થાય છે. આહાહા..! વીતરાગની વાણીમાં તો વીતરાગતા પ્રગટવાના પોષણની વાત હોય. રાગ વ્યવહાર હોય એને જણાવવાનો હોય, પણ પોષણ ન હોય એનું. આહાહા..! વ્યવહાર હોય ખરો, પણ વ્યવહારના પોષણની વાત ન હોય, એમાં જ્ઞાનની વાત હોય. તો જ્ઞાન તો જાણવાની વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વૃદ્ધિની પણ ઠીકની નહિ. વૃદ્ધિ પછી. પણ એ વ્યવહાર ઠીક છે, લાભદાયક છે, નિશ્ચયને કાંઈક મદદ કરે છે એવું વાણીમાં ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? રેલનો પાટો જરીક ફેરવે ને ત્યાં આખી દિશા ફરી જાય છે. આ રેલના માર્ગમાં .. નજીક હોય .. પાટા હોય પાટા. પાટો હોય. એ પાટો આમ જોડી દે તો આમ વયો જાય, આમ જોડી દે આમ વયો જાય. આમ રેલ જાય અને એક આમ જાય. દરવાજો .. પાસે છે. અમારે કાયમ ત્યાં જવાનું હોય એ બાજુ દિશાએ. તો પાતળો પાટો હોય. જાડો હોય ને એમાં પાતળો પાટો હોય ઓલાની સાથે જોડી દે તો એની કોર ચાલી જાય. આહાહા..! એમ જેને શુભરાગ અને બાહ્ય સામગ્રીમાં સુખબુદ્ધિ છે એ બીજે પાટે ચડી ગયો છે. એ સંસારને પાટે, નિગોદને પાટે ચડી ગયો છે. કહો, પોપટભાઈ! અને જેને આત્મામાં સુખબુદ્ધિ છે એને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, એ મોક્ષને પાટે ચડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પુનશ્ચ કૈસે હૈં? અમૃતભૂત અર્થાત્ અમૃત સમાન હૈં...**' આહાહા..! વીતરાગની વાણી અમૃતસ્વરૂપ. એટલે કે આત્મા અમૃતસ્વરૂપ છે તેને પ્રગટાવનારી એ વાણીમાં આ હોય છે. અમૃતસ્વરૂપ એનો આશ્રય લે ભગવાન તો તને પર્યાયમાં અમૃત આવશે અને એ અમૃતનું ફળ અમૃત મોક્ષને પણ અમૃત કહે છે. મોક્ષને પણ અમૃત કહે છે આત્મા. આવું જેને અમૃત પ્રગટ્યું. આહાહા..! વીતરાગની વાણી આત્માના આનંદમાં રુચિ કરાવે છે અને સારા ચક્રવર્તીના સુખમાં રુચિ છોડાવે છે. આહાહા..! એ ત્યાગ ને ગ્રહણ છે. બહારનો ત્યાગ-ગ્રહણ નહિ. સમજાણું કાંઈ? પાઠ છે ને? '**अमिदभूदं**' આહાહા..! રાગમાં પ્રેમ છે, પરમાં પ્રેમ છે એ ઝેરભૂત પ્રકૃતિ છે. આહાહા..! એ વીતરાગની વાણી એને બતાવે ખરી, પણ એને પોષે નહિ. વીતરાગની વાણી તો અમૂર્તસ્વરૂપ ભગવાન આત્મા એના તરફનો આશ્રય લેવરાવીને પર્યાયમાં અમૃતને પ્રગટ કરાવે એ વીતરાગની વાણી છે. આહાહા..! ભારે આવી વાત!

આખી જિંદગી બ્રહ્મચર્ય પાળતો હોય શરીરથી, પણ જેને હજી એમાં સુખબુદ્ધિ ઊભી હોય પરમાં, એ જરીએ પાળતો નથી. આહાહા..! અને કરોડો સ્ત્રીઓથી વિષય લેતો હોય છતાં અંદર સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! હવે આ આંતરા કોણ જાણે? સમજાણું કાંઈ? કહો, છોટાભાઈ! આહાહા..! પરમાં સુખબુદ્ધિ એ જગતને નાની ભૂલ લાગે છે. પણ કસાઈખાના માંડે અને ભોગ લે

તો મોટી ભૂલ દેખાય છે. પણ એમ નથી. આહાહા..! અનંત શાંતિ અને આનંદનો સાગર અને અનંત પવિત્ર ધામ, અનંત અનંત ગુણોનું પવિત્રપણાનું ધામ મહા ભગવાન એનો જે અનાદર કરીને આવા અનંતાગુણનો જ્ઞાનનો આનંદ, શાંતિનો એટલે ચારિત્રનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, .. આનંદ, અનંતગુણનો આનંદ, અનંત આનંદ એનો અનાદર કરીને પરમાં સુખબુદ્ધિ કરે છે, મોટો પાપી આત્માનું ખૂન કરી નાખે છે. આત્મા હનો ભવંતિ. આવે છે. બંધ અધિકાર નહિ? હું બીજાને જીવાડી શકું, બીજાને મારી શકું, બીજાને સુખી કરી શકું, પરથી હું સુખી થાઉં, આત્મા હનો ભવંતિ. આહાહા..! લ્યો આ વીતરાગની વાણી.

'**અમૃતભૂત અર્થાત્ અમૃત સમાન હૈં...**' આહાહા..! પણ વિષયના સુખો ઝેર છે. આહાહા..! એ ઝેરની બુદ્ધિ છે એને વીતરાગની વાણીની શ્રદ્ધા નથી. વીતરાગે કહેલો આત્મા અને એની પરિણતિ એનો એને પ્રેમ નથી. આહાહા..! આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. આ તો ભાવના સમાધાને પાર પડે એવું છે. '**अमिदभूदं**' '**अमिदभूदं**' નો અર્થ સમાન કર્યું.

મુમુક્ષુ :– અમૃતભૂત.

ઉત્તર :– અમૃતભૂતનો અર્થ અમૃત સમાન એમ. અમૃત જેવું.

'**ઔર ઈસીલિયે જરામરણરૂપ રોગ કો હરનેવાલે હૈં...**' વીતરાગની વાણી... આહાહા..! જેને આત્માના આનંદનો પ્રેમ થયો અને વિષય સુખમાં પ્રેમ જેને અંદરથી ઊડી ગયા, એને વીતરાગની વાણી શું કહે છે એ વાત બેસી ગઈ. એને વીતરાગનો માર્ગ પ્રગટ્યો. વીતરાગી એવો જે આત્મા એને શરણે આશ્રયથી પર્યાય પ્રગટી, એને મોક્ષનો માર્ગ–વીતરાગી માર્ગ પ્રગટ્યો. એને જરા.. છે? જરા–ઘડપણ. યુવાનીને ખાનારી જરા. યુવાનીના .. પડ્યા યુવાનીમાં જરા. આહાહા..! હૃષ્ટપુષ્ટ હોય ૨૫–૩૦ વર્ષનો યુવાન. એ વૃદ્ધાવસ્થા એ યુવાનીમાં કીડા પડ્યા. કડ આમ થઈ ગઈ, મોઢા આમ થઈ ગયા. એ જરાના નાશનો કરનાર આ અમૃતભૂત વીતરાગનો માર્ગ છે એટલે કે આત્માનો માર્ગ છે. એને જરાનો નાશ કરનાર છે. જરા યુવાનીનો નાશ કરતો, એ પોતે આવું શરણ લે છે એ જરાનો નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ તીર્થંકર પૂર્વે આરાધક થઈને આવ્યા છે તેના શરીર ગમે તેટલું કરોડ પૂર્વનું હોય પણ એના શરીરમાં જરા ન દેખાય. આહાહા..! એને આ ભવમાં જરા ન દેખાય શરીરમાં. પછી તો જરા હોતી જ નથી. આરાધન કરીએ છીએ ને આત્માનું. શ્રીમદ્ લખે છે ને એક ઠેકાણે કે જો આ ભવ પૂર્વે ન મળ્યો હોય તો હવે આવો મળવાનો નથી. બીજો જ મળશે હવે. બીજી જાત. એમાં રોગ ને આ ને આ. શું કહેવાય એ?

મુમુક્ષુ :– સંગ્રહણી

ઉત્તર :– સંગ્રહણી એ .. હવે નહિ મળે એવું એમ કહે છે. બીજું મળશે. બીજી જાતનું હશે.

આહાહા..!

'**જરામરણરૂપ રોગ...**' દેખો એ ઉદયને રોગ કીધો. જરારૂપી રોગ, મરણરૂપી રોગ. ઓહોહો..! અત્યારે તો જુઓને ૨૫-૩૦-૩૦ વર્ષના માણસને ઓલા બહુ તેલ ચોપડ્યા હોય છે ને તો ધોળા વાળ થઈ ગયા હોય છે. તેલ તેલ ચોપડે છે ને કાંઈક?

મુમુક્ષુ :- બ્રાહ્મી તેલ.

ઉત્તર :- બ્રાહ્મી તેલ. જુઓ! ૩૦-૩૦ વર્ષનાને ધોળા એકલા. ટોપી ઢાંકી હોય એટલે વળી. આ બધા શોખીનો કેટલાકને ૭૦ વર્ષ સુધી કાળા વાળ હોય. જુઓ આપણા ભાઈ નહિ નેમિદાસ. ૭૦-૮૦ વર્ષના છે પણ કેટલા છે એને? વધારે હશે. ૮૮. ૮૮ વર્ષ છે નેમિદાસને. કાળા વાળ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ખબર છે ને. એક બીજો હતો કોઈ લીંબડીવાળો. .. લીંબડીવાળો હતો .. ગયા છે ને એ લીંબડીવાળો હતો. એ વૃદ્ધ અવસ્થા ૮૦-૮૨-૮૫. દેખાય ૩૫ વર્ષ જેવો. બહુ કાળાવાળ. પોરબંદરનો હતો. ૮૨માં ગયા ત્યારે એ આવ્યા હતા રાણાવાવ.. રાણાવાવ છે ને અપાસરો. .. હતો. આહાહા..! એ બધી પુણ્ય પ્રકૃતિના ફળ આવા હોય, એ પાપ પ્રકૃતિના ફળ આવા હોય, એ બધાયની રુચિ જેને જ્ઞાનીને છે જ નહિ. આહાહા..! એ જરામરણ રોગનો હરવાવાળો. કોણ? વીતરાગની વાણી.

'**તથાં સર્વ દુઃખોં કા ક્ષય કરનેવાલા હૈ.** ' '**खयकरणं सव्वदुक्खाणं**' અમૃતભૂત નામ અમૃતની પ્રાપ્તિ કરાવે અને સર્વ દુઃખનો વ્યય કરાવે, અમૃતનો ઉત્પાદ કરાવે, ધ્રુવ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ એને અભ્યાસ મળે નહિ એટલે એ વાત શું છે અંદર, અને કેમ તેની પ્રાપ્તિ થાય, એની ખબર ન મળે. અને બહારમાં ભટક્યા ભટક કરે. અહીંથી થાય ને અહીંથી થાય. આહાહા..! સમ્મેદશિખર જઈએ ત્યાંથી મળે, શેત્રુંજય ત્યાંથી મળે. ગીરનાર જાય. ત્યાં ક્યાં .. હતો? આહાહા..! કાલે કોક આવ્યું હતું દિલ્હીથી. મોટર અહીં નીકળી હતી મોટર. આવ્યા હતા બિચારા. ઓળખે ખરા ને પગે લાગવા. મહારાજ! આ ગીરનારમાં કેટલી વાર જાત્રા કરી .. ત્રણવાર તો જાવું પડે એમ બોલ્યા હતા. એમ બોલ્યા હતા. ત્રણવાર જાત્રા કરી. ભાઈ હવે ત્રણ શું એક જ વાર. ત્રણવાર એટલે કાંઈક ત્રણવાર કરે તો જાત્રા કરે. એકવાર નીચે ઉતરે, એકવાર મધ્યમાં, એકવાર.. ત્યાં. પાંચમે-છઠ્ઠે અત્યારે તો બાવા બેઠા છે. કોક હતા બિચારા. .. માણસો. ઓળખતા હતા. આવ્યા હતા. .. ત્રણવાર જાત્રા કરવાનું કહે? હું પહેલા સમજ્યો નહિ.. ..... તો નીચે. એ તો બધું જોયું છે ને અમે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીચે નહિ. વચમાં મંદિર છે અને ઉપર ઓલું .. છે. અરેરે..! સુખ બધું અહીં છે અંદર. ગીરનાર તો ભગવાન આત્મા છે. આહાહા..! એના પ્રેમને પડખે ચડી જા, તારી જાત્રા સફળ છે.

આહાહા..! કારણ કે એવી બહારની જાત્રાઓ તો અનંતવાર કરી. એમાં દાળિયા કાંઈ થયા નહિ. પુણ્ય બાંધે એમાં શું? આહાહા..! વીતરાગના વચનો સર્વ દુઃખોના ક્ષય કરવાવાળા છે. આહાહા..!

'**ભાવાર્થ :- ઈસ સંસાર મેં પ્રાણી વિષયસુખોં કા સેવન કરતે હૈં, જિસસે કર્મ બાંધતે હૈં...**' લ્યો! મિથ્યાત્વ. '**ઉસસે જન્મ-જરા-મરણરૂપ રોગોં સે પીડિત હોતે હૈં;...**' એથી એને જન્મ, જરા, મરણ ...૧૯માં અધ્યાયમાં આવે છે. .. ઓહો દુઃખો, સંસારો .. સંતિ... અરેરે..! એ જન્મ-જરા-મરણના દુઃખથી પીડિત આખો સંસાર દુઃખી છે. એવા દુઃખને મટવાનો માર્ગ પ્રભુનો આ છે. '**વહાં જિનવચનરૂપ ઔષધિ ઐસી હૈ જો વિષયસુખોં સે અરુચિ ઉત્પન્ન કરકે...**' ઓલા કહે છે કે બાયડી-છોકરા ઉપર એવી અરુચિ કરો કે એમાંથી પ્રેમ ઊડી જાય. એય..! ચેતનજી! આ દીક્ષા લેવરાવવા માટે.

મુમુક્ષુ :- ખારાશ થઈ જવી જોઈએ. એના પ્રત્યે ખારાશ...

ઉત્તર :- ખારાશ થઈ જવી જોઈએ. ધૂળ એ તો દ્વેષ છે. આહાહા..! એ ક્યાં બાયડી-છોકરા તને નુકસાન કરે છે? એ તો પરવસ્તુ છે. વિષયસુખની અરુચિ કર. એ વાત છે. વિશેષ કહેશે લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન - ૨૪ ઉપલબ્ધ નથી.**

**જેઠ વદ ૪, મંગળવાર તા. ૨૩-૦૬-૧૯૭૦**
**ગાથા-૧૮, ૧૯, ૨૦. પ્રવચન - ૧૫**

અષ્ટપાહુડ. પહેલા દર્શન પાહુડની ૧૮મી ગાથા. ૧૭ માં એમ કહ્યું, વીતરાગના વચનો વિષયનું વિરેચન કરાવે છે. આત્માનો વિષય શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવી અને પરના વિષયમાં સુખબુદ્ધિ છે તે વીતરાગની વાણી ટાળે છે. સમજાણું કાંઈ? વિષયમાં, પાંચે ઈન્દ્રિયના વિષયમાં પરલક્ષી જેટલો ભાવ થાય છે એ બધો દુઃખરૂપ છે. વિષયના ભોગનો ભાવ, શબ્દનો સાંભળવાનો ભાવ, રૂપનો, ગંધનો, રસનો અને સ્પર્શનો એ બધો વિકારી ભાવ છે. એ વિષય છે એ દુઃખરૂપ છે. વીતરાગની વાણી એનો રેચ કરાવે છે. વિષય છે એની અરુચિ કરાવી અને વીતરાગસ્વરૂપ આત્મા આનંદ છે એની રુચિ કરાવીને ઠરવાનું કહે છે. દેવચંદજી! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયના વિષયો તરફ લક્ષ જાય છે એ બધો શુભ કે અશુભ ભાવ છે. આહા..હા..! વીતરાગની વાણી સાંભળવામાં લક્ષ જાય છે એ પણ એક શુભભાવનો વિષય છે.

મુમુક્ષુ :- સાંભળવી કે ન સાંભળવી?

ઉત્તર :- વાત આ છે. વસ્તુનું સ્વરૂપ (આ છે). પાંચે ઈન્દ્રિયના (વિષયો), શુભ કે અશુભ, એ તરફના વલણવાળો ભાવ બધો રાગ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- દેવતા ક્યાં? દેડકા. છે ને. હજાર જોજનના મોટા મચ્છ છે.

મુમુક્ષુ :- ઈ ક્યાં સાંભળે છે?

ઉત્તર :- અંદર આત્મામાં છે ને. ભગવાન આનંદનો સાગર છે. ચૈતન્યમૂર્તિ નારાયણસ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. આહા..હા...! એવા આત્માનો સંગ કરવો અને બાહ્યનો સંગ છોડવો એમ વીતરાગની વાણી કહે છે. સમજાણું કાંઈ ? એ ૧૭મી ગાથા કીધી. હવે ૧૮મી.

**'આગે જિનવચનમેં દર્શનકા લિંગ અર્થાત્ ભેષ કિતને પ્રકારકા કહા હૈ સો કહતે હૈં :-'** પરમાત્મા વીતરાગનો સ્વભાવ જે આત્માનો છે એવો જ વીતરાગભાવ પ્રગટ્યો છે. એ પરમાત્મા જૈનમાં લિંગનું-ભેખનું રૂપ કેવું હોય એનું વર્ણન આ ૧૮મી ગાથામાં છે.

एगं जिणस्स रूवं बिदियं उक्किट्ठसावयाणं तु।
अवरट्ठियाण तइयं चउत्थ पुण लिंगदंसणं णत्थि।।१८।।

અર્થ :- **'દર્શનમેં એક તો જિનકા સ્વરૂપ હૈ,...'** જેવા વીતરાગ પરમાત્મા અંતરમાં વીતરાગતા પ્રગટ કરીને બાહ્યલિંગ નગ્નદશા હતી. કેવળી પરમાત્માની દિગંબર મુદ્રા હતી. એ જિનનું રૂપ છે. એ એક ભેખ (છે).

મુમુક્ષુ :-

ઉત્તર :- એણે કર્યું, ન કર્યું એનો પ્રશ્ન ક્યાં છે? એણે કહ્યું ને જે કર્યું છે એ પ્રમાણે એણે આચરવું. કહ્યું પ્રમાણે ન કરવાનો અર્થ શું?

મુમુક્ષુ :- ભગવાને...

ઉત્તર :- એમ હોય નહિ. જેવું કર્યું છે એવું કહ્યું છે. વીતરાગ પરમાત્મા એ જિનલિંગ નગ્ન દિગંબર અને અંતરમાં સર્વજ્ઞ, વીતરાગ દશા. આ જિનનો ઉત્કૃષ્ટ ખરો ભેખ. સમજાય છે કાંઈ?

**'વહાં જૈસા લિંગ જિનદેવને ધારણ કિયા વહી લિંગ હૈ,...'** દેખો! વીતરાગ પરમાત્મા જે થયા એ અંતરમાં દ્રવ્યનો આશ્રય કરી, સ્થિર થઈ અને કેવળજ્ઞાન પામ્યા ત્યારે એની દશા બાહ્યમાં તદ્દન નગ્ન દિગંબર દશા હતી. દિગંબર દશા વિના અંતરમાં કેવળજ્ઞાન થાય નહિ. દિગંબર દશાથી થાય નહિ, પણ દિગંબર દશા ન હોય અને થાય એમ પણ હોય નહિ. આહા..હા...! ભારે કામ ઝીણું. અહીં તો ઊડાવ્યું બધું. જેટલું જિનલિંગ વીતરાગનું છે તે ધારણ કરે તે જિનલિંગ કહેવાય છે.

**'તથા દૂસરા ઉત્કૃષ્ટ શ્રાવકોંકા લિંગ હૈ...'** જુઓ! મુનિનું એ લિંગ છે. મુનિને પણ નગ્ન દશાનું લિંગ છે. જ્યાં સ્વરૂપની સાવધાનીમાં ગયો છે એને બાહ્યમાં નગ્નદશા સિવાયના બીજા વિકલ્પ હોતા નથી. એનાથી આ વિરૂદ્ધ છે... સમજાણું કાંઈ ? એ જિનદેવ વીતરાગદેવ છે. એણે નગ્ન દિગંબર દશા ધારણ કરી હતી. એને વીતરાગમાર્ગમાં લિંગ કહેવામાં આવે છે. મુનિનું લિંગ પણ એવું જ હોય. અંતર ભાન

સહિત, હોં! એકલું નગ્નપણું નહિ. આગળ કહેશે હજી. સમજાણું કાંઈ?

**'તથા દૂસરા ઉત્કૃષ્ટ શ્રાવકોંકા લિંગ હૈ...'** દશમી, અગિયારમી પડિમા. નહિ? ઉત્કૃષ્ટ કહે છે. ખરી અગિયારમી પડિમા-ક્ષુલ્લક. એ નગ્ન દિગંબરથી હેઠલા દરજ્જાવાળા. અગિયાર પડિમાધારી પાંચમા ગુણસ્થાનવાળા, લંગોટી એક હોય કાં એક સાધારણ વસ્ત્રનો ટુકડો હોય.

મુમુક્ષુ :- ઓઢવા કામ ન આવે.

ઉત્તર :- એ પગ હેઠે દબાય તો માથા હેઠે ન દબાય અને માથા હેઠે દબાય તો પગ હેઠે ન દબાય. એટલો ટુકડો હોય. એવું ઉત્કૃષ્ટ શ્રાવકનું બીજા નંબરનું લિગં જૈનદર્શનમાં અનાદિથી કેવળજ્ઞાની પરમાત્માએ જોયેલું આ છે. સમજાણું કાંઈ?

**'ઔર તીસરા અવરસ્થિતિ અર્થાત્ જઘન્ય પદમેં સ્થિત ઐસી આર્યિકાઓંકા લિંગ હૈ,...'** આર્જિકા એક કપડું રાખે. એ સિવાય બીજું કપડું ન હોય. એ આર્જિકા. સાચા આર્જિકા, હોં! અંતર અનુભવ, દૃષ્ટિ થઈ છે અને અંતરમાં આનંદની છોળ વર્તે છે. પંચમ ગુણસ્થાનને યોગ્ય અતીન્દ્રિય આનંદની ભૂમિકા જેને ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ શાંતિનો અંશ વધી ગયો છે. એવા ભાવલિંગમાં એનું બાહ્ય લિંગ એકલું એક વસ્ત્ર રાખે, એક જ વસ્ત્ર (રાખે). એવું એનું લિંગ હોય. આ ત્રણ લિંગ જૈનદર્શન વીતરાગ માર્ગ, સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં ત્રણ લિંગને લિંગ તરીકે ગણવામાં આવ્યા છે. **'તથા ચૌથા લિંગ દર્શનમેં હૈ નહીં.'** ચોથો ભેદ. ભેખની તરીકે કોઈ ચોથો ભેખ નથી. કહો, સમજાય છે કાંઈ?

ભાવાર્થ :- **'જિનમતમેં તીનોં લિંગ અર્થાત્ ભેષ કહતે હૈં. એક તો વહ હૈ જો યથાજાતરૂપ જિનદેવને ધારણ કિયા...'** જેવો જન્મ્યો, જેવો માતાએ જન્મ આપ્યો એવું નગ્ન રૂપ. એ તો છૂટી શકે નહિ એટલે એ તો રહે. બાકી અંદરમાંથી તો દેહ પ્રત્યે પણ જ્યાં મમતા નથી એવું ભાવલિંગ અંદરમાં આત્માના આનંદનું જેને પ્રગટ થયું છે, સમજાણું? એને આ ત્રણ ભેખ હોય છે. એક યથાર્થ જિનદેવ, મુનિનું.

**'દૂસરા ગ્યારહવીં પ્રતિમાકે ધારી ઉત્કૃષ્ટ શ્રાવકકા હૈ,...'** જુઓ! અગિયારમી લીધી એકલી. **'ઔર તીસરા સ્ત્રી આર્યિકા હો ઉસકા હૈ. ઈસકે સિવા ચૌથા અન્ય પ્રકારકા ભેષ જિનમતમેં નહીં હૈ. જો માનતે હૈં વે મૂલસંઘકે બાહર હૈં.'** મૂળસંઘ જે અનાદિનો વીતરાગ પરમાત્મા, સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (વર્તે છે) અને વીતરાગ કેવળજ્ઞાની (થયા) એવા પરમાત્માએ જે આ માર્ગ કહ્યો એ મૂળસંઘની સ્થિતિ છે. એનાથી બીજી રીતે માને એ બધા ભ્રષ્ટો છે. સમજાણું કાંઈ? આ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને, વસ્ત્ર-પાત્ર રાખીને સાધુપણું માને, એ બધા મૂળ અનાદિ સનાતન વીતરાગમાર્ગથી ભ્રષ્ટ થયેલાઓ છે. માર્ગ આ છે. સંપ્રદાયના આગ્રહીને જરી કઠણ પડે એવું છે. દેવચંદજી!

અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, જેણે રાગના કણનો પણ નાશ કરી વીતરાગતા પ્રગટ કરી અને અલ્પજ્ઞનો નાશ કરીને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું, એવા પરમેશ્વરે એ મૂળસંઘની સ્થિતિ જે હતી એમાં આવા ત્રણ લિંગ હતા. એ સિવાય મૂળસંઘથી ભ્રષ્ટ થયેલાઓ બીજા લિંગમાં મુનિપણું માને, બીજા વસ્ત્ર આદિ રાખીને આર્જિકા, સાધ્વીપણું માને એ બધા અનાદિ સનાતન સત્ય માર્ગથી ભ્રષ્ટ મિથ્યાદષ્ટિ છે. દેવચંદજી! આવો માર્ગ છે. માર્ગ તો ઐસા હૈ. લોકોને રુચે ન રુચે. અનાદિથી બીજી વાત સાંભળી હોય છે, ખબરેય ન હોય કે સત્ય શું છે અને બીજા વાડામાં જન્મ્યા હોય અને ન્યાં ને ન્યાં એના ભેખની વાતું સાંભળી હોય, એટલે અમે સાધુ છીએ અને સાધ્વી છે (એમ માને), કહે છે કે એ બધા મૂળમાર્ગ અનાદિનો સનાતન સત્યનારાયણ પરમાત્માને પ્રાપ્ત થવાની વિધિ જે વીતરાગ માર્ગમાં છે એ વીતરાગમાર્ગમાં ત્રણ લિંગો જ માન્ય છે. ચોથું લિંગ હોઈ શકતું નથી. આવી વાત તો હવે ખુલ્લી છે, ભાઈ! સેઠી! આહા..હા...!

ઓલો મહારાષ્ટ્રમાં ભેખ હોય છે. આ લુગડું આવું હોય એને બધા સ્વામી કહે, ગૃહસ્થોને. ગમે એ હોય. એ.. સ્વામી! એમ કહે. આપણે મોહનભાઈએ નહોતું કહ્યું? એક ફેરી મોટરમાં જાતા હતા અને રાતનો ભાગ હતો ને માર્ગ પૂછવો હતો. હતો તો ગૃહસ્થ હતો. લોટા જેવું લુગડું ઠેઠ સુધી. લોટા જેવું. સ્વામી! સ્વામી કહ્યું ને? બીજો શબ્દ હતો સ્વામી સાથે. એ સ્વામી! આ રસ્તો ક્યાં આવ્યો? અહીં તો સ્વામી કહેવાની રીત જ છે. ગૃહસ્થ હોય, રાજા હોય, ભિખારી હોય, સમજાય ને? કસાઈ હોય. સ્વામી જ કહેવું પડે. એ તો અહીંની રીત છે, કહે. મોહનભાઈએ કહ્યું હતું. આ મોહનભાઈ સાથે હતા ને? સવારે ... નીકળ્યા ... ત્યાંથી કાંઈક માર્ગ ફાટતો હતો તો નહોતો જણાતો તો એણે પૂછ્યું. ગમે તે .... સ્વામી! આ માર્ગ ક્યાં આવ્યો? ઈ કંઈ ભેખમાં ગણાય નહિ. એમ મારે અહીં કહેવું છે. સમજાણું? ભેખ તો આ રીતના ત્રણ હોય એ વીતરાગમાર્ગમાં પાંચમા ગુણસ્થાનવાળી આર્જિકા અને શ્રાવકનો ભેખ આવો હોય. એક લંગોટી અને થોડો કટકો. અને શ્રાવિકા, આર્જિકાને એક કપડું (હોય). પહેરવાનું, ઓઢવાનું એનું એ એક કપડું. એટલી મમતા ટળી ગઈ છે કે એને સંયોગમાં એટલી જ ચીજ હોય.

અને મુનિ હોય અને આત્મજ્ઞાન સહિત જે મુનિ થયા છે, અંતર ભાવલિંગ જેને અંતરદષ્ટિ, આત્માનો અનુભવ (થયો છે), સચ્ચિદાનંદ પ્રભુનો જેને આનંદનો રસ પ્રગટ્યો છે... આહા..હા...! અને એ આનંદ ઉપરાંત સ્થિરતાની આનંદની દશા ઉગ્ર થઈ ગઈ છે એનો ભેખ તો નગ્ન જ હોય. જિનનું રૂપ તે એનું રૂપ હોય. એ સિવાય સનાતન સર્વજ્ઞના પંથથી બીજી ભેખની દશા ગણવામાં આવી નથી.

મુમુક્ષુ :- એમાં છૂટ મૂકે?

ઉત્તર :- છૂટ શું મૂકે? પણ જેમ હોય એમાં છૂટ શેની? થોડો કટકો કપડું રાખે અને મુનિપણું માને એ તો આગળ કહી ગયા છે, નિગોદમાં જાશે. એના અગ્રેસરો થઈને ફરશે એની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે.

મુમુક્ષુ :- સાહેબ! ...

ઉત્તર :- આમાં લખ્યું છે એમ કહીએ છીએ કે? એય..! શેઠિયા આવ્યું હતું કે નહિ અંદર? અગ્રેસર છે. સાધારણ હોય એ બિચારા વળી સ્વર્ગ આદિમાં જાય પછી પરંપરાએ નિગોદમાં જાશે.

મુમુક્ષુ :- વાડો ત્યાં ને ત્યાં...

ઉત્તર :- વાડો તો ત્યાં જ રહેશે, બીજી જાશે ક્યાં? તત્ત્વના વિરાધકો, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવનો માર્ગ અનાદિ સનાતન છે એના જે વિરાધકો, એની સ્થિતિ તો અમુક ભવે તો તેને નિગોદ દશા જ છે. ચાહે તો આચાર્ય નામ ધરાવે, ચાહે તો ઉપાધ્યાય નામ ધરાવે. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! ભગવાન તીર્થંકરદેવે એમ કહ્યું છે. લ્યો, ૧૮મી ગાથા (પૂરી થઈ). '**ચૌથા અન્ય પ્રકારકા ભેષ જિનમતમેં નહીં હૈ. જો માનતે હૈં વે મૂલસંઘસે બાહર હૈં.**' દેખો! મૂળ સંઘ જે અનાદિનો છે એનાથી બધા બાહ્ય છે.

'**આગે કહતે હૈં કિ-ઐસા બાહ્યલિંગ હો ઉસકે અંતરંગ શ્રદ્ધાન ભી ઐસા હોતા હૈ...**' એવું બાહ્ય લિંગ હોય એને અંતરંગ શ્રદ્ધા આવી હોય. અહીં વ્યવહારની શ્રદ્ધા કહેશે, પછી ૨૦માં નિશ્ચય અને વ્યવહાર બેય મૂકશે.

**छह दव्व णव पयत्था पंचत्थी सत्त तच्च णिद्दिट्ठा।**
**सद्दहइ ताण रूवं सो सद्दिट्ठी मुणेयव्वो।।१९।।**

છ દ્રવ્ય ભગવાને જોયા છે. કેવળજ્ઞાની પરમાત્માએ જગતમાં અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ આ જડ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ (એમ) છ દ્રવ્ય. આવા લિંગવાળાને છ દ્રવ્યની શ્રદ્ધા તો બરાબર હોય છે. તો એનું બાહ્યલિંગ કહેવાય, નહિતર બાહ્યલિંગ કહેવાતું નથી.

મુમુક્ષુ :- છ દ્રવ્ય, પાંચ કહે તો શું વાંધો?

ઉત્તર :- છ દ્રવ્ય. છે ને પાંચ? શ્વેતાંબર કાળને જુદું દ્રવ્ય માનતા નથી. જીવ, અજીવની પર્યાયને માને છે. પણ એ તો બધું ફેર છે ત્યાં હવે એ સાધારણ વાતનો ક્યાં પ્રશ્ન? મોટો આખો મૂળસંઘથી બાહ્ય જ માર્ગ છે. વીતરાગનો માર્ગ એ નથી. જગતને બેસે ન બેસે, એને ઘરે રહ્યું. સેઠી! એમ કુંદકુંદાચાર્ય મહારાજ સંતોની જે રીત હતી એ રીતે આ વાત કરે છે. ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા સીમંધર પરમાત્મા પાસે. ત્યાં જઈને આવીને આ શાસ્ત્રો રચ્યા છે. સમજાણું કાંઈ? સીમંધર ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન કેવળીપણે બિરાજે છે. ત્રિકાળ જ્ઞાનપણે બિરાજે છે. એની પાસે ગયા, આઠ દિ' રહ્યા, સાંભળ્યું અને પછી અહીં આવીને આ બનાવ્યું છે. ભગવાન તો આમ કહેતા હતા. પરમેશ્વર વીતરાગદેવનો આ માર્ગ છે. સંપ્રદાયના પક્ષકારને ન બેસે એથી કંઈ સત્ય વસ્તુ બીજી થઈ જાય નહિ. આવી વાત છે. આહા..હા...! અને તે બાહ્ય લિંગ આવું હોય એને આવી શ્રદ્ધા અંદર હોય. એકલું બાહ્ય લિંગ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

છ દ્રવ્યની શ્રદ્ધા એને હોય. અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુ આ રજકણ અનંતગુણા છે,

એવી એક સમયની પર્યાયમાં એ બધું જાણવાની, શ્રદ્ધાનો પર્યાય એવો હોય છે. નવ પદાર્થની શ્રદ્ધા હોય છે. છ દ્રવ્યના પેટા ભેદ કરીને (નવ કહેવાય). બે દ્રવ્ય અને સાત પર્યાય. ખુલાસો કહેશે.

'**પાંચ અસ્તિકાય,...**' કાળ સિવાય પાંચ અસ્તિકાય તત્ત્વો છે વીતરાગના કહેલા. જગતમાં જાણેલા, જોયેલા અને કહેલા. એની એને અંતરમાં શ્રદ્ધા હોય. અહીં તો હજી નવ તત્ત્વના નામેય ન આવડતા હોય, છ દ્રવ્યના નામેય ન આવડતા હોય અને થઈ ગયા શ્રાવક! ધૂળમાંય નથી, બધા એકડા વીનાના મીંડા છે. આહા..હા...!

મુમુક્ષુ :- નમો અરિહંતાણં...

ઉત્તર :- નમો અરિહંતાણં ને એવું તો આવડતું હોય. સમજાણું કાંઈ? કાંઈ પડિકમણું ન આવડતું હોય, બીજું આવડતું ન હોય, તો પણ બેસાડી દે. નગ્ન થાય. નગ્ન થાય એટલે શું? સમજાણું કાંઈ?

'**સાત તત્ત્વ-યહ જિનવચનમેં કહે હૈં,...**' સાત તત્ત્વો. ખુલાસો કહેશે. '**ઉનકે સ્વરૂપકા જો શ્રદ્ધાન કરે...**' ...પણું છે ને? '**सद्दहइ ताण रुवं**' તે દ્રવ્યનું અને તત્ત્વનું રૂપનું '**શ્રદ્ધાન કરે ઉસે સમ્યગ્દૃષ્ટિ જાનના.**' તેની સાચી દૃષ્ટિ છે. આ સિવાય ઓછું-વત્તું માને એની દૃષ્ટિ સાચી નથી.

ભાવાર્થ :- '**(જાતિ અપેક્ષાસે છહ દ્રવ્યોંકે નામ-) જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ઔર કાલ-યહ તો છહ દ્રવ્ય હૈં,...**' જગતમાં છ વસ્તુ છે. '**જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઔર પુણ્ય, પાપ-યહ નવ તત્ત્વ અર્થાત્ નવ પદાર્થ હૈં, છહ દ્રવ્ય કાલ બિના પંચાસ્તિકાય હૈં. પુણ્ય-પાપ બિના નવ પદાર્થ સાત તત્ત્વ હૈં. ઈનકા સંક્ષેપ સ્વરૂપ ઈસ પ્રકાર હૈ...**'

'**જીવ તો ચેતનાસ્વરૂપ હૈ...**' ભગવાન આત્મા ચેતનાસ્વરૂપ એ તો છે. એ જીવ. રાગસ્વરૂપ કે પુણ્યસ્વરૂપ એમ નહિ. આત્મા એ તો ચેતના જાણનાર-દેખનાર એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. શરીર, વાણી, મન ને પુણ્ય-પાપ એનામાં છે નહિ. આહા..હા..! ભારે કરી. વાત જ એવી લાગે માણસને. પણ આ બધું છે ને? છે તે એનામાં રહ્યું, ચૈતન્યમાં ક્યાં છે? જીવ એને કહીએ, આત્મા એને કહીએ કે જેમાં જાણવા અને દેખવાનો ચેતનસ્વભાવ છે. જાણનાર-દેખનાર ભગવાન જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો ભગવાન છે. એને આત્મા કહીએ. આહા..હા...! સમજાણું કાંઈ?

'**ચેતના દર્શન-જ્ઞાનમયી હૈ...**' દૃષ્ટા અને જ્ઞાતા. આત્મા ચેતના અને ચેતના તે દૃષ્ટા અને જ્ઞાતા. એ આપણે આવી ગયું છે. મોક્ષ અધિકાર. '**પુદ્‌ગલ,...**' પુદ્‌ગલ છે આ પરમાણુ, આ પુદ્‌ગલ શરીર જડ (છે). શરીર, દાળ, ભાત, લાડવા, આ બધા મકાન, પૈસા બધા પુદ્‌ગલ જડ છે.

મુમુક્ષુ :- ભલે રહ્યા, એમાં શું નડે છે.

ઉત્તર :- કોણે ના પાડી? ભલે રહ્યા. જાણવાની વાત છે. છે એવું એણે જ્ઞાન કરવું જોઈએ. છે તો એને ઘરે. અહીં ક્યાં આવી ગયા છે.

'**પુદ્ગલ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગુણસહિત મૂર્તિક હૈ,...**' આમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ પરમાણુમાં-આ જડમાં છે. આ જડ શરીર, વાણી, મન, પુદ્ગલ, પૈસા, દાળ, ભાત એ બધા ચેતના-જ્ઞાન-દર્શન ગુણ વિનાના છે. એમાં જ્ઞાન, દર્શનનો ગુણ નથી. જડ છે, આ તો માટી છે. આ લાકડા, પૈસા. શું હશે આ પૈસો ઈ શું હશે? કહે છે, રંગ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું એક મૂર્ત તત્ત્વ જડ છે. આ દેખાય ઈ મૂર્ત, દેખાય એ મૂર્ત. અને આત્મા તો અમૂર્ત છે. આહા..હા..! સાંભળ્યું નથી, પણ એની ખબર ન મળે એને. પૈસા મારા, ધૂળ મારી, બાયડી મારી. હતા કે દિ'? પણ ઈ તો એના છે, ઈ તારા ક્યાંથી થઈ ગયા? તારું તો ચેતન છે. જાણવા-દેખવાથી ભરેલો દર્શન-જ્ઞાનનો ભંડાર ભગવાન છે. આહા..હા...! પુદ્ગલ આ જડ.

'**ઉસકે પરમાણુ ઔર સ્કંધકે દો ભેદ હૈં,...**' આ પુદ્ગલમાં નાનામાં નાનો છેલ્લો હોય એ પરમાણુ કહેવાય. બે પરમાણુ આખો સ્કંધ પિંડ.. પિંડ ઐસે દો ભેદ હૈં. '**સ્કંધકે ભેદ શબ્દ,...**' એ જડનો ભેદ છે, આત્માનો નહિ. આત્મા બોલે નહિ, આત્મા તો જાણનાર-દેખનાર છે. આહા..હા...! શબ્દ જડ છે, પુદ્ગલનો ભેદ છે, એ તો જડની દશા છે. આહા..હા...! '**બંધ,...**' પરમાણુમાં બંધ પડે ને. સૂક્ષ્મ સ્કંધ. '**સ્થૂલ,...**' આ દાળ, ભાત, શાક બધું બહારનું. '**સંસ્થાન,...**' આ બધા આકાર થાય ને? જુઓને! આ શીશપેનનો આકાર આ, આ આકાર, આ બધા આકાર એ બધો જડનો આકાર છે. '**ભેદ,...**' પડે. એમાંથી જુદું પડે. '**તમ,...**' અંધકાર. આ અંધકાર એ પુદ્ગલ જડ છે. '**છાયા,...**' આ શરીરની છાયા પડે ને નીચે? એ જડ છે, અજીવ છે, પુદ્ગલ છે, માટી છે. સમજાણું? '**છાયા, આતપ,...**' આ પ્રકાશનો આતાપ પડે ને? સૂર્યનો. '**ઉદ્યોત...**' ચંદ્રનો. '**ઈત્યાદિ અનેક પ્રકાર હૈં.**' એમ એણે શ્રદ્ધામાં બરાબર રાખવું જોઈએ. એ મારા નથી પણ એના આ સ્વરૂપે ઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ?

'**ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય યે એક એક હૈં...**' ધર્માસ્તિ એક તત્ત્વ છે. ચૌદ બ્રહ્માંડમાં એક ધર્માસ્તિ નામનું અરૂપી તત્ત્વ છે, એક અધર્માસ્તિ નામનું અરૂપી તત્ત્વ છે. એ જીવ અને જડ ગતિ કરે એમાં ધર્માસ્તિનું નિમિત્ત (છે), સ્થિર થાય એમાં અધર્માસ્તિનું નિમિત્ત (છે). એ બે. '**આકાશદ્રવ્ય...**' જેમાં રહેવાનો સ્વભાવ છે. પુદ્ગલો આદિ એમાં રહે એ આકાશ. ખાલી પણ હોય. '**એક એક હૈં, અમૂર્તિક હૈં, નિષ્ક્રિય હૈં,...**' એમાં પરિણમન છે પણ ક્ષેત્રાંતર થાતું નથી. એ ક્રિયા અહીં લેવી છે. સમજાણું કાંઈ? પરિણમન છે, બદલે છે, પણ ક્ષેત્રાંતર થતા નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ જ્યાં છે ત્યાં છે, અનાદિના એમ ને એમ છે. આહા..હા...! એવી એને શ્રદ્ધા (હોય). બાહ્ય લિંગ આવા હોય એને આવી શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધાને હજી વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. '**કાલાણુ અસંખ્યાત દ્રવ્ય હૈં.**' કાળ છે, કાળ છે અસંખ્ય પ્રદેશે. અસંખ્ય અણુ, હોં! પ્રદેશ તો એક છે. અસંખ્ય અણુઓ છે.

'**કાલકો છોડકર પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હૈં...**' કાળ સિવાય પાંચ દ્રવ્યમાં ઘણા પ્રદેશો છે.

'**ઈસલિયે અસ્તિકાય પાંચ હૈં. કાલદ્રવ્ય બહુપ્રદેશી નહીં હૈ ઈસલિયે વહ અસ્તિકાય નહીં હૈ,...**' કાળને અસ્તિ છે પણ કાય નથી. ઘણા પ્રદેશો નથી. એ તો સાધારણ વાત આવી ગઈ છે. '**ઈત્યાદિ ઉનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકા સે જાનના.** '

'**જીવ પદાર્થ એક હૈ ઔર અજીવ પદાર્થ પાંચ હૈં, જીવકે કર્મબંધ યોગ્ય પુદ્‌ગલોંકા આના આસ્રવ હૈ,...**' દ્રવ્યથી વાત લીધી છે. જીવને કર્મબંધનને યોગ્ય જે પરિણામ છે એ આસ્રવ અને રજકણો આવે ઈ જડ છે. અહીં જડથી વાત લીધી છે. જીવ જેવા પુણ્ય અને પાપના ભાવ કરે એ ભાવ છે તે આસ્રવ-મેલ છે. આહા..હા...! અને એને લઈને નવા આવરણો આવે એને પણ આસ્રવ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, કરસનજીભાઈ! કોઈ દિ' સાંભળી નથી. ધંધા કરીને નવરાશ ન મળે. નોકરી કરી હોય, ધંધા કરે અને માંડ માંડ જિંદગી કાઢે. એમાં ધર્મ શું ને આત્મા શું, સાંભળ્યું પણ ન હોય, સમજે તો ક્યાંથી? આહા..હા...!

'**કર્મોંકા બંધના બંધ હૈ,...**' આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને જેટલી ભૂલ કરે એના પ્રમાણમાં એને નવા રજકણોનો બંધ પડે, કર્મનું બંધન પડે. એને અહીં બંધ-દ્રવ્યબંધ ગણ્યું છે. '**આસ્રવકા રૂકના સંવર હૈ,...**' પુણ્ય અને પાપના ભાવ રોકાય અને આત્માના અંતરની એકાગ્રતા થાય એને સંવર નામ ધર્મની શુદ્ધિની વાત કહેવામાં આવે છે. એનું નામ ધર્મ. આહા..હા...! પુણ્ય અને પાપના બે ભાવ, એનાથી ખસીને ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એમાં એકાગ્રતા થાય એને ધર્મની શુદ્ધિ પ્રગટી તેમ કહેવામાં આવે છે. ધર્મ આનું નામ છે.

'**કર્મબંધકા ઝડના નિર્જરા હૈ,...**' પરની જ વાત કરી છે. કર્મના રજકણો ખરે, આત્માના સ્વરૂપનો આશ્રય લઈ આનંદનો નાથ ભગવાનનો આશ્રય (લઈ) એના પેટામાં જઈ, સ્વભાવમાં જઈ સ્થિર થાય એથી કર્મના રજકણોનો બંધ ટળી જાય એને નિર્જરા કહેવાય છે. '**સંપૂર્ણ કર્મોંકા નાશ હોના મોક્ષ હૈ,...**' મોક્ષનો અર્થ ઈ. બધા કર્મનો અભાવ થઈને એકલી પવિત્રતા પ્રગટ થઈ જાય. આત્માની પવિત્રતા પૂર્ણ પ્રગટ થાય તેનું નામ મોક્ષ. આહા..હા...! સમજાણું કાંઈ?

'**જીવોંકો સુખકા નિમિત્ત પુણ્ય હૈ...**' લ્યો. આ ધૂળ-બૂળ પૂર્વના પુણ્યને લઈને મળે ને? શરીર ઠીક (મળે), એ બાહ્યના ધૂળના સુખનું નિમિત્ત પુણ્ય કહેવાય. આ વ્યવહારુ સુખ દુનિયા માને છે ને? પૈસામાં સુખ છે ને બાયડીમાં સુખ છે. ધૂળમાંય નથી. સુખ તો તારા સ્વરૂપમાં છે. એ દુઃખને અહીંયાં સુખ તરીકે લોકો કહે છે એ અપેક્ષાએ કહ્યું છે. પુણ્ય-પાપની વ્યાખ્યા કરે છે ને. '**દુઃખકા નિમિત્ત પાપ હૈ, ઐસે સપ્ત તત્ત્વ ઔર નવ પદાર્થ હૈં, ઈનકા આગમકે અનુસાર સ્વરૂપ જાનકર...**' બરાબર સર્વજ્ઞ પરમેશ્વરે જે જાણીને કહ્યા છે એનું સ્વરૂપ જાણીને શ્રદ્ધા કરે તો તે બાહ્ય લિંગવાળાને વ્યવહાર સમકિતી આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલું બાહ્ય લિંગ કામ ન કરે, એમ કહે છે. આહા...!

'**આગે વ્યવહાર-નિશ્ચયકે ભેદસે સમ્યક્‌ત્વકો દો પ્રકારકા કહતે હૈં :-**' લ્યો ઠીક!

जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।
ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।

જીવ, અજીવ, પુદ્‌ગલ આદિ '**પદાર્થોકે શ્રદ્ધાનકો વ્યવહાર-સમ્યક્ત્વ કહા હૈ...** ' એટલે શુભરાગ છે. સમજાણું કાંઈ? '**જિન ભગવાનને.. કહા હૈ.**' પરમાત્માએ આવા દ્રવ્ય, નવ તત્ત્વ વગેરેની શ્રદ્ધા, એવો જે શુભરાગ, એને વ્યવહારસમકિત (કહે છે). નિશ્ચય સમકિત હોય એના આવા ભાવને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? '**ઔર અપને આત્માકે હી શ્રદ્ધાનકો નિશ્ચય-સમ્યક્ત્વ કહા હૈ.**' આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ પવિત્રતાનું ધામ છે, એવો અંતરમાં અનુભવ થઈને શ્રદ્ધા કરવી એનું નામ સાચું સમકિત છે. એ સાચો ઠર્યો, એને સાચી શ્રદ્ધા થઈ. આહા..હા...! સમજાણું કાંઈ? આવા બાહ્યલિંગવાળાને આવું હોય તો ઓલાને બાહ્ય વ્યવહાર કહેવામાં આવે. અજ્ઞાનીને તો કહે છે, શ્રદ્ધા પણ ખોટી, લિંગ પણ ખોટા, એ તો બેયથી ભ્રષ્ટ છે. આહા..હા...! કામ ભારે અષ્ટપાહુડનું. પ્રાભૃત છે ને? સાર છે ને? સાર. માખણ (છે). મૂળ તત્ત્વ વીતરાગ પરમાત્માએ અનાદિથી જોયેલું, જાણેલું, કહેલું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે, બાહ્ય લિંગ ત્રણ કહ્યા, એને આવા છ દ્રવ્યની શ્રદ્ધા આદિ હોય તે વ્યવહાર શુભરાગ છે. અને એને પણ વ્યવહાર ક્યારે કહેવાય? અને એને બાહ્ય લિંગ નિમિત્તરૂપે પણ ક્યારે કહેવાય? કે એને જીવ-આત્મા અખંડ આનંદનો કંદ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી અંતરમાં રાગ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિ થાય, એને ભગવાને સાચું સમકિત કહ્યું છે. સમજાય છે કાંઈ? જુઓ!

'**અપને આત્માકે હી શ્રદ્ધાનકો નિશ્ચય સમ્યક્ત્વ કહા હૈ.**' છે ને? '**अप्पाणं हवइ सम्मत्तं**' આત્માકે સમકિત, એમ પાછું અહીં તો એમ લીધું. સમજાણું કાંઈ? શરીર, વાણી, લિંગ વિનાનું તત્ત્વ આત્મા અને આવા આસ્રવ ને બંધના વિકલ્પ વિનાનું તત્ત્વ, એવો જે આત્મા ચેતના, દર્શન-જ્ઞાનના સ્વભાવવાળો આત્મા, એનો અંતરમાં અનુભવ થઈને પ્રતીતિ થવી એને સાચું સમકિત, સાચો ઠર્યો એમ કહેવામાં આવે છે. નહિતર ત્યાં સુધી ખોટો છે. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે વાત ભાઈ! આવું નિશ્ચય સમ્યગ્દર્શન... નિર્વિકલ્પ આત્મા વસ્તુ છે વિકલ્પ નામ રાગ વિનાની, પણ છે મહાપદાર્થ, મહા જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો. એવા આત્માની સ્વભાવ સન્મુખ થઈ અને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શ્રદ્ધાનો અનુભવ થવો એને ભગવાન સાચું સમકિત, નિશ્ચય સમકિત, યથાર્થ સમકિત, વાસ્તવિક સમકિત કહેવામાં આવે છે. એને આવું વ્યવહાર સમકિત હોય છે, એને આવા વ્યવહાર લિંગ હોય છે. એમ ત્રણેની વાત કરી, જુઓ! સમજાણું કાંઈ?

જેને નિશ્ચય નથી એને વ્યવહાર પણ સાચો છે નહિ, તો એના લિંગની પણ ગણતરી છે નહિ. એવા નગ્નપણાના દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા. સમજાણું કાંઈ? પણ જેને નિશ્ચય સમ્યક્ (થયું છે), શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમેશ્વરે કહ્યો એવો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ (છે), એની પ્રભુતાની પ્રતીત,

પ્રભુતાનું જ્ઞાન થઈને અંદરમાં થવી એનું નામ સાચું સમકિત (કહે છે). એવું સાચું સમકિત હોય ત્યાં છ દ્રવ્યની શ્રદ્ધા આદિ હોય એ વ્યવહારસમકિત, ઉપચારિત સમકિત (કહેવાય છે). એવો હોય ત્યાં લિંગ આવું હોય એ નિમિત્તની દશાનું વર્ણન છે. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધા એ અભ્યંતર નિમિત્ત, આ બાહ્ય નિમિત્ત. બેય નિમિત્તની વ્યાખ્યા છે. નિમિત્ત આવું હોય. આવા નિમિત્ત સિવાય બીજું નિમિત્ત હોય નહિ, એમ કહે છે. શું કહ્યું સમજાણું આમાં?

ફરીને. જેને નિશ્ચય સ્વભાવનું સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પોતે જ હું છું એવી અંતર્મુખ થઈને ભાન થઈને પ્રતીતિ થવી એ સાચું સમકિત, એ સમ્યગ્દર્શન, સત્યદર્શન (છે). એવા સત્યદર્શનવાળાને વ્યવહાર સમકિતનો વિકલ્પ છ દ્રવ્યનો, નવ તત્ત્વનો હોય એ નિમિત્ત કહેવામાં આવે છે. એ અભ્યંતરમાં વ્યવહાર આવું નિમિત્ત એને હોય છે, બીજું નિમિત્ત હોઈ શકે નહિ અને એને આ ત્રણ લિંગનું નિમિત્ત બાહ્યમાં હોય છે. ચોથું લિંગ-ભેખ એને હોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

એકલી નગ્નદશા ધારણ હોય તોય મુનિપણું નહિ. એકલા વ્યવહાર સમકિત ને પંચ મહાવ્રતના વિકલ્પ હોય એ વ્યવહાર જ નથી અહીં. નિશ્ચય વિના વ્યવહાર કેવો? તો એ પણ વ્યવહાર પણ નથી અને મુનિ પણ નથી. આહા..હા...! ભારે કામ. સમજાણું કાંઈ? જેને લંગોટી એક હોય અને કપડું એક જ નાનું હોય અને અગિયાર પડિમા ધારવાના વિકલ્પ હોય, પણ જેને અંતર અનુભવની દૃષ્ટિ અને સમકિત નથી એને શ્રાવક કહેતા નથી, એને ક્ષુલ્લક-બુલ્લક કહેતા નથી, કહે છે. પંડિતજી! બાત તો ઐસી હૈ.

એમ અર્જિકા. એક કપડું રાખે, એક વાર આહાર લે. પણ એ જો અંતર નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો વ્યવહાર સમકિતના વિકલ્પને નિમિત્ત અને તો એ લિંગને નિમિત્ત કહેવામાં આવે છે. વસ્તુ ન મળે તો નિમિત્ત કોનું પણ? સમજાણું કાંઈ? આહા..હા...! પણ નિમિત્ત હોય તો આવું જ હોય, બીજું હોય નહિ એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- નિમિત્ત ન હોય એમ હોય?

ઉત્તર :- ન હોય એમ બને નહિ. હોય તો આવું જ હોય. સેઠી! કહો, સમજાય છે કે નહિ આમાં? આ તો સાદી વાત છે. આ સંપ્રદાયના આગ્રહ માનીને બેઠા હોય એને તો આ ઘા વાગે એવું છે કે આવો માર્ગ ક્યાંથી કાઢ્યો? બસ, આ એક જ માર્ગ સાચો, બીજા ખોટા? આહા..હા..! માર્ગ આવો છે, બાપુ! શું કહીએ? ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વરે આ કહ્યું છે. આ સિવાયનો માર્ગ તે વ્યવહાર ને નિશ્ચય એક્કેય માર્ગ સાચો નથી. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- '**તત્ત્વાર્થકા શ્રદ્ધાન વ્યવહારસે સમ્યક્ત્વ હૈ...**' પેલું તત્ત્વાર્થ શ્રદ્ધાન નહિ, હોં! ઉમાસ્વામીમાં જે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે એ તો નિશ્ચય સમકિત છે. નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે એમ અહીં સમજવું. દેવચંદજી! આ '**તત્ત્વાર્થકા શ્રદ્ધાન વ્યવહારસે સમ્યક્ત્વ હૈ...**' ઈ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન નહિ. ઈ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન તો નિશ્ચય સમકિત છે. પણ એવી

શ્રદ્ધામાં નવ તત્ત્વ ને છ દ્રવ્યની શ્રદ્ધાનો જે ભેદવાળો વિકલ્પ છે એને અહીં વ્યવહાર સમકિત કહ્યું છે. મૂળમાં કીધું ને? જુઓને! 'जीवादीसद्दहणं' એમ શબ્દ છે ને? એણે એ પ્રશ્ન કર્યો હતો ત્યાં, ૧૬૦માં આવે છે ને? 'जीवादीसद्दहणं सम्मत्तं' ૧૬૦ ગાથા. વિદ્યાનંદજીને ન્યાં દિલ્હીમાં પૂછ્યું હતું. કીધું, 'जीवादीसद्दहणं' નિશ્ચય છે. જ્ઞાનની પરિણતિ થવી એનું નામ સમકિત છે. એકલા જીવાદિ નવ તત્ત્વ એ નહિ. ન્યાં પાઠ છે. જીવાદિનું શ્રદ્ધાન એટલે કે જ્ઞાનનું એ રીતે પરિણમવું, જ્ઞાન એ રૂપે પરિણમી જાય, નિર્વિકલ્પ વીતરાગી પર્યાયપણે થાય એને સમકિત કહેવામાં આવે છે. આહા..હા...! સાંભળ્યું પણ ન હોય અને બેઠું તો ક્યાંથી હોય? આમ ને આમ અનાદિથી ચોરાશીના અવતારમાં રખડે છે. રખડવામાં હોંશિયાર છે. વાસ્તવિક દોષ ટાળવામાં હોંશિયાર નથી. આહા..હા...!

વિપરીત માન્યતાથી અને વિપરીત રાગ-દ્વેષના ભાવથી દુઃખી છે. અનાદિનો જીવ દિગંબર સાધુ થયો, પણ અંતરમાં વિપરીત શ્રદ્ધાના કારણે દુઃખી છે. નગ્ન મુનિ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પણ એને નિમિત્ત તરીકે કહેવામાં ન આવ્યું. કારણ કે ઉપાદાન પ્રગટ્યું નથી, નિમિત્ત કહેવું કોને? આહા..હા...! નિમિત્ત કહો કે વ્યવહાર કહો. પેલો અસદ્‌ભુત વ્યવહાર છે, આ અસદ્‌ભુતનો ઉપચાર ભાગ છે. પેલો અસદ્‌ભુત તદ્દન ઉપચાર કહ્યો, ત્યારે આ એકલો ઉપચાર... બાકી તો રાગ તે અસદ્‌ભુત ઉપચાર છે, ખ્યાલમાં આવે એ. ખ્યાલમાં ન આવે એ અસદ્‌ભુત અનુપચાર છે. ઝીણી વાત છે.

આત્મા... અહીં તો કહે છે કે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમકિત એટલે સાચી પ્રતીતિ ઈ કઈ? ઉમાસ્વામીએ કહ્યું ઈ શું? અને આ કહ્યું ઈ શું? 'जीवादीसद्दहणं' અહીં નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાને તત્ત્વાર્થ શ્રદ્ધાન (કહ્યું છે). કારણ કે પાઠમાં 'जीवादीसद्दहणं' છે ને? એનો ખુલાસો કરે છે ને? એટલે તત્ત્વાર્થ શ્રદ્ધાન જે ન્યાં ઉમાસ્વામીએ કહ્યું છે એને કેટલાક વ્યવહાર સમકિત માને છે. બધાને પૂછ્યું હતું, આ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ શું? કહે, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર શ્રદ્ધા. પણ વ્યવહાર શ્રદ્ધા તો રાગ છે. એનો માર્ગ છે આ? ચોપડીમાં છે ને. એ.. સેઠી! એ સેઠીને ક્યાં ભાન હતું? ઈ બધા એમ ને એમ હા, હા (કરતા હતા).

મુમુક્ષુ :- ઈ છાપેલી ચોપડીમાં કહે છે કે સોનગઢની છાપેલીમાં?

ઉત્તર :- લ્યો, ઠીક. તમારી છાપેલી ચોપડીમાં લખ્યું છે, કહે છે. કોણે છાપી છે? પન્નાલાલ. તમારી એટલે દિગંબરની એમ. છે ને ચોપડી? લાવોને. આમાં લખ્યું છે, તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન, એ વ્યવહાર છે. અરે..! આવા ને આવા પંડિતો પણ સમજે નહિ. એય..! દેવચંદજી!

મુમુક્ષુ :- બહુ લજ્જાકી બાત હૈ...

ઉત્તર :- લજ્જા કી બાત હૈ. ... આ તો વસ્તુની સ્થિતિ એવી છે. વ્યક્તિગત કાંઈ નહિ. આવું સ્વરૂપ જ છે, ભાઈ! શું થાય? આહા..હા..! જ્યારે તત્ત્વાર્થસૂત્રનું તત્ત્વાર્થ શ્રદ્ધાનને વ્યવહાર સમકિત કહે ત્યારે નિશ્ચયનો અધિકાર આવ્યો ક્યાં? અને એવા વ્યવહાર સમકિતવાળાને પાંચ જ્ઞાન ... કહ્યા? મતિ, શ્રુત, અવધિ ને પાંચ જ્ઞાન એવાને કહ્યા? એને ચારિત્ર કહ્યું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. વ્યવહાર

સમકિત, તો પછી જ્ઞાન પણ વ્યવહાર અને ચારિત્ર પણ વ્યવહાર. ત્રણે વ્યવહાર (થયા). સમકિત વ્યવહાર અને ચારિત્ર નિશ્ચય એમ ક્યાંથી આવે એમાં? આવે છે. અહીં તો કહેવું છે, તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન એ પાઠમાં બે ખુલાસો છે ને? **'जीवादीसद्दहणं सम्मत्तं ववहारा'** એનો ખુલાસો કરે છે.

મુમુક્ષુ :- એને વ્યવહાર કહ્યો છે. નિશ્ચય કીધો તો...

ઉત્તર :- તો પણ **'अप्पाणं हवइ सम्मत्तं'** ભગવાન જ્ઞાનમૂર્તિ નિર્વિકલ્પનું અંતર ભાન અને પ્રતીત થવું એ સાચું સમકિત, બાકી ખોટા સમકિત છે. આ નિશ્ચય સમકિત વિના વ્યવહાર સમકિત પણ કહેવામાં આવતું નથી. વ્યવહારાભાસ છે અને લિંગ એનું છે ઈ પણ વ્યવહારાભાસ અસદ્ભુત જૂઠું છે. સમજાણું કાંઈ?

અહીં વ્યવહાર છે અને ન્યાં નિશ્ચય છે એમ કોઈ કહે તો એનું કારણ? અહીં તો **'जीवादीसद्दहणं'** ને વ્યવહાર ચોખ્ખો (જુદો) પાડ્યો છે અને નિશ્ચય **'अप्पाणं हवइ सम्मत्तं'** એમ કહ્યું છે. એટલે અહીંનું આ તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર લખ્યું છે એ બરાબર છે. અને ન્યાં જે કહ્યું છે, **'जीवादीसद्दहणं'**, નવ તત્ત્વાર્થ શ્રદ્ધાન કીધું ને? નામ તો સાતેય તત્ત્વના નાખ્યા. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ઈ તો અંદરનું જ્ઞાન થઈને અંતર સન્મુખ થઈને પ્રતીતિ થઈ છે એની વાત છે. નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? અહીં આ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે ઈ વ્યવહાર સમકિતની વ્યાખ્યા છે. સેઠી! ન્યાં બધાને પૂછે પહેલા. તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન પૂછતા હતા એ તો વ્યવહાર છે. ચાંદમલજીને પૂછ્યું હતું. એ કહે, વ્યવહાર છે. તો કહે, એ શબ્દમાં ભૂલ થઈ ગઈ, ભાષામાં ભૂલ થઈ ગઈ. ઠીક. મારી ભુલ નથી. આવા ને આવા. ચાંદમલજી હતા ને? ઉદયપુરના. સમજાણું કાંઈ? એમાં છે, ઈ તો બતાવ્યું હતું, લખેલું હતું ઈ બતાવ્યું હતું.

અહીં કહે છે, જેને આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, રાગનો કર્તા નહિ, દેહની ક્રિયા મારી નહિ, દેહની ક્રિયાનો કર્તા નહિ, આ મારો પર્યાય જેટલો પણ ભાવ નહિ. એવી જેને ચૈતન્ય દ્રવ્યની ધ્રુવતાના લક્ષે જે દૃષ્ટિ થઈ તેને સાચું સમકિત અને સાચો ઠર્યો એ ચોથે ગુણસ્થાને આવ્યો. આ વિના શ્રાવક ને મુનિ બધા એકડા વિનાના મીંડા છે. આ લિંગ આવા હોય તો એને, બીજા લિંગ હોય એની તો વાત જ નથી. એની તો શ્રદ્ધા પણ ખોટી ને લિંગ પણ ખોટા, બધું ખોટું. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે, બેસે ન બેસે, ઈ સ્વતંત્ર છે. અનાદિથી એને બેઠું નથી. આહા...!

અહીં તો કહે છે, જેને બાહ્ય લિંગ આવું હોય, અભ્યંતરમાં પણ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ મુનિને હોય એને આવું નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો પેલાને વ્યવહાર કહેવામાં આવે. કેટલું આમાં સમજવું? ઊંધું ઘણું ગરી ગયું છે એટલે પ્રમાણમાં એને બધું સવળું સમજવું પડશે.

**'ઔર અપને આત્મસ્વરૂપકે અનુભવ દ્વારા ઉસકી શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ સો નિશ્ચયસે સમ્યક્‌ત્વ હૈ,...'** દેખો! ભગવાન આત્મા પોતાનું આત્મસ્વરૂપનો અનુભવ કરી. ભાષા દેખો!

આમ શ્રદ્ધા-બદ્ધા ન કામ આવે, કહે છે. આ આત્મા જ્ઞાયક ચિદાનંદ આનંદસ્વરૂપ છે એવું અંતરમાં જ્ઞાન થઈ, અનુભવ થઈ અને અનુભવમાં પ્રતીતિ થવી, તેની શ્રદ્ધા, તેની પ્રતીતિ, તેની રુચિ અને તેમાં આચરણ-આત્માનું ઠરવું, એનું નામ નિશ્ચય સમકિત છે. જુઓ! અહીં તો '**આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...**' (એમ કહ્યું છે). ભાઈ! શું કહ્યું છે? એટલું આચરણ ત્યાં આવે છે. એને અહીં નિશ્ચય સમકિત કહ્યું. સમજાણું કાંઈ? આ સ્વરૂપાચરણ. અનંતાનુબંધીનો અભાવ થઈ અને અંદર ઠર્યો છે. શાંતિ પ્રગટી છે, પ્રતીતની સાથે શાંતિ પ્રગટી છે. આહા..હા...! ભારે કામ, ભાઈ! ઘણાંય પુસ્તક તો પડ્યા છે પણ વાંચે છે ક્યાં? અને વાંચે તો પોતાની દૃષ્ટિએ વાંચે, અર્થ કરે પોતાની દૃષ્ટિએ. આહા..હા...! કુંદકુંદાચાર્યને પક્ષકાર કહે. રામજીભાઈના હતા ને? પેલા ...ભાઈ. આ વાંચ્યું હતું કે આવું હોય ત્યાં.. સંપ્રદાયની વાત છે. ઈ ન્યાં પહેલું મળ્યું હતું. અષ્ટપાહુડ ઈ મળ્યું હતું. (સંવત) ૧૯૯૦માં. રાજકોટમાં. ... એમાં લખ્યું હતું. જ્યાં ત્યાં આવે, નગ્નપણું તે મુનિપણું. સંપ્રદાય નહિ, એ તો વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યાં સમકિતની વ્યાખ્યા બરાબર કહે.

ઉત્તર :- ત્યાં સમકિતની બરાબર. એણે પોતે છાપ્યું છે ને. ... ઈ તો બરાબર લખ્યું છે પણ એના વાંચનમાં બધો ફેર છે.

અહીં કહે છે, પોતાનો ભગવાન... એ પર ભગવાન ને વીતરાગદેવને માનવા એ પણ વિકલ્પ અને રાગ છે અને પરદ્રવ્ય છે. એ સમકિત નહિ. લોકોમાં દાખલો આપે છે. છાશ જોઈતી હોય તો પછી... શું કહેવાય ઈ? દોણી સંતાડે? અમારે મામી હતા ને? ત્યાં ભેંસ રાખતા. અહીં તો અમારે ભેંસ રાખવાનું ક્યાં સાધન હતું. સાધન નહોતા. સાધારણ. પછી છાશ-બાશ લેવા જઈએ તો બે શેર સારી છાશ આપે. ઘરે મહેમાન આવ્યા હોય અને ઝાઝી જોઈતી હોય તો બોઘણું મોઢા આગળ કરવું પડે. જુઓ! આ બોઘણું છે આમાં નહિ આવે. દસ શેર છાશ જોઈએ. બોઘણું સમજો છો? બર્તન. સગા મામી હતા. એકલા હતા ને. ... હતા. ગુજરી ગયા. કઢી કરવી હોય ને પછી દરરોજ શેર છાશ આપે, એ પાલવે? ઘરે પાંચ-સાત મહેમાન હોય, કઢી, દાળ, ભાત, શાક ... એમ અહીં માર્ગ છે ઈ ખુલ્લો મૂક્યા વિના અમે સમજીએ શી રીતે? માર્ગ તો આવો છે, ભાઈ! કડક લાગો, વિપરીત લાગો, પક્ષ લાગો તો પણ માર્ગ તો આ છે. બીજો માર્ગ જો આડોઅવળો કાંઈ માને તો વીતરાગ માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ મિથ્યાદૃષ્ટિ છે. જાદવજીભાઈ! આવું છે. જુઓ!

વ્યવહાર... પાઠમાં વ્યવહાર પહેલો છે ને? પછી નિશ્ચય શ્રદ્ધારૂપી આચરણ. '**આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...**' ત્યાં પછી પેલા લઈ લે કે આચરણ આવું. સ્વરૂપની સ્થિરતા આત્માની હોય તો ઈ (કહેવું છે). ઈ વાત નથી અહીં. લઈ જાય ને, શું કરે? અહીં તો એવું સ્વરૂપ આત્માનું છે. જ્ઞાયક, આનંદ, અનંત ગુણનો અરૂપી પિંડ આત્મા (છે), એના સન્મુખ થઈને, સ્વભાવ સન્મુખ થઈને, રાગ ને

પર્યાયથી વિમુખ થઈને અંતરમાં અનુભવમાં પ્રતીતિ થવી (તે સમ્યગ્દર્શન છે). એમાં પ્રતીતિની સાથે સ્થિરતા પણ હોય છે તે આચરણ ભૂમિકાની યોગ્યતા. એને નિશ્ચય સમકિત-સાચું સમકિત કહેવામાં આવે છે. એને ચોથું ગુણસ્થાન સાચું છે, બાકી બધા ગપ્પેગપ છે. કહ્યું નહિ?

આત્મા આનંદ અને જ્ઞાન આદિ અનંત સ્વભાવી વસ્તુ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? આત્મા તત્ત્વ છે ને? તત્ત્વ. એ આત્મા તત્ત્વ છે, એનો સ્વભાવ છે સત્. સત્યનો સત્ સ્વભાવ (છે). જ્ઞાન, દર્શન, આનંદ એવો ગુણનો પુંજ તે આત્મા (છે). એમ પર્યાયબુદ્ધિ છોડી, વિકલ્પબુદ્ધિ છોડી, નિમિત્તબુદ્ધિ છોડી ત્રિકાળ જ્ઞાયક ઉપરની દૃષ્ટિ થતાં જે રાગની એકતા તૂટી, સ્વભાવની એકતા થઈ, એને શ્રદ્ધા, પ્રતીતિ અને સ્થિરતાનો અંશ સમકિતમાં પણ જે આવ્યો, એને નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. આહા..હા...! કહો, સમજાણું? એને હજી ચોથું ગુણસ્થાન કહે છે. આવું જ્યાં નથી એ તો સમકિત પણ નથી, જૈન પણ નથી અને એ શ્રાવક ને સાધુ છે જ નહિ. વાડાના છે. એ કોથળી ઉપર લખ્યું સાકર અને અંદર હોય કરિયાતું. કરિયાતું સમજો છો? કેરાયતા હોય છે ને? અંદર (હોય) કેરાયતા અને ઉપર લખે સાકર. એટલે કરિયાતું કાંઈ મીઠું થઈ જાય? એમ ઉપર કહે, અમે જૈન છીએ, શ્રાવક છીએ ને સાધુ છીએ, અંદરમાં કેરાયતા-મિથ્યાશ્રદ્ધા ભરી છે. રાગથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને, લિંગ ખોટું હોય એ પણ અમારો માર્ગ છે, એવી અંદર મિથ્યાશ્રદ્ધા છે એ ઝેરની છે. બહારમાં લિંગ નામ ધરાવે કે અમે જૈન શ્રાવક ને મુનિ (છીએ), એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- બીજાની વાત જ ક્યાં છે? જૈન સિવાય અન્યમતના જેટલા ભેદ છે એ બધા મિથ્યાદૃષ્ટિના પોષક છે. સમજાણું કાંઈ? ચાહે તો એ નાનક પંથ હો ને ચાહે તો કબીર પંથ હો ને ચાહે તો વેદાંત પંથ હોય, બધાય મિથ્યાત્વના પાકા પોષક છે. આ વેદાંત, કહ્યું ને. એક આત્મા સર્વત્ર માનનારા, એ પણ મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ? આવો માર્ગ સત્ય છે, બાપુ! ....

મુમુક્ષુ :- સમન્વયનો જમાનો છે.

ઉત્તર :- સમન્વયનો જમાનો... ઝેરનો અને અમૃતનો સમન્વય કરે કોઈ? ખાવા વખતે શાક ખાય અને માંસ ભેગું ખાય, એમ કરતા હશે સમન્વય? કરો શાકના બે ભાગ. શાકાહારી અને માંસાહારી, સમન્વય કરો.

મુમુક્ષુ :-

ઉત્તર :- બે છે ખરા, એ સમન્વય. પણ છે વિપરીત. માર્ગ એવો છે, ભાઈ!

'**યહ સમ્યક્ત્વ આત્માસે ભિન્ન વસ્તુ નહીં હૈ...**' સમકિત છે એ (કંઈ) આત્માથી જુદી દશા નથી. એ તો આત્માની વીતરાગી પર્યાય છે. '**આત્મા હી કા પરિણામ હૈ સો આત્મા હી હૈ.**' લ્યો, પાછું કીધું છે ને? 'अप्पाणं' કીધું છે ને? '**ઐસે સમ્યક્ત્વ ઔર આત્મા એક હી વસ્તુ હૈ યહ**

**નિશ્ચયકા આશય જાનના.**' એનું નામ સત્યનો અભિપ્રાય ભગવાને આવો કહ્યો છે. એ સિવાય બીજો બધો વ્યવહાર ઉપચાર છે. પણ આવો નિશ્ચય હોય ત્યાં આવો જ વિકલ્પ હોય, લિંગ પણ આવું હોય. ભેખ તરીકે. ભેખ ન હોય એ જુદી વાત છે. ગૃહસ્થાશ્રમમાં તો અનેક પ્રકાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧, શનિવાર તા. ૧૩-૧૦-૧૯૭૩**
**ગાથા-૧૯, ૨૦, ૨૧, પ્રવચન - ૨૫**

૧૯-ગાથા. દર્શનપાહુડની. એનો ભાવાર્થ છે. સાત તત્ત્વો, પંચાસ્તિકાય એનું આગમ અનુસાર બરાબર શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એની વ્યાખ્યા ચાલે છે.

'**ભાવાર્થ :- (જાતિ અપેક્ષા છહ દ્રવ્યોં કે નામ)...**' સંખ્યા અનંત, પણ જાતિ અપેક્ષાએ. એક '**જીવ,...**' જાતિ અપેક્ષાએ. છે અનંત. '**પુદ્‌ગલ,...**' જાતિ અપેક્ષાએ એક, છે અનંત. '**ધર્મ,...**' એક, '**અધર્મ,...**' એક, '**આકાશ,...**' એક '**ઔર કાલ...**' જાતિ અપેક્ષાએ એક, સંખ્યાએ અસંખ્ય. '**યહ તો સબ દ્રવ્ય હૈં...**' એની શ્રદ્ધા. જેવું સ્વરૂપ છે (એવું) ભગવાને કહ્યું, એવું એને આગમ અનુસાર શ્રદ્ધા જોઈએ. '**જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઔર પુણ્ય, પાપ - યહ નવ તત્ત્વ અર્થાત્ નવ પદાર્થ હૈં;...**' એમ. તત્ત્વ એને કહેવાય અને એને પદાર્થ પણ કહેવાય. નવ તત્ત્વ, નવ પદાર્થ.

'**છહ દ્રવ્ય કાલ બિના પંચાસ્તિકાય હૈં.**' છમાં એક કાળ છોડીને પંચાસ્તિકાય. '**પુણ્ય-પાપ બિના નવ પદાર્થ સપ્ત તત્ત્વ હૈં.**' ... પુણ્ય-પાપ વિના નવ પદાર્થ સપ્ત તત્ત્વ છે એમ લખ્યું. પુણ્ય-પાપ સહિત એ નવ પદાર્થ છે, પુણ્ય-પાપ રહિત એ સાત તત્ત્વ છે. એની એને બરાબર શ્રદ્ધા આગમ અનુસાર હોવી જોઈએ. '**ઈનકા સંક્ષેપ સ્વરૂપ ઈસપ્રકાર હૈ - જીવ તો ચેતનાસ્વરૂપ હૈ ઔર ચેતના દર્શન જ્ઞાનમયી હૈ;...**' જીવનું સ્વરૂપ ચેતના છે અને એને ભેદ પાડતા દર્શન અને જ્ઞાનસ્વરૂપ છે. અને એ જીવમાં જ આનંદસ્વભાવ છે. એવા જીવને આનંદ સ્વભાવિક છે એમ એને માનવું ને જાણવું. ભલે વિકલ્પથી. સમજાય છે? ભેદથી છે ને વ્યવહાર.

ચેતના દર્શનજ્ઞાનમયી સાથે જ્ઞાતા-દૃષ્ટામાં આનંદસ્વરૂપ છે એ આત્મા. એના સુખને માટે કોઈ બીજી ચીજ છે નહિ. એમ ભેદથી, વિકલ્પથી પણ એણે આવો નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ? પુદ્‌ગલ એ સ્પર્શ છે. ચાહે તો પૈસા હો, શરીર હો, કર્મ હો એ '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણસહિત**

**મૂર્તિક હૈ, ઉસકે પરમાણુ ઔર સ્કંધકે દો ભેદ હૈં, સ્કંધકે ભેદ શબ્દ,...**' આ શબ્દો એ બધા પુદ્‌ગલની પર્યાય છે. એનો આત્મા નથી અને એ આત્માના નથી. ભેદ પાડવો સ્કંધનો. ભેદ પડીને જુદું કરે એ પુદ્‌ગલ છે. '**ભેદ શબ્દ, બંધ,...**' બંધ. બંધ પડે કર્મનો આદિ. એ તો પુદ્‌ગલ છે. '**સૂક્ષ્મ, સ્થૂલ,...**' કાર્મણ શરીર આદિ સૂક્ષ્મ અને આ ઔદારિક આદિ સ્થૂળ એ બધા પુદ્‌ગલ છે. પૈસા એ સ્થૂળ પુદ્‌ગલ છે. એ આત્માના નથી, પુદ્‌ગલના છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર એટલે શું? એની પાસે નજીક આવ્યા એટલે કહેવાય એના. એના છે નહિ. જડના છે એ તો. આહાહા..! અને જડનો સ્વામી થાય તો એને જડ અને આત્મા બે ભિન્નતાની વ્યવહાર શ્રદ્ધા તો નથી. આહાહા..! ભિન્ન-ભિન્ન દ્રવ્યની શ્રદ્ધાની વાત છે ને અત્યારે? પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે છે, જીવ જીવરૂપે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચય કીધું ને. પહેલું એ કહ્યું કરવાનું કે નિશ્ચય જે છે... એ તો આ બધો વિરોધ બહુ ચાલ્યોને. પણ એનો અર્થ જ એ નિશ્ચય છે એ તો યથાર્થ છે. અને પ્રમાણજ્ઞાન કરનારે પ્રમાણજ્ઞાન કરવામાં નિશ્ચયનું જે સ્વરૂપ છે એ તો પ્રમાણ માન્ય રાખે જ છે. ઉપરાંત નિમિત્ત અને વ્યવહારને ભેળવીને જ્ઞાન કરે છે. આમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ આમાં સમજાતું નથી.

ઉત્તર :- ન સમજાણું?

દરેક દ્રવ્યની જે જે સમયે એના સ્વકાળે પર્યાય થાય તે એનો નિશ્ચય છે. પુદ્‌ગલની કે ચૈતન્યની. એ નિશ્ચયને, પ્રમાણ નિશ્ચયને રાખીને વિશેષ ભેળવે છે એટલે કે નિમિત્ત છે. એક નિમિત્ત છે એનું જ્ઞાન, પણ નિશ્ચયનું આ રાખીને વ્યવહારજ્ઞાન નિમિત્તને ભેળવે છે. સમજાણું કાંઈ? એમ મોક્ષનો માર્ગ જે નિશ્ચય છે સ્વઆશ્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો નિશ્ચય નિશ્ચય જ છે. પણ પ્રમાણજ્ઞાન પણ નિશ્ચયને તો એમ જ રાખીને વ્યવહાર રાગની મંદતા આદિનો વ્યવહાર મોક્ષમાર્ગ એને ભેળવીને પ્રમાણ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...કાંઈક પ્રયોજન

ઉત્તર :- છે નિમિત્ત છે ને. વ્યવહારનયનો વિષય છે કે નહિ? વિષય છે ને? અવિષય છે? અહયાતી છે? સમજાણું કાંઈ? આહાહા..! રાત્રે કહ્યું હતું કે એક દ્રવ્યનું ત્રિકાળીપણું છે એ ભાવ ધ્રુવ. પોતે જ છે અને તે જ ત્રિકાળીનો એક સમયનો જે પર્યાય તે કાળનો તે જ છે, તે કાળનો તે જ છે. તે બે થઈને પ્રમાણજ્ઞાન કહેવાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રમાણ આ. પ્રમાણ તો નિશ્ચયથી સ્વસન્મુખ થઈ ગઈ. નિશ્ચય પ્રગટી હોય ત્યાં સન્મુખ થઈ ગયેલી જ છે. પ્રમાણ તો ત્યારે કે વર્તમાન પાછી પર્યાય છે, રાગાદિ છે, એનું જે જ્ઞાન કરે એ પ્રમાણજ્ઞાન થયું.

મુમુક્ષુ :- આ નિશ્ચય અને આ વ્યવહાર એમ નહિ?

ઉત્તર :- આહાહા..! આવી વસ્તુસ્થિતિ છે ત્યાં શું કરે? ત્રિકાળ વસ્તુ ભગવાન પૂર્ણ આનંદ અને ધ્રુવસ્વરૂપ એ ત્રિકાળ છે. અને ત્રિકાળનું ત્રિકાળપણું એ રીતે જ છે. એવો જેનો વર્તમાન પર્યાય એનો તે સમયનો તે જ કાળનું, તે જ સત્ અને તે જ સ્વરૂપે છે. આહાહા..! એય..! ..ભાઈ! વસ્તુ આ છે ભાઈ! આહાહા..! અને એ એક નિશ્ચય આવો છે ત્રિકાળી એનું જ્ઞાન થયું એ અહીંયાં પર્યાય જ્ઞાન અને વ્યવહારના જ્ઞાનમાં ભેળવીને પ્રમાણજ્ઞાન કરે છે. આહાહા..! કહો, દેવીલાલજી! ભારે આવી વાતું ઝીણી બહુ. માણસને ન બેસે તો પછી બીજા માર્ગ કાઢે એ તો ... માર્ગ તો એ છે. ભગવાનના વિરહ પડ્યા, ...

મુમુક્ષુ :- જૈન સંસ્કૃતિ જુદી છે.

ઉત્તર :- જૈન સંસ્કૃતિ આ જ છે. બીજી જૈન સંસ્કૃતિ કે દિ' હતી? માટે કહ્યું કાલે જૈન સંસ્કૃતિવાળાએ .. પત્ર કાઢ્યું વિરોધનું. .. અરે..! ભગવાન! પોતાની વાત સ્થાપવાની પ્રભુ શું કરે છે આ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસ્કૃતિ તો આ સંસ્કાર. વસ્તુ સ્વરૂપે પૂર્ણ શુદ્ધ ધ્રુવ, એવા જે સંસ્કાર એ જૈનની સંસ્કૃતિ છે. રાગ એ જૈનની સંસ્કૃતિ છે? જૈનશાસન કીધું કોનું? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**' આહાહા..! એ જૈનશાસન કીધું. એ તો શુદ્ધ ઉપયોગ જે છે સ્વભાવને આશ્રયે એ જૈનશાસન છે, એ જૈન સંસ્કૃતિ છે. આહાહા..! પછી ઉપચારથી જૈન સંસ્કૃતિ રાગની મંદતાનો એનો ભાવ હોય છે એને ઉપચારથી વ્યવહાર કહે છે. એ ઉપચાર જૈનશાસન છે, એ વાસ્તવિક જૈન શાસન નહિ. આહાહા..! ૮૨મી ગાથામાં ન આવ્યું ૮૩માં. ભાવપાહુડમાં? પુણ્ય અને વ્રત એ જૈન શાસનના ધર્મ નથી. જૈનધર્મ નથી. વિકલ્પ છે. પૂજા દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષે થાય છે માટે વ્યવહાર છે. વ્રત એમાં ભેદ પરલક્ષે પડે છે બધા. એ જૈનશાસનમાં એને પુણ્ય કહ્યું છે. એ જૈનશાસન નહિ. આહાહા..! મોહ-ક્ષોભરહિત પરિણામ તે જૈનશાસન છે.

મુમુક્ષુ :- જૈનશાસનનો વિરોધ..

ઉત્તર :- વિરોધી છે પણ વ્યવહારે એવું હોવા છતાં અહીં હાનિ પામતી નથી માટે એને અનુકૂળ કહ્યું છે. શું કહ્યું? જે માર્ગ પ્રગટ્યો છે સ્વભાવને આશ્રયે એમાં રાગની મંદતા છે એ એને વર્તમાન વિઘ્ન નથી કરતું. વિઘન કરે તો તો આ રહે જ નહિ. એથી એને અનુકૂળ ગણીને વ્યવહાર કહેવામાં આવે છે.

બાકી છે તો વિરોધ. નિશ્ચયથી એ વ્યવહાર વિરોધ જ છે. વર્તમાનની અપેક્ષાએ વિરોધ છે. વાત તો આવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ(માં) અટકે છે. એ પોતે અટકે વધે છે એનું દુઃખ. આહાહા..! ભાવબંધ છે, આસ્રવ છે વ્યવહાર હોય ખરો અંદર. આવે ખરો. વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય અને વ્યવહાર બેયનો વિષય છે. વ્યવહારના વિષયને ભેળવે પ્રમાણ, પણ નિશ્ચયને રાખીને. નિશ્ચયે જે નિર્ણય કર્યો છે, નિશ્ચયનો આશ્રય છે એને બદલાવીને વ્યવહાર ભેળવે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે નિશ્ચય અને વ્યવહાર બેનું થઈને પ્રમાણ જ્ઞાન છે. પણ નિશ્ચય અને જે છે એ તો એમ ને એમ રાખીને છે. અમરચંદભાઈ! આવો માર્ગ છે ભાઈ! એમાં ક્યાં ક્યાં રખડ્યા રખડ. ... આહાહા..! ભાઈ! તારા હિતના રસ્તાની વાતું પ્રભુ છે. આહાહા..! આમાં કોઈ પક્ષની વાત નથી. એ સંપ્રદાયની વાત નથી. વસ્તુની સ્થિતિ આવી છે.

એ અહીં કહે છે. નવ પદાર્થમાં જીવનું સ્વરૂપ તો ચૈતન્ય પણ પુદ્‌ગલનું સ્વરૂપ આ. આહાહા..! **'બંધ, સૂક્ષ્મ, સ્થૂળ,...'** આ પૈસા, બાયડીના શરીર, આ મકાન હજીરા, લોઢા, પ્લાસ્ટિકના જોડા એ બધા પુદ્‌ગલ છે. લાદીના પથરા, હીરા બધા પુદ્‌ગલ છે. આહાહા..! **'સંસ્થાન,...'** આકાર બાહ્યના આમ. આમ નાના, મોટા જુઓને. આનો આવો આકાર, આનો આવો આકાર. એ બધો પુદ્‌ગલ છે. સુંદર આકૃતિ છે એ પુદ્‌ગલની છે. એ પરમાણુ એ રીતે રચાયેલા પરિણમ્યા છે. એમ એને અજીવ પુદ્‌ગલની પુદ્‌ગલરૂપે શ્રદ્ધા થવી જોઈએ. કહે છે પછી કે આ બધી ભેદવાળી શ્રદ્ધા એ વ્યવહાર શ્રદ્ધા છે. એમાંથી નિશ્ચય કાઢવો હોય તો તો નીકળી શકે છે. જીવનું સ્વરૂપ જે છે શુદ્ધ જેવું એવું સ્વરૂપ ... વિમલ શબ્દ પડ્યો છે એમાં? એને એ જાણે. એ નિશ્ચય થયો. એને એ સિવાય બીજા બધાને જાણે એ વ્યવહાર છે. આહાહા..!

**'સંસ્થાન, ભેદ,...'** ભેદ પડવો. છૂટા પડવા. એ કાંઈ આત્મામાં તો .. પુદ્‌ગલના ... **'ભેદ, તમ,...'** અંધકાર. **'છાયા, આતપ, .. સૂર્યનો, ઉદ્યોત,... '** ચંદ્રનો. **'ઈત્યાદિ અનેક પ્રકાર હૈં;...'** એ દ્રવ્યસંગ્રહમાં બોલ આવે છે. આ દ્રવ્યસંગ્રહની ગાથાનો અર્થ કર્યો. પછી **'ધર્મદ્રવ્ય,...'** એક છે. ચૌદ બ્રહ્માંડમાં એ ભગવાને કેવળીએ જોયા. જીવ, જડ ગતિ કરે ત્યાં નિમિત્ત છે. નિશ્ચય હોવા છતાં નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. અધર્માસ્તિ એક છે સ્થિર થવામાં. એ તો પોતાથી થાય છે. પણ એમાં નિમિત્ત પણ એક ગતિ કરેલા સ્થિર થાય એની વાત છે હોં. સ્થિર જે અનાદિના છે એને સ્થિરમાં નિમિત્ત સ્થિર નથી. આકાશ અનાદિનું સ્થિર છે. આમ ગતિ કરતા સ્થિર થાય એને અધર્માસ્તિ નામનો પદાર્થ નિમિત્ત છે. એ તો વસ્તુ છે. **'આકાશદ્રવ્ય-યે એક એક હૈં, અમૂર્તિક હૈં, નિષ્ક્રિય હૈં, કાલાણુ અસંખ્યાત દ્રવ્ય હૈ...'** કાળાણું અસંખ્ય પદાર્થ છે. એક એક આકાશ પ્રદેશ છે એમાં એક

એક અણુ છે. સૂક્ષ્મ બહુ છે.

અંગુળના અસંખ્ય ભાગમાં આકાશના અસંખ્ય પ્રદેશ છે અહીંયા. અવસર્પિણી, ઉત્સર્પિણીના સમય જેટલા. એના એક એક પ્રદેશે એક એક કાળાણુ છે. અહીંયાં અંગુળના અસંખ્ય ભાગમાં .. એટલી સંખ્યા પડેલી છે અસંખ્ય ચોવીસીનો સમય. આહાહા..! અને એક એક...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમય. અસંખ્ય. આંકડો અસંખ્ય છે પણ એના ભાગમાં અસંખ્યમો ભાગ આવે છે. એક એક પ્રદેશે એક એક કાળાણું. હવે આ વાતું. વસ્તુની સ્થિતિ આવી છે. અકૃત્રિમ-કોઈએ કર્યું નથી આ જગત. આવે છે ને? છ ઢાળામાં આવે છે. અકૃત્રિમ-અકરેલો. કોઈ કરેલો નથી જગતને. વસ્તુ છે એનું સત્ છે એને કરે શું? સત્ છે એને કરે શું? એમ સત્ પર્યાય છે એને કરે શું? દ્રવ્ય પણ ન કરે એમ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. એ. .. ઘણું હતું છ ઢાળામાં. વસ્તુ છે એટલે આ છે એને કરે શું? નથી એને કરે શું? આહાહા..! છે એ રૂપાંતર થાય, એ રૂપાંતર થાય એ એનો વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ?

**'અસ્તિકાય પાંચ હૈં;...'** અસંખ્યાત દ્રવ્ય. **'કાલકો છોડકર પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હૈં...'** કાળનો એક જ અણુ છે. એક એક (જુદા રહે). એ અસંખ્ય ભેગા નથી થતાં. અને બીજા પાંચ દ્રવ્ય છે તે અસ્તિકાય છે-બહુપ્રદેશી છે. **'ઈસલિયે અસ્તિકાય પાંચ હૈં. કાલદ્રવ્ય બહુપ્રદેશી નહીં હૈ ઈસલિયે વહ અસ્તિકાય નહીં હૈ, ઈત્યાદિ ઉનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકા સે જાનના. જીવ પદાર્થ એક હૈ ઔર અજીવ પદાર્થ પાંચ હૈં,...'** એકનો અર્થ ઓલા છની અપેક્ષાએ. એ પદાર્થ એક એટલે બધા જીવ થઈને એક એમ નહિ. છ દ્રવ્યમાં જીવ પદાર્થ એક છે. પાંચ અજીવ પદાર્થ છે.

**'અજીવ પદાર્થ પાંચ હૈં, જીવકે કર્મબંધ યોગ્ય પુદ્ગલોં કા આના આસ્રવ હૈ,... '** આ વ્યાખ્યા કરે છે નવની. રજકણોનું આવવું એવા ભાવને આસ્રવ કહે છે. ... એ પુદ્ગલને આસ્રવ છે. **'કર્મોકા બંધના બંધન હૈ, આસ્રવકા રુકના સંવર હૈ, કર્મબંધકા ઝડના નિર્જરા હૈ,...'** બહુ ટૂંકી વ્યાખ્યા કરી છે. **'સંપૂર્ણ કર્મોંકા નાશ હોના મોક્ષ હૈ, જીવોંકો સુખકા નિમિત્ત પુણ્ય હૈ...'** આ બહારના ધૂળ. આહાહા..!

મુમુક્ષુ :- બહારનું...

ઉત્તર :- બહારનું .. આ પુણ્યની વાત આવી. સુખનું નિમિત્ત કલ્પના આદિની કરે કે અમે સુખી છીએ, એમાં એ નિમિત્ત છે. આહાહા..! મકાન, હજીરા, પૈસા, દાગીના, મખમલના કપડા, એમાં હીરા નાખ્યા હોય. હમણા તો વળી કેવા આ કરે છે. આ પહેરે છે તો અહીં પાછા અહીં એની સાથે માળા

જેવું સાથે જ આવ્યું કપડું એવું. સુમનભાઈએ પહેર્યું હતું એ. એ પહેરણ જ અહીંથી અહીં. ફુલની માળા જેવું ... ફુલ હોય. ઓહોહો..! રંગબેરંગી વિચિત્રતા થઈ ગઈ છે અત્યારે.

મુમુક્ષુ :- બધાયમાં..

ઉત્તર :- બધાયમાં. આહાહા..! કહે છે કે એ બધા પુદ્‌ગલની જાત છે. એ .. છાયા હોય ત્યારે એને સુખની કલ્પનામાં સુખનું નિમિત્ત કહેવાય. કલ્પનાનું સુખ. આહાહા..!

**'ઔર દુઃખકા નિમિત્ત પાપ હૈ;...'** દુઃખનું નિમિત્ત હોં. દુઃખ તો પોતે ઊભું કરે છે અંદરથી. પણ એના નિમિત્તથી બહારની પ્રતિકુળતા... **'ઐસે સપ્ત તત્ત્વ ઔર નવ પદાર્થ હૈં ઈનકા આગમકે અનુસાર સ્વરૂપ જાનકર શ્રદ્ધાન કરનેવાલે સમ્યગ્દૃષ્ટિ હોતે હૈં. '** આહાહા..!

હવે કહે છે કે વ્યવહાર અને નિશ્ચયની વ્યાખ્યા સ્પષ્ટ કરે છે.

**जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।**
**ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।**

આહાહા..! **'અર્થ :- જિન ભગવાને... '** તીર્થંકરદેવે **'જીવ આદિ પદાર્થોંકે શ્રદ્ધાન કો વ્યવહાર-સમ્યક્ત્વ કહા હૈ...'** એ પાંચ અસ્તિ, નવ પદાર્થ, સાત તત્ત્વ એ બધાની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે.

મુમુક્ષુ :- તત્ત્વાર્થસૂત્રમાં એને નિશ્ચય સમકિત કીધું.

ઉત્તર :- એ તો અંદર એકલો અભેદની દૃષ્ટિએ નિશ્ચય કહ્યું. અહીંયાં કહેશે. તત્ત્વાર્થશ્રદ્ધાન એ વ્યવહાર સમકિત છે. અહીંયાં એમ મૂકે છે. આ ઓલા શુભ માથે લીધા ને? ઓલો અભેદ છે માટે લીધું. એકલો આત્માને શ્રદ્ધતા એમાં આ ચીજો નથી એવી ભેગી શ્રદ્ધા થઈ ગઈ, એ જ્ઞાનપ્રધાનથી એને તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..ની ક્યાં અપેક્ષાઓ છે ને બધી એમાં. જ્ઞાનની વિશાળતા છે એ. જ્ઞાનની બધી અપેક્ષાઓ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહીં જે કહેવું છે આ નવ તત્ત્વનું એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાત તત્ત્વ નિશ્ચય સમકિત.

ઉત્તર :- સાતેય તત્ત્વ નિશ્ચય સમકિત છે. અભેદ છે ને અભેદ. સાત ભેદ નહિ. એક આત્માની યથાર્થ શ્રદ્ધા થતાં એને સાતેય તત્ત્વની શ્રદ્ધા (થઈ કે) અંદરમાં નથી આ વસ્તુ. ખરેખર સંવર, નિર્જરા, આસ્રવ, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ એ દ્રવ્યમાં નથી, એ દ્રવ્યની શ્રદ્ધા થતાં સાતેયની શ્રદ્ધા ભેગી થઈ ગઈ. સમજાણું કાંઈ? અસ્તિ અને નાસ્તિ થઈને સાતેય તત્ત્વ આવી ગયા એમાં.

મુમુક્ષુ :- કેવી રીતે અભેદ લેવું?

ઉત્તર :- આમ અભેદ લેવું. જુદું જુદું આ છે એમ છે એ તો બધા ભેદ પડી ગયા. ઓલો વ્યવહાર કીધો છે ને. નિયમસારમાં તો બધા તત્ત્વો મોક્ષ તત્ત્વ આદિને નાશવાન વ્યવહાર કીધા. એ એકનું તત્ત્વ જુદું જુદું. અને આ તત્ત્વ આખું છે એવું ... ભૂતાર્થથી આત્માને જાણતા એમાં એ બધાનું .. સિવાયનું જ્ઞાન અંદર આવી જાય છે. એકને જાણવામાં બધું આવી જાય છે. આહાહા..! કારણ કે એ વસ્તુ પોતે જ પૂર્ણાનંદ અખંડ અભેદ છે અને એમાં આ નથી અંદરમાં, એ વસ્તુમાં એ નથી, એનું અંદરમાં જ્ઞાન આવી જાય છે. ભિન્ન પાડી પાડીને એ...

'**જિન ભગવાનને જીવ આદિ પદાર્થોંકે શ્રદ્ધાનકો વ્યવહાર-સમ્યક્ત્વ...**' વ્યવહાર સમકિત એટલે વિકલ્પ રાગ. '**ઔર અપને આત્માકે હી શ્રદ્ધાનકો નિશ્ચયસમ્યક્ત્વ કહા હૈ.**' ધ્રુવ વસ્તુ પરમાત્મા પોતે. એવી એકરૂપ ચીજ નિશ્ચય આત્મા. '**અપને આત્માકે હી...**' નિશ્ચય આત્મા એટલે જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, પરમભાવ, એકરૂપભાવ. એને '**નિશ્ચયસમ્યક્ત્વ કહા હૈ.**'

'**ભાવાર્થ :- તત્ત્વાર્થકા શ્રદ્ધાન વ્યવહાર સે સમ્યક્ત્વ હૈ...**' આમ તો તત્ત્વશ્રદ્ધાનં સમ્યગ્દર્શન જોઈએ. મોક્ષશાસ્ત્રનું છે એ તો નિશ્ચય સમકિત છે.

મુમુક્ષુ :- ... મોક્ષશાસ્ત્રનું છે એ.

ઉત્તર :- વ્યવહાર કહે છે. છે ને લખેલું. તત્ત્વાર્થ શ્રદ્ધાનં, મોક્ષશાસ્ત્ર વ્યવહાર... નિશ્ચયથી છે. કહે છે ને ઘણા કહે છે. બધા પૂછવા આવે કે આ? ચાંદમલને પૂછયું હતું. ચાંદમલ હતાને તમારે. એને પૂછયું હતું. તત્ત્વાર્થ શ્રદ્ધાન તે વ્યવહારશ્રદ્ધાન. એમ બધા ગાડા એવા ચાલ્યા જ છે. મોક્ષશાસ્ત્ર છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ.

વસ્તુ આત્મા એકરૂપ ચૈતન્ય સામાન્ય એક શબ્દ વાપર્યો છે શુદ્ધને. શુદ્ધ કહો, સામાન્ય કહો, એકરૂપ કહો. એ શબ્દ વાપર્યો છે અહીં કળશટીકામાં બહુ. રાજમલજીની ટીકામાં. એકનું હતું ને તમારે નહિ? બેકી સંખ્યા છે ને એકી સંખ્યા નહિ. .. હતું ને. એ ભલે હોય એનું કાંઈ .. અહીં તો એકરૂપ છે એ સંખ્યા છે. પણ અહીં એકરૂપ છે એનો અર્થ ભેદ નથી ત્યાં. આહાહા..! નહિતર શાસ્ત્રમાં એમ કહ્યું ..માં નથી તો એક એકની સંખ્યા છે એની સાથે. પણ એક એવો જે ધ્વનિ એ અંશ એવું ક્યાં છે અંદર? માણસને જેમ છે એમ જાણવું. .. હોય તો કાઢી નાખવું જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવે છે ને બધે ઘણે ઠેકાણે. એક શુદ્ધ. બધે ઘણે ઠેકાણે આવે છે. કળશમાં તો કેટલે ઠેકાણે શાસ્ત્રમાં. શુદ્ધો. શુદ્ધનો અર્થ જ એક કરે છે ત્યાં કળશટીકામાં. શુદ્ધ એટલે એક એમ. અશુદ્ધમાં ભેદ, આમાં શું? આ તો એક જ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોરેકોરું. એને જ આત્મા કહ્યો. પર્યાય છે એ તો વ્યવહાર આત્મા, ઉપચરિત આત્મા

થયો. આહાહા..! પરિણામમાત્રને તો અભૂતાર્થ કીધા. પર્યાય અભૂતાર્થ છે. એ સમયનો અર્થ નથી. ત્રિકાળની અપેક્ષાએ સત્યપણું શૂન્ય... સત્ છે. એ વાત .. નથી. એની અપેક્ષાએ સત્ છે. આહાહા..! આમાં વીતરાગના માર્ગની અંદર જેમ છે એમ એને ... એણે બરાબર જાણવું જોઈએ. આવા કાળે નહિ જાણે તો આરા કે દિ' આવશે? .. ગયો ચોર્યાસીના અવતારમાં એના દુઃખો. એના દુઃખો રોતા એને પૂરા પડ્યા નથી. જોનારને આંખમાંથી ધારા વહે આંસુની એવા દુઃખો... એને ખબર ક્યાં છે? ભૂલી ગયો. જરીક અહીં બહાર આવ્યો ત્યાં ભૂલી ગયો. આહાહા..! એ નરકના તે કાળ કેટલો? અનંતકાળ. આહાહા..! અરેરે..! નારકીમાં તો .. છે. .. એક .. નથી આવી. તો સેંકડો રોગ, અસંખ્ય રોગ. આહાહા..! મોટા રોગ. બિહામણું રૂપ દેખીને બીજા મરી જાય માણસો એવા તો જેના આકરા શરીરના રૂપ. અને એ અગ્નિમાં એના પાણી થાય શરીરના ને વળી ભેગા થઈ જાય. અરેરે..! આવી ક્ષણ જતી નથી ત્યાં આવા સાગરોપમ કેમ જાશે? ગાળ્યા એણે. ગાળ્યા છે પણ ગળી નથી ગયો. ત્યાં મરી નથી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. અર્થ આ. આત્મા છો ને હવે. ભલે ત્યાં ગયો તો કર્મની નિર્જરા થાય એમ કહ્યું. .. નથી આવતું? અપેક્ષાથી કહ્યું.

મુમુક્ષુ :- .. નરકમાં જાય, જાય તો નિર્જરા થાય છે.

ઉત્તર :- જાય તો નિર્જરા થાય છે. એમ આવે છે. આવી ગયું છે બરાબર છે. રાગની અસ્થિરતા એવી રહી ગઈ. અને એને કહ્યું... એને દૃષ્ટિની નિર્મળતા છે. નીકળીને તીર્થંકર થશે. આહાહા..! દર્શનશુદ્ધિ એટલે .. એનું ફળ શું અને એનું ધ્યેય શું? આહાહા..! અલૌકિક ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયક જાય છે. દુઃખી.. દુઃખ કાંઈ સંયોગથી છે? તો સુખ તો... અંદરમાં મિથ્યાત્વ અને કષાયથી દુઃખ અને મિથ્યા કષાય જેટલો ગયો એટલું સુખ. આહાહા..! એની ત્રિકાળી ચીજ અને ત્રિકાળી રહિત પર્યાયમાં અનંતકાળ અનાદિ અત્યાર સુધી. પોતે ત્રિકાળી ચીજ અને રહી અત્યારે અનાદિ પર્યાય વર્તમાન સુધી ત્યાં સંસારદશા. આહાહા..! એ સંસારદશાનો વિચાર કરે તો એને એમ થાય આહાહા..! એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના જીવો. આહાહા..! ભવની ગૃદ્ધિ, મિથ્યાત્વના ભાવની. આ બાયું હોય છે ને. સાડલા કેટલી જાતના રાખે ત્રણ, ચાર, દશ જાતના. બદલાવ્યા જ કરે. રસોઈ કરવા ત્યારે બીજો, બહાર નીકળે ત્યારે બીજો, પાણી ભરવા જાય ત્યારે બીજો. જોડા બીજી જાતના. એનો અર્થ કે ગૃદ્ધિ થઈ ગઈ છે ત્યાં. એમ અહીંયા ભવમાં ઉપરાઉપર ભવ કરે ગૃદ્ધિ મિથ્યાત્વની. આહાહા..!

મુમુક્ષુ :- ટ્રંકમાં પડ્યા હોય.

ઉત્તર :- પડ્યા હોય કેટલાય, તોય હજી મગાવે છે બે. બધી ખબર છે ને. સારા સારા પડ્યા હોય દશ-બાર જાતના. .. જાતનું આવે છે. મુંબઈમાં આમ છે. ત્યાં એક આમ છે .. આ ફલાણી જાતનું છે. શું કહેવાય એ? ભાત. ફલાણી ભાતનો છે તો એક આપણે મગાવો પાંચ. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- એના કબાટમાં પડ્યા છે એમાં ગૃદ્ધિ...

ઉત્તર :- પણ એક .. શું કરું? અને ફેરવ્યા ફેરવ કરે પાછા. બેસવા જાવું હોય તો બીજો, કાણે જાવું હોય તો બીજો. કાણ એટલે સાંજે-સાંજે જાય ને શું કહેવાય? સાંજે રોવા જાય ને? પહેલા એવું હતું. મરી જાય તો સાંજે ચાર-પાંચ વાગે બધી બાયું અડધો કલાક રોવે. મો વાળવા. આઠ-દશ દિ' રોવે મરી ગયા પછી. અમે તો નજરે જોયેલું. અમારે દીપચંદભાઈ ગુજરી ગયા મોટા ભાઈ. ... ... બધી ભેગી થઈને રોવે પછી. અડધો કલાક. પછી .. બેસે. ... મફતના. આહાહા..! બધું નજરે જોયું છે. ૫૭ની વાત છે. ૫૭ની સાલ. ૧૧ વર્ષની ઉંમર. ૨૮ વર્ષની ઉંમર. ૭ વર્ષનું પરણેતર. રૂપાળું શરીર બહુ હતું. ખુશાલભાઈથી મોટા હતા. એક છોકરો છે જયંતિભાઈ. ૫૬માં એનો જન્મ અને ૫૭માં ગુજરી ગયા. આહાહા..! .. સ્થિતિ ગઈ હતી. છોકરાઓ બહાર નીકળી જાવ. બહાર નીકળી જાવ. તમારે નહિ જોવાનું. આમ પડ્યા છે. મરવાની તૈયારી. .. નજરે જોયા. મામાનું ઘર ત્યાં... વયા ગયા હતા. .. નાનુ મરણ. આહાહા..! નાટકના ખેલ તો જુઓ બધા! આહાહા..!

ભાઈ! તારા રોણા, મરી ગયો (તો) તારા રોણામાં આખું અનંતા દરિયા ભરાય એવા આંસુ પડ્યા છે બાપુ! તને અહીં જરીક અનુકૂળતામાં રાજીપો તને થઈ જાય, ભાઈ! એ ઝેર પડે છે તને. ..ભાઈ! જરીક કાંઈક પાંચ-પચાસ લાખ મળ્યા. કરોડ-બે કરોડ હોય. .. હાથ ન સરખો લાગતો હોય તો. કોક એમ કહે પોપટભાઈને બે કરોડ છે. .. વાતું છે. કોણ ગણવા ગયું છે? પણ એમાં છે શું? ધૂળ બે કરોડ હોય કે પાંચ કરોડ હોય. એ તો માટી અંગારા છે. દુઃખના નિમિત્ત છે.

મુમુક્ષુ :- માટી તો ઠંડી હોય છે.

ઉત્તર :- દુઃખના નિમિત્ત છે, કીધું ને, અગ્નિ. આહાહા..! અરે..! તને શું થયું છે? આવા દુઃખમાં તું અનંતવાર રહ્યો. તારી જરીક અનુકૂળતામાં તને અંદર રાજીપો આવ્યો. અને રાજીપે રાજી થઈ ગયો છો તું. આહાહા..! તારા આનંદનો નાથ ભગવાન એને ભૂલીને રાજી થયો પરમાં. આહાહા..! ભાઈ! તેં ખૂન કર્યું તારું. આનંદસ્વરૂપ છો એમ ન જીવતો જાણ્યો, એવા આનંદસ્વરૂપ છું એવા જીવને જીવતો ન જાણ્યો અને આ પરમા રાજીપો આવ્યો, ભગવાન! તેં ખૂન કર્યું તારું. કહો, ચંદુભાઈ! આવી વાત છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- એ કરવું શું એનું કાંઈક...

ઉત્તર :- આ કરવું આત્માની સન્મુખ જઈને નિર્ણય અને નિશ્ચય અનુભવ કરવો. જ્યાં પોતે આનંદથી પડ્યો છે, ત્યાં જઈને ઠરવું. નિર્ણય કરીને કરવું આ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ

કહેશે પછી. ૨૨માં કહેશે. શક્તિ છે એ પ્રમાણે કરજે, બાકી શ્રદ્ધા તો સાચી રાખજે. આહાહા..! શ્રદ્ધામાં તે ગોટો જો વાળ્યો બાપા તારા ભવના અંત નહિ આવે. આહાહા..! માતાના ઉદરમાં બાર-બાર વર્ષ રહ્યો તું. ઉંધે માથે .. .. બાર વર્ષ હોં! એકવાર બાર વર્ષ. આહાહા..! આ ડબ્બલ. પાછા બાર વર્ષ થયા નીકળી તરત પાછો બીજા પેટમાં બાર વર્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જન્મ થાય છે. આ તો બાર વર્ષ રહે છે. એની કાયસ્થિતિ છે. એ તો જન્મ થાય નવ મહિને થાય એ જુદી વસ્તુ છે. ન થાય તો બાર વર્ષ સુધી ન થાય એવો છે સિદ્ધાંત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. કહે છે અત્યારે આત્માની. ..થી રહ્યો છે એમ કહે. ત્રણ-ત્રણ, ચચ્ચાર વર્ષ તો અત્યારે .. છે. ..કહેવાય એ. ... એકવાર બાર વર્ષ, બીજીવાર બાર વર્ષ. ત્યાં મરીને પાછો.. ચોવીસ વર્ષ આવા. આવા અનંતવાર. એય..! પોપટભાઈ! પાંચ-છ છોકરા, પૈસા ... આ બધું ભૂલી ગયો. બધું ભૂલી ગયો છો તું. એ ત્યાં અને હું અહીં એમ થઈ ગયું. આહાહા..!

રાતે એક છોકરો મર્યો. રાતે નિદ્રા ન મળે. .. દીકરો મરી ગયો હતો ને રાયચંદ. એની બા બિચારી .. લીંબડીવાળી. પૈસાવાળા. દશ લાખ રૂપિયા. આ ૭૫ની વાત છે. છ મહિનાનું લગન. અને મરી ગયો. હતું ઘેટા જેવું શરીર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ દામોદરશેઠ જ્યારે જોવે અંદર. .. બહાર ઊભા. અંદર રોતી હોય સૂતા સૂતા. સૂતા સૂતા રોતી હોય. આ તો જરી માણસ. .. આમ રોતી હોય. પૈસા દશ લાખ રૂપિયા. ચાલીસ હજારની તો ઉપજ. ઘરે આરબો. ઘોડાહારું. ઘોડાહારું હો. એક-બે ઘોડા એમ નહિ. એ તો રાજવાળું મોટું.. ઘોડીની ઉપર પોતે બેઠો હોય એમ નીકળે તો આમ રાજા નીકળ્યો હોય એવો એનો દેખાવ. એ .. ઘરે રાતે .. બાઈને . હિબકા ભરતી હોય. મરી ગયો. આહાહા..! આ પૈસા હતા તોપણ. આહાહા..! ધણી નગરશેઠ. સ્થાનકવાસીના શેઠ. મોટો આબરૂદાર માણસ. ઘરે ગામ આખું. દશ હજાર રૂપિયાનું એક ગામ. તે દિ' ગરાસદાર હોં. .. આખું ગામ ઘરે. દશ હજાર તે દિ' એટલે અત્યારે સોળગણા થઈ ગયા બધા. આહાહા..! એ રોઈ .. કહેતા બિચારા હો.

અરેરે..! આવા આવા દુઃખો તો ભગવાન! તેં અનંતવાર કર્યા છે, ભાઈ! તને ખબર નથી. ભૂલી ગયો તું. તું અનાદિનો છો, રહ્યો ક્યાં તને ખબર નથી? એ પર્યાય, આવી પર્યાયમાં રહ્યો અનંતવાર. આહાહા..! જાણે આંખ મીંચીને ઉઘાડે તો સુખની ઝલક નહોતી ક્યાંય. એવો સુખનો સાગર ભગવાન મૂકીને તું આ બહાર ભટક્યો. આહાહા..! ભાઈ! તારા સ્થાનમાં આવી જા. એમ કહે છે. સમજાણું? 'अप्पाणं' કીધું ને અહીંયા?

**'અપને આત્મસ્વરૂપકે અનુભવ દ્વારા ઉસકો શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...'** તારા સ્વરૂપના સ્થાનમાં, તારા રાજમાં આવી જાને પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- મુદ્દાની રકમ તો આ છે.

ઉત્તર :- આ છે.

ભગવાન આત્મા **'અપને આત્મસ્વરૂપકે... '** આહાહા..! **'અનુભવ દ્વારા... '** આહાહા..! અનુભવ એટલે એને અનુસરીને જ્ઞાન થવું. વસ્તુ જે ચિદાનંદ આત્મા પૂર્ણ સ્વરૂપ તેને અનુસરીને જ્ઞાન થઈને શ્રદ્ધા કરવી એમ કહે છે. **'અનુભવ દ્વારા ઉસકી શ્રદ્ધા,...'** એમ ને એમ શ્રદ્ધા શું કામની? વસ્તુને.. આત્મા જ્ઞાનમાં, લક્ષમાં આવ્યો નહિ એને શ્રદ્ધા શેની કરવી? આહાહા..! સમજાણું કાંઈ? ... આપણે. .. હતોને આજે. નહોતું કહ્યું? આહાહા..! કહે છે કે તત્ત્વાર્થ શ્રદ્ધાનં વ્યવહારથી સમ્યગ્દર્શન. તે પણ નિશ્ચય હોય એને હોં. ...

**'અપને આત્મસ્વરૂપકે અનુભવ દ્વારા... '** પાઠમાં છે ને? **'अप्पाणं हवइ'** **'णिच्छयदो अप्पाणं हवइ'** એમ જ છે ને? આત્મા તે સમકિત છે એમ કહે છે. આત્મા તે સમકિત છે એમ કીધું અહીં તો. **'अप्पाणं हवइ सम्मतं'** એમ કીધું ને? આત્મા પોતે સમકિત છે. આહાહા..! આત્મધ્વનિ એ જ છે. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ ધ્રુવસ્વરૂપ એના સન્મુખની જ્યાં જ્ઞાન કરી, અનુભવ કરી, પ્રતીતિ કે આત્મા પોતે સમકિત છે. એ વ્યવહાર સમકિત એ આત્મા તું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એની સમજમાં એ વાતને ગોઠવે ને રુચે તો ખરો. આહાહા..! પાંચ-દશ લાખ, પચ્ચીસ લાખ મળે એક દિ'માં તો લાપસીના આંધણ મૂકો કહે છે. આજ તો સગાવ્હાલાને બોલાવો, દીકરી-જમાઈને બોલાવો ગામમાં હોય તો. ગામમાં હોય તો, બહારથી તો ક્યાં બોલાવે? .. અને જ્યારે પાંચ લાખ જાય આહાહા..!

મુમુક્ષુ :- .. આવે ત્યારે બે લાખ, જાય ત્યારે બે લાખ..

ઉત્તર :- હાય.. હાય.. આવ્યા સમાય, પણ ગયા સમાય નહિ એમ કહે છે. એય..! એમ વાતું કરે છે લોકો. ધૂળમાંય નથી આવ્યા. તારો નાથ અંદર લક્ષ્મીનો ભંડાર પડ્યો છે. આ એને જેણે જાણ્યો એ લક્ષ્મીવંત અને તે બાદશાહ છે. તે સધન છે અને બાકી બધા નિર્ધન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..! જેને હથેળીમાં મોક્ષ તો અલ્પકાળમાં આવશે. આહાહા..! કોલકરાર માર્યા છે .. આવ્યો તો તને મોક્ષ તો આવવું જ પડશે. આહાહા..! કેમકે તે કેવળજ્ઞાનની અનંતી પર્યાયને મેં કબ્જે લીધી છે. આહાહા..!

એ **'अप्पाणं हवइ'** **'णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं'** સત્ય એવું જે નિશ્ચય એ આત્મા તે સમકિત છે. ઓલો વ્યવહાર ઉપચાર છે. સમજાણું કાંઈ? એ અણાત્મા છે. આહાહા..! વ્યવહાર સમકિત એ અણાત્મા છે. આવો માર્ગ છે, ભગવાન! આ તારી મોટપની શું કહેવી વાત? તારી મોટપ

આગળ કેવળજ્ઞાન ઢંકાઈ જાય. એક અંશ છે. તારી મોટપનો પાર ન મળે, બાપુ! તને વિશ્વાસ નથી. તને એનો ભરોસો નથી. છતી ચીજની મોજુદગીની અછતી કરી તેં, ભાઈ! આહાહા..! લક્ષ્મી આ શું છે? આહાહા..! ધણી મરી જાય, બે વર્ષના લગન હોય, પછી રોવે. ઊંડા કૂવામાં ઉતારી. દોરડા કાપ્યા. આમ રોવે બાયું. સાંભળેલું હોં. બાયું રોવેને. અમારી રોતી હતી ને અમારી. કૂવામાં ઉતારી શું કહે છે ભાષા બીજી. .. કાપ્યા. ઓલું દોરડું હોય ને એને ઉતારીને કાપ્યું. જાવ નીચે. એમ રોવે બાયું મરે ધણી ત્યારે. અરેરે..! કાંઈ નથી.. તેં કાપ્યું છે, બાપુ! પરથી સુખ અને પરથી દુઃખ માનીને તેં તારું વરત કાપ્યું, ઊંડો ગયો સંસારમાં. આહાહા..!

કહે છે, '**અપને આત્મસ્વરૂપકે અનુભવ દ્વારા...**' અનુભવ દ્વારા. ભાન દ્વારા એમ કહે છે. '**શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ...**' આચરણ એટલે એ પ્રકારનું એને. '**સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ, યહ સમ્યક્ત્વ આત્માસે ભિન્ન વસ્તુ નહીં હૈ...**' હવે અર્થ કરે છે. '**આત્મા હી કા પરિણામ હૈ સો આત્મા હી હૈ.**' એ અર્થ કર્યો. '**अप्पाणं हवइ सम्मत्तं**' આહાહા..! 'સમકિત સાવન આવ્યો..' આજ બોલ્યા હતા ઝાંઝરીજી. ઓલા બોલે છે ને. .. નિર્ણયના ઠેકાણા ન મળે. ઝાંઝરીને, આ લોકોને બહુ ફાવી ગયું છે. ઘરમાં બધું હોં ... બહુ સારું. ભાગ્યશાળી. .. એની એને શ્રદ્ધા. આહાહા..! સવારમાં બોલ્યા હતા. તેને કહ્યું હતું મેં હોં એકફેરી. ઓલા ..નો આહાર કરતા. ખબર છે? શેઠને ત્યાં આહાર કરતા હતા. એક જણ બેઠા હતા. પહેલા કાંઈક જોતામાં ઓલામાં? અન્યમતિમાં આમ છે. ..માં પણ આમ છે. બીજાના સંત છે એમ બોલતા ઓલા ભજનમાં. એય..! ગંગવાલ! ખોટી વાત છે. શેઠ લાલચંદશેઠ. ત્યાં આહાર કરતા હતા ને ઘરે ત્યાં ગંગવાલ બેઠા હતા. આ નહિ. જૈનધર્મ સિવાય સંત ક્યાંય હોય નહિ. બીજા .. બોલે પણ .. બોલે આમ .. કાળમાં. પણ સમકિત કોને કહેવું? આહાહા..! બાપુ! અરેરે..! સત્ય શ્રદ્ધા. સમ્યક્ એટલે સત્ય. જેવું એ સત્યસ્વરૂપ છે તેવું એ સત્યસ્વરૂપે પરિણમવું. આહાહા..! હોય તેવું .. આહાહા..! બાપુ! એ વસ્તુના માટે પ્રયત્ન જોઈએ છે. એને ઘણા પડખાં વ્યવહારના સુધારા હોય. વિકલ્પથી એને પાક્કા નિર્ણય હોય પહેલા તો. આહાહા..!

મુમુક્ષુ :- .. કરવા કામનું.

ઉત્તર :- ધૂળેય નથી બધા સમજવાના. આહાહા..! એ વિકલ્પથી નિર્ણય કરે છતાં એ નિર્ણય સાચો નહિ. અંતર અનુભવ થઈને નિર્ણય થાય... એ કીધું ને? અનુભવ દ્વારા. છે ને વસ્તુ તો એમ જ છે. એય..! છોટાભાઈ! આવું છે આ. ભિન્ન વસ્તુ એ નિશ્ચય સમકિત.

એ '**નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ, યહ સમ્યક્ત્વ આત્મા સે ભિન્ન વસ્તુ નહીં હૈ...**' વસ્તુ એટલે એ પર્યાય પણ જુદી નથી ત્યાં. '**આત્મા હી કા પરિણામ હૈ સો આત્મા હી હૈ.**' આહાહા..! '**ઐસે સમ્યક્ત્વ ઔર આત્મા એક હી વસ્તુ હૈ યહ નિશ્ચયકા આશય જાનના.**' નિશ્ચય છે ને. સમકિત અને આત્મા એક જ વસ્તુ છે. નિશ્ચયકા આશય જાનના. પરિણામ પરિણામરૂપે છે, દ્રવ્ય દ્રવ્યરૂપે છે

એ વળી જુદી વસ્તુ. અત્યારે આ સમજવું. આહાહા..!

**'અબ કહતે હૈં કિ યહ સમ્યગ્દર્શન હી સબ ગુણોંમેં સાર હૈ ઉસે ધારણ કરો :-'** અનાદિ અનેક ગુણો હોય પણ એમાં સાર તો આ છે. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય પણ એમાં સમ્યગ્દર્શન એ સાર છે. આહાહા..!

एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।
सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स।।२१।।

**'અર્થ :- ઐસે પૂર્વોક્ત પ્રકાર જિનેશ્વર દેવકા કહા હુઆ દર્શન હૈ...'** અહીં સમકિતની વાત છે. જિનેશ્વરદેવ પરમેશ્વરે કહેલો **'केवलिजिणेहिं भणियं'** આવશેને પછી ૨૨માં આવે છે. એનો અર્થ એવો લીધો છે એણે **'केवलिजिणेहिं भणियं'** એટલે કે તીર્થંકર કેવળી થયા પછી જ પ્રરૂપણા કરે છે, એમ. બીજા કરે છે એ એમના અનુવાદ તરીકેનું કથન કરે .. છદ્મસ્થ.. એમના કહેલાનું અનુવાદ છે. અને આ તો સીધું જ્યારે કહે છે એ તો કેવળી થયા પછી તીર્થંકર બોલે. આહાહા..! સમજાણું કાંઈ? **'जिणपण्णत्तं दंसणरयणं'** વીતરાગ તીર્થંકરદેવે કહ્યું. જિનેન્દ્રદેવે. આહાહા..! આવે છે ને પાઠમાં આવે છે. મુનિ થાય પણ ઉપદેશ ન આપે તીર્થંકર છદ્મસ્થને. કેવળ થયા પછી જ ઉપદેશ આપે. બીજાને ... આપે એ તો એનું કહેલું અનુવાદ તરીકેનું આપે. સમજાણું કાંઈ? એટલે બીજા કહી શકે નહિ એમ કાંઈ નથી. પણ બીજા કહે છે એ કહેલું કહે છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર થયા પછી તીર્થંકરને ઉપદેશ આવે છે. આહાહા..! એવા પુરુષની .. વાણી એ .. થયા પછી આવે છે. આહાહા..! જેની પાસે અર્ધલોકના નાયક શક્રેન્દ્રને અને ઈશાન ઈન્દ્ર, જેમ ગલુડિયા બેસે એમ બેસે સભામાં. આહાહા..! પ્રભુ! અમારા વૈભવની કિંમત અમને નથી એમ કહે છે, પ્રભુ! તારા વૈભવની કિંમત અમને છે. આહાહા..! અર્ધલોકના સ્વામી હો! ૩૨ લાખ વિમાન જેને. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. કોઈમાં સંખ્યા નાની છે. એનો આ ... છે. દેવનો લાડો. તે પણ સમકિતી એકાવતારી. આહાહા..! પ્રભુ પાસે જઈને પ્રભુની વાણી સાંભળવા. અરે..! પણ આવો વૈભવ છે ને. અરે..! પ્રભુ! એ વૈભવ અમારો નહિ. નાથ! તને જે કેવળજ્ઞાનનો વૈભવ પ્રગટ્યો એ વૈભવનું અમારે બહુમાન થઈને આવે છે. આહાહા..! આ વૈભવ અમને તુચ્છ છે. એથી અમે અધિક છીએ એ અમને નથી લાગતું પ્રભુ! આહાહા..! એ બેઠા હોય ને વાણી નીકળે વીતરાગની, કેવળ થયા પછી જિનેન્દ્રની. ઓહોહો..! ધન્ય અવતાર જેના. શ્રોતાઓને સંભળાવ્યું એ નથી આવતું પંચાસ્તિકાયમાં? આ સંભળાવ્યું. સ્વભાવ શ્રોતાઓને સંભળાવ્યો ભગવાને. મોક્ષ સ્વભાવનો... સાંભળનારાઓને ભગવાને આમ સંભળાવ્યું છે. આહાહા..!

આમ કહે છે.

एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।
सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स।।२१।।

ત્રણ વાત કરી છે. એક તો '**પૂર્વોક્ત પ્રકાર જિનેશ્વર દેવકા કહા હુઆ દર્શન હૈ...**' કેવળજ્ઞાની પરમાત્માએ કહ્યું. એક વાત. '**ગુણોંમેં ઔર દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈન તીન રત્નોંમેં સાર હૈ...**' ક્ષમાદિ ગુણોમાં અને સમ્યગ્દર્શન આદિ ચારિત્ર રત્નમાં સાર ઉત્તમ. બે અને '**મોક્ષ મંદિર મેં ચઢનેકે લિયે પહલી સીઢી હૈ,...**' આહાહા..! એની વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૨, રવિવાર તા. ૧૪-૧૦-૧૯૭૩**
**ગાથા-૨૧, ૨૨, પ્રવચન - ૨૬**

આ અષ્ટપાહુડ છે. એમાં દર્શનપાહુડ પહેલો અધિકાર ચાલે છે. ગાથા ૨૧ ચાલે છે.

एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।
सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स।।२१।।

'**અર્થ :- ઐસે પૂર્વોક્ત પ્રકાર જિનેશ્વર દેવકા કહા હુઆ દર્શન હૈ...** ' અહીંયાં દર્શનની વ્યાખ્યા અહીંયા સમ્યગ્દર્શન છે. પહેલા દર્શનની વ્યાખ્યા આવી હતી એ જુદી. પહેલા દર્શનની વ્યાખ્યા એ હતી કે આ આત્મા બાહ્ય-અભ્યંતર ત્યાગથી બિરાજમાન અંદર નિર્મળ આનંદસહિત જેની અંતર આત્માની દૃષ્ટિ સ્વને આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું છે. અને જેને આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન થયું છે એ ઉપરાંતર જેમાં જેને ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા છે. એ જીવ... જૈનદર્શન છે એને જૈનદર્શન કહે છે. એની સાથે વ્યવહારમાં એને અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત આદિના વિકલ્પ જે હોય છે એ વ્યવહાર જૈનદર્શન છે. ઓલું નિશ્ચય જૈનદર્શન છે. અને જેની મુદ્રા નગ્ન દિગંબર હોય એ અજીવનું નિમિત્ત એટલું એને એ મર્યાદાનું હોય છે. એને અહીંયા જૈનદર્શન કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! આવું છે.

વસ્તુ જૈનદર્શન એટલે મોક્ષનો માર્ગ, નિશ્ચય ને વ્યવહાર ને નિમિત્ત ત્રણેને અહીંયાં જૈનદર્શનમાં ગણવામાં આવ્યું છે. જેની અંદરમાં પોતાનો આત્મા આનંદસ્વરૂપની અધિકતામાં કોઈની અધિકતા જ્ઞાનીને ભાસતી નથી. એટલે? બહારની સગવડતા ... અગવડતામાં હીનતા કે સગવડતામાં અધિકતા ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને ભાસતી નથી. પોતે જ અધિક આનંદનો નાથ છું, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છું. એવું

જ્યાં અંતર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે, ત્યાં પોતાના સ્વભાવની જ બધી દુનિયાથી ભિન્ન અધિકતા ભાસે છે. પોપટભાઈ! તમારા પૈસા-બૈસાની તો આમાં ગણતરી જ નથી. આહાહા..!

જેની એક સમયની પર્યાયની પણ જ્યાં અધિકતા નથી. એવું જે ભગવાન આત્માનું સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ એની જેને દૃષ્ટિ નિર્વિકલ્પ અનુભવ થયો છે. આહાહા..! એની સાથે જ્ઞાન આત્માનું અને એની સાથે ચારિત્રની રમણતા. એ છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એને પંચ મહાવ્રતના અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય અને નગ્નમુદ્રા હોય. આને જૈનદર્શન ગણવામાં આવ્યું છે. ચંદુભાઈ! આહાહા..! આ જૈનદર્શનથી જે કંઈ ભ્રષ્ટ નામ વિપરીત વેષ અને વિપરીત શ્રદ્ધા આદિ હોય એને જૈનદર્શન ગણવામાં આવ્યું નથી. અને એમાં પણ હવે સમ્યગ્દર્શન પાછું. ક્ષમા આદિ ગુણો અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણો એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય વસ્તુ છે. સમજાણું કાંઈ? એ અહીં ચાલી વાત. ૨૦માં કહ્યુંને કે '**जीवादीसद्दहणं**' જેવું જીવનું સ્વરૂપ વ્યવહારે ભેદ(સહિત), અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ નવ તત્ત્વની જેવી સ્થિતિ છે તેવી ભેદવાળી શ્રદ્ધા એને વ્યવહાર સમકિત કહે છે. એ સમકિત છે નહિ. પણ જેને અંતર આત્માને આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન થયું છે એની આવા નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાને વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, '**જિનેશ્વર દેવકા કહા હુઆ દર્શન હૈ સો ગુણોંમેં...**' એવું જે સમ્યગ્દર્શન.. ઓહો..! એની શું કિંમત કહે છે. આહાહા..! જે ગુણો નામ ક્ષમા આદિ ગુણો હોય એમાં પણ એ સમ્યગ્દર્શનની પ્રધાનતા છે. સમજાણું કાંઈ? '**ઔર દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈન તીન રત્નોંમેં સાર હૈ...**' આહાહા..! પણ એ બહુ ઝીણી વાતું. સાધારણ પ્રાણીને એની પરીક્ષા થવી પણ કઠણ છે. સમજાણું કાંઈ? સાધારણ એટલે ઉપરથી દેખનારાઓ. ઉપરટપકે બહારના આચરણ અને ક્રિયા દેખનારાઓને એ સમ્યગ્દર્શન શું ચીજ છે એને ગોઠવું કઠણ છે.

મુમુક્ષુ :- પ્રભુ! આપના સમવસરણમાં તો એવા જ આવ્યા છે...

ઉત્તર :- આહાહા..! આવો માર્ગ પ્રભુનો છે.

જુઓને '**जिण**' કીધું છે ને? '**जिणपण्णत्तं**' નીચે તો ખુલાસો કરશે. ..માં તો. '**केवलिजिणेहिं भणियं**' એમ કહ્યું છે ને ભાઈ પછી? ૨૨માં. એમ કહીને કહે છે, કેવળી તીર્થંકરોએ કહ્યું છે આ. એ જિન પ્રણિત છે એ તીર્થંકરનું કહેલું છે. કેવળી થયા પછી તીર્થંકરદેવે આમ કહ્યું છે. કેમકે એ તીર્થંકરદેવ કેવળજ્ઞાન પહેલા ઉપદેશ કરતા નથી. આહાહા..! સર્વજ્ઞ તીર્થંકરદેવ પૂર્ણ સર્વજ્ઞપણું પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ ઉપદેશ કરતા નથી. હવે મૂળ પુરુષ છે એ જીવ. બીજાઓ ઉપદેશ કરે છદ્મસ્થ, સમકિતી આદિ મુનિ, એ એમના કહેલાનો અનુવાદ કરીને કહે છે. અનુવાદ એટલે એને અનુસરીને કહે છે. સમજાણું કાંઈ?

લ્યો એ અનુવાદનો અર્થ થઈ ગયો. ઓલું અનુ આવ્યું ને ભાઈ! અનુ? અનુવાદ એટલે અનુસરીને

બોલવું. ફરી અનુવાદ કરવો છે ને. .. ક્યાં ને ક્યાં વાત છે? સમજાણું કાંઈ? જિનેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ કેવળ થાય ત્યારે જ ઉપદેશ કરે છે. આહાહા..! મૂળ પુરુષ છે એટલે એને છદ્મસ્થમાં એનો ઉપદેશ ન હોય. આહાહા..! એ ભગવાન તીર્થંકરે કહ્યું કે જેને આત્મસ્વરૂપની અંતર પ્રતીતિ અનુભવ થઈને નિર્વિકલ્પ દર્શન થયું એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એને છ દ્રવ્ય, નવ તત્ત્વ, નવ પદાર્થ, સાત તત્ત્વ અને પંચાસ્તિકાયની આગમ પરમાગમને અનુસારે શ્રદ્ધા થાય તેને વ્યવહાર શ્રદ્ધા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એને '**जिणपण्णत्तं**' તીર્થંકર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે આવું સમવસરણમાં ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે આમ કથન હતું. એમ કુંદકુંદાચાર્ય હું કહું છું એમ નહિ કહેતા '**जिणपण्णत्तं**' તીર્થંકરો આમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સાર છે. ત્રણ રત્નમાં પણ સમ્યગ્દર્શન સાર છે. એ આવ્યું ને એમાં? રત્નકરંડશ્રાવકાચાર. તરણ તારણ.

મુમુક્ષુ :- ... કર્ણધારણ..

ઉત્તર :- કર્ણધારણ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં પણ સમ્યગ્દર્શન કર્ણધારણ છે. વહાણ ચાલે એને ચલાવનારો એમ છે. માર્ગ સમ્યગ્દર્શનથી શરૂ થાય છે. કલ્યાણજીભાઈ! આહાહા..! સાર છે.

અને તે '**ઉત્તમ હૈ...**' આહાહા..! '**મોક્ષમંદિર મેં ચઢનેકે લિયે પહલી સીઢી હૈ,...**' આહાહા..! પૂર્ણ આનંદસ્વરૂપ એવો જે મોક્ષ, પૂર્ણ આનંદ સ્વરૂપ એવો મોક્ષ એને પ્રાપ્ત કરવામાં પહેલી નિસરણી, સીઢી, પહેલું સોપાન આ છે. આહાહા..! સમજાણું કાંઈ? એક તો જિનેશ્વરે કહ્યું એ કહ્યું, ક્ષમાદિ ગુણોમાં એ મુખ્ય છે અને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રત્ન માણેક રત્ન, દર્શન-જ્ઞાન-ચારિત્ર માણેક એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. એ '**મોક્ષમંદિર મેં ચઢનેકે લિયે પહલી સીઢી હૈ,...**' ઓહો..! પૂર્ણાનંદની પ્રાપ્તિ થવામાં એનું પહેલું પગથિયું છે, સમ્યગ્દર્શન.

'**ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ-હે ભવ્ય જીવો! તુમ ઈસકો અંતરંગ ભાવસે ધારણ કરો,...**' '**भावेण**' છે ને પાઠ? '**धरेह भावेण**' આહાહા..! ક્રિયાકાંડથી નહિ. '**બાહ્ય ક્રિયાદિકસે ધારણ કરના તો પરમાર્થ નહીં હૈ,...**' કોઈ શુભભાવથી ભગવાનને માને અને શુભભાવથી ક્રિયા કરે એ કોઈ માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**તુમ ઈસકો અંતરંગ ભાવસે ધારણ કરો,...**' ઓહોહો..! ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એની અંતરમાં સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીત ભાવથી ધારણ કરો. આહાહા..!

મુમુક્ષુ :- ભાવથી ધારણ કરો એટલે?

ઉત્તર :- આ નિર્વિકલ્પ ભાવ ધારણ કરો એમ કહે છે. એકલા વિકલ્પથી ધારણ કરો કે આવો આ છે માર્ગ અને આવો આ માર્ગ છે, એમ નહિ એમ કહે છે. વિકલ્પથી નિર્ણય કરે.. આહાહા..! એ નહિ

એમ કહે છે. પહેલો વિકલ્પથી નિર્ણય કરે છે ને કે આવો છે... આવો છે.. આવો છે... એ નહિ. આહાહા..! નિર્વિકલ્પની દૃષ્ટિથી નિર્ણય કરે એ જ મૂળ પહેલો સાર છે. આહાહા..! કહેશે એમાં. બીજું ભલે તારાથી ચારિત્ર ન પળે, વ્રતાદિ, તપાદિ ન હોઈ શકે, પણ શ્રદ્ધા તો આવી રાખજે. કારણ કે એ શ્રદ્ધા એ ભગવાને સમકિત કહ્યું છે. સમજાણું કાંઈ? એ કહેશે હમણાં ૨૨માં.

અહીં તો કહે છે '**હે ભવ્ય જીવો!**' '**धरेह भावेण**' એમ કીધું ને? કોણે કહ્યું એ? કુંદકુંદાચાર્ય કહે છે. '**धरेह भावेण**' આ કો'કને કહે છે ને? ભવ્યજીવને કહે છે. આહાહા..! જેની શ્રદ્ધા ભાવથી ધારણ છે ભાઈ! આહાહા..! તારો નિર્મળ નિર્વિકલ્પ ભાવ એનાથી અંતરની દૃષ્ટિ થઈ છે એમ ધારણ કર. આહાહા..! મનના સંબંધે નહિ, રાગના સંબંધે નહિ, અંતરના શુદ્ધ સ્વભાવના ભાવથી સમ્યક્ ધારણ કર. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્ય ક્રિયાદિકસે ધારણ કરના તો પરમાર્થ નહીં હૈ,...** ' એટલે? કે કોઈ શુભરાગના વિકલ્પથી સમકિત આવું છે, આ ચારિત્ર આવું છે એવો જે શુભભાવ એ ક્રિયાથી ધારણ કરવું એ વસ્તુ નથી. આહાહા..! અને એવા શુભવિકલ્પથી નક્કી કરે માટે તેને આ સમ્યક્ નિશ્ચય થાય એમ નથી. પહેલા હોય એ કહેવું એ વ્યવહાર છે. પહેલું ને પછી કાંઈ નથી એમાં. પહેલું તો આ કીધું. પણ એ તો સમજાવવું હોય ત્યારે શું થાય?

મુમુક્ષુ :- સમજાવવું ક્યાંથી..

ઉત્તર :- સમજાવવાની રીતમાં વ્યવહારના અવલંબનથી વાત કરાય. પહેલો વિકલ્પ, પહેલો નિર્ણય તો જોવે. જેવી ચીજ છે એવો એને વિકલ્પ તો હોવો જોઈએ ને? વિકલ્પથી તો નિર્ણય હોવો જોઈએને. એટલી વાત. છતાં એ વિકલ્પથી નિર્ણય થયો એ વ્યાજબી છે અને નિશ્ચયનું કારણ છે એમ નથી.

મુમુક્ષુ :- એ ભૂમિકા નથી?

ઉત્તર :- એ વસ્તુ જ નથી. એ આવે ખરું. નય, નિક્ષેપ, પ્રમાણ નથી આવ્યું ૧૩મી ગાથામાં? નય, નિક્ષેપ, પ્રમાણથી એનું જ્ઞાન કરવામાં એવો ભાવ આવે ખરો. પણ એ વસ્તુ નથી. અભૂતાર્થ છે. આહાહા..! વસ્તુ જગતને સાંભળવી મુશ્કેલ પડી. સમ્યગ્દર્શન નિશ્ચય શું એને પહોંચવા માટે એની શ્રદ્ધા જે આવવી જોઈએ કે વ્યવહારની ક્રિયાકાંડથી તે પમાય એવું નથી. તારા શુભયોગની ક્રિયા લાખ કરોડ કર, પણ એનાથી નિશ્ચય સમકિત થાય એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો સહજસ્વરૂપ પોતાના સ્વભાવથી જણાય ને મનાય ને ઓળખાય એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**બાહ્ય ક્રિયાદિક...**' બાહ્ય વિનાયાદિ. આદિમાં બધું આવ્યું ને? દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો, બહુમાન કરવો, શાસ્ત્ર ભણવું, શાસ્ત્રનું જગતને કહેવું. એય..! દેવીલાલજી! એવી '**ક્રિયાદિકસે ધારણ કરના તો પરમાર્થ નહીં હૈ,...**' આહાહા..! એ આદિ શબ્દ છે ને? દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય

કરવાની ક્રિયાથી સમ્યગ્દર્શન થાય, એમ નથી. એ વસ્તુ જ જુદી છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ જવાબદારી છે.

ઉત્તર :- જવાબદારી નહિ. વસ્તુની સ્થિતિની કિંમત જ એટલી છે.

મુમુક્ષુ :- ઉપદેશ કોણ દે?

ઉત્તર :- ઉપદેશ કોણ દે? ઉપદેશ તો વાણી છે. આહાહા..! એમાં મને ઉપદેશ દેતા આવડે છે એ તો મિથ્યાત્વભાવ છે. વિકલ્પ ઊઠે એ જુદી વાત છે, પણ એને અધિકપણે માનવું કે આ ઉપદેશ દેતા મને જ આવડે છે, મારી વાણીનું મારું સ્વામીપણું છું. હું જેમ કહું એમ નીકળે છે. સાચી વાત છે, બાપુ! મૂળ માર્ગને રાખવા માટે અનંતકાળથી આ આવ્યું છે. આહાહા..! અને હું બીજાને સમજાવીને સમજાવી દઉં એ પણ જોર રાગનો વિકલ્પ છે, એ આત્માનું નથી. શશીભાઈ! કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ સમજાવે? ધૂળ સમજાવે? અભિમાન હતા ત્યાં. એય..! ચંદુભાઈ! આહાહા..!

ભાઈ! કહ્યું નથી અમૃતચંદ્રાચાર્યે? હું સમજાવનાર છું અને આ મને સમજાવે છે અથવા હું સમજનાર છું અને આ મને સમજાવે છે. એવું કરીશ નહિ. આહાહા..! પૂજ્યપાદસ્વામી તો કહે છે કે હું બીજાથી સમજું, હું બીજાને સમજાવું એ પાગલપણું છે. આહાહા..! રાગ છે ને?

મુમુક્ષુ :- તો સમ્યગ્દૃષ્ટિનો રાગ..

ઉત્તર :- એની વાત છે ને અહીં સમ્યગ્દૃષ્ટિની. જ્ઞાનીને પણ આ વિકલ્પ છે એ પાગલપણું છે એમ કહે છે. આહાહા..! આત્માની શાંતિનો, સમાધિનો લૂંટનાર છે. આહાહા..! એ શુભભાવ. માર્ગ વીતરાગનો બહુ ઝીણો છે. વીતરાગ સર્વજ્ઞ .. છે.

'**ક્રિયાદિક સે ધારણ કરના તો પરમાર્થ નહીં હૈ,...**' આહાહા..! કહો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ને તપ ને એવી ક્રિયા, એનાથી માને કે અમે કરીએ છીએ તો અમને સમકિત છે કે નહિ? શ્રદ્ધા છે કે નહિ? કહે, ના. ના. એવું તો અનંતવાર કર્યું છે. '**અંતરંગકી રુચિસે ધારણ કરના...**' આહાહા..! અંતરંગ.. અંગ. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એ અંતરંગ છે. આહાહા..! વિકલ્પ છે એ અંતરંગ નથી. એ તો બહિરંગ છે. આહાહા..! વસ્તુ તો આવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આવ્યા વિના રહેશે નહિ. આવે છતાં એનાથી પ્રાપ્ત થતું નથી. એવી વસ્તુ છે. આહાહા..! તીર્થંકર કેવળી... આહાહા..! એટલે શું? એક સમયમાં જેને ત્રણ કાળનું જ્ઞાન. .. પર્યાયમાં પૂર્ણતાનું જ્ઞાન થઈ જાય એને. આહાહા..! એનું કહેલું તત્ત્વ આ છે. સમજાણું કાંઈ?

'**અંતરંગકી રુચિ સે ધારણ કરના...**' અંતરંગમાં આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ પ્રભુ એની રુચિથી ધારણ કરવું. એ ૨૧મી થઈ.

હવે કહે છે '**શ્રદ્ધાન કરતા હૈ ઉસીકે સમ્યક્ત્વ હોતા હૈ :—**' ભલે પાળી શકે નહિ, ચારિત્ર ન હોય, વ્રત-તપ ન હોય, સમજાય છે કાંઈ? ભોગની વાસનાનો ત્યાગ પણ ન હોય. પણ એ શ્રદ્ધા જો નિર્વિકલ્પ યથાર્થ કરે તો ભગવાનના મુખમાંથી આવ્યું છે કે એ સમકિતી છે. સમજાણું કાંઈ? આ ગાથા આવે છે નિયમસાર ૧૫૪. નિયમસારની ૧૫૪ નીચે લખ્યું છે ને? ત્યાં એ કહ્યું, ભાઈ! તારી નિશ્ચય પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ધ્યાનમાં કરવું જોઈએ. અંતરના નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સામાયિક ... ભક્તિ, સમાધિ, પ્રાયશ્ચિત એ બધું અંતર સ્વરૂપના દૃષ્ટિપૂર્વક ધ્યાન નામ લીનતા, નિર્વિકલ્પ લીનતા તે તારે કર્તવ્ય છે. આહાહા..! પણ એટલું જો ન કરી શકે તો ગોટા ન વાળીશ કે વિકલ્પથી તો કાંઈક કરીએ છીએ ને, વ્યવહારથી તો કરીએ છીએ ને. ગોટા ન વાળીશ. શ્રદ્ધા રાખજે કે માર્ગ તો આ છે. આહાહા..! અંતર સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની રમણતા તારામાં ન હોઈ શકે, ન થઈ શકે પુરુષાર્થની મંદતાથી, ચારિત્રના દોષથી. આહાહા..! શ્રદ્ધા કરજે કે કરવા જેવું તો અંદર સ્થિર થઈને ધ્યાનમાં રહેવું એ ઠીક છે. આહાહા..! શ્રદ્ધામાં ગોટા ન વાળીશ કે ભાઈ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે, પછી ચારિત્ર ન હોય, ભલે વાસના શુભાદિની હોય, તો એ પણ અત્યારે બસ છે. એમ ન હોય. ચંદુભાઈ! આહાહા..! આવું છે.

જેને અનંત તીર્થંકરોએ જાહેર કર્યું કે વાસ્તવિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... ચારિત્ર એટલે આત્માના આનંદની રમણતા. આહાહા..! જેની વીતરાગની પર્યાયની છલોછલ દશા ફાટી ગઈ છે. આહાહા..! એવું ચારિત્ર તેને મોક્ષના માર્ગ તરીકે, પ્રધાન તરીકે કહ્યું છે. એ ત્રણમાં સમ્યગ્દર્શન ભલે, પણ મોક્ષને પ્રધાન કારણ ચારિત્ર છે. ચરિતં ખલુ ધમ્મો. આહાહા..! એ વસ્તુ તો એ છે. અંદર રમણતા, સ્વરૂપનું ભાન થયા પછી પણ સ્વરૂપની રમણતા અંદરમાં લીનતા, આનંદમાં, ધ્યાનમાં ધ્રુવને ધ્યેય બનાવીને ધ્યાનના વિષયમાં ભગવાનને લઈને સ્થિર થઈ જવું એનું નામ ચારિત્ર છે. એનું નામ પ્રતિક્રમણ, એનું નામ પ્રત્યાખ્યાન, એનું નામ આલોચના, એનું નામ ભક્તિ. આ એનું નામ ભક્તિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ભગવાનની વ્યવહાર ભક્તિ ને વિકલ્પમાં આવ્યો માટે કાંઈક કરીએ છીએ. એમ રહેવા દેજે. શ્રદ્ધામાં ગોટા ન વાળીશ. સમજાણું કાંઈ? આહાહા..! આખો મદાર સમ્યગ્દર્શન ઉપર છે. મોક્ષમાર્ગનો મદાર. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! તારે છૂટવાના પંથમાં, જે માર્ગ (સંસારથી) છૂટવાનો છે દર્શન-જ્ઞાન-ચારિત્ર.. એકલું ચારિત્ર અને એ વર્તન ન હોઈ શકે તો પુરુષાર્થની કમજોરી, ચારિત્રનો દોષ. તરત અહીં કહેશે. કૌંસમાં કહ્યું છે. ચારિત્રનો પ્રબળ દોષ. એ તો આપણા તરફથી લખ્યું છે. કૌંસમાં લખ્યું છે. એને ચારિત્ર મોહકર્મકા ઉદય પ્રભાવ... એમ કરીને નાખ્યું છે. વાત તો એ. ચારિત્રનો પોતાનો દોષ છે. આહાહા..! વિષય વાસના, અસ્થિરતા એવી ગૃદ્ધિઓ ઉત્પન્ન થાય એથી એને ચારિત્ર ન હોઈ શકે. સમજાણું કાંઈ? ન હોઈ શકે તો બચાવ ન કરીશ. સમજાણું કાંઈ? કારણ કે

શાસ્ત્રમાં તો કહ્યું છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. અમરચંદભાઈ!

મુમુક્ષુ :- બચાવ ન કરીશ.

ઉત્તર :- એવો બચાવ ન કરીશ. ત્યાં કઈ અપેક્ષાએ કહ્યું હતું. ગોટો ન વાળીશ. આહાહા..! અમે તો ધર્મી તો છીએ. અમારે ભોગ હોય, વિષય હોય, બધું હોય. અમે તો નિર્જરા ખાતર કરીએ છીએ.

મુમુક્ષુ :- ટાળે નહિ.

ઉત્તર :- ટાળેની વાત ક્યાં? આ તું બચાવ કરે છે, એ તો જોને. એ તો સમ્યગ્દર્શનના જોરની અપેક્ષાએ રાગ જરી થાય છે, પણ રાગમાં રુચિ નથી. ભોગની વાસના ઝેર જેવી ભાસે છે. કાળો નાગ જેમ દેખે ને ભય પામે, એમ અશુભભાવ એ વિષયની વાસના, આસક્તિ એ કાળો નાગ છે. મીઠાશ ઊડી ગઈ છે જેની, ઝેરપણું ભાસે છે. એને અહીંયાં નિર્જરા કીધી એટલે શું? દૃષ્ટિનું જોર છે એ અપેક્ષાએ. બાકી ભોગનો ભાવ એ નિર્જરા છે? તો તો પછી ભાવ છોડવો અને સ્થિર થવું અંદરથી આનંદમાં એ તો રહેતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો આત્માના સમ્યક્ આનંદની અપેક્ષાએ એ ભોગની વાસના જરી ઉઠી એની કાંઈ કિંમત નથી. સ્વભાવની કિંમત છે એમ ગણીને એ અશુદ્ધતા છૂટતી જાય છે એમ કહે છે. પણ અશુદ્ધતા છે એ તો દુઃખનું કારણ ને બંધનું કારણ છે, સમ્યગ્દૃષ્ટિને. આહાહા..! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશુદ્ધતા હજી ચોથે-પાંચમે નથી હોતી એ કોણે કહ્યું? છઠ્ઠે અશુદ્ધતા હોય છે. મુનિને પણ પ્રમાદ, પંચ મહાવ્રતના વિકલ્પ આદિ બધી અશુદ્ધતા છે. આહાહા..! એ દોષ છે.

મુમુક્ષુ :- એ તો પરદ્રવ્ય પર્યાય છે.

ઉત્તર :- પરદ્રવ્ય પર્યાય છે. એ તો કઈ અપેક્ષાએ કીધી? સ્વભાવની અપેક્ષાએ. પર્યાયની અપેક્ષા એની છે. આવશે આપણે નહિ બપોરે આવશે. પુણ્ય અને પાપ એ જ્ઞાનની પર્યાય છે, આત્માની પર્યાય છે એમ કહ્યું ત્યાં. ઓલું પંદરમું નહિ કથન. કથન ન જાણે.. એ બપોરે ચાલે છે. ગાથા બોલાઈ ગઈ. અર્થ આવશે.

શુભ અને અશુભભાવ એ તારો તારા જે જ્ઞાનમાં એટલે જ્ઞાનનો એટલે આત્માનો પર્યાય છે. સમજાણું કાંઈ? એકકોર કહે કે શુભ અને અશુભભાવ પુદ્ગલ છે. કઈ અપેક્ષાથી? એ તો ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિમાં એ વિકારનો અભાવ છે, દૃષ્ટિ અને દૃષ્ટિ વિષયમાં વિકાર નથી એ અપેક્ષાએ. પર્યાયમાં પર્યાયજ્ઞાનથી જોવે તો બધું અંદર છે. દેવીલાલજી! આહાહા..! કણે કણનો હિસાબ ત્યાં લીધો. રાગ જેટલા પ્રકારનો છઠ્ઠે ગુણસ્થાને રાગ આવે છે મુનિને. મુનિને ત્રણ કષાયનો નાશ છે. સાચા ભાવલિંગી એને પણ શુભરાગ અને સંસાર તરફ ઝુક્યો છે એમ કહે છે ભગવાન તો. આમ ઝુક્યો છે એમ કહે છે. જગતથી જોતા. સમયસાર નાટકમાં. .. બીજી. એ તો શુભભાવ જગતથી આમ ઝુક્યો

છે. જગત તરફ ઝુક્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સમયસાર નાટક. છે ને પણ વસ્તુ. શુભભાવ પોતે સંસાર છે. આહાહા..! એ સંસારની પર્યાય પોતામાં છે. દેવીલાલજી! વાત તો, એમાં બચાવ કરીશ નહિ એ અહીં કહેવા માગે છે. એ ગાથા ત્યાં ૧૫૪ નિયમસારમાં. એ બધું પ્રતિક્રમણ... કર્યા પછી ભાઈ! આત્માનું ધ્યાન અને આનંદમાં રહેવું એને પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન ને આલોચના કહે છે. તને વિકલ્પ ઉઠે કે આ .. મિચ્છામી દુક્કડમ એ નહિ. એ તો રાગ છે. આહાહા..! એ શુભરાગની ક્રિયા એ તો ઝેરના પ્યાલા, ઝેરના ઘડા છે. આહાહા..! વીતરાગ માર્ગ તો આવો છે. જેમાં રાગનો સૂક્ષ્મ કણ પણ (સહી) શકે નહિ. સમજાણું કાંઈ? આ તો વીરોના કામ છે, કાયરોના નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...તત્ત્વાર્થસૂત્રમાં એને દેવાયુનું કારણ કહ્યું છે?

ઉત્તર :- દેવાયુનું એ તો રાગને કહ્યું, એને શું? ભાષા છે. વ્યવહાર સમકિતનો અંશ છે એ બંધનું કારણ છે. નિશ્ચય સમકિત તો અબંધ સ્વરૂપ છે, પણ સાથે રાગ છે એટલે દેવ આયુનું આરોપથી કથન છે. આહાહા..! અહીં તો ત્યાં સુધી કહ્યું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. એ તો તત્ત્વાર્થસૂત્રમાં પાઠ છે. શુભોપયોગ અપરાધ.

મુમુક્ષુ :- પુરુષાર્થ સિદ્ધિ ઉપાય.

ઉત્તર :- પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમજાણું કાંઈ? આહાહા..! ષોડશકારણ ભાવના જેનાથી તીર્થંકરગોત્ર બંધાય. ભગવાન ફરમાવે છે, ભાઈ! એ અપરાધ છે તારો. પંડિતજી! આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તારે ઉગરવાના આરા તો વીતરાગભાવથી છે. આહાહા..! અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને.. એના દુઃખની વાતું ભગવાન કહે ત્યારે સાંભળતા આંસુ પડે એવી વાતું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં જરી સગવડતા અને થોડું કાંઈ ઇન્દ્રિયો પાંચ મળી, કાંઈક નિરોગતા કાંઈક ઠીક ત્યાં એમાં હરખાઈ જાય અને રાજી થઈ જાય છે. બાપુ! રાજીપો, તારો રોગમાં રાજીપો છે તારો. આહાહા..! શેમાં તને રાજીપો આવે છે? આ કાંઈક શરીર ઠીક મળ્યું, અમારે બાયડી ઠીક, છોકરા ઠીક, પેદાશું બહુ અઢળક ચાલી આવે છે. અરે..! બાપા! એ શું ચીજ છે? એ તો અગ્નિના લાવા છે. આહાહા..!

ઓલામાં નથી કહ્યું? અનુભવપ્રકાશ. મોઢામાં અગ્નિના લાવા નાખે તો મને આમ છે. અનુભવપ્રકાશમાં આવે છે. અગ્નિમાં લાવા નાખે તો અગ્નિ મને પ્રગટી છે એમ કહે છે. એમ આવે છે. આહાહા..! ભગવાન! શુભરાગ પણ અગ્નિની જ્વાળા છે. આવ્યું નહિ છ ઢાળામાં? 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ' છ ઢાળામાં આવે છે પંડિતજી! એ છ ઢાળા નહિ? 'રાગ આગ દાહ દહે સદા...' આહાહા..! શાંતરસ પ્રભુ, એમાં રાગ છે એ આકુળતાની અગ્નિ છે. પંચ મહાવ્રતના પરિણામ આકુળતાની

અગ્નિ છે, ભાઈ! માર્ગ આવો. વીતરાગ કહે છે. મારી ભક્તિમાં તું જે ઊભો છે એ કષાય અગ્નિ છે. આહાહા..! વીતરાગ કહે હોં. અજ્ઞાનીના પાર નહિ. આહાહા..! અમારી ભક્તિમાં તો આમ તલ્લીન થઈ ગયો છે. બાપુ! એ તો શુભરાગ છે. એ કષાય અગ્નિ છે. એ સાધન નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તારા છૂટવાના પંથ કોઈ જુદા છે. આહાહા..! ..ના પંથે ચડીને માન્યું કે મને છૂટવાને રસ્તે છું. ભાઈ! ભ્રમમાં છો તું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે.

**जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं।**
**केवलिजिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं।।२२।।**

'**અર્થ :- જો કરનેકો સમર્થ હો વહ તો કરે...**' સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાની રમણતા ચારિત્રની બને એટલી તો કરે. '**જો કરનેકો સમર્થ નહીં હો...**' ઓહો..! સ્વરૂપના ચારિત્ર અને આનંદની લીનતા કરવામાં સમર્થ ન હોય '**ઉસકા શ્રદ્ધાન કરે...**' શ્રદ્ધાન તો પાકું રાખજે ભગવાન! આહાહા..! એ ચારિત્રદોષ છે, એ ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ ચારિત્રનો દોષ છે. એ ચારિત્ર નહિ. શ્રદ્ધામાં ગોટા ન વાળીશ કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ?

'**केवलिजिणेहिं भणियं**' એનું વચન ટીકામાં કહ્યું છે ભાઈ! ટીકા છે ને અષ્ટપાહુડની. '**केवलिजिणेहिं**' તીર્થંકર ભગવાન જિનેશ્વરે કેવળી થયા પછી કહ્યું. એ પહેલા ભગવાનનો ઉપદેશ હોતો નથી. આહાહા..! '**केवलिजिणेहिं भणियं**' તીર્થંકરે કેવળી થઈને કહ્યું છે. જેણે ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં ઝપેટી લીધા છે. આહાહા..! એવા ત્રિલોકનાથની વાણી જિનેન્દ્ર કેવળીપણે થયેલા એની વાણી આ આવી છે કહે છે. ભાઈ! તું શ્રદ્ધા પાક્કી રાખજે. ન પાળી શકે તો એનો બચાવ ન કરીશ કે પાંચમા આરામાં પણ આવું ચારિત્ર હોય, ઢીલું આવું હોય, મોળું હોય, અત્યારે પાંચમો આરો છે. ચોથા આરા જેવું અત્યારે હોય નહિ, માટે આ પણ ઢીલું, મોળું પણ ચારિત્ર છે. એવું કરીશ નહિ. ઘરમાં ઘા વાગશે તને. શ્રદ્ધાની વિપરીતતાનો તારો ઘા વાગશે તને. સમજાય છે કાંઈ? આહાહા..!

જેટલો ચારિત્રદોષ અંદર છે તને, એનો બચાવ ન કરીશ કે વાંધો નહિ, એ પણ મારે નિર્જરા થઈ જાય છે. અરે..! ભગવાન! કઈ અપેક્ષાએ કહ્યું અને શું લગાડી દે છે તું? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એવું પણ આવે. સમ્યગ્દષ્ટિને જે ઉદય આવે એ ખરી જાય છે. એનો સ્વામી નથી. પણ કઈ અપેક્ષાએ? એય..! એ તો દર્શનની અપેક્ષાએ સ્વામી નથી એમ કહ્યું છે. સ્વભાવની અપેક્ષાએ સ્વામી નથી એમ કહ્યું છે. પણ પર્યાયમાં રાગ જેટલો છે એનો સ્વામી જ્ઞાનની અપેક્ષાએ આત્મા છે. સ્વામી છે. આહાહા..! સમજાણું કાંઈ? ૪૭ નય ન આવી પ્રવચનસારમાં? ત્યાં એમ લીધું છે. જે સમકિતી પણ જાણે છે, ગણધર જાણે છે. છદ્મસ્થપણે રાગનું કર્તાપણું છે, કરવાલાયક છે એ બુદ્ધિ ગઈ છે, પણ કરવું, કરવું પરિણમન એ હજી રહ્યું છે. એ એનું છે. અને એ કરવાનો સ્વામીપણું એનો અધિષ્ઠાતા

આત્મા છે. કર્મને લઈને એ રાગ થયો છે, એમ નથી. સમજાણું કાંઈ? અરેરે..! ઉગરવાના આરે ત્યાં બચાવના આરા કરે, એના ઉદ્ધાર ક્યાં જઈને થાય ભાઈ? મનુષ્યનું આયુષ્ય પૂરું થઈ જશે. આંખ્યું મીંચાઈ જશે બાપુ! આ બધી સામગ્રી ધૂળ રાખ થઈ જશે. આહાહા..! તારા સંબંધીઓને જે ઓળખે છો એ ચામડાને ઓળખે છે તું એના. એ ચામડાની તો સ્મશાનમાં રાખ થશે. તને એ ઓળખે છે એ પણ ચામડાને ઓળખે છે. આની તો રાખ થશે. રજકણ ઉડી જશે બધા.

'**કેવલી ભગવાનને શ્રદ્ધાન કરનેવાલેકો સમ્યક્ત્વ કહા હૈ.**' શ્રેણિક રાજા સમકિત ક્ષાયિક. સમજાણું કાંઈ? છતાં મરતા માથુ પછાડ્યું કે જે હોય એ. લ્યો! આહાહા..! પણ એ તો રાગ છે, એ કાંઈ સમકિતને દોષ નથી. આરે..! આહાહા..! એ ચારિત્રનો દોષ છે એ તો. અને એ જાણે છે અંદર ધારામાં. જ્ઞાનધારામાં એ જાણે છે કે મારી ધારામાં આ નથી. ઉદયની ધારામાં છે એ. છે મારી પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા જિનચંદ્ર. જિનચંદ્ર. વીતરાગી શાંતિ જેને પૂર્ણ પ્રગટ થઈ છે એવા જિનચંદ્રની વાણીમાં તો આ આવ્યું છે.

'**કરનેકો સમર્થ હો વહ તો કરે ઔર જો કરનેકો સમર્થ નહીં હો ઉસકા શ્રદ્ધાન કરે...**' એટલે એમ કહેવા માગે છે. પાછો વળી બચાવ કર્યો છે આણે. એમ કે અત્યારે આ વ્રતાદિ કરે છે એ ચારિત્ર છે એમ કહે છે. એ ચારિત્ર જેને પાળવા નથી એ ચારિત્રની નિંદા કરે છે કે ચારિત્ર નહિ, આ નહિ, આ ચારિત્ર નહિ. પણ કોને કહેવું ચારિત્ર? ભાઈ! તારા વ્રતના પરિણામ છે એ હજી શુભરાગ છે, એ ચારિત્ર નહિ અને તે પણ જોઈએ તેવા એ પણ ક્યાં છે? આહાહા..! ભાઈ! તને આ કાંઈ... આ માર્ગ વીતરાગનો છે. જેમાં અનંતા અનંતા કેવળીઓ અને તીર્થંકરોના પંથે પડવું ભાઈ! એ કાંઈ આલીદુઆલી કાંઈ કાયરના પંથે નથી જાવું. આહાહા..! કહો, પોપટભાઈ! આવો માર્ગ છે. પા કલાક વાર છે હોં. સવારથી આવવાનું છે ને આપણે અહીંયાં. આહાહા..!

'**ભાવાર્થ :- યહાં આશય ઐસા હૈ કિ યદિ કોઈ કહે કિ-સમ્યક્ત્વ હોનેકે બાદમેં તો સબ પરદ્રવ્ય – સંસારકો હેય જાનતે હૈં.**' સમ્યગ્દર્શનમાં તો રાગથી માંડીને પરવસ્તુ બધી હેય જાણે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો જેને સત્કાર, સ્વીકાર દૃષ્ટિમાં, અનુભવમાં થયો એ તો રાગનો કણ હોય મહાવ્રતનો પણ હેય જાણે છે. તો રાગથી માંડીને બધા પરદ્રવ્યો, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, આબરૂ બધું હેય છે. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્માની પ્રીતિ, રતિ જાગી છે. લ્યો એ વળી નિર્જરાનું આવ્યું. નિર્જરામાં આવે છે ને .. જેને આત્મા આનંદ અને જ્ઞાનનો સાગર એની રતિ ને પ્રીતિ ને રુચિ જાગી છે, એને રાગથી માંડીને બધી ચીજોનું હેયપણું છે, વૃત્તિ ઊડી ગઈ છે. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. જેને ભગવાન આત્માનો પ્રેમ છે તેને રાગ અને પરનો પ્રેમ ઊડી ગયો છે. અને જેને રાગ અને પરનો પ્રેમ છે એને ભગવાનનો પ્રેમ નથી. .. આત્મા અહીં તો. આહાહા..! કહો, કલ્યાણજીભાઈ! આવું સ્વરૂપ છે.

વાડામાંથી નીકળી .. ત્યાં અહીં આવું આકરું આવ્યું. આહાહા..! કહો, રતિભાઈ! ત્યાંથી ઓલા શ્વેતાંબરમાંથી નીકળ્યા ત્યાં આવું આકરું આવ્યું. માર્ગ તો આ છે, અનંત તીર્થંકરોનો માર્ગ. આ કોઈ પક્ષ અને સંપ્રદાય નથી. આહાહા..!

કહે છે કે '**સમ્યક્ત્વ હોનકે બાદમેં તો સબ પરદ્રવ્ય – સંસારકો...**' આખું જોયું! પરદ્રવ્યની વ્યાખ્યા કરી સંસાર. રાગાદિ માંડીને બધો સંસાર ધર્મીને તો હેય જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને આત્માના પ્રેમની રુચિ આડે જગતમાં કોઈ રાગની રુચિ, પ્રેમ અંતરમાંથી આવતો જ નથી. અને જો એ સંસારનો વિકલ્પ અને સંસારના ફળરૂપે આ સામગ્રી, બાયડી, છોકરા, રાજપાટ ચક્રવર્તીના હો, એમાં જો એને કાંઈક પ્રેમ લાગ્યો, અધિક થઈ ગયું, મિથ્યાદૃષ્ટિ છે. એ સમ્યગ્દૃષ્ટિ નથી. આહાહા..! અરે..! સંસારમાં રહેવું અને સંસારનો પ્રેમ રાખવો નહિ. સંસારમાં રહેવું જ નથી, રહ્યો જ નથી તું. જ્ઞાની સંસારમાં છે જ નહિ. જ્ઞાની તો આત્માના આનંદ અને જ્ઞાનદર્શનમાં જ છે. રાગમાં જ્ઞાની નથી તો વળી બહારમાં ક્યાંથી આવ્યો એ? આહાહા..! માર્ગ એવો છે, પોપટભાઈ!

સંસારના લ્હાવા લેવા અને ધર્મ પણ ભેગો કરવો-એમ બે નહિ થાય એમ કહે છે. .. કેટલા બબ્બે કરોડ રૂપિયા હોય, ચાર ચાર કરોડ રૂપિયા હોય. કેટલા ચાલીસ કરોડ, બે અબજ. પોપટભાઈ છે કે નહિ? છે. એના સાળા શાંતિલાલ ખુશાલ. તે એમના બનેવી છે. મરી ગયાને હમણા બિચારા. શાંતિલાલ ખુશાલ. દશ મિનિટ. કેટલા પૈસા. હજી બહાર ભલે નહિ આવ્યા હોય, પણ અબજોપતિ કહેવાય. એમાં શું બહારની ચીજ છે. આહાહા..! એક દશ મિનિટ. કોઈ દિ' જિંદગીમાં રોગ નહિ. ભાઈ કહેતા હતા. પહેલું વહેલું આવ્યું દોઢ વાગે દુઃખે છે મને. ત્યાં ડોક્ટરને બોલાવ્યા ત્યાં તો ઉં. કાંઈ ન મળે. દશ મિનિટમાં કાંઈ નથી. આ સંસારના .. પાછળ શું રહ્યું છે એની ખબર નથી એને. આહાહા..! દેહ છૂટી ગયો. શું સાધન? સાધન તો ભગવાન! શુભરાગ પણ સાધન નથી તો વળી આ બહારના સાધનો ક્યાં તારા રહ્યા? શ્રદ્ધા પાક્કી રાખજે એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે '**સંસારકો હેય જાનતે હૈં.**' આહાહા..! ઉદયભાવ રાગનો, વિષયનો, શુભનો એને તો સમ્યગ્દૃષ્ટિ હેય જાણે છે ને. '**જિસકો હેય જાને ઉસકો છોડ મુનિ બનકર ચારિત્ર કા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાવે,...**' અજ્ઞાનીની દલીલ છે. લ્યો કહે, અમે ત્યાગી છીએ. ત્યાગ તો કરવો નથી, વાતું કરવી છે. અમે સમકિતી... અરે..! સાંભળને હવે. આહાહા..! સમજાણું કાંઈ? એક એમ કહેતી હતી આ બાઈ અત્યારે છે. બીજાને સમજાવતા આવડે તે મોટો કે પોતે સમજે એ મોટો? કે સમજાવતા આવડે એ મોટો. વળી આજ એક આવ્યું. આહાહા..! મારી નાખે છે. બધી સભા ભેગી થાય અને .. થી વાતું કરે અને લડે સામે સામે. આહાહા..! જાણે અમે તો ભારે સમજ્યા. અરે..! મરી જઈશ. નિગોદમાં જઈશ, ખબર નથી તને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી ગયો છો તું બાપા! શું તને આ છે? આહાહા..! ભાષા સમજવી, વિકલ્પ ઉઠ્યો એ કોનો? બાપુ! તને શું થયું આ? એમ કે સમજાવતા આવડે એ મોટું. એ પ્રશ્ન ઉઠ્યો હતો સંપ્રદાયમાં સ્થાનકવાસીમાં. ભાઈ! સમજે એ મોટો કહેવાય. પોતે સમજે એ કે સમજાવે એ મોટો કહેવાય? એય..! ચંદુભાઈ! આહાહા..! સાંભળ્યું છે તમે? સાંભળ્યું છે? નથી સાંભળ્યું. ..વાળા હોય. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો સમજાવતા કેવળી થાય અને મૂક કેવળી હોય. સર્વજ્ઞ થાય અને વાણી ન હોય એથી શું? આ તો એમ કે વાણી પણ નથી. એથી શું એનું ઓછાપણું થઈ ગયું? અને વાણી જે કરે તીર્થંકરને વાણી હોય છે એ કેવળીથી અધિક થઈ જાય? દેવીલાલજી! આવો માર્ગ છે આ તો.

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- લાખોનો ઉપચાર કોઈ કરી શકતું નથી. આહાહા..! કેવળી મૂક કેવળી કાંઈ બોલ્યા નહિ અને મોક્ષ ચાલ્યા ગયા. આહાહા..! વાણી પણ નહિ. કોઈને ઉપકાર કર્યો નહિ, પણ પોતાનો ઉપકાર કરીને મોક્ષે ચાલ્યા ગયા. આહાહા..!

કહે છે કે જેને હેય જાણે એ છોડે તો સમકિત કહેવાય. એમ અજ્ઞાનીની દલીલ છે. '**મુનિ બનકર ચારિત્રકા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાવે, ઈસકે સમાધાનરૂપ યહ ગાથા હૈ.** ' એના સમાધાનરૂપે આ ગાથા કહેવામાં આવે છે. '**જિસને સબ પરદ્રવ્યકો હેય જાનકર...**' બધાને હેય જાણ્યું. વિકલ્પમાત્રને. આહાહા..! ત્રણ લોકના નાથ તીર્થંકર પણ જ્ઞાનીને તો હેય તરીકે છે. આહાહા..! એની વાણી દિવ્યધ્વનિ પણ હેય તરીકે છે. આકરું પડે જગતને. આહાહા..! અરેરે..! એને ખબર નથી એની સમૃદ્ધિની. એની એને ખબર નથી સંપદા શું છે અંદરમાં?

કહે છે '**જિસને સબ પરદ્રવ્યકો હેય જાનકર...**' સબ દ્રવ્યમાં આ વ્યાખ્યા આવી ગઈ. વીતરાગની વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દુશ્મન અને સ્વજનો અને પંચપરમેષ્ઠી પદ એ પણ જેણે હેય જાણ્યા છે. આહાહા..! ડાલચંદભાઈ! ભારે માર્ગ! '**જિસને સબ પરદ્રવ્યકો હેય જાનકર નિજસ્વરૂપકો ઉપાદેય જાના,...**' પોતાનું સ્વરૂપ જે જ્ઞાનાનંદ પ્રભુ એને જ જેણે આદરણીય અને અંગીકાર કરીને આદરણીય માન્યો છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પહેલાં તો હતાને ભાઈ .. ઈશ્વરચંદ કહેતા નહિ? ઈશ્વરચંદજી! એ ભૂરીબહેન નહોતા ભૂરીબાઈને એ. ઇંદોરમાં નહિ? તમે નહોતા કહેતા કે કોઈ સાધુ-બાધુને પગે નહોતા લાગતા. ભણેલી બહુ હતી બાઈ. ભૂરીબાઈ કરીને. ભણતર બહુ હતું. એક બીજા ઓલા પન્નાલાલ. પન્નાલાલ .. એ બહુ. એ પણ કોઈને સાધુ-બાધુ કોઈને માનતા નથી. ભૂરીબાઈએ તો પડીમા પણ લીધી નહોતી કોઈ દિ'. અરે..! બાપુ! હજી તો.. ભણેલી બહુ હતી બાઈ. વિધવા હતી પછી બહુ ઉતરી ગયું હતું.. આ અત્યારે સમજ્યા વિના લઈને બેઠા મોટા. બહુ હુશિયાર હતી. જોયેલીને ઈશ્વરચંદજી? તમે જોયેલી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ બસ. આહાહા..! એ કોઈ સાધુને, ત્યાગીને કોઈને પગે ન લાગે. કોઈ છે જ નહિ. ભારે આકરું!

અહીં કહે છે કે શ્રદ્ધામાં સમકિતી બધાને હેય માને છતાં છોડી શકતો નથી. માટે એને સમ્યગ્દર્શન નથી એમ નહિ. સમજાણું કાંઈ? **'શ્રદ્ધાન કિયા તબ મિથ્યાભાવ તો દૂર હુઆ,...'** એ પરદ્રવ્ય વિકલ્પથી માંડીને બધો સંસાર હેય છે અને આત્મા નિજસ્વરૂપ જ ઉપાદેય છે એમ શ્રદ્ધાન અંદર કર્યું **'તબ મિથ્યાભાવ તો દૂર હુઆ, પરંતુ જબ તક (ચારિત્રમેં પ્રબલ દોષ હે તબ તક) ચારિત્ર મોહકર્મકા ઉદય પ્રબલ હોતા હૈ...'** એ જયચંદ પંડિતનો અર્થ છે. અને આ કૌંસમાં નાખ્યો એ આપણો અહીંનો અર્થ છે. વ્યાખ્યાન વખતે કહ્યું હોય ને કે ભાઈ ચારિત્રદોષ પોતાનો છે. એ તો કર્મના નિમિત્તથી વાત કરી છે. એટલે કૌંસમાં નાખ્યું છે. જ્યાં સુધી પોતાની નબળાઈ છે, ચારિત્રનો દોષ છે, આર્તધ્યાન-રૌદ્રધ્યાન ધ્યાન થાય છે, સંકલ્પ-વિકલ્પ વર્તે છે, એ ચારિત્રનો દોષ છે. આહાહા..!

**'તબતક ચારિત્ર અંગીકાર કરનેકી સામર્થ્ય નહીં હોતી.'** ત્યાં સુધી સ્વરૂપની... ચારિત્ર એ કાંઈ વ્રત ને નિયમ ને બહાર એ કાંઈ ચારિત્ર છે? લ્યો લઈને બેઠા વ્રત આ કર્યું. ધૂળેય નથી. ચારિત્ર તો આત્માના અંતરમાં રમણતા જામી જવી, ચરવું, આનંદનું ચરવું, આનંદનું ભોજન કરવું. આહાહા..! પશુ જેમ ઘાસને ચરે, એમ ધર્મી જ્યારે અંતરના આનંદને ચરે, રમે આનંદમાં એને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? **'ચારિત્ર અંગીકાર કરનેકી સામર્થ્ય નહીં હોતી. જિતની સામર્થ્ય હૈ ઉતના તો કરે ઔર શેષ કા શ્રદ્ધાન કરે,...'** માર્ગ તો પ્રભુનો, આત્માના ધ્યાનમાં રહેવું એ જ મોક્ષનો માર્ગ છે. વિકલ્પ આદિ ભાવ એ મોક્ષનો માર્ગ નથી.

**'ઈસપ્રકાર શ્રદ્ધાન કરનેવાલેકો હી ભગવાનને સમ્યક્ત્વ કહા હૈ.'** જિનેન્દ્રદેવે કેવળી થયા પછી જિનેશ્વરે એને સમકિત કહ્યું છે. ભગવાને તો આ. લ્યો વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૩, સોમવાર તા. ૧૫-૧૦-૧૯૭૩**
**ગાથા- ૨૨, ૨૩, ૨૪ પ્રવચન - ૨૭**

અષ્ટપાહુડ. દર્શનપાહુડ અધિકાર. ૨૨મી ગાથા ચાલી. એમાં એમ કહ્યું કે આત્માની શક્તિ પ્રમાણે દર્શન સમ્યગ્દર્શન સહિત આચરણ યોગ્યતા પ્રમાણે કરે. અને એ શક્તિ ન હોય તો શ્રદ્ધા તો પાક્કી રાખે. એને ભગવાને સમકિત કહ્યું છે. ચારિત્રદોષ હોય, સમ્યગ્દર્શન ક્ષાયિક સમકિત હોવા છતાં ચારિત્રદોષ હોય. પણ એની શ્રદ્ધામાં એમ જોઈએ કે ચારિત્ર દોષ છે, મારામાં હજી પવિત્રતા પૂર્ણ નથી. એમ એને શ્રદ્ધામાં પાક્કું રાખવું જોઈએ. અને એનો અર્થ એ થયો, સમ્યગ્દર્શન હોવા છતાં ચારિત્રદોષ છે. ચારિત્રદોષ નથી? સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટે કાંઈ ચારિત્ર દોષ જ નથી, એમ નહિ.

મુમુક્ષુ :- પરદ્રવ્ય પર્યાય છે.

ઉત્તર :- પરદ્રવ્ય શું? પર્યાય પોતાની છે ને. આહાહા..! ચારિત્રદોષ એ કોનો? કાંઈ કર્મને લઈને છે? પોતાના અપરાધને લઈને છે.

મુમુક્ષુ :- ૭૫, ૭૬, ૭૭, ૭૮ એમાં પરદ્રવ્ય પર્યાય કીધું છે.

ઉત્તર :- એ તો બીજી વાત છે. એ કઈ અપેક્ષાએ વાત છે. ત્યાં તો વસ્તુ દ્રવ્ય સ્વભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની જ્યાં દૃષ્ટિ થઈ, એ દર્શનની અપેક્ષાએ સ્વભાવનું પરિણમન સ્વભાવ ... વિભાવરૂપ પરિણમન એનું નહિ એમ ગણ્યું છે. એય..! ૭૫-૭૬. એથી કરીને એમ માની લે કે રાગાદિ થાય છે એ પુદ્ગલના પરિણામ, મારે કાંઈ સંબંધ નથી. મૂઢ છે એ સમજતો જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચયે તો એમ જ છે.

ઉત્તર :- નિશ્ચયે કઈ રીતે? નિશ્ચયથી આ છે. પર્યાયમાં રાગ છે એ નિશ્ચયથી છે.

મુમુક્ષુ :- પર્યાય વ્યવહાર અને રાગ નિશ્ચય.

ઉત્તર :- એ નિશ્ચય... નિશ્ચય સ્વ તે નિશ્ચય એમ અહીંયાં. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય નિશ્ચય છે. નિમિત્ત પર તે વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય નક્કી છે એની અપેક્ષાએ. જ્યારે ત્રિકાળ દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરાવવા મુખ્ય તે નિશ્ચય છે અને પર્યાય આદિ તે ગૌણ કરીને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અભાવ કરીને નહિ. એ જ્યારે જ્ઞાનની, સમ્યગ્જ્ઞાન દ્વારા જ્યારે તપાસ કરે ત્યારે મારી પર્યાયમાં રાગાદિ છે.

મુમુક્ષુ :- પણ પર્યાય તો હું જ ને?

ઉત્તર :- પર્યાય છે કોની? જડની છે? પરમાં છે એ? પંડિતજી!

મુમુક્ષુ :- પર્યાય તો એમ કહે છે કે હું તો દ્રવ્ય છું.

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ? એ તો પર્યાયનું વલણ ત્રિકાળ ઉપર છે એ અપેક્ષાએ પર્યાય કહે છે કે હું દ્રવ્ય છું. પણ પાછું એની સાથે જ્ઞાન થયેલું એ જ્ઞાન એમ જાણે છે (કે) મારી પર્યાયમાં રાગ અને દ્વેષનું જેટલું પરિણમન છે એ મારું પોતાના સ્વરૂપમાં, હું એનો ધણી, હું એનો સ્વામી અને મારા અપરાધથી તે ભાવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ એકાંત તાણે એ ન ચાલે. અહીં વીતરાગ અનેકાંત માર્ગ છે. એવો માર્ગ છે. આહાહા..!

ચારિત્ર, સ્વરૂપમાં અસંયમપણું જેટલું ચારિત્ર દોષ છે એ દોષ જ છે. સમ્યગ્દૃષ્ટિને રુચિમાં સ્થિરતા કરવાનો ભાવ છે. તોપણ એ સ્થિરતા પુરુષાર્થની કમજોરીને લઈને થતો નથી. એથી એણે શ્રદ્ધામાં એમ ન રાખવું કે ભલે થતો નથી તોપણ વાંધો નથી. ચારિત્ર છે.

મુમુક્ષુ :- ચારિત્ર આવ્યા વગર રહેવાનું નથી.

ઉત્તર :- પણ રહેવાનું તો ભવિષ્યમાં ને. અત્યારે ક્યાં છે? આહાહા..! વાત તો જેમ હોય એમ હોવી જોઈએ ને. અત્યારે ચારિત્ર નથી. ચારિત્ર આવવાનું છે એ તો પછી આવે ત્યારેની વાત છે. ભાવનામાં તો એ રીતે ભાવે છે કે આ સ્વરૂપમાં રમણતા .. હું. પણ રમણ થયું નથી ત્યાં સુધી તો દોષ છે ને? આ વસ્તુ સ્થિતિ છે. એને સમ્યગ્દર્શન અને શ્રદ્ધામાં ગોટા ન વાળવા. એમ કહે છે. આ ગાથા ત્યાં પણ આવી છે. નિયમસાર. લખ્યું છે ને. ૧૫૪માં એ આવ્યું છે.

કે ભાઈ! નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય આલોચના એ તો આત્માના ધ્યાનમાં લીનતા એ પ્રતિક્રમણ છે. નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય ભક્તિ, નિશ્ચય સમાધિ, નિશ્ચય આવશ્યક એ બધા સ્વરૂપ ભગવાન... આ એક તો વિચાર .. આવ્યો છે વધારે. કે આત્માનું જે જીવત્વશક્તિ છે ને આત્મામાં? વસ્તુ જે છે એમાં જીવત્વ નામનો એક ગુણ છે. જે જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા, વીર્ય તો ભેગું આવી જાય જીવત્વમાં. એવા પ્રાણથી જેનું જીવન ધારી રાખ્યું છે. આહાહા..! એટલે? એવી જે શક્તિ છે. જીવની જીવન શક્તિ એનું ટકવું, જ્ઞાન, દર્શન અને આનંદ ને સત્તાથી છે. એવો જેને પર્યાયમાં સ્વીકાર થયો, વર્તમાન પર્યાયે સ્વીકાર કર્યો કે આ પ્રાણથી દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને આનંદથી જીવનું જીવન છે. એમ જેની પર્યાયમાં સ્વીકાર થયો એમાં એના જ્ઞાન, દર્શન, આનંદના અંશો બહાર આવ્યા એ એનું જીવન છે. એ એનું જીવન છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બરાબર છે. હા, એમ ચાલે? આ તો માર્ગ છે બાપા! અનંત કેવળી, અનંત તીર્થંકરો...

કહે છે, આહાહા..! જીવ એને કહીએ કે જેમાં જીવત્વ શક્તિ અનાદિ અનંત પડી છે, એવો અનાદિ અનંત જીવત્વશક્તિનો ધરનાર તે જીવ, એને જેને પર્યાયમાં દૃષ્ટિથી, જ્ઞાનથી જેને .. એની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદનો અંશ, સત્તાની નિર્મળતા એ એનું જીવન સમ્યગ્દૃષ્ટિનું છે. દશ

પ્રાણથી જીવવું એ જીવન ધર્મીનું નથી, તેમ દશ પ્રાણથી... ભાવપ્રાણ દસના જે છે. આ તો જડના. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, સાત આયુષ્ય એ તો જડ છે. એ તો અજીવનું જીવન છે. અંદર યોગ્યતા છે ભાવપ્રાણ જીવવાની, અજ્ઞાનરૂપી ભાવ પ્રાણ બાહ્ય. ઈન્દ્રિયથી યોગ્યતા ભાવની, મન, વચન, કાયની યોગ્યતા-એ પણ જીવન અજ્ઞાનીનું છે એ. આહાહા..! જ્ઞાનીનું જીવન તો જડના જીવનથી જુદું ભાવપ્રાણ, પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા શ્વાસોશ્વાસ એના જીવનથી જુદી જીવની શક્તિ છે. ચંદુભાઈ! આહાહા..! આવો માર્ગ છે પણ ભાઈ! આહાહા..!

એ જીવનશક્તિનો ધરનાર જીવ સ્વરૂપ ભગવાન, એના જીવનશક્તિને કારણરૂપ શક્તિને બનાવીને જેણે પર્યાયમાં સમ્યક્ જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ આદિ ભાવપ્રાણ પ્રગટ કર્યા ઓહોહો..! એ જીવનું જીવન છે. સમજાણું કાંઈ? અને જેણે પૂર્ણ પ્રગટ કર્યા એ તો કેવળીનું જીવન. સ્થિરતાથી વધારે જીવન પ્રગટ કર્યું એ ચારિત્રનું જીવન છે. આવી વાત છે. આહાહા..! પોતે.. પરની સાથે સંબંધ શું છે? પર તો આ બધું એને કારણે ઊભા અને એને કારણે પરિણમી રહ્યા છે. અને પર્યાયમાં દસ પ્રાણની યોગ્યતા જે છે એ યોગ્યતા એ પર્યાયબુદ્ધિમાં, અજ્ઞાનબુદ્ધિમાં એ માન્ય છે. આહાહા..!

અથવા જે સમ્યગ્જ્ઞાનમાં જીવતર શક્તિના ભાનમાં જે પ્રાણ પ્રગટ્યા એ એનું ખરું જીવન છે, એની સાથે યોગ્યતા એટલી રહી છે એ જ્ઞાન જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. એથી પાંચ ઈન્દ્રિયની યોગ્યતાથી રહેવું, મન, વચન અને પ્રાણ. દ્રવ્યાર્થિક છે એ છ છે અને પ્રાણ છે તે દશ છે. એના આયુષ્ય એ જુદું પ્રાણમાં આવે છે. બાકી એ આ આહાર, શ્વાસ, ઈન્દ્રિય, ભાષા, મન એ છ પર્યાપ્તિ આમાં દશમાં આવી જાય છે. શરીર, ઈન્દ્રિય આવી ગઈ, મન, વચન, કાયા છ પર્યાપ્તિ આવી ગઈ. એક આયુષ્ય ન આવે. પર્યાપ્તિમાં. છ પર્યાપ્તિમાં આખું રૂપ ઓલામાં થાય ત્યારે નવ આવે અને એક દશમું આયુષ્ય આવે. એવી જે પર્યાયમાં જે યોગ્યતા છે એ એક જાણવા જેવી રહે. સ્વરૂપની દૃષ્ટિ થતાં એટલે કે આત્મા જેવો છે તેવો તેને પ્રાપ્ત થતાં દૃષ્ટિમાં એનું જ્ઞાન, આનંદ આદિનું જીવન પ્રગટ્યું. એ તો એનું વાસ્તવિક જીવન છે. અને જે પાંચ ઈન્દ્રિય આદિ મન, વચનની યોગ્યતા અને એક... રહી ગઈ હજી એ એને જ્ઞાન જાણે છે કે આ છે. જાણવા જેવું છે. એ પણ મારામાં છે એમ જાણે હોં. પરને લઈને નહિ. આહાહા..! આવો માર્ગ! નિર્મળાનંદ પ્રભુ એ નિર્મળથી જીવે એમાં જીવન છે.

એના જીવનમાં જેટલી મલિનતા છે ત્યાં સુધી એટલું જ્ઞાન જાણે છે કે મારામાં છે. મારે કારણે છે. કોઈ પરને કારણે કે પંચમ કાળ છે માટે આ નબળાઈનો દોષ છે એમ નથી. દેવીલાલજી! વાત આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- દોષ દેખવો કે ન દેખવો?

ઉત્તર :- સ્વભાવ જોવો. પણ સ્વભાવ જોઈને દોષનું જ્ઞાન તો સાથે હોય છે ને. સ્વભાવને જાણનારું જ્ઞાન એક પડખાનું થયું, પણ બીજા પડખાનું જ્ઞાન વ્યવહારનું એને જાણે કે નહિ એકલો શુદ્ધ

જાણે એને તો મિથ્યાદૃષ્ટિ છે. એકલો શુદ્ધ જાણીને તદ્દન શુદ્ધ પર્યાય પ્રગટ થઈ ગઈ એ તો અલૌકિક છે. પણ શુદ્ધને જાણતા શુદ્ધપણું કેટલું પ્રગટ્યું છે એને મુખ્ય ગણીને એ શુદ્ધની પ્રાપ્તિ છે એમ કહેવામાં આવે છે. પણ એને જેટલી અશુદ્ધતા બાકી છે એ તો એને જ્ઞાનમાં બાકી જ રહ્યું છે.

મુમુક્ષુ :- મુખ્યતા કહ્યું એટલે ગૌણ આવી ગયું.

ઉત્તર :- મુખ્યતા કહેતા ગૌણ આવી જાય છે. એ આ જિનશક્તિ કહેવાનો આ આશય છે. તારું સામર્થ્ય હોય તો તો આચરણ દર્શનપૂર્વક, જ્ઞાનપૂર્વક આચરણ કરજે. જેટલી શક્તિ હોય એ પ્રમાણે કરજે. ન શક્તિ હોય તો ગોટા ન વાળીશ કે આ કાળે પણ આવું પણ ચારિત્ર હોય અને આવો પણ મોક્ષનો માર્ગ હોય. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો રમતું જુદી છે હોં! ઓલા પૈસામાં કાંઈ મહેનત પડી નથી હોં. એ તો ધૂળ ઓલા પૂર્વના પુણ્યે આવ્યા અને બળી ગયા એમ દેખાય છે. એમાં કાંઈ છે નહિ. ધૂળધાણી, વા પાણી

મુમુક્ષુ :- અમારે મોટો પુરુષાર્થ

ઉત્તર :- આ જ પુરુષાર્થ છે. ઓલો તો ધૂળમાં ક્યાં પુરુષાર્થ?

મુમુક્ષુ :- અમે કરીએ છીએ એ નાનો પુરુષાર્થ.

ઉત્તર :- એ તો માને છે કે મેં આ ડહાપણ કર્યું માટે આ પૈસા મળ્યા. ધૂળેય નથી ત્યાં. ..ભાઈ! કેમ ભાઈ! વાત તો આ છે, બાપુ! આ તો પરમસત્યની વાત છે. બહારના લક્ષ્મી આદિ ... પૂર્વના પુણ્ય બળી ગયા. લોન લાવ્યો છે એ બળી ગઈ. અને નવા રળવાના પાપની, નવી લોન પાપની બાંધી. ભગવાનજીભાઈ! આવું છે.

અહીંયાં તો આ પુરુષાર્થ છે. આહાહા..! અને વીર્યનું ગુણનું સ્વરૂપ પણ એમ ભગવાને વર્ણવ્યુંને? કે સ્વરૂપની રચના કરે એ વીર્ય. ૪૭ શક્તિમાં આવ્યું છે. આહાહા..! વાણી તો વીતરાગની ઓહોહો..! કુંદકુંદાચાર્ય, સાક્ષાત્ ભગવાનની વાણી એ પોતે જગત પાસે મૂકે છે. તને અંદરમાં બેસવું જોઈએ બાપુ આ તો. સમજાણું કાંઈ? પુરુષાર્થ એને કહીએ, પ્રભુ એમ કહે કુંદકુંદાચાર્ય કે જે પુરુષાર્થ આત્માનો, આત્માની શાંતિ, ગુણ આદિની પરિણમનની રચના કરે એ વીર્ય. પરની રચના કરે? મકાનની, પૈસા લાવવાની એ રચના કરી શકે વીર્ય? આહાહા..! અને રાગની રચના કરે એ વીર્ય નપુંસક વીર્ય છે. આહાહા..! પોતાનો પુરુષ એવો આત્મા, એના શક્તિઓની રચનામાં વીર્ય ન રોકાય અને રાગમાં રોકાય એ વીર્ય એનું નહિ. આહાહા..! કહો, ચંદુભાઈ! આવી વાત છે. આહાહા..!

આ તો ..એમ આવ્યું ને એટલે જે વસ્તુની સ્થિતિ છે એ રીતે શ્રદ્ધા કરજે. પાળી શકાય નહિ માટે ગોટા વાળજે કે ના, ના, સમકિતીને તો ભોગ એ નિર્જરાનું કારણ કહ્યું છે. એમ કહીશ નહિ. મરી જઈશ તો. કઈ અપેક્ષાએ કહ્યું હતું? એ તો દૃષ્ટિના જોરમાં એનો આદર નથી એથી એને અલ્પ રસ અને સ્થિતિ બંધાય એવો ભાવ હોય છે, પણ એને ન ગણતા નિર્જરા કીધી છે. પણ તું એમ માની લે કે વાંધો નહિ,

અમારે ભોગનો ભાવ હોય કે યોગનો ભાવ હોય. એમ નહિ. સમજાણું કાંઈ? એમ ભગવાને કીધું જુઓને '**सद्दहमाणस्स सम्मत्तं केवलिजिणेहिं भणियं**' તીર્થંકરદેવ પરમાત્મા જિનસ્વરૂપે બિરાજે એ તો કેવળી થઈને આ કહ્યું છે. એ પહેલાં આ કહ્યું નહોતું એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું જ્ઞાન અને એની વાસ્તવિકતા શું છે એ પહેલી પ્રગટ તો લક્ષમાં તો લે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૨૨ ગાથા થઈ.

૨૩. '**અબ કહતે હૈં કિ જો ઐસે દર્શન-જ્ઞાન-ચારિત્ર મેં સ્થિત હૈં વે વંદન કરને યોગ્ય હૈં :-**' મુનિ ચારિત્રદશાની પ્રધાનતાનું વર્ણન છે ને આ? ચારિત્રસહિતનું તેને જૈનદર્શન કીધું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ ચારિત્ર અને અઠ્યાવીશ મૂળગુણ મુનિને યોગ્ય જે વ્યવહાર વિકલ્પ, છે બંધનું કારણ, પણ એવો વ્યવહાર હોયા વિના રહેતો નથી. અને નગ્ન મુદ્રા. એ ત્રણ થઈને એને જૈનદર્શનનું રૂપ કહ્યું છે. આહાહા..! એની શ્રદ્ધા કરવી કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? એ જૈનદર્શન છે. આહાહા..! જૈનદર્શનનો આત્મા, જૈનદર્શનનો મોક્ષમાર્ગ, જૈનદર્શનનો વ્યવહાર માર્ગ, જૈનદર્શનની નિમિત્તપણાની મુદ્રા. આહાહા..! એવાની શ્રદ્ધા કરજે. શ્રદ્ધામાં ક્યાંય ગોટા ન વાળીશ. કહે ના, ના, અત્યારે આ કાળે તો કાંઈક પુરુષાર્થ મંદ છે માટે વસ્ત્રસહિત પણ મુનિપણું ચાલી શકે, અપવાદ માર્ગ એ મુનિપણાનો. એ અપવાદ નહિ. અપવાદ તો પંચ મહાવ્રતના પરિણામ અને ગુરુનો વિનય, શાસ્ત્ર વાંચનનો વિકલ્પ એ અપવાદ માર્ગ છે. એ વિકલ્પ ઉઠ્યો એ અપવાદ માર્ગ છે. માર્ગ તો આવો છે બાપા! આહાહા..! સમજાણું કાંઈ? એય..! સુંદરજી! શું આવ્યું આ? જૈનદર્શન આને કહ્યું. આ તમારો ભાઈ માને એ જૈનદર્શન નહિ એમ કહે છે. એ તો છે બિચારો નરમ માણસ. જામનગરના દેરાવાસીના અગ્રેસર છે એનો કાકાનો ભાઈ. હિંમતભાઈ. નરમ માણસ છે. પણ .. આ છે ભાઈ! માર્ગ આ છે.

જૈન પરમેશ્વરનો અનાદિનો ધોખ માર્ગ .. અપવાદ માર્ગમાં, ઓલા વિકલ્પ છે એ અપવાદ માર્ગમાં જાય છે. આહાહા..! મને અંદર ધોખ માર્ગ તો પરમાત્મા પોતે છે ચિદાનંદ એના ઘોલનમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રની જે દશા થાય તે ભગવાનનો જૈનદર્શનનો ઉત્કૃષ્ટ માર્ગ, ઉત્સર્ગ માર્ગ છે. ઉત્સર્ગ માર્ગ છે. સાથે વ્યવહાર હોય એ અપવાદ માર્ગ છે. આહાહા..! અને નગ્નપણું હોય એ તો એની વસ્તુની મર્યાદા છે. કે મુનિ હોય ને વસ્ત્ર રહે અને પાત્ર રહે એ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! આવો વીતરાગ માર્ગ કહે છે કે શ્રદ્ધામાં ગોટા વાળીશ નહિ હોં! આહાહા..!

કહ્યું ને ઓલા પ્રશ્ન થયો હતો કે ઉદ્દેશિક આહારનો જરી ખુલાસો થાય તો શું? મેં શું કહ્યું ઉદ્દેશિકનું? આ ગૃહસ્થો બનાવે છે માટે એ ઉદ્દેશિક નહિ એમ થાય? આ સાધુ માટે ગૃહસ્થ બનાવે છે માટે એ ઉદ્દેશિક નહિ એમ થાય એની વ્યાખ્યા? ભગવાનના વિરહ છે અત્યારે. પરમેશ્વરનો વિરહ છે અત્યારે એટલે કેવળીના માર્ગને આમ આમ લથડપથડ નાખે? એ માર્ગ નથી, બાપા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને. દોષ છે. સદાય દોષ છે. શેની મર્યાદા? ... જયપુરમાં મનોહરલાલજી. મેં કીધું, બાપુ! માર્ગ તો આ છે. મેં તો શાંતિથી કહ્યું કે ગૃહસ્થો બનાવે માટે તે ઉદ્દેશિક નથી અને લેનારને ઉદ્દેશિક દોષ ન લાગે એ વસ્તુ ન થાય. પરમાત્માના વિરહ પડ્યા છે. એના માર્ગને ક્યાંય પણ ખોડખાંપણ આવે એ માર્ગ ન હોય. આહાહા..! પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ શું? એક દિ' પણ એને માટે કરેલું લે એ બધું ... છે. એમ કે ચોમાસામાં એને માટે લે તો વાંધો નહિ. ... અરે..! માર્ગ બાપા! જુદી જાત છે ભાઈ! એમાં ક્યાંય પણ ખોડખાંપણ આવી શકે નહિ. એ અહીં કહે છે. શ્રદ્ધામાં ક્યાંય ગોટા વાળીશ નહિ.

મુમુક્ષુ :- માયાચારી નથી.

ઉત્તર :- માયાચાર નહિ, કોઈ બચાવ ન ચાલે. આ તો કેવળી પરમાત્માનો માર્ગ છે. એ તું પંચમ આરામાં જન્મ્યો અને વીતરાગના વિરહ પડ્યા માટે માર્ગ કેવળીનો નથી આ. એમ નથી. સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવનો આ માર્ગ છે. અહીં તો એ કહ્યું ને? કે તીર્થંકરે જેવી દીક્ષા લીધી ત્યારે જે રૂપ ધારણ કર્યું એ માર્ગને જિનદર્શન કહે છે. જિનેન્દ્રદેવ જેને સો ઇન્દ્રો પૂજે. આહાહા..! જેના જન્મ પહેલાં ઇન્દ્રો આવીને સેવા કરે માની, દેવીઓ સેવા કરે. આહાહા..! એવા ભગવાન ત્રણ જ્ઞાનના ધણી એણે જ્યારે દીક્ષા લીધી એટલે જિનરૂપી છે. જેવું માતાએ જન્મ્યું એવું રૂપ એનું અંતરમાં ત્રણ જ્ઞાન અને આનંદસહિત, ચારિત્રસહિત એની દશા આ થઈ ગઈ. એને જૈનમાર્ગ, એ વીતરાગનો માર્ગ, એ જિનનું રૂપ, એ તીર્થંકરનું રૂપ, એ જૈનદર્શનનું રૂપ. સમજાણું કાંઈ? દુનિયામાં ન બેસે અને કોઈ વિરોધ પણ કરે, તિરસ્કાર કરે એથી કાંઈ સત્ય ફરી જાય?

કહ્યું હતું ને નિયમસારમાં પાછળ? દુનિયા સુંદર માર્ગની નિંદા કરે, પણ સત્યની અભક્તિ ન કરીશ ભાઈ! આહાહા..! અરે..! આવું સત્ય છે ને આ દુનિયા આટલી આટલી નિંદા કરે અને આદર નહિ. એમ જ હોય. સમજાણું કાંઈ?

હવે કહે છે કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમેં સ્થિત હૈં વે વંદન કરને યોગ્ય હૈં :—** ' ગુરુ વંદન ચારિત્રની અપેક્ષા છે ને અત્યારે? ૨૩ ગાથા.

**दंसणणाणचरित्ते तवविणये णिच्चकालसुपसत्था।**
**ए दे दु वंदणीया जे गुणवादी गुणधराणं।।२३।।**

'**અર્થ :- દર્શન-જ્ઞાન-ચારિત્ર,...**' એને આત્મદર્શન, આત્મા પ્રભુ પરમાત્માના ભેટા થયા સમ્યગ્દર્શનમાં. જીવતી જ્યોત ચૈતન્ય જાગૃત સ્વરૂપ ભગવાન પરમાત્મા પોતે. આહાહા..! જેને દર્શનમાં આવા આત્માનો ભેટો થયો એવું સમ્યગ્દર્શન. એવા ભગવાનનું, એવા પરમાત્મસ્વરૂપનું એનું જ્ઞાન. અને એમાં રમણતા, ચારિત્રની લીનતા. ઓહો..! અને તપ એટલે મુનિપણું. અઠ્યાવીશ મૂળગુણ

વગેરે. '**तथा विनय...**' એ નાખ્યું એમણે. વિનય શબ્દ છે ને? વિનય કેમ નાખ્યો? કે પંચ મહાવ્રતધારી મુનિ સંત દિંગબર આદિ એનો એને વિનય હોય છે. ભલે નાના સાધુને વિનય ન કરે, પણ એના હૃદયમાં પાંચ પરમેષ્ઠી પ્રત્યે વિનય હોય છે સાચા સંતને. અને એ મૂળમાર્ગથી ભ્રષ્ટ થયા, નીકળ્યા એ સાચા સંતનો વિનય ન કર્યો અને મત્સરભાવથી દ્વેષ કર્યો. સમજાણું કાંઈ? આહાહા..!

એ તપ. પાઠ છે ને જુઓને. '**तवविणये**' મૂળ પાઠમાં છે. '**दंसणणाणचरित्ते तवविणये णिच्चकालसुपसत्था।**' 'ભલે પ્રકાર...' '**सुपसत्था**' '**स्थित हैं...**' આહાહા..! એ આત્માના સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, વિનયમાં, તપમાં, ઈચ્છા નિરોધમાં સ્થિત છે. આહાહા..! '**णिच्चकालसुपसत्था**' પાછું એમ નહિ (કે) કોઈવાર... આ આવ્યું તમારું જુઓ! ચોમાસામાં આમ કરવું, આઠ મહિના આમ કરવું. અહીં તો કાયમ '**सुपसत्था**' કાયમની ધારા આવી હોય કહે છે. સમજાય છે કાંઈ? અમારે સંપ્રદાયમાં એમ ચાલતું. ઝાઝા ઘર હોયને એટલા સાધુ ત્યાં ફરે અને મળી રહે એને. અને .. ગામડામાં હોય ત્યાં એને માટે કર્યું હોય તો એ લઈ લે. અને મોટા ગામ ઝાઝા ઘર હોય ૨૦૦-૩૦૦ ત્યાં જરી ચાળા કરે. અમારે બધું કડક હતું ને અમારું બધું કડક હતું. ગામડામાં હોય કે શહેરમાં. પછી બીજા સાધુ કોપી કરે. એમ કે આ લોકો એમને માટે કરેલું-બનાવેલું લેતા નથી. તો આપણે મોટા શહેરમાં ન ખાવું. ગામડામાં તો છ ઘર, પાંચ ઘર હોય તો... સમજાણું? આહાહા..!

મુમુક્ષુ :- ગોટા વાળે.

ઉત્તર :- ગોટા વાળે એમ ન ચાલે. અમારી ક્રિયા બહુ કડક હતી એ વખતે. અમારા ગુરુ હતા સંપ્રદાયના બહુ કડક, બહુ કડક. એને માટે પાણીનો બિંદુ બનાવ્યો હોય. ખ્યાલ આવ્યો કે અમે ગામમાં આવ્યા પછી આણે પાણી બનાવ્યું છે. ન લે. પૂછે. કેમ માટે બનાવ્યું બહેન? ન્હાયા હતા એનું? ન્હાયામાં વધેલું તો પકડાઈ જાય. હીરાજી મહારાજ બહુ સખત હતા. એને બિચારાને જે માનેલી હતી વાત. વસ્તુ તો આ ક્યાં હતી ત્યાં. નહિ. નહિ. બહેન અમે .. ન લઈએ. આહાહા..! ઓલા બિચારા રાડ નાખે. અરેરે..! હીરાજી મહારાજ બે-ચાર વર્ષે આવે ગામડામાં અને આહાર ન હોય તો રોવે બિચારા. બહેન અમે તો આહાર લેવા આવ્યા હતા, બા! અમે તો નિર્દોષ લે તો લઈએ. અમારે માટે કર્યો હોય એ કેમ લઈએ? નવનીતભાઈ! સંપ્રદાયમાં બહુ શાંત હતા. પણ બિચારાને આ વસ્તુની તો ખબર નહિ. માનેલું હતું કે આ ચારિત્ર અને આ આચરણ ક્રિયા એમ પાળવી. ન લે. પાણી વિના રોળવે આખો દિવસ. કાઠીમાંથી છાશ લઈ આવે. છાશ સમજ્યા? મઠ્ઠા. બસ રોટલો ને છાશ. એમ રોળવે. અમે પણ રોળવ્યું છે કેટલીવાર. પાણી ન મળે આખો દિ'. ઉનાળામાં હોં! રોટલો ને દાળ ને છાશ. એ વખતે એ માન્યું હતું એમ કરતા હતા. આહાહા..! .. રાખે છે. સાધન એવું .. હતું. પાંચેય વાત કરી જોયું! દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય અને તે નિત્યકાળ. કાયમ. કોઈ વખતે આમ અને કોઈ વખતે આમ, એમ માર્ગ નથી, ભાઈ! અરર..!

**'ભલે પ્રકાર સ્વસ્થ હૈં...'** લ્યો! એ ઓલું કર્યું. ટીકા કરી માટે. લીન છે સ્વરૂપમાં. આનંદ-આનંદ પ્રભુ ભગવાન એ આનંદમાં લીન છે મુનિરાજ. એને અહીંયાં જૈનદર્શનમાં ગણીને એને વંદનીક કહેવામાં આવ્યો છે. આહાહા..! કહો, ગીરધરભાઈ! આ તો માર્ગ . . પાછળ નીકળ્યો. સગવડપંથી. વીતરાગમાર્ગમાં ન ચાલે. આહાહા..! **'ભલે પ્રકાર સ્વસ્થ હૈં, લીન હૈં...'** .. હોય. ટીકામાં જરી લોલુપતા કીધું છે. લોલુપ ... **'ઔર ગણધર આચાર્ય ભી ઉનકે ગુણાનુવાદ કરતે હૈં... '** ગણધર પણ એના ગુણાનુવાદ કરે. ધન્યમુનિ! ધન્ય તારા અવતાર ભાઈ!

આને હવે બીજો અર્થ કર્યો એ. એ ગુણવાદી. ગણધરોના પણ ગુણ ગાય છે. એમ લીધું છે. મુનિ ગણધરોના ગુણ ગાય છે એમ. અહીં ગણધરો એને મુનિ તરીકે ગણે છે. ટીકામાં એમ લીધું. ગુણવાદી ગુણના ધરનારા એવા ગણધરો, આવા મુનિના ગુણ ગાય છે. અહીં એમ કહે છે કે એવા ગુણના ધરનારા ગણધરો એને વખાણે છે અને ઓલાના ગુણ ગાય છે એમ કહે છે. ગણધરોના પણ ગુણ ગાય છે.

**'ઉનકે ગુણાનુવાદ કરતે હૈં અતઃ વે વંદને યોગ્ય હૈં.'** મુનિ તરીકે ચારિત્ર સહિતના જે પૂજ્ય ગુરુ તે તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રના ગુરુ જ આ છે.

ઉત્તર :- હા.

**'વંદને યોગ્ય હૈં. દૂસરે જો દર્શનાદિકસે ભ્રષ્ટ હૈં...'** જોયું છે ને? એ દેવ વંદનીય છે. એનો અર્થ કર્યો ને? અને આ વંદનીક અને એ સિવાયના જૈનદર્શનથી ભ્રષ્ટ થઈને પંથ કાઢ્યો, જૈનને નામે એ વંદનિક નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શ્વેતાંબર આચાર્યો મોટા ગમે તે હો, પણ કહે છે કે મૂળસંઘથી ભ્રષ્ટ થયા એ વંદનિક નથી. આહાહા..! આવો માર્ગ આકરો પડે. સમજાણું કાંઈ? **'एदे दु वंदणीया'** એમ કીધું ને? એ વંદનિક છે. એનો અર્થ કે આ સિવાય વંદનીક નથી. એમ છે અંદર. આહાહા..!

**'ગુણવાનોંસે મત્સરભાવ રખકર વિનયરૂપ નહીં પ્રવર્તતે...'** જોયું! એ વખતે તો મુનિઓ હતાને દિગંબર સાચા સંત અને એ વખતે પંથ પણ નિકળી ગયેલો આ. શ્વેતાંબર. સાચા સંતને દેખીને ઓલા મત્સર કરે અને અભિમાન કરે. આ તમારે નાગા છે ને આમ છે ને તેમ છે. .. **'ગુણવાનોંસે મત્સરભાવ રખકર વિનયરૂપ નહીં પ્રવર્તતે,...'** દેખો! **'વે વંદને યોગ્ય નહીં હૈં.'** એ માર્ગથી ભગવાનના માર્ગમાં વંદન લાયક નથી. આહાહા..! આકરું માર્ગનું સ્વરૂપ. એમાં ઓલો કહે છે કે અપવાદ છે. એય..! ચેતનજી! ચેતનજીએ પૂછ્યું કે આ .. અપવાદ છે વસ્ત્ર-પાત્ર લે. અરેરે..!

મુમુક્ષુ :- પ્રવચનસારમાં છે.

ઉત્તર :- પ્રવચનસારમાં આ કીધું હશે? અરર..!

એ પ્રવચનસારમાં તો ગુરુનો વિનય કરવો તે કરવારૂપ ગ્રહણ છે. વાણી કહેવી અને સાંભળવી એ

પણ ઉપકરણ કહે છે. આ ઉપકરણ ગણ્યા છે. આહાહા..! અપવાદિક માર્ગ રાગમાં જોડાય છે ને ત્યારે પરનો વિનય ને સાંભળવું થાય છે ને? માટે એને વ્યવહાર ઉપકરણ કહ્યું. બાકી તો ખરા પ્રભુ તો આત્મા પૂર્ણાનંદનો નાથ એના સમીપમાં જઈને રમણતા કરે એ એનું ખરું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની નિર્મળ પરિણતિમાં આત્માને સમીપ રાખે કાયમ. સનેહુ અપ્પા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિમાં જેનું ધ્યેય આત્મા છે એટલે આત્મા જ એને સમીપ વર્તે છે. આહાહા..! એવો જે માર્ગ એ વંદનીક છે અને એનાથી ભ્રષ્ટ થયા એ વંદનીક નથી એમ કહે છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી મુનિ બધું આવે છે?

ઉત્તર :- દ્રવ્યલિંગી મુનિ ખોટા. એ આવશે હમણાં. ભાવ વિના દ્રવ્યલિંગી વંદનીક નહિ. એ હવે આવશે. છેક છેલ્લી ગાથા. ૨૬-૨૬. આહાહા..!

કુંદકુંદાચાર્યે તો ઓહોહો..! માર્ગને જેવો છે એવો બહાર પાડીને જગત ઉપર મહાકરુણા કરી છે. આહાહા..! આમાં ક્યાંય ફેરફાર, ઓછું, અધિક, વિપરીત કાંઈ ચાલે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અરેરે..! ચોર્યાસીના અવતારમાં રખડતો, એને પાછું ક્યાં જાવું છે એની ખબર પડે નહિ.

મુમુક્ષુ :- મોટા ફેર પડી ગયા.

ઉત્તર :- ઘણા ફેર પડી ગયા. એ આવ્યા હતા ને સાધુ ત્રણ. દર્શનવિજય, જ્ઞાનવિજય... એ કહે આ સમયસાર ગુરુની વાણી છે અને અમારી વાણી ભગવાનની વાણી છે. એમ કહ્યું. ૯૯ની વાત છે. અહીંયાં બેઠા હતા. ગુરુની વાણી છે. મેં કીધું ગુરુની... એમ. તમે કોણ? શું નામ તમારું? દર્શનવિજય. આત્મા ભવિ છે કે અભવિ છે? એ તો ભગવાન જાણે. હવે ભવિ-અભવિની ખબર ન મળે, એ ભગવાનની વાણીની પરીક્ષા કરવી નીકળ્યા ... કહીએ ... દર્શનવિજય, જ્ઞાન અને ચારિત્ર ત્રણ હતા. એ કાંઈક... પરણી ગયા? એમ તો માણસ ડાહ્યો હોં. એણે જેણે વાત આટલી કરી, એ ભવિ-અભવિનો નિર્ણય થયો છે? કીધું ભગવાનને ખબર. અભવિ શું એનો નિર્ણય નથી, એ ભગવાનની વાણીનો નિર્ણય શી રીતે કરશે? જેને ભવનો અભાવ કોઈ દિ' થવાનો નથી. એ કહે, હા, હા જણાય છે. જણાય છે. એ ગયું. અંદર હતું એ આવી ગયું પહેલું. આહાહા..! અને ત્યાં ૯૯ માં ભેગા થયા હતા ત્યાં રસ્તામાં કાંપમાં. પછી પુણ્યવિજય હતો ને પુણ્ય નહિ કેવો? પૂનમવિજય. પૂનમવિજય. પૂનમચંદ. હા એ હતોને એણે કીધું આપણે ભેગા થઈને વિરોધ કરીએ એમનો. ત્યાં પૂનમચંદજી આવ્યો હતો, આ પણ આવ્યો. અરે..! રહેવા દ્યો એની સામું. ત્યાં પકડ્યો હતો. વાદ રહેવા દ્યો એની સાથે. આપણે તો શાંતિથી... આપણે કાંઈ કોઈ ઓલી નહિ, બાપુ! એને અભવિ છે કે ભવિ એવો હજી નિર્ણય આવ્યો નથી. એ વીતરાગની વાણીની પરીક્ષા (કરે) કે આ ગુરુની વાણી અને આ કેવળીની વાણી છે? બાપુ! એમ ન ચાલે. આ તો વીતરાગ માર્ગ છે. સમજાણું કાંઈ? ગુરુની વાણી કેવળીની વાણી છે અને કેવળીની વાણી ઠરાવી છે એ કેવળીની વાણી નથી. આહાહા..! એ તો મિથ્યાદષ્ટિની વાણી છે.

આહાહા..!

જેની વાણીમાં વસ્ત્રનો તલમાત્ર રાખીને મુનિ માને, મનાવે તો વિરોધ જાય. એ વાણી ક્યાં અને જે વાણીમાં મુનિને દશ-દશ કપડા ખપે, ચાદરું ખપે, પછેડી ખપે. અરે..! આ માર્ગ તે કોણે કર્યો આ? આહાહા..! બાપુ! એ વાણી વીતરાગની નહિ, સમકિતીની નહિ. ભગવતી સૂત્રને માન આપે. ભગવતી સૂત્ર. બહુ, ઓલો કહેતો, ભગવતી સૂત્ર બહારમાં બહુ પૂજ્ય છે. આહાહા..! બાપુ! માર્ગ ન ચાલે એમ. એ જેમ હશે એમ રહેશે. તું કર એમ થાશે, એમ નહિ થાય. આહાહા..!

કહે છે, આવા પુરુષો એ વંદનીક છે, બીજા ભ્રષ્ટ થયેલા વંદનયોગ્ય નથી. મોટા આચાર્ય નામ ધરાવતા હોય અને ધર્મધુરંધર જૈનશાસન પ્રભાવક એવા બિરૂદ હોય, પણ એ વીતરાગમાર્ગથી વિરૂદ્ધ ભ્રષ્ટ છે. એ વંદન કરવાલાયક નથી. આહાહા..! ચારિત્રની ગુરુની અપેક્ષાની વાત થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- શિષ્ટાચાર...

ઉત્તર :- શિષ્ટાચાર બિલકુલ નહિ. શિષ્ટાચાર શું છે ત્યાં? દિકરીનો સાસરો છે કે શિષ્ટાચાર કરવો? રાજા હોય તોપણ એ કહેવાય, મુસલમાન હોય તોપણ એ કહેવાય. સમકિતી જાય તો અન્નદાતા! બહારની અપેક્ષાની વાત છે ને. મુસલમાન રાજા પાસે. એ લૌકિક લાઈન છે. એ ધર્મની લાઈન નથી.

મુમુક્ષુ :- જાત જાતની વાણી...

ઉત્તર :- હા, મુસલમાન રાજા હોય અને સમકિતી હોય તોપણ જાય તો એને અન્નદાતા એમ કહેવું પડે.

મુમુક્ષુ :- ... ધર્મબુદ્ધિએ વંદન ન કરે તો?

ઉત્તર :- તો વળી કઈ બુદ્ધિએ વંદન કરે? કરે શેનો પણ? એ કાંઈ સગો થાય છે? માનો બાપ છે એ? ધર્મબુદ્ધિએ ન કરે. આહાહા..! એવો માર્ગ છે. એ પછી છઠ્ઠા અધ્યાયમાં લીધું છે કે એક કોર ગુરુ બેઠા હોય કુંદકુંદાચાર્ય જેવા અને એકકોર એના વિરૂદ્ધ શ્રદ્ધાવાળા બેઠા હોય એનો વિનય કરે તો આનો અવિનય થઈ ગયો. છઠ્ઠેમાં છે ગુરુની... કાઢ્યું હતું ને તે દિ'.

મુમુક્ષુ :- પ્રતિપક્ષ.

ઉત્તર :- હા પ્રતિપક્ષ છે. આહાહા..! ધર્મમાર્ગ જુદો સંસારમાર્ગથી. મુસલમાન બાદશાહ હોય, માંસ ખાતો હોય. પણ છતાં સમ્યગ્દૃષ્ટિ પણ એને સલામ કરે, પગે લાગે. એ તો લૌકિક લાઈન છે. એ ચારિત્રદોષ છે. અને અધર્મી આવાને પગે લાગવું તે મિથ્યાત્વનો દોષ છે. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- ધર્મબુદ્ધિનો રાગ નથી?

ઉત્તર :- ધર્મબુદ્ધિ ત્યારે કઈ બુદ્ધિ હતી? ત્યાં સગો છે તમારી બાનો બાપ છે એ?

મુમુક્ષુ :- સમાજમાં રહેતો હોય એ...

ઉત્તર :- એ સમાજ નથી. ધર્મનો સમાજ હોય એ એનો સમાજ કહેવાય. એ તો બધા પાપના

સમાજ છે. શેઠિયાનું શું કરવું એમ કહે છે. મૂંઝાણા છે. એય..! જયંતિભાઈ! આહાહા..! માર્ગ તો આવો છે પ્રભુ હોં! .. ચાલે વિના નહિ. આહાહા..! લજ્જા, ગારવ આવે છે નથી આવતું? લજ્જાથી નહિ, ગારવથી નહિ, કર્મથી નહિ એમ હોય છે. આહાહા..! ધર્મબુદ્ધિ ત્યાં હોય નહિ. બીજી બુદ્ધિ ત્યાં ક્યાં છે? સંસાર ત્યાં ક્યાં છે? મા-બાપ હોય એ મિથ્યાદષ્ટિ, પોતે હોય સમકિતી તોપણ એનો વિનય કરે. લૌકિક અપેક્ષાથી. આહાહા..! છોકરો હોય સમકિતી, મા-બાપ હોય મિથ્યાદષ્ટિ અને તે ઊંધી શ્રદ્ધા આદિને માનનારા હોય લ્યો. આહાહા..! છતાં એને લૌકિકમાં...

મુમુક્ષુ :- બહારનું બધું સગવડ સાચવીને ધર્મ થાય ને?

ઉત્તર :- સગવડ શેની? ધર્મની સગવડ કે બહારની સગવડ? શેની સગવડ? ધર્મની સગવડમાં બહારની સગવડતા કામ આવે જ નહિ જરીએ. આહાહા..! સમાજને એકકોર મૂકી દેવો જોઈએ. એવી વાત છે ભાઈ અહીંયાં તો. એય..! પોપટભાઈ! આહાહા..!

'**આગે કહતે હૈં કિ-જો યથાજાતરૂપકો દેખકર મત્સરભાવસે વંદના નહીં કરતે હૈં વે મિથ્યાદષ્ટિ હી હૈં :—**' આમાં અધિકારમાં આ જ લીધું છે વધારે. આહાહા..!

**सहजुप्पण्णं रूवं दट्ठं जो मण्णए ण मच्छरिओ।**
**सो संजमपडिवण्णो मिच्छाइट्ठी हवइ एसो।।२४।।**

'**અર્થ :- જો સહજોત્પન્ન યથાજાતરૂપકો દેખકર નહીં માનતે હૈં,...**' એકલું યથાજાત નહિ હોં પાછું. એ ૨૬માં આવશે. '**જો આચાર્ય યથાજાતરૂપકો દર્શન કહતે આયે હૈં વહ કેવલ નગ્નરૂપ હી યથાજાતરૂપ હોગા,...**' એ નહિ. એ ૨૬માં છે ભાવાર્થમાં. ભાવાર્થમાં. સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા! ધર્મનો નિશ્ચય અને ધર્મનો વ્યવહાર જગતથી કોઈ જુદી જાત છે આ. કોઈ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ, પ્રેમ. ભગવાન આત્મા છે. સમજાય છે? એની શ્રદ્ધા વિરૂદ્ધ હોય તો પણ વંદન ન કરે માટે દ્વેષ કરવો એમ નહિ. આહાહા..! આત્મદષ્ટિએ આત્મબંધુ સાધર્મી છે. પર્યાયબુદ્ધિમાં જે ફેરફાર છે એને માટે વિરોધ ન કરે. આહાહા..! આવો માર્ગ! શ્રીમદ્ે ન કહ્યું? 'કરૂણા ઊપજે જોઈ. જ્ઞાનમાર્ગની શુદ્ધતા.' શું આવ્યું? 'બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ, જ્ઞાન માર્ગ નિષેધતા તે ક્રિયા ...' એ નહિ. 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ. માને માર્ગ મોક્ષનો કરૂણા ઊપજે કોઈ.' અરેરે..! દુઃખી. વિપરીત માન્યતાથી તો એ દુઃખમાં છે અને એ દુઃખમાં રહેવાના. એનો અનાદર કેમ થાય? સમજાણું કાંઈ? એની દષ્ટિ વિપરીત છે એ વર્તમાન દુઃખી છે અને પાછા વિપરીત ફળમાં નરક અને નિગોદમાં જાશે બાપુ! એ મરતાને મારવા એ કામ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે. આહાહા..! 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણ સેવા.' વીતરાગની આજ્ઞા એ રીતે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનો માર્ગ છે. એ રીતે હોવું જોઈએ. આહાહા..!

'**સહજોત્પન્ન યથાજાતરૂપ કો દેખકર...**' પોતે નગ્નમુનિ અને અભ્યંતર આનંદ અને જ્ઞાન-

દર્શન-ચારિત્રના સહિત એવી જે યથાજાત, અંતર યથાજાત અને બાહ્ય યથાજાત. અંતર યથાજાત એટલે? જેવો વીતરાગી સ્વભાવ છે એવો પ્રગટ થઈ ગયો છે. જેવો ભગવાન આત્માનો વીતરાગ સ્વભાવ છે, એવી પર્યાયમાં વીતરાગ સ્વભાવ એ યથાજાત છે. આહાહા..! અને બાહ્યમાં યથાજાત નગ્નદશા છે. '**सहजुप्पण्णं रूवं**' '**सहजुप्पण्णं रूवं**' સ્વભાવથી સહજ ઉત્પન્ન થયેલું છે. આહાહા..! અને શરીરની પણ સહજ અવસ્થા માતા જન્મે એવી દશા છે.

એવા '**સહજોત્પન્ન યથાજાત...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપથી ઉત્પન્ન થયેલી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ સહજ ઉત્પન્ન યથાજાત વીતરાગમાર્ગ છે અને બાહ્યમાં સહજ ઉત્પન્ન નગ્નદશા છે. અરેરે..! '**ઉસકા વિનય સત્કાર પ્રીતિ નહીં કરતે હૈં...**' પાઠ તો એ છે '**दट्ठं जो मण्णए ण मच्छरिओ।**' મત્સરભાવથી તેનો વિનય ન કરે અને અભિમાન કરે. પોતાની પદવી આચાર્ય, ઉપાધ્યાય મોટી દેખીને આવા સંત નગ્ન સાચા મુનિ ધર્માત્મા અંતર આનંદસહિતના, ભાનસહિતના. એને મત્સર કરે. અમે પણ છીએ. .. છીએ સાધુ. અમે નથી? વસ્ત્ર રાખ્યું એટલે શું? મૂર્છા.. મૂર્છા પરિગ્રહો .. મૂર્છાને પરિગ્રહ કીધો છે, વસ્ત્રને પરિગ્રહ ક્યાં કીધો છે ભગવાને? એ હમણાં આવ્યું હતું. ભાઈનું છે ને. આહાહા..! મારીને જગતને... જે પક્ષમાં ઊભો હોય એ પક્ષનું ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ન કહ્યું કુંદકુંદાચાર્યે? કે હિંસા બહારમાં થાય, ન થાય, પણ શરીર રાખીને મૂર્છા ન હોય. કરણાનુયોગમાં.

મુમુક્ષુ :- જીવ મરતા બંધ થાય...

ઉત્તર :- હા. વસ્તુસ્થિતિ વર્ણવી છે. ચાલતા પ્રાણી મરી જાય એથી કરીને એને પોતાનો પ્રમાદભાવ નથી. પણ કોઈ કહે કે અમે ટૂકડો વસ્ત્રનો રાખીએ અને એમાં અમને મૂર્છા નથી. તો નહિ ચાલે એ. .. મારા! પરિગ્રહ રાખીને પછી કહે મૂર્છા નથી, કાયાથી કરણ, કરાવન, અનુમોદન નવ નવ કોટીએ છૂટવું જોઈએ પરિગ્રહ. કાયાથી કરવું, કરાવું, અનુમોદન ક્યાંથી થયું તારું? આહાહા..! એવો માર્ગ છે. દર્શનપાહુડ. એમાં સમકિતની નિર્મળતાનું વર્ણન પાછું ચાલ્યું આ. સમજાણું કાંઈ?

'**ઉસકા વિનય સત્કાર પ્રીતિ...**' ઓહો..! ભાવલિંગી સંત અને દ્રવ્યલિંગી બાહ્ય. એ બે થઈને આખું રૂપ દેખીને જે કોઈ વિનય ન કરે, મત્સરભાવ રાખે, ગૌરવ કરે પોતાના અભિમાન અને પદવીની અંદરમાં. એનો સત્કાર ન કરે, વિનય ન કરે, પ્રીતિ ન કરે... '**ઔર મત્સર ભાવ કરતે હૈં વે સંયમ પ્રતિપન્ન હૈં,...**' ભલે બાહ્યથી કદાચ સાધુ દેખાય. '**દીક્ષા ગ્રહણ કી હૈ ફિર ભી પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિ હૈં.**' આહાહા..! બાયડી, છોકરા છોડી, રાજ છોડીને સાધુ થયો હોય વસ્ત્રસહિત. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! કહો, આમાં ધીરૂભાઈ! ઓલા કહે કે તમે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રતની ક્રિયા એને ધર્મ નથી કહેતા તો મોટી ગલતી થાય છે. આહાહા..!

હવે અહીં તો આ બધું મોટું કહે છે કે મોટી ગલતી તારી છે. એ તો સમજ પહેલો. આહાહા..! અરે..! ભગવાન! શું થાય? અરે..! કોઈ સાથે ચાલશે નહિ હોં. આ બહારના સંઘોમાને અને મોટા માને. ઓહો..! અમને લાખોને અમને ધર્મમાં રાખ્યા. કોઈ સાથે આવે એવું નથી. આહાહા..! એકલા પાપ બાંધ્યા અને એકલા પાપના ફળ ભોગવશે. ત્યાં કોઈ સામું જોવે એવું નથી. આહાહા..! નરકની વેદના, એક અગ્નિનો તણખો. અરે..! ત્યાં તો એવું લીધું છે કે નારકીના શરીરના એક કટકો અહીં બહાર આવે તો એની ગંધથી-દુર્ગંધથી અમુક માણસ મરી જાય એની દુર્ગંધથી. આહાહા..! એવું તો એનું શરીર દુર્ગંધવાળું છે. નારકીનું શરીર, એટલું શરીર દુર્ગંધવાળું છે. આહાહા..! જેનો કટકો લાવે અહીંયા તો માણસ દેખીને દુર્ગંધમાં સહન ન કરી શકે, મરી જાય. આહાહા..! એ શું કહે છે એ? જેણે મહામિથ્યાત્વભાવ સેવ્યા છે અને જેણે મહા આરંભ ને પરિગ્રહની ભાવના આમાં સેવાણી છે. આહાહા..! જેની પર્યાય તો .. અવળી થઈ ગઈ, પણ જેના શરીર દુર્ગંધ. આહાહા..! આમ સાબુએ ચોપડે છે નવરાવીને. કહે છે કે એનો નારકીનો એક કટકો બહાર આવતા એની દુર્ગંધથી માણસ મરી જાય. બાપુ! એવી દુર્ગંધમાં અનંતવાર શરીર ધારણ કર્યા છે. આહાહા..! એ મિથ્યાત્વને લઈને છે એ. સમજાણું કાંઈ? ઓહોહો..!

અને જેનો દેખાવ રાખીને જો કે અહીં લાવે નારકીને લાવવું હોય તો, દેખીને માણસ મરી જાય ભડકીને. એવું રૂપ બધું નારકીનું હોં. આ શ્રાવકરત્નકરંડાચારમાં. એવું રૂપ પણ એનું. આમ દેખે ત્યાં આહાહા..! આમ કરીને મરી જાય માણસ ભડકીને. એવું તો રૂપ શરીરનું. આ બાપા! તું ત્યાં અનંતવાર ગયો ભાઈ! અને જે હજી મિથ્યાત્વ નહિ ટાળે તો એને પણ મિથ્યાત્વના ફળમાં અનંતભવ છે. આહાહા..! આ જેને સંસ્કાર નાખ્યા છે અંદરના સત્‌ના. આહાહા..! એને તો હવે ભવભ્રમણ નથી. આગળ વધી ગયો છે. ભલે સમ્યગ્દર્શન ન હોય. સમજાય છે? પણ જેણે આ સંસ્કાર નાખ્યા છે અંદરમાં. આહાહા..! એ જીવો આગળ નહિ ભવે. નહિ ભવે એટલે નહિ ભવમાં થાય. એકાદ-બે ભવ હોય, કોઈને બે-ચાર-પાંચ. સમજાણું કાંઈ? આહાહા..!

**'મત્સર ભાવ કરતે હૈં વે સંયમપ્રતિપન્ન હૈં, દીક્ષા ગ્રહણ કી હૈ ફિર ભી પ્રત્યક્ષ મિથ્યાદષ્ટિ હૈં.' 'યથાજાતરૂપકો દેખકર મત્સરભાવસે ઉસકા વિનય નહીં કરતે હૈં તો જ્ઞાત હોતા હૈં કિ-ઇનકે ઇસ રૂપકી શ્રદ્ધા-રુચિ નહીં હૈ ઐસી શ્રદ્ધા-રુચિ વિના તો મિથ્યાદષ્ટિ હી હોતે હૈં.'** લ્યો! આહાહા..! **'યહાં સે ઐસા હૈ કિ-જો શ્વેતાંબરાદિક હુએ...'** લ્યો લખ્યું છે. શ્વેતાંબરમાં આ દેરાવાસી અને સ્થાનકવાસી બેય એમાં આવ્યા.

મુમુક્ષુ :- બેય હતા?

ઉત્તર :- એ વખતે ક્યાં હતા? એ વખતે તો શ્વેતાંબર એકલા હતા. આ હતા ત્યારે હતા કે નહિ? ટોડરમલે કર્યા ત્યારે હતા. એણે નાખ્યા છે. નથી?

**'વે દિગંબર રૂપકે પ્રતિ મત્સરભાવ રખતે હૈં ઔર ઉસકા વિનય નહિ કરતે હૈં ઉનકા**

**निषेध है.**' આહાહા..! સાચા સંત મુનિ એ વખતે હતા. દિગંબરો ભાવલિંગી અને આ ખોટાઓ બહાર હતા. મુનિને આમ દેખીને નગ્ન મુનિને ઓલો મત્સર ભાવ કરતા. અમે હુશિયાર છીએ, અમે રાજાઓને સમજાવીએ છીએ, મોટી મોટી સભાઓ ભરાય છે. આ હવે નાગા જંગલમાં પડ્યા છે. એ નાગા છે એ બાદશાહથી આઘા છે. અને મોક્ષમાં જવાના છે. અને તમે નરક અને નિગોદમાં જવાના છો. કીધું ને એ વસ્ત્ર રાખીને નિગોદમાં જાશે. આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૫, મંગળવાર તા. ૧૬-૧૦-૧૯૭૩**
**ગાથા- ૨૫, ૨૬, ૨૭, ૨૮ પ્રવચન - ૨૮**

૨૪ ચાલી ને? એ ૨૪મીને વિશેષ દઢ કરે છે.

अमराण वंदियाणं रूवं दट्टूण सीलसहियाणं।
जे गारवं करंति य सम्मत्तविवज्जिया होंति।।२५।।

આચાર્ય મહારાજ એમ કહે છે કે જેનો બાહ્ય દિગંબર વેશ છે અને અંદરમાં '**सीलसहियाणं**'. વીતરાગભાવના સ્વભાવથી પરિણમિત છે. એવા મુનિને દેખીને જે વંદન કરતા નથી, એનો આદર કરતા નથી એ અભિમાની સમ્યક્ દૃષ્ટિ રહિત છે. છે? '**देवों से वंदने योग्य...**' દેવોથી વંદનેયોગ્ય. મુનિપણું એટલે.. આહાહા..! દેવો જેને વંદન કરે છે. '**शील सहित...**' અંતરના આનંદના સ્વભાવની શુદ્ધ પરિણતિરૂપી શીલસહિત જેનો આત્મા છે. બ્રહ્માનંદ સ્વરૂપ ભગવાન આત્મા એના આનંદની ઉગ્રતાના શીલ સ્વભાવસહિત જેનો આત્મા છે. અને '**यथाजातरूपको देखकर...**' એવા '**जिनेश्वरदेवके यथाजातरूपको देखकर...**' અંતરમાં પણ યથાજાતરૂપ ભાવ વીતરાગી મૂર્તિ. આહાહા..! મોક્ષનો માર્ગ. અને બાહ્યમાં પણ મુદ્રા જિણંદ. પોતે જ્યારે દીક્ષિત થયા એવો જેનો નગ્નપણાનો દેખાવ.

'**जो गौरव करते हैं,...**' એવા મુનિને દેખીને ગૌરવ કે અભિમાન કરે છે, '**विनयादिक नहीं करते हैं...**' વિનય બહુમાન કરતા નથી '**वे सम्यक्त्वसे रहित हैं.**' આવી વાત છે. કહો, ચંદુભાઈ! આ તો પક્ષપોષણ થયું છે. એ એમ કહે છે. વસ્તુની સ્થિતિ આવી છે. સમજાય છે કાંઈ? જેનો આત્મા બ્રહ્માનંદ સ્વરૂપ. ઓહો..! જેણે અંતર્મુખ થઈને આનંદની પર્યાયમાં ઉગ્રતા જેણે પ્રગટ કરી છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત જેને આનંદની દશા, સુખની દશા, સુખરૂપ અનાકુળ જેની પરિણતિ વીતરાગદશા છે અને જે બાહ્યમાં નગ્ન છે. એવું જ જૈનદર્શનનું સ્વરૂપ મુનિપણાનું અને એ જૈનદર્શન. આહાહા..!

એને દેખીને કોઈ આદર ન કરે. અમે પણ સાધુ છીએ, ભલે અમે વસ્ત્ર-પાત્ર (સહિત છીએ). એમ અભિમાન કરીને ન કરે તો એ સમકિતરહિત છે એમ કહે છે.

મુમુક્ષુ :- ... કરે તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્તર :- વંદના એને કરે નહિ એમ કહે. પણ કહે છે કે યથાજાતને વંદન ન કરે તો એ મિથ્યાદૃષ્ટિ છે એમ. વંદન કરે તો એ જુદી વાત છે. આ તો વંદન ન કરે એ વાત લેવી છે. એનો આદર કરતો નથી અને પોતાના અભિમાનમાં રહે છે એમ. એમ અહીં બતાવવું છે. એ વખતે .. ચાલતું હતું ને. .. થયા હતા. શ્વેતાંબર નીકળ્યા .. થયા હતા. એ વખતે એ બધા ભણેલા હોય ને ઘણાં. કારણ કે તાજા નીકળેલાં, બહુ શાસ્ત્રનું જાણપણું હોય, મોટી વાતું કરતા હોય. એ કહે છે. એવાઓ આમ તો સમકિતરહિત છે જ, એમ. પણ આવો આદર ન કરે એનું સમકિત રહિતપણું બહારનું પ્રસિદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો!

.. ઓલામાં નહિ? આહાહા..! ઓલો જગતપ્રસાદ છે ને કોઈ નહિ? એને એમ કહે .. ગાથા આવી છે. .. લખ્યું છે. વાંચ્યું છે તમે? .. છે. એ છે. વાંચ્યું છે. જગતપ્રસાદ છે ને કોઈ? છે કુંદકુંદાચાર્યનો ઓલો. આ અંગ્રેજી અનુવાદ કર્યું છે. એમાં આ ગાથા આવી તો આ .. વાંચ્યું છે ખરું બધું. આ તો અષ્ટપાહુડને બધાએ માન્ય રાખ્યું છે અને શ્રીમદ્ પોતે માન્ય રાખ્યું છે અષ્ટપાહુડને પ્રમાણિકપણે. અને ચાલતી આ પ્રવૃત્તિમાં કોઈ ગાથા ફેરફારવાળી છે એવું આમાં કાંઈ નથી. પણ લોકોને પક્ષની .. લાગે કે આ તો દિગંબર પક્ષ છે. અને સ્ત્રીને મુક્તિ નહિ, વસ્ત્રસહિત મુક્તિ નહિ એ બધું પક્ષવાળું કુંદકુંદાચાર્ય કેમ કહે? એમ કહે. પણ જેવું હોય એવું લખે. એવો સ્વભાવ વસ્તુસ્થિતિ એવી છે ત્યાં શું થાય? કહે છે કે વિનય આદિ બહુમાન આદિ નથી કરતા, એ સમ્યક્ત્વથી રહિત છે.

'**જિસ યથાજાતરૂપકો દેખકર...**' મહા દિગંબર દશા જેની બહારની, અંતરમાં જેની દિગંબરદશા. જેને વિકલ્પની લાગણીથી છૂટા થઈને અંતરની વીતરાગી પરિણતિમાં આનંદમાં રમે છે એને રાગની લાગણીનું .. નથી. બહારના વસ્ત્રનો ધાગો નથી. આહાહા..! જેટલી દશા નિર્મળ થઈ એમાં. બીજો અઠ્યાવીશ મૂળગુણ આદિનો વિકલ્પ ભલે હોય. એવાને દેખીને ગારવથી-અભિમાનથી અમે પણ જાણનારા છીએ, અમારો પણ એક માર્ગ છે. એમ માનીને વંદન ન કરે તો એ સમકિતરહિત પ્રસિદ્ધિ થાય છે. એમ તો છે. પણ એની સમકિતરહિતની પ્રસિદ્ધિ બહાર આવે છે. આહાહા..!

'**જિસ યથાજાતરૂપકો દેખકર અણિમાદિક ઋદ્ધિયોંકે ધારક...** ' દેવ મોટા અણિમાદિક સૂક્ષ્મ રૂપ કરવું હોય તો કરે. મેરુ પર્વત જેવું કરવું હોય તો કરે. એવા ઋદ્ધિના ધારકો '**દેવ ભી ચરણોંમેં ગિરતે હૈં...**' પણ આવા હોં. ભાવલિંગી અંતર આનંદની દશા જેને .. છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો દરિયો. આહાહા..! એટલે અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહાહા..! ૪૭ શક્તિમાં લીધું છે ને જુઓને .. બધું. જીવતર શક્તિ. તોપણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ લીધા. એ અનંત ચતુષ્ટય જે

ભર્યા છે એનું વર્ણન છે. આત્મામાં. પછી એક ... શક્તિમાં એ જ આખું વર્ણન છે. ચિતિ શક્તિ. દશિ શક્તિ, જ્ઞાન, સુખ, વીર્ય બધા એ જ અનંત જ્ઞાન, અનંત દર્શન, સુખથી ભરેલું તત્ત્વ છે એમ ત્યાં બતાવવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

જીવતર શક્તિમાં એમ લીધું કે દર્શન, જ્ઞાન, આનંદ, વીર્ય .. પછી કહે ચિતિ શક્તિ લીધી એમાં પણ જ્ઞાન અને દર્શન આવ્યું. પછી દર્શન અને જ્ઞાન જુદા પાડ્યા એમાં દર્શન-જ્ઞાન આવ્યું. પછી સુખ અને વીર્ય પાડ્યા. કેમકે ઓલા બે હતા એમાં સુખ અને વીર્ય નાખ્યું. એ પણ અનંત ચતુષ્ટયમાં બતાવનારું બધું અનંતવીર્ય ને સુખ. પછી પ્રભુત્વ અને વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ એ પણ અંદરનું બતાવનારું છે. સર્વગુણો પરિપૂર્ણ છે, વ્યાપક છે અને પ્રભુત્વ છે, સર્વદર્શી છે, સર્વજ્ઞ છે, સ્વચ્છત્વ છે અને પ્રકાશશક્તિ છે એ બધા અનંત ચતુષ્ટયની પ્રતીતિ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ... અનંત અનંત બેહદ જ્ઞાન, દર્શન અને અસંકુચિતવિકાસ. એવી એની શક્તિ છે. આહાહા..! તેર શક્તિ લીધી એમાં જાણે આખું, એનો સ્વભાવ ભગવાન આત્મા પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ દર્શન, પરિપૂર્ણ સુખ, પરિપૂર્ણ શાંતિ, સ્વચ્છતા, નિર્મળતા, પૃથક્ થવાની શક્તિ. ઓહોહો..! એવો જે આત્મા જેની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે અને એ ઉપરાંત જેની રમણતા, આનંદમાં લીનતા જામી ગઈ છે. આહાહા..! મુનિરાજની બાહ્ય દશા નગ્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં શું કહેવું?

એમ અહીંયાં કુંદકુંદાચાર્યના હૃદયમાં એ છે કે આવી વસ્તુને સાધનારા અને નગ્ન દિગંબર એને આદરે નહિ અને અભિમાનીઓ અમે પણ જાણપણાવાળા છીએ અને લાખો માણસને સમજાવી છીએ એમ કરીને માણસ ભેગા કરે, એથી શું? વસ્તુના સત્યને શરણે જાતો નથી અને આગળ નથી વધતા, એ મત્સર અભિમાની છે. '**મત્સરભાવસે નમસ્કાર નહીં કરતે હૈં ઉનકે સમ્યક્ત્વ કૈસા? વે સમ્યક્ત્વસે રહિત હી હૈં.**' આવો માર્ગ છે. એ ૨૫ થઈ.

'**આગે કહતે હૈં કિ અસંયમી વંદને યોગ્ય નહીં હૈ :—**'

**अस्संजदं ण वन्दे वत्थविहीणोवि तोण वंदिज्ज।**
**दोण्णि वि होंति समाणा एगो वि ण संजदो होदि।।२६।।**

'**અર્થ :- અસંયમીકો નમસ્કાર નહીં કરના ચાહિયે.**' અસંયમ છે ત્યાં સાધુને યોગ્ય નમસ્કાર છે એ ત્યાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અને '**ભાવસંયમ નહીં હો ઔર બાહ્યમેં વસ્ત્ર રહિત હો...**' લ્યો! નગ્ન હોય, પણ અંદરમાં ભાવ આનંદ, રાગના કણનો કર્તા નહિ એવી જેને અંતરમાં જ્ઞાતા, દૃષ્ટા અને શાંતિ પ્રગટી નથી, એવા ભલે બાહ્યમાં નગ્ન હો, એ પણ '**વંદને યોગ્ય નહીં હૈ...**' બેય વંદને યોગ્ય નહીં. મુનિપણાની યોગ્યતાથી જે એની ભક્તિ અને વંદન છે એ અસંયતિને ન હોય અને ભાવલિંગ વિના એકલા ભેખધારીને પણ હોય નહિ. આહાહા..! ભારે! સમજાણું કાંઈ?

આ માર્ગની રીત છે હોં. કોઈ કહે કે કેમ આવું લીધું? કુંદકુંદાચાર્ય જેવા અધ્યાત્મી પુરુષો જે ગૌતમ પછી ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, વસ્તુની સ્થિતિ જ એવી છે ભાઈ!

આત્મા વિકલ્પ રાગના અંશ વિનાનો પ્રભુ છે. એવો આત્મા ભગવાને જે કહ્યો એવા આત્માના આનંદની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાવાળો જીવ અને બાહ્યમાં નગ્ન, એને લીધે આવો કોઈ વસ્ત્ર રાખીને પંડિતાઈથી ગારવમાં ઊભા આદર ન કરે એ તો અજ્ઞાની કહ્યા અને આ બે અસંયમ-સંયમદશા નથી ભાવ અને એકલો અસંયમી છે તે સંયમી મુનિને જો એ વંદન લાયક છે એવી વંદના એને હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આમ તો આવ્યું ને 'લેશ ન સંયમ.'

મુમુક્ષુ :- લેશ ન સંયમ, પૈ સુરનાજ જજે હૈં.

ઉત્તર :- સુરનાથ જજે હૈ. છ ઢાળામાં આવ્યું. આ વંદન ન કરવા લાયક એ સ્થિતિએ જજે નહિ. બેનો મેળ. ત્યાં કહ્યું સમ્યગ્દૃષ્ટિને જજે. ... જજે છે. અહીં કહે છે કે અસંયમને વંદન નહિ. એ આ.

મુમુક્ષુ :- મુનિને લાયક નથી.

ઉત્તર :- બસ એ. આશય કરવાનો આ છે ભાઈ! સમજાણું કાંઈ?

આ તો પદ્મનંદી આદિમાં તો એમ પણ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્માત્મા શ્રાવક છે, એ પણ વંદનને લાયક છે એમ કહ્યું. પાઠ છે. વંદન એટલે ગુણગાન કરવા લાયક આદિ એને યોગ્ય આદર કરવાલાયક છે.

મુમુક્ષુ :- વિનયને લાયક.

ઉત્તર :- બસ એને લાયક. સમજાણું કાંઈ?

'**બાહ્યમેં વસ્ત્ર રહિત હો વહ ભી વંદને યોગ્ય નહીં હૈ ક્યોંકિ યહ દોનોં હી સંયમ રહિત સમાન હૈં,...**' કેમકે સંયમ ચારિત્ર એ મુખ્ય પૂજનીય છે. કેમકે ચરિતં ખલ્લુ ધમ્મો. ચારિત્ર એ વીતરાગીદશા એ ચારિત્ર. આ લોકો અત્યારે તો બહારના વ્રત ને એને ચારિત્ર માને માળા. આહાહા..! શું થાય બાપુ! અંદર મિથ્યાત્વ અને અસ્થિરતાથી રહિત જેને સમ્યક્ અને સ્થિરતાની દશા પ્રગટી છે.

'**ભાવાર્થ :- જિસને ગૃહસ્થકા ભેષ ધારણ કિયા હૈ વહ તો અસંયમી હૈ હી,...**' સીધો. '**પરંતુ જિસને બાહ્યમેં નગ્નરૂપ ધારણ કિયા હૈ ઔર અંતરંગમેં ભાવસંયમ નહીં હૈ...**' આહાહા..! '**તો વહ ભી અસંયમી હી હૈ,...**' ઓલું તો વળી એવું લખ્યું છે. કે આપણે દિગંબર, જૈન પ્રતિમા ... જેમાં લઈ જાય એ તો બીજાની થઈ ગઈ એ વંદનિક કેમ હોય? એમ નહિ. એવું આવે છે. એનામાં. ઉપાસકમાં. સાધુ હોય.. જિન પ્રતિમા એ બીજામાં ભળી જાય, બીજે જાય એ આદરવા લાયક નહિ રહે. એવું આવે છે. એણે એ નાખ્યું છે. કે આવી જિન પ્રતિમા ... છે ને? હા એ. પહેલા .. પ્રતિમા લઈ જશે ભગવાનની તો એ તો અન્યમતિની થઈ ગઈ. ત્યાં ક્યાં ભગવાનનું .. માટે એ બધું અત્યારે દેશકરણમાં આ બધું થયું. શું કહેવાય? રાષ્ટ્રીયકરણ. એમાં આ .. છે. એ બહુ લખ્યું.

અહીં કહે છે '**બાહ્ય મેં નગ્નરૂપ ધારણ કિયા હૈ ઔર અંતરંગમેં ભાવસંયમ નહીં હૈ તો વહ ભી અસંયમી હી હૈ, ઈસલિયે યહ દોનોં હી અસંયમી હૈં, અતઃ દોનોં હી વંદને યોગ્ય નહીં હૈં. યહાં આશય ઐસા હૈ અર્થાત્ ઐસા નહીં જાનના ચાહિયે કિ-જો આચાર્ય યથાજાતરૂપકો દર્શન કહતે આયે હૈં...**' જોયું! નગ્નપણાને જ દર્શન કહેતા આવે છે એમ ન સમજવું. એ ૧૪મી ગાથામાં તો બધું સ્પષ્ટ કર્યું છે. '**યથાજાતરૂપકો દર્શન કહતે આયે હૈં વહ કેવલ નગ્નરૂપ હી યથાજાતરૂપ હોગા, ક્યોંકિ આચાર્ય તો બાહ્ય-અભ્યંતર સબ પરિગ્રહસે રહિત હો...** ' એ ૧૪મી ગાથામાં આવી ગયું છે. બાહ્ય-અભ્યંતર ત્યાગરૂપ. ૧૪મી નહિ? '**दुविहं पि गंथचायं**' બેય પ્રકારનો ગ્રહણ-ત્યાગ. બાહ્ય અને અભ્યંતર બેય. એને જૈનદર્શન કહે છે. આહાહા..! ૧૪મી ગાથામાં. એનું જ્ઞાન શુદ્ધ છે અને ઊભા ઊભા આહાર લે છે અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા અંદર પ્રગટ થઈ છે એને જૈનદર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આકરી વાતું પડે માણસને વાડામાં. સંપ્રદાયની વિરૂદ્ધ વાત આવે એટલે સંપ કરો.. સંપ કરો.. બાપુ! સંપની વ્યાખ્યા શું? આમ જેટલો મેળ છે એટલા સંપથી કામ લે. પણ જે અભિપ્રાયમાં ફેર છે એ કાંઈ મેળ ખાય એવું છે? સમન્વય કરો. કોઈ એમ કહેતું હતું. સમન્વય કરવો જોઈએ. ...

'**અભ્યંતર ભાવસંયમ વિના બાહ્ય નગ્ન હોનેસે તો કુછ સંયમી હોતા નહીં હૈ ઐસા જાનના.**' હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. અંતર આત્મા આનંદનો સાગર પ્રભુ એના સન્મુખની પરિણતિ થઈ નથી. એને સંયમને .. કહેવાય. જે આખું સમ્યગ્દર્શનનું મૂળસ્વરૂપ જે પરમાત્મા પોતે આનંદનો નાથ. આહાહા..! સુખસ્વભાવથી ભરેલો અનંત જ્ઞાન, અનંત જેને જ્ઞાન અનંત છે તે સ્વભાવ છે ને. સ્વભાવ છે એને હદ કેવી? એવું જેનું અંતર જ્ઞાન અનંત, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ સ્વચતુષ્ટયથી ભરેલો પદાર્થ એની સન્મુખથી થઈને જે નિર્વિકલ્પ દૃષ્ટિ થાય એને તો હજી સમ્યગ્દર્શન કહે છે. એ ઉપરાંત સ્વરૂપમાં એટલી લીનતા, સમ્યગ્દર્શન કરતાં ચારિત્રતો મહામોંઘું છે. એમ નથી કે સમ્યગ્દર્શનની કિંમત ઘણી અને ચારિત્રની ઓછી. આહાહા..! ચારિત્ર એટલે...

ઓલા છ ઢાળામાં તો એમ લીધું કે એકેન્દ્રિયમાંથી ત્રસપણું પામવું એ ચિંતામણી રત્ન મળ્યા જેવું છે. આહાહા..! અને એમાં પણ પંચેન્દ્રિય આદિ એ મળવું અને મનુષ્યપણું મળવું એ તો ચોકમાં રત્ન ખોવાઈ ગયા હોય અને લેવા જાય એવું છે. હજારો, લાખો માણસ તો ચાલતા હોય અને રત્ન ખોવાણા, પડ્યા હોય. મારા રત્ન ક્યાંક ખોવાણા, લાવ લઈ આવું. ક્યાંથી મળે બાપુ? સમુદ્ર નહિ, ચોકમાં. અમદાવાદનો ઝવેરીચોક, માણેકચોક. જ્યાં હજારો માણસો આખો દિ' ચાલતા હોય. હવે ત્યાં રત્ન મારા પડી ગયા. પણ ત્યાં હોય નહિ રત્ન, મળે નહિ. આહાહા..! એવો આવો મનુષ્યનો દેહ એ રત્ન ચોકમાં મળ્યા જેવું છે. એવો મોંઘો છે પણ માણસને કિંમત ક્યાં? એ મોંઘો ધર્મને માટે છે હોં.

મુમુક્ષુ :- મોજ-શોખ માણવા માટે નહિ?

ઉત્તર :- ના, મોજ-શોખ ને ભોગ ને વિષય ને એને માટે મોંઘો એ તો હવે .. કર્યા જ કરે છે અનાદિથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

પૂર્ણ સ્વરૂપે ભરેલો ભગવાન એના સન્મુખની ઉપદેશ દશા અને મુખ્ય પ્રાપ્તિની શરૂઆત તો મનુષ્યભવમાં હોય છે. સંયમ તો મનુષ્યભવમાં જ હોય છે, પણ એ સમ્યગ્દર્શનની મૂળ શરૂઆતની પ્રાપ્તિ કે એનો ઉપદેશાદિ મળવો એ તો પહેલું મનુષ્યભવમાં જ છે. બીજે ભલે થાય છે પણ એ બધું અહીંથી સાંભળેલું હોય અને એવાઓને ત્યાં થાય છે. આહાહા..! એને એમ ને એમ થાય છે. પણ મુખ્યતા આ વાત છે. આવું મનુષ્યપણું તો ચોકે... આહાહા..! રત્ન ખોવાઈ ને લેવા જાય એવી વાત છે, એવી મળી ગઈ છે. એમાં વીતરાગની વાણી મળવી, જૈન સનાતન વીતરાગ .. તત્ત્વ સાંભળવા મળવું એ તો મહાદુર્લભ છે. અને સાંભળ્યા પછી અંદરમાં પરિણમન દૃષ્ટિનું કરવું એ તો મહાદુર્લભ છે. એનાથી ચારિત્રનું પરિણમન કરવું એ તો એનાથી મહા દુર્લભ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે '**અભ્યંતર ભાવસંયમ વિના બાહ્ય નગ્ન હોને સે તો કુછ સંયમી હોતા નહીં હૈ-ઐસા જાનના. યહાં કોઈ પૂછે — બાહ્ય ભેષ શુદ્ધ હો, આચાર નિર્દોષ પાલન કરનેવાલેકો અભ્યંતર ભાવમેં કપટ હો ઉસકા નિશ્ચય કૈસે હો,...**' પ્રશ્ન છે. ભેખ નગ્ન હોય, આચાર નિર્દોષ હોય આ શાસ્ત્ર પ્રમાણે. પણ શાસ્ત્ર પ્રમાણે હોયને. '**અભ્યંતર ભાવમેં કપટ હો...**' .. વિના દૃષ્ટિ મિથ્યાત્વ હોય અને મુનિપણું મનાવતા હોય એમ કહે છે. આહાહા..! '**ઉસકા નિશ્ચય કૈસે હો, તથા સૂક્ષ્મભાવ કેવલીગમ્ય હૈં, મિથ્યાત્વ હો ઉસકા નિશ્ચય કૈસે હો, નિશ્ચય વિના વંદનેકી ક્યા રીતિ?**' એ પ્રશ્ન છે. આહાહા..!

'**ઉસકા સમાધાન — ઐસે કપટકા જબ તક નિશ્ચય નહીં હો તબ તક આચાર શુદ્ધ દેખકર વંદના કરે...**' એ વ્યવહાર છે. અંતર દૃષ્ટિ નથી સાચી કે કપટ છે એવો જો ખ્યાલ આવી જાય તો તો પછી વંદના ન કરે. સમજાય છે? પણ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી આચાર શુદ્ધ દેખકર વંદના કરે. વ્યવહાર આચાર બરાબર નિર્દોષ આગમ પ્રમાણે આહાર, પાણી લેવાનું વગેરે વગેરે. પ્રરૂપણા પણ આગમ પ્રમાણે વ્યવહાર બરાબર હોય. સમજાય છે?

મુમુક્ષુ :- નિર્ણય થાય પછી ...

ઉત્તર :- એ બીજી વાત કીધી છે. એ તો બહુ સારા હોય છે બાહ્યમાં અને અંદરમાં કોઈ ફેર લાગે તો બાહ્યમાં જ્યાં સુધી જુદા પાડ્યા નથી તો એને ખુલ્લા ન પાડવા ત્યાં સુધી. સંઘમાંથી જુદા પડ્યા નથી. એમ.

મુમુક્ષુ :- ... નથી.

ઉત્તર :- નથી. અંદરમાં એ ખ્યાલમાં આવી ગયો છે પણ એ બહુ સૂક્ષ્મ રીતે. બાહ્યમાં તો બધું સ્પષ્ટ છે ચોખ્ખું બધું. અંતરમાં સૂક્ષ્મનો આંતરો ખ્યાલમાં આવી ગયો છે. છતાં બાહ્યમાં એનો અનાદર

કરે તો સંઘમાં એકરૂપ થાય. વ્યવહાર.. એ માટે કહ્યું છે. કહ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભેદનો પત્તો જ્યાં અંદરમાં ફેર હોય એમ કોઈ પ્રરૂપણાથી, કોઈ ચેષ્ટાથી કોઈ આગળ આવી ગયો તો એને બાહ્યમાં એનો અનાદર કરે તો તો સંઘમાં વિરોધ આવી જાય. જ્યાં સુધી એના આચાર્યોએ એને જુદો પાડ્યો નથી ત્યાં સુધી એને .. વિરોધ થાય. એવું આવે છે. આવે છે.

**'ઔર કપટકા કિસી કારણ સે નિશ્ચય હો જાય તબ વંદના નહીં કરે,...'** એ એમ કહે છે. ખ્યાલ આવે એ નહિ, આ તો કપટ, માયાચાર કરતો હોય. શ્રાવક, સાધુપણું નથી અને બહાર સાધુપણું મનાવવા પ્રયત્ન કરતો હોય. સમજાણું કાંઈ? પાંચમા આરાના એવા હોય, ચોથા આરા જેવા અત્યારે ન હોય. ફલાણું હોય, ઢીંકણું ન હોય. એ બધી આકરી વાતું છે બધી. સાધુ એક આવ્યા હતા કે નહિ. અત્યારે ચોથા આરા જેવા સાધુ ક્યાંથી લાવે? પાંચમા આરા જેવા સાધુ નહિ બરાબર આદર કરો તો પછી બધું નહિ રહે સારું.

**'કેવલીગમ્ય મિથ્યાત્વકી વ્યવહારમેં ચર્ચા નહીં હૈ,... '** જુઓ! **'છદ્મસ્થ કે જ્ઞાનગમ્યકી ચર્ચા હૈ.'** જ્ઞાનમાં ખ્યાલમાં આવે એ જાતની વાતનો અહીંયાં વિવેક કરવાની વાત છે. સૂક્ષ્મ બહુ હોય અંદર એનો પત્તો ક્યાં લાગે? **'જો અપને જ્ઞાનકા વિષય હી નહીં...'** લ્યો! જ્ઞાનમાં એ જાતનું જ્ઞેય આવ્યું જ નથી. **'ઉસકા બાધ-નિર્બાધ કરનેકા વ્યવહાર નહીં હૈ,...'** અંતર જ્ઞાનમાં જ્યાં અંદર ખ્યાલમાં આવે નહિ એવી ચીજ રહી ગઈ તો એને માટે બાધ-નિર્બાધ કરવું કે આ ઠીક છે કે નથી ઠીક એવું શી રીતે કરી શકાય? એમ કહે છે.

**'સર્વજ્ઞ ભગવાનકી ભી યહી આજ્ઞા હૈ. વ્યવહારી જીવકો વ્યવહારકા હી શરણ હૈ. '** જ્ઞાનથી બરાબર જાણવામાં આવે એ વ્યવહાર છે. સમ્યગ્દર્શન-ચારિત્ર આદિ જ્ઞાનમાં આવે એ તો વ્યવહાર છે. એ વ્યવહાર નહિ. નિશ્ચયને સૂક્ષ્મપણું અંદર હોય એ તો અત્યારે એ તો ક્યાં છે? આ તો કોઈ સારા કાળમાં છે. અત્યારે તો વિપરીત બધું .. છે. આમાં કાંઈ કોઈ પરીક્ષા કરવાનું છે નહિ. આહાહા..! વ્યવહારિક જીવનો... એ વ્યવહારનો અર્થ આ લેવો. એ પાછળ કર્યું છે ને. એ આપણે કહ્યું એ નાખ્યું છે આમાં. પહેલામાં આવ્યું.

**'એક ગુણકા દૂસરે આનુષંગિક ગુણ દ્વારા નિશ્ચય કરના વ્યવહાર હૈ,...'** લ્યો! એક ગુણ દ્વારા બીજા ગુણનો નિર્ણય કરવો એ જ વ્યવહાર છે. જ્ઞાન દ્વારા સમકિતનો, ચારિત્રનો નિર્ણય કરવો એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- જ્ઞાન દ્વારા જ નિર્ણય થાય બધાનો. બધા નિર્ણયો જ્ઞાન દ્વારા જ થાય.

ઉત્તર :- જ્ઞાન દ્વારા જ થાય. બીજો ઉપાય ક્યાં છે? એ વ્યવહાર છે એમ કીધું છે. જ્ઞાન વિના તો ઉપાય જ ક્યાં છે? જ્ઞેય પ્રમેયનું જ્ઞાન પ્રમાણ કરે છે ને. એ જાતની શૈલી જેટલી યોગ્યતા હોય એ પ્રમાણે જ્ઞાન પ્રમાણ કરે. જ્ઞાનથી જાણે, જ્ઞાનનો સૂક્ષ્મ કોઈ ભાવ હોય એ વાત એના ખ્યાલમાં ન રહે.

એ વ્યવહારનો તો નિષેધ કરવા જેવો નથી.

**'આગે ઈસ હી અર્થ કો દૃઢ કરતે હુએ કહતે હૈં :-'**

**ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइसंजुत्तो।**
**को वंदमि गुणहीणो ण हु सवणो णेय सावओ होइ।।२७।।**

આ નાખ્યું છે આમાં. કેમકે એમાં જાતિને પણ કાંઈ વંદન કહ્યું નથી. માટે ગમે તેવી જાતિનો આદર .. એમ કહે છે. અહીં તો વંદન નથી એમ કહે છે. જાતિ છે માટે વંદનીક છે એમ નથી, એમ કહ્યું. આણે એમ નાખ્યું છે. કુંદકુંદાચાર્યે અહીં જાતિનો નિષેધ કર્યો અને વળી સ્ત્રી જાતિને મુક્તિ નથી. ફલાણું આમ છે એનું કેમ કહે? એમ. હવે એણે એ નાખ્યું છે. આહાહા..! ગાથાઓ નાખી છે બરાબર નાખી છે સૂત્ર પાહુડમાં. શરીર સ્ત્રીનું એવું છે કે એમાં મુનિપણાની દશા રહી શકે જ નહિ. વસ્ત્ર વિના રહી શકે નહિ અને ધ્યાનમાં... શરીર જ એવું પરાધીન છે. ધ્યાનમાં કલાક, બે કલાક નિડરપણે, નિઃસંદેહપણે પરના ભય વિના રહેવું એ રહી શકે જ નહિ. ઓલું તો ગમે તે ઠેકાણે ઝાડ નીચે મહામુનિ બહાર એકાંતમાં ધ્યાનમાં રહી શકે છે. એને કાંઈ ડર નથી. એનું શરીર જ એવું છે કે કોઈ બીજો બળાત્કાર કરે તો કરી શકે. પુરુષનું શું કરી શકે પુરુષને? એ વસ્તુની સ્થિતિ જ એવી છે. એમ ન ચાલે.

અહીં તો એ કહે છે કે..

**ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइसंजुत्तो।**
**को वंदमि गुणहीणो ण हु सवणो णेय सावओ होइ।।२७।।**

**'અર્થ :- દેહકો ભી નહીં વંદતે હૈં...'** વંદન દેહને છે કે અંદર ગુણને છે? અરે..! વિકલ્પ છે આસ્રવ અઠ્યાવીશ મૂળગુણ એ વંદનીક છે? આહાહા..! મુનિના પંચ મહાવ્રતના પરિણામ છે જુઓ! રાગ, આસ્રવ, એ વંદનીક છે? પ્રમેય તો ગુણ છે. આહાહા..! **'ઔર કુલકો ભી નહીં વંદતે હૈં...'** ઊંચા કુળનો આદમી માટે વંદનીક છે એમ છે કાંઈ? મહા ઉત્તમકુળનો માણસ છે. ધવલમાં કીધા છે ને મનોજ્ઞ. દશ નહિ? વૈયાવચ્ચ. આચાર્ય મનોજ્ઞ. વૈયાવચ્ચ એમ આવે છે. પણ એ તો મહા મનોજ્ઞ શીલવંત છે, સારા કુળનો છે, સારી દૃષ્ટિ છે, સારું જ્ઞાન છે બધું એવું છે એની વાત લીધી છે. લોકોમાં જેની છાપ પડે એમાં કે ઓહો..! આવો પુરુષપણાને અંતે આ બધું સંપદા છોડીને આવા .. ભાવ છોડીને આ બધું... આવે છે મનોજ્ઞમાં. .. સાધુ ને પંડિત..

મુમુક્ષુ :- મનોજ્ઞ સમ્યક્ત્વ...

ઉત્તર :- એ એણે કર્યા છે. એ પહેલી વાત. પછી ક્યાંક શ્રદ્ધા .. ક્યાંક મનોજ્ઞનો અર્થ સમકિત પણ કર્યો છે. પુણ્યવંત હોય, સારા કુળના હોય, આબરૂદાર હોય અને ઉપદેશકમાં પણ જેની બહુ જ પ્રસિદ્ધિ હોય, એવું સમ્યગ્દૃષ્ટિ પણ વૈયાવચ્ચ કરવા જેવો છે એમ આવે. એની યોગ્યતા પ્રમાણે હોય છે ને. એ વાત છે. ભગવાન ત્રણ જ્ઞાનના ધણી સમકિતી છે, સાધુ નથી જન્મે ત્યારે, છતાં ઈન્દ્ર આવીને

પૂજે છે.

મુમુક્ષુ :- ઇન્દ્રો આવીને પૂજે છે, પણ સાધુ કોઈ આવીને...

ઉત્તર :- સાધુ શેના પૂજે? એમ કે વંદનીક નથી જ બિલકુલ એમ ક્યાં આવ્યું? સમ્યગ્દર્શન, સમાધિ.. સાધુ તો છે નહિ. માતાના પેટમાંથી જન્મ્યા ત્યારે જ પગે લાગે ઇન્દ્રો. છે તો અસંયમી જીવ.

મુમુક્ષુ :- .. અત્યારે પગે લાગે.

ઉત્તર :- અત્યારે પગે એ તો અસંયમી છે. છતાં એ મુનિને યોગ્ય જે વંદન છે એ નહિ. સમજાણું કાંઈ? ખેંચાતાણ કરે તો ન ચાલે. વસ્તુ જેમ છે એમ લેવી. આ તો બહુ સમજવાની વાત છે. ઓલા પથરામાં કાંઈ બહુ સમજવાનું નહોતું આવ્યું ત્યાં. નહિ? પ્લાસ્ટિકમાં ત્યાં તમારે કાંઈ આટલી માથાકૂટ કરવી પડતી હશે? છોકરા એવા થઈ ગયા કે આગળ ગાડા હાંકે. આ તો માર્ગ જુદી જાતનો છે. આહાહા..! જન્મ-મરણથી રહિત થવાનો માર્ગ એનો વિવેક...

મુમુક્ષુ :- અલૌકિક માર્ગ છે.

ઉત્તર :- અલૌકિક માર્ગ છે. અરે..! અનંત અનંત દુઃખના અંત, અનંત-અનંત દુઃખના અંત, અનંત-અનંત આનંદની શરૂઆત. આહાહા..! એ માર્ગ છે, બાપુ! સમજાણું કાંઈ?

'**કુલકો ભી નહીં વંદતે હૈં તથા જાતિયુક્તકો ભી નહીં વંદતે હૈં...** ' જુઓ! જાતિવાળો હોય. બહુ ઉત્તમ જાતિ જેની. નગરશેઠ, દિવાન, રાજા, ઉત્તમ જાતિ. એ કોઈ જાતિ વંદનીક છે? '**ક્યોંકિ ગુણ રહિત હો ઉસકો કૌન વંદે?**' આહાહા..! જેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણ નથી એને કોણ વંદે? ગમે તે જાતિ હોય. '**ગુણ વિના પ્રકટ મુનિ નહીં,...**' ગુણ વિના પ્રગટ મુનિ નથી. '**શ્રાવક ભી નહીં હૈ.**' લ્યો! આહાહા..! અંતર સ્વભાવનો આશ્રય લઈને જેને ગુણ પ્રગટ્યા નથી, એ પછી શ્રાવક ને મુનિ શેના? કહે છે. બહારની પ્રવૃત્તિની ક્રિયકાંડમાં મશગુલ હોય એ શું? એ વસ્તુ છે? એ તો અનંત અભવિ પણ એવું તો કરે છે. ભારે માર્ગ ભાઈ! અષ્ટપાહુડમાં દર્શનપાહુડની કથની. સૂત્રપાહુડની એવી છે બધી રચના. બોધપાહુડની રચના. આહાહા..!

આણે લખ્યું છે કે શરૂઆત અષ્ટપાહુડની રચના કરી લાગે છે. એમ લખ્યું છે. પછી પ્રૌઢ અવસ્થામાં સમયસાર, પ્રવચનસાર એમ લખ્યું છે. આમાં છે. આ બધા .. પાડ્યા છે એટલે એમ કે શરૂઆતમાં આ...

મુમુક્ષુ :- આમાં અને એના કથનમાં ફેર?

ઉત્તર :- ક્યાંય ફેર નથી. બેય સરખા છે. ક્યાંક વિસ્તારથી, ક્યાંક ટૂંકાથી, પણ વસ્તુ તો એ જ છે. આહાહા..! પ્રૌઢ જ છે બેય. વિસ્તાર કરવો હોય તો તો એની બધી વાત કરે ને. ત્યાં પણ ખુલાસો કર્યો છે ને. ભેષ અને જાતિ તો એવી હોય, છતાં એ ભેષ અને જાતિ વંદનિક નથી. ત્યાં પણ કહ્યું હતું. વ્યવહારનયનો હોય ખરો વેશ એવો. વ્યવહારનયે.. નિશ્ચય અને વ્યવહાર બેય હોય છે. આવે છે ને

એમાં? આવે છે. એ ટૂંકામાં છે. પણ વસ્તુ તો એક જેવી છે. ઓહોહો..! આ તો ભાઈ જેને મધ્યસ્થી, મધ્યમ રહીને... આવે છેને ઓલામાં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. નિશ્ચય અને વ્યવહાર જ્ઞાન થઈ મધ્યસ્થ થઈ જાય. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે. એની જે સ્થિતિ છે તેમ તેને સમજી લે. ખેંચાતાણ ન કરે. મધ્યસ્થ ભવતિ એમ છે. નિશ્ચય-વ્યવહાર બરાબર જાણી... પુરુષાર્થસિદ્ધિ ... બધા આગમનો મેળ આવવો જોઈએ ને. એક આગમમાં આવું કહ્યું, પણ બીજે કહે એની સંધિ થઈને આખા આગમનો સાર... ભાઈએ લખ્યું છે ફુલચંદજીએ ઓલામાં. ખાણિયા ચર્ચામાં. એક આગમમાં આમ કહ્યું હતું. મુનિને. .. જેમ વ્યવહાર છે. પણ બધા આગમમાંથી એનો સાર સરખો આવવો જોઈએને? બધા આગમ ઉપર દૃષ્ટિ રાખીને તત્ત્વ કહેવું જોઈએ એમ લખ્યું છે. વાત સાચી છે. ન્યાય વાત.

બધા આગમોમાં કેટલા પ્રકારના કેટલા નયથી ત્યાં કહ્યું. એનો બધા સાર. તાત્પર્ય આવવું જોઈએ ને? કઈ અપેક્ષાએ ત્યાં કહ્યું, કઈ અપેક્ષાએ આ કહ્યું એનો સાર. સરવાળે વીતરાગતા આવવી જોઈએ બધા શાસ્ત્રની. સરવાળે તો વીતરાગતા જોઈએ. દૃષ્ટિમાં વીતરાગતા, જ્ઞાનમાં વીતરાગતા અને ચારિત્રમાં વીતરાગતા.-બધાનું સાચું તાત્પર્ય આ નીકળવું જોઈએ. એ રીતે એને બધા આગમોને દૃષ્ટિથી વિચારવાનું.

'**લોકમેં ભી ઐસા ન્યાય હૈ જો ગુણહીન હો ઉસકો કોઈ શ્રેષ્ઠ નહીં માનતા હૈ, દેહ રૂપવાન હો તો ક્યા,...**' દેહ તો જડ છે, આ તો માટી છે. એનું રૂપ હોય એમાં શું? એ તો પરમાણુની પર્યાય છે. એમાં આત્માને શું? એમાં આત્માને ગુણની અધિકતા શું આવી? આહાહા..! '**કુલ બડા હો તો ક્યા,...**' જુઓ! દિવાનની દિકરી છે, દિવાનનો દિકરો છે, રાજાનો દિકરો, નગરશેઠનો દિકરો એટલે શું પણ હવે ત્યાં? એને ધર્મની સાથે શું સંબંધ છે? આહાહા..! ચંડાળ હોય ને ધર્મ પામે તો દેવ જેવો કીધો ભગવાને, જુઓ! કુંદકુંદાચાર્યે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન...

ઉત્તર :- હો એમાં શું છે? અગ્નિ ભસ્મથી જેમ ઢાંકેલી છે, એવા ચૈતન્યનું ભાન છે, દેહ છે ચંડાળનો, સંયમ છે નહિ. છતાં એ અંદરમાં અંગારા ચૈતન્યથી જાગૃત છે. દેવ છે દેવ. લ્યો ત્યાં એમ કહ્યું. આહાહા..! દિવ્યશક્તિનો ભંડાર ભગવાન જેને સ્પર્શ્યો છે એ દેવ છે કહે છે. કેવળજ્ઞાન થયું તો વળી દિવ્ય શક્તિ પ્રગટ થઈ શ્રદ્ધાની. એને બીજા કેવળજ્ઞાનની શું વાત કરવી? આ પણ ચંડાળ. આહાહા..! કાળું કુબડું શરીર, મેલા શરીર, અરે..! નારકીના શરીરમાં સમકિતી હોય છે. આહાહા..! શરીર જુઓ તો એકેએક અંગ, એકેએક અવયવ ઊંટના અઢાર વાંકા એમ અહીંયા બધું વાકું. એવા મોઢા આમ, આંખ.. આહાહા..! એવા પાપના ફળ ગયા છે ને. એક એક અવયવ જૂઠા બધા. હાથ બધા અવળા. છતાં અંદર સમ્યગ્દર્શન હોય છે. એથી કાંઈ દેહની સ્થિતિએ ગુણ છે એવું કાંઈ છે નહિ. આહાહા..!

ત્યાં '**જાતિ બડી હો તો ક્યા,...**' જુઓ! કુળ પિતાનું, જાતિ માતાની કે નાતની બહુ ઊંચી

જાતિ આદિ હોય. એથી શું? '**ક્યોંકિ મોક્ષમાર્ગમેં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ હૈં,...**' આહાહા..! મોક્ષમાર્ગમાં તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગમાં છે. આહાહા..! દુઃખથી મુક્ત અને આનંદની પૂર્ણ પ્રાપ્તિ એનો માર્ગ પણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? '**મોક્ષમાર્ગમેં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ હૈં, ઈનકે બિના જાતિ-કુલ-રૂપ આદિ વંદનીય નહીં હૈં,...**' ગુણ ન હોય તો એ કાંઈ વંદનીક નથી. આહાહા..!

'**ઈનસે મુનિ-શ્રાવકપના નહીં આતા હૈ,...**' અંતર દર્શન, જ્ઞાન, સ્થિરતા વિના મુનિપણું અને શ્રાવકપણું આવતું નથી. બહારના ભેખથી અને ક્રિયાકાંડથી કાંઈ મુનિપણું, શ્રાવકપણું આવતું નથી. શ્રાવક નામ ધરાવે, શ્રાવકનો ભેખ, સાધુનો ભેખ નગ્ન અને ક્રિયાકાંડ હોય બહારની બધી એવી, એથી કરીને કાંઈ મુનિ ને શ્રાવક થતાં નથી સાચા. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈનસે મુનિ-શ્રાવકપના નહીં આતા હૈ, મુનિ-શ્રાવકપણા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે હોતા હૈ,...** ' લ્યો આ વાત આવી. અઠ્યાવીશ મૂળગુણ, બાર વ્રતના એનાથી કાંઈ મુનિપણું ને શ્રાવકપણું આવતું નથી. મુનિપણું અને શ્રાવકપણું તો આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન, એની અનુભવ, પ્રતીતિ, જ્ઞાન અને રમણતાનો અંશ થોડો કે વિશેષ પણ એ ગુણ ઉપર મોક્ષમાર્ગ છે. વ્યવહારની ક્રિયા અને નિમિત્તનું નગ્નપણું... આમ તો યથાજાત કીધું હતું જૈનદર્શનને. પણ એ તો ગુણસહિત, વિકલ્પ અને નિમિત્ત. ગુણ નથી અને એકલા વિકલ્પ અને આવા નિમિત્ત હોય એ કાંઈ ગુણમાં ગણવામાં આવતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. નમસ્કાર...

ઉત્તર :- એવું હોય ત્યારે એવું હોય. એવું હોય ત્યારે એવું હોય એટલે શું? ઘણા સાધુ સંત સારા વિચરતા હોય, એમાંથી કોક એવો હોય અને પહેલો આવે એને વંદન તો કરવું જોઈએ ને. .. પણ એવું હોય ત્યારે. આ તો એવી બધી પરીક્ષાઓ થઈ ગઈ હોય છે. એ તો સારા સંત હજારો વિચરતા હોય એમાં કોઈ અજાણ્યો સાધુ આવ્યો. .. વંદન કરે તો પહેલું, પછી પરીક્ષા કરે. અત્યારે તો પરીક્ષા થઈ ચુકી છે બધી.

મુમુક્ષુ :- ... ગુરુ હોય છે.

ઉત્તર :- હોય. હોય. હોય એને ને? હોય કેવા એની ખબર વિના શેની?

મુમુક્ષુ :- છે એમાંથી એક નહિ માનો તો પંચમકાળમાં મુનિપણું...

ઉત્તર :- એ મુનિપણું એવું હશે ત્યાં.

મુમુક્ષુ :- .. મુનિપણું.

ઉત્તર :- ના. ના. એમ કાંઈ નહિ. પણ કાંઈ હંસ ન દેખાય એટલે કાંઈ બગલાને હંસ મનાતા હશે. દાખલો નથી આપ્યો? મોક્ષમાર્ગમાં આપ્યો છે દાખલો. હંસ ન દેખાય એટલે બગલાને આપણે માનો કે અહીં આપણે માનવું પડશે ભાઈ.

મુમુક્ષુ :- એવું તો શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- શાસ્ત્રમાં લખ્યું છે એટલે શું પણ? તો તો અન્યમતિના બાવાને માનવું પડશે. અમારે કહેતા એ. હીરજીભાઈના બાપ હતા ને તારાચંદભાઈ, એ કહેતા. કે જુઓ કરોડો સાધુ કીધા છે. એ બધા અન્યમતિના ઓલા ફલાણા, મોટા મોટા ભેગા નાખશે ત્યારે આ કરોડો થાશે. એમ કહેતા. વેશધારીઓ બધા જૈનના છે એને નાખશો ત્યારે થાશે. અરે..! એમ છે નહિ. એ તો સાચા એ તો આવશે એમાં. ખોટા એમાં આવતા નથી. ઓલો આંકડો આવે ને શાસ્ત્રમાં, એવો આંકડો અહીં ન દેખે. અહીં ન દેખ્યા પણ બીજે ક્યાં નથી? મહાવિદેહમાં નથી? મહાવિદેહમાં લાખો સાધુ-સંતો બિરાજે છે. સાચા સંત છે, કેવળીઓ બિરાજે છે. આહાહા..! એવી વાત થતી હતી પહેલી.

અહીં કહે છે કે ગુણ હોય તો એ માન્ય છે. એકલી જાતિ, કુળ ને વેશ ને ક્રિયાકાંડ એ કાંઈ માન્ય છે નહિ. આહાહા..! છે ને? '**ઈનસે મુનિ-શ્રાવકપના નહીં આતા હૈ, મુનિ-શ્રાવકપના તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સે હોતા હૈ, ઈસલિયે ઈનકો ધારણ હૈં વહી વંદને યોગ્ય હૈં,...** ' પરીક્ષા કરવી પડશે ને એને? '**જાતિ, કુલ આદિ વંદને યોગ્ય નહીં હૈ.**' એટલે અહીંથી નાખે છે ને. જાતિ છે ને એનો નિષેધ કરે છે. એમાંથી ગમે તે જાતિના કેવળ થઈ શકે. એમ ક્યાં વર્ણવ્યું અહીંયાં?

મુમુક્ષુ :- જાતિમાં કાંઈ ન હોય...થઈ શકે.

ઉત્તર :- હા એમ. તો બધા થઈ શકે એમ આમાં લખ્યું છે. એવી અહીં ક્યાં વાત છે? શાસ્ત્રમાં તો એમ આવ્યું નહિ? સમાધિશતકમાં. જેના આગમમાં વેશ અને લિંગથી મોક્ષ થાય એ મિથ્યાદૃષ્ટિ છે. માટે ગમે તેવું લિંગ હોય અને ગમે તેવી જાતિ હોય એમ કહેવું છે ત્યાં? ભાઈ કહેતા .. જુઓ આમાં તો આ લખ્યું છે.

મુમુક્ષુ :- સમાધિશતકમાં.

ઉત્તર :- સમાધિશતકમાં. ખબર છે ને. એ તો વાત કરતા હતા. એમ નથી કહેવું. ત્યાં તો કહેવું છે કે સ્ત્રી જાતિના લિંગથી અમને મોક્ષ થશે એનો નિષેધ છે. બાકી તો જાતિ ને લિંગ જે સમ્યગ્દૃષ્ટિ, મુનિને હોય તે જ હોય છે. એવા આડાઅવળા લાકડા નાખે છે ને. ચર્ચા મોટી થઈ હતી લાલન સાથે.

મુમુક્ષુ :- તો .. મૂર્તિ નથી?

ઉત્તર :- નથી. .. કર્યું હતું. સમ્યગ્દૃષ્ટિ .. એ તો એણે કલ્પિત બધું બનાવ્યું છે. કથાઓ-બથાઓ કલ્પિત છે બધી. વીતરાગ માર્ગમાં સનાતન સંતોએ જે કથાઓ કીધી છે એમાં ન્યાય હોય ભાઈ! આ તો કલ્પિત છે બધી. આભ ફાટ્યા જ્યાં. મોટો ફેરફાર... ફેરફાર...

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- બહુમત આમાં ચાલે નહિ.

મુમુક્ષુ :- બહુમત તો ગાંડાને. સંસારમાં કાંઈ બહુમત નથી. અમુક ઉંમરના હોય, અમુક લાયકાત

હોય એને પણ...

ઉત્તર :- ઓલાએ લખ્યું છે ચંદ્રશેખરે. કે આ પ્રમાણે તમે રાષ્ટ્રીયકરણ કરીને .. તો પછી બહુમતે તે ધર્મ સિદ્ધ થશે. અમારા સાધુઓનો મત નથી એમાં એ નહિ આવે. ધર્મનો મત નહિ આવે. અને એમ થતાં થતાં તો જૈન કરતા બહુમત વેદાંતમાં થશે તો એ બહારમાં આવશે. અને વેદાંત કરતા બૌદ્ધનો બહુમત બહુ ઝાઝી સંખ્યા. બૌદ્ધની મોટી સંખ્યા છે વેદાંત કરતા અને એના કરતા ખ્રિસ્તીની મોટી સંખ્યા છે. માટે ઈસુખ્રિસ્તનો ધર્મ આવીને રહેશે આખો. માણસોને તર્ક. આવું હોય લૌકિકમાં તર્ક? બહુ સંખ્યા, થોડી સંખ્યા હોય પણ જે સત્ય છે એ સત્ય જ છે.

મુમુક્ષુ :- એક હોય તોપણ શું, એક ન હોય તોપણ ધર્મ તો જે છે એ છે.

ઉત્તર :- ધર્મ જે છે એ છે. એમાં સંખ્યાને શું અહીં કામ છે? આહાહા..! અને બીજાને સુધારવું અને બીજાને કરવું એવો વિકલ્પ જ આત્માને લાભદાયક નથી.

મુમુક્ષુ :- એ તો બંધનનું કારણ છે.

ઉત્તર :- એ તો બંધનું કારણ છે. આહાહા..! બીજાને આમ રાખવા એ મને લાભદાયક છે. વાત જ જૂઠી છે. ઘણાં ધર્મમાં તો રહેશે, એટલો લાભ થાશે. શું લાભ થાશે તને? તને તો વિકલ્પ થયો. વિકલ્પ તો બંધનું કારણ છે. આવી વાત છે. આહાહા..!

**'અબ કહતે હૈં કિ જો તપ આદિસે સંયુક્ત હૈ ઉનકો નમસ્કાર કરતા હૂં :—'**

**वंदमि तवसावण्णा सीलं च गुणं च बंभचेरं च।**
**सिद्धिगमणं च तेसिं सम्मत्तेण सुद्धभावेण।।२८।।**

પાઠમાં જરી કહે છે. '**આચાર્ય કહતે હૈં...**' પોતે કુંદકુંદાચાર્ય મહારાજ પોતે કહે છે. '**કિ જો તપ સહિત શ્રમણપના ધારણ કરતે હૈં...**' તપ એટલે મુનિપણું. દીક્ષા જે સાધુની દિગંબર દીક્ષા લે છે '**ઉનકો તથા ઉનકે શીલકો,...**' જુઓ ભાષા છે ને? માથે આવી ગયું છે. '**सीलसहियाणं**' આમાં આવી ગયું છે પહેલા. શીલસહિત. ૨૫મી. '**अमराण वंदियाणं रूवं दट्ठूण सीलसहियाणं।**' એ આવ્યું. છે ને '**तवसावण्णा सीलं**' તપસ્યા મુનિપણું છે અને એનું શીલ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું આચરણ અંદર શીલ સ્વભાવ. આનંદનું શીલ છે. અતીન્દ્રિય આનંદની જેને શીલ નામ સ્વભાવદશા પ્રગટ થઈ છે. આહાહા..!

'**ઉનકે ગુણકો વ બ્રહ્મચર્યકો મૈં સમ્યક્ત્વ સહિત...**' આહાહા..! અને એનું બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં રમણતા. સંતોની તો બ્રહ્મ નામ ભગવાન આનંદ, એમાં રમણતા એ બ્રહ્મચર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! બ્રહ્માસ્મી-હું બ્રહ્મ છું, આનંદ છું. એવી આનંદની એવી પરિણતિ અતીન્દ્રિય આનંદની દશા એવું જે બ્રહ્મચર્ય એને '**મૈં સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે નમસ્કાર કરતા હૂં...**' આચાર્ય પોતે કહે છે લ્યો! ઓહોહો..! એવા બ્રહ્મચર્યને '**મૈં સમ્યક્ત્વસહિત**

**શુદ્ધભાવસે...**' છે ને પાઠ? '**सम्मत्तेण सुद्धभावेण**' એમ છે. તપ, ક્ષમાપના ઓલા શ્રવણા છે ને? ક્ષમાપના કહે છે. સાધન છે. .. સમસ્તેણ ઐસા પાઠ હોને સે પાદ ભંગ નહીં હોતા. સમસ્તેણ. '**सम्मत्तेण**' છે ને પણ હોને સે પાદ ભંગ નહીં હોતા. આવા મહામુનિ અરેરે..! ક્યાં અત્યારે તો એ છે. અહીં તો વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. લીધું છે?

ઉત્તર :- આનંદનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું ને. '**ઉનકો તથા ઉનકે શીલકો, ઉનકે ગુણકો...**' એ શીલ એ ગુણ છે બધા. શાંતિ, વીતરાગતા, દર્શન, જ્ઞાન, ચારિત્ર એ બધું શીલ છે. શીલપાહુડ આખું આવે છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધું શીલ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન શીલ છે?

ઉત્તર :- સમ્યગ્દર્શન શીલ છે ને. આ તો ત્રણ ભેગું લીધું છે. સાધુની વાત છે ને. સમ્યગ્દર્શન શીલ છે. નારકીને આ શીલ ગણ્યું છે. નારકીમાં શીલ છે. સમ્યગ્દર્શન છે ને? એ જ શીલ છે. આ નારકી. ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના. ત્યાં શીલ છે. એ શીલનો પ્રકાર છે ત્યાં. આહાહા..! લૂખ્ખી વાતું લાગે આ બધી. સત્ય સમજવાની જે વસ્તુ છે એ તો ઝીણી. અને પકડવામાં દરકાર ન હોય એને એવું લાગે. બાપુ! માર્ગ તો આ છે. એને પહોંચે છૂટકો છે જગતને હિત કરવું હોય તો. બાકી ત્યાં લાલાપેઠા ત્યાં ચાલે એવા નથી ત્યાં. આહાહા..!

'**ક્યોંકિ ઉનકે ઉન ગુણોંસે...**' જુઓ! '**સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે સિદ્ધિ અર્થાત્ મોક્ષ ઉસકે પ્રતિ ગમન હોતા હૈ.**' લ્યો! સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવ પરિણતિ વીતરાગી, એનાથી મોક્ષ '**ઉસકે પ્રતિ ગમન હોતા હૈ.**' આહાહા..! સમ્યગ્દર્શન સહિત શુદ્ધભાવની પરિણતિથી મોક્ષમાં ગમન થાય છે. કોઈ અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નપણું એનાથી કાંઈ મોક્ષમાં ગમન થાય છે એમ છે? હોય છે એ. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૬, બુધવાર તા. ૧૭-૧૦-૧૯૭૩**
**ગાથા- ૨૮, ૨૯, ૩૦, ૩૧ પ્રવચન - ૨૯**

યહ અષ્ટપાહુડ મેં સે દર્શનપાહુડ ચલતા હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯ મેં ભરત ક્ષેત્રમેં હુએ. દિગંબર મુનિ થે. વહ ભગવાનકે પાસ ગયે થે. કુંદકુંદાચાર્ય જો યહાં ભરતક્ષેત્ર કે આચાર્ય થે વહ ભગવાન કુંદકુંદાચાર્ય વહાં સીમંધર પરમાત્મા મહાવિદેહમેં બિરાજતે હૈં વહાં ગયે થે. વહાં આઠ દિન રહે થે. ઔર વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા હૈ. ઉસમેં યહ અષ્ટપાહુડ મેં દર્શનપાહુડકી બાત ચલતી હૈ. ગાથા ૨૮ કા ભાવાર્થ હૈ.

‘**પહલે કહા હૈ કિ-દેહાદિક વંદને યોગ્ય નહીં હૈં,...**’ શરીરાદિ હૈ વહ તો જડ હૈ. વહ કોઈ વંદન કરનેલાયક ચીજ નહીં. દર્શનકી પ્રધાનતાકા વર્ણન હૈ ન ઉસમેં? તો કહતે હૈં કિ અંદર ગુણ જો હો તો વંદનીક હૈ. દેહાદિકી ક્રિયા યા દેહ વહ કોઈ વંદનીક નહીં. ‘**ગુણ વંદને યોગ્ય હૈં.**’ યહાં ગુણસહિતકી વંદના કી હૈ. અંતર મેં જિસકો સમ્યગ્દર્શન, આત્માકા સમ્યગ્દર્શન અનુભવ, આત્માકા આનંદકા અનુભવ હોકર જિસકો સમ્યગ્દર્શન હુઆ હો વહ પ્રથમ ગુણ ઉસમેં હૈ.

તો કહતે હૈં કિ ‘**અબ યહાં ગુણ સહતિકી વંદના કી હૈ. વહાં જો તપ ધારણ કરકે...**’ સમ્યગ્દર્શનસહિત મુનિપના, નગ્નપના, બાહ્યમેં ઔર અંતરમેં શાંતિ ઔર આનંદકી જિસકી વેદનદશા બહુત હુઈ હૈ. ઐસા ‘**તપ ધારણ કરકે...**’ તપ અર્થાત્ મુનિપના. જિસકી અંતર મેં આનંદસ્વરૂપમેં રમણતા બહુત દિખતી હો ઔર બાહ્યમેં જિસકી નગ્ન મુદ્રા હો, ‘**વહાં જો તપ ધારણ કરકે ગૃહસ્થપના છોડકર મુનિ હો ગયે હૈં ઉનકો તથા ઉનકે શીલ, ગુણ, બ્રહ્મચર્ય સમ્યક્ત્વસહિત...**’ શીલ અર્થાત્ અંતર આનંદસ્વભાવકા અતીન્દ્રિય આનંત સ્વભાવકા પ્રગટ હોના વહ શીલ હૈ. બ્રહ્મચર્ય હૈ. બ્રહ્મચર્ય આગે વિશેષ લેંગે. શીલ, ગુણ ઔર બ્રહ્મચર્ય સમકિત સહિત. જિનકો આત્મા સમ્યગ્દર્શન અનંતકાલ મેં ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.’ અનંતબૈર મુનિવ્રત ધારણ કિયા. અઠ્ઠાઈસ મૂલગુણ, પંચમહાવ્રત ઔર નગ્નપના વહ તો અનંતબાર લિયા. પરંતુ આતમજ્ઞાન બિન, આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવને જો કહા ઐસા આત્મા કા અનુભવ ન હો, આત્મા કા વેદન ન હો, આત્માકી શાંતિકા પ્રગટ અનુભવ ન હો, તો ઉસમેં કુછ ફલ હૈ નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં કિ ‘**શીલ, ગુણ, બ્રહ્મચર્ય સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે સંયુક્ત હોં...**’ આહાહા..! અબ ઉસકી પરિભાષા કરતે હૈં. ‘**યહાં શીલ શબ્દ સે ઉત્તરગુણ...**’ ક્ષમા આદિ ‘**ઔર ગુણ શબ્દસે મૂલગુણ તથા બ્રહ્મચર્ય શબ્દસે આત્મસ્વરૂપમેં મગ્નતા...**’ આહાહા..! સમ્યગ્દર્શન

બિના આત્મા મેં મગ્નતા કભી હોતી નહીં. કેવલ પંચમહાવ્રત પાલે, નગ્ન હો, વહ કોઈ મુનિપના નહીં. આહાહા..! અંતર આત્મા મેં-બ્રહ્મ નામ આત્મા ઉસમેં શરીર નામ ચરના, સૂક્ષ્મ બાત હૈ. વહ બ્રહ્મચર્ય હૈ. '**આત્મસ્વરૂપમેં મગ્નતા સમજના ચાહિયે.**' આહાહા..! દેહાદિ સે તો ભિન્ન, ઔર મહાવ્રતાદિકા વિકલ્પ હૈ વહ શુભરાગ હૈ. ઉસસે ભી ભિન્ન. અપના આત્મસ્વરૂપમેં લીનતા ઉસકા નામ યહાં બ્રહ્મચર્ય કહનેમેં આતા હૈ. સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલમેં કભી ઉસને સમ્યગ્દર્શન પાયા નહીં ઔર સમ્યગ્દર્શ બિના સારી ક્રિયા વ્રત હો, તપ હો, ભક્તિ, પૂજા વહ પુણ્યબંધ હો. ઔર ઉસસે કોઈ સ્વર્ગાદિ મિલે પરંતુ ભવકા અભાવ નહીં હોતા હૈ. ઐસી બાત હૈ. આહાહા..!

તો કહતે હૈં '**બ્રહ્મચર્ય શબ્દસે...**' પાઠમેં હૈ ન? શીલ, ગુણ ઔર બ્રહ્મચર્ય. તીન શબ્દ પડે હૈં. ગાથા. અંતર સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ આનંદ. આહાહા..! અતીન્દ્રિય આનંદકા કંદ આત્મા હૈ. ઉસમેં સમ્યગ્દર્શન સહિત લીનતા કરના. આહાહા..! ઉસકા નામ પરમાત્મા ઐસા કુંદકુંદાચાર્યદેવ બ્રહ્મચર્ય કહતે હૈં. સમજમેં આયા? બ્રહ્મચર્ય વહ મુખ્ય ચીજ હૈ. વહ બ્રહ્મચર્ય હોં! શરીર સે બ્રહ્મચર્ય પાલના વહ તો અનંતબાર લિયા હૈ, પાયા હૈ. વહ તો ક્રિયાકાંડ શુભભાવકી ક્રિયા હૈ. પરંતુ યહ તો બ્રહ્મ અર્થાત્ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા દલ હૈ. ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપ હૈ. આહાહા..! વહ આનંદસ્વરૂપકી અનુભવદશા ઉપરાંત ઉસમેં વિશેષ લીનતા કરના, જિસમેં અતીન્દ્રિય આનંદકા વિશેષ ઉગ્રપને સ્વાદ આના, અતીન્દ્રિય આનંદકા સ્વાદ આના. આહાહા..! ઉસકો યહાં પરમાત્મા તીર્થંકરદેવને કહા વહ કુંદકુંદાચાર્ય દેવ દિગંબર સંત જગતકે પાસ જાહિર કરતે હૈં. પંડિતજી! આહાહા..!

ઐસા બ્રહ્મચર્ય નામ આત્મા આનંદસ્વરૂપમેં લીનતા. માત્ર શરીર સે ક્રિયા વિષયકી ન હો, મન, વચન, કાયાકી ક્રિયા સે રાગ ન હો. પરંતુ વહ બ્રહ્મચર્ય તો શુભરાગ હૈ. ઈસલિયે યહાં આત્મા મેં રાગરહિત હોકર, દૃષ્ટિમેં... પહલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉસકા સમ્યગ્દર્શન, જ્ઞાનસ્વભાવી પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપી પ્રભુ આત્મા ઉસકી અંતરમેં જ્ઞાનમેં નિર્ણય, પ્રતીત અનુભવ હોકર સમ્યગ્દર્શન હોના ઔર ઉસકે ઉપરાંત વિશેષ આનંદમેં લીન હોના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. વહ અનંતકાલ મેં કભી કિયા નહીં. સેકન્ડ ભી કિયા નહીં. મુનિવ્રત પાલા, પંચમહાવ્રત, નગ્નપના અંનતબાર. 'મુનિ વ્રતધાર અનંતબૈર...' છહ ઢાલામેં આતા હૈ. આતે હૈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક પાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન જિસકો પરમાત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્ય આનંદ, ઉસકી સન્મુખ હોકર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઔર વિકલ્પરહિત આત્માકા જ્ઞાન કભી કિયા નહીં ઉસને. ઔર ઉસકે બિના સબ એક કે બિના બિંદુ હૈં. લાખ બિંદુ હોય પરંતુ એક ન હો તો સંખ્યા ગિનને મેં આતી નહીં. આહાહા..! સમજમેં આયા? વીતરાગ જૈનદર્શન વીતરાગકા યહ માર્ગ હૈ. આહાહા..!

કહતે હૈં કિ '**બ્રહ્મચર્ય શબ્દસે આત્મસ્વરૂપમેં મગ્નતા સમજના ચાહિયે.**' દેખો! ઓહોહો..!

'**बंभचेरं च**' છે ને? યહ મુક્તિકા માર્ગ હૈ. ભગવાન આત્મા મેં અતીન્દ્રિય શાંતરસ, આનંદરસ ધ્રુવ પડા હૈ. ઉસમેં લીનતા, ચરના, રમના, જમના, અતીન્દ્રિય આનંદકા ખુરાક ખાના. નિત્યભોજી આતા હૈ ન? આનંદં નિત્યભોજી. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન ઉસકા અતીન્દ્રિયકા વેદન ખુરાક ખાના, આનંદકા ખુરાક ઉસકા નામ ભગવાન ચારિત્ર કહતે હૈં. સમજમેં આયા? ઐસા ચારિત્ર ધર્મીકો વંદનીક હૈ. ધર્મીકો વહ વંદનીક હૈ. નમો લોએ સવ્વ સાહુણં. વહ સાધુપદ આચાર્યપદ મેં અંદર સમ્યગ્દર્શનસહિત આતા હૈ વહ વંદનીક હૈ. અબ યહ ગાથા પૂરી હુઈ.

અબ ૨૯. '**આગે કોઈ આશંકા કરતા હૈ કિ–**' આશંકા હોં. શંકા નહીં પરંતુ આશંકા. ખુલાસા માંગતે હૈં. '**કિ–સંયમીકો વંદને યોગ્ય કહા...**' ઐસી જિસકો અંતર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સ્વરૂપમેં આનંદકી લીનતા ઐસે કો વંદનીક કહા ઔર વહ માર્ગ મેં હૈ ઐસા કહા '**તો સમવસરણાદિ વિભૂતિ સહિત તીર્થંકર હૈં...**' તીર્થંકરકો તો સમવસરણ વિભૂતિ હૈ બડી. ઓહો..! ભગવાન તીર્થંકરદેવ મહાવિદેહ મેં વર્તમાનમેં સીમંધર પરમાત્મા બિરાજતે હૈં. મહાવિદેહમેં બિરાજતે હૈં, મહાવિદેહ ક્ષેત્ર હૈ જમીન ઉપર. શ્રી સીમંધર પરમાત્મા વિદ્યમાન તીર્થંકર બિરાજતે હૈં. તો કહતે હૈં કિ ઉનકો તો સમવસરણ હૈ. મહાવીર ભગવાન આદિ હો ગયે વહ તો સિદ્ધ હો ગયે અભી. નમો સિદ્ધાણં મેં હૈ. નમો અરિહંતાણં મેં તો વર્તમાન મેં બિરાજતે હૈં પરમાત્મા. મહાવિદેહમેં સીમંધર પ્રભુ, વિહરમાન ભગવાન. તો કહતે હૈં કિ તીર્થંકરકો તો બડી સમવસરણકી ઋદ્ધિ હોતી હૈ. સમવસરણ આદિ વિભૂતિ. ચોસઠ ઈન્દ્ર જિસકો ચામર ઢાલતે હૈં, ૩૪ અતિશય સહિત હૈ ઔર ત્રિગઢ રચના આઠકી રચના કરતે હૈં ઈન્દ્રો. આઠ પ્રકારકી સભા હોતી હૈ ન સમવસરણમેં? આઠ. તો વહ ઐસી વિભૂતિવાલે તીર્થંકર વંદનયોગ્ય હૈ કિ નહીં? યહ પૂછતે હૈં. ઉનકો તો બહોત વૈભવ હૈ. મણિરત્ન કા ગઢ હૈ ઔર આઠ ભૂમિકા હૈ, બારહ સભા હોતી હૈ ઔર ઉપર મણિરત્નકે સિંહાસન ઉપર બિરાજતે હૈં. ઉપર નહીં. અંતરીક્ષ. ચાર તસુ (ઉપર) અંતરીક્ષ બિરાજતે હૈં. કહો, સમજમેં આયા?

અંતરીક્ષ તો યહાં દિગંબરમેં હી હૈ ઐસા. શ્વેતાંબર મેં અંતરીક્ષ નહીં. વહ તકરાર ચલતી હૈ ન અંતરીક્ષમેં? વહાં સે આયા હૈ. સીરપુર. સીરપુર. હમ ગયે થે ન વહાં. બડી સભા થી. આઠ દિન રહે થે. વહ તકરાર ચલતી હૈ ન દોનોં કે બીચમેં. તો અંતરીક્ષ તો દિગંબર મેં હી હોતા હૈ. શ્વેતાંબર મેં અંતરીક્ષ આતા હી નહીં બીચમેં. તો અંતરીક્ષ તો દિગંબરકા હી તીર્થ હૈ વહ. સમજમેં આયા? યહાં યહ કહતે હૈં દેખો! જો સમવસરણ મેં હૈ ઔર ઉસકી વિભૂતિ બહુત હૈ. ઉનકો વંદન કરનેલાયક હૈ કિ નહીં? '**ઉસકા સમાધાન કરનેકે લિયે ગાથા કહતે હૈં કિ–જો તીર્થંકર પરમદેવ હૈં વે સમ્યક્ત્વસહિત તપકે માહાત્મ્યસે તીર્થંકર પદવી પાતે હૈં...** ' આહાહા..! તીર્થંકર ભગવાન સમકિત આત્માકે અનુભવકી પ્રતીતિ સહિત, '**તપકે માહાત્મ્યસે...**' મુનિપના આદિ. '**તીર્થંકર પદવી પાતે હૈં વે ભી વંદને યોગ્ય હૈં. :—**' આહાહા..! ૨૯ ગાથા.

चउसट्ठि चमरसहिओ चउतीसहि अइसएहिं संजुत्तो।
अणवरबहुसत्तहिओ कम्मक्खयकारणणिमित्तो।।२९।।

ભગવાન તીર્થંકરદેવ અરિહંત ત્રિલોકનાથ '**જો ચૌસઠ ચંવરોંસે સહિત હૈં,...**' દેવ ઉસકો ચૌસઠ ચંવર ઢાલતે હૈં. વહ તો ભક્તિ ઉસકી હૈ. ભગવાન કો ક્યા હૈ? વહ તો ઈન્દ્રોંકી ભક્તિ હૈ. ભગવાન ઉસસે રહિત હૈ. ભગવાન તો વીતરાગ હૈ. વહ તો કેવલજ્ઞાની વીતરાગ પરમાત્મા હૈ. ઉસકો કોઈ ચંવર ઢાલે તો ઠીક લગતા હૈ ઐસા હૈ કુછ? વે તો વીતરાગ હૈં. ઈન્દ્રોં અપની ભક્તિ કરતે હૈં. '**ચૌસઠ અતિશય સહિત હૈં, નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ...**' દો અર્થ કિયે હૈ ઉસમેં. નીચે હૈ ન? '**अणुचरबहुसत्तहिओ**' અનુચર-સેવકો .. ઐસે. અનુચર અર્થાત્ ભગવાન કહતે હૈં ઉસકે અનુસરણ કરનેવાલેં સેવક. અનુચર હૈ ન? ઉસમેં લિખા હૈ.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતદેવ જો ફરમાતે હૈં ઉસકા સેવક જો હૈ, ઉસકા અનુસરણ કરનેવાલા ઐસે સેવક સમકિતી આદિ ઉસકા બહુસત્વહિત. ઉસકા બહુત સત્વ જીવકા હિત હોતા હૈ. ઉસકે સેવક કો બહુત હિત હોતા હૈ. આહાહા..! '**નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ...**' વીતરાગકી દિવ્યધ્વનિ જિસસે જગતકે પ્રાણિકો હિત કા માર્ગ પંથ દિખનેમેં આતા હૈ. '**ઐસે ઉપદેશકે દાતા હૈં,...**' ભગવાનકો ઈચ્છા બિના ઐસી ઉપદેશવાણી નિકલતી હૈ. ભગવાનકો કોઈ ઈચ્છા હોતી નહીં હૈ. વે તો વીતરાગ હૈં. ઉપદેશ ધ્વનિ ૐ ધ્વનિ ઉઠતી હૈ.

'**ઐસે ઉપદેશકે દાતા હૈં, ઔર કર્મકે ક્ષયકા કારણ હૈ...**' નિમિત્ત. નિમિત્ત કારણ હૈ. જો કર્મ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અપને સે પ્રાપ્ત કરતે હૈં ઉસમેં ભગવાનકી વાણી ઔર ભગવાન નિમિત્ત કારણ કહનેમેં આતા હૈ. '**ઐસે તીર્થંકર પરમદેવ હૈં...**' ઐસે તીર્થંકર પરમદેવ વહ વંદનેયોગ્ય હૈ ઐસા કહતે હૈં.

'**ભાવાર્થ :- યહાં ચૌંસઠ ચંવર ચૌંતીસ અતિશય સહિત વિશેષણોંસે તો તીર્થંકરકા પ્રભુત્વ બતાયા હૈ...**' તીર્થંકરદેવકી પુણ્ય પ્રકૃતિકી પ્રભુતા બતાયી. વહ કોઈ ગુણ નહીં. બાહરકી પુણ્ય પ્રકૃતિકી પ્રભુતા. '**ઔર પ્રાણિયોં કા હિત કરના તથા કર્મક્ષયકા કારણ વિશેષણસે દૂસરે ઉપકાર કરનેવાલા બતાયા હૈ, ઈન દોનોં હી કારણોં સે જગતમેં વંદને પૂજને યોગ્ય હૈં.**' લો! વીતરાગતા ઔર સર્વજ્ઞતા હૈ ઔર જગતકે પ્રાણીકે હિતકે કારણ સે વાણી નિકલતી હૈ ઔર જગતકે પ્રાણી કા હિત હોતા હૈ તબ ઉપકાર બહુત હોતા હૈ. ઉસ કારણ સે વંદને યોગ્ય ભગવાન... કહતે હૈં કિ વહ સમવસરણકી ઋદ્ધિ ઉસ કારણસે નહીં હૈ. વહ તો અંતરકા ગુણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવળજ્ઞાન. ઉસ ગુણકે કારણસે વંદનીક હૈ. સમજમેં આયા?

સમંતભદ્રાચાર્ય કહતે હૈં ન? ભગવાન! તુમ્હારે સમવસરણકી ઋદ્ધિ.. ઉસમેં તુમ્હારી પ્રભુતા નહીં માનતે હમ. સમવસરણ આદિ તો ઈન્દ્રોં ભી કરે. બનાયે. ઉસસે હમ તુમ્હારી પ્રભુતા નહીં માનતે.

સમંતભદ્રાચાર્ય. મુનિ જૈસે તીર્થંકર જૈસે .. ઈસકો બુલાઓ. જાયે. તુમ્હારે સમવસરણકે અતિશય સે હમ તુમકો પ્રભુતા માનતે નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ કહા. ગાથા વહ પંડિત જાને. પંડિત હૈ ન. સંસ્કૃત કે પ્રોફેસર હૈ. ગાથાયેં સબ યાદ હૈ. યહાં તો ભાવકી ખબર હૈ, ગાથા સભી યાદ નહીં હૈ.

ભગવાનકે સમવસરણ મેં સમંતભદ્રાચાર્યને ઐસા કહા. યહાં તો સમવસરણ નહીં હૈ. પ્રભુ! આપકે સમસવરણકે અતિશય કો હમ વંદન નહીં કરતે હૈ. આપકી પ્રભુતા ઉસસે હમ નહીં સ્વીકારતે. તુમ્હારે અંતરમેં સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગતા અનંત ચતુષ્ટય જો પ્રગટ હુઆ હૈ. સર્વજ્ઞ પરમેશ્વર કો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય વહ પ્રગટ હૈ ઉસકો હમ વંદન કરતે હૈં. ઉસસે હમ તુમ્હારી પ્રભુતા માનતે હૈં. આહાહા..! ઉનકી પ્રભુતા તો ઈન્દ્રો ભી ઐસા ખડા કર દે. સમવસરણકી રચના કર દે. આતા હૈ ન. સમજમેં આયા કુછ?

કહતે હૈં **'દોનોં હી કારણોં સે જગતમેં વંદને પૂજને યોગ્ય હૈં. ઈસલિયે ઈસપ્રકાર ભ્રમ નહીં કરના કિ-તીર્થંકર કૈસે પૂજ્ય હૈં, યહ તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ હૈં.'** આહાહા..! જિસકો એક સમય મેં તીનકાલ તીન લોક જાનતે હૈં. સર્વજ્ઞ હૈ પરમાત્મા તીર્થંકરદેવ મહાવિદેહ મેં અરિહંતપને બિરાજતે હૈં. વહાં મહાવીર ભગવાન જબ સમવસરણ મેં થે તબ ભી અરિહંત થે. અભી તો સિદ્ધ હો ગયે. નમો સિદ્ધાણં અશરીરી સિદ્ધપદ મેં હૈં. વહ તો સર્વજ્ઞ વીતરાગકે કારણ સે ગુણ મેં બડા હૈ, વંદનીક હૈ. બાહરકી વિભૂતિ કે કારણ સે નહીં. આહાહા..!

આયા થા ન જાતિકા પહલા? જાતિ ઔર કુલ દેહ વંદનીક નહીં હૈ. ૨૭મેં હૈ. જાતિમેં ભી કોઈ ઉત્તમ જાતિ હો વહ વંદનીક નહીં હૈ. કુલમેં તો ઊંચે કુલ મેં જન્મ લિયા હો વહ કોઈ ધર્મી નહીં. ઔર કોઈ માતા-પિતા કા કુલ ઊંચા હો ઉસસે કોઈ વંદનીક નહીં. આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય સમુદ્ર ભગવાન આનંદકા સાગર પ્રભુ! આહાહા..! જિસમેં પૂર્ણ જ્ઞાનસ્વભાવ ભરપૂર ભરા હૈ. ઐસા આત્મા ભગવાન આત્મા ઉસકી જિસકો દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા હુઈ વહ ગુણી ઔર વહી વંદન કરને લાયક હૈ. આહાહા..! સમજમેં આયા? કોઈ બાહરકી પુણ્ય પ્રકૃતિ આદિ હો તો વહ કોઈ આદરણીય નહીં. વહ તો જડ હૈ. આહાહા..!

**'તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ હૈં.'** તીન કાલ તીન લોક કો ભગવાન જાનતે હૈં. ઔર ફિર વીતરાગ વિજ્ઞાનતા. આતા હૈ ન? વીતરાગ વિજ્ઞાનતા. વિજ્ઞાન તો હૈ પરંતુ વીતરાગ વિજ્ઞાન.

મુમુક્ષુ :- તીન ભુવનમેં સાર વીતરાગ વિજ્ઞાનતા.

ઉત્તર :- વીતરાગ વિજ્ઞાન. યહ છહ ઢાલા મેં આતા હૈ. છહ ઢાલાકી શરૂઆતમેં. વીતરાગ વિજ્ઞાનતા. યહ અજ્ઞાનીકા વિજ્ઞાન હૈ વહ વિજ્ઞાન નહીં હૈ. અભી જો સબ લોગ વિજ્ઞાન કહતે હૈં ન?

ઊપર ઊડતા હૈ, યહ હોતા હૈ, યહ હોતા હૈ. એરોપ્લેન. વહ કોઈ વિજ્ઞાન નહીં, કુવિજ્ઞાન હૈ. રોકેટ યહ ઔર વહ. વીતરાગ વિજ્ઞાનતા. જિસમેં વિજ્ઞાનતા તો પ્રગટ હુઈ હૈ, પરંતુ વીતરાગતા પ્રગટ હુઈ હૈ. આહાહા..! નમો અરિહંતાણં. શાસ્ત્રમેં તો ઐસા ચલા હૈ, નમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં. ઐસા ધવલમેં ચલા હૈ. નમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં. ઐસા હૈ. પરંતુ છોટા કરકે નમો અરિહંતાણં કહા. નમો લોએ સવ્વ સાહુણ આખિરમેં કહા. સબ મેં લાગુ પડતા હૈ પાચોં મેં. નમો લોએ સવ્વ સાહુણં. તો નમો લોએ સવ્વ અરિહંતાણં. ઐસા પાઠ હૈ. નમો લોએ સવ્વ સિદ્ધાણં. પરંતુ વહ તો નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. આહાહા..! વહ અનંત વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ હુઈ હૈ ઉનકો. ઉસ કારણ સે દેવ ઔર દિવ્યતા કહનેમેં આતા હૈ. દેવ તો સ્વર્ગ મેં ભી દેવ હૈ ઔર ભગવાન ભી દેવ હૈં. દેવ-દેવ મેં ફર્ક હૈ. આહાહા..! યહ પુણ્ય પ્રકૃતિ કે કારણ સે દેવ હૈ, યહ તો આત્મા કે ગુણ કે કારણ સે દેવ હૈ. આહાહા..! સર્વજ્ઞ પદ એક સમય મેં તીન કાલ તીન લોક દેખતે હૈં. ભૂત, ભવિષ્ય, વર્તમાન. હથેલી જૈસે દિખે ઐસે દેખે ભગવાન ત્રિકાલ. વીતરાગ-જિસમેં રાગકા અંશ હૈ નહીં. ઐસે ભગવાન હી પૂજ્ય હૈં.

'**ઉનકે સમવસરણાદિક વિભૂતિ રચકર ઈન્દ્રાદિક ભક્તજન મહિમા કરતે હૈં.**' કુછ સંબંધ હૈ નહીં. સમવસરણ આદિ વિભૂતિ કરતે હૈં ન આઠ પ્રાતિહાર્ય. યહ તો ઈન્દ્રાદિ ભક્તજન મહિમા કરતે હૈં. '**ઈનકે કુછ પ્રયોજન નહીં હૈં,...**' ભગવાનકો કુછ પ્રયોજન નહીં હૈ. સમવસરણસે ક્યા પ્રયોજન હૈ? વહ (પ્રયોજનભૂત) તો કેવળજ્ઞાન હૈ. ઉસ કારણ સે અવંદનીક હો ઐસા નહીં. પુણ્ય પ્રકૃતિકે કારણ સે સંયોગ હો વિશેષ, અંદરકી પ્રભુતા પ્રગટ હુઈ હો વહ વિશેષ વીતરાગ વિજ્ઞાનઘન હૈ.

'**સ્વયં દિગંબરકો ધારણ કરતે હુએ...**' તીર્થંકર તો નગ્નમુનિ, નગ્ન શરીર હૈ. સમવસરણ મેં નગ્ન શરીર હૈ. સમજમેં આયા? ઉનકો વસ્ત્ર યા કુછ હોતા નહીં. દિગંબર મુનિ હૈ. મહા સમવસરણ મેં. '**દિગંબરકો ધારણ કરતે હુએ અંતરિક્ષ તિષ્ટતે હૈં...**' દેખો! આયા ન અંતરિક્ષ? કમલ કે ઉપર. ચાર તસુ ઉપર બિરાજતે હૈં. કમલકો છૂતે નહીં નીચે. વહ '**અંતરિક્ષ તિષ્ઠતે હૈં ઐસા જાનના.**' અચ્છી ટીકા કી હૈ. ભગવાન તો અંતરિક્ષ તિષ્ટતે હૈં. શ્વેતાંબરમેં ઐસા કુછ હૈ નહીં. અંતરિક્ષ-ફંતરિક્ષપના વહ માનતે હી નહીં. વહ તો નીચે બૈઠતે હૈં. બાગ મેં ઉતરે, પૃથ્વી, શિલા હૈ વહાં ઉતરતે હૈં, વહાં તો ઐસા પાઠ હૈ. યહાં તો ઐસા ભગવાન કહતે હૈં. વહ તો ત્રિલોકનાથ જિનકો સમવસરણકી રચના ૨૦ હજાર સીઢી. સીઢી ૨૦ હજાર. નીચે સે પાંચસો ધનુષ ઊંચા. દો હજાર હુઆ ન દો હજાર? ઐસે ભગવાન, ઉનકો યહાં તીર્થંકર ઔર અરિહંત કહનેમેં આતા હૈ. દુનિયા દૂસરી તરહ અરિહંતકી કલ્પના કરતે હૈ વહ અરિહંતકો સમજતે નહીં.

મુમુક્ષુ :- અતિશય

ઉત્તર :- અતિશય?

મુમુક્ષુ :- અતિશય ઉનકા ઐસા હૈ વસ્ત્રસહિત...

ઉત્તર :- .. હુઆ હૈ. ભગવાનકો વસ્ત્ર હોતા હી નહીં. જૂઠ બાત હૈ. દિગંબર સંત, મુનિ હુઆ તો દિગંબર હૈ, તો પીછે કેવલજ્ઞાન મેં કૈસા વસ્ત્ર? ઐસા કહતે હૈં શ્વેતાંબર. શ્વેતાંબર કહતે હૈં ખબર હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસા કિ વસ્ત્ર અતિશય હૈ તો દિખતા નહીં. અતિશય નહીં દિખે ઐસે. ધૂલમેં ભી નહીં દિખે.

મુમુક્ષુ :- પરંતુ વસ્ત્ર તો થા નહીં. એક ટૂકડા નિકલ ગયા ફિર દીક્ષા લી. તો વહ બાત કહાં સે આયી?

ઉત્તર :- યહ જૂઠ બાત હૈ.

મુમુક્ષુ :- પાઠમેં તો કહા .. હોતા હૈ.

ઉત્તર :- વહ અતિશય હૈ. યહ ઉસકા સ્વરૂપ હૈ. વહ જૂઠ બાત હૈ. જબ દીક્ષા લી તબસે નગ્ન હૈ. વસ્ત્રકા ધાગા હોતા ભી નહીં. સંયમ અંતરકી દશાવાલેકી બાત હૈં. યહ બાત કરતે હૈં. ઉસકે ભાઈ હૈ ન. વહ શ્વેતાંબર હૈ ઈસલિયે જરા. યહાં તો અનાદિ સનાતન સત્ય માર્ગ યહ હૈ. ઉસમેં જરા ભી ગડબડી ચલે નહિ. દિગંબર સ્વયં મુનિ હોતે હૈં તબ તીર્થંકર દીક્ષા લે તો વસ્ત્ર છોડ દેતે હૈં. ઈસમેં આયેગા. વસ્ત્રધર તીર્થંકર હો તબતક મોક્ષ નહીં હોગા. સમજે? હૈ ન ઈસમેં. સૂત્રપાહુડ? સૂત્રપાહુડ. સૂત્રપાહુડમેં હૈ. '**ण वि सिज्झदि वत्थधरो,**' ૨૩ ગાથા હૈ. પન્ના-૫૬. ૫૬-૫૬. ૫ ઔર ૬. ઔર ગાથા ૨૩. મૂલ પાઠ હૈ ન?

**ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे जइ विहोइ तित्थयरो।**
**णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे।।२३।।**

ભગવાન કુંદકુંદાચાર્યકા વચન હૈ. હૈ? દો જગહ પર આયા હૈ. ઈસ પાઠ મેં હૈ ઔર ઉસકે અર્થ મેં હૈ. '**જિનશાસન મેં ઈસપ્રકાર કહા હૈ કિ...**' અર્થ-અર્થ. ૨૩ ગાથા. '**વસ્ત્રકો ધારણ કરનેવાલા સીજતા નહીં હૈ,...**' જબ તક વસ્ત્ર હૈ તબતક કેવલજ્ઞાન હોતા નહીં, મુનિ(પના) હોતા નહીં. ઐસા અનંત તીર્થંકરો, અનંત કેવલીઓંકા વહ પંથ હૈ. વહ કોઈ પક્ષકા પંથ હૈ નહીં. પરંતુ વહ કેવલ વસ્ત્રકા ત્યાગ નહીં. અંદર આનંદસ્વરૂપ મેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત હો ઉસકી બાત હૈ. '**સીજતા નહીં હૈ, મોક્ષ નહીં પાતા હૈ, યદિ તીર્થંકર ભી હો તો જબતક ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ,...**' તીર્થંકર દેવ તીન જ્ઞાન, ગૃહસ્થાશ્રમ મેં ઋષભદેવ પ્રભુ ૮૩ લાખ પૂર્વ રહે. ભગવાન મહાવીર ૩૦ સાલ રહે. પરંતુ ગૃહસ્થાશ્રમ હૈ, વસ્ત્ર હૈ તબ તક કેવલજ્ઞાન નહીં પાતે. મોક્ષ નહીં હોતા ઉસકો. વહ અંતરકી મમતા છૂટકર નિર્વિકલ્પ આનંદકી દશા પ્રાપ્ત હો તબ ઉસકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? યહાં તો કહતે હૈં કિ વસ્ત્ર કા ટૂકડા રખકર હમ મુનિ માનતે હૈં તો નિગોદ મેં જાયેગા. સૂત્ર મેં તો યહ કહતે હૈં. સમજમેં આયા? વસ્ત્ર કા ટૂકડા... કેવલ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત હો, પરંતુ

ચારિત્રસહિત ન હો ઔર વસ્ત્રકા ટૂકડા રખે ઔર ચારિત્ર હૈ ઐસા માને. નિગોદં ગચ્છઈ. યહાં તો કુંદકુંદાચાર્ય કહતે હૈં નિગોદ મેં જાયેગા. વસ્તુસ્થિતિકી દૃષ્ટિકી ખબર નહીં, ચૈતન્ય ક્યા ચીજ હૈ. સમજમેં આયા? યહ ગાથા ૨૩-૨૩. હૈ ન?

'**ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे**' જૈનશાસન મેં તીર્થંકર હો, પરંતુ વસ્ત્રસહિત હો તબતક મોક્ષ હોતા નહીં. મુનિ(પના) હોતા નહીં તો મોક્ષ કહાં સે હો? આહાહા..! '**णग्गो विमोक्खमग्गो**' '**નગ્નપના હી મોક્ષમાર્ગ હૈ,...**' અંદરમેં ઔર બાહ્યમેં દોનોં હો. કેવલ નગ્ન નહીં. અંદરમેં વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદકી દશા વીતરાગતા ઔર બાહ્ય મેં નગ્નદશા. '**णग्गो विमोक्खमग्गो सेसा उम्मग्गया**' ઉસકે સિવા સભી ઉન્માર્ગ હૈ, માર્ગ હૈ નહીં, યહ કુંદકુંદાચાર્ય સ્વયં કહતે હૈં ભગવાનકી વાણી. આહાહા..!

અંતર સ્વરૂપકી જિસે આનંદકી રમણતા હુઈ, ઉસકો વસ્ત્ર લેનેકા વિકલ્પ ભી હોતા નહીં. કેવલ વિકલ્પ વસ્ત્રરહિત હૈ ઉસ ચીજકી ગીનતી નહીં. વહ તો અનંતબાર હુઆ. વહ નહીં. જિસકો અનંત આનંદસ્વરૂપકી દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા હુઈ ઉસકો વસ્ત્ર લેનેકા વિકલ્પ આતા હી નહીં. સમજમેં આયા? ઐસી દશા બાપુ! યહ તો અલૌકિક બાતેં હૈ. માર્ગ તો પરમસત્ય ઐસા કોઈ અલૌકિક હૈ.

યહાં કહતે હૈં, સ્વયં દિગંબર ધારણકર અંતરિક્ષ તિષ્ઠતે બિરાજમાન. ઈસલિયે તીર્થંકરકો સમવસરણ આદિ વિભૂતિ હૈ વહ વંદનીક નહીં ઐસા હૈ નહીં. વહ તો પુણ્યપ્રકૃતિ કા ફલ હૈ. પુણ્યફલા અરહંતા. પુણ્યફલા અરહંતાકી પરિભાષા? પૂર્વ કે પુણ્યકે કારણસે યહ સમવસરણ વાણી આદિ મિલી હૈ ઈસલિયે અરહંતા. અરહંતા અર્થાત્ અંતરકા અરિહંત પદ પુણ્યકે કારણ સે મિલા ઐસા હૈ નહીં. હૈ ન ૪૫ ગાથા મેં પ્રવચનસાર. પુણ્યફલા અરહંતા. પૂર્વકે પુણ્ય કે કારણ સમવસરણ, ઋદ્ધિ, વાણી ઐસી હોતી હૈ.

મુમુક્ષુ :- .. .. હોતા હૈ.

ઉત્તર :- વહ દૂસરા. યહાં યહ નહીં. વહ દૂસરી બાત હૈ. આત્મા મેં શુદ્ધતા, પવિત્રતા, વિકાર રહિતતા પ્રગટ હો ઉસકો ભી પુણ્ય કહતે હૈં, પરંતુ વહ પુણ્ય પવિત્રતાકે અર્થ મેં હૈ. ઔર યહ પુણ્ય સામગ્રી મિલે ઉસકે અર્થ મેં હૈ. સંયોગ મિલે ઉસકે અર્થ મેં હૈ. સમજમેં આયા? ઐસી બાત હૈ ભાઈ! ઉસને અનંતકાલ મેં કભી સમ્યગ્દર્શન કૈસે પ્રાપ્ત હો? ઉસકી બાત ઉસને રુચિ સે કભી સુની નહીં. આહાહા..! અનંતબાર દૂસરા સબ કિયા, પરંતુ વહ સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ અભી? આહાહા..! પ્રથમ મહા દુર્લભ... આગે કહેંગે. ૩૩ મેં કહેંગે. '**सम्मद्दसंणरयणं अग्धेधि सुरासुरे लोए**' સુરાસુર લોક જિનકો વંદન કરતે હૈં. સમ્યગ્દૃષ્ટિકો દેખો! ૩૩ મેં હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભ્યાસ ક્યા શ્વેતાંબરકા ક્યા હૈ? શ્વેતાંબરમેં હૈ ક્યા? વહ તો પહલે કહ દિયા. મૂલસંઘ અનાદિકા આત્મજ્ઞાન દર્શનસહિત દિગંબર. ઔર મૂલસંઘ સે ભ્રષ્ટ હુઆ વહ શ્વેતાંબર હૈ. વહ તો પહલે

કહ ગયે. ઈસ ગાથામેં આયેગા. સમજમેં આયા? અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, ઉસકા પંથ અંતર આનંદ ઔર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ઔર બાહ્યમેં પંચમહાવ્રતાદિ ઔર બાહ્ય મેં તદ્દ્ન નગ્નપના—વહ જૈનદર્શન હૈ. વહ મૂલ જૈનદર્શન હૈ અનાદિકા. સમજમેં આયા? ઉસમેં સે શ્વેતાંબર બારહ (વર્ષ કે) દુકાલ મેં ભ્રષ્ટ હુઆ. ભ્રષ્ટ હોકર નયા પંથ નિકાલા. વહ જૈનદર્શન નહીં. ઔર ઉસમેં સ્થાનકવાસી નિકલે, મુહપતિ. વહ ભી જૈનદર્શન નહીં. શ્વેતાંબરમેં સે ભ્રષ્ટ હુઆ હૈ. ઔર ઉસમેં સે યહ તેરાપંથી નિકલા. તુલસી હૈ ન તુલસી નહીં?

મુમુક્ષુ :- ઉસને જ્યાદા સુધારા કિયા.

ઉત્તર :- વહ જ્યાદા ભ્રષ્ટ હોકર નિકલે. મૂલસંઘ તો અનાદિકા આત્મજ્ઞાનદર્શન સહિત દિગંબર. ઉસમેં કુછ ફર્ક કમીબેસી હૈ નહીં. પંડિતજી! પરંતુ વહ અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી બાત હૈ. આહાહા..! ૧૪વીં ગાથા મેં આ ગયા પહલે. ૧૪વીં ગાથા મેં.

યહાં તો ભગવાન તીર્થંકરકો સમવસરણ આદિ હૈ વહ તો પુણ્યકી પ્રકૃતિકા ફલ હૈ. વહ કોઈ ગુણ નહીં. ગુણ તો સર્વજ્ઞ વીતરાગતા પ્રગટ હુઈ હૈ વહી પૂજનિક હૈ, વહ ગુણ વંદનિક હૈ. વહાં દેહ ઔર પુણ્ય વંદનીક હૈ? સમજમેં આયા? શ્રેણિકારાજા એક સમ્યગ્દર્શન થા. લો! સમ્યગ્દર્શન થા. ચારિત્ર વ્રત ઉસકો નહીં થા. ક્યોંકિ સમ્યગ્દર્શન સહિત અંદર રમણતા કરના વહ ચારિત્ર તો અલૌકિક પુરુષાર્થ હૈ. વહ કોઈ સાધારણ બાત નહીં. આહાહા..! શ્રેણિક રાજા સમ્યગ્દૃષ્ટિ થા. પરંતુ નરક કા આયુષ્ય બંધ ગયા થા પહલે. નરકમેં હૈ. પરંતુ તીર્થંકરગોત્ર બાંધા હૈ. આનેવાલી ચૌબીસી મેં પહલે તીર્થંકર હોંગે. .. હોંગે. કૌન? શ્રેણિકરાજા. અભી પહલી નરક મેં હૈ ૮૪ હજાર વર્ષ સ્થિતિ મેં. પરંતુ આત્મદર્શન-સમ્યગ્દર્શન પાયા થા. વહ અલૌકિક ચીજ હૈ ભાઈ! તો ઉસકે પ્રતાપસે તીર્થંકર ગોત્ર અભી બાંધતે હૈ, નરક મેં ભી બાંધતે હૈં. ઔર ૮૪ હજાર સાલ પૂરે કરકે ઈસ ભરતક્ષેત્રમેં જૈસે મહાવીર ભગવાન થે વૈસે તીર્થંકર હોંગે. ઔર ઉસ ભવમેં કેવલજ્ઞાન પાકર મોક્ષ હોગા. સમ્યગ્દર્શનકી ઈતની મહિમા, પરંતુ વહ સમ્યગ્દર્શન ચીજ ઐસી હૈ. સાધારણ જનતા કો ઉસકી ખબર હી નહીં. દેવ-ગુરુ-શાસ્ત્ર કો માનો, નવ તત્ત્વ કો માનો. યહ સમ્યગ્દર્શન હૈ હી નહીં. સમજમેં આયા? આહાહા..!

સમ્યગ્દર્શન તો કલ્યાણકી પરંપરા કા કારણ હૈ. ઔર દેવ જિનકી પૂજા કરતે હૈં. આહાહા..! ઉસને ડાલા હે ન? છહ ઢાલા મેં ડાલા હૈ ન. 'લેશ ન સંયમ.' ભાઈ!

મુમુક્ષુ :- ... સુરનાથ જજે હૈ.

ઉત્તર :- સુરનાથ જજે હૈ યહ દેખો આયા ન યહાં? આધાર સે ડાલા હૈ. છહ ઢાલાકે આધાર સે રખા હૈ. પહલે કે જો પંડિત થે ટોડરમલ, બનારસીદાસ આદિ વહ સબ શાસ્ત્રકે અનુસાર બાત કરતે હૈં. વહ કોઈ આધાર બિના બાત કરતે નહીં વહ. ભવભીરૂ થે. ભગવાન પરંપરા કા માર્ગ હૈ ઉસકો વહ ચલાતે થે. ઉસમેં વિરોધ નહીં કરતે. આહાહા..! દેખો! ઈસમેં આયા ન ૩૩ મેં. '**कल्लाणपरंपरया लहंति**

जीवि विसुद्धसम्मत्तं। सम्मदंसणरयणं अग्घेदि सुरासुरे लोए।।' तो ઉसमें वह આया कि नहीं? આહાહા..! વહ ૨૯ ગાથા હુઈ.

30-30.

**णाणेण दंसणेण य तवेण चरियेण संजमगुणेण।**
**जउहिं पि समाजोगे मोक्खो जिणसासणे दिट्ठो।।३०।।**

જૈનશાસન મેં ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને ઐસા દેખા કિ જિસકો સમ્યગ્જ્ઞાન હો. કેવલ જ્ઞાન નહીં, દર્શનસહિત જ્ઞાન હો. કેવલ શાસ્ત્રકા જ્ઞાન વહ જ્ઞાન નહીં. આહાહા..! આત્મજ્ઞાન સહિત જિસકો જ્ઞાન હો, આત્માકા જ્ઞાન હો. વહ પહલે દૂસરા લેંગે થોડા. ૩૧મેં સામાન્યજ્ઞાન, .. પરંતુ યહાં તો સામાન્યજ્ઞાન મૂલજ્ઞાન લેના હૈ. આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, ઉસકા જ્ઞાન હો, આત્મજ્ઞાન હો. આહાહા..! દૂસરા જ્ઞાન થોડા હો, ન હો ઉસકે સાથ સંબંધ નહીં. આત્મજ્ઞાન હો. ભગવાન તીર્થંકરને જો આત્મા કહા ઐસા આત્માકા જ્ઞાન અંદરમેં હો. તો વહ જ્ઞાન મોક્ષકે કારણ મેં કારણ હૈ.

ઔર '**દર્શન,...**' હો. સમ્યગ્દર્શન. અંતર સ્વરૂપ શુદ્ધ પૂર્ણ સ્વરૂપકી જ્ઞાન મેં વહ વસ્તુ જ્ઞેયરૂપ હોકર પ્રતીતિ હો. વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં ત્રિકાલી જ્ઞેય હોકર પ્રતીતિ હો ઐસા સમ્યગ્દર્શન વહ ભી મોક્ષકા કારણ હૈ. સાથ મેં મુનિપના હો. તપ અર્થાત્ મુનિપના. તપ કલ્યાણક કહતે હૈં ન? દીક્ષા કલ્યાણક. ભગવાન કો તપ કલ્યાણક કહતે હૈં. તપ કલ્યાણક કહો યા મુનિપના કહો. પંચ કલ્યાણક આતા હૈ ન? મુનિપના નગ્નદશા બાહ્ય મેં, અંતરમેં આનંદદશા હો. આહાહા..! ઔર ચારિત્ર હો અંદર રમણતા. આહાહા..! અતીન્દ્રિય આનંદ સ્વરૂપમેં ચરના, ચરના, રમના, જમના ઐસા ચારિત્ર હો.

'**ઈન ચારોંકા સમાયોગ હોને પર...**' ચારોં ઈકઠે હોકર મુક્તિ હોતી હૈ. કેવલ સમ્યગ્દર્શનસે નહીં, કેવલ સમ્યગ્જ્ઞાનસે નહીં, સમ્યગ્દર્શન બિના માત્ર વ્રતાદિસે નહીં. આહાહા..! સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, મુનિપના દીક્ષિત ઔર ચારિત્ર અંદર ઐસે ચાર યોગ સે મુક્તિ હોતી હૈ. ચારમેં એક કમ હો તબતક મુક્તિ હોતી નહીં. સમજમેં આયા? '**समाजोगे**' હૈ ન? '**जउहिं पि समाजोगे**' ચારોંકા યોગ-સંબંધ હો પૂરા તબ મુક્તિ હોતી હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન સે તીર્થંકરગોત્ર બાંધા શ્રેણિકને. પરંતુ જબતક ચારિત્ર ન હોગા તબતક મુક્તિ નહીં હોગી. તો ભવિષ્ય મેં અંતર રમણતા, ચારિત્ર અર્થાત્ અંતર આનંદ મેં રમણતા, ઐસા હોગા તબ મુક્તિ હોગી. ઐસા જિનશાસન મેં ઐસા ભવગાનને કહા હૈ. કેવલ દર્શન-જ્ઞાન સે નહીં, કેવલ વ્રત સે નહીં. ચારોં ઈક્ટઠે હો તબ હોતા હૈ. વહ આયેગા. '**ઉસસે જિન શાસન મેં મોક્ષ હોના કહા હૈ.**'

'**આગે ઈન જ્ઞાન આદિકે ઉત્તરોત્તર સારપણા કહતે હૈં :—** ' અબ થોડી દૂસરી બાત કરેંગે.

**णाणं णरस्स सारो सारो वि णरस्स होइ सम्मत्तं।**
**सम्मत्ताओ चरणं चरणाओ होइ णिव्वाणं।।३१।।**

ભગવાન કુંદકુંદાચાર્ય. '**પહિલે તો ઈસ પુરુષકે લિયે જ્ઞાન સાર હૈ...**' ક્યા છોડનેલાયક હૈ, ક્યા આદરને લાયક હૈ ઐસા જ્ઞાન ન હો તો કુછ સમજતે નહીં. હેય-ઉપાદેય. અંદરમેં દયા, દાન, વ્રતાદિકા ભાવ હોતા હૈ વહ હેય હૈ. ક્યોંકિ વહ રાગ હૈ. આહાહા..! ઔર ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ હૈ વહ ઉપાદેય હૈ.

મુમુક્ષુ :- જ્ઞાન કૈસા લેના? ભય..

ઉત્તર :- સાધારણ લેંગે વહ. સાધારણ લેંગે. પરંતુ યહ તો સાધારણ કરકે સમ્યગ્દર્શન ઐસા લેંગે અર્થ મેં. પરંતુ વહ તો વાસ્તવ મેં યથાર્થ જ્ઞાન હો તો હેય-ઉપાદેય બિના જ્ઞાન હોતા નહીં. યહ તો જરા ભાષા ઐસી લી હૈ. પહલે સાધારણ જ્ઞાન તો હો ન? વ્યવહારુ જ્ઞાન. યથાર્થ નહીં. પરંતુ વ્યવહાર મેં રાગાદિ હેય હૈ ઔર વસ્તુ ઉપાદેય હૈ, નિમિત્ત હેય હૈ, શુદ્ધ ભગવાન આત્મા ઉપાદેય હૈ, ઐસા સાધારણ પહલે વિકલ્પસહિત કા જ્ઞાન યથાર્થ ભલે નહીં. સમજમેં આયા? વહ તો સમ્યગ્દર્શન હો તો યથાર્થ જ્ઞાન હો.

મુમુક્ષુ :- જ્ઞાન હો તબ...

ઉત્તર :- તબ હી વાસ્તવ મેં જ્ઞાન કહને મેં આતા હૈ. આહાહા..!

યહાં તો સાધારણ બાત કરતે હૈં કિ '**જ્ઞાન સે સબ હેય-ઉપાદેય જાને જાતે હૈં ફિર ઉસ પુરુષકે લિયે સમ્યક્ત્વ નિશ્ચયસે સાર હૈ ક્યોંકિ સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ.**' ઐસા લેંગે.

મુમુક્ષુ :- .. મેં નિશ્ચય શબ્દ

ઉત્તર :- નિશ્ચય. આહાહા..! યહાં વહ શાસ્ત્રકા જ્ઞાન હૈ હેય-ઉપાદેયકા. પરંતુ સમ્યગ્દર્શન ન હો તો વહ જ્ઞાન યથાર્થ કહનેમેં નહીં આતા.

'**સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ,...**' આહાહા..! સારા સમ્યગ્જ્ઞાન કો સમ્યક્ કરનેમેં તો સમ્યગ્દર્શન કારણ હૈ. આતા હૈ ન વહ છહ ઢાલામેં આતા હૈ. સમ્યગ્દર્શન કારણ ઔર સમ્યગ્જ્ઞાન કાર્ય. આતા હૈ ન? સાથ હી હોને પર ભી વહ કાર્યકારણ કહને મેં આતા હૈ. છહ ઢાલા મેં આતા હૈ. વહ પુરુષાર્થ સિદ્ધિ ઉપાય... દિયા ઔર પ્રકાશ. દિયા કારણ હૈ ઔર પ્રકાશ કાર્ય હૈ. ઐસે સમ્યગ્દર્શન કારણ હૈ. દિયા સમજે? દીપક. દીપક કારણ હૈ ઔર પ્રકાશ હૈ તો સાથમેં. પરંતુ કારણ-કાર્ય હૈ. ઐસે સમ્યગ્દર્શન કારણ હૈ ઔર સમ્યગ્જ્ઞાન કાર્ય હૈ. વહ સમ્યક્ યથાર્થકી બાત હોં! સમ્યગ્દર્શન બિના કા જો જ્ઞાન હૈ વહ જ્ઞાન અજ્ઞાન હૈ. ચાહે તો ગ્યારહ અંગ પઢે ઔર ચાહે તો નવ પૂર્વ પઢે. નવ પૂર્વકા જ્ઞાન ભી સમ્યગ્દર્શનકે બિના વહ અજ્ઞાન હૈ. આહાહા..!

યહાં તો '**પુરુષકે લિયે સમ્યક્ત્વ નિશ્ચયસે સાર હૈ...**' ઉસકો તો નિશ્ચય સમ્યક્ત્વ સાર હૈ. '**સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ. સમ્યક્ત્વ મેં ચારિત્ર હોતા હૈ...** ' સમકિત હો

પીછે ચારિત્ર હોતા હૈ. સમ્યગ્દર્શન ન હો ઔર ચારિત્ર હો, વહ હો સકે નહીં. અજ્ઞાન હૈ સબ. આહાહા..! અંતર આત્મદર્શન કે અનુભવ બિના ચારિત્ર કભી હોતા નહીં. સમજમેં આયા? વ્રત, તપ, સંયમ સબ સમ્યગ્દર્શન અનુભવ દૃષ્ટિ બિના નિરર્થક હૈ. પરંતુ સમકિતસે ચારિત્ર હોતા હૈ. '**સમ્યક્ત્વ કે બિના ચારિત્ર ભી મિથ્યા હી હૈ,...**' દેખો! અંતર ભગવાન નિર્વિકલ્પ સમ્યક્ હોં! સમકિત અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા વહ નહીં. નવ તત્ત્વકી શ્રદ્ધા ભેદવાલી વહ ભી નહીં. વહ સબ શ્રદ્ધા અભેદ અંદર જો હૈ મુખ્ય જિનશાસ્ત્રમેં. તત્ત્વાર્થસૂત્ર મેં હૈ ન ઉમાસ્વામી. 'તત્ત્વાશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ ઔર સંવર-નિર્જરાદિકી પર્યાય ઉસમેં હૈ નહીં, ઐસા અંતરમેં જ્ઞાન હો, ઉસમેં પ્રતીત હો, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સૂક્ષ્મ બાત કઠીન બહુત ભાઈ! ધર્મ હી સૂક્ષ્મ બહુત. આહાહા..!

શુભભાવ હૈ ન શુભ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા શુભભાવ હૈ વહ ભી સ્થૂલ હૈ. ઐસે ભગવાન કુંદકુંદાચાર્ય સમયસાર મેં કહતે હૈં પુણ્ય-પાપ મેં. વહ સ્થૂલ રાગ હૈ. આહાહા..! વહ રાગસે ભિન્ન ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ ધ્રુવસ્વભાવ ઉસકે સન્મુખમેં રુચિકા પરિણમન હોના. આહાહા..! જ્ઞાનકા સમ્યગ્દર્શનરૂપ સે પરિણમન હોના. '**जीवादीसद्दहणं**' દેખો વહ આયા. પુણ્ય-પાપકી હૈ ન ગાથા. ૧૫૫. '**जीवादीसद्दहणं**' માત્ર '**जीवादीसद्दहणं**' નહીં ઉસકા જ્ઞાન સમકિતરૂપ સે પરિણમન. આહાહા..! વૈસે તો જીવાદિ નવ તત્ત્વકા તો અનંતબાર જ્ઞાન કિયા ભેદવાલા. આહાહા..! યહ તો નિશ્ચય સમ્યગ્દર્શન વ્યવહાર સમ્યગ્દર્શન વહ તો વિકલ્પ હૈ, રાગ હૈ, વહ કોઈ સમ્યગ્દર્શન હૈ નહીં. સમ્યગ્દર્શન તો આત્મા નિર્વિકલ્પ આનંદમૂર્તિ પ્રભુ, ઉસકા જ્ઞાન હોકર અંતરમેં નિર્વિકલ્પ પ્રતીતિ હોના ઉસકા નામ ભગવાન સમ્યગ્દર્શન કહતે હૈં. જો સમ્યગ્દર્શન ન હો તો જ્ઞાન ભી વૃથા ઔર ઉસકી ક્રિયાકાંડ સબ વૃથા હૈ. ઉસમેં કુછ ફલ મોક્ષકા હૈ નહીં. આહાહા..! સમજ મેં આયા?

'**સમ્યક્ત્વસે ચારિત્ર હોતા હૈ ક્યોંકિ સમ્યક્ત્વ બિના ચારિત્ર ભી મિથ્યા હી હૈ, ચારિત્ર સે નિર્વાણ હોતા હૈ.**' સ્વરૂપકી રમણતા મેં નિર્વાણ હોતા હૈ. સ્વરૂપકી રમણતા ન હો ઔર માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન હો તો મુક્તિ નહીં હોતી. આહાહા..!

'**ભાવાર્થ :- ચારિત્રસે નિર્વાણ હોતા હૈ...**' સ્વરૂપ આનંદ પ્રભુ ઉસમેં ચરના, રમના. જૈસે પશુ અનાજ યા ઘાસ ચરતે હૈ. પશુ ઘાસ ચરતે હૈં ન? ઐસે ધર્મી આનંદકો ચરે અંદર. ચારિત્ર હૈ ન? ચરના. આનંદમૂર્તિ પ્રભુ ભગવાન આત્મા ઉસકા અનુભવ ચરના, રમના, ઉસકા નામ ભગવાન ચારિત્ર કહતે હૈં. આહાહા..! વહ ચારિત્ર સે નિર્વાણ હોતા હૈ.વહ ચારિત્રસે મુક્તિ હોતી હૈ. ચારિત્ર બિના મુક્તિ નહીં હોતી. '**ઔર ચારિત્ર જ્ઞાનપૂર્વક સત્યાર્થ હોતા હૈ...**' સચ્ચે જ્ઞાનપૂર્વક હો તો ચારિત્ર સચ્ચા હોતા હૈ.

મુમુક્ષુ :- ..સમકિત હોતા હૈ.

ઉત્તર :- વહ બાદ મેં કહેંગે. સમજમેં આયા? ચારિત્રમેં તો હેય-ઉપાદેયકા તો યથાર્થ જ્ઞાન હોતા

હૈ. આહાહા..! જિસમેં પંચ મહાવ્રતકા વિકલ્પ ઉઠે વહ ભી હેય હૈ. વહ ચારિત્ર નહીં. આહાહા..! ચારિત્ર તો આત્મા કે સ્વરૂપમેં આનંદ મેં રમના વહ ચારિત્ર હૈ. ઐસા **'ચારિત્ર જ્ઞાનપૂર્વક સત્યાર્થ હોતા હૈ...'** સચ્ચા જ્ઞાન હો તો ચારિત્ર હોતા હૈ. જિસકે જ્ઞાનકા ઠિકાના નહીં ઉસકો ચારિત્ર હોતા નહીં. યહ જ્ઞાન હોં. દૂસરા કુછ સમજમેં આવે, ન આવે વહ ચીજ નહીં. અંતરમેં...

દેહાદિ, વાણીકી ક્રિયા હૈ વહ મેરી નહીં. ઔર રાગાદિભાવ હોતા હૈ વહ હેય હૈ, દૂર કરનેલાયક હૈ, છોડનેલાયક હૈ. ઔર મેરી ચીજ આનંદસ્વરૂપ હૈ વહ હી આદરણીય ઔર અંગીકાર કરને લાયક હૈ. ઐસા જ્ઞાન બિના ચારિત્ર સત્યાર્થ હોતા નહીં. જ્ઞાનપૂર્વક સત્યાર્થ હોતા હૈ. જ્ઞાન સમકિતપૂર્વક સચ્ચા હોતા હૈ. વહ જ્ઞાન ભી સચ્ચા કબ હોતા હૈ? કિ સમ્યગ્દર્શન હો તો સચ્ચા જ્ઞાન હોતા હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત. અનંતકાલમેં ઉસને કભી કિયા નહીં. વ્રત, નિયમ, તપ, ક્રિયાકાંડ કરકે ચાર ગતિ મેં ભટકતા હૈ. ભવભ્રમણ કિયા. પરંતુ ભવભ્રમણકે અભાવકી ચીજ વસ્તુ આત્મા અખંડ પરમાત્મસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ ઉસકી સન્મુખ હોકર પ્રતીતિ, શ્રદ્ધા, રુચિ ઔર પરિણમન આહાહા..! વહ સમકિત હૈ. ઔર સમકિત બિના સત્યાર્થ જ્ઞાન હોતા નહીં.

**'ઈસપ્રકાર વિચાર કરને સે સમ્યક્ત્વકે સારપના આયા.'** સમકિતકા સારપના આયા. પહલે વહ જ્ઞાનસાર કહા થા ન. પરંતુ જ્ઞાન સાર ભી સમકિત હો તો સારપના. આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાતે હૈં. દિગંબર મુનિ વનવાસી થે. વે કહતે હૈં કિ ભાઈ! સમકિતપૂર્વક જ્ઞાન હો તો સત્યાર્થ હૈ. આહાહા..! **'ઈસપ્રકાર વિચાર કરને સે સમ્યક્ત્વકે સારપના આયા. ઈસલિયે પહલે તો સમ્યક્ત્વ સાર હૈ...'** લો! પહલે તો સાર મેં સાર સમ્યગ્દર્શન હૈ. આહાહા..! ઉસકે બિના સારા જ્ઞાન ઔર વ્રત, નિયમ સબ ફોગટ હૈ. ચાર ગતિ મેં ભ્રમણ કરનેકા કારણ હૈ. આહાહા..! ઉસમેં નિષ્ક્રિય ભગવાન આત્મા રાગકી ક્રિયા બિનાકી ચીજ આત્મા હૈ. ઐસી આત્માકી, સ્વભાવકી પ્રતીતિ અનુભવ જ્ઞાન મેં અંદરમેં ભાન હોકર હોના વહી સમકિત સાર હૈ. કહો, ઉસકા વ્યાખ્યાન કરેગા ૩૨ ઔર ૩૩ મેં. બખાન કરેગા. વહ સમ્યગ્દર્શન સુરાસુરસે પૂજનિક હૈ. ૩૩મેં આતા હૈ ન? અઘેય અઘેય. સમ્યગ્દર્શનકો અર્ઘ ચઢાતે હૈં. સુરાસુર દેવોં. આહાહા..! ચંડાળકો ભી સમ્યગ્દર્શન હોતા હૈ. ચંડાળ.. શ્રાવકરત્નકરંડાચાર મેં આયા હૈ. ઉસકો દેવ કહનેમેં આતા હૈ. સમ્યગ્દર્શન માતંગ હો તો દેવ હૈ. ઔર શ્રાવરકરત્નકરંડાચાર મેં. ક્યા હૈ ગાથા? માતંગ નહીં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. યહ. ક્યા કહા? હૈ શ્રાવકરત્નકરંડાચાર. સમંતભદ્રાચાર્ય. સમંતભદ્રાચાર્ય કહતે હૈં. ચંડાળ હો ઔર પુણ્ય હીન હો, શરીર કાલા હો.

મુમુક્ષુ :- નારકી પ્રાપ્ત કરે તો ચંડાળ...

ઉત્તર :- હા. નારકી, સપ્તમી નારકી. આહાહા..! સાતવી નરક મેં સપ્તમી રવરવ નરક. અપયઠાણા

નરક. વહાં ભી સમ્યગ્દર્શન પાતે હૈ. આહાહા..! સમ્યગ્દર્શન તો વહાં ભી પાતે હૈં. ભલે મિથ્યાત્વ લેકર જાતે હૈં. ઔર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતે હૈ ઔર પીછે ભી મરકર મિથ્યાત્વ લેકર નિકલતે હૈં સાતવીં નરક મેં. ઐસી ચીજ હૈં. આહાહા..! પરંતુ બીચ મેં સમ્યગ્દર્શન હોતા હૈ. વહ ચીજકો યહાં સારપને ગીનને મેં આયી હૈ.

'**પીછે જ્ઞાન ચારિત્ર સાર હૈ.**' સમ્યગ્દર્શન હો તો પીછે સમ્યગ્જ્ઞાન ઔર ચારિત્ર સાર હૈ. '**પહિલે જ્ઞાન સે પદાર્થોંકો જાનતે હૈં અતઃ પહિલે જ્ઞાન સાર હૈ તો ભી સમ્યક્ત્વ બિના ઉસકા ભી સારપના નહીં હૈ, ઐસા જાનના.**' ઉસમેં સમ્યગ્દર્શનકા મુખ્યપના સારપના ગીનને મેં આયા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૭, ગુરુવાર તા. ૧૮-૧૦-૧૯૭૩**
**ગાથા- ૩૨, ૩૩, ૩૪, ૩૫ પ્રવચન - ૩૦**

ગાથા-૩૨. એમાં દર્શનપાહુડ પહેલું છે ને આ?

**णाणम्मि दंसणम्मि य तवेण चरिएण सम्मसहिएण।**
**चउण्हं पि समाजोगे सिद्धा जीवा ण सन्देहो।।३२।।**

'**અર્થ :- જ્ઞાન ઔર દર્શનકે હોને પર...**' એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અથવા સમ્યગ્જ્ઞાની '**સમ્યક્ત્વસહિત...**' અને એ સમકિત સહિત. '**દર્શન હોને પર...**' એટલે એ સમકિત સહિત દર્શન એમ. દર્શન એ. અહીં તો '**જ્ઞાન ઔર દર્શનકે હોને પર સમ્યક્ત્વસહિત...**' દર્શન છે એ સમકિત છે એમ લેવું છે અહીં. '**તપ કરકે ચારિત્રપૂર્વક...**' એમ છે. ટીકામાં પણ એમ છે અને અહીંયાં પણ એમ છે. સમ્યગ્દર્શન સહિતનું જે જ્ઞાન ને દર્શન ને ચારિત્ર '**चउण्हं पि समाजोगे सिद्धा जीवा ण सन्देहो।**' ચારના સંબંધે, જૈનશાસનમાં ચાર કારણે મુક્તિ થાય છે. એ કહે છે.

'**જીવ સિદ્ધ હુએ હૈં, ઈસમેં સંદેહ નહીં હૈ.**' '**ण सन्देहो।**' આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વભાવી એનું દર્શન સમ્યગ્દર્શન. એનું જ્ઞાન અને એનું ચારિત્ર અને મુનિપણું. અહીંયાં તપ એટલે મુનિપણું લેવું છે. મુનિપણું એ ચારિત્ર સમકિતસહિત. એ ચાર. '**ચારોંકે સંયોગસે હી હુએ હૈં યહ જિનવચન હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ.**' જે કંઈ અત્યાર સુધી સિદ્ધો થયા એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, તપ અને ચારિત્ર એ સહિત થયા. સમજાણું કાંઈ? એમાં સંદેહ નથી. એ ૩૨ થઈ.

હવે ૩૩. આ બધી સમ્યગ્દર્શનની માહાત્મ્યની ગાથાઓ છે બધી. **'આગે કહતે હૈં કિ – લોકમેં સમ્યગ્દર્શનરૂપ રત્ન અમોલક હૈ ઔર વહ દેવ-દાનવોંસે પૂજ્ય હૈં.'** આહાહા..!

**कल्लाणपरंपरया लहंति जीवा विसुद्धसम्मत्तं।**
**सम्मद्दंसणरयणं अग्घेदि सुरासुरे लोए।।३३।।**

**'અર્થ :- જીવ વિશુદ્ધ સમ્યક્ત્વ કો...'** દર્શનવિશુદ્ધિ કહતે હૈં ન સોલહ કારણ ભાવનામેં. દર્શન વિશુદ્ધિ. વહ દર્શનવિશુદ્ધિ. વિશુદ્ધ સમકિત. નિરતિચાર સમકિત અને દર્શન વિશુદ્ધિ. એ વિકલ્પ... **'વિશુદ્ધ સમ્યક્ત્વકો કલ્યાણકી પરંપરા સહિત પાતે હૈં...'** સમજાય છે? પહેલી ગાથામાં ગયું એની આ વિશેષ વાત. સમ્યગ્દર્શન સહિત જે **'વિશુદ્ધ સમ્યક્ત્વકો કલ્યાણકી પરંપરા...'** એક પછી એક કલ્યાણ. આ તીર્થંકરની વાત ચાલે છે આમાં પંચકલ્યાણક. ગર્ભ કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક, મોક્ષ કલ્યાણક એ પાંચ કલ્યાણક થાય છે. **'વિશુદ્ધ સમ્યક્ત્વકકો કલ્યાણકી પરંપરા સહિત પાતે હૈં...'** એનું મૂળ વિશુદ્ધ સમકિત છે પહેલું. એને વિશુદ્ધ સમકિત નિરતિચાર પચ્ચીસ દોષ રહિત આદિ... વ્યવહારના પચ્ચીસ દોષ છે ને? એવું જે અંતરમાં સમ્યગ્દર્શન એ કલ્યાણની પરંપરા સહિત **'પાતે હૈં ઈસલિયે સમ્યગ્દર્શન રત્ન હૈ...'** સમ્યગ્દર્શન અમોલક રત્ન છે. **'વહ ઈસ સુર-અસરોંસે ભરે હુએ લોકમેં...'** લોક શબ્દ છે ને? **'સુર-અસુરોંસે ભરે હુએ લોકમેં પૂજ્ય હૈ.'** લ્યો, અહીં સમ્યગ્દર્શનને પૂજ્ય કહેવામાં આવ્યું છે.

સમ્યગ્દર્શન વિશુદ્ધ નિરતિચાર. પહેલા ગાથામાં આવી ગયું ૩૨માં તો કે ચારના સમાયોગે મુક્તિ થાય. હવે અહીંયા સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવે છે કે સમ્યગ્દર્શનસહિત કલ્યાણની પરંપરા. સમ્યગ્દર્શન એ જીવ તીર્થંકરગોત્ર બાંધે છે. એની પરંપરા પાંચેય કલ્યાણક એને હોય છે. એ સમ્યક્ રત્ન સુર-અસુર જેવા દેવમાં પણ પૂજ્ય છે. આહાહા..! ટીકામાં તો એ લીધું છે. આવું જે સમ્યગ્દર્શન નિર્મળ, એની કિંમત જ નથી. કિંમત નથી એટલે અમૂલ્ય છે. અને એનું મૂલ્ય કમ કરવા જાય તો મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે એમ કહે છે. મૂળ તો એ છે....

સમ્યગ્દર્શનનું મહત્ત્વ કમ, થોડું કરે. જેવું એનું મહત્ત્વ છે એને ઠેકાણે વ્રત અને નિયમની કિંમત કરે અને આની કિંમત કાંઈ નહિ. આહાહા..! કારણ કે મનુષ્યપણામાં ચારિત્રની મુખ્યતા છે. વ્રત, નિયમ બીજી ગતિમાં હોય નહિ. માટે આ ભવમાં વ્રત કયા? માનેલા હોં એના.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન સહિત કે રહિત?

ઉત્તર :- રહિત. એ તો એમ કહે અમને સમ્યક્ શ્રદ્ધા તો છે. વ્રત ઔર તપનો કાલે પ્રશ્ન નહોતો કર્યો? કે આ મુનિપણું જે કાંઈ જિનાજ્ઞા માન્યા વિના લેતા હશે? રાતે પ્રશ્ન હતો. જિનાજ્ઞા એ કઈ જિનાજ્ઞા? પરમાર્થે જે જિનાજ્ઞા જે આત્માના આનંદનું અંતર ભાન થઈને જે સમ્યગ્દર્શન થવું એ તો મૂળ આજ્ઞા છે. એ આજ્ઞાની તો ખબર ન મળે અને પછી આ વ્રત ને તપ ને બહારના માંડે, એકડા

વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? બહુ સારી વાત છે. આહાહા..!

**'સમ્યગ્દર્શન રત્ન હૈ વહ ઈસ સુર-અસુરોસેં...'** ભવનમાં પણ જેની પૂજ્યતા છે એમ કહે છે. મનુષ્ય તો પૂજ્ય છે, પણ સુર-અસુર દેવ જે દૂર રહ્યા એને પણ એની કિંમત છે અને એ પૂજે છે. 'लोए' શબ્દ છે ને? 'लोए' ભવન. એના ભવન. એના ભવનમાં. ભવનપતિ દેવો આદિના ભવનમાં પણ સમ્યગ્દર્શન પૂજ્ય છે, એની કિંમત છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ચીજની કિંમત વિના બધી બહારની માંડી આ બધી ઉપવાસ ને વ્રત ને ફલાણું, એનું માહાત્મ્ય. તો કહે છે કે જેને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અચિંત્ય છે, એનું માહાત્મ્ય જે કમ-થોડું કરે છે, ઓછું કરે છે. ટીકાકારે તો આટલું લખ્યું. એ તો પંડિતજીને પૂજ્યું ત્યારે કહે કોઢ થાય. સમ્યગ્દર્શનનું ઉપદેશમાં મહત્ત્વ જો કમ કરે તો એના મોઢામાં કોઢ થાય. કોઢ એટલે આ. વાંચે કોણ? એ તો એ ભાષા એમ છે જરી. લીટી છે, જુઓ, લીટી છે લાલ. ઉપર ઉપર. કોઢ. જુઓને છે. અહીં તો સત્ય છે એ કહીએ છીએ. અહીં તો ... એને કોઢ વળગ્યો છે પ્રરૂપણામાં એમ એનો અર્થ છે. એની પ્રરૂપણામાં કોઢ છે શરીરને. જેને સમ્યગ્દર્શનની કિંમત ઘટાડી છે અને બીજા બાહ્યના વ્રત ને તપની કિંમત કરવી છે એ તો મહામિથ્યાત્વી જીર્ણપણું લાગુ પડ્યું છે. સ્વભાવની જીર્ણતા કરી નાખી છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની કિંમત વધારે?

ઉત્તર :- દર્શનની કિંમત વધારે. જ્ઞાનની જુદી વાત છે. પણ કિંમત દર્શનની છે ને. દર્શન વિના જ્ઞાન સમ્યક્ ક્યાંથી હોય? જાણે એ જ્ઞાન એ જ્ઞાન. એ પ્રશ્ન કર્યો. એ ચારિત્રને જાણે જ્ઞાન. એથી કાંઈ જ્ઞાનની કિંમત છે વધારે? ચારિત્રની છે. પણ એટલું ચારિત્રને જાણે જ્ઞાન ને? ચારિત્રને જાણે જ્ઞાન ને? આહાહા..! તો જ્ઞાનની કિંમત વિશેષ કે ચારિત્રની? જાણે એટલે? વસ્તુ મુખ્ય એ છે. કેમકે દર્શન પહેલું પૂરું થાય છે અને જ્ઞાન પહેલું પૂરું થાતું નથી. એટલે સમ્યગ્દર્શનને પહેલું લીધું છે.

મુમુક્ષુ :- દર્શન...

ઉત્તર :- હા એ. દર્શન પહેલું પૂરું થઈ જાય ક્ષાયિક સમકિત આદિ. જ્ઞાન પૂરું થતું નથી. જ્ઞાન તો પૂરું કેવળજ્ઞાન થાય ત્યારે થાય. ચારિત્ર પૂરું તો વળી બારમે થાય અને ચૌદમે છેલ્લે થાય. આખા આત્માનું ચારિત્ર ચૌદમે છેલ્લે.

અહીં તો કહે છે. આપણે તો ઓલી ટીકામાં એવો અર્થ કર્યો જરી થોડો. વાત આપણે એમાંથી એટલી લેવાની સાર કે વસ્તુ જે છે પ્રથમ ભૂમિકા આત્મા આનંદ અને પૂર્ણ સ્વરૂપ અખંડ અભેદ ધ્રુવ, એની જેને અંતરમાં પ્રતીતિ સમ્યગ્દર્શન થયું છે એ સમ્યગ્દર્શનનું મૂલ્ય કોણ ટાંકે? કહે છે. એવી એ ચીજ છે. અને એનું જો મૂલ્ય ટાંકવા જાય... આ તો આવે છે ને શ્રીમદ્‌માં નહિ? વાણીમાં. નિજ મતી... 'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ' વીતરાગની વાણીની ઉપમા આપવી વ્યર્થ. અને ઉપમા આપ્યાથી નિજમતિ મપાય છે. એ પહેલું .. કરી નાખે છે. વીતરાગની વાણી શું ચીજ? મોટો કોઢ તો

એ છે હવે. શરીરના કોઢની શું? ઊંધી માન્યતાવાળા ઘણા હોય છે. શરીરને કાંઈ ન થાય. નિરોગ શરીર હોય. આહાહા..!

એ તો જરી કડકાઈ બતાવીને... મુખ મૌન થઈ જશે એનું, એમ કે મોઢું બંધ થઈ જશે. આવી સમ્યગ્દર્શનની કિંમત ઘટાડવા જાઈશ તો એકેન્દ્રિય થાશે એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :- ખરાબ બોલે તો નથી કહેતા કે તારું મોઢું બંધ...

ઉત્તર :- અહીં તો મુખ નહિ મળે તને. મોઢું નહિ મળે. આહાહા..! એવી કિંમત છે આત્માની. વસ્તુ સમ્યગ્દર્શન એટલે કે ઓહોહો..! જેનાથી ધર્મની શરૂઆત, જેનાથી જ્ઞાન સમ્યક્, જેનાથી ચારિત્ર સમ્યક્. એવી જે ચીજ છે કિંમત તો સમ્યગ્દર્શનની પહેલી વાત છે હોં. પછી એના કરતા તો ચારિત્રની કિંમત તો અનંતગુણી છે. એ જુદો વિષય છે. કેમકે ચારિત્ર તો અલૌકિક છે, પણ ચારિત્ર પહેલાં દર્શનની કિંમત અલૌકિક છે. એમ કહે છે.

મુમુક્ષુ :- દર્શન વિના કોઈને ચારિત્ર થાય નહિ.

ઉત્તર :- કોઈને નહિ. અજ્ઞાનીને જ્ઞાન ન હોય, ચારિત્ર ન હોય, દર્શન ન હોય. ચારિત્ર ક્યાં હતા પણ? આહાહા..!

અહીં કહે છે કે '**વિશુદ્ધ અર્થાત્ પચ્ચીસ મલદોષોંસે રહિત નિરતિચાર સમ્યક્ત્વસે કલ્યાણ કી પરંપરા અર્થાત્ તીર્થંકર પદ પાતે હૈં,...**' લ્યો! આહાહા..! પચ્ચીસ મલના દોષરહિત... છે ને પચ્ચીસ? વ્યવહાર સમકિતમાં આવે છે. નામ ક્યાંક આપ્યા છે? ક્યાંક નામ છે. પચ્ચીસ દોષ આવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. '**સમ્યક્ત્વસે કલ્યાણકી પરંપરા અર્થાત્ તીર્થંકરપદ પાતે હૈં, ઈસલિયે યહ સમ્યક્ત્વ-રત્ન લોકમેં...**' લોકમેં છે ને પાઠમાં? '**સબ દેવ, દાનવ ઔર મનુષ્યોંસે પૂજ્ય હોતા હૈ.**' લ્યો! મનુષ્ય નાખ્યું એમાં. '**सुरासुरे लोए**' દેવથી ભરેલો આદિ લોક ને મનુષ્ય આદિમાં એની કિંમત છે. '**પૂજ્ય હોતા હૈ.**' આહાહા..! ચંડાળ પણ સમ્યગ્દૃષ્ટિ છે તો દેવ એને કહ્યો છે. લોકો સમ્યગ્દર્શનની ચીજ વિના આ બધું હાંકે રાખ્યું છે. અમે બહારનો ત્યાગ કર્યો છે અને આ વ્રત લીધા છે ને અમે આ લીધા માટે અમારી કિંમત છે. એ કિંમત કરવા સમ્યગ્દર્શનની કિંમત જ ઘટાડી દીધી આખી. સમજાણું કાંઈ? ધર્મના મૂળમાં ચારિત્રનું મૂળ તો સમ્યગ્દર્શન છે. ધર્મ ચારિત્ર છે, પણ એનું મૂળ? સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? જ્ઞાન ક્યાંથી આવ્યું? એનો એક અક્ષર પણ સાચો ક્યાંથી થયો? આહાહા..!

'**સમ્યક્ત્વ-રત્ન લોકમેં સબ દેવ, દાનવ ઔર મનુષ્યોંસે પૂજ્ય હોતા હૈ.** ' આહાહા..! '**તીર્થંકર પ્રકૃતિકે બંધકે કારણ...**' પચ્ચીસ દોષનું વર્ણન નથી કર્યું. વિસ્તાર બીજે છે. '**તીર્થંકર**

**પ્રકૃતિકે બંધકે કારણ સોલહકારણ ભાવના કહી હૈં ઉનમેં પહિલી દર્શનવિશુદ્ધિ હૈ... '** દર્શન વિશુદ્ધિ છે ને? સમકિતસહિત વિકલ્પ એવો ઉઠે તીર્થંકરગોત્રનો એ પ્રથમ છે. એ દર્શન ન હોય તો એ પંદરેય નકામા છે. સમજાય છે કાંઈ? ષોડશકારણમાં પહેલી દર્શનવિશુદ્ધિ એ પ્રધાન છે. સમ્યગ્દર્શન એટલે આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ. આહાહા..! અખંડ અભેદ ધ્રુવ ચૈતન્ય પરમાત્મા પોતે પરમસ્વરૂપ જ છે. એવી અંતરમાં જ્ઞાનમાં જ્ઞેય થઈને પ્રતીતિ થવી એ ચીજ તો અલૌકિક છે. એ ચીજથી જ શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સોળ ભાવનામાં દર્શનવિશુદ્ધિ લીધી વિકલ્પાત્મક?

ઉત્તર :- વિકલ્પ-વિકલ્પ કીધો ને. પહેલી વાત થઈ ગઈ. આમાં બોલાઈ ગયું. બેવાર બોલાઈ ગયું. દર્શનવિશુદ્ધિમાં એકલા સમકિતથી તીર્થંકરગોત્ર ન બાંધે. પણ તીર્થંકરગોત્ર બાંધનારો સમકિતી હોય. અને એ સમ્યગ્દર્શનમાં પણ... કહ્યું છે ને તત્ત્વાર્થસૂત્રમાં. દેવનું આયુષ્ય બાંધે સમકિતી એવું કહ્યું છે ત્યાં. એ સમકિત નહિ પણ સાથે રાગ છે એ બાંધે છે એમ. સમકિત છે ને. 'સમકિત ચ'. તત્ત્વાર્થસૂત્રનું દેવનું આયુષ્યનું કારણ સમકિત પણ કહ્યું છે. સમકિતનો અર્થ? સમ્યગ્દર્શનની ભૂમિકામાં દેવનું આયુષ્ય બાંધે એવો ભાવ એને હોય છે, એમ. પુરુષાર્થસિદ્ધિમાં પણ કહ્યું નથી? મોક્ષનો માર્ગ બંધ પણ છે અને નિર્જરા પણ છે. મોક્ષમાર્ગથી બંધ પણ થાય છે એમ કહ્યું છે, એટલે ઓલો રાગ બાકી છે ને વ્યવહાર એ. આહાહા..! એણે સમજવું જોઈએ ને. જેટલે અંશે રાગ છે એટલે અંશે બંધ છે. જેટલે અંશે દર્શનશુદ્ધિ છે એટલે અંશે અબંધ છે. આહાહા..!

**'દર્શનવિશુદ્ધિ હૈ વહી પ્રધાન હૈ,... '** આહાહા..! **'યહી વિનયાદિક પંદ્રહ ભાવનાઓંકા કારણ હૈ,...'** દેખો! દર્શનવિશુદ્ધિ પછી છે ને વિનય આદિ સોળ બોલ? પણ એ દર્શનવિશુદ્ધિ હોય તો વિનાયાદિક કારણ થાય અને સમ્યગ્દર્શન ન હોય તો એ વિનયને એ બધા છ આવશ્યક ને ફાવશ્યક બધું નકામું જાય એમ કહે છે. આહાહા..! **'ઈસલિયે સમ્યગ્દર્શન કે હી પ્રધાનપના હૈ.'** હવે એ સમ્યગ્દર્શનની મુખ્યતા જ પાછળમાં લેવા માંડી છે. પહેલું જિનદર્શન લીધું હતું. સમજાય છે કાંઈ? એમાં જૈનદર્શનમાં પણ હવે સમ્યગ્દર્શન, એમ. સમજાણું કાંઈ? જૈનદર્શન લીધું હતું ચૌદમી ગાથા પહેલે.. એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય ચીજ પાછી. સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર કે બાહ્ય અભ્યંતર ત્યાગ યથાર્થ હોતો નથી. એ તો બધું વિપરીત છે. આહાહા..!

વસ્તુ એ પણ દિગંબર જૈનદર્શનમાં કહેલું સમકિત હોં! બીજાઓ તો હજી વ્યવહારસમકિત એમ કહે. એય..! ચેતનજી! યશોવિજય નથી કહેતા? આવશ્યકમાં. વ્યવહાર એટલે સમકિત. વ્યવહાર સમકિત કેવું? એ તો રાગ છે. રાગથી તો પુણ્ય પ્રકૃતિ બંધાય તીર્થંકર શુભભાવ પણ સમ્યગ્દર્શન હોય તો. એ ન હોય તો થોથેથોથા છે. કહો, સમજાણું કાંઈ? પાઠ **'अग्घेदि सुरासुरे लोए'** આહાહા..! પહેલું વંદનીક ના પાડી હતી. એય..! ... લ્યો પહેલું એ આવ્યું. એ તો મુનિને યોગ્ય જે દશા છે એવી

વંદના સમકિતીને ન હોય. જે મુનિ ચારિત્રવંત ગુરુ છે એ ગુરુની જે વિનયવિધિ, રીત છે એવી વિધિ અસંયતિને ન હોય. અહીં વંદનીક કીધું. તીર્થંકર પોતે લેવો. અસંયતિ છે ને?

માતાના પેટમાં આવ્યા ત્યારે અસંયતિ છે. ઈન્દ્રો આવીને પૂજે છે અને ભક્તિ કરે છે. કઈ અપેક્ષાથી વાત છે? બધી.. છે, એક જ તાણે. એમ ચાલે? કહો, પંડિતજી! ત્રણ જ્ઞાન તીર્થંકરગોત્ર (લઈને) આવે છે. તો સંયતિ થઈ કે અસંયતિ થઈ? માતાના પેટમાં બહાર આવે તો પણ અસંયતિ છે. જન્મે ત્યારે દેવ આવીને નમો રત્નકુખધારિણી. માતા! જનેતા! આવા રત્નને કુખમાં તેં રાખ્યું, માતા! તને પહેલો નમસ્કાર છે. લ્યો! સમજાણું કાંઈ? નમો રત્નકુખધારિણી. આવા તીર્થંકરનો આત્મા, એનું આ શરીર. માતા! તેં રત્નકુખમાં રાખ્યું, તને પહેલો અમારો નમસ્કાર છે. આહાહા..! એની માતા અસંયતિ છે. સંયતિ છે? એ પ્રકારે એની યોગ્યતા પ્રમાણે એનું વંદન, વંદન એટલે ગુણગ્રાહણ સ્તુતિ આદિ હોય છે. હોય એમાં. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રમોહ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજે હૈં.

ઉત્તર :- એ આ. કાલે કહ્યું હતું ને આ દાખલો. ચારિત્રનો લેશ સંયમ પણ સૂરનાથ જજે હૈ. ત્યારે અહીં કહે કે અસંયતિને વંદન ન કરવું, ત્યાં કહે સુરનાથ સમકિતીને પૂજે છે. અહીં કહે છે કે પૂજે છે. એની ને એની ગાથા. પહેલી આવી ને એની ને એની ગાથા છે. અપેક્ષા જાણવી જોઈએ ને. આહાહા..! સમજાણું કાંઈ? અને તેથી કરીને સમ્યગ્દર્શન ન હોય અને એકલા વ્રત ને બહારની ક્રિયા ને શુભભાવ (હોય) એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, મુનિપણામાં... જ્ઞાન ને ચારિત્રમાં મુખ્ય તો સમ્યગ્દર્શન પ્રધાન છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? દર્શનપાહુડ છે ને? દર્શનપાહુડમાં દર્શન તો પહેલી વાત કરી ગયા. હવે એ ત્રણમાં પણ પહેલું સમ્યગ્દર્શન એ મુખ્ય છે. આહાહા..! એ સમ્યગ્દર્શનની સ્થિતિ દ્રવ્યસ્વભાવ જે પરિપૂર્ણ છે એનો આશ્રય લઈને આ એનું નામ સમ્યગ્દર્શન. કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય લઈને કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરીને સમ્યક્ થાય એમ નથી. એ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાગ હોય વ્યવહાર, તો નિશ્ચય સમકિત થાય, એમ પણ નથી. આહાહા..! એ તો છ દ્રવ્યને આશ્રયે... ભગવાનની ધ્વનિમાં એ આવ્યું. આહાહા..! એ સમ્યગ્દર્શન અને એમાં પણ સમ્યગ્દર્શનના ભાગ પાડે છે કે સરાગ સમકિત ને વીતરાગ સમકિત. એ સરાગ સમકિત, સમકિત સરાગ હોય નહિ. એ તો ચારિત્રના રાગ સહિતવાળી દશાને સરાગ સમકિત (કહે છે). પણ સમકિત તો વીતરાગ જ છે. આહાહા..! વીતરાગ મૂર્તિ આત્મા એની પ્રતીત અને જે જ્ઞાન થયું એ તો વીતરાગી ભાવ છે. આહાહા..! વીતરાગ અંશ છે. એ તો અબંધ પરિણામી પરિણામ છે. આહાહા..!

'ઈસલિયે...' કહે છે કે સોળ ભાવના જે 'ષોડશ ભાવના ભાયે...' આવે ને. અમારે શ્રીચંદજી બહુ કરે છે ત્યાં અંદર. ક્યાં ગયા શ્રીચંદજી? પહેલા કરતા ખૂબ, હવે કરતા હશે. 'દર્શનવિશુદ્ધિ ભાવના

ભાયે...' પછી? 'સોલહ તીર્થંકરપદ પાયે, પરમગુરુ હોય.' પણ એ સમ્યગ્દર્શન વિના ષોડશકારણ ભાવના હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બધામાં કિંમત સમ્યગ્દર્શનની છે. ચારિત્ર પણ સમ્યગ્દર્શન હોય તો ચારિત્ર યથાર્થ હોય. સમ્યગ્દર્શન હોય તો જ્ઞાન યથાર્થ હોય. આહાહા..!

અહીં તો સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય. કહો. તીર્થંકર છન્નું હજાર સ્ત્રીના ઓલામાં પડ્યા હોય. લ્યો! ત્યાં સુધી તો અસંયતિ છે. ભલે પાંચમુ ગુણસ્થાન લે છે .. છે. પણ છે મુનિ-સંયત તો નથી ને? મુનિની અપેક્ષામાં સંયતિ નથી. રાગ છે ત્યાં સુધી રાગ છે અંદર. પછી અસ્થિરતા આવી જાય છે અંદર છે. તીર્થંકરને પણ હોય છે હજી. કહો, આહાહા..! કહે છે કે એનું સમ્યગ્દર્શન તો સ્વર્ગમાં દેવોને પૂજ્ય છે. લ્યો ઠીક! સમજાણું કાંઈ? ભલે એને અસ્થિરતાનો ત્યાગ ન હોય, રાગભાવ હોય, વિષય આદિ છતાં સમ્યગ્દર્શન તો ઈન્દ્રોને પૂજ્ય છે. આહાહા..!

.. આવ્યું ને? પહેલાના એ શાસ્ત્રનો આધાર આપીને વાતું કરે છે બધા. પહેલાના શ્રાવકો. શાસ્ત્રના શબ્દો હોય એ રાખીને ... લઘુનંદન.

'**અબ કહતે હૈં કિ ઉત્તમ ગોત્ર સહિત મનુષ્યત્વકો પાકર સમ્યક્ત્વકી પ્રાપ્તિ સે મોક્ષ પાતે હૈં યહ સમ્યક્ત્વકા માહાત્મય હૈ :—**' આહાહા..! માહાત્મ્ય વર્ણવે છે હવે.

**लदधूण य मणुयत्तं सहियं तह उत्तमेण गोत्तेण।**

**लद्धूण य सम्मत्तं अक्खयसोक्खं च मोक्खं च।।३४।।**

'**અર્થ :- ઉત્તમગોત્ર સહિત મનુષ્યપના...** ' આહાહા..! '**ઉત્તમગોત્ર સહિત મનુષ્યપના પ્રત્યક્ષ પ્રાપ્ત કરકે...**' મહા પુણ્યને કારણે. આહાહા..! હીરાની કણી એક સમુદ્રમાં પડી હોય, ઊંચા રજકણનો પાર ન હોય, એમાં એક હીરાની કણી ખોવાઈ ગઈ એ જેમ મળવી, પ્રાપ્ત મુશ્કેલ, એમ ઉત્તમ ગોત્રનું મનુષ્યપણું પામવું મહામુશ્કેલ છે. સમજાણું કાંઈ? અસંખ્ય રજકણો સ્વયંભૂરમણ સમુદ્ર. રેતીના. એમાં પણ એ છે તો ત્યાં મણિરત્નના બધા. પણ એમાં એક હીરાની કણી મળવી, ખોવાઈ ગઈ એ મળવી મહામુશ્કેલ છે. એમ ઉત્તમ ગોત્ર સહિતનું મનુષ્યપણું મહામુશ્કેલ છે. દુર્લભ ચીજ છે. એ જ દુર્લભમાં સમકિત પ્રાપ્ત કરવું એ દુર્લભ છે એમ કહે છે. એમાંથી સમકિત પ્રાપ્ત કરવા માટે એની દુર્લભતા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આવી વાત..

ઉત્તર :- હં આવી વાત છે નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પ્રાપ્ત કેવી રીતે થાય?

ઉત્તર :- આ રીતે થાય.

મુમુક્ષુ :- પણ .. પ્રયત્ન કાળલબ્ધિ...

ઉત્તર :- નહિ, નહિ, કાળલબ્ધો આત્મા છે. એ કહ્યું હતું ને કોકે કોણે કહ્યું હતું? કાળલબ્ધિનો અર્થ

જે સમયે જે કાર્ય થવાનું એનું નામ કાળલબ્ધિ. પણ આ કાર્ય આ સમયે થયું એને જાણે કોણ? એ આત્માના સ્વભાવની દૃષ્ટિ કરે એ જાણે. એકલી વાતું કરવી કાળલબ્ધિ... કાળલબ્ધિ... એમ ચાલે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ દૃષ્ટિ કરે તો આવે જ. એનું જ્ઞાન ક્યારે થાય ... કાળલબ્ધિનું? કાળલબ્ધિનું બહુ આવતું હતું અમારે ઘણાં વર્ષ પહેલાં. મેં કીધું જુઓ આમ ભગવાન.. એમાં પુરુષાર્થ ઉડાડતા હતા. કાળલબ્ધિ થાતી.. પણ એમ કે પુરુષાર્થ એમ કે કાળે જ્યારે થવાનું હોય ત્યારે થાય. એ વિના પુરુષાર્થ ન થાય. પણ પુરુષાર્થ કરે અને કાળલબ્ધિ ન પાકે ત્રણ કાળમાં હોઈ શકે નહિ. આહાહા..! કાળાદિ પાંચ છે ને બોલ? તો પાંચેય બોલ ક્યારે એક સમયમાં છે કે આઘેપાછે છે? જે સમયે કાળ થયો તે સમયે ભવિતવ્યતા થવાની હશે તે થશે, તે સમયે સ્વભાવનો પુરુષાર્થ, તે સમયે કર્મનો અભાવ બધું આવી ગયું ત્યાં. ભવિતવ્ય, સ્વભાવ, પુરુષાર્થ, કાળ અને કર્મનો અભાવ. આહાહા..! એ તો એક જ સમયે પાંચ છે. એને વળી કાળલબ્ધિ પછી પાકે, પુરુષાર્થ પહેલો થાય એમ પુરુષાર્થ પહેલો થાય અને સ્વભાવ પહેલો થાય અને કાળ પછી પાકે પછીને કાળે, એમ છે નહિ કાંઈ. આહાહા..! જેમ એની રીત છે એમ એને રાખવું જોઈએ. આડુંઅવળું કરે તો એ સત્ય નહિ રહે.

શ્રીમદ્દ નથી કહેતા? 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' એમાં આવ્યું છે એમાં. 'ભવસ્થિતિ આદિ નામ...' એટલે ભવસ્થિતિ પાકશે, કાળે થાશે, એનું નામ લઈ છેદો નહિ આત્માને. પુરુષાર્થ કરો અંદર. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ધ્રુવ ચીજ છે ને. આહાહા..! પડી છે ચીજ તો, ફક્ત તારી નજર ફરે નિધાન દેખાય એવું છે. આહાહા..! એવી જે સમ્યગ્દર્શનની દશા, એ કહે છે કે મહા કિંમત અને મોંઘી છે. એની કિંમત કોઈ કરી શકે નહિ. કિંમત કરવા જાય તો કિંમત એની થઈ જશે. એને આવડતું નથી. સમ્યગ્દર્શનનું, ઉપદેશમાં બીજી ચીજને મહત્ત્વ આપીને, સમ્યગ્દર્શનનું મહત્વ જે કમ કરે-ઘટાડે એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વને પોષે છે. કહો, સમજાણું કાંઈ?

ઓહો..! ઉત્તમ ગોત્ર અને સહિત મનુષ્યપણું. 'लदधूण य मणुयत्तं सहियं तह उत्तमेण गोत्तेण।' '**प्रत्यक्ष प्राप्त करके और सम्यक्त्व प्राप्त करके...**' આહાહા..! આવો મનુષ્યદેહ, ઉત્તમ ગોત્ર, એમાં વીતરાગની વાણી સાંભળવાને મળે. આહાહા..! એમાં તો કહે છે કે મનુષ્યે પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી જોઈએ. આહાહા..! પછી બીજી વાત. શાસ્ત્રના જાણપણા કે ફલાણું પછી બધું. પહેલી આ વાત છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનું જાણપણું બહુ ન પણ હોય, વ્રત ને તપનો ત્યાગ પણ ન હોય. વસ્તુસ્થિતિ.. આહાહા..! ઉત્તમ મનુષ્યપણું પામીને તારું સફળપણું તો ત્યારે કહીએ કહે છે. કે જે સમકિત પામે. નહિતર તો મનુષ્યપણું પામ્યો તે સમકિત ન પામ્યો, ધૂળ પામ્યો અને કીડી-કાગડા ન પામે—બેયનું સરખું છે. આહાહા..!

'**उत्तमगोत्र सहित मनुष्यपना...**' 'मणुयत्तं लदधूण य' 'दट्ठूण' નીચે લીધું છે. 'दट्ठूण'

નીચે કર્યું છે. નીચે છે ને. પાઠ છે. એટલે પછી ઓલા '**दट्ठूण**'નો અર્થ પ્રત્યક્ષ નાખ્યો. દેખીને. પ્રત્યક્ષપણું પામીને. એ આમાં આવે છે ને. દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં રમે છે તે રાખને માટે રત્નને બાળે છે. મનુષ્યપણું પામીને તો સમ્યગ્દર્શન કરવાનું છે. અને તે મળ્યું એટલે પછી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રમવું ને ટકવું એમાં, એ તો રાખને માટે મણિરત્નને બાળે છે. આહાહા..! દાખલો આપ્યો છે નહિ? બીજે દાખલો આપ્યો છે. કે દોરો જોતો હોય તો હીરાનો હાર તોડી નાખ્યો. હીરાનો હાર તોડીને દોરો કાઢ્યો. એમ મનુષ્યપણું પામીને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રહેવું, એ તો ઢોર પણ રહે છે એમાં નવું તેં શું કર્યું? આહાહા..! સમજાણું કાંઈ? વિષય શબ્દે પર તરફના વલણવાળા ભાવમાં તો પશુ પણ છે. આહાહા..! સ્વવિષય બનાવવો આત્માને. આહાહા..! એવું જે સમ્યગ્દર્શન ઉત્તમગોત્રનું સફળપણું છે. ઉત્તમપણું મનુષ્યપણું મળ્યું, ઊંચાઈ મળી પુણ્યની, પણ એમાં આમ સમકિત પામે તો એનું સફળપણું છે.

મુમુક્ષુ :- આવો અવસર પ્રાપ્ત થવો ...

ઉત્તર :- દુર્લભ છે. ધૂળ મળવી સહેલી છે. અનંતવાર મળી છે અબજોપતિ. હતું શું એમાં? આહાહા..! જુઓને ચાલ્યા ગયા એ. સૂતો હશે જ્યારે સાંજના શાંતિભાઈ. એને તો ખબર પણ નહિ હોય કે હું મરીશ આ રાત્રે. આહાહા..! નાશવાન.. નાશવાન... એ તળાઈમાં સૂતા હશે રાત્રે. સવારે ઉઠશું, પછી બધું કરશું. જે સૂતા એ જાગ્યા નહિ અને ઉઠ્યા એ પાછા સૂતા નહિ. આહાહા..! એ સૂતા એ પાછા જાગ્યા નહિ. મરી ગયા એ. આહાહા..! અને ઉઠ્યા એ પાછા રાતે ઉઠીને મરી જશે એમાં. આહાહા..! કયે પળે દેહની સ્થિતિ પૂરી થાય? એમ ન સમજવું કે આવું શરીર આવું છે, અમારે તો નિરોગ છે, અમારામાં કાંઈ છે નહિ. નખમાંય રોગ નથી. પણ નખમાં રોગ નથી તે રોગ તો ભર્યા છે બધાય. કેટલા લાખ કીધા?

મુમુક્ષુ :- પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણુ હજાર પાંચસો ચોર્યાસી.

ઉત્તર :- પાંચસો ચોર્યાસી રોગ ભર્યા છે અહીં. આ તો રોગની મૂર્તિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... મંદિરં.

ઉત્તર :- વ્યાધિ મંદિરં. ભગવાન આત્મા આનંદનું મંદિર છે. અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન છે. આ શરીરમાં તો આવા રોગનું ધામ છે. આહાહા..! એક ક્ષણમાં દશ મિનિટે ઊડી ગયું. આહાહા..! આ પૈસા ને આબરૂ ને સવારે ઊઠીને આવી ચા પીશું, પછી આ કરશું. કેટલા માણસ કેટલા અનંતનું કરે. સાહેબ! સાહેબ! સાહેબ! તારા સાહેબ ગયા. આહાહા..! નાશવાન ચીજની મહત્તા શી? ભગવાન અવિનાશીની મહત્તા કરતા એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ?

અવિનાશી આત્મા ધ્રુવ જેનું કદી ઉણું, ઓછું, વિપરીત થતું નથી. એવો ભગવાન આત્મા અવિનાશી. એની શ્રદ્ધામાં એકાગ્ર થવું વસ્તુમાં એ સમ્યગ્દર્શન. મનુષ્યપણું, ઉચ્ચગોત્ર મળ્યું એ એનું

સફળપણું છે. બાકી તો ધૂળધાણી ને વા પાણી. આહાહા..! સારા છોકરા થયા ને સારે ઠેકાણે વરાવ્યા. અમે છોડીયુંને સારે ઠેકાણે વરાવી, કામ અમે બહુ કર્યા સારા. ધૂળેય કર્યું નથી. કહો, એય..! શાંતિભાઈ! શું હશે આ બધું. છોકરા-બોકરા તમારે, જુઓને, હીરા ને માણેકને ધંધા બહુ કરે છે. આહાહા..! હીરા-માણેક તો આત્મા છે. એની કિંમતું કરતા ન આવડી એ બધા ભિખારા ચોર્યાસીના અવતારમાં રખડનારા છે. આહાહા..!

કહે છે કે ઉત્તમ મનુષ્યપણું પામ્યાનું ફળ? આહાહા..! '**વહાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરકે અવિનાશી સુખરૂપ...**' આહાહા..! એમાં આત્માનું દર્શન, સમ્યક્ પ્રતીતિ, પ્રતીતિનો અર્થ એ કે આત્મા છે એવી અંતરમાં જ્ઞાનમાં, ભાન થઈને નિર્ણય થઈ જવો. અનુભવમાં હોં. આહાહા..! એ પામીને '**અવિનાશી સુખરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરતે હૈં,...**' લ્યો! આવું મનુષ્યપણું મળ્યું ગોત્ર, એમાં સમકિત પામીને કેવળજ્ઞાન પામશે હવે. આહાહા..! છે ને? '**लद्धूण य सम्मत्तं अक्खयसोक्खं च मोक्खं च**' એમ છે ને પાઠ? જેના સુખનો ક્ષય નથી. અનંત આનંદ આનંદ.

મોક્ષ એટલે શું? રાતે પૂછતું હતું કોક. અરે..! મોક્ષ એટલે અનંત આનંદની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. દુઃખથી મુક્ત થવું અને અનંત આનંદની પૂર્ણ પ્રાપ્તિ અનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા જે પામે તે પંથ.' ..માં કહ્યું ને પછી શું કીધું? 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' આહાહા..! નિર્ગ્રંથ સંતોએ, કેવળીઓએ, પરમાત્માએ આ માર્ગ કહ્યો.

'**સમ્યક્ત્વ પ્રાપ્ત કરકે અવિનાશી સુખરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરતે હૈં,...**' પાછું એમ. સમકિત પ્રાપ્ત કરીને પછી ચારિત્ર ગ્રહણ કરી, એના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. આહાહા..! ઓલું એક આવે દાખલામાં. ભરવાડ હતો ભરવાડ. બહારમાં હીરો મળી ગયો. હીરો ઊંચો હતો. એને ખબર નહિ કે આ શું કિંમતનો છે. ઘરે આવીને કહે બૈરાને કે જો આપણે હવે હંમેશા ઓલો દીવો કરવો પડે છેને ઘાસતેલનો. આ મૂકો પ્રકાશમાં. રોટલા થાશે. આપણે એટલું બચ્યું. દીવાને ઠેકાણે હીરો મૂક્યો. ઘાસતેલમાં... ચાર પૈસાનું ઘાસતેલ બળે. પહેલાં તો સોંઘુ હતું ને. એમાં એક ઝવેરી આવ્યો. એણે જોયું. એલા પણ આ શું તારે ઘરે? શું છે? કહે પ્રકાશિત વસ્તુ છે. અરે! આ તો હીરો છે તને ખબર નથી. આ હીરાની તો... અમારે પાસે વખારું છે પૈસા રૂપિયાની ભરેલી એ બધી આપું તને અને મને હીરો દે. હેં! આહાહા..! એવી કિંમતી! એ કિંમતી એવી છે. તને કિંમત લક્ષમાં ન હોય તો એની કિંમત ઘટી જાય? એમ ભગવાન આત્માની પ્રતીત અને જ્ઞાનની કિંમત જે છે એ છે. ન માને એથી કાંઈ કિંમત ઘટી જાય? આહાહા..! મહા પ્રભુ ચૈતન્ય હીરલો. અનંતગુણના પાસાથી ભરેલો. આહાહા..! એની અંતરમાં સમ્યગ્દર્શનની અનુભવમાં પ્રતીતિ થવી, જ્ઞાનમાંથી નિઃશંકતા એનાથી ચારિત્ર પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. કહ્યું છે ને એ અંદર? '**અવિનાશી સુખરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરતે હૈં,...**' કાંઈ ચારિત્ર વિના કેવળજ્ઞાન ન હોય. એનો અર્થ એ કે જ્યારે ઉત્તમ આવું મનુષ્યપણું મળ્યું, એમાં સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી અને અક્ષય

અનંતસુખ એને પ્રાપ્ત કરે. આહાહા..! બહારની પદવીઓમાં મૂંઝાઈ ગયો બિચારો. જ્યાં લાખ-બે લાખ રૂપિયા મળે એક દિવસના ત્યાં તો એને એમ થઈ જાય કે આહાહા..! આપણને શું મળ્યું? શું થયું? અમે જગતથી મોટા થઈ ગયા.

અહીં તો પરમાત્મા કહે છે કે આત્મા પરમસ્વરૂપ પરમાત્મા હીરો એની જેને શ્રદ્ધા, જ્ઞાનમાં અંતર કિંમત થઈ છે, એના મનુષ્યપણા ઉત્તમગોત્રના પામેલા સફળ થઈ ગયા. અને એ સમ્યગ્દર્શન દ્વારા કેવળજ્ઞાન અક્ષય સુખને પ્રાપ્ત કરશે. દુનિયાને તો સુખ જોવે છે ને. સુખ જોવે છે ને. તો સુખ તો આ છે. કેવળજ્ઞાન સુખ. અને એનો ઉપાય તો આ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શનનું કારણ તો ભગવાન પોતે છે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

... '**તથા ઉસ સુખસહિત મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.**' કેવળજ્ઞાન પામ્યા. કહ્યું ને? એટલે એને અનંત સુખની પ્રાપ્તિ મોક્ષની થાય જ. '**ઉસ સુખસહિત મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.**' અને અનંત આનંદસહિત સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. અવિનાશી સુખ. અક્ષય સુખ છે ને? આ તો કલ્પિત સુખ છે. ધૂળેય નથી ત્યાં. આહાહા..! પૈસા પાંચ-પચાસ લાખ હોય, બાયડી, છોકરા સારા હોય ને અમે સુખી છીએ. ધૂળેય સુખ નથી. દુઃખમાં દઝાઈ ગયા છે આત્મા શાંતિથી. આહાહા..! આકુળતા છે એ તો આકુળતા છે. એ તો ઝેરના પ્યાલા પીવે છે. અહીંયાં તો સમ્યગ્દર્શન સહિત જ્યારે કેવળજ્ઞાન પામીને અક્ષયસુખ.. આહાહા..! એ સુખને પીતા પીતા પૂર્ણ સુખને પામે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં સુખની પ્રતીતિ પ્રગટ થતાં સુખને પીતા પીતા એ કેવળજ્ઞાન સુખને પામે અને મોક્ષના સુખને પીતા પીતા પૂર્ણ સુખને પામે. આહાહા..! રસ ચડી ગયો. રસનો અર્થ એકાગ્ર થવું. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- યહ સબ સમ્યક્ત્વકા માહાત્મ્ય હૈ.** ' આહાહા..! સમજાણું કાંઈ? પણ એ સમ્યગ્દર્શન પામવાને માટે ઘણો પ્રયત્ન જોઈએ. એ કાંઈ સાધારણ વિષે વાત છે નહિ. કોઈ શાસ્ત્રના ભણતર કરે, કોઈ ત્યાગ કરે, કોઈ બ્રહ્મચર્ય પાળે શરીરથી. એથી એ મળી જાય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? અનંતકાળનું દુઃખ જેમાં છેદાઈને.. આહાહા..! અનંત આનંદની પ્રાપ્તિનું કારણ એવું સમ્યગ્દર્શન, એનું કારણ એવો ભગવાન આત્મા કારણ પરમાત્મા. એક સમયમાં પૂર્ણ કારણસ્વરૂપ ભગવાન!

એ કહેતા હતા ને એક ફેરી? કારણપરમાત્મા કારણ છે તો કાર્ય કેમ નથી આવતું? એમ કહ્યું. પણ એ કારણસ્વરૂપ છે એવી માન્યતા કરે એને કારણ છે? કે શ્રદ્ધા કરે અને નહિ કારણપરમાત્મા છે? આહાહા..! વર્તમાન પર્યાયમાં એને ત્રિકાળી આવો આત્મા છે એવો સ્વીકારે તો એને કારણપરમાત્મા થાય ને. તો તો કાર્ય થયા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! ચારેય બાજુથી જુઓ તો એક જ સિદ્ધાંત. આહાહા..! છઠ્ઠા ગુણસ્થાનમાં એક .. પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યની સેવા કરવાથી, એને આ શુદ્ધ સ્વરૂપ છે એમ જણાય. પર્યાયમાં શુદ્ધતા પ્રગટતા આ શુદ્ધ છે એમ જણાય.

એની હયાતી ત્યારે કબુલાય. એમ ભગવાન કારણપરમાત્મા પૂર્ણ સ્વરૂપ, એની પ્રતીતિ કરતા એને પૂર્ણ સ્વરૂપ છે એ પ્રતીતમાં આવે છે. છે, પણ એનો માનનારો જાગે તો છે એમ થાય કે નહિતર ચીજ છે એમ ક્યાંથી થાય? આહાહા..! આ સમ્યગ્દર્શન. મેઘાણી! મેઘાણી કહેતા હતા કે આ સમ્યગ્દર્શન.. આહાહા..!

આ સમ્યગ્દર્શન, વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવના શ્રીમુખે આવેલી આ વાત છે. આહાહા..! આ મૂળ તો સાંભળવા આવતો હશે આ? એક જણો એ લખતા મહારાજ .. તરત આવ્યો સાંભળવા. હવે એ તો બિચારા ઢોર છે. લોકો ક્યાંને ક્યાંય... મહારાજ હતા ને તરત આવ્યો ને બેઠો થોડીવાર. આવ્યો, શું વાંધો આવ્યો તને?

મુમુક્ષુ :- મહારાજે આશીર્વાદ દેવા જોઈએ ને.

ઉત્તર :- ધૂળમાં બધી વાતું. ગપે ગપ. જગતને બાહ્ય ત્યાગના માહાત્મ્ય એટલા કરવા છે ને. થોથેથોથા. હમણાં કોક કહેતું હતું હોં ઓલા નિર્મળ સ્વામી. એના શિષ્ય સાંભળવા જાય ત્યાં નહિ? ક્યાં? લશ્કર. લશ્કર. ગ્વાલિયર. ગ્વાલિયર. ત્યાં આવે છે. હિંમતસાગર તો અહીંયા રહે. શુભભાવમાં ધર્મ છે. કોણ કહે છે કે નથી? એનો શિષ્ય ક્યાંક વળી ગ્વાલિયર સાંભળવા જાય. ... કાગળ આવ્યો હતો.. શિષ્ય... સાંભળે. સાંભળે તો ખરા શું કહે છે? સાધુ થઈને બેઠા એટલે જાણે હવે થઈ રહ્યું. બાપા! સાધુ શેના પણ? આહાહા..! પહેલું સમ્યગ્દર્શન વિના સાધન આત્માનું સાધે કોણ? સમ્યગ્દર્શન વિના સાધન કોણ? સાધન તો પ્રગટ્યું નથી ને સાધ્ય ક્યાંથી આવ્યું? આહાહા..!

**‘અબ પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ-જો સમ્યક્ત્વકે પ્રભાવસે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં વે તત્કાલ હી પ્રાપ્ત કરતે હૈં યા કુછ અવસ્થાન ભી રહતે હૈં?’** એમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત મોક્ષ પ્રાપ્ત કરે સ્થિર ભી રહતે હૈ કિ નહીં? કેવળજ્ઞાન સહિત કાંઈક શરીર રહે છે કે નહિ? કે પાધરો મોક્ષ થઈ જાય છે? એમ કહે છે. આહાહા..! **‘ઉસકે સમાધાનરૂપ...’** એનો હેતુ તો એ છે કે હજી સમ્યગ્દર્શન પામ્યો અને કેવળજ્ઞાન પામ્યો. પણ કાંઈક તરત જ મુક્તિ થઈ જાય છે, કેવળજ્ઞાન પામ્યો એટલે? એને હજી ઉપદેશનો કાળ રહે છે. થોડો વિહરવાનો પણ કાળ હોય છે, પછી દેહરહિત થઈને મુક્તિ થાય છે. એ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! ઉપદેશ રહે છે. કથનની પદ્ધતિ અહીં. જિનની વાત છે ને? મૂળ તીર્થંકરની અપેક્ષાની વાત છે.

विहरदि जाव जिणिंदो सहसट्ठसुलक्खणेहिं संजुत्तो।
चउतीस अइसयजुदो सा पडिमा थावरा भणिया।।३५।।

આહાહા..! **‘અર્થ :— કેવલજ્ઞાન હોનેકે બાદ જિનેન્દ્ર ભગવાન જબ તક ઈસ લોકમેં...’** ચૌદ અતિશય જુતો છે ને અહીંયા તો? એને લેવા છે ને અહીંયા? સાધરણ કેવળજ્ઞાન પામે અને અતીશય નહી, એની અહીં વાત નથી લેવી. પંડિતજી! એની નથી લેવી. અહીં તો ચોત્રીસ અતિશય

વાત તીર્થંકરની લેવી છે. નહિતર કેવળજ્ઞાન પામીને તરત મુક્ત થઈ જાય. પણ એની વાત નથી લેવી અહીંયા. અહીંયા તો કેવળજ્ઞાન પામે, થોડો વખત રહે, ઉપદેશનો કાળ રહે, વિહાર આદિ કરે એને અહીંયાં સ્થાવર પડિમા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કુંદકુંદાચાર્યની ગાથાની શૈલી કોઈપણ અલૌકિક છે.

**'જિનેન્દ્ર ભગવાન જબ તક ઈસ લોકમેં – આર્યખંડ મેં વિહાર કરતે હૈં...'** એ તો ઉદયને લઈને વિહાર થાય છે હોં! કરે છે, હું વિહાર કરું એવું કાંઈ ત્યાં નથી. **'તબ તક ઉનકી વહ પ્રતિમા અર્થાત્ શરીર સહિત પ્રતિબિંબ ઉસકો થાવર પ્રતિમા ઈસ નામસે કહતે હૈં.'** લ્યો! સ્થિર બિંબ છે અને છતાં વિહાર થાય છે એમ. એને વિહાર દેહની ક્રિયા છે એ તો. હું ઉપદેશ દઉં કે વિહાર કરું એવું કાંઈ એને છે નહિ. એ તો કેવળજ્ઞાની છે, વીતરાગ છે. પણ એને કેવળજ્ઞાન થયા પછી પણ થોડો વખત શરીર સહિત પ્રતિબિંબવાળું પ્રતિમા વિહાર આદિ હોય છે. એ સ્થાવર પ્રતિમા એને કહેવામાં આવે છે.

**'વે જિનેન્દ્ર કૈસે હૈં? એક હજાર આઠ લક્ષણોંસે સંયુક્ત હૈં.'** એક હજાર ને આઠ લક્ષણ જેના શરીરમાં. તીર્થંકર લેવા છે ને અહીંયાં? સર્વોત્કૃષ્ટ પુણ્ય અને સર્વોત્કૃષ્ટ પવિત્રતા. બેય વાતને અહીં લેવી છે. **'એક હજાર આઠ લક્ષણોંસે સંયુક્ત હૈં.'**

મુમુક્ષુ :- શરીર સહિત.

ઉત્તર :- શરીર સહિતની વાત છે ને.

**'વહાં શ્રીવૃક્ષકો આદિ લેકર એક સૌ આઠ તો લક્ષણ હોતે હૈં.'** વૃક્ષ, ચંદન આદિ હોય ને ચંદન. **'તીલ, મુસકો આદિ લેકર નૌ સૌ વ્યંજન હોતે હૈં. ચૌંતીસ અતિશયોમેં દશ તો જન્મસે હી લિયે હુએ ઉત્પન્ન હોતૈ હૈં :-'** તીર્થંકર ભગવાનને દશ અતિશય તો તીર્થંકર જન્મે ત્યારથી હોય છે. એનો વિસ્તાર કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૮, શુક્રવાર તા. ૧૯-૧૦-૧૯૭૩**
**ગાથા- ૩૫, ૩૬ પ્રવચન - ૩૧**

આ અષ્ટપાહુડ. ભગવાન કુંદકુંદાચાર્ય કૃત. ઉસમેં દર્શનપાહુડ ચલતા હૈ. ૩૫ વીં ગાથા. પહલે સે લેતે હૈં ફિર. **'અબ પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ...'** ૩૫ ગાથા ઉપર ઉપોદ્ઘાત હૈ. **'અબ પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ—જો સમ્યક્ત્વકે પ્રભાવસે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં વે તત્કાલ હી પ્રાપ્ત કરતે હૈં યા કુછ**

**અવસ્થાન ભી રહતે હૈં?'** ક્યા કહતે હૈં? કિ સમકિતકે પ્રભાવસે... સમ્યગ્દર્શનકા અર્થ ક્યા? કિ જો આત્મા.. લો વહ તો યહ આયા સુબહકા વીતરાગ વિજ્ઞાન. વહ ટોડરમલ કહતે હૈં ન પહલે? મંગલમય મંગલ કરણ વીતરાગ વિજ્ઞાન. ઉસકા અર્થ યહ હૈ કિ યહ આત્મા જો હૈ વસ્તુ તરીકે ત્રિકાલ, વહ વીતરાગ વિજ્ઞાનઘન હૈ. પર્યાય મેં સંસાર વિકારાદિ હો, પરંતુ વસ્તુસ્વભાવ હૈ વહ તો 'મંગલમય મંગલ કરણ વીતરાગ વિજ્ઞાન.' અપના નિજસ્વરૂપ ત્રિકાલી નિત્ય ધ્રુવસ્વરૂપ વહ તો વીતરાગ નામ રાગરહિત હૈ ઔર વિજ્ઞાન નામ સર્વજ્ઞઘન સ્વભાવ હૈ. સર્વજ્ઞસ્વભાવ હૈ અપને આત્માકા. તો વહ વીતરાગ વિજ્ઞાનસ્વભાવ ઉસકી અંતરમેં નિર્વિકલ્પ પ્રતીતિ સમ્યગ્દર્શન હોના વહ ધર્મકી પહલી સીઢી શુરૂઆત હૈ. આહાહા..! સમજમેં આયા?

ભગવાન આત્મા વસ્તુ જો વસ્તુ પદાર્થ આત્મા હૈ વહ તો વીતરાગ વિજ્ઞાનઘન હૈ. વહ વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, ભાવ ત્રિકાલ સ્વરૂપ ઉસકી અંતરમેં દષ્ટિ કરના, (વહ) અનંતકાલ મેં કભી નહીં કિયા. સમજમેં આયા? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત લિયા, પંચ મહાવ્રત પાલે, અઠ્ઠાઈસ મૂલગુણ લિયે. ગૃહસ્થાશ્રમ છોડકર અપવાસ આદિ કિયા, મુનિપનાકી ક્રિયા અઠ્ઠાઈસ મૂલગુણ પાલી, વહ ધર્મ નહીં. વહ અનંતબાર કિયા પરંતુ આત્મજ્ઞાન કિયા નહીં ઉસને. આયા ન ઉસમેં? કિ 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ગ્રૈવેયક સ્વર્ગ હૈ, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા આનંદસ્વરૂપ વિજ્ઞાનઘન. વીતરાગ સ્વરૂપ કહો, સર્વજ્ઞ વિજ્ઞાનઘન કહો, આનંદઘન કહો, ઐસી જો અપની નિજી ચીજ ત્રિકાલી ઉસકે અંતર અનુભવ બિના વહ પંચમહાવ્રત આદિ અનંતબાર લિયા વહ તો દુઃખરૂપ થા. 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ઉસકા અર્થ ક્યા હુઆ? કિ આત્મા વીતરાગ વિજ્ઞાનઘન હૈ ઐસા અંતર્મુખ હોકર અનુભવ ન કરે તો ઉસકો આનંદ નહીં આતા. વહ પંચમહાવ્રતકા પરિણામ હો વહ ભી વિકલ્પ, આસ્રવ ઔર દુઃખ હૈ. આહાહા..! સમજમેં આયા? વહ વીતરાગ વિજ્ઞાનઘન ઐસી નિજ ત્રિકાલી ચીજ ઉસકા અનુભવ કરકે, ઉસકો અનુસરકે વીતરાગ વિજ્ઞાનઘન સ્વભાવકા અનુસરણ કરકે જો સમ્યગ્દર્શન જ્ઞાન ઔર સ્વરૂપકા આચરણરૂપ સ્થિરતા અંશ હોતી હૈ વહ તીનોં વીતરાગ પર્યાય હૈં. સમજમેં આયા?

વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ વસ્તુ સ્વભાવ, ઉસકે અંતરમેં સ્વભાવ સન્મુખ હોકર જો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સ્વરૂપમેં અંશ સે સ્થિરતા કા હોના, સ્વરૂપાચરણ ઉસકા નામ સમ્યગ્દર્શન કહતે હૈં. આહાહા..! વહ સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર અંશમેં સ્થિરતા વહ વીતરાગ વિજ્ઞાનઘન કે અવલંબન સે હુઆ હૈ તો વહ પર્યાય ભી વીતરાગ વિજ્ઞાનઘનકી અંશ હૈ. દેવીલાલજી! આહાહા..! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માને ક્યા સમ્યગ્દર્શન કહા ઔર સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ ખબર નહીં ઉસકો. એસે કે એસે બાડે મેં પડે હૈં. માન લે કિ હમ ધર્મી હૈ. આહાહા..! સમ્યગ્દર્શન બિના વ્રત, તપ, જાત્રા, ભક્તિ ઔર પૂજા સબ શુભભાવ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. સમજમેં આયા? ઐસા

વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કા ફરમાન હૈ. યહ આત્મા... યહાં યહ કહા ન? સમકિતકા માહાત્મ્ય સમકિત કે પ્રભાવસે. વહ સમ્યગ્દર્શન. વહ સમ્યગ્દર્શન ઐસી કોઈ ચીજ નહીં કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા વહ સમ્યગ્દર્શન. ઐસા હૈ નહીં. ઐસે નવ તત્ત્વકી ભેદરૂપ શ્રદ્ધા વહ ભી સમ્યગ્દર્શન નહીં.

ભગવાન આત્મા. ભગવાન કહકર હી બુલાતે હૈં આચાર્ય તો આત્માકો. ૭૨ ગાથા મેં. ૭૨ ગાથા હૈ ન સમયસારકી? ઉસમેં ઐસા કહતે હૈં કિ ભગવાન આત્મા. આહાહા..! પર્યાયમેં અવસ્થા મેં રાગ-દ્વેષ હોને પર ભી વસ્તુ હૈ તો ભગવાન સ્વરૂપ હી આત્મા હૈ. જો ભગવાનસ્વરૂપ ન હો તો ભગવાનકી પર્યાય કહાં સે આયેગી? કોઈ બાહર સે તો આતી નહીં. સમજમેં આયા? વહ ભગવાન આત્મા પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ વહ અચેતન જડ હૈ. આહાહા..! શુભ-અશુભભાવ હૈ ન? શુભ-અશુભભાવ. વહ અચેતન હૈ. અચેતન કા અર્થ? ઉસમેં વિજ્ઞાનઘન, વીતરાગ વિજ્ઞાનઘનકા અંશ ઉસમેં નહીં આયા. આહાહા..! સમજમેં આયા? વહ વીતરાગ વિજ્ઞાનઘન ભગવાન આત્મા. આહાહા..! ઉસકી સ્વરૂપ હોકર પ્રતીતિ જ્ઞાન મેં રમણતા કરના, જો અનંતકાલમેં અનંતબૈર નવવીં ગ્રૈવેયક ગયે ઔર હુઆ નહીં, ઐસી વહ દશા હૈ. ઉસ દશા કે બિના ધર્મકા લાભ ઉસકો હોતા નહીં. આહાહા..!

કહતે હૈં કિ યહ સમ્યક્ત્વ માહાત્મ્ય સે-પ્રભાવસે. પીછે સમ્યગ્દર્શન હુઆ તો પીછે સ્વરૂપમેં લીનતા કા ચારિત્ર હોગા હી. ઔર ચારિત્રસે ફિર મુક્તિ હોગી. વહ આગે આયેગા. ૩૬મેં. ૩૬ મેં. '**खविऊण विहिबलेण स्सं**' એમ છે. એના બે અર્થ કર્યા છે. એક ચારિત્રમોહ અને એ.. એ જાતની સામગ્રી ચારિત્ર. સમ્યગ્દર્શન હોનેકે બાદ ભી સ્વરૂપમેં આત્માકે આનંદ મેં લીનતા વહ ચારિત્ર હૈ. ચારિત્ર કોઈ બાહ્યકી દેહકી ક્રિયા યા પંચ મહાવ્રતકા વિકલ્પ વહ રાગ હૈ, વહ ચારિત્ર નહીં. આહાહા..! તો અપને સ્વરૂપકી પ્રતીતિ સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમેં સ્થિરતાકી ચારિત્રદશા હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં. પહલી પંક્તિકા અર્થ હોતા હૈ. ૩૫કા ઉપોદઘાત ઉપર હૈ ન? હૈ?

પ્રશ્ન કરતે હૈં. ગંભીર અર્થ હૈ. ઐસે કોઈ કથા નહીં યહ સાધારણ કિ થોડે શબ્દમેં.. બહોત શબ્દમેં થોડા આ જાયે. યહ તો થોડે શબ્દ મેં બહુત આતા હૈ. આહાહા..! '**પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ-જો સમ્યક્ત્વકે પ્રભાવસે...**' સમ્યગ્દર્શન વીતરાગ વિજ્ઞાનઘનકા અનુભવ હોનેસે. આહાહા..! ઔર પીછે સ્વરૂપમેં લીનતા કરને સે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં. સિદ્ધપદકી પ્રાપ્તિ તબ ઉસકો હોતી હૈ. '**વે તત્કાલ પ્રાપ્ત કરતે હૈં...**' શિષ્યકા પ્રશ્ન હૈ. કિ કેવલજ્ઞાન હુઆ, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર કે પ્રતાપસે વીતરાગ વિજ્ઞાનઘન કે આશ્રયસે પ્રગટ વીતરાગી પર્યાય, ઉસસે વીતરાગ વિજ્ઞાનઘન કેવલજ્ઞાન હુઆ, તો વહ કેવલજ્ઞાની પરમાત્મા '**તત્કાલ પ્રાપ્ત કરતે હૈં યા કુછ અવસ્થાન ભી રહતે હૈં?**' કેવલજ્ઞાન કે પીછે થોડા કાલ રહતે હૈ કિ નહીં? કિ એકદમ કેવલજ્ઞાન હુઆ ઔર તુરંત મોક્ષ પ્રાપ્ત કરતે હૈં? યહ ઐસા પ્રશ્ન હૈ. સમજમેં આયા? ઉસકા ઉત્તર કહતે હૈં દેખો!

'**ઉસકે સમાધાનરૂપ ગાથા કહતે હૈં :—**' ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯ મેં ભરતક્ષેત્રમેં હુએ.

કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ. સંવત ૪૯મેં. ઉસકે પાસ જમીન સે ચાર તસુ ઉપર ચલનેકી લબ્ધિ થી. તો ઉસ કારણ સે ભગવાન કે પાસ ગયે થે. ભગવાન મહાવિદેહ મેં વર્તમાન શ્રી સીમંધર તીર્થંકર દેવ વિહરમાન, વિદ્યમાન જીવંત તીર્થંકર બિરાજતે હૈં. મહાવિદેહમેં, વર્તમાન બિરાજતે હૈં. ઉસ સમય ભી થે. ક્યોંકિ આયુષ્ય તો બડા હૈ. સીમંધરકા આયુષ્ય તો કરોડ પૂર્વ કા હૈ. ઔર એક પૂર્વ મેં ૭૦ લાખ કરોડ ૫૬ હજાર કરોડ વર્ષ જાતે હૈં. ઐસા ઐસા કરોડ પૂર્વકા તો આયુષ્ય ભગવાનકા હૈ. મહાવિદેહમેં બિરાજતે હૈં મનુષ્યપને. કેવલજ્ઞાની પરમાત્મા અરિહંતપદ મેં.

મહાવીર ભગવાન આદિ જો હુએ વહ તો યહાં થે તબ અરિહંત થે. અબ તો સિદ્ધ હો ગયે. નમો સિદ્ધાણં. ઉનકો શરીર નહીં વહ સિદ્ધ હો ગયે. ભગવાન બિરાજતે હૈં, અરિહંત બિરાજતે હૈં. મહાવિદેહ ક્ષેત્રમેં. બીસ વિહરમાન નહીં આતે હૈં? બીસ વિહરમાન. વિચરતે તીર્થંકર વીસ. ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં. ઉનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય. આઠ દિન વહાં રહે થે. દિગંબર સંત. વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં કિ ભગવાન કા યહ ફરમાન હૈ કિ આત્મા વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપકી અંદર પ્રતીતિ, જ્ઞાન ઔર રમણતા હોતી હૈ તો ઉસસે ઉસકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ. કોઈ બાહ્યકી ક્રિયાકાંડ સે, શરીરકી નગ્નતા સે મોક્ષ હોતા નહીં. સમજમેં આયા? ઔર વહ કેવલજ્ઞાન હોનેપર ભી આર્યખંડ મેં વિચરતે થે. કેવલજ્ઞાન હુઆ તો તુરંત મોક્ષ હો ગયા ઐસા હૈ નહીં. વહ કહતે હૈં.

**विहरदि जाव जिणिंदो सहसट्ठसुलक्खणेहिं संजुत्तो।**
**चउतीस अइसयजुदो सा पडिमा थावरा भणिया।।३५।।**

ઉસકા '**અર્થ :- કેવલજ્ઞાન હોનેકે બાદ જિનેન્દ્ર ભગવાન...**' અપને સ્વરૂપકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે કારણ સે કેવલજ્ઞાન હોનેપર ભી '**ભગવાન જબ તક ઈસ લોકમેં – આર્યખંડમેં વિહાર કરતે હૈં...**' કેવલજ્ઞાની પરમાત્મા ભી આર્યખંડમેં આયુષ્ય કે પ્રમાણસે વિહાર કરતે હૈં. '**તબ તક ઉનકી વહ પ્રતિમા અર્થાત્ શરીર સહિત પ્રતિબિંબ ઉસકો 'થાવર પ્રતિમા' ઈસ નામસે કહતે હૈં.**' ક્યોંકિ કેવલજ્ઞાન હુઆ તો થોડા કાલ યહાં રહતે હૈં. થોડા કહતે હૈં ન? થોડા. વહ થોડા કાલ રહતે હૈં ઉસ સ્થિતિકો થાવર પ્રતિમા કહતે હૈ. ક્યોંકિ કેવલજ્ઞાન હોનેપર ભી શરીરસહિત ઉસકી ક્રિયા હોતી હૈ વિહરમાનકી તો ઉસકો થાવર પ્રતિમા કહતે હૈં. અવસ્થાન હૈ ન? ઉસમેં રહતે હૈં ન? તો ઉસકો થાવર પ્રતિમા કહતે હૈં. ઔર જબ યહાં સે સિદ્ધ મેં જાતે હૈ એક સમયમેં દેહ છૂટકર, તો ઉસકો જંગમ પ્રતિમા કહતે હૈં. સમજમેં આયા?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માકી બાત હૈ યહ તો. યહ કોઈ કલ્પનાકી બાત નહીં હૈ. યહ તો તીનલોક કે નાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા, જિસકો એક સેકન્ડકે અસંખ્ય ભાગમેં તીન કાલ તીન લોક દેખને મેં, જાનને મેં આયા. ઐસે ભગવાનકી જો વાણી આયી યહ ઉસકા કથન હૈ. આહાહા..! કહતે હૈં

જબતક ભગવાન શરીર સહિત પ્રતિબિંબ ઉસકો થાવર પ્રતિમા નામસે કહતે હૈં. થાવર. ઐસે તો થાવર ભગવાનકી પ્રતિમાકો કહે. સમજમેં આયા? પરંતુ યહાં તો ઈસપ્રકાર થાવર કહતે હૈં. ભગવાનકી પ્રતિમા વહ થાવર પ્રતિમા હૈ, પરંતુ વ્યવહાર થાવર પ્રતિમા હૈ, ઔર યહ નિશ્ચય થાવર પ્રતિમા હૈ. સમજમેં આયા? એક સમયમેં સિદ્ધ ભગવાન યહાં દેહ છૂટકર જાતે હૈ વહ જંગમ પ્રતિમા. ઔર યહ સ્થાવર પ્રતિમાકી અપેક્ષા સે સમવસરણમેં બિરાજમાન ભગવાનકો જંગમ પ્રતિમા કહતે હૈં. સમજમેં આયા? પ્રતિમા થાવર હોતી હૈ. જબ શુભભાવ હોતા હૈ તો શુભભાવ મેં ભક્તિ આદિકા ભાવ ઉસમેં ભગવાનકી પ્રતિમા તરફ લક્ષ જાતા હૈ, પરંતુ વહ શુભભાવ પુણ્ય હૈ, ધર્મ નહીં.

મુમુક્ષુ :- ધર્મ ..

ઉત્તર :- બિલકુલ નહીં. ધર્મ મતલબ આત્મા આનંદસ્વરૂપ ભગવાન, ઉસકે આશ્રયસે જો દશા હો ઉસકા નામ ધર્મ હૈ. પરકે આશ્રય સે જિતના વિકલ્પ ઉઠે વહ પુણ્ય ઔર પાપ હૈ. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! યહ માર્ગ ભિન્ન હૈ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર. આહાહા..! ઉસમેં યહ દિગંબર ધર્મ. જૈનધર્મ વહ દિગંબર ધર્મ. સમજમેં આયા? વહ તો ચલી ન. યહ તો અબ સમકિતકી પ્રધાનતા ચલતી હૈ. સ્વયં કહતે હૈં કિ સમ્યક્ત્વકી પ્રધાનતા સે કથન. કહેંગે આગે. આખિરમેં ઐસા કહેંગે. યહ પૂરા કરેગા તબ ઐસા કહેંગે. સમજમેં આયા કુછ? આહાહા..! યહ માહાત્મ્ય પીછે સે આયા હૈ ન? આહાહા..!

**'જિનેન્દ્ર કૈસે હૈં? એક હજાર આઠ લક્ષણોંસે સંયુક્ત હૈં.'** ભગવાન કે શરીરમેં એક હજાર આઠ તો લક્ષણ હૈં. અંતરમેં કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંતર વીર્ય ઔર સુખ. અનંત સુખ, અનંત ચતુષ્ટય. આત્મા મેં અનાદિ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન ઔર વીર્ય વહ પડા હૈ અંદરમેં. આત્મા મેં અનંત ચતુષ્ટય શક્તિરૂપ, સ્વભાવરૂપ, જ્ઞેયરૂપ, ભાવરૂપ આત્મા સત્ હૈ ઉસકા સત્ત્વ અનાદિ સે પડા હૈ ઉસમેં. આહાહા..! સમજમેં આયા? ઐસે ઉસ ચતુષ્ટયમેં સે અનંત ચતુષ્ટય, વહ વીતરાગ વિજ્ઞાનઘન હૈ. ઉસમેં અંતર અવલંબન લેકર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કિયા ઉસસે મોક્ષ હુઆ અર્થાત્ કેવલજ્ઞાન હુઆ, ભાવમોક્ષ. પીછે મોક્ષ તો .. જગહ ચલી. તો વહ કેવલજ્ઞાની કો શરીર મેં એક હજાર આઠ લક્ષણ હોતે હૈં. વહ જરા વ્યવહારકી બાત આઈ. સમજમેં આયા? વહ કહતે હૈં દેખો!

**'એક હજાર આઠ લક્ષણોં સે સંયુક્ત હૈં. વહાં શ્રીવૃક્ષકો આદિ લેકર એક સૌ આઠ લક્ષણ હોતે હૈં. તિલ, મુસક આદિ લેકર નૌ સો વ્યંજન હોતે હૈં.** ' જાણવાની વાત છે. **'ચૌંતીસ અતિશયોંમેં દસ તો જન્મસે હી લિયે હુએ ઉત્પન્ન હોતે હૈં :—** ' ભગવાન જબ જન્મતે હૈં તીર્થંકર તબ તો પહલે સે નિઃસ્વેદતા- પસીના હોતા હી નહીં. ભગવાન ગૃહસ્થાશ્રમ મેં હો ફિર ભી તીર્થંકરકા પરમ ઔદારિક શરીર હોતા હૈ. ઉસકો ભોજન-આહાર હોતા હૈ, પરંતુ પસીના, દિશા-જંગલ ઔર પિશાબ વહ હોતા હી નહીં. ઈતની ઉસકી પવિત્રતા હૈ. ગૃહસ્થાશ્રમ મેં રહતા હૈ ફિર

ભી. સમજમેં આયા? ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞ હુએ પહલે. જબ સ્વર્ગમેં સે યા નરકમેં સે આતે હૈં, નરક મેં સે ભી આતે હૈ. સ્વર્ગમેં સે ભી આતે હૈ. તીર્થંકર તો. શ્રેણિક રાજા. અબ શ્રેણિક રાજા નરકમેં હૈ. ભગવાન કે પાસ તીર્થંકરગોત્ર બાંધા થા. શ્રેણિક રાજા જિનકો નરક કા આયુષ્ય બંધ ગયા થા. ચોરાસી હજાર સાલ કા આયુષ્ય હૈ. તો નરકમેં ગયે અભી. પરંતુ ભવિષ્યકા તીર્થંકર હોંગે. આગામી ચૌબીસીમેં ભરત મેં પહલે તીર્થંકર હોંગે. વહ સમ્યગ્દર્શન મેં તીર્થંકરગોત્ર બંધા વહ કારણ. ચારિત્ર નહીં, વ્રત, તપ કુછ નહીં થા. પરંતુ એક સમ્યગ્દર્શન, અપૂર્વ અનુભવ જો અનંતકાલ મેં કભી હુઆ નહીં ઔર ઉસકે બિના સચ્ચા જ્ઞાન ઔર સચ્ચા ચારિત્ર હોતા નહીં. વહ સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા શ્રેણિક રાજાને ભગવાન મહાવીર પરમાત્મા કે સમય મેં..

વહ આતી હૈ ન બાત નહીં મુનિકી? યશોધર મુનિ. કૈસે? યશાધર મુનિ. ઉસમેં એક સર્પ થા ન સર્પ મુડદા? તો શ્રેણિક રાજાને ગલેમેં ડાલ દિયા. વહ બૌદ્ધ થે, જૈન નહીં થે પહલે. બૌદ્ધધર્મી થા. ગલેમેં ડાલ દિયા. ફિર ઘર પર ચેલણા રાણી સમકિતી થી. ઉસકી પત્ની થી વહ સમ્યગ્દષ્ટિ, આત્મજ્ઞાની અનુભવી થી. આત્માકા ભાન થા. વહ સ્ત્રી શરીર હો યા પુરુષકા વહ તો હડ્ડી. યહ તો હડ્ડી હૈ. ઉસમેં આત્મામેં ક્યા આયા? આત્મા તો ભિન્ન ચીજ હૈ. તો સ્ત્રીકો ભી વહાં સમ્યગ્દર્શન હોતા હૈ. અપૂર્વ દષ્ટિ આનંદકી. તો વહ ચેલણાકો કહે કે મૈંને તેરે સાધુકે ઉપર મરા હુઆ સર્પ ડાલકર આયા હૂં. વહ તો નિકાલ દેગા. રાણી કહતે હૈં, અન્નદાતા! ઐસા ન હો. હમારે મુનિ તો વીતરાગી દષ્ટિ, વીતરાગી જ્ઞાન હૈ. આનંદમેં ઝૂલતે હૈ વહ તો. આહાહા..! આપને સર્પ ડાલા હોં તો છુએગા નહીં, નિકાલે નહીં. આનંદ મેં રહતે હૈં. વહ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા, મુનિદશા તો અતીન્દ્રિય આનંદકી લહેર ઉઠતી હૈ અંદરમેં. ઐસી દશા મેં વહ પડે હૈં. તો કહે, ચલો.

શ્રેણિક કહતા હૈ કિ તુમ કહતે હો વહ સચ્ચી બાત હૈ યા હમ કહતે હૈં વહ સચ્ચી બાત હૈ? ગયે. સર્પ પડા થા. લાખોં ચીટ્ટીયાં ચીટ્ટીયાં હો ગઈ. તો (શ્રેણિકને) ચીટ્ટીકો નિકાલ કર સર્પકો ઉતાર દિયા. લો અન્નદાતા! આપ .. દેખો! હમારે મુનિ તો અતીન્દ્રિય આનંદમેં મશગુલ હૈ. અતીન્દ્રિય આનંદમેં લીન હો વહ મુનિપના હૈ. આહાહા..! ઉસકો ઉપસર્ગકી કુછ ખબર હી નહીં. ખબર હો તો ભી ઉપસર્ગ નિકાલતે નહીં. ઉસ સમય શ્રેણિક રાજાકો મુનિને ઉપદેશ દિયા.. ઓહોહો..! ઐસી દશા! અંતર આનંદસ્વરૂપ. કેવલ નગ્નપના નહીં. કેવલ પંચ મહાવ્રતકા પાલન વહ વિકલ્પ વહ ભી નહીં. અંતરમેં આનંદ સ્વરૂપમેં ગાઢ આનંદમેં રહતે હૈં. અતીન્દ્રિય આનંદકા વેદન પ્રચુર થા. તો ઉનકો ઉપસર્ગમેં કુછ ખબર હી નહીં. શ્રેણિકને કહા ઓહોહો..! યહ દશા મુનિકી! મહારાજ! હમકો ધર્મ કુછ કહો. ઓહોહો..! યહ દશાવંત. ધર્મ કહા ઉસી સમય સમકિત પાયા. આત્માનુભવ. મન સે રાગ સે ભિન્ન આત્મા. ઉસકા દષ્ટિ ઔર અનુભવ વહાં સમકિત હુઆ. પરંતુ ક્ષાયિક સમકિત નહીં. પીછે ભગવાનકે સમવસરણમેં ગયે શ્રેણિકરાજા. વહાં ક્ષાયિક સમકિત પાયા. ઔર વહાં તીર્થંકરગોત્રકા ઉપાર્જન કિયા. તીર્થંકરગોત્ર.

સમકિતી હૈ, હજારો રાજા સેવા કરતે થે. સમજમેં આયા? ધર્મ પ્રાપ્ત કિયા ઔર તીર્થંકરગોત્ર બાંધા. પરંતુ પૂર્વમેં આયુષ્ય બંધ ગયા થા નરકકા. વહ તો કુછ ફિરે નહીં. જાના પડા નરકમેં. બહોત આયુષ્ય બંધા થા. ૩૩ સાગર થા પહલે તો નરક આયુષ્ય. પરંતુ ભગવાનકે સમવસરણ મેં સમકિત પાયા તો વહ સબ સ્થિતિ નરકકી ઘટા દી ઔર ૮૪ હજાર વર્ષકી હો ગઈ. આત્મા અનુભવ સમ્યગ્દર્શન આનંદકા સ્વાદ આયા તો ઉસમેં ૮૪ હજાર વર્ષકી સ્થિતિ નક્કી રહ ગઈ. ૮૪ હજાર વર્ષમેં અભી હૈ. પહલી નરક મેં. ઢાઈ હજાર સાલ ગયે અભી. સાઢી ઈક્યાસી હજાર વર્ષ બાકી હૈ. તો વહાં સે નિકલકર આગામી ચૌબીસીમેં પહલે તીર્થંકર હોંગે. નરકમેં સે નિકલકર તીર્થંકર હોંગે. સમકિતી હૈ ન. ઐસે સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઉસકી લોંગોકો કિંમત નહીં. ભગવાનકો માના સમકિત હૈ. લે લો વ્રત ઔર કર લો તપ. એક કે બિનાકે બિંદુ હૈ સબ. ક્યા કહતે હૈં? એક કે બિના બિંદુ. આહાહા..!

વહ શ્રેણિક રાજા નરકમેં સે તીર્થંકર હોગા, મહાવીર ભગવાન આદિ સ્વર્ગમેં સે આયે ઔર તીર્થંકર હુએ હૈં. સમજમેં આયા? તો કહતે હૈં, ઉનકો શરીરમેં ઈતને લક્ષણ હોતે હૈં. શરીર મેં હોં! મુનિપના લે, કેવલજ્ઞાન હો તો ભી ઉસકે ૧૦૦૮ લક્ષણ શરીરમેં હો. ઔર ઉતના કાલ ભગવાન મહાવીરને ૪૨ વર્ષ મેં કેવલ પાયા થા. ૪૨ વર્ષ ઉમ્ર. ૩૦ સાલ કેવલજ્ઞાન રહા. પીછે ૭૨ વર્ષ(કી ઉમ્ર) મેં સિદ્ધ હુએ. પરંતુ વહ ૩૦ (સાલ) જબતક વિચરતે થે તો ઉનકો કેવલજ્ઞાનસહિત શરીર મેં એક હજાર આઠ લક્ષણ સહિત ઉસકો સ્થાવર પ્રતિમા કહનેમેં આતા હૈ. વહ સ્થિત રહતે ન થોડો કાલ યહાં. રહતે હૈ તો ઉસ કારણ સે સ્થાવર કહતે હૈં. યહાં કહતે હૈં એક હજાર આઠ લક્ષણ. ૩૪ અતિશય લો.

ઉસકો '**૧. નિઃસ્વેદતા,...**' પરમ ઔદારિક શરીર પહલેસે હોતા હૈ. સમજમેં આયા? વહ શ્વેતાંબરમેં ઐસા હૈ નહીં. શ્વેતાંબરમેં તો કહતે હૈં કિ શરીરમેં રોગ હોતા હૈ, કેવલીકો ભી રોગ હોતા હૈ. ઐસા હૈ નહીં. ભગવાન તીર્થંકરતો પહલે જન્મસે ઉસકો નિઃસ્વેદતા હૈ—પસીના નહીં હોતા. '**૨. નિર્મલતા,...**' શરીર મેં નિર્મલતા દિખે બાલકપનેમેં ભી. આહાહા..! સમજમેં આયા? જન્મ હોતા હૈ વહ આતે હૈ ન ઈન્દ્રો જન્મોત્સવ કરનેકો. તો ઈન્દ્રાણી પહલે ઉઠાતી હૈ બાલકકો. ઈન્દ્રકે હાથમેં દેતે હૈં. ઈન્દ્ર એક હજાર આઠ નેત્રસે દેખતે હૈં. ઈતની તો જિનકે શરીરકી સુંદરતા હૈ. અંતર તો તીન જ્ઞાનકા સ્વામી સમકિતીસહિત હૈ. સમજમેં આયા? તો કહતે હૈં કે શરીરમેં નિર્મલતા હોતી હૈ.

'**૩. શ્વેતરુધિરતા,...**' ખુન સફેદ હોતા હૈ. ભગવાન કો ખૂન સફેદ હોતા હૈ. લોહી કહતે હૈ ન ક્યા કહતે હૈ? ખુન-ખુન. સબ તુમ્હારી હિન્દી નહીં આતી હૈ. થોડી થોડી આતી હૈ ન. '**૪. સમચતુરસ્રસંસ્થાન,...**' યહ આકાર શરીરકા સુંદર હોતા હૈ. '**૫. વજ્રવૃષભનારાચ સંહનન,...**' હાડકા કી મજબુતાઈ '**૬. સુરૂપતા, ૭. સુગંધતા,...**' દેખો! ભગવાનકે શરીર મેં પહલે સે રૂપ સુંદર, સુગંધ. શ્વાસમેં ગંધ આતી હૈ. '**૮. સુલક્ષણતા, ૯. અતુલવીર્ય,...**' પહલે સે અતુલવીર્ય. '**૧૦. હિતમિતવચન—ઐસે દશ હોતે હૈં. ઘાતિયા કર્મોંકે ક્ષય હોને પર દશ હોતે હૈં :— ૧.**

**શતયોજન સુભિક્ષતા,...**' સો સો યોજન મેં દુષ્કાલ નહીં. ઐસા પુણ્યકા પ્રભાવ હૈ કિ જગતકી ભી ઐસી સ્થિતિ હો જાતી હૈ. આહાહા..! તીનલોક કે નાથ તીર્થંકર જબ વિચરતે હૈં તો સો સો યોજન મેં દુષ્કાલ નહીં. સુભિક્ષતા. આહાહા..! અંદર મેં સુકાલ હો ગયા ન અંદરમેં. પર્યાય મેં કેવલજ્ઞાન હો ગયા તો સુકાલ હુઆ. જબતક મિથ્યાત્વ થા તબતક દુષ્કાલ થા. સમજમેં આયા? રાગકો અપના માનકર, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની થા અનાદિસે, તબતક અપની પર્યાયમેં દુકાલ થા. આહાહા..!

અપના આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિકા સમ્યગ્દર્શન હુઆ તો સુકાલકી શુરૂઆત હો ગઈ. સમજમેં આયા? પીછે ભલે ગૃહસ્થાશ્રમ મેં હો પરંતુ ઉસકી અંદરમેં પર્યાયકી સુકાલકી શુરૂઆત હો ગઈ ઔર પૂર્ણ કેવલજ્ઞાન હો તબ પૂરા સુકાલ હો ગયા. આહાહા..! તો વહ ભગવાન જબ જાતે હૈ વહાં શતયોજન મેં સુભિક્ષતા. '**૨. આકાશગમન,...**' ઉપર ચલતે હૈં. નીચે નહીં ચલતે. '**૩. પ્રાણિવધકા અભાવ,...**' ભગવાન જહાં વિચરતે હૈં વહાં પ્રાણી વધ નહીં હોતા. ઐસા તો અતિશય હૈ. '**૪. કવલાહારકા અભાવ,...**' ભગવાન કો ખુરાક નહીં હોતા. રોટલા કવલ-કવલ. શ્વેતાંબરમેં કહતે હૈં, ભગવાનકો રોગ હુઆ મહાવીરકો, ફિર ઔષધ લિયા. ઔષધ-ઔષધ લાયા. ખાયી તો સારા રોગ મિટ ગયા. સબ કલ્પના બાપુ! ભગવાનકો કવલાહાર હોતા હી નહીં. ભગવાનકા શરીર મેં રોગ હી હોતા નહીં. સમજમેં આયા? માર્ગ તો અનાદિકા ઐસા હૈ. ઉસમેં ગડબડ હો ગઈ હૈ યહ .. સમજમેં આયા?

ભગવાન ૬૦૦ સાલ પીછે બારહ સાલ કા દુકાલ પડા. બારહ સાલ એક બડા દુકાલ. તો ઉસમેં સે નગ્નપના અંતરદશામેં નભ નહીં સકે તો યહ શ્વેતાંબર નિકલ ગયે. ઉસમેં સે નિકલે હૈં. વસ્ત્રસહિત મુનિપના, ભગવાનકો આહાર, સ્ત્રીકી મુક્તિ યહ સબ પીછે નિકલા હૈ. વહ ભગવાનકા માર્ગ નહીં. સમજમેં આયા? વહ કહતે હૈં દેખો. '**૪. કવલાહારકા અભાવ,...**' ભગવાનજીભાઈ! ભગવાનકો આહાર નહીં હોતા. ભગવતીસૂત્ર મેં પાઠ હૈ. રોગ હુઆ તો .. વહોરને ગયે. પાક લેકર આયે ભગવાનને ખાયા. એય..! ..ચંદભાઈ! સુના હૈ કિ નહીં? શ્વેતાંબર હો ઉસને સુના હો ન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકો હોતા હૈ.

કેવલજ્ઞાન જહાં... આહાહા..! યહાં તો અભી મુનિપના જિસકો સચ્ચા ભાવલિંગ આનંદ આતા હૈ, ઉસકે મુખમેં સે દંત આદિ સુગંધ આતી હૈ. સચ્ચે મુનિકી બાત હૈ. સચ્ચે મુનિ અર્થાત્ સમ્યગ્દર્શનસહિત સ્વરૂપકી રમણતા અંદર હો. સમજમેં આયા? ઔર જિસકી નિંદ ભી પૌની સેકન્ડકે અંદર હો, ઉસકો યહાં જૈનદર્શન મેં સાધુ કહનેમેં આતા હૈ. આતા હૈ કિ નહીં વહ છહ ઢાલા મેં? 'પીછલી રયણ...'

મુમુક્ષુ :— ભૂમાહિ પિછલી રયનિ મેં, કછુ શયન એકાસન કરન.

ઉત્તર :- '.. એકાસન.' વહ છહ ઢાલા મેં આતા હૈ. પીછલી રયણમેં થોડી નિંદ્રા. પરંતુ ભાવલિંગી સંત, સમ્યગ્દૃષ્ટિ ચારિત્ર ઉસકી બાત હૈ. માત્ર નગ્નપના ઔર માત્ર પંચમહાવ્રત વહ કોઈ સાધુપના નહીં.

વહ કોઈ મુનિદશા વીતરાગમાર્ગકી નહીં. આહાહા..!

યહાં તો કહતે હૈં કવલાહાર કા અભાવ, '**૫. ઉપસર્ગકા અભાવ,...**' ભગવાનકો ઉપસર્ગ નહીં હોતા. શ્વેતાંબરમેં કહતે હૈં કિ ભગવાનકે ઉપર લેશ્યા ડાલી તો ભગવાનકો છહ મહિના ક્યા કહે પેચોટી? પેચીસ. ઝાડા હમારે ઝાડા કહતે હૈં. ઝાડા હો ગયા. છહ મહિનેસે. કલ્પિત હૈ સબ બાત. યહ બાત સચ્ચી નહીં હૈ. ભગવાનકો રોગ હોતા હી નહીં, ઉપસર્ગ હોતા હી નહીં. '**૬. ચતુર્મુખપના,...**' ચાર મુખ દેખે. ચારોં તરફ. '**૭. સર્વવિદ્યા પ્રભુત્વ, ૮. છાયારહિતત્વ,...**' શરીરકી છાયા ન પડે. '**૯. લોચનનિસ્પંદન રહિતત્ત્વ,...**' ઐસા ન હોય. યહ દશા જહાં કેવલ હુઆ વહાં. આહાહા..!

'**૧૦. કેશ-નખવૃદ્ધિરહિતત્ત્વ...**' કેશ ઔર નખ બઢે હી નહીં. વહ દશ. '**દેવોં દ્વારા કિયે હુએ ચૌદહ હોતે હૈં :—૧. સકલાર્દ્ધમાગધી ભાષા,...**' ભાષા સકલ અર્ધમાગધી નિકલે. નિકલતા હૈ ૐ. ઐસે ૐ નિકલે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ભગવાનકી વાણીમેં તો હોઠ હિલે નહીં, કંઠ હિલે નહીં. ૐ ઐસા ધ્વનિ ઉઠતા હૈ તીર્થંકરકો. ઉસમેં સે ગણધરદેવ શાસ્ત્ર રચતે હૈં. ઉસમેં અર્ધમાગધીભાષા દેવ નિમિત્ત ઔર ઉસકા અતિશય. '**૨. સર્વજીવ મૈત્રીભાવ,...**' સર્વજીવ સે મૈત્રી હોતી હૈ. વિરોધ નહીં હોતા કિસીસે.

'**૩. સર્વઋતુફલ પુષ્પ પ્રાર્દુર્ભાવ,...**' ઝાડે, ગરમી મેં, બારીશમેં સબ ફલ પકે. '**૪. દર્પણકે સમાન પૃથ્વી હોના, ૫. મંદ સુગંધ પવનકા ચલના, ૬. સારે સંસારમેં આનંદકા હોના,...**' આહાહા..! '**૭. ભૂમિ કંટકાદિરહિહત હોના,...**' ભૂમિમેં કંટક આદિ નહીં હોતા. '**૮. દેવોં દ્વારા ગંધોદકકી વર્ષા હોના, ૯. વિહારકે સમય ચરણકમલકે નીચે દેવોં દ્વારા સુવર્ણમયી કમલોંકી રચના હોના, ૧૦. ભૂમિ ધાન્યનિષ્પત્તિ સહિત હોના,...**' ભૂમિમેં ધાન્ય ઉત્પન્ન હુઆ હો. '**૧૧. દિશા-આકાશ નિર્મલ હોના, ૧૨. દેવોંકા આહ્વાનન શબ્દ હોના, ૧૩. ધર્મચક્રકા આગે ચલના,...**' ભગવાન ચલે તબ ધર્મ. '**૧૪. અષ્ટ મંગલ દ્રવ્ય હોના - ઐસે ચૌદહ હોતે હૈં। સબ મિકલકર ચૌંતીસ હો ગયે. આઠ પ્રાતિહાર્ય હોતે હૈં, ઉનકે નામ :-- ૧. અશોકવૃક્ષ,...**' હૈ ન અપને સમવસરણમેં. '**૨. પુષ્પવૃષ્ટિ, ૩. દિવ્યધ્વનિ,...**' ૐ ઐસી ધ્વનિ ઉઠતી હૈ. જગતકા ભાગ્ય ઉદય, પુણ્ય ઔર ભગવાનકી વાણીકા નિકલના. વહ આતા હૈ કિ નહીં ભવ્ય? ભવી જીવ. 'ભાગન વસે જોગે...' વહ. ભવિકા પુણ્યકા ઉદય ભગવાનકી દિવ્યધ્વનિ. ઐસી ભાષા ઉનકો ન હો. હમ બોલતે હૈં ઐસી ભાષા ઉનકો નહીં હોતી. વહ તો વીતરાગ હો ગયા ન? જબતક રાગ હૈ વહાં ભાષા ખંડ ખંડ હોતી હૈ. વીતરાગ જબ હો ગયેં ૐ એકાક્ષરી ધ્વનિ. ઉસમેં સબ અક્ષર હૈ. પરંતુ યહ બોલે ઐસી ભાષા નહીં. ઐસા દિવ્યધ્વનિ.

'**૪. ચામર, ૫. સિંહાસન, ૬. છત્ર, ૭. ભામંડલ,...**' શરીરમેં. શરીરમેં સાત ભવ દિખે. ભગવાનકા શરીર ઐસા ઉજ્જ્વલ હૈ કિ નજર કરે તો સાત ભવ દિખે હૈ. સાત ભવ દેખને મેં આતા હૈ.

તીન ભૂત, તીન ભવિષ્ય, તીન વર્તમાન. ઓહોહો..! આહાહા..! '૮. દુંદુભિવાદિત્ર...' દુંદુભિ આવાજ. નગાડે બજતે હૈં. '**ઐસે આઠ હોતે હૈં. —ઐસે અતિશય સહિત અનંતજ્ઞાન,...** ' બાહરકા અતિશય ઔર અનંત અનંત જ્ઞાન, અનંત અનંત અનંત. એક ક્ષણમેં-સમયમેં તીનકાલ તીન લોક દેખતે હૈં. ઐસા અરિહંત પરમાત્માકા જ્ઞાન હૈ. આહાહા..!

'**અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય...**' આત્માકા અનંત આનંદ પ્રગટ હુઆ. આહાહા..! સમ્યગ્દર્શન હોતે આનંદ અંશ ઉત્પન્ન હોતા હૈ. અતીન્દ્રિય હોં! સમ્યગ્દર્શન મેં પ્રથમ ચૌથા ગુણસ્થાન. શ્રાવક ઔર મુનિ પહલી દશા તો ઉસમેં ભી અતીન્દ્રિય આનંદકા અંશકા સ્વાદ અંશ સે આતા હૈ. આહાહા..! શ્રાવક સચ્ચા હો, પંચમ ગુણસ્થાનવાલા. સચ્ચા શ્રાવક, ઉસસે વિશેષ થોડા. મુનિકો વિશેષ, સાતવેં વિશેષ કરતે કરતે બારહવે મેં સુખ પૂર્ણ. ઔર કેવલી કો અનંત સુખ. આહાહા..! યહ મોક્ષમાર્ગકિ ફલ. અનંત આનંદ. અતીન્દ્રિય આનંદ.

'**અનંતવીર્ય સહિત— તીર્થંકર પરમદેવ જબ તક જીવોંકે સંબોધન નિમિત્ત વિહાર કરતે વિરાજતે હૈં તબ તક સ્થાવર પ્રતિમા કહલાતે હૈં.**' લો! કુંદકુંદાચાર્ય મહારાજ સ્વયં ઉસકો સ્થાવર પ્રતિમા કહલાતે હૈં. '**ઐસે સ્થાવર પ્રતિમા કહનેસે તીર્થંકર કેવલજ્ઞાન હોનેકે બાદમેં અવસ્થાન બતાયા હૈ...**' અવસ્થાન. કેવલજ્ઞાન હોને કે બાદ ભી થોડા કાલ રહતે હૈં. '**ઔર ધાતુ પાષાણકી પ્રતિમા બનાકર સ્થાપિત કરતે હૈં વહ ઈસીકા વ્યવહાર હૈ.**' યહ તો વ્યવહાર હૈ. મંદિર બનવાના, પ્રતિમા વહ તો સબ વ્યવહાર, શુભભાવમેં નિમિત્ત. શુભભાવમેં હોં! ધર્મમેં નહીં. પરદ્રવ્ય હૈ ન વહ તો? તો ઐસા હોતા હૈ. ધર્મીકો ભી અશુભસે બચનેકો ઐસા શુભભાવ ભગવાનકી ભક્તિ, પૂજાકા આતા હૈ, પરંતુ ધર્મી જાનતે હૈ કિ વહ રાગ હૈ વહ પુણ્ય હૈ. ધર્મ નહીં. ધર્મ તો રાગ સે ભિન્ન હોકર અપને સ્વભાવકી દૃષ્ટિ ઔર સ્થિરતા કરના ઈતના ધર્મ હૈ. આહાહા..! સમજમેં આયા?

કેવલી પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરકા યહ ફરમાન હૈ. લોગોં તો બાહર સે ધર્મ માન લે. પૂજા કી, ભક્તિ કી, જાત્રા કી, અપવાસ કી, તપસ્યા કી, વ્રત લે લિયા, યહ તો સબ શુભરાગ હૈ, પુણ્યાસ્રવ હૈ. સંવર નહીં, ધર્મ નહીં. ધર્મ તો રાગસે ભિન્ન હોકર અપના ચૈતન્ય સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનઘન ઉસકી દૃષ્ટિ કરના, અનુભવ કરના વહ પહલા સમ્યગ્દર્શન ધર્મ હૈ. આહાહા..!

તો કહતે હૈ, ભગવાન પરમાત્માકો સ્થાવર પ્રતિમા કહીએ તો વ્યવહાર સે યહ પ્રતિમા કહતે હૈં. ભગવાનકો. હૈ વહ. અનાદિ સિદ્ધ હૈ. નહીં હૈ ઐસા નહીં. વ્યવહાર ઐસા આતા હૈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હોનેકે બાદ ભી શુભભાવ ભક્તિકા આતા હૈ, હોતા હૈ. પરંતુ વહ પુણ્યબંધકા કારણ હૈ.

'**આગે કર્મોંકા નાશ કરકે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં...** ' લો આખિરકી ગાથા હૈ ન? આખિરકી ગાથા. દર્શનપાહુડકી આખિરકી ગાથા. ૩૬ આયી દેખો. ૩ ઔર ૬ ઐસે.

बारसविहतवजुत्ता कम्मं खविऊण विहिबलेण सं।
वोसट्टचत्तदेहा णिव्वाणमणुत्तरं पत्ता।।३६।।

ભગવાન કુંદકુંદાચાર્ય દર્શનપાહુડકી આખિરકી ગાથા મેં મોક્ષ કૈસે પ્રાપ્ત હુઆ ઐસી બાત કરતે હૈં. આહાહા..! યહ સબ લિખા ગયા હૈ હો ઉસમેં. પરમાગમ. ઉસમેં સબ અક્ષર પોને ચાર લાખ ઉત્કીર્ણ હો ગયે હૈં. હૈ ન ૪૪૮ પાટિયા હૈ. સંગેમરમર. .. અંદર. સંચા. પહલા સંચા આયા હિન્દુસ્તાન મેં.

મુમુક્ષુ :- મશીન.

ઉત્તર :- મશીન-મશીન. હમ સંચા કહતે હૈં. મશીન. ઈટાલી સે મશીન આયા હૈ. પહલીબાર હિન્દુસ્તાનમેં. યહાં કિસીને લિયા પહલે. ૩૦ હજાર રૂપયેકા આતા હૈ. કભી હિન્દુસ્તાનમેં આયા નહીં. અપને યહાં સમયસારાદિ કરને કો કુદરતને ભેજા. ઔર રામજીભાઈકે પુણ્ય બડે. રામજીભાઈ કરવાતે હૈ ન. યહ સબ રામજીભાઈ કરવાતે હૈં હો. રામજીભાઈ સબ મેં ધ્યાન બહુત રખા હૈ. સંચે મેં ભી. સંચે ભી વહ સ્વયં સંચા રખના. .. કરાવો. .. સંચા. મશીન મેં દેખોને હિન્દુસ્તાન મેં પહલીબાર. મશીન દ્વારા પૌને ચાર લાખ અક્ષર. અધ્યાત્મશાસ્ત્ર. પૌને ચાર લાખ અક્ષર ૪૪૮ પાટિયે પર લિખે હૈં. પહલીબાર હિન્દુસ્તનામેં યહ ચીજ હુઈ હૈ.

મુમુક્ષુ :- ઉદઘાટનમેં આના.

ઉત્તર :- હા. અપને તો યહ બાત ચલતી હૈ.

યહાં તો કહતે હૈં. આહાહા..! યહ વાણી લિખી ગઈ હૈ હોં યહ વાણી. લિખી ગઈ હૈ. ઉત્કીર્ણ હુઈ. પત્થર મેં. સંગેમરમરકે પત્થર ૪૪૮ પાટિયે હૈં. અભી રંગ કરના બાકી હૈ. બરાબર નહીં દિખતે. રંગ જબ આયેગા અક્ષર મેં. અક્ષર તો એક સમાન. ઈટાલીકા મશીન હૈ. વહ પડા હૈ. પહલીબાર હિન્દુસ્તાનમેં. કિસીકો નહીં દેતે હૈ. એક સમાન અક્ષર અધ્યાત્મકા અપને કુંદકુંદાચાર્યકી વાણી, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય ઔર યહ અષ્ટપાહુડ. અષ્ટપાહુડકી ટીકા. સમયસાર નિયમસાર ઉસકી ટીકા સંસ્કૃત સબકુછ લિખા ગયા હૈ. ઉત્કીર્ણ હો ગયે. હજારોં સાલ રહેગા યહ. પ્રતિમાકે સાથ. અબ યહાં કહતે હૈં. યહ તો અક્ષર લિખે ગયે ઉસકે ઉપર સે પ્રશ્ન ઉઠા. આહાહા..!

**'અર્થ :- જો બારહ પ્રકારકે તપસે સંયુક્ત હોતે હુએ...'** કહતે હૈં કિ મુનિ સમ્યગ્દર્શન સહિત અંતર આત્માકા વીતરાગ વિજ્ઞાનકા અનુભવસહિત. ઔર બારહ પ્રકારકે તપ સહિત **'વિધિકે બલસે...'** પાઠ હૈ ન, વિધિ બલકા. ઉસમેં યહ અર્થ કરેંગે સામગ્રી. ઉસમેં ઐસા કિયા વિધિ અર્થાત્ ચારિત્ર. ઉસમેં ઐસા કહા. વિધિબલ સે, ચારિત્રબલ સે. યહ ભી ઠીક હૈ. **'અપને કર્મકો નષ્ટ કર વોસટ ચત્ત દેહા...'** જિસને યહ શરીર છોડ દિયા. આહાહા..! છૂટ ગયા. કેવલ આત્મા રહ ગયા. સિદ્ધ ભગવાન જબ હુએ પરમાત્મા. વોસટ ચત્ત દેહા. **'ઐસે હોકર વે અનુત્તર અર્થાત્ જિસસે આગે અન્ય અવસ્થા નહીં હૈ...'** દૂસરી કોઈ અવસ્થા ઉસકો ઉત્કૃષ્ટ નહીં ઐસી દશા પ્રાપ્ત હો ગઈ. **'ઐસી**

**નિર્વાણ અવસ્થાકો પ્રાપ્ત હોતે હૈં.**' આહાહા..! સમ્યગ્દર્શન કા માહાત્મ્ય સે આગે બઢકર ચારિત્ર પ્રાપ્ત કરકે કેવલજ્ઞાન હોકર શરીરકો છોડકર સિદ્ધપદકો પ્રાપ્ત હોતા હૈ. આહાહા..! પા કલાક છે.

'**ભાવાર્થ :- જો તપ દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કર...**' તપ અર્થાત્ સ્વરૂપકી રમણતા. તપસ્યાકા અર્થ અપવાસ આદિ નહીં. અંદર આનંદ સ્વરૂપ મેં ઉપ ઉપ અર્થાત્ સમીપ, આનંદમેં વસકર રહના. ઉપવાસ. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકા ઉપ અર્થાત્ વાસ સ્થિર હોના અંદર મેં આનંદમેં. ઈચ્છાકા નિરોધ હોકર અતીન્દ્રિય આનંદકી લહેરકા અનુભવ કરના ઉસકા નામ તપ કહતે હૈં ભગવાન. આહાહા..! તપંતિ ઈતિ તપઃ. જૈસે સુવર્ણ-સોના. સુવર્ણ કહતે હૈં ન. ગેરુ લગાતે હૈ ન ગેરુ. ગેરુ નહીં સમજતે? સુવર્ણ ઉપર ગેરુ લગાતે હૈં તો સોના ચકચકિત હોતા હૈ. ઐસે ભગવાન આત્મા અપને આનંદકે ઉગ્ર પુરુષાર્થ સે અતીન્દ્રિય આનંદકે ચકચકાટ અંદર પ્રગટ હોતા હૈ. ઉસકા નામ ભગવાન તપ કહતે હૈં. આહાહા..! ઔર સમ્યગ્દર્શનકે ભાન બિના જો કુછ અપવાસાદિ કરે વહ સબ લંઘન કહનેમેં આતી હૈ. '..લંઘન..' આતા હૈ ન?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ. લંઘન.. ઉસકો સબ યાદ હૈ. અર્થ કા ઠિકાના નહીં થા. અબ તો હૈ. આહાહા..!

આત્મા સમ્યગ્દર્શન ન હો ઔર અંતરકી દષ્ટિકા વિકાસ ન હો ઔર માત્ર અપવાસાદિ કરે તો ઉસકો તો ભગવાન લંઘન કહતે હૈ. સમજમેં આયા? પરંતુ આત્માકે આનંદસ્વરૂપકી દષ્ટિ હુઈ ઔર પીછે સ્વરૂપમેં ઉપ અર્થાત્ સમીપમેં બસના, આનંદકી દશામેં ઓપ કરના ઉસકા નામ ભાવતપ ઔર યથાર્થ તપસ્યા કહનેમેં આતી હૈ. કઠીન બાતેં ભાઈ! જગતસે ઊલ્ટી બહુત. જગત ઊલ્ટા ઉસસે યહ ઊલ્ટા. આહાહા..! સમજમેં આયા?

તો કહતે હૈં કિ '**વિધિકે બલસે અપને કર્મકો નષ્ટ કર...** ' યહાં આયા. '**જો તપ દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કર જબ તક વિહાર કરેં તબ તક અવસ્થાન રહેં, પીછે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી સામગ્રીરૂપ વિધિકે બલસે...**' સબ અનુકૂલતા હૈ ન. ચૌદહવે ગુણસ્થાનકી. '**કર્મ નષ્ટ કર વ્યુત્સર્ગ દ્વારા શરીરકો છોડકર...**' માત્ર આત્મા રહ જાતા હૈ. વહ સિદ્ધમેં જાતે હૈ તો એક સમય લગતા હૈ તો ઉસકો જંગમ પ્રતિમા કહનેમેં આતી હૈ. આહાહા..!

'**યહાં આશય ઐસા હૈ કિ જબ નિર્વાણકો પ્રાપ્ત હોતે હૈં તબ લોકશિખર પર જાકર વિરાજતે હૈં,...**' સિદ્ધ ભગવાન તો ઉપર બિરાજતે હૈં. લોકકે અગ્રમેં '**વહાં ગમનમેં એક સમય લગતા હૈ, ઉસ સમય જંગમ પ્રતિમા કહતે હૈં.**' દેખો! એક સમય. ક બોલે ક ઉસમેં અસંખ્ય સમય જાતા હૈ. 'ક' બોલે તો ઉસમેં અસંખ્ય સમય જાતા હૈ. ઉસમેં એક સમય. શરીર છૂટકર સિદ્ધ હોતા હૈ એક સમયમેં. ગતિ કરતે હૈં ઉસ અપેક્ષા સે ઉસકો જંગમ કહનેમેં આયા હૈ. શરીરરહિત હુઆ ન? યહાં શરીરસહિત ગતિ કરતે હૈ પરંતુ શરીરસહિત અવસ્થાન થા. વહ તો એક સમય શરીરરહિત થા. સમજમેં

આયા?

‘**ઐસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે...**’ લો! ઐસે સમ્યગ્દર્શન આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ આનંદઘન ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર ઉસકા ચારિત્ર અંદર લીનતા સે મોક્ષ પ્રાપ્ત હોતા હૈ. ઉસકો મોક્ષ હોતા હૈ. ‘**ઉસમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ.**’ દેખો! યહ તીનોં મેં સમ્યગ્દર્શન મુખ્ય હૈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ ચારિત્ર તીનોં અંદર નિર્દોષ નિર્વિકલ્પ હોતે હૈં. ઉસમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ. પ્રધાન અર્થાત્ મુખ્ય હૈ. સમજમેં આયા?

‘**ઈસ પાહુડમેં સમ્યગ્દર્શનકે પ્રધાનપનેકા વ્યાખ્યાન કિયા હૈ.**’ લો. દર્શનપાહુડ હૈ ન? તો ઉસમેં પહલે તો વહી લિયા થા કિ દર્શન કિસકો કહે? કિ જિસકો અંતર આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, ઉસકા અનુભવ, જ્ઞાન ઔર ચારિત્ર હૈ ઔર અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ હૈ ઔર નગ્નદશા હૈ. ઉસકો જૈનદર્શન કહનેમેં આતા હૈ. નિશ્ચયમેં અપના આનંદસ્વરૂપમેં શુદ્ધ અખંડ આનંદકા જ્ઞાન ઔર શ્રદ્ધા હુઈ ઔર ઉસમેં લીનતા હુઈ. યહ તીનોં ઈકટ્ઠા હોકર વહ નિશ્ચય જૈનદર્શન ઔર ઉસ સમયમેં ઉસકો પંચ મહાવ્રતકા વિકલ્પ ઔર અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ મુનિકો જો અઠ્ઠાઈસ મૂલગુણ હોતા હૈ. વહ વ્યવહાર. ઔર નગ્નપના નિમિત્ત. વહ તીનોં મિલકર જૈનદર્શન કહનેમેં આતા હૈ. ઉસકો જિનદર્શન કહતે હૈં. ઉસસે ભ્રષ્ટ કો જૈનદર્શન કહતે નહીં. સમજમેં આયા? ઔર તીનોંમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ ઐસા કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

શ્લોક હૈ અબ.

मोक्ष उपाय कह्यो जिनराज जु सम्यग्दर्शन ज्ञान चरित्रा।
तामधि सम्यग्दर्शन मुख्य भये निज बोध फलै सुचरित्रा।।
जे नर आगम जानि करै पहचानि यथावत मित्रा।
घाति खिपाय रु केवल पाय अघाति हने लहि मोक्ष पवित्रा।।१।।

યહ હિન્દીમેં સબ હિન્દીમેં આજ તો હૈ. ‘**મોક્ષ ઉપાય કહ્યો જિનરાજ...** ’ ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમેશ્વરને જો મોક્ષકા ઉપાય કહા. ઉપાય કહો, કારણ કહો. ક્યા ઉપાય? ‘**સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્રા.**’ વહ ...મેં આતા હૈ ન પહલે? તત્ત્વાર્થ ‘સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ’ તત્ત્વાર્થસૂત્રકા પહલા સૂત્ર. ઉમાસ્વામી. ઉસમેં પહલા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી. વહ સમ્યગ્દર્શન. ‘તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.’ અપના પૂર્ણ સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનઘન અર્થાત્ ચારિત્ર ઔર જ્ઞાનસે પરિપૂર્ણ ભરા પ્રભુ! ઉસકે અંતર્મુખ હોકર પ્રતીતિ નિર્વિકલ્પ શ્રદ્ધા ઔર વહ આત્માકા જ્ઞાન, દૂસરા શાસ્ત્રકા જ્ઞાન હો ન હો ઉસકે સાથ સંબંધ નહીં. આત્માકા જ્ઞાન ઔર આત્મા મેં લીનતા. વીતરાગી દશા, અતીન્દ્રિય આનંદકી બાઢ. બાઢ આતી હૈ. ભરતીકો ક્યા કહતે હૈં? બાઢ. આહાહા..! પર્યાયમેં-અવસ્થા

મેં મુનિ સચ્ચા જિસકો ભગવાન કહે, ઉસકો અતીન્દ્રિય બાઢ આતી હૈ. અતીન્દ્રિય આનંદકી પર્યાય મેં બાઢ આતી હૈ. ઉસકા નામ ચારિત્ર કહતે હૈં. આહાહા..! પરિભાષા સબ.

યહ તો કહા ન? '**મોક્ષ ઉપાય કહ્યો જિનરાજ જુ સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્રા. તામધિ સમ્યગ્દર્શન મુખ્ય...**' કલ આયા થા નહીં? સમ્યગ્દર્શનકો તો '**अग्घेदि सुरासुरे लोए**' સુર ઔર અસુર લોક અર્થાત્ ભવનમેં દેવ ભી જિનકો પૂજ્ય માનતે હૈં. આયા હૈ કિ નહીં? ૩૩-૩૩. દો ૩ હૈ ન?

कल्लाणपरंपरया लहंति जीवा विसुद्धसम्मत्तं।
सम्मद्दंसणरयणं अग्घेदि सुरासुरे लोए।।३३।।

સમ્યગ્દર્શન તો સુર ઔર અસુર લોકમેં ભી જિસકી પૂજા હોતી હૈ. આહાહા..! સમજમેં આયા? ભગવાન જન્મતે હૈં તીર્થંકર, તબ તો ચારિત્ર તો હૈ નહીં ઉનકો. સમ્યગ્દર્શન-જ્ઞાન ઔર અંશ મેં સ્થિરતા ઔર તીન જ્ઞાન. વહ દેખકર માતા મેં આતા હૈ, જન્મતે હૈં. દેવ આકર પૂજા કરતે હૈં. સંયમ તો હૈ નહીં. ચારિત્ર તો હૈ નહીં. પરંતુ દેવ આકર સમ્યગ્દર્શન મેં ઉસકી પૂજા કરતે હૈં. ઓહો..! કહા થા ન કલ તો પહલે. પહલે આતે હૈં તો માતાકે પૈર છૂતે હૈં. હે જનેતા! ઐસા તીર્થંકરકો તુને કોખમેં રખા. નમો રત્નકુખ ધારિણી. ઐસે જન્મ-મરણ કા નાશ કરનેવાલા ભગવાન ઈસ ભવમેં નાશ કરનેવાલે હૈ. બહોત જીવોં કો નાશ કરનેમેં નિમિત્ત હોંગે. ઐસા રત્નકો કુખ મેં માતા! તુને કોખમેં રખા. નમો નમો રત્ન કુખધારિણી. માતા પહલે તુઝે નમસ્કાર. આહાહા..! સમજમેં આયા?

આતા હૈ ન શાસ્ત્ર મેં નહીં ભક્તામરમેં. દિશા તો સબ હૈ પરંતુ પૂર્વ મેં સૂર્ય ઉગતા હૈ. ભગવાનકી માતા હી ભગવાનકો જન્મ દેતી હૈ. સ્ત્રી તો બહુત હૈ. ઓહોહો..! માતા ભી મોક્ષગામી હૈ. સમજમેં આયા? ભગવાનકે માતા-પિતા ભી મોક્ષગામી હૈ. ભલે માતા ઉસ ભવ મેં મોક્ષ ન જાયે, સ્ત્રી હૈ તો. પરંતુ પીછે મોક્ષમેં જાયેગી. આહાહા..! દો છીપ-મોતી. માતા-પિતા છિપ મોતી ભગવાન. પરંતુ વહ સમ્યગ્દર્શન-જ્ઞાન હૈ તો ઉસકો ઈન્દ્રોં ભી પૂજતે હૈં. આહાહા..!

તો કહતે હૈં '**તામધિ સમ્યગ્દર્શન મુખ્ય ભયે નિજ બોધ...**' નિજ બોધ દેખો. સમ્યગ્દર્શન હુએ પીછે નિજબોધ-અપના બોધ-આત્માકા જ્ઞાન-આત્મજ્ઞાન. આહાહા..! અપની જ્ઞાનકી પર્યાયમેં આત્માકા જ્ઞાન, વસ્તુકા જ્ઞાન, પદાર્થ આત્માકા જ્ઞાન. '**ફલૈ સુચરિત્રા.**' ઔર ફિર સુચરિત્ર. સમ્યગ્દર્શન મુખ્ય, સમ્યગ્જ્ઞાન નિજબોધ, સુચરિત્ર સ્વરૂપમેં રમણ કરના. '**જે નર આગમ જાનિ કરૈ પહચાનિ...**' જે કોઈ મનુષ્ય ભગવાનના કહેલા આગમમાં જાણી અને પહચાન કરે '**યથાવત મિત્રા.**' યથાવત મૈત્રી કરે. '**ઘાતિ ખિપાય રુ કેવલ પાય...**' વહ ચાર ઘાતિકર્મકા નાશ કરકે કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા તો ચાર ઘાતિકા નાશ ક્યા હૈ? પીછે અઘાતિકા ચાર નાશ કરતે હૈ.

'**ઘાતિ ખિપાય રુ કેવલ પાય...**' પહલે ઘાતિ સમજે? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય

ઔર અંતરાય ચારોં કા નાશ કરકે કેવલજ્ઞાન પ્રાપ્ત કરતે હૈં. ઔર **'અઘાતિ હને...'** ફિર ચાર અઘાતિ કર્મ ઉસકા ભી નાશ કરે. **'લહિ મોક્ષ પવિત્રતા.'** આહાહા..! પૂર્ણ પવિત્ર પદ મોક્ષકો પ્રાપ્ત. મોક્ષકા અર્થ પૂર્ણ પવિત્રતા. આહાહા..! સંસાર દશા મેં.. સંસાર અપવિત્રદશા હૈ. ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હુઆ તો થોડો પવિત્રદશા ઉત્પન્ન હુઈ. ઔર સર્વજ્ઞ પરમાત્માકો મોક્ષમેં પૂર્ણ પવિત્રતા પ્રગટ હુઈ. ઉસકા નામ મોક્ષ હૈ. મોક્ષ કોઈ દૂસરી ચીજ નહીં, ઉપર લટકા જાયે વહ નહીં.

**'નમૂં દેવ ગુરુ ધર્મકૂં,...'** વચનિકા.. **'જિન આગમકૂં માનિ.'** ભગવાનકે આગમકો જાનકર ઔર **'નમૂં દેવ ગુરુ ધર્મકૂં.'** **' જા પ્રસાદ પાયો અમલ, સમ્યગ્દર્શન જાનિ.'** ઉસકે પ્રસાદ સે સમ્યગ્દર્શન નિર્મલ જાનને મેં આયા ઈસલિયે દેવ-ગુરુ-શાસ્ત્રકો નમન કરતા હૂં. ઈસપ્રકાર કહકર પહલા અધિકાર પૂર્ણ કિયા. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com


અષ્ટપાહુડ અમૃત